શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થાવલિ અંક ૨૧

શ્રી ખરતરગચ્છીય જ્ઞાન મન્દિર, જયપુર

શ્રી મેરુતુંગાચાર્યવિરચિત

શ્રી પ્રબંધચિંતામણિનું ગૂજરાતી ૯

(ઐતિહાસિક ટિપ્પણીઓ, પરિશિષ્ટો અને



ભાષાન્તરકર્તા,

રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

વૈષ્ણવ ધર્મનો ઇતિહાસ, શૈવધર્મનો ઇતિહાસ, પુરાણવિવેચન
વગેરે ગ્રંથોના લેખક

પ્રકાશક –શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુબઇ
રા રા અંબાલાલ બુ જનની, બી એ, સહાયક મંત્રી

મૂલ્ય રૂા. ૧–૦–૦

આવૃત્તિ ૧ લી
પ્રત ૭૫૦

વિ. સં. ૧૯૮૧
ઈ. સ. ૧૯૨૪

પ્રકાશક : રા. રા. ખંભાતવાલા બુલાખીરામ ત્રભોવન
સંચાલક શ્રી, શ્રી પ્રાર્થના મુક્તિદાની સભા.
૩૬૫, શ્રી પ્રાર્થના મુક્તિદાની સભામંદિર, [illegible]
[illegible]

મળવાનું ઠેકાણું: મેસર્સ ગોન. ગોમ. ત્રિપાઠી અને કુંપની
બુકસેલર્સ અને પબ્લીશર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨.

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય · રાયખડ રોડ, અમદાવાદ.
મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક.

પ્રકાશકના બે બોલ.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સાહિત્યપ્રચારનો એક ઉદ્દેશ ગુજરાતના ઇતિહાસને તેમ તેના સંશોધનને લગતા વિષય સંબંધી ગ્રંથો અને વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરવો એ છે, પ્રસ્તુત ગ્રંથ પ્રબંધચિંતામણિ, ગુજરાતના મધ્યકાલીન હિન્દુ-રાજપુતયુગના ઇતિહાસના પ્રબંધાત્મક સાધનોમા મહત્વનું સ્થાન ધરાવે છે એ સાધનોમા પ્રબંધચિંતામણિ ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ મૂલ્યવાન ગણાય છે ગુજરાતના ચાવડા વંશી રાજા વનરાજ, મોલડી વંશી મૂળરાજ, ભીમદેવ, કર્ણ, સિદ્ધરાજ, કુમારપાળ અને વાઘેલા વંશી વીરધવલ એ રાજાઓના પ્રબંધો ઉપરાંત, ચક્રવર્તી શાલીવાહન, પરમાર વંશી ભોજ આદિના પણ પ્રબંધો આ ગ્રંથમા નિરૂપાયના છે, એ તેનુ ઐતિહાસિક મહત્ત્વ સિદ્ધ કરે છે

સ્વ. શ્રી એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ સાહેબે "રાસમાળા"માં ઉપયોગ સારૂ જે ઐતિહાસિક સાધનો એકત્રિત કરેલા, તેમાના સંસ્કૃત ઐતિહાસિક પ્રબંધાદિ સાહિત્ય ગ્રંથો મૂળ તેમ જ, તેના અનુવાદો પ્રકટ કરવાનું શ્રી ફાર્બસ ગુજરાત સભાએ ઠરાવેલુ છે એ શ્રેણીમા શ્રી રાજ-શેખરસૂરીપ્રણીત ચતુર્વિંશતિપ્રબંધ (મૂળ તેમજ અનુવાદ) અત્યાર આગમય પ્રગટ થઈ ચૂકેલ છે શ્રી મેરૂતુંગાચાર્યપ્રણીત પ્રબંધચિન્તામણિ એ બીજો ગ્રંથ છે આ મૂળ સંસ્કૃત ગ્રંથ શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રીજી પાસે સંશોધાવી સભાએ પ્રકટ કરેલ છે તેમનો જ આ અનુવાદ છે તેમણે પ્રસ્તાવનામા સ્વ શાસ્ત્રી શ્રી રામચંદ્ર દીનાનાથના અનુવાદ કરતા પ્રસ્તુત અનુવાદમા જે વિશિષ્ટતા છે તે બતાવેલુ છે

આશ્વિન વદિ ૮, વાર મંગળ) અંબાલાલ બુલાખીરામ બતની
સં. ૧૯૮૦ તા ૨૦-૧૦-૩૮)
મુંબઈ) સદસ્યો મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—મુંબઈ

શાળા-પાઠશાળાઓને ઇનામ માટે, તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિમ્મતની ગોઠવણ

શ્રી ફા. ગુ. સભાએ, સરકારી, દેશી રાજ્યોના તેમજ મ્યુનીસીપલ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાંઓ, અભ્યાસ, વાચન, તથા ઇનામો દ્વારા તેમજ તેમની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ ગુજરાતી સાહિત્યનો પ્રસાર ઓછા ખર્ચે થઇ શકે તે માટે પોતાના પુસ્તકો (રાસમાળા ભાગ ૧-૨ સિવાય) અર્ધી કિમ્મતે, વેચાતાં લેઇ શકે, એવી અનુકૂલતા કરી છે. રાસમાળા ભાગ ૧-૨ એ સંસ્થાઓને ૧૨॥ ટકા કમીશનથી મળશે.

આ પુસ્તકો અર્ધી કિમ્મતે લેવાં હોય, તેમણે પત્રવ્યવહાર કરવો.

૧-૨ **રાસમાળા** (સચિત્ર) ૩ જી આવૃત્તિ ભાગ ૧-૨ દરેકનું મૂલ્ય રૂ. ૫-૮

૪ **માર્કસ ઔરલીઅસ એન્ટોનીનસના સુવિચારો** મૂ. રૂ. ૨

૫-૬ **શ્રી ફા. બ. ગુ. સભા, હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ,** ભાગ ૧-૨ જો. દરેકનુ મૂ. રૂ. ૨

૭ **ગુજરાતનાં ઐતિહાસિક સાધનો-ભાગ ૧** ૨. મૂ. રૂ. ૨

૮ **રસકલ્લોલ**-સ્ત્રીજીવનના ગીતો. મૂ. રૂ. ૦-૧૦

૯ **પ્રબોધબત્રીશી** (કવિશ્રી ભાટણકૃત) અને **રાવણમંદોદરીસંવાદ** (કવિ શ્રીધરકૃત) ટીકા સાથે. મૂ. રૂ. ૦-૧૨-૦

૧૦ **પ્રાચીન કાવ્યવિનોદ** ભાગ ૨ જો-આખ્યાનો અને પદો. મૂ. રૂ. ૨

૧૧ **અહુનવર**-પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન. મૂ. રૂ. ૦-૮

૧૨ **चतुर्विंशतिप्रबन्धः** प्रो. हीरालालेन संशोधितः। मू. रु. २-८

૧૩ **प्रबन्धचिन्तामणिः** शास्त्री दुर्गाशङ्करेण संशोधितः। मू. रु. १-८

૧૪ **શાક્તસંપ્રદાય**-સિદ્ધાન્તો, ગુજરાતીમા તેનો પ્રચાર. મૂ. રૂ. ૧-૮

૧૫ **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખોઃ**-ભાગ ૨ જો, અશોકથી વાઘેલા વંશ પર્યન્ત. પાના રોયલ ચાર પેજી ૪૦૦ મૂ. રૂ. ૪-૮

૧૬ **મહાભારત ભાગ ૧ લોઃ**-(ગુજરાતી પ્રાચીન અનુવાદ) આદિપર્વ, અને સભાપર્વ, મૂ. રૂ. ૧-૪

૧૭ **ગુજરાતના કેટલાક ઐતિહાસિક પ્રસંગો અને વાર્તાઓઃ** સ્વ. કવીશ્વર દલપતરામ મૂ. રૂ. ૧-૧૨-૦

૧૮ **ચતુર્વિંશતિપ્રબંધ**-(ગુજરાતી અનુવાદ) મૂ. રૂ. ૧

૧૯ **પંચદંડ** (વાર્તા) નરપતિકૃત મૂ. રૂ. ૦-૧૨-૦

૨૦ **મહાભારત ભાગ ૨ જો** (વનપર્વ નાકરકૃત) મૂ. રૂ. ૧

૨૧ **પ્રબંધચિંતામણિ** (ગુજરાતી અનુવાદ) મૂ. રૂ. ૧

૨૨ **રૂપસુન્દર કથા** (છંદોબદ્ધ શૃંગાર કાવ્ય) મૂ. રૂ. ૦-૮-૯

૨૩ **કૃષ્ણલીલા કાવ્યઃ**-(સં. ૧૫૨૯) પાટણના કાયસ્થ કવિ કેશવરામે રચેલો દશમસ્કંધ, મૂ. રૂ. ૧-૮

મેસર્સ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું.,

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ, પ્રીન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ નં. ૨**

પ્રસ્તાવના

આ પ્રબન્ધચિંતામણિ નામનો ગ્રન્થ નાગેન્દ્ર ગચ્છીય ચન્દ્રપ્રભશિષ્ય મેરૂતુંગ સૂરિએ, તે પોતે ગ્રન્થાન્તે કહે છે તેમ વર્ધમાનપુર (વઢવાણ)મા વિ સ ૧૩૬૧ મા રચ્યો કે આ ગ્રન્થની ઐતિહાસિક ઉપયોગિતા ૮૫ વર્ષ પહેલા જ ગુજરાતના કર્તા શ્રી અલેકઝાન્ડર કિન્લૉક ફાર્બસ સાહેબના ધ્યાનમા બરાબર આવી હતી તેઓએ રાસમાળાના સાધન તરીકે પ્ર-ચિ-ની મૂળ પ્રત મેળવી, એટલુ જ નહિ પણ તેનુ અંગ્રેજી ભાષાન્તર ઇ સ ૧૮૪૯મા કરી પોતાને હાથે નોંધપુસ્તકમા લખ્યુ[1] અને પછી રાસમાળામા એનો કેટલો ઉપયોગ કર્યો એમની પછી મુમઈ ગેઝીટીઅરમા ગુજરાતનો ઇતિહાસ લખવામા ૫ ભગવાનલાલ ઇન્દ્રજીએ પણ આ ગ્રન્થનો પૂરો ઉપયોગ કર્યો છે છતા પ્રબન્ધચિંતામણિ નિર્ભળ ઇતિહાસનો ગ્રન્થ નથી, પણ પ્રબન્ધ છે, એ પણ એ વિદ્વાનોને પૂરેપૂરૂ જાણવામા હતુ

મહાકાવ્ય રૂપે ઐતિહાસિક રાજપુરૂષોના ચરિતગ્રન્થો લખવાની પદ્ધતિ તો શ્રી હેમચન્દ્રાચાર્ય પહેલા જ આ દેશમા પ્રચલિત થઇ ગઈ હતી અને એ પદ્ધતિને અનુસરી શ્રી હેમચન્દ્રાચાર્ય (વિ સ ૧૧૪૫ થી ૧૨૨૯) પણ સંસ્કૃતમા દ્વયાશ્રય અને પ્રાકૃતમા કુમારપાલચરિત નામના મહાકાવ્યો લખ્યા છે અને તેની પાછળ ચાની, સોમેશ્વર, અરિસિંહ, બાલચંદ્ર, જિનમંડનગણિ વગેરેએ પણ એ ધાટીના કાવ્યો લખ્યા છે આ મહાકાવ્યોમા નાયકના પૂર્વજો વિષે પણ કાંઇક લખેલુ મળે છે અને એ રીતે આ ગ્રન્થોમાથી ઇતિહાસને લગતી થોડી સામગ્રી મળી આવે છે પણ પ્રબન્ધચિંતામણિ, દ્વયાશ્રય કે કીર્તિકૌમુદી જેવુ મહાકાવ્ય નથી મહાકાવ્યમા હોવુ જોઇએ તે-ચન્દ્રોદય સૂર્યોદયનું વર્ણન, ઋતુવર્ણન, કવિવર્ણન વગેરે કશુ ય પ્રબન્ધચિંતામણિમા નથી પ્ર ચિ તો વચ્ચે વચ્ચે સુભાષિતો નાખીને આકર્ષક બનાવેલી તથા સાદી ભાષામા લખેલી કુટી કુટી કથાઓનો સમૂહ છે

---

૧ શ્રી ફાર્બસ સાહેબે પ્ર ચિ નુ અંગ્રેજી ભાષાન્તર બે નોટોમા લખ્યુ હતુ પણ તેમાથી પ્ર ચિ ના ત્રીજા, ચોથા અને પાચમા પ્રકાશના ભાષાન્તરવાળી પાછલી નોટ જ ફાર્બસ સભાના સંગ્રહમા જળવાઈ રહી છે જેનીએ ૧૯૦૨ મા પ્ર ચિનું અંગ્રેજી ભાષાંતર છપાવ્યુ, ત્યારે એને આ નોટની ખબર હોય એમ લાગતુ નથી, જુઓ શ્રી ફા ગુ સભાના હસ્તલિખિત પુસ્તકોની નામાવલિ ભાગ ૧ લો પૃ ૩૨૧.

જૈન લેાકેામાં જૈન ધર્મના પ્રભાવક સૂરિઓ, રાજાઓ, મંત્રીઓ વગેરેનાં ચરિત્રેા લખવાનેા રિવાજ પ્હેલાંથી ચાલ્યેા આવતેા હતેા. પણ પ્રબંધચિંતામણિના લેખકને લાગ્યું કે 'જૂની વારંવાર સાંભળેલી કથાઓથી હવે લેાકેાનાં મન જોઇએ તેવાં પ્રસન્ન થતાં નથી', એટલે તેણે 'નજીકના સમયમાં થઇ ગયેલા સત્પુરૂષેાનાં વૃત્તાન્તેા' પસંદ કર્યા. અને સાડા પાંચસેા વર્ષ સુધી ભરપૂર જાહેાજલાલીમાં ચાલીને, પેાતાના દેખતાં જ છિન્નભિન્ન થઇ ગયેલા ગૂજરાતના રાજપૂત રાજ્યના ઇતિહાસમાંથી કરેલી પસંદગી અત્યંત લેાકપ્રિય થવાનેા સંભવ તેણે યેાગ્ય રીતે જ માન્યેા. જૂની પ્રણાલીને વશ થઇને પ્ર. ચિં. ના પ્હેલા પ્રકાશમાં મેરૂતુંગે વિક્રમપ્રબંધ અને શાલીવાહનપ્રબંધ, તથા પાંચમા પ્રકીર્ણ પ્રકાશમાં નાગાર્જુનપ્રબંધ, વરાહમિહિરપ્રબંધ, પુણ્યસારપ્રબંધ, ગેાવર્ધનનૃપપ્રબંધ, વગેરે જૂના પ્રબંધેા ટુંકામાં આપ્યા છે ખરા, પણ ગ્રથનેા મેાટેા ભાગ તેા ગૂજરાતના ઇતિહાસને લગતા પ્રબંધેાથી જ ભર્યેા છે.

પ્રબંધચિંતામણિની વિશિષ્ટતા—

દ્વયાશ્રય, કીર્તિકૌમુદી વગેરે ગૂજરાતના ઇતિહાસના સાધન તરીકે વાપરી શકાય એવા બીજા ગ્રંથેા સાથે સરખાવતાં પ્રબંધચિંતામણિમાં ઐતિહાસિક દૃષ્ટિએ ખાસ મૂલ્યવાન ગણાય એવા ત્રણ ગુણેા દેખાય છેઃ

(૧) દ્વયાશ્રય વગેરે ગ્રન્થેાના લેખકેાનું ધ્યાન રૂઢશૈલીનાં મહાકાવ્યેા લખવા તરફ છે, એટલે ઐતિહાસિક પાત્રેાના ચરિત્રની કે તે તે પાત્રના જીવનમાં બનેલા બનાવેાની ઝાઝી વિગતેા આપવા તરફ તેઓનું ધ્યાન નથી, જ્યારે પ્રબંધચિંતામણિના લેખકનું ધ્યાન લાકરંજન ઉપર હેાવાથી તેણે આગલા ગ્રંથેા કરતાં વધારે વિગતેા આપી છે.[૧]

(૨) પેાતે દૂર હેાવાને કારણે કે પેાતે લખતા હતા ત્યારે ગૂજરાતનું રાજપૂત રાજ્ય નાશ પામ્યું હેાવાના કારણે ગમે તેમ પણ એમના મનમાં રાજ્યનેા ધાક નથી. એટલે દ્વયાશ્રય, કીર્તિકૌમુદી વગેરેમાં ગૂજરાતના રાજાની હાર જેવા પ્રસંગનું સ્હેજ સૂચન પણ નથી ત્યારે પ્રબંધચિંતામણિમાં એવાં વર્ણનેા છે. કુમારપાલચરિત, સુકૃતસંકીર્તન વગેરે જેવેા આશ્રયદાતાની પ્રશસ્તિરૂપ ગ્રંથ પ્રબંધચિંતામણિ નથી, પણ પેાતાના મેાટે ભાગે જૈન ધર્માંય

૧ આમા એક અપવાદ છે. કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન જેવા ગ્રંથેા મહાકાવ્ય કરતા જૈન મંત્રીની પ્રશસ્તિરૂપ વધારે છે અને સમકાલીન હેાવાથી વસ્તુપાલ મંત્રીનાં સત્કર્મેાની તેઓએ કરેલી નેાંધ પ્રબંધચિંતામણિ કરતા વધારે વિસ્તૃત અને હકીકતને વધારે અનુરૂપ છે.

શ્રોતૃમંડળના મનને રંજન કરવા માટે લખાયેલો છે એટલે આશ્રયદાતા નાખુશ થવાની બીક એને નથી, ત્યારે શ્રોતાઓ નાખુશ ન થાય એવી વૃત્તિ છે ખરી અને સ્વાભાવિક રીતે હોય જ એટલે ગૂર્જરાતી શ્રોતાઓના ગર્વને ખંડિત ન કરવાના હેતુથી કે ગમે તેમ પણ તેણે ગૂર્જરાતનું ધસાતુ ન થવાની બનતા સુધી સંભાળ રાખી છે, એટલું જ નહિ પણ ગૂર્જરાતનું ગૌરવ વધારવા માટે, આપણને નિર્મૂલ્ય લાગે એવા પ્રયત્નો પણ કર્યા છે (જુઓ ભીમભોજપ્રબંધના અનેક પ્રસંગો)

(૩) પ્ર ચિ પહેલાના કોઈ ગ્રંથમા કાલાનુક્રમ નથી મૂળરાજ વગેરે રાજાઓનો વંશાનુક્રમ દ્વ્યાશ્રય વગેરેમા છે, પણ કાલાનુક્રમ નથી, જ્યારે પ્ર ચિ મા વિ સ ૮૦૨ મા થયેલી પાટણની સ્થાપનાથી આરંભી વિ સ ૧૨૭૭ મા વસ્તુપાલે તીર્થયાત્રા કરી ત્યા સુધીની વનરાજ આદિ પાટણના રાજાઓની ગાદીએ બેસવાની તથા મરણની તારિખો આપી છે અને પાંડવની તારિખો મેરૂતુંગે જ વિચારશ્રેણીમા આપી છે આ રીતે ગૂર્જરાતના ઇતિહાસની કાલાનુક્રમ જેવી અતિ ઉપયોગી સામગ્રી મેરૂતુંગે પૂરી પાડી છે અને જેમ જેમ ઉત્તીર્ણ લેખો જેવા સમકાલીન સાધનો મેરૂતુંગના કથનોની ચકાસણી કરવા માટે આપણને મળતા જાય છે તેમ તેમ તેણે આપેલા કાલાનુક્રમની વિશ્વસનીયતા પુરવાર થતી જાય છે એટલું જ નહિ પણ વિક્રમાર્કપ્રબંધ, ભર્તૃહરિપ્રબંધ, વરાહમિહિરપ્રબંધ, વગેરે જૂના પ્રબંધોને બાદ કરવામા આવે તો–એક ભોજપ્રબંધમા માઘ બાણ, મયૂર વગેરે કવિઓને ભોજના સમયમા મૂકવાની એણે જે ભૂલ કરી છે અને એ ભૂલ પોતાના સમયની દંતકથાને માની લેવાથી જ કરી છે, તે સિવાય બાકીના નામો તેણે કર્યા છે તે સમયના–કદાચ જાગતગ આગળપાછળ, પણ તે સમયના જ ઐતિહાસિક નામો છે આ કારણે ઘણા વર્ષો પહેલાં મેરૂતુંગનો આ ગુણ પકડાયો હતો

પ્ર ચિ નો મુખ્ય આધાર તો શ્રુતપરંપરા મેરૂતુંગના પોતાના શબ્દોમા મહત્તરસંપ્રદાય જ છે છતા મેરૂતુંગે એના વખતમા ઉપલબ્ધ લેખી સાધનોનો ઉપયોગ કર્યો હોવાનો સંભવ છે હેમપ્રશસ્તિ, મુદ્રિત કુમુદચંદ્ર, કીર્તિકૌમુદી વગેરે ગ્રંથોમાથી શ્લોકોના ઉતારા કર્યા છે, એ જોતા એ ગ્રન્થોનો ઉપયોગ તો કર્યો જ હોવો જોઇએ, પણ એ ઉપરાંત જૈન ઉપાશ્રયોના ભંડારોમા જળવી રાખવામા આવેલા લખાણો ઉપરથી જ જૂની તારિખો મેરૂતુંગે આપી હોવી જોઇએ એટલું જ નહિ પણ જૂની જૂની દંતકથા તથા જૂના જૂના લખાણોને ચાળી જોવાનો પણ આ ગ્રંથકારે

થોડો પ્રયાસ કર્યો છે એમ કેટલીક વાર દ્વ્યાશ્રય વગેરેથી એ જૂદા પડે છે, અને જૂદા પડે છે ત્યાં ઐતિહાસિક સંભવ એના પક્ષમાં હોય છે. એ ઉપરથી તથા ચાવડા વંશનો કાલક્રમ વિચાર શ્રેણીમાં પ્ર. ચિં. થી જૂદો આપ્યો છે, એ ઉપરથી જણાય છે.

વળી આ મેરૂતુંગસૂરિના સ્વભાવમાં જ કદાચ દંભ ઓછો હશે એમ લાગે છે. આ બધા ગુણો સાથે જો એનામાં ઐતિહાસિક દૃષ્ટિ હોત તો કેટલો બધો લાભ થાત! કાલાનુક્રમ આપવાની પદ્ધતિ મેરૂતુંગમાં નવી જ છે અને તેની પછીના લેખકોમાં એ ચાલુ રહી છે, એ જોતાં મુસલમાની લેખકોના ઐતિહાસિક ગ્રંથો મેરૂતુંગના જોવા સાંભળવામાં આવ્યા હોય, એમ લાગે છે. પણ એથી આગળ ઐતિહાસિક દૃષ્ટિ નથી જ ખીલી. એ જમાનામાં અહી કોઈ હિન્દુમાં નહોતી ખીલી. અને એ કારણથી એક જ પ્રબંધમાં બનાવો કાલાનુક્રમમાં નથી લખ્યા પણ જેમ વાતો યાદ આવી તેમ લખી નાંખી છે. દા. ત. સિદ્ધરાજપ્રબંધમાં સિદ્ધરાજ સંબંધી જ બધું લખ્યું છે એટલું ખરૂં પણ તેના જીવનના જે બનાવો વર્ણવ્યા છે તે કોઈ ક્રમમાં નથી વર્ણવ્યા પણ આડાઅવળા ગમે તેમ લખી નાખ્યા છે.

પ્ર. ચિ. ના ઉપર ગણાવેલા ગુણોને પડછે (૧) ઐતિહાસિક દૃષ્ટિનો અભાવ એ એક તો મોટો દોષ છે જ; એ સાથે નીચેના બીજા દોષો પણ ગણાવી શકાય. (૨) પ્રબંધચિંતામણિ લોકકથાઓના સંગ્રહ જેવો લોક-મનરંજનના હેતુથી લખાયેલો ગ્રંથ છે એટલે અતિશયોક્તિ દ્વારા ચિત્તરંજન કરે એવી, લોકમાં ચાલુ વહેમની પોષક હોય એવી કે માત્ર નવીનતાથી જ આકર્ષક એવી, વાતો સંગ્રહવા તરફ કર્તાનું લક્ષ્ય રહ્યું છે. પરિણામે ઐતિહાસિક ઉપયોગની અનેક મહત્ત્વની બાબતોનો પ્ર. ચિં. માં પત્તો જ લાગતો નથી, જ્યારે ગૌણ કે નિર્માલ્ય બાબતોનું લાંબું વર્ણન મળે છે. (૩) પ્રભાવકચરિત, સુકૃતસંકીર્તન, વગેરે ગ્રંથો સાથે સરખાવતાં મુખ્ય પ્રસંગનું વર્ણન બરાબર હોવા છતાં પ્ર. ચિ. માં વિગતોની ચોકસાઈ નથી એ દેખાઇ આવે છે. (૪) સમગ્ર ગ્રંથ ભાષામાં, વાક્યરચનામાં, અવાંતર પ્રબંધોની ગોઠવણમાં બધી રીતે શિથિલ રચનાવાળો છે અને એવો હોવાથી જ કદાચ એમાં પ્રક્ષિપ્તો પુષ્કળ દાખલ થઈ ગયાં છે. (૫) સૌથી મોટો દોષ-હાલની તટસ્થ દૃષ્ટિએ દોષ પણ જે જૈન શ્રોતાઓ માટે એ ગ્રંથ રચાયો છે તેની દૃષ્ટિએ મોટો ગુણ હશે-તે સંપ્રદાયદૃષ્ટિ છે. ખરી વાત એમ છે કે પ્રબંધ ચિંતામણિ કેવળ લોકનાં ચિત્તરંજન માટે-અને તે પણ સર્વ લોકના ચિત્તરંજન માટે નથી લખાયો, પણ મુખ્યત્વે જૈન સમાજના ચિત્તરંજન

માટે તથા તેઓમા જૈનધર્મ તરફ રાગનો અને જૈનેતર–બ્રાહ્મણ ધર્મ તરફ દ્વેષનો પ્રચાર કરવા માટે લખાયો છે અને એ કારણથી અતિશયોક્તિવાળી, ચમત્કારોવાળી તથા બ્રાહ્મણધર્મના દ્વેષથી પ્રેરાયેલી ઘણી વાતો પ્ર ચિ મા મળે છે અલબત્ત એ કાળે બ્રાહ્મણધર્મીઓ અને જૈનો વચ્ચે તથા જૈનધર્મના જ શ્વેતાંબર તથા દિગંબર સંપ્રદાયો વચ્ચે પુષ્કળ ઝઘડા થતા હશે. આવી મોટેની ગાળાગાળીમા જૈનોની બ્રાહ્મણધર્મીઓ કઇ-કઇ બાબતમા નિન્દા કરતા હશે અને બ્રાહ્મણધર્મીની જૈનો કઈ કઈ બાબતમા નિન્દા કરતા હશે તે પ્ર ચિ માથી બરાબર જોવાનું મળે છે

સામાન્ય રીતે આવા ગુણદોષવાળો હોવા છતા ગૂજરાતના ઇતિહાસના સાધન તરીકે આ ગ્રન્થ એની પહેલાના કે પાછળના કોઈ પણ એક ગ્રંથ કરતા વધારે મૂલ્યવાન છે, એમા સંદેહ નથી[1] અને એ ઉપરાંત લોકકથા તરીકે પણ એમા આપેલી કથાઓ મનોરંજક છે એટલુ જ નહિ પણ એ વખતના લોકમાનસનું–એ ગાનમના વહેમો, અલ્પદર્શિતા, અજ્ઞાન વગેરેનું સારૂં પ્રતિબિંબ એમા પડેલુ દેખાય છે

વિક્રમાદિત્ય, સાતવાહન, વનરાજ, મૂળરાજ, મુંજ, ભોજ, સિદ્ધરાજ, કુમારપાલ, હેમચંદ્ર, વસ્તુપાલ, તેજપાલ વગેરેના આ પ્રબંધચિંતામણિમા આપેલા વૃત્તાંતોમાથી જેટલા ઇતર પ્રબંધોમા મળે છે તેનુ તુલનાત્મક સૂક્ષ્મ અને બીજા ઐતિહાસિક સાધનોની કસોટીથી તપાસતા એ વૃત્તાંતોમાથી કેટલો અંશ ઐતિહાસિક જણાય છે અને કેટલો દંતકથા રૂપ જ છે એ બે ય બાબતનો વિચાર મોટી નાની પાદટિપ્પણીઓમા તથા પરિશિષ્ટોમા કર્યો છે, એટલે અહીં એ વિષયને સ્પર્શવાની જરૂર થી રહેતી

પ્રબંધચિંતામણિનું આ ભાષાંતર તૈયાર કરવામા મને સૌથી વધારે મહેનત આ ઐતિહાસિક ટિપ્પણીઓએ તથા પરિશિષ્ટોએ આપી છે, છતા જોઇએ તેવી સંપૂર્ણતા એમા લાવી શકયો નથી કદાચિત્ શરતચૂક પણ થઇ હશે

પ્ર ચિ નું ભાષાંતર કરેલા શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથે બ્હાર પાડયુ હતું એ ભાષાંતરનું લક્ષ્ય મૂળની કથા બ્હારથી સુધારવધારા કરીને પણ

---

૧ રાજતરંગિણીની તોલે તો પ્ર ચિ વગેરે કોઈ ગ્રંથ ન આવે - પણ એને બાદ કરતા એ મધ્યકાળના સાડા પાંચસો વર્ષ જેટલા લાંબા ગાળાનો ઇતિહાસ ઉપલબ્ધ કરવામા ઉપયોગનુ પ્ર ચિ જેવુ કોઈ પણ પુસ્તક હિંદુસ્તાનના બીજા પ્રાંતમા મળ્યુ હોય એવુ મારા જાણવામા નથી રાજપૂતાનામા ખ્યાતો છે, તે પ્ર ચિ પછી ઘણે વખતે લખાયેલ છે

રોચક તથા સુબોધ રૂપમાં આપવા તરફ હતું. વળી એ જમાનાની ભાષા જ આજે ન ચાલે એટલે માટે તો કંઈ ભાષાન્તર નથી જ એમ સમજીને, નવું જ ભાષાન્તર લખવું પડ્યું છે. અટલાક કેમ જૂના ગુજરાતી ભાષાન્તરની તથા ટીનીના ગ્રંથેચ્છ ભાષાંતરની મદદ મેં લીધી જરૂર લીધી છે, જ્યાં કેટલ પરિભાષા બરાબર ન મનજનાથી કે મૂળના પાની સંદિગ્ધતાને પરિણામે ક્યાંક ખોટો અર્થ થયો હોય, કંઈક ગોબલ છે. કોઈ સજ્જ વાંચનારના ધ્યાનમાં એવી ભૂલો આવે તો જણાવવાની કૃપા કરવી, જેથી બીજી આવૃત્તિ વખતે સુધારો થઈ શકે.

શાસ્ત્રી રામચંદ્ર દીનાનાથે, પોતે પ્રગટ કરેલી પ્ર. ચિં. ની આવૃત્તિને આધારે ભાષાન્તર કર્યું હતું જ્યારે મેં સંપાદન કરેલી અને કાર્યસ્થ ગુજરાતી સભા ગ્રંથમાળા નં. ૧૪ માં પ્રગટ થયેલી મૂળ પુસ્તકની આવૃત્તિનો આધાર રાખ્યો છે.

સુભાષિતો

લોકકથામાં જેમ વચ્ચે કૂટા આવે છે તેમ પ્ર-ચિ-માં સુભાષિતો આપેલાં છે. આ સુભાષિતોને આવી રીતે દૃષ્ટાન્ત આપે કહ્યાં મજબૂત નથી. અમુક સુભાષિત અમુક માણસે કર્યું એમ કહેવું કોણ જાણે પણ એ પ્રમાણે જ બનેલું એમ માનવાની જરૂર નથી. કારણ કે એક જ સુભાષિત જુદા જુદા પ્રબંધલેખકોએ જુદા જુદા માણસોના મોંદામાં મૂકેલ છે. આવી બે જ દાખલા આપું છું. વધારે દાખલાઓ ટિપ્પણીઓમાંથી મળશે.

(૧) મૂળ પૃ ૧૫૮ ઉપર જે ૬૧મો શ્લોક છે તે કવિઓ મંત્રી મરતા વખતે બોલે છે એવું વર્ણન પ્ર. ચિં. માં છે, જ્યારે જિનમંડન ગણિના કુમારપાલપ્રબંધમાં કુમારપાલના મોંદામાં એ શ્લોક મૂકેલો છે. (પૃ. ૧૧૫).

(૨) ભોજબીમપ્રબંધમાં જે ૬૧ મો શ્લોક (મૂળ પૃ. ૬૪) છે તેનું પૂર્વાર્ધ સમુદ્રમાં પાણી નીચે રહેલા શિવાલયની ભીંત ઉપર લખેલું હતું અને ઉત્તરાર્ધ ભોજની સભામાં ધનપાલે પૂરું કર્યું એવું વર્ણન આ પ્ર. ચિં. માં, પ્રભાવકચરિતમાં તથા રત્નમંદિર ગણિના ભોજપ્રબંધમાં છે, જ્યારે બલ્લાલના ભોજપ્રબંધમાં માછીમારોએ નર્મદામાંથી ઉપાડી આણેલા પથરા ઉપર પૂર્વાર્ધ હતું અને ઉત્તરાર્ધ કાલિદાસ કવિએ કહ્યું એ રીતે વર્ણન છે. મૂળ શ્લોક હનુમન્નાટકમાં છે. (જુઓ પૃ. ૮૮ ટિ. ૭૪.)

ખરી વાત એમ લાગે છે કે આ સુભાષિતો તો મેરૂતુંગ વગેરેના સમયમાં પ્રસિદ્ધ હતાં, સુભાષિતાવલિ, શાર્ઙ્ગધર પદ્ધતિ વગેરે સુભાષિત

સંગ્રહોમા, પ્ર ચિ મા આપેલા ઘણા બધા સુભાષિતો મળી આવે છે[૧] અને એ બધી મળી શકયા તેટલા ઉલ્લેખો મૂળ સંસ્કૃત પુસ્તકની ટિપ્પણીઓમા આપ્યા છે આમાના ઘણા ઉલ્લેખો તો ટૉનીએ આપ્યા હતા જેનુ મૂળ હું નથી આપી શકયો તેમાના પણ ઘણાખરા સુભાષિતો બ્હારનાં હોવાનો સભવ મને લાગે છે

આ સુભાષિતોનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ હુ આપી શકયો હોત તો સાહિત્યની દૃષ્ટિએ આ પુસ્તકની કિંમત વધારે ગણાત પણ મારા મા સમશ્લોકી અનુવાદ કરવાની શક્તિ નથી, એટલે સાદા પદ્યમા ભાષાન્તર કર્યું છે તે વાચનાર નભાવી લેશે, એવી આશા છે

તા ૩૦–૩–૩૪ દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

અશુદ્ધિ વિષે

પૃ ૬૨, ૯૬ વગેરેમા કેટલેક ઠેકાણે સમકલિન એ રીતે શબ્દ છપાયો છે, પણ સમકાલીન જોઇએ

પૃ ૧૦૯ મા પ ૮ શ્લો ૬ ને બદલે શ્લો ૧૮ જોઇએ તથા એ જ પૃષ્ટ ઉપર પ ૧૩ મા ભીમે ને બદલે કર્ણે જોઇએ વળી એ જ પૃષ્ટ ઉપર છેલ્લા પેરેગ્રાફનું પહેલુ વાકય નીચે પ્રમાણે સુધારીને વાચવુ –' ડાહલ એટલે પશ્ચિમ ચેદી દેશ જેની રાજધાની જબલપુર પાસે ત્રિપુરમા હતી, તેનો હૈહયરાજા '

બીજુ પૃ ૨૨૫, ૨૩૦ વગેરેમા કેટલે ઠેકાણે વલ્લભી છપાયુ છે તે ભૂલ છે, ખરી રીતે બધે વલભી જ જોઇએ

આ શિવાય બીજી પણ જોડણી વગેરેની થોડી અશુદ્ધિઓ છે, પણ સુજ્ઞ વાચનાર પોતાની મેળે સુધારી લેશે, એવી આશા છે

---

૧ કેટલીક લોકકથાઓની બાબતમા આની જ વસ્તુસ્થિતિ છે. ટિપ્પણીઓમા એ બાબતની પણ નોધ કરી છે અહીં તો એક દાખલો બસ છે ઇસુરસપ્રબધ નામનો એક પ્રબધ પ્ર ચિ ની અમુક પ્રતોમા વિક્રમ પ્રબધમા આપ્યો છે અને બીજા પ્રબધમાયે મળે છે. (જુઓ પૃ ૧૫ ટિ તથા પૃ ૧૦૦)

કુલચંન્દ્રપ્રબંધ ૭૫
ભીમનું છપ્પા વેરો ભોજસભામા જવુ ૭૬
માઘકવિપ્રબંધ ૭૭
ધનપાલપ્રબંધ ૮૧
મુક્તિનો માર્ગ ૯૧
સીતા-વિજયા પ્રબંધ ૯૨
મયૂર કવિ અને બાણ કવિ ૯૪
માનતુંગાચાર્યનો પ્રબંધ ૯૫
ગુજરાતીની ચતુરતા ૯૭
અનિત્યતા શ્લોકચતુષ્ટય પ્રબંધ ૯૮
બીજપૂરક પ્રબંધ ૯૯
'એકભવ્ય નથી' પ્રબંધ ૯૯
ષટ્તુરસપ્રબંધ ૧૦૦
અશ્વવાર પ્રબંધ ૧૦૧
ગોપગૃહિણી પ્રબંધ ૧૦૨
ડાહલના કર્ણનો પ્રબંધ ૧૦૨
ભોજનુ મરણ ૧૦૫
ભોજ-ભીમ પ્રબંધનું પરિશિષ્ટ ૧૦૭

પ્રકાશ ત્રીજો સિદ્ધરાજ પ્રબંધ ૧૧૦ થી ૧૬૨

મૂળરાજ કુમારનો પ્રબંધ ૧૧૦
કર્ણ રાજા સાથે મીનલદેવીના લગ્ન ૧૧૨
સિદ્ધરાજનો જન્મ અને કર્ણ રાજાનો અન્ત ૧૧૬
મદનપાલનું દુર્વર્તન ૧૧૭
લીલાવતીનો પ્રબંધ ૧૧૭
ઉદયનમંત્રી ૧૧૮
મંત્રી આન્તૂનો ધર્મદૃઢતા પ્રબંધ ૧૧૯
મીનળદેવીની સોમનાથયાત્રા ૧૨૧
સિદ્ધરાજની માળવા ઉપર ચઢાઇ ૧૨૩
હેમચંદ્રનો મેળાપ ૧૨૬
સિદ્ધરાજનો અણહિલપુરપ્રવેશ ૧૨૭

ખંભાતના સદ્યપદ સાથે યુદ્ધ ૨૧૨
મંત્રીનાં દાનની સ્તુતિ ૨૧૬
અનુપમાની સ્તુતિ ૨૧૮
પાંચ ગામની લડાઇ ૨૧૯
વીરમવલનું મરણ ૨૨૦
વસ્તુપાલનું મરણ ૨૨૧

પ્રકાશ પાંચમો પરચુરણ પ્રબંધો ૨૨૨ થી ૨૬૪

વિક્રમાર્ક પાત્ર પરીક્ષા પ્રબંધ ૨૨૨
નન્દ પ્રબંધ ૨૨૩
મલ્લવાદિ પ્રબંધ ૨૨૩
શીલાદિત્ય રાજાની ઉત્પત્તિનો, રંકની ઉત્પત્તિનો તથા
વલભીના નાશનો પ્રબંધ ૨૨૫
શ્રી પુંજરાજ અને શ્રી માતાનો પ્રબંધ ૨૩૦
ગોવર્ધનનૃપ પ્રબંધ ૨૩૪
પુણ્યસાર પ્રબંધ ૨૩૪
કર્મસાર પ્રબંધ ૨૩૫
લક્ષ્મણસેન ઉમાપતિધરનો પ્રબંધ ૨૩૬
જયચંદ્ર પ્રબંધ ૨૩૯
જગદેવ, પરમર્દીરાજા અને પૃથ્વીરાજનો પ્રબંધ ૨૪૨
કોંકણોત્પત્તિ પ્રબંધ ૨૪૮
વરાહમિહિર પ્રબંધ ૨૫૦
શ્રી નાગાર્જુનની ઉત્પત્તિ અને સ્તંભનક તીર્થાવતારનો પ્રબંધ ૨૫૩
ભર્તૃહરિ ઉત્પત્તિ પ્રબંધ ૨૫૬
વૈદ્ય વાગ્ભટ પ્રબંધ ૨૫૮
ક્ષેત્રાધિપતિઓની ઉત્પત્તિનો પ્રબંધ ૨૬૦
વાસના પ્રબંધ ૨૬૧
કૃપાણિકા પ્રબંધ ૨૬૧
વીતરાગ પૂજાનો ધનદ પ્રબંધ ૨૬૨

શ્રી ફ્રામજી ગુજરાતી સભા–મુંબઈ

શાળા-પાઠશાળાઓ–ને ઈનામ માટે તેમ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિંમતની ગોઠવણ

સાહિત્યપ્રચારને ઉત્તેજનની યોજના

શ્રી ફ્રામજી ગુજરાતી સભાએ મુંબઈ ઈલાકાના, સરકારી, દેશી રાજ્યોનાં તેમજ મ્યુનિપાલીટીઓ અને લોકલ બોર્ડોના કેળવણી ખાતાઓમાં અભ્યાસ તથા વાચનપ્રસાર દ્વારા તથા વિદ્યાર્થીઓને અપાતા ઇનામો દ્વારા, તેમજ તેમના હસ્તકની નિશાળોની તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ અને પુસ્તકાલયોમા ગુજરાતી સાહિત્યનો પ્રસાર બહોળા પ્રમાણમા સહેલાઈથી ઓછા ખર્ચે થઈ શકે તે માટે પોતાની માલીકીનાં નીચે જણાવેલા, દશ મુધીના આકરાળા પુસ્તકો (રાસમાળા ભાગ ૧–૨ સિવાય) અર્ધી કિંમતે ઉપલી સંસ્થાઓને વેચાતા લઈ શકવાની અનુકૂલતા કરી આપવાને એક યોજના કરી છે

રાસમાળા ભાગ ૧–૨ આ સસ્થાઓને ૧૨॥ ટકામા કમીશનથી વેચાતી આપવા ઠરાવ્યુ છે

આ યોજનાનો લાભ લેવા તે તે કેળવણી ખાતા અને સંસ્થાઓ પ્રેરાય તે માટે પોતાની માલીકીના પુસ્તકોનો પરિચય તૈયાર કરી પ્રકટ કરેલો છે, જેને તે જોઇતો હોય તેને મગા પેથી મફત મોકલવામાં આવશે

આ પુસ્તકો અડધી કિંમતે વેચાતા લેવા ઇચ્છતી સંસ્થાએ નીચેને સરનામે પત્રવ્યવહાર કરવો

રા. ગ. અબાલાલ બુલાખીરામ જતની, બી એ
૩૬૫, શ્રી ફ્રામજી ગુજરાતી સભામદિર
લેમીંગ્ટન રોડની બાજુમા, ફ્રામ્રેસ સ્ટ્રીટ, મુબઈ ન. ૪

શ્રી ફ્રાર્બસ ગુજરાતી સભાની માલીકીનાં પુસ્તકો ૧૯

૧-૨ રાસમાળા (સચિત્ર) તૃતીય આવૃત્તિ, ભાગ ૨ જો, તથા બીજો; રચનાર સ્વ શ્રી. એલેકઝાન્દર કિન્લોક ફ્રાર્બસ. ભાષાન્તરકાર, અને તેમા વિવિધ વિષયોની ટિપ્પણીઓ તથા પરિશિષ્ટો યોજનાર દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવે. દરેકનું મૂલ્ય ૫-૮-૦

૩. ફ્રાર્બસ જીવનચરિત-રચનાર, સ્વ. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી બે. પી. મૂલ્ય ૦-૮-૦ (હાલ અપ્રાપ્ય).

૪ માર્કસ ઓરેલીઅસ એન્ટોનીનસના સુવિચારો—ભાષાન્તરકાર, સ્વ. ઈશ્વરનરેશ, સર કેશરીસિંહજી, ઉપોદ્‌ઘાત લખનાર અને સંસ્કૃતસુભાષિત અને તત્ત્વજ્ઞાનના સમાન વચનો નોધનાર રા. રા. નગીનદાસ પુરૂષોત્તમદાસ સંઘવી. મૂલ્ય રૂા. ૨-૦-૦

૫-૬ શ્રી, ફ્રા. શુ. સભાનાં પુસ્તકોની સવિસ્તર નામાવલિ ભા. ૧ લો, ૨ જો (૧-૫૦, અને ૫૧ થી ૧૫૦ પુસ્તકોની યાદી) તૈયાર કરનાર રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ. દરેકનું મૂલ્ય રૂા. ૨-૦-૦

(૬-૧) શ્રી ફ્રાર્બસ ગુજરાતી સભાનાં હ. પુસ્તકોની સંક્ષિપ્ત યાદી, તૈયાર કરનાર રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

૭ ગુજરાતનાં ઐતિહાસિક સાધનો ભાગ ૧-૨ (સાથે ભેગા) ગઢો, વંશાવળીઓ, શહેરો, વગેરે સંબંધી હકીકતોના લખાણ. સભા પાસેના સાધનોને આધારે તૈયાર કરનાર રા. નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી, મૂલ્ય રૂા. ૧-૭-૦

૮ રસકલ્લોલ : બાળાઓએ ગાવાના સ્ત્રીજીવનના પ્રચલિત ગીતો. સંપાદક રા. રા. છગનલાલ વિ. રાવળ રૂા. ૦-૧૦-૦

૯ પ્રબોધબત્રીશી (કવિ બંધારા માંડણકૃત) અને રાવણમંદોદરી સંવાદ (કવિ શ્રીધરકૃત) બન્નેય જૂના ગુજરાતીના ગ્રંથો-ટીકા સાથે. સંશોધક સ્વ. રા. મણિલાલ બ. વ્યાસ, ટીકા તથા ઉપોદ્‌ઘાતના લેખક રા. રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ, મૂલ્ય રૂા. ૦-૧૨-૦

૧૦ પ્રાચીન કાવ્યવિનોદ ભાગ ૧ લો-પ્રાચીન આખ્યાનો અને પદો, નાકર આદિ કવિઓના ગ્રંથો, (ભાષા કઈક અર્વાચીન ગુજરાતી જેવી) સંપાદક રા. રા. છગનલાલ વિ. રાવળ મૂલ્ય રૂા ૧-૦-૦

૧૧ અહુનવર—એ નામનો સર્જનજૂનો મંત્ર, પારસી ધર્મતત્વનું વૈદિક દ્રષ્ટિએ અવલોકન. વિવેચક રા. રા. માનશંકર પિતાંબરદાસ મહેતા મૂલ્ય ૦-૮-૦

૧૨ चतुर्विंशतिप्रबन्धः—श्री राजशेखरसूरिसन्दब्धः—परिशिष्टेन समलङ्कृतः सशोधितश्च एम. ए. इत्युपपदधारिणा प्रो. हीरालालेन। मूल्यं रु. २-८-०

૧૩ प्रबन्धचिन्तामणिः—श्री. मेरुतुंगाचार्यरचितः शास्त्री दुर्गाशंकरेण संशोधितः मूल्यं १-८-०

૧૪ શાતકર્ણ સંપ્રદાય—સિદ્ધાન્તો, ગુજરાતીમાં તેનો પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર અસર ઇત્યાદિ અને હાલનો મત એ શ્રીયુક્ત ગોપાળ વિનાયક દિવેટિયા નર્મદાશંકર દેવશંકર મહેતા બી એ મૂલ્ય ૧-૮-૦

૧૫ ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો—ભાગ ૬ ઠ્ઠો. મહારાજા અશોકના પ્રાચીન યુગથી માંડી છેલ્લા ગુજરાતી વાઘેલા વંશની સમાપ્તિ પર્યન્તના ગુર્જર વંશ પર્યન્ત જોઇવી, સંશોધી, ટીકા અને પાદનોંધો સાથે તૈયાર કરનાર રા રા ગિરજાશંકર વલ્લભજી આચાર્ય એમ એ ક્યુરેટર, પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીઅમ મુંબઈ મૂલ્ય રૂા ૪-૮-૦

૧૬ મહાભારત-ભાગ ૧ લો પ્રાચીન ગુજરાતી અનુવાદ, કેવલકવિ હરિદાસકૃત આદિપર્વ અને નાગરકવિ વિષ્ણુદાસરચિત સભાપર્વ સંપાદક અને સંશોધક રા રા કેશવરામ કાશીરામ શાસ્ત્રીજી, માજરોળ રૂા ૧-૪-૦

૧૭ ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો, તથા વાર્તાઓ વા ગુજરાતી રામમાળા સંગ્રહ કરનાર અને લખનાર રવ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ પ્રકાશક રા રા અંબાલાલ ખુશાલની બી એ મૂલ્ય ૦-૧૨-૦

૧૮ ચતુર્વિંશતિપ્રબંધ-શ્રીરાજશેખરસૂરિએ રચેલો, ગુજરાતી અનુવાદ અનુવાદક પ્રો હીરાલાલ રસિકલાલ કાપડીયા એમ એ મૂલ્ય રૂા ૧-૦-૦

૧૯ પંચદંડ-નરપતિકૃત (સં ૧૫૪૫) સંશોધક રા રા શંકરપ્રસાદ છગનલાલ રાવળ મૂલ્ય રૂા ૦-૧૨-૦

મળવાનું ઠેકાણું મેસર્સ એન એમ ત્રિપાઠી એન્ડ કું.
બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ પ્રી સેસ સ્ટ્રીટ-મુંબઈ નં ૨

૨ સભાના પારિતોષિકથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો ૭

(૧) મેટરલીંકના નિબંધો-(ભાષાંતર) રા રા ધનસુખલાલ કે મહેતા.

(૨) વૈષ્ણવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ-રા રા દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી (અપ્રાપ્ય દ્વિતીય આવૃત્તિ સંશોધાવી શ્રી સભા તરફથી તૈયાર કરાવાય છે)

(૩) શૈવમતનો સંક્ષિપ્ત ઇતિહાસ-રા રા દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, (દ્વિતીય આવૃત્તિ સંશોધાવી શ્રી સભા તરફથી તૈયાર કરાવાય છે)

(૪) દેહ, જીવ અને આત્માની વૈજ્ઞાનિક મીમાંસા (ભાષાંતર)—રા રા પ્રેમશંકર નારણજી દવે

(૫) લોર્ડ મોરલીકૃત કોમ્પ્રોમિસ (ભાષાંતર) સત્યાગ્રહની મર્યાદા રા રા મહાદેવ હરિભાઇ દેસાઇ, બી એ એલએલ બી મૂલ્ય રૂા ૧-૦-૦

૩ સભાના આશ્રયથી પ્રસિદ્ધ થયેલા ગ્રંથો ૭

(૧) નર્મકોષ રવ કવિ નર્મદાશંકર લાલશંકર દવે

(૨) "ભક્તકવિ શ્રી દયારામનું જીવનચરિત્ર"-રે રા શંકરપ્રસાદ છગનલાલ રાવળ, પ્રકાશક રા રા નારણદાસ પરમાનંદદાસ ઝવેરીવાળા

(૩-૪) કાઠિયાવાડનું કંઠસ્થ સાહિત્ય, ભાગ ૧ લો તથા ૨ જો (પ્રાચીન સંગ્રહ)-રા રા હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદી મહુવા

(૫) **અભિમન્યુ આખ્યાન**—જૂન તાપીકૃત (૨ સં. ૧૭૮૫), રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર, બી. એ એલએલ. બી. વડોદરા

(૬) **સંયુક્તાખ્યાન** [કાવ્ય] રા રા. ગજેન્દ્રશંકર **લાલશંકર** પંડ્યા. એમ. એ. સુરત

(૭) **શ્રી કૃષ્ણલીલાકાવ્ય**–નિરોધલીલા–દશમ સ્કંધ (ભાગવત) સંશોધક અને પ્રકાશક રા. રા. **અંબાલાલ** બુલાખીરામ **જાની**, બી. એ; રા. રા. નટવર લાલ ઇચ્છારામ દેસાઇ બી. એ. ના ભાગવતરસવરૂપદર્શી મર્મગામી નિવેદન સાથે, મૂલ્ય રૂા. ૧–૮–૦ (સચિત્ર)

૪ મુદ્રણાલયમાં ૯

(૧) **રૂસ્તમ બહાદુરનો પવાડો** (શામળ) રા. રા. **અંબાલાલ** બુ. **જાની**, બી. એ.

(૨) રા. રા. **નરસિંહરાવ ભોળાનાથ** દિવેટીયાના "**ફાધરલોરોજીકલ લેક્ચર્સ**" ભાગ ૧ લાનું ભાષાન્તર (સચિત્ર)–રા. રા. **રામપ્રસાદ પ્રેમશંકર** બક્ષી, બી. એ.

(૩) **પ્રબંધચિંતામણિ**–**મેરૂતુંગાચાર્ય**કૃત ગુજરાતી અનુવાદ. તૈયાર કરનાર રા. રા. દુર્ગાશંકર કેવળરામ **શાસ્ત્રી**.

(૪) **મહાભારત ગુજરાતી**–ભાગ ૨ જો વૈશ્યકવિ નાકરરચિત આરણ્યક પર્વ, સંશોધક રા. રા. કેશવરામ કાશીરામ **શાસ્ત્રી**. માંગરોળ

(૫) **રૂપસુન્દરકથા**—(છંદોબદ્ધ કાવ્ય પ્રાચીન) સંશોધક રા. રા. **ભોગીલાલ જયચંદ સાંડેસરા**.

(૬) **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો, ભાગ ૨ જો** : પ્રાચીન ચક્રવર્તી અશોક યુગથી માંડી વાઘેલા વંશ સુધીના તામ્રલેખો અને શિલાલેખો ગોઠવણ તૈયાર કરનાર રા. રા. **ગિરજાશંકર વલ્લભજી આચાર્ય**, એમ. એ.

(૭) **મધુસૂદન વ્યાસકૃત હંસાવતીની વાર્તા**–સં. ૧૬૫૪ (પ્રાચીન) સંશોધક રા. રા. **શંકરપ્રસાદ** છગનલાલ **રાવળ**.

૫ તૈયાર થતા ૫

(૧) **રાસમાળાની પૂરણિકા**—દિ. બ. રણછોડભાઇ ઉદયરામ દ્વવેએ સંગ્રહીત, ગોઠવી લખનાર રા. રા. **ગિરજાશંકર વલ્લભજી આચાર્ય** એમ. એ.

(૨) "**રૂકિમણીરી વેલી**"—(પ્રાચીન) તૈયાર કરનાર રા. રા. **નટવર**-**લાલ ઇચ્છારામ** દેસાઈ બી. એ.

(૩–૪) **શૈવધર્મ અને વૈષ્ણવધર્મ**—તેના સિદ્ધાન્તો, ગુજરાતમા પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર, સંશોધિત પરંપત દ્વિતીય આવૃત્તિ કર્તા રા. રા. દુર્ગાશંકર કેવળરામ **શાસ્ત્રી**.

(૫) **મહાભારત**–ગુજરાતી ભાગ ૩ જો : વિરાટપર્વ વગેરે સંશોધક રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી. માગરોળ.

પ્રબંધ ચિંતામણિ

પ્રકાશ પહેલો

ૐ શ્રીને નમસ્કાર, શ્રી મહાવીરને નમસ્કાર

જેની ભારતીને ચાર મુખ હોવાથી તેના ચાર દ્વાર યોગ્ય છે તે શ્રી નાભિરાજાના પુત્ર, પદ્મપદ્મા રહેલા અને મસારનો અંત કરનાર આદિતીર્થંકર શ્રી ઋષભદેવજી (તમારૂં) રક્ષણ કરો [૧] ૧

જે ગુરુનો હાથ પથ્થર જેવા માણસોને ગાળી નાખે છે તે કળાયુક્ત ચંદ્રપ્રભસ્વામી ગુરુનું ધ્યાન કરું છું [૨] ૨

બુદ્ધિમાન્ માણસોને સહેલાઈથી બોધ થાય માટે (પ્રાચીન ગ્રન્થ-

---

૧ આ શ્લોકમાં જે ચાર દ્વાર કહ્યા છે તેનો ખુલાસો આ ગ્રન્થના પ્રથમ સંપાદકે તથા અંગ્રેજી ભાષાંતર કર્તાએ નીચે પ્રમાણે કર્યો છે—"આદિતીર્થંકરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ઈન્દ્રાદિક દેવતા સમોવસરણની રચના કરે છે તેમાં પહેલો મણિરત્નમય, બીજો સુવર્ણમય અને ત્રીજો રૌપ્યમય એ રીતે ત્રણ ગઢ રચે છે આ પ્રત્યેક ગઢને ચાર દિશામાં ચાર દ્વાર છે તે લક્ષ્મીના દ્વાર છે એમ કહેવું યોગ્ય છે બીજું ચોત્રીશ અતિશયના પ્રભાવથી, તીર્થંકરને એક મુખ હોવા છતાં સમોવસરણમાં દેશના વખતે ચારે દિશાએ બેઠેલા દેવાદિકને સન્મુખ દેખાવાથી એમની ભારતીને ચાર મુખ કહ્યા છે તે યોગ્ય છે વળી જૈનશાસ્ત્રના (૧) પ્રથમાનુયોગ (૨) કરણાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ (૪) અને ચરણાનુયોગ એ ચાર વિભાગો તે શ્રી તીર્થંકરની ભારતીના ચાર મુખને યોગ્ય ચાર દ્વારો એમ પણ ખુલાસો અપાય છે જૈનશાસ્ત્રના ઉપર પ્રમાણેના ચાર વિભાગો એ દિગંબર મતને અનુસરીને કહેલા છે પણ શ્વેતાંબર મત પ્રમાણે (૧) ધર્મકથાનુયોગ (૨) ગણિતાનુયોગ (૩) દ્રવ્યાનુયોગ અને (૪) ચરણકરણાનુયોગ

(જુઓ પ્રથમ આવૃત્તિનું ગુજરાતી ભાષાંતર, મૂળની શ્રીમારત્યા શબ્દ ઉપરની ટિપ્પણી તથા ટૉનીના અંગ્રેજી ભાષાંતરમાં પૃ ૧ ની ટિ. ૧)

૨ આ શ્લોકમાં પોતાના ગુરુના ચંદ્રપ્રભ નામ ઉપરથી શ્લેષ રચ્યો છે ચંદ્રના કર (કિરણ)થી ચંદ્રકાન્ત નામનો પથરો દ્રવે છે, એવી સંસ્કૃત સાહિત્યમાં કવિ પ્રસિદ્ધિ છે ચંદ્ર કળાયુક્ત છે, ચંદ્રના જેવી પ્રભાવાળા આ ગુરુ કળા યુક્ત (ચંદ્ર પોતે) છે અને તેના કર (હાથ)થી પથરા જેવા માણસો (ના દિલો ગુરુએ આપેલી વિદ્યાથી) નળી જાય છે, અને ચંદ્રકાન્તમાંથી જેમ પાણી નીકળે છે તેમ ગુરુના કર સ્પર્શથી પોતાના જેવા શિષ્યોના મુખમાંથી સરસ્વતીનો પ્રવાહ નીકળે છે

કર્તાઓની) વિવિધ રચનાઓનું મંથન કરીને શ્રીમેરૂતુંગે આ ગ્રન્થની ગદ્યબન્ધમાં રચના કરી છે. ૩

સદ્‌ગુરૂઓના સંપ્રદાયરૂપી રત્નાકરમાંથી પ્રબંધચિંતામણિ રૂપ (ગ્રન્થ) રત્નનો ઉદ્ધાર કરવા ઈચ્છતા મને શ્રી ધર્મદેવે અનેકવાર કહેવાયલાં ઈતિવૃત્તોથી સાહાય્ય કરેલ છે. ૪

ભારત જેવા રમણીય આ પ્રબંધચિંતામણિ નામના નવા ગ્રન્થની પહેલી પ્રત ગણના અધિપતિ શ્રી ગુણચન્દ્રે તૈયાર કરી છે.[૩] ૫

જૂની કથાઓ, વારવાર સાંભળેલી હોવાથી, ડાહ્યા માણસોનાં મનને જોઇએ તેવાં પ્રસન્ન કરતી નથી, માટે નજીકના વખતમાં થઈ ગયેલા સત્પુરૂષોનાં વૃત્તાન્તોવડે આ પ્રબંધ ચિંતામણિ ગ્રન્થની રચના કરૂં છુ. ૬

ડાહ્યા માણસોએ સુબુદ્ધિથી કહેલા જુદા જુદા ગ્રન્થોમાં જો કે અવશ્ય જુદાજુદા ભાવ હોય છે, પણ સારા સંપ્રદાયને અનુસરી રચેલા આ ગ્રન્થની બાબતમાં ચતુર માણસોએ ચર્ચા કરવામાં ન પડવું. ૭

૧ વિક્રમાર્ક[૪] પ્રબંધ.

(૧) જો કે વિક્રમાર્ક રાજા (કાળક્રમમાં)[૪] છેલ્લો છે, પણ શૌર્ય, ઉદારતા વગેરે ગુણોમાં પૃથ્વી ઉપર પહેલો (પ્રથમ પદને યોગ્ય) છે. શ્રોતાઓના કાનને આ વિક્રમ રાજાનો પ્રબંધ અમૃતતુલ્ય લાગે છે માટે એ (પ્રબંધ કે પ્રબંધો) વિસ્તારયુક્ત હોવા છતાં, અહીં તેનો સંક્ષેપ કરીને પહેલાં તેને વિષેજ કાંઇક કહું છું.

એ પ્રબન્ધ નીચે પ્રમાણે છે—

૧ અવન્તી[૫] દેશમાં પ્રતિષ્ઠાન નામના નગરમાં અનુપમેય સાહસના

---

૩ આ શ્લોકમા ગણના અધિપતિ (गणेश) શબ્દમા શ્લેષ છે. પ્રબંધચિંતામણિને મહાભારત સાથે સરખાવ્યો એટલે એની પહેલી પ્રતના લેખક ગુણચન્દ્રને મહાભારતના લેખક ગણેશનું પદ આપ્યું. આ ગુણચંદ્ર પણ અમુક જૈનગણ-સમૂહ ગચ્છના નાયક હશે.

૪ મૂળમા अन्त्यः શબ્દ છે તેનો અંગ્રેજી ભાષાંતર કર્તા ટૉનીએ of lowest rank એટલે અન્ત્યજ જેવો અર્થ કર્યો છે. પણ મેરૂતુંગનું વિવક્ષિત તેણે અહી આપેલી કથા જોતાં એવું નથી લાગતું. તે વિક્રમને રાજપુત્ર કહે છે માટે ભારતવર્ષના પ્રાચીન રાજાઓમા વિક્રમ છેલ્લો રાજા હતો એમ કહેવાનો આશય જણાય છે.

૫ અવન્તી દેશ એટલે હાલનો માળવા, જેનું મુખ્ય શહેર પહેલાં ઉજ્જયની હતુ. અવન્તી શબ્દ ઉજ્જયની ને માળવા બેયનો વાચક છે. અહીં અવન્તીમા સુપ્રતિષ્ઠાન નામની નગરી કહી છે તેતો ગડબડ જ કરી છે. સુપ્રતિષ્ઠાન કે પ્રતિષ્ઠાન

ભંડારરૂપ, દિવ્યલક્ષણોથી ઓળખાઇ આવતો, પરાક્રમાદિ ગુણોથી ભરેલો વિક્રમ નામનો રાજપુત્ર હતો તે જો કે જન્મથીજ દરિદ્રતાથી પીડાયલો હતો છતા અત્યત નીતિપરાયણ હતો સેંકડો ઉપાયો કર્યા છતા તેને જ્યારે પૈસો ન મળ્યો ત્યારે તે એકદિવસ ભટ્ટમાત્ર નામના મિત્રને સાથે લઇને રોહણાચલ તરફ ચાલી નીકળ્યો અને રોહણાચલ પર્વતની પાસે આવેલા પ્રવર નામના નગરમા કુંભારના ઘરમા રાત રહ્યો પછી સવારે ભટ્ટમાત્રે કોદાળી માગી ત્યારે કુંભારે કહ્યું "અહીં સવારમા ખાણમા જઇને, પહેલા પુણ્યશ્રવણ કરીને, પછી કપાળે હાથ અડાડી 'હા દૈવ' એમ બોલીને, કોઇ દુર્ભાગી માણસ કોદાળી મારે તો એના નશીબમા હોય તે પ્રમાણે તેને રત્નો મળે છે"

તેની પાસેથી આ વૃત્તાન્ત સાભળીને, વિક્રમ પાસે એટલી દીનતા કરાવવી અશક્ય છે એમ જાણીને તે ભટ્ટમાત્ર તે (કોદાળી વગેરે) સાધનો માથે લઇને ચાલ્યો અને રત્નો ખોદવા માટે, ખાણમા ઘા મારવા તૈયાર થયેલા વિક્રમને તેણે કહ્યું "અવન્તીથી આવેલા કોઇક વટેમાણુને આપણા ઘરના ખુશીખબર પૂછતા તેણે તમારી માના મરણના ખબર આપ્યા છે" તપાવેલી વજ્રની સોઇ સરખુ આ વચન સાભળીને હાથથી કપાળ ઠોકીને 'હા, દૈવ' એમ બોલીને વિક્રમે હાથમાથી કોદાળી નાખી દીધી આ કોદાળીની અણીથી જે જમીન ઉખડી તેમાથી સવા નાખનુ ચળકતુ રત્ન નીકળ્યુ ભટ્ટમાત્ર એ રતન ઉપાડી લઇને વિક્રમ માથે પાછો આવ્યો અને પછી શોકના ખીલા જેવી રાકાને દૂર કરવા માટે, ખાણમાથી રત્નો કેવી રીતે મળી શકે છે એ વૃત્તાન્ત કહીને પછી તરતજ તેની માતા જીવતી હોવાના ખુશી ખબર કહ્યા આ રીતથી ભટ્ટમાત્રનુ સહજ લોભીપણુ જોઇનેપ ક્રોધથી તેના હાથમાથી તે રત્ન વિક્રમે ઝુટવી લીધુ અને પાછો ખાણ પાસે આવ્યો, અને—

એટલે હાલનુ પૈઠણ દક્ષિણમા ગોદાવરી કાઠે છે હવે નવસાહસાકચરિત વગેરે અનેક ગ્રથોમા વિક્રમાદિત્યની નગરીને ઉજ્જયની કહેલ છે, પણ કયા સરિત્સાગરમા પ્રતિષ્ઠાનનો વિક્રમાદિત્યની નગરી તરીકે ઉલ્લેખ મળે છે ટુકામા બે શ્રુત પરપરા હોવાનો સભવ છે અને મેરૂતુંગે બે પરપરાના વમળમા પડીને માળવા દેશમા પ્રતિષ્ઠાન નગરને ગોઠવવાની ગડબડ કરી છે આ વિષે વધારે ચર્ચા માટે વિક્રમાર્ક પ્રબધનુ પરિશિષ્ટ જુઓ અહીં પ્રબધચિંતામણિની એક હસ્તપ્રતમા 'અવન્તિ દેશમા ઉજ્જયની પુરીમા' એમ લખ્યુ છે એટલુ નોધવુ જોઇએ

પ બ્રાહ્મણોમા સહજ લોભીપણુ હોય છે એ માન્યતાને લીધે ભટ્ટમાત્રને ગા દી શાસ્ત્રીએ બ્રાહ્મણ ગણ્યો છે, પણ મૂળમા કોઈ જાતનો સ્પષ્ટ ઉલ્લેખ નથી,

(૨) દીન માણસોના દરિદ્રતારૂપ ધાને રૂઝવનાર રોહણગિરિને ધિક્કાર છે; કારણકે યાચકોને 'હા દૈવ' એમ બોલ્યા પછી, તે રત્નો આપે છે.

એમ કહીને તે રત્નને બધા લોકોના દેખતાં ત્યાંજ નાખી દઇને દેશાંતરમાં ફરતો ફરતો વિક્રમ ફરી અવન્તી[૬]ના પાદરમાં આવી પહોંચ્યો. ત્યાં ઢોલનો તીવ્ર અવાજ સાંભળીને તથા તે સંબંધી વૃતાન્ત જાણી લઇને, તે ઢોલ વગાડનાર માણસને પકડ્યો અને તેની સાથેજ રાજમહેલમાં ગયો. ત્યાં મુહૂર્ત જોયા વગરજ તેને એક અહોરાત્ર માટે પ્રધાનોએ રાજગાદી ઉપર બેસાર્યો, ત્યારે દીર્ઘદૃષ્ટિવાળો હોવાથી વિક્રમે વિચાર કર્યો કે નક્કી કોઇ પ્રબળ સુર કે અસુર ક્રોધમાં આવીને રોજ આ દેશના એક એક રાજાનો સંહાર કરે છે; અને રાજા ન મળે તો દેશનો નાશ કરે, માટે તેને ભક્તિથી કે શક્તિથી વશ કરવો જોઇએ. આવો વિચાર કરીને અનેક જાતના ખાવાના પદાર્થો તૈયાર કરાવીને તથા સાંજને વખતે[૭] માળ ઉપર એ બધું બરાબર ગોઠવીને રાતની આરતીની સભા[૮] પછી, મેડીના ભારોટીઆમાં બાંધેલી સાંકળથી ઝુલતા પલંગમાં પોતાનાં ઓઢવાનાં કપડાંથી ઓશીકું ઢાંકીને તથા પોતાના કેટલાક અંગરક્ષકોથી વીંટાઇને, ધૈર્યથી જેણે ત્રણે જગતને જીતી લીધાં છે એવો વિક્રમ હાથમાં તરવાર રાખીને દીવાના ઓછાયામાં ઉભો ઉભો દિશાઓમાં જોવા લાગ્યો; ત્યાં મધરાત સમયે બારીમાંથી પહેલાં ધુમાડો, પછી જવાળા અને છેવટ સાક્ષાત્ યમ-રાજા જેવા ભયંકર વેતાલને આવતાં જોયો.

તે વેતાલનું પેટ ભૂખથી ઉંડું ઉતરી ગયું હતું, એટલે ત્યાં પડેલા ખાવાના પદાર્થો યથેચ્છ ખાઇને, સુગંધી દ્રવ્યો પોતાને શરીરે ચોળીને તથા પાન ખાઇને સંતુષ્ટ થયેલા વેતાલે ત્યાં ઝુલતા પલંગ ઉપર બેસીને શ્રી વિક્રમને કહ્યું. "રે મનુષ્ય, હું અગ્નિ વેતાલ નામનો દેવોના રાજાનો પ્રસિદ્ધ પ્રતીહાર છું અને દરરોજ એક રાજાને માર્યું છું. પરંતુ તારી આ ભક્તિથી

---

૬ 'અહીં અવન્તીનો અર્થ ઉજ્જયની નગર કરવો જોઈએ.

૭ મૂળમાં चन्द्रशाला શબ્દ છે, એનો અર્થ રા. દી. શાસ્ત્રીએ અગાશીમાં કર્યો છે, પણ અગાશીમા ઉપર ભારોટીયું હોય નહિ એટલે ઉપલો માળ અર્થજ બરાબર છે, આપ્ટેના કોષમા A room on the top of a house એમ અર્થ આપ્યો છે.

૮ મૂળમાં आरात्रिकावसर શબ્દ છે, રાજસભા માટે અવસર શબ્દ ખાસ આ ગ્રંથમાં વપરાયો છે. આગળ પણ સર્વાવસર શબ્દ આવે છે.

પ્રસન્ન થઇને મેં અભયદાન માથે આ રાજ્ય તો તને આપી દીધું, પણ આટલા ભક્ષ્યભોજ્ય તારે રોજ મને આપવા આ હરાવ બેયને કબુલ થયો અને એ રીતે કેટલોક કાળ ગયા પછી શ્રી વિક્રમ રાજાએ પોતાનું આયુષ્ય કેટલું છે તે પૂછ્યું, ત્યારે અગ્નિવેતાલ "હું નથી જાણતો પણ મારા સ્વામીને પૂછીને જણાવીશ" એમ કહીને ગયો બીજી રાતે ફરી મળ્યો ત્યારે "મહેન્દ્રે તમારૂ સંપૂર્ણ સો વર્ષનું આયુષ્ય છે એમ કહ્યું છે" એમ અગ્નિવેતાલે કહ્યું ત્યારે ખૂબ મિત્રધર્મ દેખાડીને રાજાએ તેને આગ્રહ કર્યો કે "મારા આયુષ્યમા એક વર્ષ ઓછું કે વધારે મહેન્દ્ર પાસે કરાવો," તેણે એ વાત કબુલ કરી અને પાછો આવ્યો ત્યારે "મહેન્દ્રથી પણ મોના નવાણું કે એકમો એક ન થઇ શકે" એમ કહ્યું આ નિણય જાણીને બીજે દિવસે અગ્નિવેતાલ માટેના ભક્ષ્યભોજ્યાદિ બધ કરી, ગતે વડવા માટે તૈયાર થઇને વિક્રમ ઉભો રહ્યો

પછી વખત થતા રાજની રીતે આવેલા અગ્નિવેતાલે ભક્ષ્યભોજ્યાદિ ન જોઇને રાજાનો તિરસ્કાર કર્યો પછી એ બે વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થયુ, તેના પોતાના પુણ્યની મદદથી તેને જમીન ઉપર પછાડીને રાજાએ પોતાનો પગ તેની છાતી ઉપર મુકીને 'હવ તારા ઈષ્ટ દેવને સભારી લે" એમ કહ્યું ત્યારે તેણે રાજાને કહ્યું "તારા આ અદ્‌ભુત સાહસથી હું ખુશી થયો છુ અને આજથી તુ જે જે કામ બતાવીશ તે કરવા હું અગ્નિ વેતાલ કબુલ થાઉ છુ, હું તારે તાબે છુ"[૯] આ રીતે તેનુ રાજ્ય નિષ્કંટક થયુ અને પોતાના પરાક્રમથી, જેણે બધી દિશાઓ દબાવી છે એવા તે રાજાએ છતનુ વિરોધી રાજાઓના મડળોને પોતાને તાબે આણ્યા

(૩) હે સાહસાક,[૧૦] તારા શત્રુઓ (યુદ્ધમા નષ્ટ થઇ જતા ખડેર થઈ ગયેના તે)ના મદિરોની સ્ફટિકની ભીંતોમા પોતાનુ પ્રતિબિંબ છેટેથી જોઇને આ કોઇ શત્રુદ્વારા છે એમ માની, જગલી હાથી ક્રોધથી, તેમા માથુ મારે છે પણ તેથી પોતાનો દાંત પડી જતા, ફરી તેનેજ જોઇને હાથણી હશે એમ ધારી, ધીમે ધીમે સ્પર્શ કરે છે

---

૯ અગ્નિવેતાલની આ પ્રકારની કથા પ્રેમ કરની જૈન સિંહાસન દ્વાત્રિંશિ કામા પણ આરંભમા આપી છે વિક્રમ અને વેતાલની જુદી જાતની કથા કથા સરિત્સાગરમા છે, જ્યા વેતાલનુ નામ અગ્નિશિખ લખ્યુ છે,

૧૦ સાહસાક એ સાહસ મુખ્ય લક્ષણ હોવા માટે વિક્રમને મળેલુ નામ છે

૨ અવન્તી (ઉજ્જયની) નગરીમાં શ્રી વિક્રમાદિત્ય રાજાને પ્રિયંગુ મંજરી નામની પુત્રી હતી. ભણાવવા માટે તેને વરરુચિ નામના પંડિતને સોંપી હતી. તે બુદ્ધિશાળી હોવાથી થોડા દિવસોમાં વરરુચિ પાસેથી બધાં શાસ્ત્રો શીખી ગઇ. હવે ભરજુવાનીમાં આવેલી તે પ્રિયંગુમંજરી પોતાના પિતાની સેવામાં હંમેશાં રહેતી હતી. એક વખત વસંત ઋતુ ચાલતી હતી, બરાબર બપોરનો વખત હતો અને સૂરજ માથે તપતો હતો, ત્યારે એ ઝરૂખામાં બેઠી હતી; ત્યાં રસ્તે જતા અને ઝરૂખાની છાયામાં થાક ખાવા ઉભેલા પોતાના ગુરૂને જોઇને, તેણે પાકેલી કેરીઓ બતાવીને તથા ગુરૂને એની તૃષ્ણા છે એમ જોઇને કહ્યું કે "તમને આ ફળો શીતળ હોય તો ભાવે છે કે ઉનાં ઉનાં?" એના શબ્દોમાં રહેલી ચાતુરી સમજ્યા વગરજ ગુરૂએ જવાબ આપ્યો કે "મને ઉનાંજ જોઇએ છીએ." એટલે ગુરૂએ પાથરેલા કપડાંમાં તેણે તે ફળો આડાં ફેંકયાં. પણ એ ફળો જમીન ઉપર પડી જવાથી ધૂળવાળાં થતાં બે હાથમાં લઇને ગુરૂએ ફુંકથી ધુળ ઉડાડવા માંડી, એટલે રાજકન્યાએ મશ્કરી કરીને કહ્યું કે "શું એ અતિ ગરમ છે તે ફુંકીને હડાં પાડો છો?[૧૧]"

આ પ્રમાણે તેના મશ્કરીના શબ્દો સાંભળીને કોપેલા તે બ્રાહ્મણે કહ્યું "રે ડાહ્યલી, ગુરૂને ભોંઠા પાડવામાં તને ગમ્મત મળે છે તો તને પશુપાલ, પતિ તરીકે મળશે" આ પ્રમાણે તેનો શાપ સાભળી રાજકન્યાએ કહ્યું "તમે જો કે ત્રણે વેદ જાણનાર છો પણ વિદ્યામા જે તમારાથી ચડીઆતો તમારો પરમગુરૂ હશે તેને હું પરણીશ" આ પ્રમાણે તેણે પ્રતિજ્ઞા કરી. પછી શ્રી વિક્રમ તેને માટે સારો વર શોધવાના ચિન્તારૂપી સમુદ્રમાં ડુબી ગયા અને એ સ્થિતિમાં વરરુચિએ "તમને મનગમતો વર હું શોધી આપીશ" એમ અરજ કરવાથી ઉતાવળા થયેલા રાજાની આજ્ઞા લઇને તે પંડિત (મૂર્ખ વર ખોળવા) જંગલમાં નીકળી પડયો. ત્યાં અતિ તૃષા લાગવાથી તે આકુળવ્યાકુળ થઇ ગયો અને ચારે તરફ તપાસ કરતાં પણ પાણી ન જોયું, પણ ત્યાં પશુપાલ–ગોવાળ–ને જોયો એટલે તેની પાસે પાણી માગ્યું. તેણે પણ "પાણી તો નથી પણ દુધ પીઓ" એમ કહ્યું તથા એ માટે 'કરવડી' કરવા કહ્યું. કોઇ કોષમાં ન વાંચેલો આ 'કરવડી' શબ્દ સાંભળી પડિતનું ચિત્ત ચિન્તામાં ડુબી ગયું. એટલે તે ગોવાળે તેને માથે પોતાનો હાથ મુકીને તેને ભેંસની નીચે બેસાર્યો અને બે હાથનો

૧૧ આ ક્ષુદ્ર મશ્કરી કથાસરિત્સાગરમા પણ મળે છે.

બોબો ('કરવડી') કરાવીને (બોરામા જ ભેંસને દોહીને) ગળા સુધી દુધ પાયુ ગોવાળે માથે હાથ મુક્યો તથા 'કરવડી' જેવો નવો શબ્દ શીખ્યો માટે તે પડિતે તેને ગુરૂ જેવો માનીને તથા તેને રાજકન્યાને યોગ્ય વર માનીને તેનુ ભેંસો ચારવાનું કામ છોડાવી દીધુ અને તેને પોતાના મકાનમા તેડી આવ્યો અને ૭ મહિના સુધી તેના (ગામડીઆ) શરીરને (સુધારામા) કેળવ્યુ તથા ૐ નમ શિવાય એ મત્ર આશીર્વાદ માટે ભણાવ્યો ૭ મહિને આટલા અક્ષરો એના ગળામા બેસી ગયા છે એમ જોયુ એટલે સારૂં મુહૂર્ત જોઇને તે ગોવાળને માગ લુગડા પહેરાવી, રાજની સભામા લઇ ગયો પણ સભાક્ષોભથી તે ગોવાળ મારી રીતે શીખેલો આશીર્વાદ ભુલી ગયો અને તેને બદલે 'ઉશ્ટ્ર' એટલા અક્ષરો બોલ્યો[૧૨] આ અર્થવગરનો શબ્દ સાભળીને ચકિત થયેલા રાજાને, ગોવાળના બોલવામા ન રહેલી ચાતુરીનો તેમા આરોપ કરીને પડિતે કહ્યુ—

(૪) ઉમા માથે રહ્યા કદ્ર શૂન્ન ધારેલ શકર
ટકારબલ ગર્વિષ્ટ રક્ષો રાજા તને સદા

આ પ્રમાણે શ્લોક બોલીને તથા અર્થનો વિસ્તાર કરીને (એટલે ઉશ્ટ્ર એ શબ્દના દરેક અક્ષરમાથી ઉપર પ્રમાણે એક એક પદ નીકળીને આશીર્વાદ બને છે એ રીતે સમજાવીને) તે (ગોવાળ)ના પાડિત્યની ગભીરતા સમજાવી તેના ઉપર વિશ્વાસથી ખુશી થઈને રાજાએ પોતાની પુત્રી તે ભેંસો ચારનાર ગોવાળને પરણાવી પછી પડિતની શીખવણીથી તે ગોવાળ હમેશા મુગોજ રહેવા લાગ્યો, એ જોઈને રાજકન્યાએ તેની વિદ્વત્તાની પરીક્ષા કરવા સારૂ તેને એક નવુ લખેલુ પુસ્તક સુધારવા આપ્યુ ત્યારે હાથમા પુસ્તક લઈને તેના અક્ષરોને વળગેલ બિન્દુ, માત્રા, વરુ વગેરે નખ કાપવાની નેરણીથી ઉખેડી નાખી અક્ષરોને બિન્દુ વગેરે વગરના કરી નાખ્યા આ ઉપરથી રાજપુત્રીએ તે મૂર્ખ છે એમ નક્કી કર્યુ તે દિવસથી[૧૩] 'જમાઈ શોધ" એ પ્રમાણે કહેવત ચાલી એક દિવસ ચીતરવાળી ભીતમા ભેંસોનુ ટોળુ (કોઈએ) દેખાડતા

---

૧૨ આ 'ઉશ્ટ્ર' ને મળતી કથા માટે જુઓ પરિશિષ્ટ ક

૧૩ ગુજરાતીમા તો આવી કહેવત સાભળી નથી પણ મરાઠીમા 'જવાઇશોધ' પ્રચલિત છે મોત્સવબોધ ની ડીટસનેરીમા એ શબ્દનો જે ખુલાસો છે તે બેરૂઆના કથનને મળતો છે કોઈપણ માણસ જે વિષયમા પોતે બીલકુલ ન સમજતો હોય તેમા ડહાપણ રાખે તો એ માટે 'જવાઇશોધ' જામાતૃબુદ્ધિ કહી શકાય એમ તાત્પર્ય જણાય છે

તાની પુતળી લઇને હું આખો દિવસ અને રાત ભટક્યો. પણ કોઇએ તેને લીધી નહિ. એટલું જ નહિ પણ મને ઉલટો ધમકાવ્યો. આ નગરીનું આ કલંક જેવું છે, તેવું આપને જણાવીને (બીજે) જવાની રજા માગું છું. એજ વખતે આ બાબતને પોતાના નગરનું મોટું કલંક ગણીને તેને એક લાખ દીનાર[૨૦] આપીને રાજાએ પોતે એ લોઢાની પુતળીને બદલામાં મુકાવી. પછી તેજ રાતે રાજા નીરાંતે સુતા હતા, ત્યાં રાતના પહેલા પહોરમાં હાથી-ઓની અધિષ્ઠાત્રી દેવતાએ,[૨૧] પ્રત્યક્ષ આવીને કહ્યું કે " આપે દરિદ્રતાની પુતળી ખરીદેલી હોવાથી મારે અહીં રહેવું યોગ્ય નથી." બીજે પહોરે ઘોડાની અધિષ્ઠાત્રી દેવતાએ તથા ત્રીજે પહોરે લક્ષ્મીએ પ્રગટ થઇને એજ પ્રમાણે કહ્યું અને રાજાના સાહસનો ભગ ન થાય માટે રજા લઇને તે તે દેવતાઓ ગયાં. પછી ચોથે પહોરે દિવ્ય તેજોમય સ્વરૂપવાળો એક ભવ્ય પુરૂષ પ્રગટ થયો અને તારામાં તારા જન્મથી રહેલો હું સત્ત્વ નામનો છું પણ હવે જવાની રજા માગું છું." તેણે આમ કહેતાંજ, રાજા હાથથી તરવાર ખેંચીને જ્યાં પોતાના ઉપર ઘા કરવા જાય છે ત્યાં રાજાનો હાથ પકડીને " તમારા ઉપર હું પ્રસન્ન થયો છું" એમ કહીને, તે સત્ત્વજ રોકાઇ ગયો. એટલે હાથીઓની અધિષ્ઠાત્રી વગેરે ત્રણે દેવતાઓ પાછાં આવ્યાં અને કહ્યું કે " જવાનો સંકેત તોડીને સત્ત્વે અમને છેતર્યા છે પણ હવે (સત્ત્વ નથી જતો એટલે) અમારે જવું યોગ્ય નથી " આ રીતે તેઓ પણ પ્રયત્ન વગર જ રહ્યા. **આ રીતે વિક્રમાદિત્યના સત્ત્વનો[૨૨] પ્રબંધ પૂરો થયો.**[૨૩]

૫ વળી એક વખત સભામાં શ્રી વિક્રમરાજા બેઠા હતા ત્યાં [૨૪]સામુદ્રિક શાસ્ત્ર જાણનાર કોઇ પરદેશીને દ્વારપાળે દાખલ કર્યો. આ પરદેશીએ

---

૨૦ દીનાર શબ્દ દ્રમ્મ માટેજ વપરાયો લાગે છે. જુઓ ટિ. ૧૬ ગ્રંથકર્તા આ શબ્દો શિથિલ રીતે વાપરે છે.

૨૧ હાથીનું લશ્કર, ઘોડાનું લશ્કર એ રીતે જૂના કાળમાં લશ્કરના વિભાગો હતા, અહીં હાથી અને ઘોડાની અધિષ્ઠાત્રી દેવતા કહેલ છે તેને તે લશ્કરની સમજવી, મતલબ કે એ દેવતા જવાથી એ જાતના લશ્કરી બળનો નાશ થયો.

૨૨ સત્ત્વનો અર્થ ટોનીએ Courage કર્યો છે. પણ હિંમત, સાહસિકપણું, ઉદારતા વગેરે અનેક ગુણો જેમાં સમાઇ જાય એવા ચિત્તના એક તેજસ્વી ધર્મ માટે આ શબ્દ વપરાયો છે. સત્ત્વનો અર્થ બુદ્ધિ તથા સમગ્ર અંતઃકરણ પણ થાય છે.

૨૩ આ પ્રબંધ પણ જૈન સિંહાસન દ્વાત્રિંશિકામાં મળે છે.

૨૪ શરીરના અમુક ચિન્હો જોઈને તેનું ભાગ્ય પારખવાનું શાસ્ત્ર.

રાજાના સામુદ્રિક લક્ષણો જોઈને માયુ ધુણાવ્યું એટલે રાજાએ તેને તેના વિષાદનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "તમે (સામુદ્રિક) અપલક્ષણોનો ભંડાર છો છતા છન્નુ દેશોની સામ્રાજ્ય લક્ષ્મી તમે ભોગવો છો એ જોઈને મને સામુદ્રિક શાસ્ત્ર ઉપર નિર્વેદ આવી ગયો છે જેના પ્રભાવથી તમે પણ રાજ્ય કરો એવું કોઇ વિચિત્ર અંત્ર (આંતરડું–સામુદ્રિક ચિહ્ન) હું તમારામાં દેખતો નથી" આવું તેનું વચન સાંભળતા પોતાના પેટમાં મારવા રાજાએ તરવાર ખેંચી અને જ્યાં મારવા જાય છે ત્યાં પેલા સામુદ્રિક શાસ્ત્રીએ "આ શું કરો છો?" એમ પૂછ્યું ત્યારે શ્રી વિક્રમે કહ્યું કે "પેટ ચીરીને તને એવું આંતરડું (ચિહ્ન) દેખાડું છું" ત્યારે તેણે કહ્યું કે 'બત્રીશ[૨૫] (સામુદ્રિક) લક્ષણોથી અધિક (પ્રભાવવાળું) આ તમારું સત્ત્વ રૂપ લક્ષણ મારા જાણવામાં નહોતું" એટલે રાજાએ તેને ઇનામ આપીને વિદાય કર્યો

આ પ્રમાણે સત્ત્વપરીક્ષા પ્રબંધ પુરો થયો[૨૬]

૬ વળી એક વખત પરકાયપ્રવેશની વિદ્યા વિના બધી કળાઓ નકામી છે એમ સાંભળીને એ વિદ્યા મેળવવા માટે[૨૭] શ્રી પર્વત ઉપર ભૈરવાનન્દ યોગી પાસે જઈને શ્રી વિક્રમરાજાએ તેની લાંબા વખત સુધી સેવા કરી વિક્રમ આવ્યા પહેલાથી આ યોગીની સેવા કરતો એક દ્વિજ પણ ત્યાં હતો, તેણે રાજાને કહ્યું કે "તમારે મને મુકીને ગુરૂ પાસેથી આ વિદ્યા ન લેવી" આ પ્રમાણે, તેણે આગ્રહવાળી વિનંતિ કરેલી હોવાથી જ્યારે ગુરૂ વિદ્યા આપવા તૈયાર થયા ત્યારે શ્રી વિક્રમે ગુરૂને વિનંતિ કરી કે "પહેલા આને વિદ્યા આપો અને પછી મને આપો" "એ આ વિદ્યા લેવા માટે સર્વથા અયોગ્ય છે" એમ ગુરૂએ વારવાર કહ્યા છતા જ્યારે વિક્રમે ન માન્યું, ત્યારે 'તને પશ્ચાત્તાપ થશે' એમ ઉપદેશ આપીને રાજાના આગ્રહથી તે બ્રાહ્મણને ગુરૂએ પરકાયપ્રવેશ વિદ્યા આપી પછી ત્યાંથી પાછા વળીને બેય ઉજ્જૈન આવ્યા ત્યાં રાજાના પાટવી હાથીના મરણથી શોકમાં પડેલા રાજલોકને જોઈને પરકાયપ્રવેશ વિદ્યાનો અનુભવ લેવા માટે રાજાએ પોતાના હાથીના શરીરમાં પ્રવેશ કર્યો પછી શું બન્યું તે નીચેના શ્લોકમાં વર્ણવ્યું છે —

---

૨૫ મહાપુરૂષના બત્રીશ લક્ષણો અનેક રીતે ગણાય છે ભગવાન્ બુદ્ધના લક્ષણો માટે જુઓ Kern's Manual of Buddhism p. 62

૨૬ આ સામુદ્રિક અપલક્ષણવાળી કથા ક્ષેમંકરની સિંહાસન દ્વાત્રિંશિકામાં જુદી રીતે મળે છે [જુઓ કથા ૨૯ મી]

૨૭ શ્રી પર્વતનો ઉલ્લેખ ભવભૂતિના માલતી માધવ નાટકમાં મળે છે તે ગ્રીકોના રહેઠાણ તરીકે પ્રખ્યાત હતો

(૫) રાજાએ બ્રાહ્મણને પોતાના શરીરનું રક્ષણ કરવા રાખીને પોતાના હાથીના શરીરમાં પ્રવેશ કર્યો એટલ લાગ જોઇને તે બ્રાહ્મણે રાજાના શરીરમાં પ્રવેશ કર્યો (અને પછી તો તે શ્રી વિક્રમ તરીકે રાજ્યનો તથા રાજાની રાણીઓનો પણ ઉપભોગ કરવા લાગ્યો.) પછી (હાથીના શરીરમાં રહેલા) રાજાએ (આ સ્થિતિ જોઇને, રાણીએ) પાળેલા પોપટના શરીરમાં પ્રવેશ કર્યો, અને પછી મરેલી ઘરોળીના શરીરમાં પ્રવેશ કર્યો (જેથી પોપટ મરી ગયો) એટલે (પોતાને વ્હાલા પોપટના મરણના શોકથી) રાણી મરી જશે એમ વિચાર કરીને જેવો બ્રાહ્મણે પોપટના શરીરમાં પ્રવેશ કરીને તેને ઝબાડયો કે તરત શ્રી વિક્રમે પોતાના શરીરમાં પ્રવેશ કર્યો.

આ રીતે શ્રી. વિક્રમને પરકાય પ્રવેશ વિદ્યા સિદ્ધ થઇ.[૨૮]

૭ વળી એક વખત શ્રી વિક્રમ રાજા માર્ગ ઉપરથી જતા હતા ત્યાં તે નગરમાં વસતો શ્રી સંઘ જેની પાછળ ચાલે છે તથા બન્દી જનોનાં ટોળાં જેની 'સર્વજ્ઞ પુત્ર' એમ સ્તુતિ કરે છે, એવા શ્રી સિદ્ધસેન આચાર્યને આવતા જોયા અને 'સર્વજ્ઞ પુત્ર' એ શબ્દો સાંભળીને રાજાને ક્રોધ થયો એટલે તેની સર્વજ્ઞતાની પરીક્ષા કરવા માટે તેને માનસિક નમસ્કાર કર્યા.

સિદ્ધસેને પણ પહેલાં મેળવેલી વિદ્યાના બળથી રાજાના ભાવને જાણીને, જમણો હાથ ઉંચો કરીને 'ધર્મલાભ' એ રીતે આશીર્વાદ આપ્યો. અને રાજાએ આશીર્વાદ આપવાનું કારણ પૂછયું, ત્યારે તે મહર્ષિએ તમે કરેલા માનસ નમસ્કાર માટે આશીર્વાદ અપાયો છે, એમ કહ્યું એટલે એના જ્ઞાનથી ચકિત થયેલા રાજાએ તેના પારિતોષિક તરીકે એક ક્રોડ સુવર્ણ[૩૦] આપ્યા.

---

૨૮ શ્રી વિક્રમે પરકાયપ્રવેશ વિદ્યા મેળવ્યાની આ કથા જરા જુદી રીતે પ્રબંધ કોશમા કહેલી છે. એમાં પટ્ટહસ્તીને બદલે પટ્ટાશ્વ (પાટવી ઘોડો આવે છે.)

પરકાયપ્રવેશ વિદ્યાની માન્યતા જુના કાળમાં બહુ પ્રચારમાં હોય એમ લાગે છે, કથા સરિત્સાગરમાં એક કરતાં વધારે સ્થળે પરકાય પ્રવેશની કથા મળે છે. શંકર દિગ્વિજયમાં પણ છે અને આ પુસ્તકમા પણ પાંચમા-પ્રકાશમાં- આ વિદ્યાનો નન્દ પ્રબંધ નામનો પ્રબંધ છે.

૩૦ નિષ્ક કે સુવર્ણ એટલે સોનાનો સીક્કો. જૂના કાળમાં જુદા જુદા રાજવંશોએ જુદી જુદી જાતના તથા ભિન્ન ભિન્ન વજનના સોનાના સીક્કા પડાવ્યા હતા એ ઇતિહાસ પ્રસિદ્ધ છે. પણ આ ગ્રંથકારે એના વખતમાં ગુજરાતમાં પ્રચલિત સોનાના સીક્કાનો ઉલ્લેખ કર્યો છે એમ માનવાની જરૂર નથી.

૨૯(૬) (કારણ કે) હે કોશાધીશ, આપ્ત વર્ગનો કોઇ પુરુષ મારી નજરે પડે તો તેને એક હજાર [૩૦]નિષ્ક આપવા, જેની સાથે હું સંભાષણ કરું તેને દશ હજાર આપવા, જેની વાણીથી મને હસવું આવે તેને તારે એકદમ એક લાખ નિષ્ક આપવા, અને મને જે સંતોષ પમાડે તેને એક ક્રોડ નિષ્ક આપવા આ મારી હમેશ માટે ચોક્કસ આજ્ઞા છે આ રીતે વિક્રમ રાજાએ દાનની રકમો ચોક્કસ ઠરાવી રાખી હતી

૮ વળી એક વખત રાજાએ તેમને (સિદ્ધસેનને) અપાવેલા સુવર્ણનો વૃત્તાંત કોશાધ્યક્ષને પૂછ્યો ત્યારે તેણે કહ્યું કે ' મેં [૩૧]ધર્મવર્દ્ધિકામા નીચેના શ્લોકમા એ સુવર્ણદાન નોંધ્યું છે —

(૭) દૂરથી હાથ ઉંચો કરીને ' ધર્મલાભ ' એમ સિદ્ધસેન સૂરીએ કહ્યું ત્યારે એમને રાજાએ એક ક્રોડ આપ્યા [૩૨]

પછી શ્રી સિદ્ધસેન સૂરીને સભામા બોલાવીને " તમને તે દિવસે અપાયલુ સુવર્ણ લીઓ " એમ રાજાએ કહ્યું ત્યારે " જમીને તૃપ્ત થયેલાને ભોજન નકામુ છે " એમ કહીને પછી " આ સુવર્ણથી કરજે દબાયેલી પૃથ્વીને[૩૩] કરજમાથી મુક્ત કરો " એમ ઉપદેશ આપ્યો એટલે તે ઉપદેશથી સંતુષ્ટ થયેલા રાજાએ તે ઉપદેશનો સ્વીકાર કર્યો

(૮) હાથમા ચાર શ્લોકો રાખીને તમને મળવાની ઇચ્છાથી કોઇ ભિક્ષુ આવ્યો છે, તેને દરવાજે રોકવામા આવ્યો છે, હવે તે આવે કે જાય ?

(રાજાએ જવાબ આપ્યો —)

(૯) હાથમાં ચાર શ્લોકવાળા ભિક્ષુને દશ લાખ રોકડા આપો અને ચોં શાસનો (દાનના લેખો) આપો પછી તેની મરજી પ્રમાણે આવે કે જાય ?

---

૨૯ આ છઠ્ઠો શ્લોક ઉપરના પારિગ્રાફ પહેલા મૂળમા છપાયો છે, પણ એ અમુક પ્રતોમા નથી મળતો અને સંબંધ જોતા એ રચ્યો નહિ પણ ભાષાંતરમા જ્યા મુક્યો છે ત્યા હોય તો ચાલે એમ માનીને અહીં એટલો ક્રમનો ફેરફાર કર્યો છે

૩૧ એ વખતે રાજાએ કરેલા ધર્મદાનો માટે રાજ્યના દફ્તરમા ખાસ ચોપડો રહેતો, જેને ધર્મવર્દ્ધિકા કહેતા.

૩૨ આ શ્લોક જૈનસિદ્ધાસન દ્વાત્રિંશિકામા તથા પ્રભાવક ચરિત (વૃદ્ધવાદી પ્રબંધ શ્લો ૬૪)મા મળે છે આતુ પ્રાકૃત રૂપ કથાવલીમા મળે છે

૩૩ કરજે દબાયેલી ક્ષણમસ્તા અવનીનો અર્થ આજની પેઠે કરજમા દબાયેલી, પૃથ્વી ઉપર જીવનાર એટલ પ્રજા એમ હતો એ વખતે પણ એટલ પ્રજા કરજમા દબાયેલા હોવાનો સંભવ છે પણ આ પ્રકરણમા તો આગળ એ એટલ પ્રજાની મુક્તિ વિશે કાંઇ નથી આવતું

(૧૦) હમેશાં તમે બધું આપો છો એવી તમારી સ્તુતિ ડાહ્યાજનો કરે છે તે ખોટું છે; કારણ કે શત્રુઓને તમે પીઠ આપતા નથી અને પરસ્ત્રીઓને છાતી આપતા નથી. ૩

(૧૧) હે રાજા, તમારા મુખમાં સરસ્વતી રહી છે, અને કરકમળમાં લક્ષ્મી રહી છે તો શું કીર્તિને કાંઇ ક્રોધ ચડયો છે કે એ પરદેશ ગઇ ? ૪

(૧૨) જેમાં માર્ગણોનો[૩૪] સમૂહ તમારી પાસે આવે છે અને ગુણ દિગંતમાં જાય છે એવી આ અપૂર્વ ધનુર્વિદ્યા તમે ક્યાંથી શીખ્યા ? ૫

(૧૩) તમારાં યુદ્ધનાં વાજાં વાગતાં, હે રાજન્ નીચે પ્રમાણે ચમત્કાર થયો. શત્રુઓના હૃદયરૂપી ઘડાઓ ફુટી ગયા અને શત્રુઓની સ્ત્રીઓનાં નેત્રોમાંથી પાણી ગળવા લાગ્યાં. ૬

(૧૪) તમારા મુખ કમળમાં સરસ્વતી (વાણી–બીજો અર્થ સરસ્વતી નામની નદી) વસે છે. અને તારો હોઠ જ શોણ (લાલ અને બીજો અર્થ શોણ નામનો નદ) છે; અને કાકુત્સ્થ (એક સૂર્યવંશી રાજા) રાજાના પરાક્રમની યાદ આપે એવો તારો જમણો હાથ એ સમુદ્ર (મુદ્રાઓ વાળો) છે. આ તમારી પડખે હમેશાં રહેલી સેનાઓ (અથવા નદીઓ) ક્ષણ પણ તમને વીસા મુકતી નથી, અને હે રાજા તમારી અંદર આ સ્વચ્છ માનસ (મન અને માનસ સરોવર) છે, પછી તમને પાણી પીવાની ઇચ્છા શા માટે થાય છે ? ૭[૩૫]

(૧૫) (આઠ કોટિ સુવર્ણ–વગેરે શ્લોક આગળ પૂરો આપ્યો છે.)

હ એજ રાતે વિક્રમ રાજા વીરચર્યા તરીકે શહેરમાં ફરતા હતા ત્યાં એક કાંચીના મોઢામાથી નીચેનો અર્ધો શ્લોક વારંવાર સાંભળ્યોઃ—

---

૩૪ સાધારણ રીતે ધનુષ્યની દોરી એ ચાઈને ધનુષ્ય ધરનારની નજીક જાય અને ફેંકવામા આવેલું બાણ છેટે જાય. અહી માર્ગણ એટલે બાણ તથા માગણ અને ગુણ એટલે દોરી તથા ગુણો એ રીતે એ બે શબ્દોના બે અર્થનો લાભ લઇને રાજાની પ્રશંસા કરી છે.

૩૫ ઉપરના સાતે સુભાષિતો ક્ષેમકરની સિંહાસન દ્વાત્રિંશિકામા છે. અને રા. દી. શાસ્ત્રીએ સિ. દ્વા. વગેરે સાધનો ઉપરથી પ્હેલાં બે સિદ્ધસેન અને રાજાની ઉક્તિ પ્રત્યુક્તિરૂપે, અને પછીનાં ચાર સિદ્ધસેન બોલ્યા અને બદલામા વિક્રમરાજાએ ત્યારે દિશાનુ રાજ્ય આપ્યું, અને પછી પગમાં પડી જૈન ધર્મી થયો એમ અર્થ કર્યો છે. આ શ્લોકો ખરી રીતે સુભાષિતો જ છે અને સુભાષિતાવલી વગેરે સુભાષિત સંગ્રહોમાં જુદા જુદા નામથી એમાના કેટલાક આપેલા છે. જુઓ મૂળ પૃ. ૧૧,૧૨ ટિ. ૫.

(૧૬) આપણા રાજાને (સંસાર સમુદ્રમાંથી) તારનાર કૃષ્ણ કહી શકાય

રાત પૂરી થઇને લગભગ સવાર થવા આવ્યુ ત્યા સુધી રાજાએ ઉત્તરાર્ધ સાંભળવા માટે વાટ જોઇ પણ ન સંભળાયુ એટલે નિરાશ થઇને મહેલમા જઇને ઉંઘી ગયો સવારે પ્રાત કૃત્યથી પરવારી રાજાએ તે ધાચીને બોલાવી ઉત્તરાધ પૂછ્યુ ત્યારે નીચે પ્રમાણે કહ્યુ —

(પણ) જગત્ દરિદ્રતામા ડુબી ગયુ છે, અને બલિ (કરો તથા બીજો અર્થ બલિરાજા)ના બધનો હજી છુટયા નથી

શ્રી સિદ્ધસેને આપેલા ઉપદેશની આ પુનરૂક્તિ છે એમ નક્કી કરીને રાજાએ પૃથિવીને ઋણમુક્ત કરવાનો આરંભ કર્યો ×

× આ સ્થળે એક હસ્ત પ્રતમા નૃપતિ મનોનુસારી પૃથ્વીરસ પ્રબંધ નામનો એક કટકો વધારે છે (જુઓ મૂળ પૃ ૧૫ ટિ ૧) એજ મતલબની વાત કરી ઈક્ષુરસ પ્રબંધ નામથી ભોજપ્રબંધમા મળે છે તેનો સાર નીચે આપ્યો છે —

એક દિવસ ઉજ્જૈનમા ભટ્ટ માત્રને સાથે લઇને વિક્રમરાજા મહાકાળના મંદિરમા નાટક જોવા છુપા વેષમા ગયા હતા, ત્યા જે શહેરીનો પુત્ર નાટક કરાવતો હતો તેની સંપત્તિનુ વર્ણન સૂત્રધારને મોઢે પ્રસંગોપાત્ત સાંભળીને રાજાને તેની સંપત્તિ લેવાનો લોભ થયો અમુક વખત પછી રાજાને તરશ લાગી એટલે મુખ્ય વેશ્યાને ઘેર જઈ ભટ્ટ માત્ર મારફત પાણી માગ્યુ ત્યારે મુખ્ય વેશ્યા પોતાના માણસોને કહીને રાજા માટે શેરડીનો રસ લેવાને વાડીએ ગઇ ત્યા શેરડીમા સૂયા મારીને કાઢતા તે અર્ધો ઘડો પણ ન ભરી શકી એટલે કચવાઇને પ્યાલો ભરીને હાજીરીવારે આવી રાજાએ શેરડીનો રસ પીધા પછી ભટ્ટ માત્રે વાર લાગવાનુ તથા ખિન્ન થયાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યુ કે "સાધારણ રીતે એક શેરડીમાથી આખો ઘડો અને એક પ્યાલો ભરાય છે આજ ઘડોયે પૂરો ન ભરાયો તેનુ કારણ સમજાતું નથી" ત્યારે ભટ્ટ માત્રે કહ્યુ "તમે પાકટ બુદ્ધિના છો માટે તમેજ કારણ વિચારીને કહો વેશ્યાએ કહ્યુ કે પૃથ્વી પતિનુ મન પ્રજાની વિરૂદ્ધ થયુ માટે પૃથ્વીનો રસ ક્ષીણ થયો," રાજાને પણ તેની બુદ્ધિની કુશળતા જોઈને આશ્ચર્ય થયુ અને પછી પોતાના મહેલમા સુતા સુતા વિચાર કર્યો કે " પ્રજાને પીડા કર્યા વગર પણ માત્ર પ્રજા વિરૂદ્ધ વિચાર કરવાથી પૃથ્વીના રસની હાનિ થઈ માટે હુ તો પ્રજાને નહિ પીઉ " આ પ્રમાણે નિશ્ચય કરીને પરીક્ષા કરવા બીજી રાતે તેને ઘેર ગયો, ત્યા તરતજ તેણે આનંદથી શેરડીનો રસ લાવી આપ્યો, જે પીને રાજા મહેલમા જઈને સુઈ ગયો અને ભટ્ટ માત્રે પૂછતા વેશ્યાએ હવે રાજાનુ મન પ્રજા ઉપર રાજી છે એમ કહ્યુ રાજાએ પોતાનો રાતનો વૃત્તાન્ત કહીને તે વેશ્યાને, બીજાનુ ચિત્ત સમજવાની તેની કુશળતાથી પ્રસન્ન થઇને હાર આપ્યો

આ ચોખ્ખી લોકકથા છે અનેક રાજાઓને નામે થોડાપણા ફેરફારથી ચડેલી મળે છે ભોજપ્રબંધમા મૂળમા છે કલાપિ કવિએ પણ 'ગ્રામ્યમાતા' નામથી એક કાવ્ય લખીને આ લોકકથાને અમર કરી છે.

૧૦ એક વખત મારા જેવો કોઇ જૈન રાજા ભવિષ્યમાં થશે કે ? એમ રાજાએ પૂછ્યું એટલે શ્રી સિદ્ધસેન સૂરીએ જવાબ આપ્યો કે:—

(૧૭) હે વિક્રમ રાજા, આજથી ૧૧૯૯ વર્ષ જતાં, તારા જેવો કુમાર (કુમારપાલ) રાજા થશે.

૧૧ વળી એક વખત પોતે જગત્ ઋણરહિત કરતા હતા ત્યારે, પોતાના ઉદારતાના ગુણથી અહંકાર આવી જતાં સવારે એક કીર્તિસ્તંભ ઉભો કરાવીશ એમ વિચાર કરતા વિક્રમ રાજા રાતે વીરચર્યા[૩૬] તરીકે ચોટામા ફરતા હતા; ત્યાં સામ સામા લડતા બે આખલાઓના ત્રાસથી, (પાસે આવેલી) દરિદ્રતાથી પીડાતા કોઇક બ્રાહ્મણની જૂની બળદ બાંધવાની ઝુંપડીના થાંભલા ઉપર ચડીને બેઠા, ત્યા તે જ બે આખલાઓ આવીને એ થાંભલાને વારંવાર શીંગડા મારવા લાગ્યા. આ અરસામાં તે ઘરનો ધણી બ્રાહ્મણ અકસ્માત્ જાગી ગયો અને આકાશમાં શુક્ર અને ગુરૂથી ચંદ્ર મંડળને રોકાયેલું જોઇને તેણે પોતાની સ્ત્રીને જગાડી અને ચંદ્ર મંડળની સ્થિતિથી સૂચિત રાજાનું તે પ્રાણસંકટ જાણીને તેની શાન્તિ માટે હોમવાના દ્રવ્યો લાવવાનું કહ્યું.[૩૭] આ બધી વાતચિત રાજા સાંભળતો હતો ત્યાં તે બ્રાહ્મણની સ્ત્રીએ જવાબ આપ્યો કે " આ રાજા પૃથિવીને ઋણમુક્ત કરવા તૈયાર થયો છે; છતાં મારી સાત કન્યાઓને પરણાવવા માટે દ્રવ્ય જોઇએ છીએ તે તો મને આપતો નથી, પછી શાન્તિ કર્મ કરીને (તમારે) એને સંકટમાંથી શા માટે છોડાવવો જોઇએ ? " આ પ્રમાણેનાં બ્રાહ્મણ પત્નીનાં વચનથી સર્વથા જેનો ગર્વ ગળી ગયો છે એવા રાજાએ તે સંકટમાંથી છુટીને, કીર્તિસ્તંભની વાત ભુલીને, લાંબા વખત સુધી રાજ્ય કર્યું.

(૮૧) હે વિક્રમ રાજા, જો કે તેં કષ્ટ વેઠ્યું, સાહસને છુટું મુકી દીધું[૩૮]

---

૩૬ રાજાઓ ઘણીવાર રાતે છુપો વેષ લઇને—અંધાર પછેડો ઓઢીને નગરચર્યા જોવા નીકળતા અને એ રીતે મળેલી માહીતીનો પ્રજાનાં દુઃખો દુર કરવામાં ઉપયોગ કરતા; પોતાના અધિકારીઓ વિરૂદ્ધની ફરિયાદો આ રીતેજ સાભળવામાં આવતી. એમ લોકસાહિત્યની પ્રસિદ્ધિ છે. આ લોકકથાનો આદર્શ વ્યવહારમાં કેટલો ઉતરતો તે કહેવું કઠણ છે, પણ વીરચર્યા શબ્દ એ માટે વપરાયેલ છે.

૩૭ ઉપરની વાતમા રાજાને સંકટ સૂચક જે ચંદ્રમંડળના યોગની વાત છે તે વિષે કોઇ ગ્રન્થનો શ્લોક એક પ્રતમા ઉતરેલો મળે છે (જુઓ મૂળ પૃ. ૧૪ ટિ.*). આ વાતને મળતી વાત એક જૂનક કથા (ન. ૨૯૦) માં પણ મળે છે.

૩૮ મૂળમાં મુક્કં ચ સાહસં એમ શબ્દો છે તેનો અર્થ ટૉનીએ Thou has lost the courage તેં સાહસ છોડી દીધું. એવો કર્યો છે પણ વિક્રમે છેલ્લા દિવસોમા સાહસિક સ્વભાવ છોડી દીધો હતો એવું કોઇ દંતકથામાં, આ ગ્રંથમા [કે મારા જાણવા

અને એમા આત્માને મલિન કર્યો, છતા અજરામરપણુ ન મેળવ્યુ, અફસોસ, તું જન્મ હારી ગયો

૧૨ એક વખત વિક્રમનું આયુષ્ય પુરૂ થવા આવ્યુ, ત્યારે કોઇ આયુર્વેદ જાણનાર વૈદ્યે વિક્રમની તબીઅત ખરાબ જોઇને, "કાગડાનું માસ ખાવાથી રોગ મટશે" એમ કહ્યું, એટલે રાજાએ એ રધાવ્યુ, એ ઉપરથી રાજાની પ્રકૃતિમા ફેરફાર થયો છે, એમ વિચારીને "હવે ધર્મ એજ બળવાન્ ઔષધ છે," એમ રાજાને (તેણે) જણાવ્યુ "પ્રકૃતિનો વિકાર થાય એ ઉત્પાત છે, જીવવાની તૃષ્ણાથી પોતાની લોકોત્તર સત્ત્વશાળી પ્રકૃતિ છોડીને તમે કાગડાનું માસ ખાવા ઇચ્છો છો માટે જરૂર નહિ જીવો",[૩૯] એમ વૈદ્યે કહ્યું, એટલે એને પરમાથ બન્ધુ ગણીને પ્રશસા કરી તથા ઇનામ આપ્યુ પછી હાથી, ઘોડા ખજાનો વગેરે પોતાનું સર્વસ્વ યાચકોને આપી દઇ રાજલોકની તથા નગરલોકની રજા માગી લીધી અને પછી પોતાના મહેલમા કયાક એકાતમા તે સમય (મરણ સમય)ને યોગ્ય સ્નાન, દાન, દેવપૂજા વગેરે કરીને દર્ભાસન ઉપર બેઠા અને હવે [૪૦]બ્રહ્મરંધ્રથી પ્રાણ છોડીશ એમ વિચાર કરે છે ત્યા અકસ્માત્ આવેલ અપ્સરાઓના સમૂહને જોયો, એટલે હાથ જોડીને "તમે કોણ છો?" એમ પૂછ્યુ ત્યારે તેઓએ કહ્યું "અત્યારે લાબી વાત કરવાનો વખત નથી, પણ અમે તમારી રજા લેવાજ આવ્યા છીએ" આમ કહીને અપ્સરાઓ પાછી વળતી હતી ત્યા વિક્રમે ફરી કહ્યું "કોઇ નવા બ્રહ્માએ તમને ઉત્પન્ન કરી લાગે છે, કારણ કે તમે અસાધારણ રૂપવાળી છો છતા નાક નથી એ એક ખામી છે એ શુ? એટલું જાણવાની મારી મરજી છે" આના જવાબમા તેઓએ હાથની તાલી પાડી, હસીને કહ્યું કે "તમે તમારા દોષનો અભાગમા આરોપ કરો છો", આટલુ બોલીને તેઓ મુગી રહી એટલે રાજાએ કહ્યું કે "તમે તો સ્વર્ગલોકમા રહો છો, તો તમારો અપરાધ મેં કર્યો હોય એ કેમ સંભવે?" ત્યારે

પ્રમાણે અન્યત્ર પણ] આપી નથી એટલે રા દી શાસ્ત્રી પેઠે મે પણ સાહસને ઘુટ્ટ મુક્યુ અર્થાત્ ખૂબ સાહસ કર્યું એવો અર્થ કર્યો છે

૩૯ માણસની પ્રકૃતિમા એકાએક ફેરફાર થાય એ નજીક આવતા મરણનુ સૂચક છે એવી આયુર્વેદવી માન્યતા છે

૪૦ બ્રહ્મરંધ્ર = બ્રહ્મરન્ધ્ર, મરણ વખતે પ્રાણ શરીરના બાકી, નાક વગેરે જુદા જુદા છિદ્રોમાંના એકમાથી નીકળી જાય છે એમ મનાય છે, પણ યોગીઓના પ્રાણ બ્રહ્મરંધ્ર-બ્રહ્મરન્ધ્ર-માથાની મધ્યમા રહેલી સીવણીમાથી એ તુટીને નીકળે છે, એમ મનાય છે

તેઓમાંથી એક મુખ્ય સુંદરીએ કહ્યું. "હે રાજન્! પૂર્વ જન્મનાં પુણ્યથી આ વખતે નવે નિધિ તારા મહેલમાં ઉતર્યા હતા. તે નવ નિધિઓની અમે અધિષ્ઠાત્રી[૪૧] દેવતાઓ છીએ. દેવરૂપ તમે જન્મથી આરંભી આજસુધીમાં, મહા દાનો આપવામાં માત્ર એક નિધિમાંથી એટલો જ ભાગ ઓછો કર્યો છે કે જેથી તમે નાકનું ટેરવું જોઇ શકતા નથી." આ પ્રમાણે તેઓનું બોલવું સાંભળી કપાળે હાથ અડાડી તેણે કહ્યું કે "જો હું નવ નિધિઓ છે એમ જાણુત, તો નવ પુરૂષોને તે આપી દેત પણ દૈવે અજ્ઞાન રાખીને મને ઠગ્યો છે." ત્યારે તેઓએ યાદ આપ્યું કે "કળિયુગમાં તો તમે જ ઉદાર છો." આ રીતે શ્રી વિક્રમ પરલોકને પ્રાપ્ત થયા. ત્યારથી આજસુધી વિક્રમાદિત્યનો સંવત્સર જગતમાં ચાલે છે. **શ્રી વિક્રમાદિત્યના દાનના વિવિધ પ્રબંધો છે.**

પરિશિષ્ટ અ

'ઉશરટ' શબ્દમાંથી પંડિત વરરૂચિએ કાંઇક અર્થ ગોઠવીને ગોવાળને પંડિત તરીકે ચલાવ્યાની જે કથા મેરૂતુંગે અહીં આપી છે, તેને કાંઇક મળતી એક 'અપ્રશિખ'ની વાર્તા કથા પ્રકાશમાં છે. અને બીજી 'વિસેમીરા'ની જૈનસિંહાસન દ્વાત્રિંશિકામાં છે.

પહેલી વાર્તાનો સાર નીચે પ્રમાણે છે. ભોજરાજાના સમયમાં ઉજ્જૈનમાં એક બ્રાહ્મણ રહેતો હતો, આ બ્રાહ્મણને કવિ કાલિદાસ જેટલું માન મળતું નહોતું, એટલે તે પોતાની નાતનાજ એક નોકર સાથે પરદેશ નીકળી ગયો. અને કાલંજરના રાજાને મળ્યો, તેની સેવામાં રહ્યો અને છેવટ રાજાએ ખૂબ દાન આપી રજા આપી. પાછા વળતાં એક દિવસ એક વૃક્ષ નીચે પોતે સુતાં સુતાં ઉઘી ગયો. એ વખતે નોકરના મનમાં લોભની વૃત્તિ જાગી અને તેણે તેના માથા ઉપર પગ મુકી તેનું માથું કાપી નાખવા માટે તરવાર કાઢી. ત્યાં શેઠ જાગી ગયો અને તેણે નોકરને પોતાની પાસેનું બધું સોનું આપી દેવાની તથા એ ગામ છોડી દેવાની શરતે પોતાને બચાવવાની આજીજી કરી, પણ નોકરે ન માન્યું. ત્યારે પોતાના બાપને 'અપ્રશિખ' એટલો સંદેશો આપવાની માગણી કરી. નોકરે એ વાત કબુલ કરી અને પછી શેઠ ઉપર ઘા કર્યો. ઉપરના સંદેશનો કાંઇ અર્થ તેનો બાપ સમજ્યો નહિ, એટલે તેણે ચૌદ વિદ્યા જાણનાર તરીકે રાજાને એ સંદેશો

૪૧ નદી, પર્વત, શહેર. ઝાડ વગેરે જડપદાર્થોની અંદર પણ, પ્રાણીઓમાં આત્મા વસે છે તેમ અધિષ્ઠાતા દેવતા વસે છે; એવી પૌરાણીક માન્યતા છે.

બતાવ્યો પણ રાજા, કાલિદાસ કે કોઇ વિદ્વાન્ એ સમજી શક્યા નહિ આથી રાજા નિરાશ થઇ ગયો અને તેણે અનશનવ્રત લીધું આ જોઇને વરરુચિ નામે એક પંડિત નિર્વિણ્ણ થઇને જંગલમા નીકળી પડયો ત્યા જંગલમા ઝાડ ઉપર રાત ગાળતા એક શૃગાલ સ્ત્રી પાસેથી તેને ખુલાસો મળી ગયો કારણ કે તે શૃગાલ સ્ત્રીએ પોતાના બચ્ચાને ઉપરની વાર્તા કહી સભળાવી અને અપ્રશિષ્ટ શબ્દ એક શ્લોકના જુદા જુદા ચાર પદોના પહેલા અક્ષરોથી બનેલો છે એ પણ કહ્યું —

अनेन तव पुत्रस्य प्रसुप्तस्य घनान्तरे ।
शिलामाक्रम्य पादेन खड्गेन निहत शिर ॥

હવે 'વિસેમિરા'ની કથા નીચે પ્રમાણે છે –વિશાલા નગરીમા નન્દ નામે એક રાજા હતો તેના પુત્રનુ નામ હતુ વિજયપાલ, અને તેના મત્રીનુ નામ બહુશ્રુત હવે રાજાને પોતાના ગુરૂ શારદાનન્દ ઉપર કાઇક ખોટો વ્હેમ આવવાની તેણે ગુરૂને મારી નાખવાનું કામ બહુશ્રુતને સોપ્યુ પણ મત્રીએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને તેને ન મારતા પોતાને ત્યા ભોયરામા ભતાડી રાખ્યા એક દિવસ કુવર વિજયપાલ શિકાર કરવા ગયો અને રસ્તો ભુલી ગયો ત્યા તેની પછવાડે વાઘ પડવાથી તે ઝાડ ઉપર ચડી ગયો આ ઝાડ ઉપર વૃક્ષદેવતા વાદરાનું રૂપ લઇને વસતા હતા તેણે કુવરની ખૂબ પરોણાગત કરી અને રાત પડતા કુવરને પોતાના ખોળામા સુવાર્યો હવે ઝાડ નીચે બેઠેલા વાઘે કુવરને નાખી દેવા માટે વાદરાને ઘણુ સમજાવ્યો પણ વાદરે માન્યુ નહિ અમુક વખત પછી વારો બદલાણો અને વાદરો કુવરના ખોળામા સુતો વાઘે કુવરને ખીજવાવ્યો, વાદરાને નાખી દેવા સમજાવ્યો અને કુવરે બીકથી વાદરાને નાખી દીધો પણ વાદરો પડતા પડતા ઝાડની ડાળીને વળગીને બચી ગયો આથી કુવર શરમાઇ ગયો વાદરે તો એને આશ્વાસન આપ્યુ કે "કાઇ નહિ, ભૂલ થઇ જાય, પણ તમને પસ્તાવો થાય છે એ સારૂ છે" ત્યા સવાર પડતા વાઘ ચાલ્યો ગયો. પછી દેવતાત્મા વાદરે કુવરને વિ સે મિ રા એમ ચાર અક્ષરો ગોખાવ્યા, અને પછી ઝાડ ઉપરથી ઉતાર્યો પછી તો કુવર ગાડા જેવો થઇ ગયો અને 'વિ સે મિ રા' એમ બોલતો બોલતો જંગલમા ભટકવા લાગ્યો, ત્યા તેને શોધવા નીકળેલા રાજાને એ મળી ગયો રાજાએ કુવરને ગાડા જેવો જોઇને તથા વિ સે મિ રા જ બોલ્યા કરતો જોઇને દવાના, મંત્રના વગેરે ઘણા ઉપાયો કર્યા પણ કાઇ ફાયદો ન થયો ત્યારે એને ગુરૂ શારદાનદ યાદ આવ્યા અને તેનો શોક કરવા માંડયો

નામના બે રાજાઓ જૂના કાળમાં થઇ ગયા હોવાની, મધ્ય કાળમાં સામાન્ય માન્યતા હતી. અને એ બેય રાજાઓ વિષે અનેક દંતકથાઓ પણ પ્રચારમાં આવી હતી. એ વખતનું બ્રાહ્મણ સાહિત્ય આ કથાઓથી અસ્પૃષ્ટ નથી એમ કથા સરિત્સાગર (કર્તા સોમેશ્વર. ઇ. સ. ૧૦૭૦) ઉપરથી લાગે છે. કથા સરિત્સાગરમાં આવતી વૈતાલ પંચવિંશતિ કથાનો નાયક રાજા ત્રિવિક્રમસેન (વિક્રમસેનનો પુત્ર) એ અને અહી આપેલ કથાઓનો નાયક વિક્રમાદિત્ય એક જ છે. (જુઓ કથા સરિત્સાગરના ટોનીએ કરેલા અંગ્રેજી ભાષાંતરની Penzerની નવી આવૃત્તિ The Ocean of Story Vol. VI p. 228.)

પણ અહીં વિક્રમ સંબંધી જૈનશ્રુત પરંપરામાં જળવાઇ રહેલ દંતકથાઓનો વિચાર પ્રસ્તુત છે. અને વિક્રમ સંબંધી દંતકથાઓ સિદ્ધસેન દિવાકરના સંબંધને લીધે જૈનોએ વધારે જાળવી રાખેલ છે એ સ્પષ્ટ છે.

વિક્રમસંબધી આ દંતકથાઓ અત્યારે આ પ્રબંધ ચિંતામણિમાં, એનાજ સમકાલિન પ્રભાવક ચરિતમાં તથા તીર્થ કલ્પમાં, અને તેથી કાંઇક અર્વાચીન પ્રબન્ધકોશમાં, તેમજ કાંઇક પ્રાચીનતર પરિશિષ્ટ પર્વમાં અને તેરમા ચૌદમા શતકથી પ્રાચીન નહિ એવા સિંહાસન દ્વાત્રિંશિકા (બત્રીશ પુતળીની વાર્તા)માં મળે છે. આથીયે પ્રાચીનતર જૈન સાહિત્યમાં ક્વચિત્ ટુંકા ઉલ્લેખો મળે છે ખરા. પ્રબંધ ચિંતામણિ વગેરે ગ્રન્થોમાં એ વખતે લોકમાં પ્રચલિત વિક્રમ સંબંધી દંતકથાઓનો અને સુભાષિતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. મેરૂતુંગ વગેરે ગ્રથકારો કોઇ પ્રમાણભૂત મૂળમાંથી પોતે સંગ્રહ કરેલો છે એમ કહેતા નથી. માત્ર સત્સંપ્રદાય (good tradition)નો હવાલો આપે છે. છતાં આ જૈનશ્રુત પરપરા તદ્દન નિર્મૂળ છે એમ કહેવું એ સાહસ છે. વિક્રમાદિત્ય નામનો કોઇ રાજા આ દેશના ઇતિહાસમાં થઇ ગયો છે કે નહિ એ પ્રશ્નનો ચોક્કસ ઉત્તર આપવો કઠણ છે. જેણે વિક્રમાદિત્યની પદવી ધારણ કરી હોય એવા તો એક કરતાં વધારે રાજાઓનાં નામ આ દેશના ઇતિહાસમાં મળે છે. દા. ત. ગુપ્ત વંશના ચદ્રગુપ્ત બીજા (ઇ. સ. ૩૮૦ થી ૪૧૪) એ વિક્રમાદિત્યની પદવી ધારણ કરેલી, એજ રીતે એ પછી લગભગ સો વર્ષે થઇ ગયેલા યશોધર્મ રાજાએ પણ વિક્રમાદિત્યની પદવી ધારણ કરેલી. અને દક્ષિણના ચાલુક્ય વંશમાં તો વિક્રમાદિત્ય નામના અનેક રાજાઓ થયા છે. પણ વિક્રમ સંવત્‌ના આરંભ વખતે એટલે ઇ. સ. પૂર્વે ૫૭ ની આસપાસમાં જેના નામથી સંવત્ પ્રવર્તે એવો વિક્રમ નામનો

ગન્ત થઇ ગયો છે ખરો ? આ પ્રશ્નનો જવાબ આપે એવો, ઉત્કીર્ણ લેખો કે સીક્કાઓનો પુરાવો હજી નથી મળ્યો પૌરાણિક કે બૌદ્ધ શ્રુત પરંપરામા પણ આ વિક્રમનું નામ નથી પણ જૈન શ્રુતપરંપરામા છે એટલે ઐતિહાસિક વિચારણા માટે જૈન શ્રુતપરંપરાનુ આખુ ખોખુ ટુકામા જોવુ જોઇએ જૈનશ્રુત પરંપરા કહે છે કે —

અવન્તીમા વિ સં ના આરભ પહેલા ગર્દભિલ્લ નામનો એક રાજા થઇ ગયો, આ રાજાએ જૈન સાધુ કાલકાચાર્યનુ અપમાન કર્યું અને તેણે શકોની મદથી ગર્દભિલ્લોનો નાશ કર્યો પણ કેટલાક વર્ષ પછી ગર્દભિલ્લના પુત્ર વિક્રમાદિત્યે શકોને અવન્તીમાથી હાકી કાઢયા પછી જૈન સાધુ સિદ્ધસેન દિવાકરના ઉપદેશથી પોતે જૈન ધર્મ સ્વીકાર્યો અને જગતને ઋણ મુક્ત કર્યું અને ત્યારથી વિક્રમનો સવત્ ચાલ્યો (જુઓ કાલકાચાર્ય કથાનક પ્રભાવક ચરિતમા કાલક સૂરિપ્રબંધ, જૈનસિંહાસન દ્વાત્રિંશિકા, હાર્વર્ડમસ્કૃત સીરીઝ Vol XXVI p 251 વગેરે)

મહાવીરના નિર્વાણને ૬૦૩ વર્ષ ગયા ત્યારે વિક્રમરાજાનો જન્મ થયો એવી દિગંબરમતની જૈન શ્રુત પરંપરા છે (જુઓ મૂળ પૃ ૧૬ ટિ *) પણ શ્વેતામ્બરમતની જે માન્યતા તીર્થ કલ્પ આદિમા આપી છે તે પ્રમાણે મહાવીરના નિર્વાણ પછી ૪૫૩ વર્ષે કાલકાચાર્ય અને ૪૭૦ વર્ષે વિક્રમ રાજા થયા છે વચ્ચે કોણ કોણ થયા તે વિષે જૈનશ્રુત પરંપરાની ગોઠવણ નીચે પ્રમાણે છે

રાજાનું નામ	વર્ષ
પાલક	૬૦
નવનદ	૧૫૫
મૌર્યવંશીઓ	૧૦૮
પુષ્પમિત્ર	૩૦
બલમિત્ર ભાનુમિત્ર	૬૦
નરવાહન કે નહવાન	૪૦
ગર્દભિલ્લ	૧૩
શક	૪
કુલ	૪૭૦

તીર્થ કલ્પના આધારે ગ. દી શાસ્ત્રીએ કરેલો ઉતારો ઉપર પ્રમાણે છે જૈનપટ્ટાવલીઓમા પણ આજ ગોઠવણ છે પણ દિવાકરસેને (૪ સ. ૭૮૩–૮૪)

હરિવંશ પુરાણમાં જે ક્રમ આપ્યો છે તેમાં થોડો ફેર છે, દાખલા તરીકે જિનસેને મૌર્યોને બદલે મયૂરોને ૪૦ વર્ષ આપ્યાં છે, રાસભ (ગર્દભિલ્લ) રાજાઓને સો વર્ષ, અને નરવાહનને ૪૨ આપ્યાં છે.

આ સમગ્ર ગોઠવણની પરીક્ષા અહીં પ્રસ્તુત નથી, તેમ એટલો અવકાશ પણ નથી, પરંતુ "ગર્દભિલ્લો થયા" એવો ઉલ્લેખ પૌરાણિક વંશાવળીમાં છે, એ અહીં નોંધવું જોઇએ; માત્ર વિક્રમાદિત્યનું નામ પૌરાણિક વંશાવળીઓમાં નથી.

(બાકી ઉપર તીર્થ કલ્પના આધારે મહાવીરના સમયથી વિક્રમના સમય સુધીની જે વંશાનુક્રમની ગોઠવણ મુકી છે તેને બદલે બ્રાહ્મણ પરંપરા, બૌદ્ધ પરંપરા અને જૈન પરંપરા એ ત્રણની તુલના ઉપરથી તથા અશોક વગેરેના લેખો, એ વખતના સીક્કાઓ વગેરે બીજાં સાધનો ઉપરથી એ વખતના રાજવંશોનો જે કાલાનુક્રમ ઐતિહાસિકોને હાલમાં માન્ય થયો છે તે ક્રેમ્બ્રીજ હીસ્ટરી વો. ૧, વીન્સેન્ટ સ્મીથની અર્લીહીસ્ટરી ઓફ ઇન્ડીઆ વગેરેમાં જોવો.)

હવે વિ. સં. નો આરંભ કયા રાજાથી શા કારણે થયો એ વિષે પુરાતત્ત્વ-સંશોધકોએ ઘણાં વર્ષોથી ખૂબ ચર્ચા કરી છે, પણ હજી છેવટનો સર્વમાન્ય નિર્ણય થયો નથી. ઉત્કીર્ણ લેખોના ચોક્કસ પુરાવાઓ ઉપરથી એટલું જણાય છે કે ઇ. સ. પાંચમા શતકથી એક માલવ સંવત્ માળવા તથા તેની આસપાસના પ્રદેશમાં પ્રચલિત હતો; ઇ. સ. આઠમા નવમા શતકથી એજ સંવત્ વિક્રમ સંવત્ પણ કહેવાવા લાગ્યો અને ક્રમશઃ વિક્રમ સંવત્ નામનોજ પ્રચાર સર્વવ્યાપી થઈ ગયો. પણ પહેલાં માલવ સવત્ શા માટે ચાલ્યો અને પછી એનું નામ વિક્રમસંવત્ શા માટે પડ્યું? શકલોકો–પરદેશીઓ–ને માળવામાંથી કાઢયા એ દિવસથી સંવત્ ચાલ્યો એવી પણ એક માન્યતા છે. ઇ. સ. પૂર્વે ૫૭ માં કોણે માળવામાંથી શકોને કાઢયા? આ પ્રશ્નનો જવાબ હમણાં પુરાતત્ત્વવિત્ જયસ્વાલે આપ્યો છે તે નીચે ટુંકામાં નોંધ્યો છે, પણ પુરાતત્ત્વજ્ઞોની સાધારણ માન્યતા અત્યાર સુધી એવી હતી કે ગમે તે કારણથી ઇ. સ. પૂર્વે ૫૭ માં માલવસંવત્ શરૂ થયો, પછી ચંદ્રગુપ્ત બીજાએ ઈ. સ. ૪૦૦ ની આસપાસમાં શક ક્ષત્રપોને હરાવ્યા અને પશ્ચિમહિંદ તાબે કર્યો, એ બનાવની યાદગીરીમાં માળવાના લોકોએ માલવસંવત્ને એ ચંદ્રગુપ્તની વિક્રમાદિત્ય પદવી ઉપરથી વિક્રમસંવત્ નામ આપ્યું. બીજો મત હૂણોને હરાવનાર યશોધર્મ વિક્રમાદિત્ય (ઇ. સ. ૫૩૫)ના નામથી માલવસંવત્ને વિક્રમસવત્ નામ મળ્યું એવો પણ છે. મૂળ સંવત્

૪ સ પૂર્વે ૫૭ મા કનિષ્કે શરૂ કરેલો એવો એક મત પ્હેલાં ચાલેલો (જુઓ ઇમ્પીરીઅલ ગેઝીટીઅર ઓફ ઇન્ડીઆ Vol II p 4–5 ની ટિ) પછી સર જૉન માર્શલે એઝીઝ પ્હેલાંથી આ સવત્ ચાલ્યો એવો મત પ્રગટ કર્યો પણ ડા ફ્લૉંગ્રેએ એ મતનું હમણા બે વર્ષ પ્હેલા જ સચોટ ખંડન કર્યું છે (જુઓ Historical Introduction to Corpus Inscrip tionum Indicarum Vol. II part 1)

આ વિષયમા કેમ્બ્રીજ હીસ્ટરી ઓફ ઇન્ડિઆ (Vol. I)મા રેપ્સને બહુ સરસ નોધ કરી છે એ કહે છે કે સીક્કાઓનો પુરાવો માચો સમન્વય તો આ સમય (૪ થી પૂર્વે પ્રથમ શતક)ની ઐતિહાસિક સ્થિતિ નીચે પ્રમાણે લાગે છે આન્ધ્રોએ વચલો મુલક કબજે કરીને ઉજ્જૈનનુ ગજ્જ ઘણુ કરી શુગ પુષ્યમિત્ર પાસેથી જીતી લીધુ એટલે લગભગ ૪ સ પૂર્વે ૬૦ મા ઉજ્જૈનની ઉત્તરે યવનોનું, પૂર્વમા શુગોનું અને દક્ષિણમા આન્ધ્રોનું જોર હતું અને વિરૂદ્ધ પુરાવો ન હોવાથી ઉજ્જૈન આન્ધ્રોના હાથમા હોવાનો સંભવ લાગે છે પછી ઈ સ પૂર્વે ૭૫ ની આસપાસમા પશ્ચિમમા શકોનું જોર થયુ, શકદ્વીપના આ શકો છેક ઉજ્જૈન સુધી વધ્યા હોવાનો મભવ છે અને એ બનાવનું સ્મરણ ઉપરની કાલકાચાર્યની જૈન કથામા જળવાઇ રહ્યું લાગે છે (કાલકાચાર્ય કથાનક ૪ સ દશમા અગીઆરમા શતકની રચના હશે સમગ્ર કથા માટે જુઓ પ્રસ્થાન પુ ૧૩ અં ૫) અવગત કથા સાચી છે કે ખોટી છે એ ચોક્કસ કહી શકાય એવુ નથી પણ એ સમયની જે ઐતિહાસિક પરિસ્થિતિ બીજા ઐતિહાસિક સાધનોથી આપણે જાણીએ છીએ તે એ કથાથી વિરૂદ્ધ નથી જૈનોને ઉજ્જૈનના રાજાએ કનડયા હોય અને તેઓએ આ પરદેશીઓની મદદ માગી હોય એ મભવિત છે

ક્રૂર ગર્દભિલ્લ અને તેનો શકોને મારનાર પરોપકારી પુત્ર વિક્રમાદિત્ય બેય ઐતિહાસિક પુરૂષો હોય, ગર્દભિલ્લોના વશનો પુરાણોમા ઉલ્લેખ મળે છે (જુઓ ભાગવત ૧૨–૧–૨૭, વિ પુ અ ૪ અ ૨૪ શ્લો ૧૪) અને કેટલાક વિક્રમાદિત્યને ઉજ્જૈનનો કહે છે (દા ત નવસાહસાક ચરિત, પ્ર ચિં. વગેરે) તો કેટલાક પ્રતિષ્ઠાનનો કહે છે તેનો ખુલાસો આ રાજાઓનો આન્ધ્રો માથે સંબધ માનવાથી થઇ શકે છે ગર્દભિલ્લો કદાચ આન્ધ્રોની શાખા હોય, આન્ધ્રો અને શકો વચ્ચેનું યુદ્ધ આ કાળથી શરૂ થયુ હશે અને ઈ સ બીજા શતકમા જ્યારે ઉત્કીર્ણ લેખો મળે છે ત્યારે એ સ્પષ્ટ દેખાય છે

ઇ. સ. પૂર્વે પ્હેલા શતકમાં શકોને પોતાના દેશમાંથી નસાડનાર શકારિ વિક્રમાદિત્ય ઉજ્જૈનમાં થઇ ગયા હોવાનો સંભવ છે છતાં શકોનો છેલ્લો વિનાશક તો વિક્રમાદિત્ય બિરૂદધારી (ઇ. સ. ૩૮૦ થી ૪૧૪) ચંદ્રગુપ્ત બીજો જ છે. (કેમ્બ્રીજ હીસ્ટરી Vol. I. p. 531 to 533).

ઉપર આપેલા પ્રો. રેપ્સનના મતથી આગળ વધીને શ્રી. કાશીપ્રસાદ જયસ્વાલ ગૌતમીપુત્ર શાતકર્ણિને જ વિક્રમ સંવત્‌ના મૂળરૂપ શકારિ વિક્રમાદિત્ય કહે છે; અલબત્ત વિક્રમ સંવત્‌ તેણે પોતે નહોતો ચલાવ્યો પણ માળવાના લોકોએ. આ ગૌતમી પુત્ર શાતકર્ણિએ જે શકરાજાને હરાવ્યો અને અવન્તીમાંથી કાઢયો તે શક નહાપાન. આ અનુમાન માટે એમણે જૈન શ્રુત પરંપરાનો—ખાસ કરીને "શાલવાહને નરવાનની રાજધાનીને વારંવાર હુમલા કરીને લીધી" એ અર્થની આવશ્યક સૂત્રની ટીકામાં ઉતારેલી એક ગાથાનો તથા તે ઉપરની કથાનો આધાર લીધો છે.

એજ લેખક કહે છે કે માળવાના સીક્કાઓ જોતાં ઇ. સ. પૂર્વેના પ્હેલા શતકમાં માલવોનાગણે કોઇ વિજયના સ્મરણમાં સીક્કાઓ પાડયા છે (**मालवगणस्यजय**). હવે આ વિજય તે શકો ઉપર મેળવેલો વિજય હોવો જોઇએ અને માળવાના લોકોએ જ એ વિજયના સ્મરણમાં માલવ સંવત્‌ ચાલુ કર્યો હશે. માળવાના લોકોએ ગૌતમી પુત્ર શાતકર્ણી ને શકો ઉપરની ચડાઇમાં મદદ કરી હોય એ પણ સભવ છે.

વિક્રમાદિત્યની રાજધાની પૈઠણમાં હોવાની શ્રુતપરપરાનો પણ ઉપરના અનુમાન સાથે મેળ બેસે છે. આ સમગ્ર વિષયની સવિસ્તર ચર્ચા માટે The Journal of the B. & O. Research Society ના ૧૯૩૦ ના Vol. XVI. part 3 & 4 માં શ્રી. કા. જયસ્વાલનો Problems of Saka-Satavahana History નામનો લેખ જુઓ. પણ આ ગૌતમીપુત્રને વિક્રમાદિત્યનું બિરૂદ મળ્યું નથી. આ બિરૂદ મેળવનાર તો ઇ. સ. ચોથા શતકમાં શકોનો નાશ કરનાર ચંદ્રગુપ્ત બીજો જ; એ દાનવીર પણ હતો જ. પાછળથી દંતકથામાં આન્ધ્ર રાજા ગૌતમીપુત્ર અને ગુપ્ત રાજા ચંદ્રગુપ્ત બેય શક જેતાઓની એકતા થઈ ગઈ હોવાનો સંભવ માનવાથી ઘણો ખુલાસો થઇ શકે છે; પણ જયસ્વાલનો મત ઐતિહાસિક મુશ્કેલીઓ વગરનો છે એવું નથી.

સિદ્ધસેન દિવાકર અને વિક્રમાદિત્ય

જૈન શ્રુતપરંપરા પ્રમાણે વિક્રમાદિત્યના ગુરૂ તરીકે શ્રીસિદ્ધસેન દિવાકર પ્રસિદ્ધ છે. પ્રબંધચિંતામણિકારે એ સંબંધ સ્પષ્ટ કહ્યો છે. બીજા ગ્રંથોમાં

એ સમબંધને લગતી અનેક કથાઓ આપેલી છે વળી તીર્થકલ્પ, પ્રભાવક ચરિત વગેરે ગ્રન્થોમા સિદ્ધસેનનું ચરિત્ર પણ લમાણુથી આપ્યું છે પ્ર ચિં ની એક પ્રતમા પણ કેટલુક વિરોપ છે (જુઓ મૂળ પૃ ૬ ટિ ૧)૪૨ પણ બધી કથાઓનો ટુકો સાર એટનો જ છે કે સિદ્ધસેન વૃદ્ધવાદીના શિષ્ય હતા, પણ એમણે જૈનસિદ્ધાન્તોને સસ્કૃત ભાપામા ગુથવાની ઇચ્છા કરી એ મોટુ પાપ થયુ અને તેના પ્રાયશ્ચિત્ત તરીકે બાર વર્ષ સુધી તપ સહિત તીર્થયાત્રા તથા જૈનધર્મની પ્રભાવના કરવાનું સ્વીકાર્યું સિદ્ધસેન બાર વર્ષ યાત્રામા ગાળી પછી માળવે ગયા અને ત્યા તેણે વિક્રમરાજાને ઉપદેશ આપી જૈનધર્મનો અગીકાર કરાવ્યો સિદ્ધસેને મહાકાળના મદિરમા શિવને નમસ્કાર ન કર્યા અને રાજાના આગ્રહથી નમસ્કાર કરતા શિવલિંગ ફાટયુ વગેરે કથા તો બ્રાહ્મણ ધર્મ કરતા જૈનધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે ચના-વેલ ચમત્કાર કયા છે પણ આ સિદ્ધસેનસૂરિ સમર્થ વિદ્વાન્ હતા એ નિ સશય, એમણે પ્રાકૃતમા સન્મતિતર્ક જેવો અપૂર્વ મહાગ્રંથ રચ્યો છે અને સસ્કૃતમા દ્વાત્રિંશિકાઓ (બત્રીશીઓ) રચી છે

આ સિદ્ધસેનસૂરિનો સમય એમના ગ્રથો ઉપરથી ચોક્કસ નક્કી થઇ શકતો નથી અને વિક્રમના સબધ ઉપરથી નક્કી કરવામા વિક્રમ સ ની ઉપર જોયેલી મુશ્કેલી નડે છે

૨. શાલિવાહન પ્રબંધ.

૧૩ હવે દાનમા તથા વિદ્વત્તામા શ્રી શાલિવાહનની કથા જેમ સાંભળી છે તેમ ઉતારી છે, તેના પૂર્વજન્મની કથા આ પ્રમાણે છે શ્રી પ્રતિષ્ઠાન નગરમા સાતવાહન રાજા ગજ સ્વારી કરવા જતા હતા, ત્યા શહેરની બાજુમા

---

૪૨ સિદ્ધસેન વૃદ્ધવાદીના શિષ્ય કેવી રીતે થયા એ સબધી ઉપર કહેલ પ્ર ચિં ની એક પ્રતમા તથા પ્રભાવક ચરિતમા આપેલ કથા જરા જોવા જેવી છે વૃદ્ધવાદીએ શ્રીઋપભદેવની સ્તુતિઓ સભળને કુલ આવ્યા આ જોઇને સિદ્ધસેન તેની સાથે વાદ કરવા તેની પછવાડે ગયા અને વાદ કરવા માટે આગ્રહ કર્યો વૃદ્ધ વાદીએ શહેરમા જઇને વાદ કરવાનું કહ્યું પણ સિદ્ધસેને કહ્યુ " અહીં જ વાદ કરીએ અને આ ગોવાળો સભ્ય થશે " વૃદ્ધવાદીએ હા પાડી, પછી સિદ્ધસેને સસ્કૃતમા પોતાનો સિદ્ધાત કહ્યો પણ તેમા ગોવાળીઆ શું સમજે ? પછી વૃદ્ધવાદીએ એક જ પ્રાકૃત ગાથા કરી કે " કોઇને મારવુ નહિ, કાઇ ચોરવુ નહિ, પરસ્ત્રીગમન કરવુ નહિ અને થોડામા થોડુ જે બને તે દાન કરવુ એમ ધર્મમાર્ગે ચાલ્યા જવુ " આ સાભળી ગોવાળીઆઓએ વૃદ્ધવાદી જીત્યા એમ કહ્યુ

વહેતી નદીમાંથી તરંગો દ્વારા પાણીમાંથી કાંઠે આવી પડેલા એક માછલાંને હસતું જોયું, એટલે પ્રકૃતિનો વિકાર થાય એ અરાળ ચિહ્ન છે એમ જાણીને, બીકથી મુંઝાઈને, બધા ડાહ્યા માણસોને પોતાની (માછલું હસ્યું એ શું ?) એ શંકા પૂછવા માંડી; તેમાં જ્ઞાનસાગર નામના એક જૈન મુનિને પૂછ્યું. પોતાના વિશેષજ્ઞાનના બળથી તેણે તેનો પૂર્વ જન્મ જાણીને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો કે " તમે પૂર્વજન્મમાં આજ શહેરમાં લાકડાનો ભારો વેચી નિર્વાહ કરતા રહેતા હતા, અને તમને કાંઇ પ્રજા નહોતી, ત્યારે જમવાટાણે તમે આજ નદીને કાંઠે પથરા ઉપર બેસી સાથવો પાણીમાં પલાળી હમેશાં ખાતા. એક દિવસ કોઇ જૈનમુનિ એક માસનો ઉપવાસ કરી પાસેથી જતા હતા ત્યારે તમે તેને બોલાવી પારણું કરવા તે સાથવાનો પિંડો આપી દીધો. તે પાત્રે કરેલા દાનના પ્રભાવથી અત્યારે તમે સાતવાહન રાજા છો. અને તે મુનિ દેવ થયા છે અને તે દેવથી અધિષ્ઠિત આ માછલાંએ તે લાકડાંનો ભારો વેચનાર જીવને–તમને આજ રાજારૂપે જોઇને આનંદથી હાસ્ય કર્યું છે. આ કથા નીચેના શ્લોકમાં સંગ્રહાઇ છેઃ—

(૧૯) માછલાનું મોઢું હસ્યું એ જોઇને ભયભીત સાતવાહન રાજાને ઋષિએ કહ્યું કે " તમે પહેલાં પૂર્વજન્મમાં આ નદીમાં મુનિને સાથવાથી પારણું કરાવ્યું હતું, તે તમને દૈવથી (આ સ્થિતિમાં) જોઇને માછલું હસ્યું."૪૩

આ શ્રી સાતવાહને જાતિસ્મરણથી પૂર્વજન્મના વૃત્તાન્તને સાક્ષાત્ જોઇને ત્યારથી દાનધર્મમાં તથા મહાકવીઓનો તેમજ વિદ્વાનોનો સંગ્રહ કરવામાં પરાયણ રહેવા માંડયું. તેણે ચાર ક્રોડ સુવર્ણ આપીને ચાર ગાથાઓ ખરીદી અને શાલિવાહન નામથી સંગ્રહેલી ગાથાઓના કોશનું મોટું શાસ્ત્ર રચાવ્યું. આ રીતે અનેક યશસ્વી કાર્યોના ભંડાર જેવા શ્રી સાતવાહન રાજાએ લાંબા વખત સુધી રાજ્ય કર્યું. ઉપર કહેલી ચાર ગાથાઓ બહુશ્રુત માણસો પાસેથી જાણી લેવી.૪૪

---

૪૩ આ માછલાંવાળી કથા થોડા ફેરફાર સાથે પ્રબન્ધકોશમાં મળે છે.

૪૪ એક હસ્તપ્રતમાં તથા છાપેલી પ્રતમાં " આ ચાર ગાથાઓ નીચે પ્રમાણે છે. " એમ કહી દશ ગાથાઓ આપેલી છે જુઓ મૂળ પૃ. ૧૭ ટિ. ૪. પણ આ ગાથાઓને કથા ભાગ સાથે કશો સંબંધ નથી, અને ચાર કહીને દશ આપી છે એ ઉઘાડો અંતર્વિરોધ જોતાં, હાંશીઆમાં કોઇએ ગમે તે ગાથાઓ લખી દીધી હશે તે અંદર આવી ગઇ હોવાનો સંભવ છે. આ દશમાંની કોઈ ગાથાકોશની વેબરની આવૃત્તિમાં નથી મળતી એમ ટોનીએ નોંધ્યું છે.

પરિશિષ્ટ ક

માળવાના ગન્ધ મુજના સમયમા એટલે વિક્રમના અગીઆરમા શતકમા વિક્રમાદિત્ય પેઠે સાતવાહન કે શાલિવાહનની જૂના વખતના પરાક્રમી રાજા તરીકે પ્રખ્યાતિ હતી (જુઓ પરિશિષ્ટ ફ મા ઉતારેલો નવસાહસાકચરિતનો શ્લોક) સાતવાહન કે શાલિવાહન રાજાની કથા કથાસરિત્સાગરમા પણ મળે છે (જુઓ તરગ છઠ્ઠો) જેમા સાતવાહનને પ્રતિષ્ઠાનનો રાજા કહ્યો છે અને મૂલકથાના કવિ ગુણાઢય અને સાતવાહનના પ્રસગથી જ કથાસરિત્સાગરનો આરભ થાય છે પણ કથાસરિત્સાગરમા નાગાર્જુન અને શાલિવાહનનો સબધ કહ્યો નથી, જ્યારે આ જૈનશ્રુતપરપરા પ્રમાણેની શાલિવાહનની કથામા નાગાર્જુનનો સબધ આવે છે (જુઓ આજ ગ્રન્થનો પ્રકાશ પાચમો)

અહીં પ્રબંધમા સાતવાહનની જે ટુકી કથા આપી છે તે ખાસ જૈનશ્રુત પરપરાની કથા છે, આ કથાના વિસ્તાર માટે તથા શાલિવાહનના જન્મની કથા માટે પ્રભાવક ચરિતમા પાદલિપ્ત પ્રબધ તથા તીર્થકલ્પ જુઓ તીર્થકલ્પ પ્રમાણે સાતવાહનનો જન્મ એક વિધવા બ્રાહ્મણી અને નાગરાજના સબધથી થયો હતો કથાસરિત્સાગરમા ગુણાઢયનો જન્મ આ પ્રમાણે થયાનું કહેલુ છે

ઐતિહાસિક વિચારણા માટે ઉપયોગી હોય એવુ કાઇ પ્રબંધની કથામા તો મળતું નથી, પણ તીર્થકલ્પ વગેરેમા આપેલી કથામા આ સાતવાહન વિક્રમાદિત્યના સમકાલિન હતા, તેણે વિક્રમાદિત્યને હરાવેલા અને છેવટ તાપીની ઉત્તરમા વિક્રમાદિત્યનું રાજ્ય અને દક્ષિણમા સાતવાહનનું એ પ્રમાણે હકીકત વગેરે વાત છે દક્ષિણમા ઈ સ પૂર્વે ૭૦૦ થી લગભગ સાડાચારસો વર્ષ સુધી આન્ધ્ર વશનું રાજ્ય હતું અને એ વશના રાજાઓ સાતવાહન કહેવાતા એટલે વિક્રમ સવતના આરંભ વખતે દક્ષિણમા સાત વાહનનું રાજ્ય હતું જ અને કોઇ વખત માળવા પણ આ આન્ધ્ર વંશના તાબામા ગયું હતું એટલી ઐતિહાસિક હકીકતનું સ્મરણ ઉપલી દતકથામા લાગે છે પણ સાતવાહન મળથી આ દતકથા શ્રી જયસ્વાલના તર્કની વિરુદ્ધ જાય છે વાયુ, મત્સ્ય, વિષ્ણુ (અશ ૪ અ ૨૪) વગેરે પુરાણોમા આન્ધ્ર વશની વંશાવળી મળે છે, આ વશાવળીઓ તથા એ વશના તેમજ બીજા ઉત્કીર્ણ લેખો ઉપરથી ઉકેલેલા આન્ધ્ર વશના ઇતિહાસ માટે જુઓ વીન્સેન્ટસ્મીથની The Early History of India તથા પરિશિષ્ટ

વીણતી હતી ત્યાં જૈનાચાર્ય શીલગુણસૂરિ પ્રસંગોપાત્ત આવી ચડયા. અને તેમણે બપોરે પણ ઝાડની છાયા ખસી નહિ એ જોઇને, ઝોળીમાં રહેલા બાળકના પુણ્યનો એ પ્રભાવ છે એમ વિચાર કરીને, આ બાળક જૈનધર્મનો પ્રભાવક થશે એમ આશાથી તે બાળકની મા માટે આજીવિકાનો બંદોબસ્ત કરીને તેની પાસેથી તે બાળકને માગી લીધો. અને (પોતાની એક શિષ્યા) વીરમતીને ઉછેરવા આપ્યો. આ રીતે ઉછરતા એ બાળકને ગુરૂએ પંવનરાજ નામ આપ્યું. અને આઠ વર્ષનો થયો ત્યારે તેને દેવની પૂજાનાં સાધનોનો નાશ કરનાર ઉંદરોથી તે સાધનોની રક્ષા કરવાનું કામ સોંપ્યું. પણ વનરાજ તો ઢેફાં મારી ઉંદરોનો નાશ કરવા લાગ્યો, એટલે ગુરૂએ તેમ કરવાની ના પાડી. પણ વનરાજે કહ્યું કે એ (ઉંદરો)ને ચોથા (દંડરૂપ) ઉપાયથી જ વશ રાખી શકાય એમ છે. પછી તેના જાતક (જન્મ કુંડલી) માં રાજયોગ છે એમ વિચારીને તથા એ મોટો રાજા થશે એવો નિર્ણય કરીને તેને પાછો તેની માતાને સોંપી દીધો. અને માની સાથે ભીલોના કોઇ ગામમાં (पल्लीभूमौ) રહીને ચોરના (ખરી રીતે ધાડપાડુના) ધંધાથી રહેતા પોતાના મામા સાથે બધે ધાડો[૫૧] પાડવા લાગ્યો.

---

૫૦ મેરૂ તુંગે ઉપર વનરાજ પંચાસરના ચાવડાવંશનો હતો એટલું જ કહ્યું છે, તેની માતાનું પણ નામ નથી આપ્યું. પણ રત્નમાળામા કૃષ્ણાજીએ વનરાજના પિતા પંચાસરના રાજા જયશિખરી વિષે લાખી કથા આપી છે. કાન્યકુબ્જ દેશના કલ્યાણ કટકના રાજા ભુવડે વીર જયશિખરીને કેવી રીતે હરાવ્યો અને તેની સગર્ભા રાણી રૂપસુંદરીને રાજાએ પોતાના સાળા સુરપાળ સાથે કેવી રીતે જંગલમાં મોકલી દીધી, અને ત્યા કોઇ ભીલડી સાથે રહેતા તેને પુત્ર ઉત્પન્ન થયો ત્યારે એ કેવું કષ્ટ વેઠતી વગેરે વર્ણન રત્નમાળામાંથી રાસમાળામાં પણ ઉતાર્યું છે. (જુઓ રાસમાળા ગુજરાતી ભાષાંતર ત્રીજી આવૃત્તિ પૃ. ૨૩ થી ૩૩). જિનમંડનગણિ કુમારપાલ પ્રબંધમાં મેરૂતુંગને અનુસરે છે. પણ ધર્મારણ્યમાં જુદી રીતે વૃત્તાંત છે – તેમાં જયશિખરીની રાણીનું નામ અક્ષતા આપ્યું છે. આ રાણીને ધર્મારણ્યક્ષેત્રમાં પીલુડીના વનમા મોઢ બ્રાહ્મણો તપ કરતા હતા ત્યાં, તેઓના આશ્રયમાં મુકી આવવાનું જયશિખરીએ સુરપાળને કહ્યું અને ત્યાં જન્મેલા વનરાજને મોઢ બ્રાહ્મણોએ મોટો કર્યો. અને જંગલમાં સુતેલા વનરાજના મોઢા ઉપર આવતા તડકાથી તેનું રક્ષણ કરવા નાગે પોતાની ફેણનુ છત્ર કર્યું; એ જોઈને બ્રાહ્મણોએ આ ગુર્જરદેશનો રાજા થશે એમ વિચાર કર્યો. વગેરે કથા છે.

૫૧ મૂળમાં આપેલો घाटीप्रपात શબ્દ ગુજરાતી ધાડ પાડવીનુ સંસ્કૃત કરેલું રૂપ લાગે છે.

૧૬ એક દિવસ કાકર ગામમા કોઇ વેપારીના ઘરમા ખાતર[૫૨] પાડીને ત્યા ધન ચોરવા જતા હતા ત્યા દ્વારના કામમા હાથ પડી ગયો એટલે અહીં તો હું જઈશ, એમ વિચાર કરીને તે બધુ (ચોરેલુ) ત્યાજ મુકીને પાછો વળી ગયો બીજે દિવસે તે વેપારીની બહેન શ્રીદેવીએ રાતે છાનીરીતે મહોદરના હેતથી તેને બોલાવ્યો અને ભોજન તથા કપડા આપીને તેના ઉપર ઉપકાર કર્યો, ત્યારે વનરાજે વચન આપ્યુ કે "મારો રાજ્યાભિષેક થશે ત્યારે તને બહેન ગણીને તારી પાસે તિલક કરાવીશ"[૫૩]

૧૭ વળી એક વખત ચોરનો ધધો કરતા વનરાજના ચોરોએ જગલમાં એક ઠેકાણે જેમ્બ નામના વાણીઆને (તેની પાસેથી ધન લુંટી લેવા) રોકયો પણ તેણે ત્રણ ચોરને જોઇને પોતાની પાસેના પાચ બાણમાથી બે બાણ ભાગી નાખ્યા અને ચોરોએ એમ કરવાનુ કારણ પૂછતા તેણે કહ્યું કે "તમે ત્રણ છો માટે ત્રણથી વધારે બાણ નકામા છે," ત્યારે (તેની પરીક્ષા જોવા) તેઓએ બતાવેલ ફરતી વસ્તુને તેણે બાણથી વીંધી નાખી, આથી તેઓ ખુશી થયા અને તેને પોતાની સાથે લઇ ગયા પછી તેની યુદ્ધ કરવાની કળા જોઇને ચકિત થયેલા શ્રી વનરાજે "મારો રાજ્યાભિષેક થાય ત્યારે તું મહામાત્ય થજજ" એમ વચન આપીને તેને જવા દીધો[૫૪]

૧૮ પછી એક વખત કાન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી શ્રી મહલિકાને[૫૫] પહેરામણી તરીકે કચ્છુક સબધમા ગૂર્જરદેશ આપેલો, તેની (બડણી) ઉતરાવવા કાન્યકુબ્જથી જે 'પચોલી'[૫૬] આવેલો તેણે વન

---

૫૨ મૂળમા આપેલો खात्रपातन શબ્દ પણ ઘાટીપ્રપાત જેવો ગુજરાતી ખાતર પાડવુનો રૂપાતર લાગે છે પણ ખાતર પાડવુ એનો અર્થ ચોરી કરવી એવો થાય છે જ્યારે खात्रपातन શબ્દ ચોરી માટે દીવાલમા બાકોરુ પાડવુ એ અર્થમા મેરૂતુંગે વાપર્યો છે

૫૩ ૧૬ મા પ્રબંધનો શ્રી દેવીવાળો વૃત્તાન્ત જિનમંડનગણિના કુમારપાલ પ્રબંધમા પણ છે આખી વાત બ્હારવટીઆઓની ચાલતી વાતોને મળતી છે. ટાનીએ મધ્યકાળના કોઈ બ્હારવટીઆએ ઘરધણીના ઘરનુ મીઠુ ખુલ્લુ ઠોઠે અડાડ્યુ માટે તે ઘરમાથી કાઈ ન લીધું એ મતલબની વીલાયતની દંતકથાનો સાર ૪-૨-૧૮૯૯ના 'ગ્રોબ' નામના વર્તમાન પત્રમાંથી ટિપ્પણીમા ઉતાર્યો છે (પૃ ૧૭)

૫૪ જગ્ગનો ૧૭ મો પ્રબંધ જિનમંડનના કુમારપાળ પ્રબંધમા લગભગ એવા પ્રમાણે મળે છે

૫૫ જિનમંડનગણિએ મહલિકાને બદલે મહણલદેવી નામ આપ્યું છે

૫૬ મૂળમા પચકુલ શબ્દ છે, એ શબ્દ આ પુસ્તકમા અનેક સ્થળે મળે છે, એનો અર્થ કવચિત્ વસુલાતી નોકર જેવો તો કવચિત્ સામાન્ય નોકર જેવો જણાય છે

રાજ નામના માણસને સેલ્લભૃત્ (ઉઘરાણી કરનારાં માણસો સાથે રક્ષક તરીકે ભાલું લઈને ફરનાર) નીમ્યો. છ મહિના સુધી દેશમાંથી વસુલ ઉઘરાવીને ૨૪ લાખ[૫૭] રૂપાના દ્રમ્મ અને ચાર હજાર તેન્નેજાતિના ઘોડા એટલું લઈને સ્વદેશ તરફ પાછા ફરતા પંચકુલને સૌરાષ્ટ્ર નામના ઘાટમાં વનરાજે હણી નાખ્યો અને તેના રાજાની બીકથી કયાંક જંગલમાં એક વર્ષ સુધી પોતે છુપાઇ રહ્યો.[૫૮]

૧૯ પછી વનરાજ પોતાના રાજ્યાભિષેક માટે શહેર સ્થાપવાની ઇચ્છાથી શૂર ભૂમિની તપાસ કરતા હતા, ત્યાં પીપલુલા તળાવની પાળ ઉપર નીરાંતે બેઠેલા ભરવાડ સાખડના પુત્ર અણહિલે પૂછ્યું કે 'શું જુઓ છો?' ત્યારે તેના (વનરાજના) પ્રધાનોએ કહ્યું કે "શહેર વસાવવા યોગ્ય શૂરભૂમિ[૫૯]

પંચકુલ શબ્દ હર્ષચરિતમાં તથા ઉત્કીર્ણ લેખોમા પણ મળે છે. ગૌ. હી. ઓઝા હાલમાં વપરાતો પંચોલી શબ્દ આ પંચકુલમાથી નીકળ્યો છે એમ કહે છે. Contributions to the History of the Hindu Revenue Systemમા ઘોસલે પંચકુલ એટલે કસ્ટમ અધિકારી એમ અર્થ કર્યો છે. રા. દી. શાસ્ત્રીએ તો તેમાં પાચ મોટા અધિકારીઓ રહેલા તે એવો અર્થ અટકળે કર્યો છે.

કનોજ (મહોદય)નો રાજા દીકરી માટે ગુર્જરદેશમાં (કર) ઘુઘરાવતો એમ તો સુકૃતકીર્તિકલ્લોલિનીમા પણ કહ્યું છે (જુઓ શ્લોક ૧૦)

૫૭ ૫. ભગવાનલાલ ઇન્દ્રજી તો ક્ષત્રપ સીક્કાઓને 'દ્રમ્મ' કહેતા એમ કહે છે (જુઓ જોર્ગ્રેફીટીઅર Vol. I part I p. 151). ૫. ગૌ. હી. ઓઝાએ ૪ થી ૬ આનાની કીંમતના રૂપ્પાના સીક્કાને દ્રમ્મ કહેતા એમ રાજપૂતાનેકા ઈતિહાસ (પૃ. ૪૨૬ ટિ. ૪)મા લખ્યું છે.

૫૮ આ અઢારમો પ્રબંધ જિનમંડનગણિએ લગભગ આજ પ્રમાણે આપ્યો છે. પણ ૨૪ લાખ રૂપ્પક દ્રમ્મને બદલે ચોવીશ લાખ સોનાં નાણું અને ચારસો ઘોડા એમ લખ્યું છે. ઉપર તેન્ને જાતિના ઘોડા એમ લખ્યુ છે તેનો અર્થ હાલમાં કાઠીઆવાડમા તેજણ ઘોડી કહે છે તે હશે?

૫૯ જે ઠેકાણે સસલું કુતરાની સામું થાય તે શહેર વસાવવા યોગ્ય ભૂમિ અને એવી જમીન ઉપર આ શહેર વસાવેલું એવી દંતકથા ઘણાં શહેરો માટે દક્ષિણમા પણ ચાલે છે. દા. ત. વિજયનગરની સ્થાપનાની કથા. (જુઓ સેવેલનું Forgotten Empire p. 299–300 તથા પ્રો હેરાસનું Beginings of Vijayanagar History p. 149) તેમજ અમદાવાદ માટે 'જ્યા કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહેર બસાયા' વગેરે પ્રસિદ્ધ દંતકથા છે. એ દંતકથા અર્થ વગરની છે તથા કેટલાક મોટા શહેરો માટે ચાલે છે એમ શ્રી રત્નમણિરાવ ભીમરાવે પણ નોંધ્યું છે. (જુઓ ગુજરાતનું પાટનગર અમદાવાદ પૃ. ૩૦)

રોપીએ છીએ" "જો તે રહેવાને મારૂ નામ આપો તો એવી જમીન બનાવું" એમ કહીને જાળ (પીપળી ?)ના ઝાડ પાસે જઈને જેટલી જમીનમા મમનાએ દુનગને બ્હીવગન્યો હતો તેટલી જમીન બતાવી અને ત્યા અણહિલ્લપુર નામથી વિક્રમ સ ૮૦૨ વર્ષમા વૈશાખ સુદિ બીજને સોમે[૬૦] નગેર વસાવીને તે જળાના ઝાડના મૂળ આગળ ધવલગૃહ કરાવીને, રાજ્યાભિષેકના મુહૂર્ત વખતે કાકરગામમા રહેતી તે માનેતી બેન મોદેવીને તેડાવીને તેની પાસે તિલક કરાવીને પચાસ વર્ષના વનરાજે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો અને તે જાંબ નામના વાણીઆને મહામાત્ય બનાવ્યો પછી પચાસર ગામથી શ્રીશીલગુણ સૂરિને ભક્તિપૂર્વક બોલાવી ધવલગૃહ (રાજમહેલ)મા પોતાના સિંહાસન ઉપર બેસારી માતે[૬૧] આગ વાળું રાજ્ય તેમને અર્પણ કરીને કૃતજ્ઞોમા શિરોમણિપણુ બતાવ્યુ પણ નિસ્પૃહ હોવાથી તેઓએ (રાજ્ય લેવાની) ના પાડી પણ વનરાજે પ્રત્યુપકાર બુદ્ધિથી એમની આજ્ઞા પ્રમાણે શ્રી પાર્શ્વનાથની પ્રતિમાવાળુ[૬૨] પચાસર નામનું જૈન મદિર કરાવ્યુ અને તેમા પોતાની પૂજાક તરીકેની

૬૦ અણહિલ્લપુર નામ અણહિલ્લ ભરવાડે બતાવેલી જમીન ઉપરથી પડયુ એ તો અણહિલ્લપુર નામ ઉપરથી પાછળથી ઉપજેલી દંતકથા લાગે છે પણ અણહિલ્લપુર પાટણની સ્થાપનાની તિથિ એ મોટી ઐતિહાસિક ચર્ચાનો વિષય છે. ઉપર મેરૂતુંગે સવત ૮૦૨ વૈશાખ સુદિ બીજ એ રીતે પાટણની સ્થાપનાની તિથિ આપી છે, પણ તેણે જ વિચારશ્રેણીમા સવત ૮૨૧ વૈશાખ સુદિ બીજને સોમ (तदनु खवत् ८०१ वर्ष वैशाख शुदि २ सोमे चाउडावंशोत्पन्न वनराज श्रीअणहिल्लपुरनस्थापयत्) એ રીતે તિથિ આપી છે પ્રભાવકચરિતમા સવત ૮૦૨ અષાઢ સુદ ત્રીજને શનિવાર આપેલ છે (પ્ર ૬૬ શ્લો ૮૪) પાટણના અણપતિ મદિરની મૂર્તિ નીચેના લેખમા સ ૮૦૨ ચૈત્રસુદિ બીજને શુક્રવાર લખેલ છે રાસમાળાએ ઉતારેલ એક કવિતના સારમા સ ૮૦૨ મહાવદિ ૭ ને શનિવાર લખેલ છે (જુઓ રાસમાળા પૃ ૪૧) અને પાટણની રાજવંશાવલિમા સ ૮૦૨ શ્રાવણ સુદિ બીજ ને સોમ આપેલ છે (એજન પૃ ૪૨) આ જુદી જુદી તિથિઓમાથી પ્ર ચિ મા તથા પ્રભાવકચરિતમા આપેલીના તિથિવાર ગણિત કરતા મળી રહે છે બાકીના નથી મળતા (જુઓ કાન્તમાળા શ્રી રામભદ્ર ચુનીલાલ મોદીનો લેખ પૃ ૧૫૭)

૬૧ રાજ્યના સાત અંગો તરીકે સ્વામી (રાજા) અમાત્ય, સુહૃત્ (મિત્રરાજા) કોશ, રાષ્ટ્ર, દુર્ગ, અને સેના એ પ્રમાણે ગણાય છે

૬૨ પચાસર પાર્શ્વનાથ નામનુ જૈન મદિર અત્યારે પાટણમા છે અને તેમા વનરાજની રાજ્યવારી બારાવંક મૂર્તિ પણ છે પણ તેમાથી એમ વનરાજના સમયના નથી.

મૂર્તિ બેસારી તેમજ પોતાના રાજમહેલ પાસે કંઠેશ્વરીનું મંદિર કરાવ્યું.[૬૩]

(૨૦) વનરાજથી આરભાયલું ગૂર્જરોનું આ રાજ્ય જૈનોએ મંત્રોથી સ્થાપ્યું છે, પણ જૈનદ્વેષીઓ એ વાતથી રાચતા નથી.[૬૪]

૨૦ શ્રી વનરાજે ૫૬ વર્ષ, બે માસ અને એકવીશ દિવસ રાજ્ય કર્યું, તેનું આખું આયુષ્ય ૧૦૯ વર્ષ, બે માસ અને એકવીસ દિવસનું હતું.[૬૫]

સં. ૮૬૨ વર્ષે આષાઢ સુદિ ત્રીજને ગુરૂવારે અશ્વિની નક્ષત્રમાં સિંહ લગ્નમાં વનરાજના પુત્ર શ્રી યોગરાજનો રાજ્યાભિષેક થયો.[૬૬] તેને ત્રણ કુંવર હતા.

૨૧ એક વખત ક્ષેમરાજ નામના કુંવરે રાજાને વિજ્ઞપ્તિ કરી કે "બીજા દેશના રાજાનાં વહાણો પવનના તોફાનથી વીખરાઇ ગયાં છે અને બીજે કોઇ કાંઠેથી શ્રી સોમેશ્વર પાટણમાં આવી ચડયાં છે. હવે, આ વહાણોમાં એક હજાર તેજસ્વી ઘોડાઓ, એકસો પચાસ હાથી અને બીજી વસ્તુઓ કરોડોની સંખ્યામાં છે. એ બધું આપણા દેશમાં થઇને પોતાના મુલકમાં જશે. જો મહારાજા હુકમ કરે તો એ બધું લુંટી લઇએ." ત્યારે રાજાએ ના પાડી. એ પછી તે ત્રણે કુંવરોએ "રાજા ઘરડા થવાથી

---

૬૩ ૧૯ મો પ્રબંધ જિનમંડન ગણિના કુમારપાલ પ્રબંધમાં પણ આ પ્રમાણેજ છે.

૬૪ આ શ્લોક કુમારપાલ પ્રબંધમા પણ મળે છે. પણ જૈનોનો ગુર્જરોનું રાજ્ય પોતે સ્થાપ્યાનો આ દાવો તેના દ્વેષીઓ એટલે બ્રાહ્મણો કબુલ રાખતા નથી એ વાતને ધર્મારણ્યની મોઢોએ વનરાજને ઉછેર્યાની જુદી જાતની દંતકથાથી ટેકો મળે છે.

૬૫ સંવત્ ૮૦૨ થી ૬૦ વર્ષ વનરાજે રાજ્ય કર્યું, એમ પ્ર. ચિં.ની બે પ્રતોમા પાઠ મળે છે. (જુઓ મૂળ પૃ. ૨૧ ટિ. ૨) અને જિનમંડન ગણિએ પણ વનરાજે સાઠ વર્ષ રાજ્ય કર્યું એમ લખ્યું છે. રાજાવલી કોષ્ટકમાં પણ એમ છે. સુકૃત સંકીર્તન અને સુકૃતકીર્તિકલ્લોલિનીમા વનરાજને ચાપોત્કટ વંશનો સિંહ કે વનમાંથી ઉઠેલો વીર કહેલ છે, એ બાળક હતો ત્યારે એના ઉપરથી છાયા ન ખસવાની વાત સુકૃત કીર્તિકલ્લોલિનીમાં નોધાયેલ છે. (શ્લો. ૯).

વનરાજે અણહિલપુર પાટણ સ્થાપ્યું અને પંચાસરનું મંદિર બંધાવ્યુ એટલું આ બેય ગ્રંથોમા મળે છે.

૬૬ એક પ્રતમાં સ. ૮૬૨ વર્ષે એટલોજ પાઠ છે મહિનો, તિથિવાર વગેરે નથી. અને અમુક પ્રતમા આષાઢ શુદિ ૧૩ લખી છે. (જુઓ મૂળ પૃ. ૨૧ ટિ. ૨, ૩).

ઘેલા થઇ ગયા છે" એમ ગણીને પોતાના મુલકના સીમાડા ઉપર લશ્કરને તૈયાર રાખીને છુપાયેલા ચોરોની રીતે એ બધુ પડાવી લઇ પોતાના બાપ પાસે હાજર કર્યું અદરથી કોપેલા પણ મુગા રહેલા રાજાએ તેઓને કાંઇ આવકાર ન આપ્યો એ બધુ રાજાને સોપી દઇને ક્ષેમરાજ કુવરે "આ મારૂ કામ કર્યું કે નહારૂ ?" એમ પૂછ્યુ ત્યારે રાજાએ જવાબ આપ્યો કે "જો સારૂ કામ કર્યું એમ કહુ તો બીજાની વસ્તુઓ લુંટવાનુ પાપ લાગે, જો નઠારૂ કર્યું એમ કહું તો તમારા મનમા ખેદ થાય માટે મૌનમાજ શ્રેય છે, એમ સિદ્ધ થયુ હવે તમે પ્હેલાજ પૂછ્યુ ત્યારે બીજાનું ધન લુંટવાની ના પાડી તેનું કારણ સાભળો જ્યારે બીજા રાજ્યોના રાજાઓ બધા રાજાઓના રાજ્યની પ્રશસા કરે છે ત્યારે ગૂર્જરદેશમા ચોરોનું રાજ્ય છે એમ મસ્કરી કરે છે આપણા એલચી[૬૭] આ વાત પત્રદ્વારા જણાવે છે ત્યારે આપણા પૂર્વજોને વિષે કાંઇક ગ્લાનિ થઇને દુ ખ થાય છે, આ પૂર્વજોનું કલક બધાય લોકોના હૃદયમાથી ભુલાઇ જાય તો બધા રાજાઓની હારમા આપણે પણ રાજા કહેવાઇએ પણ થોડા ધનના લોભથી તમે આ પૂર્વજોનું કલક વિસ્તારીને તાજુ કર્યું છે" પછી રાજાએ આયુધશાળામાથી પોતાનું ધનુષ્ય મગાવીને "તમારામા જે બળવાન્ હોય તે ચડાવે" એમ કહ્યું પણ કોઇથી તે ચડાવી શકાયુ નહિ ત્યારે રાજાએ જમતમા તેની પણછ ચડાવીને કહ્યું —

(૨૧) રાજાઓના હુકમનો ભગ થાય, સેવકોની રોજી બધ થાય, અને સ્ત્રીઓની (પતિથી) જુદી પથારી એ શસ્ત્ર વગરનો વધ કહેવાય છે

"આ પ્રમાણે નીતિશાસ્ત્રનો ઉપદેશ હોવાથી અમારા આ રીતે શસ્ત્ર વગર વધ કરનાર પુત્રોને શી શિક્ષા કરવી યોગ્ય છે ?" આ કારણથી રાજાએ પ્રાયોપવેશન (અન્નજળનો ત્યાગ) કરીને એકસો વીશ વર્ષની ઉમ્મરે ચિતામા પ્રવેશ કર્યો. આ રાજાએ શ્રી ભદ્રારિકાયોગીશ્વરીનું મંદિર બધાવ્યુ હતું

૨૨ આ રાજાએ ૩૫ વર્ષ રાજ્ય કર્યું, પછી મ ૮૯૭ થી ૨૫ વર્ષ શ્રી ક્ષેમરાજે રાજ્ય કર્યું પછી મ ૯૨૨ થી ૨૯ વર્ષ શ્રી ભૂયડે રાજ્ય કર્યું, આણે શ્રી પાટણમા શ્રી ભૂયડેશ્વરનું મંદિર બધાવ્યુ હતું પછી મ. ૯૫૧ થી શ્રી વૈરીસિંહે ૨૫ વર્ષ રાજ્ય કર્યું, પછી મ ૯૭૬ થી ૧૫ વર્ષ

---

૬૭ મૂળમા સ્થાન પુરુષ શબ્દ છે, તેનો અર્થ તે સ્થળે રહેતા માણસો એવો સામાન્ય રીતે થાય આ પુસ્તકમા ક્વચિત્ જાસુસ જેવા અર્થમા પણ આ શબ્દ વપરાયેલો દેખાય છે

શ્રી રત્નાદિત્યે રાજ્ય કર્યું, પછી સં. ૯૯૧ થી ૭ વર્ષ શ્રી. સામંતસિંહે રાજ્ય કર્યું. આ પ્રમાણે ચાપોત્કટ વંશમાં સાત રાજાઓ થયા અને વિ. સં. ના ૯૯૮ વર્ષ સુધી રાજ્ય ચાલ્યું.

પરિશિષ્ટ (ખ)

ચાવડા વંશની વંશાવળી.

પ્રબંધકારોના કહેવા પ્રમાણે ચાવડા વંશના કુલ ૧૯૬ વર્ષના રાજ્ય-કાળમાં કોઇ પણ રાજ્યકર્તાનો ઉત્કીર્ણ લેખ હજી સુધી મળ્યો નથી, એટલે એ વંશ વિષે જે કાંઈ માહીતી મળે છે તે એ વંશના પહેલા રાજા પછી લગભગ ચારસોથી પાંચસો વર્ષે અને છેલ્લા રાજા પછી બસ્સોથી ત્રણસો વર્ષે લખાઇ છે. અને એ વંશાવળી વિષેનાં લખાણોમાં પરસ્પર વિરોધ પણ ઘણો છે. ઉપર પ્ર. ચિ.ની વધારે પ્રતોમાં આપેલી વંશાવળી ઉતારી છે, પણ પીટર્સનવાળી વસંતગઢ હાથપ્રતમાં તથા છાપેલી પ્રતમાં નીચે પ્રમાણે પાઠ છે :–

૧ વનરાજ સં. ૮૦૨ થી ૫૯ વર્ષ, ૨ માસ અને ૨૧ દિવસ સુધી
૨ યોગરાજ સં. ૮૬૨ આષાઢ સુદિ ૩ થી ૮૭૮ શ્રાવણ શુદિ ૪ સુધી ૧૭ વર્ષ ૧ માસ અને ૧ દિવસ
૩ રત્નાદિત્ય સં. ૮૭૮ શ્રાવણ સુદિ ૫ થી સં. ૮૮૧ કાર્તિક સુદિ ૯ સુધી ત્રણ વર્ષ, ૩ માસ
૪ (નામ નથી) સં. ૮૮૧ થી સં. ૯૯૮ જ્યેષ્ઠ સુદિ ૧૩ શનિ સુધી
૫ ક્ષેમરાજ સં. ૯૯૮ થી સં. ૯૨૨ ભાદરવા સુદિ ૧૫ રવિ સુધી વર્ષ ૩૮ માસ ૩ દિ. ૧૦
૬ ચામુંડ સં. ૯૩૫ આશ્વિન સુદિ ૧ સોમથી સ. ૯૩૮ માઘ વદિ ૩ સોમ સુધીમાં ૧૩ વર્ષ ૪ માસ ૧૬ દિન
૭ શ્રી આકદેવ સ. ૯૩૮ થી સ. ૯૬૫ પોષ સુદી ૯ બુધ સુધી વર્ષ ૨૬ માસ ૧ દિ. ૨૦
૮ ભૂયગડ સ. ૯૬૫ થી ૯૯૧ આષાઢ સુદિ ૧૫ સુધી ૨૭ વર્ષ ૬ માસ ૫ દિવસ

આ પ્રમાણે ચાપોત્કટ વંશમાં સાત પુરૂષોએ ૧૯૦ વર્ષ બે માસ અને સાત દિવસ રાજ્ય કર્યું.

(જુઓ મૂળ પૃ. ૨૨ નીઃ ટિપ્પણી) આ પાઠ કેટલો અશુદ્ધ છે તે કહેવાની જરૂર નથી. હસ્તપ્રત મેળવ્યાથી મુશ્કેલી ઘટતી નથી પણ વધે છે કારણ કે એમાં પુરા આંકડાજ નથી આપ્યા. નામ સાત આપ્યાં છે, છતાં આઠ નામ માનો તોજ કાંઇક મેળ ખાય એવું છે અને ક્રમ પણ ઉપરથી જુદો

છે બીજી પ્રતોમા માત્ર વર્ષજ આપ્યા છે ત્યારે આમા મહિનો, તિથિ, વાર અને નક્ષત્ર પણ આપેલ છે, છતા ગણત્રી કરતા બે સિવાય બાકીનો મેળ બેસે છે (જુઓ રામલાલ ચુનીલાલ મોદીનો ચાવડાઓની વંશાવળી નામનો લેખ ભાવનગર સાહિત્ય પરિષદનો રિપોર્ટ ઇતિહાસ વિભાગ પૃ ૪૦)

શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ ગણિતની મદદથી આ વંશાવળીને શુદ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે અને નામ નથી ત્યા વૈગિર્સિહનું નામ મુકયુ છે પ્ર ચિં નીજ આ બે વંશાવળી ઉપરાંત (૧) સુકૃતસકીર્તન, (૨) સુકૃતકીર્તિ કલ્લોલિની (૩) વિચારશ્રેણી (૪) કુમારપાલપ્રબંધ (૫) ધર્મા રણ્ય (૬) રત્નમાળ (૭) મિરાતેઅહમદી (૮) પ્રબંધનપરીક્ષા, (૯) રાજા વલી કોષ્ટક તથા ભાટ ચારણોના ચોપડાઓ વગેરમા આ વંશાવળી મળે છે અને પહેલા બે ગ્રંથો સિવાય બાકીના ગ્રંથોમા રાજ્યકાળના વર્ષો પણ આપ્યા છે વળી પહેલા બે ગ્રંથો પ્ર. ચિં પહેલા લગભગ પોણોસો વર્ષ ઉપર રચાયેલ છે, વિચારશ્રેણી તો મેરૂતુગનોજ લખેલો ગ્રન્થ છે, જેમા માત્ર વંશાવળી છે કુમારપાલ પ્રબંધ પ્ર ચિં પછી સ ૧૪૯૭ મા રચાયેલ છે ધર્મારણ્ય પણ ૫ રમા શતકથી પ્રાચીન નથી રત્નમાળ પણ પ્ર. ચિંથી અર્વાચીન જણાય છે મિરાતે અહમદી (અઢારમા શતકનું મધ્ય)નો તો પ્ર ચિંજ આધાર હશે બાકીના ચોપડા વગેરે પણ પ્ર ચિંથી અર્વાચીન જ છે

હવે વિચારશ્રેણી મેરૂતુંગનો જ લખેલો ગ્રન્થ છે છતા એનો પાઠ પ્ર ચિંના ઉપર આપેલા બેમાંથી એકેય પાઠને પૂરેપૂરો મળતો નથી એ જગા વિચિત્ર સ્થિતિ છે પણ વિચારશ્રેણીમા સાત નદિ પણ આઠ ગાળાઓ ગણ્યા છે અને તેનો અનુક્રમ પણ ઉપર પ્રમાણે છે એટલુ ટિપ્પણીમા આપેલ પાઠ સાથે વિચારશ્રેણીનું મળતાપણું છે પરંતુ વનરાજના રાજ્ય-કાળનો આરંભ સ ૮૨૧ માન્યો છે, અને છેલ્લા રાજાનો રાજ્યકાળ ૧૦૧૯ મા પૂરો થયો માન્યો છે એ મોટો ફેર છે વિચારશ્રેણી સિવાય કોઇ પણ ગ્રંથમા ચાવડાવંશને ૮૨૧ થી ૧૦૧૭ સુધી માન્યો નથી તેમજ ઉપર આપેલા ટિપ્પણીના પાઠ સિવાય બધા ગ્રંથોમા ચાવડાવંશનો કુલ રાજ્ય કાળ ૧૯૬ વર્ષનો માન્યો છે

હવે સુકૃતસંકીર્તન અને સુકૃતકીર્તિકલ્લોલિની નામના મેરૂતુંગથી જૂના જે બેજ ગ્રંથોમા ચાવડાવંશની વંશાવળી મળે છે તે બેયમા રાજ્યકાળના વર્ષો, આદિઅંતના વર્ષો કે કુલ વર્ષો કશુ આપ્યુ નથી માત્ર રાજાઓના

નામો અને કોઈ કોઇ વિષે એકાદ બે પ્રસંગો નોંધેલ છે. આ બે ગ્રંથોમાં અનુક્રમ નીચે પ્રમાણે છે.

(૧) વનરાજ (૨) યોગરાજ (૩) રત્નાદિત્ય (૪) વૈરિસિંહ (૫) ક્ષેમરાજ (૬) ચામુંડ (૭) આહડ (૮) ભૂભટ.

પ્ર. ચિ.ની ટિ.વાળી પ્રતમાં આજ અનુક્રમમાં આજ નામો છે, માત્ર સાતમાનું નામ આહડને બદલે આકડ અને આઠમા ભૂભટનું ભૂયંગડ છે. અને વિચારશ્રેણીમાં અનુક્રમ ઉપર પ્રમાણેજ છે પણ સાતમાનું નામ ધાધડ દેવ છે આઠમાનું નામ કેટલીક પ્રતોમાંથી પડી ગયું છે, પણ વોટસન મ્યુઝીઅમની પ્રતમાં સામંતસિંહ છે. ભૂભટ કે ભૂયગડ એણેજ શ્રી. રા. ચુ. મોદી કહે છે તેમ સામંતસિંહ પદવી ધારણ કરી હશે. ધર્મારણ્યમાં ઉપરનોજ અનુક્રમ છે માત્ર આહડ કે ધાધડને બદલે ઉધડ લખ્યું છે, એટલો ફેર છે.

હવે પ્ર. ચિં. મૂળમાં જે અનુક્રમ આપ્યો છે તેજ કુમારપાલ પ્રબંધ, રત્નમાળ, મિરાતે અહમદી, પ્રબંધન પરીક્ષા, રાજાવલી કોષ્ટક, અને ભાંડારકરના ૧૮૮૩–૮૪ ના રિપોર્ટમાં છપાયેલ છુટી વંશાવળી, આ બધામાં રાજ્યકાળનાં વર્ષ સાથે એક સરખો–નીચે પ્રમાણે છે.

(૧) વનરાજ ૫૯ કે ૬૦ વર્ષ (૨) યોગરાજ ૩૫ (૩) ક્ષેમરાજ ૨૫ (૪) ભૂયડ ૨૯ (૫) વૈરીસિંહ ૨૫ (૬) રત્નાદિત્ય ૧૫ (૭) સામંત-સિંહ ૭. આ બેય વંશાવળી સરખાવતાં એક ચામુંડ નામ સુકૃતસંકીર્તનવાળા પાઠમાં વધારે છે, બાકીનાં નામો એનાં એ છે પણ ક્રમ ફેર છે. સુકૃત-સંકીર્તન અને સુકૃતકીર્તિકલ્લોલિની પ્રાચીનતર એ હકીકત ઉપર ભાર મુકીને આઠ રાજાઓ સુ. સં. વાળા અનુક્રમમાં થઇ ગયા એમ માનવું વર્ષો પહેલાં બુલ્હરે યોગ્ય ગણ્યું છે. (જુઓ I. A. Vol. XVIII. p. 148. તથા બુલ્હરનું એરિસિંહ.) અને શ્રી. રામલાલ ચુનીલાલ મોદી પણ એમજ ગણે છે, બાકી રાસમાળામા બીજો–સાત રાજાઓવાળો ક્રમ ઉતાર્યો છે અને બોમ્બે ગેઝેટીયર (Vol. I. part I.)માં વિચારશ્રેણીનો ક્રમ સ્વીકાર્યો છે. કાળાનુક્રમની બાબતમાં ચાવડાવંશે કુલ ૧૯૬ વર્ષ રાજ્ય કર્યું એટલી હકીકત ઘણાખરા પ્રાચીનોએ તથા આધુનિકોએ સ્વીકારી છે, અને માત્ર પ્ર. ચિં. ની એક પ્રતની પાંચ ૭ વર્ષની ભૂલને અવગણી છે. પણ કયાંથી કયા સુધી એ બાબતમાં બોમ્બે ગેઝેટીઅર વિચારશ્રેણીને અનુસરી ૮૨૧ થી ૧૦૧૭ ગણે છે, અને ગૌ. હી. ઓઝા, વીન્સેન્ટ સ્મિથ વગેરે તેને અનુસરે છે, પણ ૮૦૨ માં પાટણની સ્થાપના થયાનું વિચારશ્રેણી સિવાય બધા

ગ્રંથોમાં કહેલું છે અને હમણા સાભરમાંથી મળેલા સિંહરાજના વખતના એક લેખમા (જુઓ I A December 1929 p 234) મૂળરાજનુ ગાદીએ બેસવાનુ વર્ષ ૯૯૮ આપેલુ હોવાથી હવે ૮૦૨ થી ૯૯૮ નો ચાવડાકાળ માનવો યોગ્ય લાગે છે પ્રત્યેક રાજાના ગાદ્યકાળના વર્ષો બાબતમા બીજા ચોક્કસ પુરાવા ન મળે ત્યા સુધી ઉપર કહેલા ગ્રંથોને સરખાવી અટકળજ કરવાની રહે છે અને બોમ્બે ગેઝેટીઅરે નીચે પ્રમાણે વર્ષો આપેલ છે

વનરાજ	૮૨૧ થી ૮૩૬	૧૫ વર્ષ
	૮૩૬ થી ૮૬૨	૨૬
યોગરાજ	૮૬૨ થી ૮૯૭	૩૫
રત્નાદિત્ય	૮૯૭ થી ૯૦૦	૩
વૈરીસિંહ	૯૦૦ થી ૯૧૨	૧૨
ક્ષેમરાજ	૯૧૨ થી ૯૩૭	૨૫
ચામુડ	૯૩૭ થી ૯૬૪	૨૭
ધાયડ	૯૬૪ થી ૯૯૩	૨૯
અનાતનામા	૯૯૩ થી ૧૦૧૭	૨૪
		૧૯૬

આ પ્રમાણે ગોઠવણ કરવાના કારણોમા વનરાજ ૧૦૯ વર્ષ જીવ્યો હોય એ લગભગ અસંભવિત છે વગેરે ઉદાપોહ ગેઝેટીઅરે કર્યો છે

ગ રા ગોવિન્દભાઇએ પ્રાચી (ગુજરાતમા ઉપરની વંશાવળી જ ઉતારી છે ગુજરાતી રાસમાળામા, બીજુ નામ, હિંદી ગજમડલ ગ્રથને અનુસરી ચામુડ યુવરાજ આપ્યુ છે (જુઓ રાસમાળા ત્રીજી આવૃત્તિ પા ૩૯ મા ટીપ) જે ચાવુમ્બવંશાવળી સાથે ઝગડ થયાનું પરિણામ લાગે છે શ્રી રામલાલ ચુનીલાલ મોદીએ ઉપર આપેલી બધી વંશાવળીઓને સરખાવી નીચે પ્રમાણે ગોઠવણ સ્વીકારી છે (જુઓ ભાવનગર સાહિત્ય પરિષદ રિપોર્ટ ઇતિહાસ વિભાગ પૃ ૩૮)

૧ વનરાજ	૮૦૨ થી ૮૬૧	૫૯
૨ યોગરાજ	૮૬૧ થી ૮૭૦	૯
૩ રત્નાદિત્ય	૮૭૦ થી ૮૭૩	૩
૪ વૈરીસિંહ	૮૭૩ થી ૮૮૪	૧૧
૫ ક્ષેમરાજ	૮૮૪ ની ૯૧૮	[illegible]

૬ ચામુંડ	૯૧૩ થી ૯૪૪	૩૧
૭ ધાધડ	૯૪૪ થી ૯૭૧	૨૭
૮ ભૂવડ	૯૭૧ થી ૯૯૮	૨૭

આ વંશાવળી વિષે વિશેષ ઉદ્ઘાપોહ આ પરિશિષ્ટને યોગ્ય નથી.

૫ (મૂળરાજ પ્રબન્ધ)

૨૨ [૬૮]માતંગો સેવવા યોગ્ય નથી, પર્વતો પાંખ વગરના છે, કાચબાને જળ સાથે પ્રીતિ છે, આ સર્પનો રાજા બે જીભવાળો છે, એ પ્રમાણે પૃથ્વીને ધારણ કરવા માટે યોગ્ય પાત્રનો વિચાર કરતા બ્રહ્માની સંધ્યાની અંજલી (ચુલુક) માંથી તરવાર ફેરવતો કોઈ વીર ઉભો થયો.[૬૯]

૨૩ હવે પ્હેલાં કહેલા [૭૦]ભૂયડરાજાના વંશમાં મુંજાલદેવના પુત્રો

---

૬૮ મૂળમા मातंग શબ્દ છે. તેનો અર્થ હાથીઓ, તથા ચાંડાલ થાય છે, ચાંડાલ સેવવા યોગ્ય નથી, પર્વતોને પ્હેલા પાખ હતી પણ પાછળથી કપાઇ ગઇ એવી પૌરાણિક માન્યતા છે. મૂળમાં પાંખ માટે पक्ष શબ્દ છે, તેનો બીજો અર્થ સહાયક પણ થાય છે. મૂળમા जड શબ્દ છે. ડ અને ળ બેને એક ગણીને જડ એટલે અચેતન તથા પાણી, સર્પ બે જીભવાળો હોવાની પ્રસિદ્ધિ છે, બે જીભનો બીજો અર્થ એક વખત એક વાત અને બીજી વખત બીજી બોલે તે.

૬૯ પૃથ્વીનો ભાર દિગ્ગજો, પર્વતો, કૂર્મરૂપે રહેલ વિષ્ણુ, સર્પરૂપશેષ, વગેરે ધારણ કરે છે એવી પૌરાણિક માન્યતા છે. હવે આ શ્લોકમા શ્લેષથી દિગ્ગજો વગેરે પૃથ્વીનો ભાર ઉપાડનાર પૌરાણિક પાત્રો અયોગ્ય લાગવાથી બ્રહ્માએ પોતાની અંજલીમાથી નવા ચૌલુક્ય વીરને ઉત્પન્ન કર્યો એ રીતે ચૌલુક્ય કુળની પ્રશંસા કરી છે. ચૌલુક્ય કુળનો મૂળ પુરુષ બ્રહ્માના સાંધ્ય ચુલુક (અંજલી) માંથી ઉત્પન્ન થયાની આ કલ્પના બિલ્હણે (વિ. નું ૧૧ મું શતક) વિક્રમાંક દેવ ચરિતમા આપી છે. (જુઓ મ. ૧ શ્લો. ૩૩ થી ૫૭) શ્રીપાલે સં. ૧૨૦૮ ની વડનગર પ્રાકાર પ્રશસ્તિમા બિલ્હણને અનુસરી ઉતારી છે. (શ્લો. ૨ જુઓ પ્રાચીન લેખમાળા ભા. ૧ લેખાંક ૪૫) અને વસંત વિલાસમાં અને વસ્તુપાલ તેજ:પાલ પ્રશસ્તિમાં પણ એજ વાત ઉતારી છે. હેમચંદ્રે દ્વયાશ્રયમા ચૌલુક્ય મૂળ પુરુષની ઉત્પત્તિ નથી આપી પણ તેના ટીકાકાર અભયતિલકગણિ (સ. ૧૩૧૦)એ ટીકામાં ઉપરનો શ્લોક જ ઉતાર્યો છે એ જોતાં असेन्या मातङ्गाः – ' વગેરે શ્લોક વિક્રમના ૧૩ મા ચૌદમા શતકમાં પ્રસિદ્ધ હોવો જણાય. સં. ૧૨૦૮ પછી કદાચ કોઇ પ્રશસ્તિ માટે રચાયો હશે.

૭૦ આ ભૂયડ તે કાન્ય કુબ્જનો જયશિખરીને હરાવનાર ભૂયદેવ કે ભૂયગડદેવ. એમ પ્ર–ચિં–વગેરે પ્રબંધોની કહેવાની મતલબ છે. પ્ર–ચિ. મા ભૂયડના વંશમાં મૂળરાજનો દાદો મુંજાલ થયો એટલું જ કહ્યું છે. પણ રત્નમાળમા તથા જિનમંડન-

રાજ, બીજ અને દડ નામના ત્રણ ભાઇઓ યાત્રામા ગયેલા ત્યા સોમનાથને નમસ્કાર કરીને ત્યાથી પાછા વળ્યા, ત્યારે રાજશ્રી સામતસિંહને ઘોડા ફેરવવાની ક્રિયામા જોતા હતા ત્યા રાજાએ ઘોડાને ચાબુક માર્યો એ જોઇને કાપડી (બાવા)નો વેષ ધારણ કરેલા ગજ નામના ક્ષત્રિયે કારણ વગર જેણે મારેલા ચાબુકથી પીડાઇને, માથુ હલાવતા 'હા, હા' એમ બોલી દીધુ ત્યારે રાજાએ એમ કરવાનું કારણ પૂછ્યુ એટલે તેણે કહ્યુ કે "ઘોડાએ તો ઓવારણા લેવા જેવી મગ્ન ચાલ કરી પણ તે જોયા વગર તેને ચાબુક (તમે) માર્યો ત્યારે મને મર્મમા આઘાત થયો" તેના આ વચનથી ચકિત થયેલા રાજાએ તે ઘોડો તેને બેસવા આપ્યો અને તે ઘોડેસ્વાર તથા ઘોડાનો યોગ્ય યોગ જોઇને પગને પગલે બેયને ઓવારણા લેતા રાજાએ તેના તે આચરણથી જ તેનું કુળ મોટુ હશે એમ ગણીને લીલાદેવી નામની પોતાની બહેન પરણાવી તે લીલાદેવીને ગર્ભ રહ્યા પછી કેટલોક કાળ ગયા પછી એકાએક તેનું મરણ થતા પ્રધાનોએ તેના પેટમા રહેલા બાળકનું મરણ ન થાય માટે તેનુ પેટ ચીરાવીને બાળકને ઉગારી લીધુ[૭૧] આ બાળક મૂળ નક્ષત્રમા ઉત્પન્ન થયેલ હોવાથી તેનું મૂળરાજ નામ પાડ્યુ આ બાળક બાલસૂર્ય જેવો તેજોમય હોવાથી મોને વહાલો થઇ પડ્યો અને પરાક્રમી હોવાથી મામાનું સામ્રાજ્ય વધારવા લાગ્યો પણ મામો સામતસિંહ જ્યારે દારૂ પીને મત્ત બની ગયો[૭૨] હોય ત્યારે મૂળરાજનો રાજ્યાભિષેક કરે અને ભાન આવે ત્યારે ગાદી ઉપરથી ઉઠાડી મુકે આ દાખલાથી "ચાવડાઓનું દાન" એમ મશ્કરી પ્રસિદ્ધ થઇ છે આ રીતે હમેશા પોતાની મશ્કરી થતી જોઇને

ગણિના કુ પ્રબધમા ભુવડનો કર્ણાદિત્ય તેનો ચદ્રાદિત્ય, તેનો સોમાદિત્ય, તેનો ભુવનાદિત્ય અને તેના રાજ, બીજ તથા દડક એવો ક્રમ આપ્યો છે પણ જયસિદ્ધ સૂરિએ સિદ્ધવિક્રમ, વીરકોટોર, હરિવિક્રમ, તે પછી ૮૫ રાજાઓ, પછી રામ, સહજરામ, ક્ષીદકુક અને રાજ એ પ્રમાણે ક્રમ આપ્યો છે (સ ૧ શ્લો ૨૧ થી ૨૭) આ વશાવળી તો દેખીતી રીતે કલ્પિત છે, પણ રત્નમાળ તથા કુ પ્રબધવાળીમા પણ વિશ્વાસ મૂકવા માટે વધારે પુરાવાની અપેક્ષા છે

૭૧ આ રીતે જેની સુવાવડ પાસે આવી હોય તેવી સ્ત્રીનુ અચાનક મરણ થતા ઉપર પ્રમાણે માનુ પેટ ચીરીને બાળકને બચાવી લેવાનું પ્રાચીન વૈદકમય સુશ્રુતમા કહ્યુ છે (જુઓ સુશ્રુત નિ અ ૮ શ્લો ૧૩ અને ૧૪) અને તે પ્રમાણે આજથી દસ્તર વર્ષ ઉપરના વેપો કરતા એમ આ દાખલાથી જણાય છે

૭૨ ચાવડાઓ દારૂડીઆ હતા એવી ચૌલુક્ય સમયમા સામાન્ય માન્યતા હતી "ચાવડાઓ પુષ્કળ દારૂ પીતા હોવાથી બાદલો પેઠે તેનું પણ રાજ્ય ગયુ' એમ મોહ પરાજયમા કહ્યુ છે (જુઓ અ ૪ પૃ ૧૦૮ ૧૦૯)

મૂળરાજે પોતાનાં માણસોને તૈયાર રાખી એક વખત ઉન્મત્ત મામાએ ગાદી ઉપર બેસાર્યો ત્યારે તેને મારીને પોતે સાચે જ રાજા થઈ પડ્યો. સં. ૯૯૮ માં મૂળરાજને રાજ્યાભિષેક થયો.[૭૩]

૨૪ એક વખત [૭૪]સપાદલક્ષનો રાજા શ્રીમૂળરાજને હરાવવા માટે ગૂર્જરદેશની નજીક આવ્યો, એજ વખતે [૭૫]તિલંગદેશના રાજાનો બારપ નામનો સેનાપતિ ચડી આવ્યો. આ બેમાંથી એક સાથે લડાઈ ચાલતી હોય ત્યાં બીજો પછવાડેથી હલ્લો કરે તો ?" એ માટે પ્રધાનો સાથે મૂળરાજે વિચાર કર્યો. અને પ્રધાનોએ સલાહ આપી કે "કંથાદુર્ગમાં ભરાઈ રહીને થોડા દિવસ કાઢી નાખવા, પછી નવરાત્ર આવતા સપાદલક્ષનો રાજા પોતાની રાજધાની શાકંભરી (સાંભર)માં પોતાની ગોત્રદેવીની પૂજા કરવા જશે ત્યારે શ્રીબારપ સેનાપતિને હરાવવો અને પછી સપાદલક્ષના રાજાને પણ હરાવવો." આ

---

૭૩ મૂળરાજને રાજ્યાભિષેક સ. ૯૯૮ મા થયા એ મતને સામાન્ય રીતે એકાદ પ્રત સિવાય (જુઓ મૂળ પૃ. ૨૪ ટિ. ૧) બધી પ્રતોનો તથા પાછળના કુમારપાલ પ્રબંધ વગેરે ગ્રંથોનો ટેકો છે; માત્ર વિચારશ્રેણીમા સ. ૧૦૧૭ મા રાજ્યાભિષેક થયો એમ કહ્યું છે. પણ સિદ્ધરાજનો હમણાં મળી આવેલો લેખ જોતા સ. ૯૯૮ ની સાલ જ માનવી યોગ્ય છે. (જુઓ પૃ. ૪૧)

૭૩ મો પ્રબંધ જિનમંડનગણિના કુમારપાલ પ્રબંધમા પણ ઉપર પ્રમાણે મળે છે.

૭૪ સપાદ લક્ષ એટલે સવાલીક પ્રદેશ, એજ શાકંભરી કે સાંભર, પાછળથી આ રાજાઓ અજમેરના ચૌહાણ રાજાઓના નામથી ઓળખાયા છે. મૂળરાજ ઉપર ચડી આવનાર સપાદ લક્ષીય રાજાનું નામ પ્ર. ચિ. મા આપ્યું નથી; પણ હમ્મીર મહાકાવ્યમા વિગ્રહરાજ નામ આપ્યું છે. વિ. સ. ૧૦૩૦નો શાકંભરીના એક વિગ્રહરાજનો લેખ મળ્યો છે (જુઓ E. I. Vol 11 p. 116) માટે એ વિગ્રહરાજ જ મૂળરાજ ઉપર ચડી આવ્યો હોવાનો સંભવ છે.

૭૫ તિલંગ દેશ તે આજે પણ એજ નામથી ઓળખાય છે. મૂળરાજના વખતમાં છેલ્લા રાષ્ટ્રકુટ રાજાને હરાવીને ઇ. સ. ૯૭૩ (વિ. સં. ૧૦૨૮) માં માન્ય ખેટમા તૈલપે ચાલુક્યવંશનું રાજ્ય સ્થાપ્યું. હવે બારપ નામનો લાટનો ચાલુક્યવંશી રાજા (કે તૈલપનો સામંત) મૂળરાજના વખતમા હોવાનું બારપના પૌત્ર કીર્તિવર્માના શક. ૯૪૦ (વિ. સ. ૧૦૭૪)ના લેખથી અનુમાન થાય છે (જુઓ પ્રાચીન લેખમાળા.)

આ બારપે લાટમાં પોતાની સ્વતંત્રતા રાખીને તૈલપનું આધિપત્ય સ્વીકાર્યું હોય તો પ્ર. ચિ. નું ઉપલું કથન, હેમચંદ્ર તો લાટેશ્વર કહે છે તે અને કીર્તિકૌમુદીનું લાટેશ્વરનો સેનાપતિ એ રીતનું કથન, ત્રણેનું સમાધાન થઈ શકે છે. સુકૃત સંકીર્તનમા કાન્યકુબ્જ રાજાનો દંડનાયક બારપને કહ્યો છે, તે તો ભૂલજ લાગે છે.

રીતની તેમની મવાદ્ધ સાભળીને શ્રીમૂળગજે કહ્યું કે " સોકોમા, હું ભાગી ગયો એમ નહિ કહેવાય શું ? " ત્યારે તેઓએ જવાબ આપ્યો કે—

(૨૩) ઘેટો પાછો વળે તો તે મારવા માટે, અને સિંહ પણ (શિકાર ઉપર) કોપથી કૂદકો મારવા ઇચ્છે ત્યારે શરીરને સંકોચે છે, માટે હૃદયમા વૈર ભરેલા બુદ્ધિવાળા માણસો, પોતાના વિચારો તથા પોતાની હિલચાલ છુપા રાખે છે અને કાઇ પણ ન ગણકારતા મદન કરી જાય છે—વખત જાળવી જાય છે

આ પ્રમાણેના તેઓના વચનથી શ્રીમૂળગજ ૭૬કથાદુર્ગમા ભરાઇ બેઠો પછી શ્રી સપાદલક્ષના રાજાએ ગૂર્જરદેશમા જ ચોમાસું વીતાવ્યુ અને નવરાત્ર આવતા સરવરની છાવણીની જગ્યામા જ શાકભરી નગરની રચના કરી ત્યા જ ગોત્રદેવીને લઈ આવી ત્યા જ નવરાત્ર ઉજવવાનો આરભ કર્યો. શ્રીમૂળગજે આ વાત સાભળી ત્યારે મત્રીઓ આમા નિરૂપાય છે એમ જાણી લીધુ પણ પોતાની જ બુદ્ધિ એ વખતે પ્રદીપ્ત થઇ જવાથી તેને અનુસરી ગજ્ય તરફથી લહાણી (ભેટો) મોકલવાનો આરભ કરીને (એ બહાને) ચારે તરફથી બધા સામતોને ગજાજ્ઞાથી બોલાવ્યા અને કૂટ (છૂપા સાંકેતિક લેખો) તથા છુપા ખરચોને લગતા ખાનાના અધિકારી–પંચોલી મારફત બધા ગજપુત્રોને તથા પાયદળોને, તેમના કુળ અને ચારિત્ર્ય તરફ ધ્યાન ખેચી તથા યથાયોગ્ય દાનાદિથી ખુશ કરી, અમુક વખતે તૈયાર રહેવુ એમ જણાવી એ બધાને સપાદલક્ષના રાજાના તબુની આસપાસ ગોઠવી દીધા અને નક્કી કરેલે દિવસે મુખ્ય સાઢણી ઉપર ચડી સાઢણીની ખબર રાખનાર માણસને માથે લઇ (રાતોરાત) લાબી વાટ કાપી નાખીને પ્હોફાટતા જ એકાએક કોઇના કળવામા આવ્યા વગર સપાદલક્ષના રાજાની છાવણીમા પેસી ગયો અને પછી સાઢણી ઉપરથી ઉતરી, હાથમા તરવાર લઇ એકલો શ્રીમૂગરાજ સપાદલક્ષ રાજાના દ્વારપાળ પાસે પહોચી ગયો અને તેને કહ્યું કે " અત્યારે તમારા રાજા શુ કરે છે ? જા, તારા ધણીને કહે કે શ્રીમૂળગજ રાજદ્વારમા પેસે છે " એમ કહેતા જ દ્વારપાળને પોતાના બાહુ દઇથી ધક્કો મારી, બારણામાથી ખસેડી, "આ શ્રીમૂળરાજ પોતે જ બારણામા પેસે છે" એમ દ્વારપાળ કહેતો હતો, ત્યા તો તબુની અદર પેસીને તે રાજાના પલંગ ઉપર પોતે બેસી ગયો ભય ભ્રાન્ત થયેલા તે રાજાએ એક ક્ષણ તો મૌન

---

૭૬ કથાદુર્ગ તે કચ્છના ભચાઉ તાલુકામા આવેલો કયકોટનો કીલ્લો (જુઓ રાસમાળા આવૃત્તિ ત્રીજી પૃ ૫૯ ટિ. ૧)

(૨૪) પૂર્વનાં સંચિતથી જે કાંઇ રોગો મને આવવાના હોય તે ભલે આવે, કારણ કે શંભૂનાં તે પરમ પદમાં (કર્મનાં) ઋણમાંથી છુટો થઇને જવા ઇચ્છું છું.

શિવપુરાણમાં કહેલાં આ પ્રમાણેનાં વચનનો પાઠ કરનાર અને 'ન ભોગવેલું કર્મ ક્ષીણ થતું નથી' એમ જાણનાર હું આ રોગને કેમ છોડું ?" આ રીતે તેણે કહ્યા પછી ત્રિપુરૂષધર્મસ્થાનના પૂજારી તરીકે રહેવાની તેને રાજાએ વિનતી કરી.

(૨૫) (રાજ્યના) અધિકારથી ત્રણ માસમાં અને મઠપતિપણાથી ત્રણ દિવસમાં (નરક મળે છે); પણ તરત નરકમાં જવાની ઇચ્છા હોય તો એક દિવસ માટે પુરોહિત થવું.

"આ પ્રમાણે સ્મૃતિ વાક્ય જાણવા છતાં અને તપરૂપી વહાણવડે સંસારરૂપી સમુદ્રને તરી ગયા પછી હવે શું ગાયની ખરીના ખાડામાં ડુબી મરૂં ?" એ રીતે રાજાને ના પાડી. ત્યારે રાજાએ એક જાતની રોટલા (**મંડક**) માં તામ્રશાસન ૮૩વીટીને તે પાંદડાં વચ્ચે રાખીને ભિક્ષા માટે આવેલા તે તપસ્વીને આપ્યું.

આ વાત જાણ્યા વગરજ તે ત્યાંથી પાછા વળ્યા; ત્યારે પહેલાં સરસ્વતીના પ્રવાહમાં તે તપસ્વીને જવા માટે જે પ્રમાણે રસ્તો થઇ જતો તે પ્રમાણે રસ્તો ન થયો. ત્યારે જન્મથી આરંભી તે દિવસ સુધીનાં પોતાનાં દૂષણો વિચારી જોયાં અને છેવટ તાજી ભિક્ષામાં કાંઇ દોષ હોય તો તે જાણવા તેમાં જોયું ત્યાં તામ્રશાસન દીઠું. આ પછી તે તપસ્વીને ક્રોધ થયો છે એમ જાણી તેની પાસે જઇ રાજાએ તેના સાંત્વન માટે વિનયવાળાં વાક્યો કહેવા માંડયા; ત્યારે તેણે "મેં જમણે હાથે તમારૂ તામ્રશાસન લીધું તે ફોક કેમ થાય ?" એમ કહીને વયજલ્લદેવનામનો પોતાનો શિષ્ય રાજાને સોંપ્યો તે વયજલ્લદેવે "હમેશાં શરીરે ચોળવા માટે ૩૨ તોલા ઉંચું કેસર, ૧૬ તોલા કસ્તુરી, ચારતોલા કપુર, તથા બત્રીશ વારાંગનાઓ, અને ગામ સાથે શ્વેત છત્ર એટલું જો આપો તો પૂજારીપણું કબુલ કરૂં." એમ કહ્યું. ત્યારે રાજાએ એ બધું કબુલ કરી ત્રિપુરૂષધર્મસ્થાનમાં તપસ્વી સ્વામી તરીકે તેનો અભિષેક કર્યો. તે કંકરોલ નામથી

---

૮૩ દાન આપતા રાજાઓ તે દાનનો લેખ જે ત્રાંબાના પતરાં ઉપર કરી આપતા તે લેખવાળા પતરાને તામ્રશાસન કહેતા. જૂનો ઇતિહાસ ઉકેલવામાં આવા તામ્રશાસનોએ ઘણી મદદ કરી છે.

પ્રસિદ્ધ થયો અને ઉપર પ્રમાણે ભોગો ભોગવનો હોવા છતા તે નિષ્કપટ બ્રહ્મચર્ય પાળતો હતો એક વખત ગતમા મૂળરાજની રાણીએ તેની પરીક્ષા જોવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે પોતાના મોઢાની પાનની પીચકારી મારીને તેના શરીરમા ક્રોધનો રોગ ઉત્પન્ન કર્યો અને જ્યારે રાણીએ ક્ષમા માગી તેનો ક્રોધ શાત કર્યો ત્યારે પોતાને શરીરે ચોળેલો લેપ તેને શરીરે ચોળાવી તથા ન્હાયેલા પાણીવડે ન્હવરાવી તેને સાજી કરી

(૫) લાખાની ઉત્પત્તિ તથા મરણનો પ્રબંધ

૨૬ પ્હેલા કોઇક પરમારકુળમાં કીર્તિરાજ નામના રાજાને કામલતા નામની પુત્રી હતી, તે બાળકપણામા સખીઓ સાથે એકાદ મંદિરના આગણામા રમતી હતી, ત્યારે રમતમા, સખીઓ પરસ્પર વર પસંદ કરવાનું કહેવા લાગી (અને બીજી સખીઓએ મંદિરના રંગ મંડપના થાભલાઓને પોતપોતાના વર ઠરાવ્યા) ત્યારે એક થાભલાને કામલતાએ વર તરીકે પસંદ કર્યો પણ તે થાભલાની પછવાડે પુલકેશ નામનો ગોવાળ અજાણતા સતાયેલો તે કાંઇ ઘોર અધકારમા દીઠું નહિ અને કામલતાએ તેને જ વર તરીકે પસંદ કર્યો આ પછી કેટલાક વર્ષો વહી ગયા અને તે કામલતા માટે મોટા મોટા કુળના વરો તેના માપે જોવા માંડયા ત્યારે પતિવ્રતાપત પાળવાનો પોતાનો આગ્રહ માબાપને જણાવી દૃઢતા રાખી તે (પુલકેશ)ને જ કામલતા પરણી આનો પુત્ર તે લાખાકૈ૪ તે કચ્છ દેશનો રાજા થયો તેણે પ્રસન્ન કરેલા યશોરાજના વરદાનથી તે કોઇથી હારે નહિ એવો થયો હતો તેણે અગીઆર

---

૮૪ કચ્છ દેશના રાજાઓની મૂળરાજના સમયની વંશાવળી ચોક્કસ મળતી નથી (જુઓ ગુજરાતના તીર્થસ્થાનો પૃ ૧૮૩) લાખા નામના એક કરતા વધારે રાજાઓ થયા લાગે છે લાખાના જન્મની મેરૂતુંગે ઉપર આપેલી કથા તો દંતકથા જ લાગે છે પણ કચ્છના રાજાઓ મૂળ ગોવાળ-કદાચ પ્રાચીન આભીરોના વંશજો હોય એટલા ઐતિહાસિક તર્ક માટે આ દંતકથા આધાર રૂપ થાય એવી છે કચ્છ કાઠીઆવાડના જાડેજાઓ પોતાને યાદવ ગણે છે તેનો ખુલાસો પણ આ રીતે થઈ શકે છે (જુઓ મારો યાદવ કુળ નામનો લેખ જે નડીઆદની સાહિત્ય પરિષદમા આપેલો અને વસંત ૧૯૮૫ પૌષના તથા તે પછીના અંકોમા છપાયો છે)

કચ્છના બીજો લાખાની ઉત્પત્તિ ઉપરથી જુદી રીતે કહે છે (જુઓ રાસમાળા ત્રીજી આવૃત્તિ ભા ૧ પૃ ૬૯ ટિ ૨,) લાખાની ઉત્પત્તિ ગમે તેમ હો પણ મૂળ રાજના વખતમા કચ્છના રાજાનું નામ લાખો કુંવારી હતું અને તેને મૂળરાજે હરાવેલો એટલી વાતમા દયાશ્રય (સ ૫ શ્લો ૧૨૭) કી કૌ (સ ૨ શ્લો ૪-૫), સુ સ (સ ૨ શ્લો ૬) અને સુ કી ૬ (શ્લો ૨૪)નો મેરૂતુંગને ટેકો છે

વાર મૂળરાજના સૈન્યને ત્રાસ પમાડ્યો. પછી એક વખત લાખો [૮૫]કપિલકોટના કીલ્લામાં હતો ત્યારે મૂળરાજે જાતે તેને ઘેરો ઘાલ્યો. ત્યારે કયાંક હલ્લો કરવા મોકલેલો પોતાનો માહેચ્ય નામનો અતિ સાહસિક સેવક પાછો આવી જાય તેની તે (કચ્છના રાજા) વાટ જોવા લાગ્યા. આ વાતની મૂળરાજને ખબર પડી જવાથી તેના આવવાના રસ્તાઓ મૂળરાજે રોકી દીધા. હવે પોતાનું કાર્ય પૂરું કરીને તે માહેચ્ય પાછો આવતો હતો, ત્યારે તેને રોકી મૂળરાજના માણસોએ હથીઆરો છોડી દેવાનું કહ્યું. ત્યારે તેણે પોતાના ધણીના કામને ટેકો આપવા માટે (અપમાન ગણી જઈ) હથીઆરો છોડી દઇ, લડવા માટે તૈયાર થયેલા લાખા પાસે આવી તેને પ્રણામ કર્યા. પછી યુદ્ધમાં—

(૨૬) જે ઉગીને–છતા થઇને (શત્રુઓને) તાપ ન દેખાડે તો તો એને હલકા જાણવો એમ લાખો કહે છે. છેવટ તો આઠે કે દશ એમ ગણ્યા દિવસો જ (વધારે જીવવાના) મળે.

આવાં બોધ વાક્યો બોલતો તથા માહેચ્ય સેવકે ઉગ્રવૃત્તિ દેખાડીને સાહસ કરવા જેને ખૂબ પાનો ચડાવેલો, એવો લાખો મૂળરાજ સાથે દ્વંદ્વ-યુદ્ધમાં ઉતર્યો. પણ ત્રણ દિવસના યુદ્ધ પછી મૂળરાજને આ (લાખો) જીતી શકાશે નહિ એમ સમજાવાથી, ચોથે દિવસે તેણે સોમેશ્વરનું સ્મરણ કર્યું અને પોતામાં રૂદ્રનો અંશ અવતરવાથી (તેના બળથી) મૂળરાજે લાખાને મારી નાખ્યો. પછી લડાઇમાં જમીન ઉપર પડેલા તે લાખાની પવનથી હલતી મૂછને મૂળરાજે જ્યારે પગ અડાડ્યો [૮૬]ત્યારે લાખાની માએ તારો વંશ લૂતા (કોઢ) રોગથી મરણ પામશે એ રીતે શાપ આપ્યો.

(૨૭) જેણે પોતાના પ્રતાપરૂપી અગ્નિમાં લક્ષ (લાખાનો તથા એક લાખ એ પ્રમાણે બે અર્થ છે) હોમ કર્યો અને તેની રાણીઓનાં આંસુઓનાં જુદાં જુદાં ટીપાંઓને પકડવાનું સૂત્ર બનાવ્યું. (મતલબ કે આંસુઓની અવિચ્છિન્ન ધારા ચાલી).

---

૮૫ કચ્છમા ભુજ તાલુકાનું હાલનું કેરા ગામ તે જૂનું કપિલકોટ એમ ર. ઉ. કહે છે. રાસમાળા ત્રી. આ. ભા. ૧ પૃ. ૭૦·ટિ.)

૮૬ આ રીતે મરેલા લાખાની મૂછને પગ અડાડવાની વાત હેમચંદ્ર કે મેરૂતુંગ પહેલાંના કોઈએ નથી લખી, તેમ જ એ જોઇને લાખાની માએ 'લૂતા રોગથી તારો વંશ મરશે' એ શાપ આપ્યાની વાત પણ પહેલો મેરૂતુંગે અહી લખી છે અને તેનો કુમારપાલના ચરિત્રમાં ઉપયોગ કર્યો છે. જિનમંડન ગણિએ પ્ર. ચિં. ની આ કથા ઉતારી છે.

(૨૮) એકાએક મોટી લાખી જળમા આવેના કચ્છપનક્ષ (એક લાખ કાચબા તથા કચ્છના લાખા)ને મારીને લડાઈરૂપી સમુદ્રમા તેણે (મૂળરાજે) માછીમારપણુ બતાવ્યુ

આ રીતે લાખાની ઉત્પત્તિ અને મરણનો પ્રબંધ પૂરો થયો ૮૭

(૨૭) જેણે બળવાનોને છતી લોધેના તે બલિઅસુરમા ત્યાગરૂપી વેનનો પૃથ્વીમા જન્મ થયો (બી વવાયુ), દધીચીમા તે ત્યાગરૂપી વેનના મૂળ દૃઢ થયા, રામમા એ વેનને કાટા ફુટયા, સૂર્ય પુત્ર (કર્ણ)મા તે વેનને શાખા ઉપશાખાઓ ફુટી, નાગાર્જુનમા તેને કાઇક ફળીઓ બેઠી, વિક્રમાદિત્યમા એ વેલને ફુલ આવ્યા પણ હે મૂળરાજ, તુ દાનેશ્વરીમા, એ ત્યાગ વેલને મૂળથી ફળ આવ્યા

૩૦ તમારા શત્રુઓના મહેલો (મહેલોના ખડેરો) જે ચોમાસામા વરસાદના પાણીથી ન્હાયા છે, પછી (સ્થળે સ્થળે) દૂર્વા ફુટી નીકળી છે તેથી કુશ વાગ્યુ કરેલ હોય એવા લાગે છે, પાણી ચાલવાના રસ્તાઓમાથી પડના પાણીથી નિવાપાજલિ આપીને, પડની ભીતોના પીંડાઓ (કટકાઓ)ને બ્હાને પોતાના ધણીના પ્રેતને હમેના પીંડ આપવાની (શ્રાદ્ધની) ક્રિયા કરે છે ૮૮

આ રીતે તે રાજાએ પચાવન વર્ષ સુધી નિષ્કટક સામ્રાજ્ય કર્યું પછી (એક દિવસ) સાજની આરતીનો વિધિ પૂરો થયા પછી, રાજાએ પોતાના મુખ વાસ માટેનું પાન કૃપા કરીને એક વડ (સેવક)ને આપ્યુ, અને તેણે હાથમા લઇ જોયુ ત્યા તેમા ત્રીણ જન્તુઓ જોવામા આવ્યા, એ વાતનું તત્ત્વ (એ ખરાબ ચિન્હ છે એમ) જાણીને વૈરાગ્યથી સન્યાસ લઇને, જમણા પગના અગુઠાને અગ્નિ લગાડીને, ગજ (હાથી) દાન વગેરે મહાદાનો આપતા આપતા આઠ દિવસમા—

(૩૧) મયમની કેળવણીને જેનુ મન વશ છે એવા તેણે પગને લાગેલા અને જેના ધુમાડો તથા જ્વાળાઓ ઉંચા જાય છે એવા અગ્નિને પણ સહન

---

૮૭ મૂળરાજે ઉપર પ્રમાણે સ્વતંત્ર રીતે કચ્છમા જ કચ્છના રાજા લાખા સાથે યુદ્ધ કરીને તેને માર્યો હતો એમ મેરૂતુગે લખ્યુ છે પણ હેમચંદ્ર સૌરાષ્ટ્રના રા ન સાથેની લડાઇમા લાખો સૌરાષ્ટ્રના રાજાના પક્ષમા લડવા આવેલો હોવાથી તેને મૂળરાજે માર્યો એમ કહે છે

૮૮ આ સુભાષિતમા મૂળરાજને દાનેશ્વરી કહેલ છે એ કથનને એના દાનપત્રો તથા બીજા ઉત્કીર્ણ લેખો ટેકો આપે છે

આ સુભાષિત ખાસ મૂળરાજને જ લાગુ પડતુ હોય એવુ નથી, શાર્ઙ્ગધર પદ્ધતિ જેવા સુભાષિત સંગ્રહમા પણ મળે છે (જુઓ મૂળ પૃ ૨૯ ટિ *)

કર્યો. વળી જેણે સૂર્યના મંડળને પણ ભેદ્યું તેની આગળ બીજા પ્રતાપીઓની તો વાત જ શું ?[૮૯]

આવાં આવાં સ્તુતિ વચનોથી જેનાં વખાણ થતાં હતાં, તે મૂળરાજ સ્વર્ગમાં ગયો.

સં. ૯૯૮ થી પંચાવન વર્ષ સુધી મૂળરાજે રાજ્ય કર્યું.

આ પ્રમાણે મૂળરાજપ્રબંધ પૂરો થયો.

૨૮ સ. ૧૦૫૩ થી ૧૩ વર્ષ સુધી શ્રીચામુંડરાજે રાજ્ય કર્યું. પછી સં. ૧૦૬૬ થી ૭ મહિના સુધી વલ્લભરાજે રાજ્ય કર્યું, પછી સં. ૧૦૬૬ થી ૧૧ વર્ષ અને ૭ માસ સુધી શ્રીદુર્લભરાજે રાજ્ય કર્યું. તે રાજાએ શ્રી પાટણમાં દુર્લભ સરોવર બંધાવ્યું. (આ દુર્લભરાજને મદનશંકર તથા જગઝંપણ એ પ્રમાણે બે બિરૂદો હતાં.[૯૦])

---

૮૯ મૂળરાજ છેવટ શ્રીસ્થળમા જઇને ત્યાંતે બળી મુઓ એમ દ્વયાશ્રયમા કહ્યું છે. (સ, ૬ શ્લો. ૧૦૭) અને વસંતવિલાસમાં તો આવા શ્લોક મળે છે. (સ. ૩ શ્લો. ૭). જિનમંડનગણિએ પણ ત્યાંતે જમણા પગને અગુઠે આગ લગાડીને અઢાર પ્રહરમાં બળી મુવો એમ કહ્યું છે.

૯૦ અમુક હાથ પ્રતમા તથા પ્હેલાં છપાયેલી પ્રતમા જે પાઠ છે. (જુઓ મૂ. પૃ. ૨૯ ટિ. ૪) તે પ્રમાણે સં. ૧૦૫૦ (૫૨)ના શ્રાવણ સુદિ ૧૧ વાર શુક્ર પુષ્યનક્ષત્ર અને વૃષલગ્નમા શ્રીચામુંડરાજ ગાદી ઉપર બેઠો, આણે પાટણમા ચદ્રનાથદેવ તથા ચાચિણેશ્વરના મંદિરો કરાવ્યાં, સં. ૧૦૬૫ આશ્વિન સુદી ૫ સોમવાર સુધી ૧૩ વર્ષ ૧ માસ અને ૨૪ દિવસ તેણે રાજ કર્યું. પછી સ. ૧૦૬૫ આશ્વિન સુદિ ૬ મંગળવારે જ્યેષ્ઠા નક્ષત્ર અને મિથુન લગ્નમાં શ્રીવલ્લભરાજ ગાદી ઉપર બેઠો. આ રાજાનું માળવા દેશમા ધારાના કિલ્લાને ઘેરો ઘાલતા શીળીના રોગથી મરણ થયું, અને રાજદમન શંકર તથા જગઝંપણ એ પ્રમાણે તેનાં બિરૂદો હતા. સં. ૧૦૬૫ ચૈત્ર સુદિ ૫ સુધી ૫ મહિના અને ૨૯ દિવસ તેણે રાજ્ય કર્યું. પછી સ. ૧૦૬૫ ચૈત્ર શુદિ ૬ વાર ગુરુ અને ઉત્તરાષાઢા નક્ષત્ર અને મકર લગ્નમાં તેના ભાઈ દુર્લભરાજનો રાજ્યમા અભિષેક થયો. આણે શ્રીપત્તનમા ઘટિકાગૃહ, દાનશાળા અને હાથીખાના સાથે સાત માળનું ધવલ ગૃહ કરાવ્યું. અને પોતાના ભાઈ વલ્લભરાજના શ્રેય માટે મદનશંકર પ્રાસાદ તથા દુર્લભ સરોવર કરાવ્યાં. મેરૂતુંગ પોતે જ વિચાર શ્રેણીમાં લખે છે કે સ. ૧૦૫૨ ના વર્ષમાં વલ્લભરાજ ગાદીએ બેઠો અને તેણે ૧૪ વર્ષ રાજ્ય કર્યું. અને પછી સ. ૧૦૬૬ માં ગાદીએ બેઠેલા તેના ભાઈશ્રી દુર્લભરાજનું રાજ્ય બાર વર્ષ રહ્યું. (સરકારી પ્રત I. A. Vol VI. p. 214 માનો ઉતારો) જિ. મં. ગણિના કુમારપાલ પ્રબંધમાં તો પ્ર. ચિં. ના ઉપર આપેલા વચનોનો ઉતારો મળે છે. ચામુંડે (સ. ૧૦૫૩થી એમ નથી કહ્યું પણ) ૧૩ વર્ષ,

૨૯ પછી પોતાના ભાઇના પુત્ર ભીમનો રાજ્યમા અભિષેક કરીને તીર્થોપાસનાની વાસનાથી દુર્લભરાજ જતે વારાણસી તરફ જવા નીકળ્યો, રસ્તામા માલવ મડળ પહોચ્યતા, તેના મહારાજા શ્રીમુજે "છત્ર ચામર વગેરે રાજ ચિહ્નો મુકીને બાના (કાર્પટિક)ના વેષે આગળ જાવ અથવા યુદ્ધ કરો" એમ કહેવાથી, ધર્મમા વિઘ્ન આવ્યુ એમ જાણીને એ સમગ્ર વૃત્તાત શીઘ્રીમ રાજાને કહેવરાવી બાવાને વેષે તીર્થમા જઇ પરલોકની સાધના કરી, મરણ પામ્યો ત્યારથી માળવાના રાજાઓ સાથે ગુજરાતના રાજા ઓને મૂળ વિરોધ થયો.[૯૧]

વલ્લભરાજે ૭ માસ અને દુર્લભરાજે ૧૧ વર્ષ ૭ માસ રાજ્ય કર્યું એટલુ કહ્યુ છે રત્નમાળમા તથા પ્રવચન પરીક્ષામા પણ આજ પ્રમાણે છે

ચામુડ વિષે સુ સ , સુ કી ક , કી કો, વ વિ વગેરેમા ખાસ કાઇ નથી કહ્યુ પણ દ્વય શ્રયમા કેટલુક પ્રબંધ ચિંતામણી થી જુદુ છે બારપ્પ ઉપર ચામુડને મૂળરાજે મોકલેલો એતો ઉપર કહ્યુ જ છે બીજુ તીર્થયાત્રા કરવા કાશી તરફ જતા દુર્લભરાજના છત્ર ચામરાદિ લઇ લીધાનુ મેરૂતુંગ કહે છે પણ હેમચંદ્રનો ટીકાકાર ચામુંડના છત્ર ચામરાદિ માળવાના રાજાએ લઇ લીધા (સ ૭ શ્લો ૩૧) અને એજ કારણથી ચામુંડે વલ્લભને માળવા ઉપર ચડાઇ કરવા મોકલ્યો અને વલ્લભ શીતળાથી મર્યા પછી ચામુડ દુર્લભરાજને ગાદીએ બેસારી પોતે શુકલ-તીર્થમા જઇ રહ્યો (સ ૮ શ્લો ૫૮) એમ કહે છે વલ્લભરાજે માળવા ઉપર ચડાઈ કરેલી એટલું તો સુ સ (સ ૨ શ્લો ૧૪) પ્રબંધ કો (સ ૨ શ્લો ૧૦) અને સુ કી, ક (શ્લો ૩૨) મા પણ છે વળી રિપબણીના પાઠ પ્રમાણે જગજ્ઝ પણ એવુ વલ્લભરાજનુ બિરૂદ હોવાનું પણ સુ સ (સ ૨ શ્લો ૧૬), વમ તવિલામ (સ ૩ શ્લો ૧૦) સુ પ્રી ક (શ્લો ૩૨) અને કી કૌ (સ ૨ શ્લો ૧૧ કી કૌ મા જગ ત્કપન એમ રાખ્યુ છે) અને દ્વયાશ્રયમા છે (સ ૭ શ્લો ૪૦) દ્વયાશ્રયના ટીકા કારે શત્રુઓ ઉપર વાઘની પેઠે તડાપ મારનો માટે જ આ પન કહેવાયો એમ ખુલાસો કર્યો છે (એજન) અને કી. કૌ કારે 'વેગીઓના રાઠોરોને ઘેરનો હોવાથી' એમ ખુલાસો કર્યો છે, વલ્લભરાજના રાજ મન (ફે મ્હન ૧ કર) બિરૂદનો મીન કોઇએ ઉલ્લેખ કર્યો નથી વલ્લભરાજને માળવાની ચડાઇમા વૈદ્યો જોને ન ઓળખી શકયા એવો રોગ થયો એમ હેમચંદ્રે કહ્યુ છે, ટીકાકારે શીતળા નામ પાડયું છે (સ ૭ શ્લો ૪૩) પાટણની બાઈની આગળ દુર્લભરાજ રાજનુ સરોવર હતુ એમ વ વિ મા કહ્યુ છે (સ, ૭ શ્લો ૪૬)

૯૧ દુર્લભરાજના છત્ર ચામરાદિ લઈ લેનાર માળવાના રાજાનું નામ મુંજ મેરૂતુંગે તથા તેને અનુસરી જિનમંડને પણ આપ્યુ છે, પણ એતો ભૂલ છે કારણકે મુંજને મારનાર મા.ખેટનો તૈલપ વિ સ ૧૦૫૩-૫૪ મા મરણ પામ્યો

(૬) મુંજરાજ પ્રબંધ.

હવે પ્રસંગોપાત્ત માલવ મંડળના અલંકારરૂપ શ્રીમુંજ રાજાનું ચરિત્ર નીચે પ્રમાણે (આપીએ છીએ). પ્હેલાં માલવ પ્રદેશમાં શ્રીપરમારવંશનો હરસિંહદન્ત ભટ નામનો રાજા હતો. તે (રાજપાટિકા) છડી સ્વારીમાં ફરતો હતો; ત્યાં શર નામના ઘાસના ઝુંડમાં તરતનું જન્મેલું અતિ રૂપાળું બાળક તેના જોવામાં આવ્યું અને તે બાળક ઉપર પુત્ર પ્રેમ થવાથી તેણે તે બાળકને ઉપાડી લઇ રાણીને આપ્યું, અને તેનું મુંજ એવું જન્મ સ્થાન યોગ્ય નામ પાડ્યું. આ પછી આ રાજાને સીન્ધલ નામનો પુત્ર થયો. પછી સર્વ ગુણોનો સમૂહ જેનામાં એકઠો થવાથી જે ચિત્તાકર્ષક લાગે છે તે મુંજનો રાજ્યાભિષેક કરવાની ઇચ્છાવાળો રાજા તેના (મુંજના) મહેલે ગયો. મુંજે અતિશય નરમ બનીને તથા પોતાની રાણીને વેત્રાસનની પછવાડે રાખીને પ્રણામપૂર્વક રાજાનો આદરસત્કાર કર્યો. ત્યારે રાજાએ તે પ્રદેશમાં એકાંત જોઇને તેના (મુંજના) જન્મનું વૃત્તાન્ત પ્હેલેથી સંભળાવીને કહ્યું કે " તારી ભક્તિથી મને સંતોષ થયો છે તેથી પુત્રને મુકીને તને રાજ્ય આપું છું. પણ આ સીન્ધલ નામના ભાઇ સાથે પ્રીતિથી વર્તવું " એમ શીખામણ આપીને તેનો અભિષેક કર્યો. પોતાના જન્મની વાત પોતાની રાણી મારફત ફેલાશે એવી શંકાથી તેણે (મુંજે) પોતાની રાણીને પણ મારી નાખી. પછી પરાક્રમથી જેણે પૃથ્વીને દબાવી છે એવા તથા સર્વ વિદ્વાનોના ચક્રવર્તી એવા શ્રીમુંજે ઉદાદિત્ય

છે, અને ૧૦૫૩ સુધી તો અણહિલપુર પાટણની ગાદી ઉપર મૂળરાજ હતો. એટલે ચામુંડના સબંધમા તે આ બનાવ બન્યો હોય તો માળવાનો રાજા સિન્ધુરાજ હોવો જોઇએ. સિન્ધુરાજે ભોટ જીત્યાનું નવ સાહસાંક ચરિત (સ. ૧૦ શ્લો. ૧૭)મા કહ્યું છે. અને દુર્લભરાજના છેલ્લા વર્ષમા એ બનાવ બન્યો હોય તો ભોજ રાજા હોવો જોઇએ.

ભીમને દુર્લભરાજના ભાઈ નાગરાજનો પુત્ર દ્વયાશ્રયમાં કહ્યો છે, એટલે પ્ર. ચિં. ની કેટલીક પ્રતોમા દુર્લભરાજનો પુત્ર કહ્યો છે તે ભૂલ છે.

માળવા સાથે ગુજરાતના રાજાઓને વિરોધ થવાનું કારણ મેરૂતુંગે કલ્પ્યું છે તે કરતાં જુદું, મૂળરાજના વખતથી ચાલેલું અને બેય રાજ્યના સીમાડા પાસે પાસે હોવાથી કાયમ ચાલુ રહેલું લાગે છે.

હરસિંહદન્ત માળવાના પરમાર રાજાનું નામ અહી આપ્યું છે, કેટલીક પ્રતોમાં, સિંહભટ તથા શ્રીહર્ષ પણ આપ્યું છે, રત્નમંદિર ગણિએ પણ શ્રીહર્ષ આપ્યું છે. નવ સાહસાંકચરિતમા એ રાજાનું નામ સીયક આપ્યું છે અને રાજા મુંજે પોતાના વિ. સ. ૧૦૩૧ના લેખમા પણ એ જ આપ્યું છે,

નામના અમાત્ય ઉપર રાજ્યની ચિન્તાનો ભાર નાખી તથા સીંધલ નામના તે ભાઈને, તે તોફાની હોઈને આજ્ઞાભંગ કરતો હોવાથી સ્વદેશમાંથી દેશવટો આપી લાંબા વખત સુધી રાજ્ય કર્યું આ સીંધલ ગૂર્જર દેશમાં આવી ૯૩કાશહદ નગર પાસે પોતાનું ગામડું વસાવી દીવાળીની રાતે શિકાર કરવા ગયો અને ચોગેનો વધ કરવાની જગ્યા પાસે એક ભુંડને ચરતો જોઈ, ઝાડ ઉપરથી નીચે પડી ગયેલા ચોરના શબને જોયા વગર તેને ગોડણુંથી નીચે નાખી દઈ ભુંડ ઉપર જેવું બાણ તૈયાર કર્યું તેવો શબે સંકેત કર્યો, એટલે શબને હાથે અડતું અટકાવી બાણથી તે ભુંડને મારી જેવું ભુંડને ખેંચ્યું તેવું જ શબ ખડખડાટ હસીને ઊભું થઈ ગયું ત્યારે સીન્ધલે શબને કહ્યું કે તારા સંકેત વખતે ભુંડને બાણ મારવું એ શ્રેયસ્કર છે અથવા નગર જોઈને મેં પ્રહાર કર્યો છે૯૪ આ પ્રમાણે તેના વાક્યથી તે છિદ્ર શોધતા પ્રેતે તેના નિર્ભીમ સાહસથી સંતુષ્ટ થઈને "વર માગી લે" એમ કહ્યું ત્યારે તેણે 'મારૂં બાણ જમીન ઉપર ન પડે' એમ માગ્યું અને 'બીજો વર વરદાન માગી લે' એમ સાંભળીને 'મારા બાહુને બધી લક્ષ્મી સ્વાધીન થાવ' એમ માગ્યું ત્યારે તેના સાહસથી ચકિત થયેલા પ્રેતે "તારે માળવામાં જવું" એમ કહ્યું "ત્યાં મુંજ રાજાનો વિનાશ પાસે આવ્યો છે છતાં તારે ત્યાં જવું જ, ત્યાં તારા વશમાં રાજ્ય આવશે" તેનો ભોકનેનો સિંધુલ ત્યાં ગયો અને મુંજ રાજાની પાસેથી મારી આવકવાળો દેશ મળ્યો પણ ફરી તેણે ઉદ્ધતાઈ કરી૯૫ એટલે શ્રીમુંજે તેની આંખ ફોડી નાખી અને વાકડાના પાંજરામાં નાંખ્યો ત્યાં તેને ભોજ નામનો પુત્ર ઉત્પન્ન થયો તે બધા રાજશાસ્ત્રો ભણ્યો, છત્રીશ

---

૯૩ શુભશીલકૃત ભોજ પ્રબંધમાં ભેદપાટમાં નાગહદ (નાગદા ?) પાસે ગામ વસાવ્યું એમ લખ્યું છે (જુઓ મૂળ પૃ ૩૧ ટિ ૫) પણ રત્નમંદિર ગણિએ કાસહદ લખ્યું છે

કાસહદ તે હાલનું કાસદ્રા–ચોળકાથી પાલીતાણે જતાં નીચા રસ્તામાં ગાદ પાસે આ નામ છે વસ્તુપાલની યાત્રામાં એનો ઉલ્લેખ આવે છે આબુની તળેટીમાં આવેલું કાયદ્રાતે કાસહદ એવો પણ પુરાતત્ત્વજ્ઞોમાં એકમત છે

૯૪ આ વાક્યનો અર્થ અસ્પષ્ટ છે, ટીકાના તથા રા દી શાસ્ત્રીના ભાષાંતરથી પણ મૂળના શબ્દો બરાબર બેસતા નથી (જુઓ મૂળ પૃ ૩૨ પંક્તિ ૬ ૭)

૯૫ સિંધુલે ફરી શું ઉદ્ધતાઈ કરી એ પ્રબંધ ચિંતની એક પ્રતમાં તથા રત્નમંદિર ગણિએ આપ્યું છે, કે 'એક વખત એક તેલીને ઘેર જઈ સિંધુલે તેલ માગ્યું તે તેલ તેલીએ ન આપ્યું એટલે તેણે ક્રોધ કરીને તેલીના ગળામાં કોગ વાળી દીધી, જે મોઢ મહલથી નીકળી નહિ પણ છેવટે સિન્ધુલે જ કાઢી' આ વાતમાં કાંઈ માલ નથી બન્ને તેલી અને દુબળો રાજપુત પાટોદરી હતા અને તેલીની સ્ત્રીના ટહેલાથી ઉશ્કેરાઈ એક વખત બજારમાં બુબીઓ વા યો ત્યારે ગુજરાતનો પેલા રાજપૂતે કોણ તેલીના ગળામાં વાળી દીધી એવી લોકકથા પ્રસિદ્ધ છે

ભોંયરા મારફત મારે દેશ જાઉં છું, જો તું ત્યાં આવે તો મહાદેવીના પદે તારો અભિષેક કરી મારી કૃપાનું ફળ બતાવું." આના જવાબમાં "ધરેણાંનો દાબડો લઈને આવું ત્યાંસુધી એક ક્ષણ વાટ જુવો" એમ કહીને મૃણાલવતી ગઇ પણ તે ધરડી વિધવાએ 'ત્યાં જઈને મને એ છોડી દેશે' એમ વિચાર કરીને પોતાના ભાઇ-રાજાને આ વૃત્તાન્ત કહી દીધો, અને પછી તેની વધારે વિડંબના કરવા માટે, તેને દોરડાંથી બંધાવી ઘેર ઘેર તેની પાસે ભીખ મગાવી. આ રીતે ઘેર ઘેર ભમતા તેણે નિર્વેદથી ભરેલા ચિત્તે નીચેનાં વચનો કહ્યાં છેઃ—

(૩૫) [૧૦૧]સર્વનાં ચિત્તને હરી લેવા માટે મન્મથની વાર્તા કરવામાં જેઓ કુશળ છે તે સ્ત્રીઓમાં જેઓ વિશ્વાસ રાખે છે તે માણસો અમારી પેઠે ઘણો ખેદ પામે છે.

(૩૬) (બાલ્યાવસ્થામાં) ઝોળી તુટીને હું કેમ ન મુઓ! હું શા માટે બળીને રાખ ન થઈ ગયો? આ મુંજ દોરીએ બંધાઇને માંકડા પેઠે હિંડે છે.

વળી—

(૩૭) હાથીઓ ગયા, રથો ગયા, ઘોડા ગયા, પાયદળ માણસો ગયાં, એક પણ નોકર નથી, માટે હે સ્વર્ગમાં રહેલા સૂર્યાદિત્ય! તારી સામે જોઇ રહેલા મને તું આમંત્રણ કર (બોલાવી લે).

વળી એક દિવસ કોઇક ગૃહસ્થને ઘેર ભીખ માગવા મુંજને લઇ ગયા, ત્યાં તેની પત્ની હાથમાં ક્ષુદ્ર કાચલીવાળા મુંજને છાશ પાઇને ગર્વથી માથું ઉંચું રાખી ભિક્ષા આપવાની નથી એમ કહેવા લાગી ત્યારે મુંજે તેને કહ્યું કેઃ—

(૩૮) હે ભોળી મુગ્ધા! તું મને હાથમાં કાચલીવાળો જોઇને ગર્વ કરમાં; કારણકે મુંજના ચૌદસો ને છોંતેર હાથીઓ ગયા, (અને અત્યારે આ સ્થિતિ છે).

(૩૯) [૧૦૨]હે માંકડા! આ સ્ત્રીએ તને ખંડિત કર્યો એ માટે ઉદ્વેગ કરીશમાં; કારણકે રામ, રાવણ, મુંજ વગેરે કોણ કોણ સ્ત્રીથી ખંડિત નથી થયા.

---

૧૦૧ રત્ન મંદિર ગણિએ જે પાઠ આપ્યો છે તેનો અર્થ નીચે પ્રમાણે થાય છેઃ—

સ્ત્રીના ચિત્તમાં સો, મનમાં સાઠ, અને હૃદયમાં બત્રીશ પુરૂષો હોય છે એવી સ્ત્રીનો જે અમે વિશ્વાસ કર્યો તે અમે ખરેખર મૂર્ખ છીએ. (જુઓ ભાષાતર પૃ. ૧૪)

૧૦૨ રત્ન મંદિર ગણિએ મંકડ ને બદલે મંડક પાઠ આપ્યો છે અને તેનો અર્થ ભાષાંતરકર્તાએ 'ઘીથી નીતરતો અધો રોટલો' એમ કર્યો છે.

(૪૦) ૧૦૩હે યત્ર (રેંટીયા), તુ રડમા, મને તો માત્ર કટાક્ષ મારીને આણે ભમાવ્યો છે, પણ (તને) હાથથી ખેંચે ત્યારે તો વાત જ શી ?

(૪૧) જે બુદ્ધિ પછી ઉપજે છે તે બુદ્ધિ જો પ્હેલા ઉપજે તો, મુંજ કહે છે, હે મૃણાલવતી ! કોઈ દુ ખ ન વેઠે

(૪૨) યશના પુંજરૂપ, હાથીઓનો સ્વામી, અવન્તીનો રાજા અને સરસ્વતીના નિવાસરૂપ એવો જે મુંજ પ્હેલા કૃતકૃત્ય હતો, તેને કર્ણાટકના રાજાએ પોતાના પ્રધાનની બુદ્ધિની મદદથી જ પકડી લીધો અને પછી ચૂણી ઉપર ચડાવ્યો ખરેખર કર્મની ગતિ વિષમ છે

(૪૩) ઇંદ્રના મિત્ર અને યજ્ઞપુરૂષના તેજરૂપી અજ (રામ વગેરે) ને જન્મ આપનાર, જે દશરથ તે દીકરાના વિરહ દુ ખથી પયારીમા મરી ગયા અને ગરમ તેલની કોઠીમા રાખી મુકેલા તેના શરીરને અગ્નિસંસ્કાર પણ લાંબે વખતે થયો ખરેખર કર્મની ગતિ વિષમ છે

(૪૪) હે દ્રવ્યથી અંધ મૂઢ ! તું દુ ખમાં પડેલાની હાંસી શુ કરે છે ? લક્ષ્મી સ્થિર ન હોય એમા આશ્ચર્ય શુ છે ? શુ તું પાણીના રેંટમા ખાલી ઘડાઓ ભરામ છે અને ભરેલા ખાલી થાય છે એ જોતો નથી ?

(૪૫) શંકા ઉત્પન્ન કરે (બીક લગાડે) એવી માણસની ખોપરી એ એના ઘરેણા છે, અને જેના અંગો શિથિલ–લથડી ગયેલાં છે એવો ભૃંગી એ એનો સેવક છે, અને ધનમા એક ધરડો બળદ એની પાસે છે સર્વ દેવોના પણ ગુરુ એવા શંકરની જ્યારે આવી અવસ્થા છે, ત્યારે માથે વિધિ વાંકા થતાં આ આપણે તો કોણ ?

(૪૬) જેની આસપાસ સમુદ્ર ખાઇ રૂપ છે તે લંકા જેવો ગઢ, અને દશ માથાવાળો રાજા તેનો ગઢપતિ છતા ભાગ્યનો ક્ષય થતા તે બધુ ભાગી ગયુ માટે હે મુંજ ! તું ખેદ કરમા

આ રીતે લાંબા વખત સુધી ભીખ માટે ભમાવીને વધ કરવાની જગ્યાએ લઇ જઇ રાજાની આજ્ઞાથી વધનો વિધિ કરવામાં આવ્યો એ વખતે મારાઓએ 'ઇષ્ટ દેવતનું સ્મરણ કરો' એમ મુંજને કહ્યું ત્યારે મુંજે નીચેનો શ્લોક કહ્યો —

(૪૭) યશના પુંજરૂપ મુંજ જતા લક્ષ્મી તો ગોવિંદ પાસે જશે, અને વીર–લક્ષ્મી (શૌર્ય) વીરોને ઘેર જશે પણ સરસ્વતી આધાર વગરની થઈ જશે

---

૧૦૩ ટાનીએ આ શ્લોકનો અર્થ જુદી રીતે કર્યો છે, મૂળનો યત્રક શબ્દ એ મુંજને ફેરવનાર સિપાઇને સંબોધન છે એમ તેણે ગણ્યું છે.

આ વગેરે મુંજનાં વાક્યો સમજવાં. પછી મુંજને મારીને તેનું માથું રાજ મહેલના આંગણામાં શૂળી ઉપર પરોવી હમેશાં તેના ઉપર દહીં ચોપડાવી રાજાએ પોતાનો ક્રોધ કાઢયો. પછી માળવા દેશમાં, આ વૃત્તાન્ત જાણીને તેના પ્રધાનોએ તેના ભાઇના દીકરા ભોજનો રાજ્યમાં અભિષેક કર્યો.૧૦૪

પરિશિષ્ટ (ગ)

મેરૂતુંગે શ્રી મૂળરાજ વિષે પોતાના સમયમાં લોકકથામાં–અથવા એ પોતે કહે છે તેમ સદ્‌ગુરૂ સંપ્રદાયમાં પ્રચલિત જેટલી વાતો આપી છે તેમાંથી મૂળરાજના ચૌલુક્ય વંશની વાત તો નિઃસંદિગ્ધ છે, કારણ કે એના પોતાનાં તથા એના વંશજોનાં દાનપત્રો એ વાતને ટેકો આપે છે. કોઇ લેખકે પણ એ બાબતમાં વિસંવાદી કથન કર્યું નથી.

ચૌલુક્ય વંશની ઉત્પત્તિ માટે જુઓ ટિ. ૬૬, એથી વધારે એ બાબતનો વિચાર ગુજરાતના ઇતિહાસમાં કરવો એ જ યોગ્ય છે. મૂળરાજના દાદાનું નામ મુંજલ હતું એમ મેરૂતુંગ કહે છે, પણ એને કોઇનો ટેકો નથી. ભુયડ ભુયદેવ કે ભુયગડદેવથી મૂળરાજ સુધીની વંશાવળીનો તો મેરૂતુંગે ઉલ્લેખ કર્યો જ નથી એટલે એ વિચારણીય જ નથી. મૂળરાજના બાપનું નામ રાજ હતું એ ચોક્કસ હકીકત છે, કારણ કે હેમચંદ્ર તેને રાજપુત્ર કહે છે (જુઓ સ. ૪ શ્લો. ૬૩) એટલું જ નહિ પણ મૂળરાજે પોતે પોતાને વિ. સં. ૧૦૪૩ ના લેખમાં પોતાને 'મહારાજાધિરાજ રાજિસુત' કહેલ છે. આ રાજિને બીજા અને દંડક નામના ભાઇ હોવાની વાતને કોઇ ઉત્કીર્ણ લેખનો તો ટેકો નથી પણ હેમચંદ્રે દડક્ક કે દઢક્કનો ભત્રીજો મૂળરાજને કહ્યો છે, અને તેના ટીકાકારે તો રાજિ, બીજા અને દડક્ક એ રીતે ત્રણ ભાઇઓનાં નામ આપ્યાં છે અને મૂળરાજને રાજિ પુત્ર કહ્યો છે (સ. ૩ શ્લો. ૬૯). મૂળરાજની માનું નામ મેરૂતુંગે તથા તેને અનુસરી જિનમંડનગણિએ લીલાદેવી આપ્યું છે, પણ હેમચંદ્રે ચંડિકામાત સંબોધન કર્યું છે અને ટીકાકારે તેનો અર્થ **चाण्डालदेवो नाम्नी माता यस्य** એમ વિકલ્પે અર્થ કર્યો છે (સ. ૧ શ્લો. ૧૮૮).

મૂળરાજ કે તેનો પિતા રાજિ ગુજરાતમાં ક્યાંથી અને શી રીતે આવ્યા એ બાબતમાં મેરૂતુંગના કથનને જિનમંડનગણિ અનુસરે છે. ધર્મા-

૧૦૪ રત્ન મંદિર ગણિના ભોજ પ્રબંધમાં પ્ર. ચિ. ની કેટલીક પ્રતો પેઠે થોડા પ્રાકૃત વચનો વધારે મળે છે. બાકી કથા ભાગ ઉપર પ્રમાણે છે.

રણ્યમાં પણ તેને મળતું કથન છે, પણ એ પ્હેલાના કોઇ ગ્રથકારે કાંઈ કહ્યું નથી એટલે એ વિષયનો વધારે વિચાર અહીં કર્તવ્ય નથી મૂળરાજને અણહિલવાડની ગાદી કઈ રીતે મળી એ વિષે હેમચંદ્રે મૌન સેવ્યું છે સુ મા મૂળરાજને ચાપોત્કટના છેલ્લા રાજાનો ભાણેજ કહ્યો છે, પણ ગાદી કેવી રીતે મળી તે કહ્યું નથી મેરૂતુંગે જ વિચાર શ્રેણીમા મૂળરાજને દૌહિત્ર કહ્યો છે તે તો ભૂલ જ લાગે છે, અને મૂળરાજે પોતે તો "પોતાના પગદ્રમથી મારસ્વત મડળ (સરસ્વતીના કાંઠાનો પ્રદેશ) મેળવ્યો" એમ વિ સ ૧૦૪૩ ના દાનપત્રમા લખ્યુ છે

સપાદ લક્ષની ચડાઇની વાત હેમચંદ્રે કે બીજા કોઇએ નથી લખી પણ માનવા યોગ્ય છે, કારણ કે સપાદલક્ષના રાજાઓના કવિ નયચંદ્ર સૂરિએ લખેલ છે (જુઓ હમ્મીર મહાકાવ્ય સ ૨ શ્લો ૭–૯) આ કવિએ તો મૂળરાજને વિગ્રહરાજ બીજાએ માર્યો એમ લખ્યુ છે, પણ એ માનુ નથી લાગતુ

લાટના બારપ્પને હરાવ્યાની વાત હેમચંદ્રે જુદી રીતે આપી છે, પણ બારપ્પ મૂળરાજના વખતમા લાટેશ હોવાની વાત તો એના પૌત્ર કીર્તિરાજના તથા વૃદ્ધ પ્રપૌત્ર ત્રિનેત્રપાલના તામ્રપત્રથી માનવા યોગ્ય ઠરે છે

લાખાને મૂળરાજે માર્યાની વાત હેમચંદ્રે જુદી રીતે લખી છે કચ્છના લાખાને કે લાખાની સેનાને હરાવી, એટલુ તો સુ સ. (સ ૨ શ્લો ૬) મા, સુ કી ક (શ્લો ૨૪)મા, વસ્તુપાલ તેજ પાલ પ્રશસ્તિ (શ્લો ૨૮) મા તથા કી કૌ (લાખાને માર્યો સ ૨ શ્લો ૪–૫)મા કહ્યું છે, પણ સૌરાષ્ટ્રના ગ્રાહરિપુ ઉપરની ચડાઇનું લાબુ વર્ણન હેમચંદ્રે કર્યું છે (સર્ગ ૨ થી ૪) ત્યારે પ્ર ચિં મા કે સુ સ વગેરેમા તેનો ઉલ્લેખ જ નથી માત્ર ગ્રાહરિપુ માથે સિન્ધુનો રાજા હતો એમ દ્વયાશ્રય (સ ૪ શ્લો ૮૯)મા અને સિન્ધુરાજને હરાવ્યાનું સુ કી ક (શ્લો ૨૮)મા તથા વ તે પ્રશસ્તિ (શ્લો ૬)માં કહ્યું છે

મૂળરાજના ત્રણ લેખો મળ્યા છે વિ સ ૧૦૩૦ નો, ૧૦૪૩ નો અને ૧૦૫૧ નો

પરિશિષ્ટ (ઘ)

ભોજ પ્રબધના આરભ તગીકે મુજની કથા લગભગ બધા ભોજ પ્રબધોમા મળે છે એક બલ્લાલ શિવાય બધા ભોજ પ્રબધના લેખકો જૈન છે અને ભોજના પ્રબધ લેખકોમા પ્રાચીનતમ અને મોથી વધારે વિશ્વ-

પ્રકાશ બીજો

ભોજ અને ભીમના પ્રબન્ધો

હવે જે વખતે માળવામાં ભોજ રાજા રાજ્ય કરતા હતા તે વ
આ ગુજરાત દેશમાં ચૌલુક્ય કુળના રાજા ભીમ રાજ્ય કરતા હતા.

એક વખત પાછલી રાતના ભોજ રાજાએ લક્ષ્મીની ચંચલતાનો
પાણીના તરંગ જેવા પોતાના જીવનનો પોતાના મનમાં વિચાર ક
પ્રાતઃકૃત્ય કર્યા પછી દાનમંડપમાં નોકરો પાસે માગણોને બોલાવી
આવ્યું તેમ સુવર્ણના ટંકા[1] આપવા માંડ્યા.

પછી રોહક નામના તેના મહામાત્યે કોશ ખાલી થઈ જશે
કારણથી ભોજના ઉદારતારૂપી ગુણને દોષ માનીને, બીજે રીતે તો
(દાનનો પ્રવાહ) રોકી શકે એમ ન હોવાથી, સામાન્ય દરબાર ખ
થયા પછી સભાના ભારોટીઆમાં—

(૧) આપત્તિ માટે લક્ષ્મીને સાચવવી

એ પ્રમાણે ખડીથી લખ્યું, સવારે યોગ્ય વખતે એ અક્ષરો જો
કોણે લખ્યું છે એ કોઈ સેવકે ન કહ્યું ત્યારે રાજાએ જવાબમાં લખ્યું

લક્ષ્મીવાળાને આપત્તિ ક્યાંથી આવે ?

વખતે દૈવનો કોપ થાય !

એ રીતે મન્ત્રીએ લખ્યા પછી તે જોઈને રાજાએ લખ્યું કેઃ—

તો સાચવેલું પણ નાશ પામે.

ઉપર પ્રમાણે લખેલું જોઈને તે સચિવે રાજા પાસે માફી ર
લઈને પોતે લખેલું હતું એમ જાહેર કરી દીધું. પછી (રાજાએ ક
૨પાંચસો પંડિતો પણ મારા મનરૂપી હાથીને વશ રાખવા સમર્થ
મહામાત્ય જેવા યથાયોગ્ય ગરાશ ખાય છે. વળી (મારી) પોંચીમાં (
નીચેની ચાર આર્યાઓ કોતરાવી છેઃ—

(૨) જ્યાંસુધી સ્વભાવથી ચળ એવી આ સંપત્તિ છે ત્યાંસુધી ઉ
કરવાનો આ અવસર છે. ચોક્કસ આવવાની વિપત્તિ જ્યારે આવશે
તો ઉપકાર કરવાનો અવસર ક્યાંથી મળશે ?

---

૧ ટંક એ સીક્કા વાચક સામાન્ય શબ્દ છે.

૨ મૂળમા આ બે ય વાક્યો અસ્પષ્ટ છે, કદાચ કોઈ પણ હસ્તપ્રતમાં પાઠ જળવાઈ રહ્યો નથી, મતલબ ઉપર નીચેના સંબંધથી કંઈક સમન્વય કે

(૩) હે પૂર્ણિમાના ચંદ્ર! તારા કિરણોની સમૃદ્ધિથી ભુવનોને (અત્યારે) રૂપેરી કરી દે (કારણ કે) હાય, આ દુષ્ટ વિધિ કોઈને પણ એક જ સ્થિતિમાં લાંબા વખત સુધી રહેવા દઈ શકતો નથી.

(૪) હે સરોવર! જેને જરૂર હોય તેને ચાલુ પાણી આપીને ઉપકાર કરવાનો આ તારો વખત છે (કારણ કે), પછી મેઘનો ઉદય થતાં તો આ પાણી પણ સુલભ થઈ જશે.

(૫) હે કાંઠા ઉપરનાં ઝાડને તોડી પાડનારી નદી! (તારું) પૂર વેગવાળું અને ઘણું ઊંચે ચડેલું પૂર (તો) થોડા જ દિવસ રહેશે પણ તારું આ પાપ તો લાંબા વખત સુધી રહેશે

વળી —

(૬) જે સૂર્ય આથમ્યા પહેલાં અર્થીઓને ધન ન આપી દીધું તો તે ધન સવારે કોનું થશે એ જાણતો નથી

ઉપર પ્રમાણેનો જાતે રચેલો અને કાનાં અલંકાર રૂપ (એટલે કે મોઢે કરેલો) શ્લોક ઇષ્ટ મંત્ર પેઠે જપતો હું, હેમન્ત! મારા જેવા તુચ્છ કેમ ઊતરાય?

૩ વળી કોઈ બીજા અવસરે સ્વારીમાં ફરતાં ફરતાં રાજા નદીને કાંઠે પોંચ્યો, ત્યાં દારિદ્રયથી પીડાયેલા અને લાકડાનો ભારો માથે ઉપાડીને, નદીનું પાણી ઉતરીને આવતા કોઈ વિપ્રને તેણે (જોયો એટલે તેને) કહ્યું –

(૭) "ઓટલું પાણી છે વિપ્ર?"

"જાનુ બુડે નગાધિપ"

એમ વિપ્રે જવાબ આપ્યો એટલે રાજાએ કહ્યું —

"અવસ્થા કેમ આવી છે"?

અને વિપ્રે જવાબ આપ્યો —

"આપ જેવા નથી બધે"

વિપ્રના આ જવાબ પછી રાજાએ તેને જે ઇનામ આપ્યું તેની નોંધ મન્ત્રીએ ૪ધર્મવટીમાં નીચે પ્રમાણે લીધી —

(૮) લાખ, લાખ અને વળી લાખ (નાણું) અને દશ મદોન્મત્ત હાથી એટલું "જાનુ બુડે" (जानुदघ्न) કહેવાથી સંતુષ્ટ થયેલા રાજાએ (વિપ્રને) આપ્યું

૩ આ વાત અને તેમાં આવેલા શ્લોકો બલ્લાલકૃત ભોજ પ્રબંધમાં પણ છે

૪ ધર્મવટી=ધર્મવહિકા એટલે ધર્માર્થે આપેલ થતા ખર્ચનો હિસાબ રાખવાનો ચોપડો.

૪ પછી કોઇ વખતે મધરાતે અકસ્માત્ જાગી ઉઠેલા રાજાએ ગગન મંડળમાં નવા ઉગેલા ચંદ્રને જોઇને પોતાના સાહિત્ય સમુદ્રમાં આવેલી ભરતી જેવું નીચેનું અર્ધુ કાવ્ય ઉચ્ચાર્યું:—

(૯) ચંદ્રમામાં જે વાદળાના કટકા જેવું દેખાય છે તેને લોકો સસલું કહે છે પણ મને એવું નથી લાગતું.

રાજાને ઉપર પ્રમાણેનો અર્ધો શ્લોક વારંવાર બોલતા સાંભળીને રાજાના મહેલમાં ખાતર પાડીને તેજુરીવાળા ઓરડામાં પેઠેલા કોઇક ચોરે, પોતાની પ્રતિભાના જોરને ન રોકી શકવાથી, નીચે પ્રમાણે ઉપરના અર્ધા શ્લોકને પૂરો કર્યો:—

પણ હું તો, તમારા શત્રુઓની વિરહથી પીડાયેલી સ્ત્રીઓના કટાક્ષો રૂપી ઉલ્કાપાતથી પડેલાં સેંકડો ઘારાંઓથી ચંદ્રમાનું શરીર કલંકિત છે એમ માનું છું.

ઉપર પ્રમાણે બોલ્યા પછી, ચોરને પોતાના અંગરક્ષકો મારફત પકડાવી રાજાએ કેદમાં નાખ્યો અને સવારે તે ચોરને સભામાં બોલાવી રાજાએ જે ઇનામ આપ્યું તેની નોંધ કરતાં ધર્મવહી લખનારે નીચેનો શ્લોક લખ્યો:—

(૧૦) જેણે મૃત્યુની બીક છોડી દીધી હતી એવા આ ચોરને ઉપરનો અર્ધો શ્લોક રચવા માટે રાજાએ દશ કોટિ સુવર્ણ અને દાંતથી જેણે પર્વતોને ખોદી નાખ્યા છે તથા જેના મદની ગંધથી ભમરાઓ ખેંચાય છે તેવા આઠ હાથીઓ આપ્યા.

૫ વળી કોઇ વખત તે ધર્મવહી વંચાતાં પોતાને જ મોટા મનનો માનીને રાજા અભિમાની પેઠે:—

(૧૧) જે કોઇએ ન કરેલું તે મેં કર્યું છે, કોઇએ જેવું દાન ન દીધેલું તેવું દાન મેં દીધું છે, અને જે અસાધ્ય હતું તે મેં સિદ્ધ કર્યું છે, તેથી મારું ચિત્ત દુભાતું નથી.

એ પ્રમાણે વારંવાર પોતાનાં વખાણ કરવા લાગ્યો; ત્યારે કોઇ જૂના મન્ત્રીઓ રાજાનો ગર્વ ઉતારવાની ઇચ્છાથી શ્રી વિક્રમાદિત્યની ધર્મવહી રાજાને બતાવી, એ ધર્મવહીના ઉપલા ભાગમાં પહેલુંજ નીચેનું કાવ્ય હતું:—

(૧૨) આઠ કોટિ સુવર્ણ,[૭] ૯૩ તુલા× મોતી, મદની ગંધથી પ્રમત્ત

---

૫ આ ચોથો પ્રબંધ અને ૯, ૧૦ શ્લોકો ભોજ પ્રબંધમાં પણ મળે છે.

૬ જુઓ પ્રકાશ પહેલો ટિ. ૫૦

૭ સોનાના એક જાતના સીક્કાને જૂના વખતમાં સુવર્ણ કહેતા.

× એક તુલા=૪૦૦ તોલા

ભમરાઓ જેના તરફ ખેંચાય છે એવા દોષથી ઉંચી ડોકવાળા પચાસ હાથીઓ, દશ હજાર ઘોડાઓ અને વિલાસમા ચતુર એવા વારાંગનાઓ એટલું પાંચ રાજાએ દરરૂપે મોકલેલું તે વૈતાલિકને આપી દીધું

(૧૩) તમારા મુખકમળમા હમેશા સરસ્વતી વસે છે, તમારો હોઠ લાલ છે રામના વીર્યની યાદ આપતો તમારો જમણો બાહુ સમુદ્ર છે આ વાહિનીઓ (નદીઓ કે સેનાઓ) તમારા પડખાને એક ક્ષણ પણ છોડતી નથી છતા તમારી અંદર રહેલા આ સ્વચ્છ માનસમા, હે રાજા, પાણી પીવાની ઇચ્છા કેમ થાય છે* ?

આ કાવ્યના પારિતોષિકનુ વર્ણન "આઠ કોટિ સુવર્ણ" વગેરે (૧૨ મા) શ્લોકમા કરેલું છે, એમ સમજવું આ કાવ્યનો અર્થ સમજીને, તેનું (વિક્રમાદિત્યનું) ઔદાર્ય જોઇને જેનો બધો ગર્વ ગળી ગયો છે, એવા રાજાએ (ભોજે) તે ધર્મબહીને યોગ્ય રીતે પૂજીને પાછી ઠેકાણે મુકાવી દીધી

૬ (એક વખત) પ્રતીહારે વિજ્ઞપ્તિ કરી કે "સ્વામી, આપના દર્શનની ઇચ્છાથી આવેલું એક સરસ્વતી કુટુમ્બ દરવાજે ઉભુ છે" "તરત અંદર લઇ આવો" એમ રાજાએ આજ્ઞા કરવાથી તે કુટુમ્બમાથી પહેલી અંદર પેઠેલી દાસીએ રાજાને કહ્યું —

(૧૪) બાપ વિદ્વાન્ છે, બાપનો પુત્ર વિદ્વાન્ છે, મા વિદુષી છે, માની પુત્ર વધૂ પણ વિદૂષી છે, અને બિચારી કાણી દાસી પણ વિદુષી છે, માટે હે રાજા ! આ વિદ્વત્કુટુમ્બ છે એમ માનું છુ

આ પ્રમાણેના તે દાસીના પ્રહસનમય વચનથી જરા હસીને રાજાએ તે કુટુમ્બના વડિલને નીચેનું સમસ્યા પદ આપ્યુ —

સાર લેવો અમારથી.

(૧૫) વિત્તનો સાર દાન આપવુ તે, આયુષ્યનો સાર કીર્તિ અને ધર્મ, અને દારીરનો સાર પરોપકાર કરવો તે, આ રીતે અમારમાથી સાર લેવો

પછી રાજાએ તેના પુત્રને નીચેના બે પદો સમસ્યાપૂર્તિ માટે આપ્યાં

હિમાલય નામનો પર્વતરાજ અને વિરહાતુર મેના

---

*આ શ્લોકમા દ્વિઅર્થી શબ્દો વાપરીને વિરોધાભાસ બતાવ્યો છે પહેલી પંક્તિમા આવેલો સરસ્વતી શબ્દ નદીના નામ રૂપે પ્રસિદ્ધ છે ગોણ નદીનુ નામ છે, બીજી પંક્તિના સમુદ્ર શબ્દનો એક અર્થ દરીઓ અને બીજો મુદ્રાઓવાળો, વાહિનીઓ– નદીઓ કે સેનાઓ, માનસ–માનસ સરોવર કે મન.

(૧૬) તમારા પ્રતાપરૂપ અગ્નિથી હિમાલય નામનો પર્વતરાજ બળવા લાગ્યો. અને વિરહાતુર મેના (હિમાલયની સ્ત્રી)એ પ્રવાલની શય્યામાં પોતાના શરીરને નાખ્યું.

ઉપર પ્રમાણે સમસ્યા પૂરી થયા પછી વડિલની પત્નીને 'કયા મુખને દુધ પાઉં'? એ પ્રમાણે સમસ્યા આપી અને તેણે તેની નીચે પ્રમાણે પૂર્તિ કરીઃ-

(૧૭) જ્યારે રાવણ જનમીયો, દશ મુખ એક શરીર!
જનની મનમાં ચિતવે, કયા મુખને દુધ પાઉં?

પછી દાસીને "લટકું ક્યાંને કંઠ?" એ પ્રમાણે સમસ્યા આપી અને તેણે નીચે પ્રમાણે પૂરી કરીઃ—

(૧૮) વિરહે ક્રોધ કરીને, કાઢી મુક્યો મેં કથ
સખિ અચરજ મુને થતું, લટકું ક્યાંને કંઠ?

પછી બધાંને સત્કાર કરીને જવા દીધાં. માત્ર (તે વિદ્વત્કુટુંબની) દીકરીને રાજા ભૂલી ગયો. અને પ્રદિવાને આમને રજા આપ્યા પછી માથે રાજછત્ર ધારણ કરીને અગાશીમાં ફરતા રાજાને પાસવાને તે કુટુંબની દીકરી સંબંધી વૃત્તાંત નિવેદન કર્યો એટલે રાજાએ તેને "બોલો" એમ કહ્યું, ત્યારે તેણે નીચે પ્રમાણે શ્લોક કહ્યોઃ—

(૧૯) હે રાજા ભોજ! હે કુલદીપક, હે સર્વ રાજાઓના મુકુટમણિ, તમારા આ ભુવનમાં રાત્રે પણ માથે છત્રી રાખીને તમે ફરો છો તે યોગ્યજ છે. કારણ કે તમારું મુખ જોઇને શરમથી ચંદ્રમા બોઠો ન પડે અને ભગવતી અરૂંધતી દુશ્ચરિત્રનું પાત્ર ન થાય એમ તમારી ઇચ્છા છે.

ઉપર પ્રમાણેના તેના વચન પછી તેના સૌન્દર્યથી જેનું ચિત્ત હરાયું છે એવા રાજાએ તેને પરણીને રાણી બનાવી.

પછી એક વખત બે રાજ્યો વચ્ચે ૮સુલેહ હોવા છતાં સંધિમાં દૂષણ ઉત્પન્ન કરવા માટે ભીમરાજાએ ગુજરાતની વિદ્વતા જાણવાની ઇચ્છાથી ૯સાન્ધિ વિગ્રહિકના હાથમાં નીચેની ગાથા આપીને તેને ભીમ તરફ મોકલ્યો.

× મૂળમાં **सर्वावसर** શબ્દ છે તેનો અર્થ દિવાને આમ જોવો કરવો જોઇએ એમ ટોની પ્ર. ચિ. ના અંગ્રેજી ભાષાંતરમાં કહે છે તે યથાર્થ લાગે છે.

૮ મૂળમાં ચમલપત્ર શબ્દ છે તેની મતલબ સુલેહ કે સુલેહના કરાર જેવી લાગે છે. ટોનીએ league of friendship અર્થ કર્યો છે.

૯ મૂળના સાન્ધિ વિગ્રહિક શબ્દનો અર્થ એલચી જેવો લાગે છે. રાજાના મંત્રી મંડળમાં સાંધિ વિગ્રહિકની પણ ગણત્રી હતી, એમ ઉત્કીર્ણ લેખો તથા અર્થશાસ્ત્રના ગ્રન્થો જોતાં જણાય છે.

(૨૦) જેણે સહેલાઈથી ગજેન્દ્રોના કુંભને તોડી નાખવાનો પ્રતાપ બતાવ્યો છે, એવા સિંહને મૃગલા સાથે સંધિ પણ શાની અને વિગ્રહ પણ શાનો ?

ઉપરની ગાથાની જવાબરૂપ ગાથા માટે ભીમે માગણી કરી અને બધા મહાકવિઓની જુદી જુદી ગાથા રચનાઓને ક્ષુદ્ર ગણગણાટરૂપ ગણીને

(૨૧) ×અંધકના પુત્રોના કાળરૂપે ભીમને વિધિએ ઉત્પન્ન કર્યો છે, જે ભીમે જો શત્રુઓને ન ગણ્યા તેને તમારી એકની શું ગણત્રી ?

ઉપર પ્રમાણેની ચિત્તમાં ચમત્કાર ઉપજાવે એવી ગોવિન્દાચાર્યની ગાથાને તે પ્રધાન (સાન્ધિવિગ્રહિક) ના હાથમાં આપીને સન્ધિનું દૂષણ દૂર કર્યું

વળી એક વખત પ્રતિહારે જાહેર કરેલા કોઈ પુરુષે સભામાં આવીને શ્રી ભોજને કહ્યું —

(૨૨) મારી માને મારાથી સંતોષ નથી કે દીકરાની (મારી) વહુથી સંતોષ નથી, અને દીકરાની વહુને તેની સાસુથી કે મારાથી સંતોષ નથી અને મને તે નમ્ર હોવા છતાં મારી પત્નીથી સંતોષ નથી, હે રાજન્ આમાં કોનો દોષ ?

ઉપર પ્રમાણેનું તેનું વાક્ય સાંભળીને તેની આજન્મ દરિદ્રતાને દૂર કરે એવું પાણ્ડિત્યપૂર્ણ જણાયું[૧૦]

૯ એક વખત શીતની ઋતુમાં રાતે[૧૧] વીરચર્યાથી ફરતા ગાળામાં એક દેવમંદિરની આગળ કોઈક પુરુષને નીચેનો શ્લોક –

(૨૩) ટાઢથી અડદની શિંગ પેઠે હું કુંજાઈ ગયો છું અને ચિન્તારૂપ સમુદ્રમાં ડૂબી ગયો છું, હોઠ ફાટ્યા છે, શ્વાસની ધમણ ચાલે છે, ભૂખથી મારું પેટ દડું ઉતરી ગયું છે (તાપવા માટેનો) અગ્નિ કરી ગયો છે, અપમાન પામેલી પ્રિયા પેઠે ઉંઘ મને છોડીને ક્યાંક ચાલી ગઈ છે, પણ સત્પાત્રને આપેલી લક્ષ્મી પેઠે આ રાત ક્ષીણ થતી નથી

× આ શ્લોકનો અંધક એટલે ધૃતરાષ્ટ્ર અને ભીમ તે પાંડુ પુત્ર ભીમ જેણે ધૃતરાષ્ટ્રના પુત્રોને માર્યા હતા.

૧૦ આ વાત તથા ૨૨ મો શ્લોક ભોજ પ્રબંધમાં પણ છે પણ નવમો પ્રબંધ અને ૨૩, ૨૪ ૨૫ શ્લોકો પણ ભો૰ પ્રબંધમાં મળે છે

૧૧ જૂના વખતમાં રાજાઓ વેષ પલટો કરીને પ્રજાના સુખ દુઃખ જાણવા માટે રાતે ફરવા નીકળતા તે વીરચર્યા

બોલતો સાંભળીને રાત પૂરી થયા પછી સવારે તેને બોલાવીને "તમે બાકીની રાતમાં અતિ ટાઢની પીડા કેવી રીતે સહન કરી?" એમ રાતમાં કહેલો શ્લોક સંભળાવીને રાજાએ પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે હે સ્વામી, "ત્રણ જાડાં કપડાંના બળથી હું ટાઢ સહન કરું છું" ત્યારે રાજાએ ફરી પૂછ્યું કે "એ તારાં ત્રણ કપડાં શું છે?" એટલે તેણે જવાબ આપ્યો કે—

(૨૪) રાતે ગોઠણ, દિવસે સૂરજ, અને બેય સંધ્યા વખતે અગ્નિ, આ રીતે હે રાજા મેં ગોઠણ, સૂર્ય અને અગ્નિથી ટાઢ ઉડાડી.

તેણે ઉપર પ્રમાણે કહ્યું એટલે રાજાએ ત્રણ લાખ આપીને તેને સંતુષ્ટ કર્યો.

(૨૫) તમે હાલમાં જન્મ ધરીને ત્યાગના માર્ગથી સત્પુરૂષોના ચિત્તરૂપી કેદખાનામાંથી બલિ, કર્ણ વગેરેને છોડાવ્યા છે. (મતલબકે સત્પુરૂષોના મનમાં આજસુધી બલિ કર્ણ વગેરેનું જ દાતા તરીકે સ્થાન હતું તે હવે તમે લીધું છે.)

આ પ્રમાણે સરસ્વતીની પ્રસાદીવાળા ઉદ્ગારના વેગવાળો એને જોઇને તેનું પારિતોષિક આપવામાં પોતાને અસમર્થ ગણીને રાજાએ તેને રોકીને પાછો વાળ્યો.

૧૦ એક વખત રાજા સ્વારીમાં હાથી ઉપર બેસીને શહેરમાં ફરતો હતો. ત્યાં કોઇક દરિદ્રને જમીન ઉપરથી દાણા વીણતો જોઇને તે અર્ધકવિ [૧૨](રાજા)એ નીચેનો અર્ધો શ્લોક કહ્યો.

(૨૬) પોતાનું પેટ ભરવાને પણ જેઓ અશક્ત છે, તેઓના જન્મવાથી શું ?

તેના જવાબમાં તે દરિદ્રે કહ્યું:—જેઓ સમર્થ હોવા છતાં પરોપકાર કરતા નથી તેઓના જન્મવાથી પણ શું ફળ છે ?

(૨૭) વળી રાજાએ કહ્યું:—બીજાઓ પાસે માગવામાં પ્રવૃત્તિવાળા માણસને હે માતા, જન્માવીશ માં.

ઉપરના રાજાના વાકયનો તેણે નીચે પ્રમાણે જવાબ આપ્યો—

---

૧૨ ભોજ રાજાને મેરૂતુંગ અર્ધ કવિ શા માટે કહે છે તે બરાબર સમજાતું નથી, ટોનીએ અર્ધકવિના ને ઠેકાણે અર્ધકવિતા પાઠ કલ્પ્યો છે પણ પૂર્વાર્દ્ધે શબ્દ છે તેથી એ પાઠ કલ્પના સાચી નથી લાગતી. પણ આ રીતે સમસ્યા પૂર્તિ માટે કવિતાના એક બે પદો રચી શકે તે અર્ધકવિ એમ મતલબ લાગે છે.

હે પૃથ્વી ! જે બીજાની માગણીને નથી સંતોષતો તેવાને તું ધારણ કરીશ મા

એટલે ગાળાએ "તમે કોણ છો" એમ પૂછયું અને તેણે જવાબ આપ્યો કે "હું રાજશેખર છું, પણ તમારા શહેરના મુખીઓને લીધે તમારા વિવિધ વિદ્વાનોની ઘેરી હારમાં હું બીજી રીતે પેસી ન શકયો એટલે સ્વામીના દર્શનની ઇચ્છાથી આવો પ્રપંચ કર્યો " પછી તેને યોગ્ય સંભાવનાથી ગાળાએ ખુશી કર્યો એટલે—

(૨૮) જે સરોવરમાં (પાણી સુકાઈ જવાથી) મરેલા જેવા દેડકાઓ ખાડાઓમાં ભરાઈને પડયા હતા, કાચબાઓ જમીનમાં પેસી ગયા હતા, મોટા માછલાંઓ ગારામાં આળોટી આળોટીને મૂર્છા ખાઈને પડયા હતા તે જ સરોવરમાં, અકાલજલદે (વખત વગર આવેલા વરસાદે) ઉન્નત થઈને એવું કામ કર્યું કે હવે કુંભસ્થળ સુધી ડુબેલા જંગલી હાથીઓના ટોળા પાણી પીએ છે—

ઉપર પ્રમાણે અકાલજલ [૧૩]રાજશેખરની ઉક્તિ થઈ

૧૧ એક વરસ વરસાદ ન થવાથી (ગુજરાતમાં) ખડ અને દાણા મળતા નહોતા અને ભીમના [૧૪]સ્થાન પુરુષોએ (ગુજરાત ઉપર) ભોજ ચડી આવે છે એવા ખબર આપ્યા એટલે રાજા ભીમ ચિંતામાં પડી ગયા અનેતેણે [૧૫]ડામર નામના સાન્ધિવિગ્રહકને કહ્યું કે ગમે તે દંડ આપીને પણ આ વર્ષે

× અહીં અકાલ જલદના બે અર્થ છે (૧) વખત વગર આવેલો વરસાદ અને બીજો અકાલજલદ રાજશેખર નામનો કવિ કહેવાની મતલબ એમ લાગે છે કે અકાળે આકાશના ચડી આવેલા વરસાદે જેમ પાણી વગરના સરોવરને પાણીથી ભરી દીધું તેમ રાજશેખર કવિએ ભોજની કૃપાથી ઉન્નતિ મેળવીને પોતાના કુટુંબને સુખી કરી દીધું

૧૩ રાજશેખર નામના એક મહાકવિ સંસ્કૃત સાહિત્યમાં પ્રસિદ્ધ છે, તેણે કર્પૂરમંજરી, બાલ રામાયણ, બાલભારત વગેરે ગ્રંથો લખ્યા છે આ ' અકાલ જલદ રાજશેખર ' થી જો આ કવિ વિવક્ષિત હોય તો એ કનોજના રાજા મહેન્દ્રપાલ વિ સ ૯૫૬ થી ૯૬૯) અને મહીપાલ (વિ સ ૯૬૯ થી આગળ) ના સમકાલિન હતા (જુઓ Duff's chronology of India p 283 તથા નાગરી પ્રચારિણી પત્રિકા ભા ૬ અ ૪ પૃ ૩૩૦) એટલે એ કવિ ભોજ રાજા (વિ સ ૧૦૧૦-૧૫ થી ૧૧૧૦) પહેલા લગભગ સો વરસ થઈ ગયા

૧૪ સ્થાન પુરુષ એટલે સરહદને અડીને આવેલા પરદેશોમાં મુકેલા જાસુસો.

૧૫ મેરુતુંગનો આ ડામર ઐતિહાસિક પુરુષ લાગે છે, દ્વયાશ્રયમાં ભીમના દૂત તરીકે જે દામોદરનું નામ છે (જુઓ સ ૯) તે આ ડામરજ હોવો જોઇએ, દામો

ભોજને ગુજરાત ઉપર ન આવવા દેવો. આ પ્રમાણે રાજાની આજ્ઞા થવાથી તે [ડામર] ત્યાં (ભોજની રાજધાનીમાં) ગયો અને તે અત્યંત કટુપા પણ પારકાનું ચિત્ત જાણવામાં કુશળ ડામરને ભોજે નીચે પ્રમાણે કહ્યું—

(૨૯) (ભોજે પૂછયું)—"તમારા રાજા પાસે સન્ધિવિગ્રહના કામ ઉપર કેટલાક દૂતો છે તે કહો" (ડામરે જવાબ આપ્યો)—"હે માલવરાજ! ત્યાં તો મારા જેવા ઘણા છે. પણ તેઓ ત્રણ પ્રકારના છે અને સામાના અધમ, મધ્યમ, તથા ઉત્તમ ગુણને જોઈને તેને અનુરૂપ માણસોને મોકલવામાં આવે છે." અંદરથી હસીને તેણે (ડામરે) આપેલા આ જવાબથી ધારાના રાજા ખુશી થયા.

ઉપર પ્રમાણે તેના વચનની ચતુરતાથી આશ્ચર્ય સાથે ખુશી થયેલા રાજાએ ગુજરાત તરફ પ્રયાણ માટે ઢોલ વગડાવ્યો. પ્રયાણના આરંભ વખતે એક ચારણ કવિએ નીચે પ્રમાણે સ્તુતિ કરી:—

(૩૦) ચોલદેશનો રાજા સમુદ્રના ખોળામાં પેસી જાય છે, આન્ધ્રનો રાજા પર્વતની ગુફામાં વસે છે; કર્ણાટકનો રાજા પાઘડી નથી બાંધતો, ગુજરાતનો રાજા ઝરણાંઓને સેવે છે, ચેદીનો રાજા અસ્ત્રો ચાટે છે, અને રાજાઓમાં સુભટ એવો કાન્યકુબ્જનો રાજાપણ કૂબડો થઇ પડયો છે. હે ભોજરાજ તમારા લશ્કરની હિલચાલના ભયના ખોળથી બધા રાજાઓ વ્યાકુળ થઇ ગયા છે.

(૩૧) કોંકણનો રાજા ખુણામાં ભરાઇને સુવે છે, લાટનો રાજા બારણા પાસે સુવે છે, કલિંગનો રાજા આંગણામાં સુવે છે, હે કોશલના રાજા! તું તો નવો છો, પણ મારો પિતા પણ અહિજ ચોગાનમાં રહેતા હતા. આ રીતે (માળવાના) કેદખાનામાં રાતે પથારી કરવા માટે સ્થાન મેળવવા સારૂ રાજાઓ વચ્ચે ઝગડો થયો છે.

પ્રયાણના ઢોલ વગડાવ્યા પછી સમસ્તરાજવિડંબન નામનું નાટક ભજવાતું હતું, તેમાં કોઇક રાજાએ ક્રોધમાં આવીને કેદખાનાની અંદર સારૂં સ્થાન રોકીને બેઠેલા તૈલિપરાજાને ઉઠાડયો ત્યારે તેણે કહ્યું "હું તો

દરના નામથી થોડા સુભાષિતો પણ સુભાષિત સંગ્રહોમા મળે છે, એટલે મેરૂતુંગે કરેલાં એની ચતુરતાના વખાણને ટેકો મળે છે. પ્રબંધ ચિંતામણિની અમુક પ્રતોમાં આ ડામરને નાગર જ્ઞાતિનો કહ્યો છે. (જુઓ મૂળમા ટિપ્પણીમાં આપેલું પાઠાંતર) એ ડામરની ચતુરતાની ઘણી વાતો જૂના વખતમાં પ્રચલિત હશે એમ લાગે છે પ્રે. ચિં. ની જુદી જુદી પ્રતોમાં ન્યૂનાધિક વાતો મળે છે. અને રત્નમંદિર ગણિના ભોજ પ્રબંધમાં પણ કેટલીક વધારે વાતો છે.

અહિં વંશપરંપરાથી રહું છું એ તમારા જેવા આગન્તુકના કહેવાથી મારૂ સ્થાન કેમ છોડું ?" આ સાંભળીને (નાટક જોતા) રાજા ભોજે ઉભા થઈને ડામર આગળ નાટકમા ઉતરેલા રસની પ્રશંસા કરી ત્યારે ડામરે કહ્યું "દેવ, રસ ખૂબ ઉતર્યો છે, પણ કથાનાયકના વૃત્તાન્ત સમજ્યા વગર નટનું અજ્ઞાન ધિક્કારવા યોગ્ય છે કારણકે શ્રી તૈલિપ રાજા ચૂલમા પરોવેલા મુંજરાજાના માથાથી ઓળખાય" (અહીં એ નથી તેથી નથી ઓળખાતો) આ રીતે સભા સમક્ષ ડામરે કહ્યું એટલે તેના તિરસ્કારથી ક્રોધમા આવીને કોઈ વખત ન કરેલી એવી તૈયારી સાથે એજ વખતે તિલંગેશ તરફ પ્રયાણ કર્યું

પછી [૧૬]તૈલિપદેવનું મોટું લશ્કર આવતું સાંભળીને વ્યાકુળ થયેલા ભોજ પાસે ડામર આવ્યો અને રાજા (ભીમ)નો કલ્પિત સંદેશો બતાવીને ભોગપુર પાસે ભીમ આવેલ છે એમ કહ્યું

ધારામા ક્ષાર મુક્યા જેવી ડામરની તે વાતથી બેચાકળા થઈ ગયેલા શ્રી ભોજરાજાએ "તમારે, ગમે તેમ કરીને તમારા રાજાને આ વર્ષ ચડી આવતા રોકવો" એ રીતે ડામરને વારંવાર દીનતા સાથે કહેવાથી, વખત સમજનાર ડામરે ભોજરાજા પાસેથી હાથણી સાથે એક હાથી ભેટરૂપે લઈને પાટણમા શ્રી ભીમને સંતોષ પમાડ્યો [૧૭]

---

૧૬ તૈલિપને આ રીતે ભોજનો સમકાલિન મેરૂતુંગ કહે છે તે ભૂલભર છે, કારણ કે ભોજના ગાદીએ બેઠા પહેલા જ તૈલિપ વિ સ ૧૦૫૩ મા મરણ પામ્યો હતો રાજવલ્લભે તો લખ્યું છે કે ભોજે મુંજની વિધવા કુસુમવતી (તૈલપની બહેન)ને મરદાની પોષાકમા સાથે લઈ તૈલપ ઉપર ચડાઈ કરી તેને હરાવી કેદ કરી મારી નાખ્યો પણ એ કલ્પિત કથા છે

૧૭ ડામર સંબંધી પ્ર ચિ ની બીજી પ્રતોમા ઉપર ઉતારેલ છે તે ઉપરાંત કેટલીક વાતો છે (જે મૂળમા ટિપ્પણીમા ઉતારી છે) તેનો સાર નીચે આપ્યો છે, (૧) શ્રી ભોજરાજા ગુજરાત ઉપર પ્રસ્થાન કરીને ઉજ્જૈન નાખેલા તબુમા જ્યારે ડામરને મળ્યા ત્યારે તેણે પૂછ્યું કે "ભીમડીયો (રાજા ભીમ) નામનો દુર્જન શું કરે છે ? ત્યારે ડામરે જવાબ આપ્યો કે "ભીમ રાજાઓનુ માથું મુંડ્યું છે અને એકનું પગાળી રાખ્યું છે તે હવે મુંડશે" આ જવાબથી રાજા ચમત્કાર પામ્યો પછી રાજભુવનમા રાજવિડંબન નામનું નાટક ભજવાતું હતું તેમા ડામરનો સ્વામી (ભીમ) કર્ણાટકના રાજાની ખુશામત કરતો બતાવવામા આવ્યો હતો, એ જોઈને ડામરે કહ્યું "હે ભોજરાજા, જો મારો રાજા કર્ણાટકના રાજાના હાથથી બચાનો હોય તો એના હાથમા મુંજનું માથું કેમ નથી ? આ વાક્યથી આગળનું વૈર યાદ આવતા ગુજરાત દેશ છોડી દઈને ભોજે કર્ણાટક તરફ પ્રયાણ કર્યું ત્યારે ડામરે ભોજને કહ્યું –

૧૨ એક વખત ધર્મશાસ્ત્ર સાંભળતાં, અર્જુનના ૧૮રાધાવેધની વાત સાંભળીને અભ્યાસને શું મુશ્કેલ છે ? એમ વિચારીને, સતત અભ્યાસ કરીને સર્વના દેખતાં રાધાવેધ કર્યો અને નગરમાં ૧૯હાટની શોભા કરાવી. તેની એક ધાંચી અને એક દરજીએ અવજ્ઞા કરીને ઉત્સવ ન કર્યો, અને શ્રીભોજરાજને (નીચે પ્રમાણે) કારણ દર્શાવ્યું. ધાંચીએ અગાશી ઉપરથી છેક જમીન ઉપર મુકેલા સાંકડા મોઢાના માટીના વાસણમાં તેલની ધાર બરાબર નાખી દીધી. અને દરજીએ જમીન ઉપર ઉભા રહીને આકાશમાંથી

"હે ભોજરૂપી સૂર્ય તમે બરોબર પૂર્વ દિશામાં જ શોભો છો, પશ્ચિમ દિશામાં જવાથી સૂર (સૂર્ય) પણ હલકો પડે છે."

(૨) વળી એક વખત શ્રી ભીમ રાજા માલવમંડળમા ડામરને મોકલ્યા પહેલાં એને ત્યા કેમ વર્તવું તે શીખવવા મંડયા. વાત પુરી થયા પછી ડામરે ત્યાજ પછેડી ખંખેરી નાખી, ભીમને કહ્યુ "તમારૂં શીખવેલું આદ્યાંત મુકી જઉં છું. કારણકે ત્યાં જઇને હું વખત જોઇને જે સૂઝશે તે બોલીશ. બીજાએ શીખવેલુ કેટલું કામ આવે ?" પછી રાજાએ સમયસર બોલવાની તેની ચાતુરી જોવા માટે એક ડાબલાને ગુપ્ત રીતે રાખથી ભરીને ભોજની સભા શિવાય બીજે કયાંક ન ઉઘાડવો એમ કહીને આપ્યો. પછી ડામરે માળવાની ભોજસભામાં જઇને તે ઘણાં કપડાંથી વીંટેલો ડાબલો લાવીને ભોજ આગળ મુકયો. ભોજ રાજા ઉઘાડીને જુએ ત્યા અંદર રાખ ભરેલી. એટલે ભોજે પૂછ્યું કે આ તે કેવી ભેટ ? તરત બુદ્ધિવાળા ડામરે જવાબ આપ્યો કે 'દેવ શ્રી ભીમે કોટિહોમ કરાવ્યો હતો. તેની આ તીર્થભૂત રક્ષા છે અને પ્રીતિથી આપને ભેટ મોકલી છે." આ જવાબથી ખુશી થયેલા રાજાએ પોતાને હાથે બધાને રક્ષા આપી. બધાએ તિલક કર્યું. અંતઃપુરમા પણ મોકલી. પછી સન્માન પામીને સામી ભેટ સાથે ડામર પાછો આવ્યો, અને એ વૃત્તાન્ત જાણીને ભીમે પણ માન આપ્યું.

(૩) વળી કૌતુક જોવાની મરજીથી ભીમે સીલ કરેલો લેખ આપીને તેને માળવે મોકલ્યો. તેણે ભેટ સાથેનો લેખ ભોજને આપ્યો. ભોજે ઉઘાડીને વાંચ્યું ત્યા 'આને તરત મારી નાખવો.' એમ અંદર લખેલું હતું. એટલે આશ્ચર્ય ચકિત રાજાએ પૂછ્યું 'આ શું લખ્યુ છે ?' અને તરત બુદ્ધિવાળા ડામરે જવાબ આપ્યો કે "મારી જન્મ પત્રિકામા જ્યા મારૂં લોહી પડે ત્યાં બાર વર્ષનો દુકાળ પડે એમ લખેલું છે, માટે પોતાના દેશનો વિનાશ ન થાય એ હેતુથી ભીમે મને અહીં મોકલ્યો છે. હવે તમે જેમ યોગ્ય લાગે તેમ કરો."–રાજાએ તેને મારવાની ના પાડી અને સન્માન સાથે પાછો મોકલ્યો. ત્યા ભીમે તેની બુદ્ધિ માટે તેને બહુ માન આપ્યું.

૧૮ દ્રૌપદી સ્વયંવરમાં અર્જુનના મત્સ્યવેધ નામથી ઓળખાય છે તે જ આ રાધાવેધ હશે.

૧૯ હાટની શોભા કરાવી એટલે રાધાવેધ કર્યો એ માટે બજાર શણગારવાનો હુકમ કર્યો.

પડતી સોયના કાણામા દોરો પરોવી દીધો અને આ રીતે પોતાના અભ્યાસની કુશળતા દર્શાવી ગજ્જને શક્તિ હોય તો એ પ્રમાણે કરી બતાવવા કહ્યું અને એ રીતે રાજાનો ગર્વ દૂર કર્યો

(૩૨) હે ભોજરાજા, હું રાધાવેધનુ કારણ સમજી ગયો છુ ધાગથી જે વિપરીત (રાધા) હોય તે તમારાથી સહન થતું નથી

૧૩ વિદ્વાનો જેની ઉપર પ્રમાણે પ્રશંસા કરતા હતા તે ભોજરાજાએ નવુ નગર વસાવવાની ઇચ્છાથી પડો વગડાવ્યો, ત્યારે ધારા નામની વેશ્યાએ અગ્નિ વેતાલ નામના પોતાના પતિ માથે લકામા જઇને તે શહેરની રચના જોઇને પાછા આવી " મારૂ નામ નવા શહેરને આપવુ " એમ કહીને તે શહેરનો નકશો આપ્યો અને ભોજે ધારાનગરને વસાવ્યુ [૨૦]

૧૪ એક દિવસ માજનો દિવાને આમ ખલાસ થયા પછી રાજા પોતાના શહેરની અદર ફરતો હતો ત્યા —

(૩૩) આ જન્મતો વૃથા ગયો, (કારણકે) હુ નગ્ન છુ, ભડવીરની તરવાર ન ભાગી, સ્ત્રીઓના તીખા કટાક્ષો ન માણ્યા કે ગોગેને ગળે ન લગાડી

ઉપર પ્રમાણે કોઇક દિગમ્બરને બોલતો સાભળીને સવારે તેને બોલાવ્યો, અને ગતે તેણે બોલેલુ વચન સભળાવી તેનામા કવી શક્તિ છે તે પૂછ્યુ ત્યારે તેણે જવાબ આપ્યો કે —

(૩૪) હે દેવ, દીવાળી આવતા અને હાથીઓના ગડ સ્થળમાથી મદ ઝરવા માડતા, ગૌડ દેશ સાથે દક્ષિણાપથને એક છત્ર નીચે આણી દઉ !

ઉપર પ્રમાણે પોતાનુ સામર્થ્ય દર્શાવવાથી રાજાએ તેને સેનાપતિના પદ ઉપર નીમ્યો અને સિન્ધુ દેશનો વિજય કરવામા શ્રી ભીમ રોકાયો હતો ત્યા તે દિગમ્બર બધા સામતો માથે અણહિલપુર ઉપર ચડી ગયો અને અણહિલપુરને ભાગીને તેના ધવલગૃહ (રાજમહેલ)ના ઘડી મૂકના

---

૨૦ જો કે મેરૂતુગે ઉપર આપેલી કથા નિ સાર છે પણ ભોજ પ્રબંધેલા માલવાના રાજાઓની રાજધાની ઉજ્જૈનમા હતી અને ભોજે ધારાનગરી વસાવી તેમા રાજધાની કરી એટલુ ઐતિહાસિક તત્વ એ વાતમા લાગે છે. (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ ભા ૧ પૃ ૧૧૨)

૨૧ ભોજની એકાદ વખતની ચડાઇ શ્રી ભીમે મેરૂતુગ ભીમ પાસે કહેવરાવે છે તેમ દંડ આપીને કે ડામર જેવા એલચીની ચતુરાઇથી પાછી વાળી દેવાનો સભવ છે પણ પછી ભોજે પાટણ એક વખત જીતવુજ હશે એમ લાગે છે ભીમની સિન્ધ ઉપરની ચડાઇનો ઉલ્લેખ હેમચંદ્રે કર્યો છે (દ્વયાશ્રયસ ૮)

દ્વાર આગળ કોડીઓ દાટીને જયપત્ર લીધું. તે વખતથી કુલચન્દ્ર લુંટી ગયો એવી આખા જગત્માં ખ્યાતિ થઇ. પછી કુલચન્દ્ર જયપત્ર લઇને માળવે ગયો અને તે વૃત્તાન્ત ભોજને કહ્યો ત્યારે શ્રી સરસ્વતીકંઠાભરણ ભોજે કહ્યું કે "તમે અંગારા કેમ ન દાટયા ? આતો માળવાનું ઉખરાણું (કર) ગુજરાતમાં જશે."

૧૬ એક વખત ચાંદનીમાં બેઠેલા શ્રીભોજે પાસે બેઠેલા કુલચન્દ્રના સાંભળતાં પૂર્ણ ચંદ્રમંડળને જોઇને નીચેનો અર્ધો શ્લોક કહ્યો.

(૩૫) જેઓ વ્હાલી સ્ત્રી સાથે આખી રાતને એક ક્ષણ પેઠે પસાર કરે છે તેઓને ચંદ્રમા શીતળ કિરણવાળો જણાય છે. પણ વિરહીઓને ઉખાડીઆ જેવો સંતાપ કરનાર લાગે છે.

આ અર્ધો શ્લોક અર્ધકવિએ (ભોજે) કહેતાં કુલચન્દ્રે કહ્યું:—

અમારે તો વલ્લભાએ નથી, અને વિરહે નથી. તેથી ઉભય ભ્રષ્ટ અમારે તો ચન્દ્રમા અરીસા જેવો શોભે છે; એ નથી શીતળ કે નથી ઉષ્ણ.

ઉપર પ્રમાણેની તેની ઉક્તિ પછી રાજાએ એક સારી સ્ત્રી તેને ભેટ આપી.૨૨

૧૭ પછી ડામરનામનો સાન્ધિવિગ્રહિક માલવ મંડળમાંથી ગુજરાતમાં ગયો ત્યારે તેણે ભોજની સભાનું વર્ણન કરતાં ત્યાં મોટું આશ્ચર્ય ઉત્પન્ન થયું, અને ભોજની સભામાં જઇને શ્રી ભીમના અતિશય રૂપનું વર્ણન કરતાં ભીમને જોવાનું ભોજને મન થયું. અને તેણે ડામરને કહ્યું કે "ભીમને અહી લઇ આવો અથવા મને ત્યાં લઇ જાઓ." બીજી તરફથી માળવાની સભા જોવાની ઉત્કંઠાથી ભીમે પણ એમજ કહ્યું. એટલે એક વરસ યુક્તિઓ જાણનાર ડામર મોટી ભેટો લઇને પાનનો કરંડીઓ ઉપાડનાર બ્રાહ્મણના વેષમાં ભીમને સાથે લઇને ભોજની સભામાં ગયો અને પ્રણામ કર્યા. ભોજે ભીમને લઇ આવવાની વાત કહી. ત્યારે તેણે વિનતી કરી કે "દેવ ! રાજાઓ સ્વતંત્ર છે, એની પાસે ઇષ્ટ કાર્ય કોણ પરાણે કરાવી શકે ? માટે આપે આ ખોટી આશા ન રાખવી." ડામરે આમ કહ્યું એટલે શ્રીભીમનાં અવસ્થા, રંગ, આકૃતિ કેના જેવાં છે એમ ભોજે પૂછ્યું ત્યારે ડામરે પાનનો કરંડીઓ ઉપાડનારને બતાવીને સભાસદો તરફ જોઇને કહ્યું કે "હે દેવ:—

---

૨૨ કુલચન્દ્ર સંબંધીના પ્ર. ચિં. ના આ વૃત્તાન્તમાં દિગંબર દ્વેષની ગંધ આવે છે. એક પ્રતમા વારાગના પાઠ છે તે સાચો હોય તો વેશ્યા આપી, એવો અર્થ થાય; રાજાઓ આ રીતે વેશ્યાને આપે એવી પ્રથા જૂના કાળમા હતી.

(૩૬) આજ આકૃતિ, આ વર્ણ, આ રૂપ અને આજ ઉમ્મર, પણ આની અને રાજની વચ્ચે કાચ અને ચિન્તામણિ જેટલો ફેર છે

ઉપર પ્રમાણે ડામરે કહ્યું એટલે ચતુર ચક્રવર્તી ભોજરાજા તે (પાન ઉપાડનાર)ના સામુદ્રિક લક્ષણો જોવા લાગ્યા અને એ કામમા ભોજની સ્થિર દૃષ્ટિ જોઇને રાજા (શુ વિચાર કરે છે તે)નો વિચાર જાણીને તે સાન્ધિવિગ્રહિકે ભેટની વસ્તુઓ લઇ આવવા માટે તે (પાનનો કરંડીયો ઉપાડનાર) ને મોકલી દીધો અને આ વસ્તુઓ લઈ અવાતી હતી ત્યારે તે તે વસ્તુના ગુણના વર્ણનમા તથા બીજી વાતોમા ઘણો વખત નીકળી ગયા પછી રાજાએ "હજી પાનનો કરંડીઓ ઉપાડનાર કેમ નથી આવતો ?" એમ પૂછતા ડામરે 'તે ભીમરાજા હતા" એમ જાહેર કર્યું રાજા ભોજે એની પછવાડે લશ્કર મોકલવા માડયુ ત્યારે "બાર બાર યોજન ઉપર સ્વારીના ઘોડાઓ અને એક ઘડીમા યોજન જાય એવી સાનણીઓ તૈયાર રાખવામા આવેલ છે આ બધી સામગ્રીથી શ્રી ભીમ તમારી સરહદ ઓળગે છે ત્યા કેમ પહોંચે ?" એ રીતે તેણે કહ્યું એટલે રાજા ભોજ હાથ ઘસીને બેસી રહ્યા

૧૮ વળી શ્રી ભોજે શ્રીમાધ પડિતની વિદ્વત્તા તથા પુણ્યવત્તાને સતત સાભળીને, તેને મળવાની ઉત્સુકતાથી વારવાર સદેશા મોકલીને એક વખત શિયાળામા શ્રીમાલ નગરીથી માઘને તેડાવ્યા અને ભોજન વગેરેથી બહુ માન માપે પુષ્કળ સત્કાર કર્યો પછી રાજાને યોગ્ય રમત ગમતો બતાવી, રાતે રૂઆરતી પછી પોતાની પાસે મુકેલા પોતાના જેવા પલગમા માઘપડિતને સુવાની ગોઠવણ કરી પોતાને ઓઢવાનુ ગરમ કપડું તેને આપ્યુ, અને લાબા વખત સુધી મીઠી વાતો કરતા કરતા સુખેથી ભોજરાજા સુઈ ગયા સવારે મગળવાદિત્ર વાગ્યા પછી જાગેલા રાજા પાસે માઘપડિતે પોતાને ઘેર જવાની રજા માગી, આથી આશ્ચર્યચકિત થયેલા રાજાએ દિવસે ભોજન કપડા વગેરેનું સુખ કેવુ હતું એ પૂછયુ ત્યારે માઘપડિતે કહ્યું કે "સાગ બગાડ અન્ન વિષે કાઇ કહેવાનુ નથી, પણ ગરમ કપડાના ભારથી થાક લાગ્યો છે" આ જવાબથી ખેદ પામેલા રાજાએ માડ માડ રજા આપવાથી માઘ પડિત પોતાને ગામ જવા નીકળ્યા અને રાજા શહેરના ઉપવન સુધી વળા-

---

૨૩ એ વખતમા રાજાની સવારે તથા રાતે આરતી ઉતારવામા આવતી એમ લાગે છે જુઓ હેમચદ્ર રચિત કુમારપાલ પ્રબધ

વવા ગયા; ત્યારે માધપંડિતે "આપે મારે ત્યાં પધારવાની કૃપા કરવી" એમ વિનંતિ કરી અને તે પોતાને ગામ ગયા. આ પછી કેટલેક દિવસે માધનો વૈભવ અને તેનાં ભોજશોખનાં સાધનો જોવાની ઇચ્છાથી શ્રીભોજ શ્રીમાલનગરમાં ગયા. માધપડિત સામે ગયા તથા બીજે પણ સત્કાર કર્યો અને રાજાનો તેના લશ્કર સાથે માધના આંગણામાં સમાસ થઇ ગયો. પછી માધ પંડિતના મહેલમાં જઇને જુવે છે તો બધા રસ્તાઓ સોને મઢેલા જોયા. વળી નાહ્યા પછી દેવપૂજનના સ્થાનમાં મણિમરકતની જમીનમાં શેવાળવાળાં પાણીનો ભ્રમ થવાથી પોતે પહેરેલાં કપડાં રાજાએ ઉંચાં લીધાં ત્યારે પુરોહિતે વસ્તુસ્થિતિ સમજાવી. અને દેવપૂજા તથા મંત્ર પાઠ પુરાં થયા પછી જમવાનો વખત થતાં, પીરસાયેલી રસોઇ ચાખતાં, રાજાના મનમાં તે દેશમાં ન મળે એવાં તથા તે ઋતુમાં ન ઉત્પન્ન થતાં એવાં શાક ફળો વગેરે જોઇને ભારે આશ્ચર્ય થયું. કઢેલાં દુધ સાથે ચોખાવાળી (દૂધપાક ?) રસોઇ ગળા સુધી ધરાઇને ખાધા પછી ભોજન પુરૂં કરી ઉપરની મેડી (ચન્દ્રશાળા) માં ચડીને પહેલાં ન જોયેલ કે ન સાંભળેલ કાવ્ય, કથા, પ્રબન્ધ, નાટક વગેરે જોતાં જોતાં શીઆળાની ઋતુ હોવા છતાં (કૃત્રિમ રીતે ઉત્પન્ન કરેલા) આકસ્મિક ઉનાળાની ભ્રાન્તિ થવાથી ધોળું સ્વચ્છ કપડું વીંટીને તથા પુષ્કળ ચંદન ચોપડીને સુતેલા ભોજને વીંઝણા લઇને ઉભેલા નોકરો પવન નાખવા માડયા અને ભોજને એવી સારી ઉંઘ આવી ગઇ કે એક ક્ષણ પેઠે રાત નીકળી ગઇ. અને સવારમાં શંખધ્વનિથી જાગી ઉઠયા. આ રીતે દર વખતે શીઆળો હોવા છતાં માધપંડિતે ઉનાળાનો જેને અનુભવ કરાવ્યો છે, એવા ભોજે આશ્ચર્ય સાથે કેટલાક દિવસ રહીને સ્વદેશ જવા માટે રજા માગી અને પોતે કરાવવા માંડેલા નવા ભોજસ્વામી નામના મંદિરનું પુણ્ય (માધ પંડિતને) આપીને ભોજ રાજા માળવે ગયા.

હવે માધના જન્મ વખતે તેના પિતાએ જોષી પાસે જાતક કરાવ્યું તો એમ આવ્યું કે પહેલાં ચડતી ચડતી કળામાં સમૃદ્ધિનો ઉપભોગ કરીને છેવટમાં વૈભવ ખુટી જતાં અને પગ ઉપર થોડો સોજાનો રોગ થઇને માધપડિત મરણ પામશે.

આ રીતે જોષીએ બતાવેલાં ગ્રહનાં ફળને વૈભવથી દુર કરવાની ઇચ્છાથી માણસનું આયુષ્ય સો વર્ષનું માનતાં તેના છત્રીશ હજાર દિવસો થાય એમ ગણીને નાણાથી ભરેલા છત્રીશ હજાર હારો કરાવીને નવા બનાવેલા કોશમાં રાખીને તથા તે ઉપરાંત પુષ્કળ સમૃદ્ધિ મુકીને

જેનું માધનામ પાડયુ છે, એવા પુત્રને કુળને યોગ્ય કેળવણી આપીને પોતાને કૃતકૃત્ય માનતા માધના પિતાએ પરલોકવાસ કર્યો પછી કુબેર પેઠે પુષ્કળ માન્યધના ધણી રૂપ માધ વિદ્વાનોને તેઓની ઇચ્છા પ્રમાણે પૈસો આપીને તથા માગણોને ન માપી શકાય એવા દાનો આપીને કૃતાર્થ કરવા લાગ્યા તથા ઉપર કહ્યા છે તેવા ભોગો ભોગવવાથી પોતે દેવતાનો અવતાર હોય એમ દેખાડવા લાગ્યા વળી તેણે શિશુપાલ વધ નામનુ મહા કાવ્ય રચીને વિદ્વાનોને આશ્ચર્યચકિત કર્યા. પણ છેવટમા પુણ્ય ક્ષીણ થતા પૈસો ખુટી ગયો અને વિપત્તિ માથે પડતા પોતાના દેશમા ન રહી શકવાથી પોતાની પત્ની માથે માળવામા જઇને ધારાનગરમા રહ્યા અને પુસ્તક અર્પણ કરીને શ્રી ભોજ પાસેથી થોડુક પણ દ્રવ્ય લઇ આવવાનું કહીને પોતાની પત્નીને માધે ભોજ પાસે મોકલી અને પોતે તેની વાટ જોવા લાગ્યા ત્યા માધની પત્નીની આવી સ્થિતિ જોઇને ભ્રમ માથે સળી મુકીને પુસ્તક ઉઘાડતા ભોજે નીચેનું કાવ્ય વાચ્યુ —

(પ્રાત કાળ થતા)

(૩૭) કુમુદના વનની શોભા ક્ષીણ થઇ ગઇ છે અને કમળની શોભા ખીલી નીકળી છે, ઘૂડનો આનદ ઉડી ગયો છે, અને ચક્રવાક આનંદ મા આવી ગયેલ છે સૂર્ય ઉદય પામે છે અને ચદ્રમા અસ્ત થાય છે અરે, દુષ્ટ વિધિના કામોનુ પરિણામ વિચિત્ર છે

અને તે કાવ્યનો અર્થ સમજીને "ગ્રન્થની તો શી વાત ! પણ આ એકજ કાવ્યની કિંમત તરીકે પણ આખી પૃથ્વી આપીએ તો ઓછી પડે" એમ વિચારીને સમયોચિત વાપરેલા અનુચ્છિષ્ટ હી શબ્દના પારિતોષિક રૂપે લાખ દ્રવ્ય આપીને રાજાએ તેને રજા આપી પણ તે માધ પડિતની પત્ની રસ્તામા ચાલતા ઓળખાઇ ગઇ એટલે કેટલાક માગણો માગવા લાગ્યા અને માધની પત્ની તે બધુ દ્રવ્ય માગણોને આપી દઇને પહેવાની સ્થિતિમાજ ઘેર આવી અને પોતાના પતિને એ વૃત્તાન્ત કહ્યો એ વખતે માધના પગ ઉપર ઘોડો સોજો આવ્યો હતો પછી ' તું મારી શરીરધારી કીર્તિ છો " એમ પ્રશમા કરતા પોતાને વેગ આવેલા કોઇક ભિક્ષુને જોઇને તથા પોતાના ઘરમા તેને આપવા જેવુ કાઇ ન જોવાથી નિર્વેદ પામેલા માધે નીચેના ઉદ્‌ગારો કાઢયા —

(૩૮) પૈસો નથી ખોટી આશા મને છોડતી નથી, દાન કરવામા જેને ખોટી ટેવ પડી છે એવો મારો હાથ ટુંકો થતો નથી, યાચના કરવામા

હલકાઈ છે, અને આપઘાત કરવામાં પાપ છે, માટે હે પ્રાણો! શોક કરવાથી શું ફળ છે? તમે જાતે ચાલ્યા જાવ.

(૩૯) દરિદ્રતારૂપી અગ્નિનો તાપ સંતોષરૂપ પાણીથી શાંત કર્યો પણ દીન માણસોની આશાના ભંગથી ઉત્પન્ન થયેલો તાપ શાથી શાંત થાય?

(૪૦) દુકાળમાં ભીખ મળતી નથી, ખરાબ સ્થિતિમાં આવી ગયેલાઓને કરજે પૈસા કયાંથી મળે? જમીન ધણીને કામ તો કોણ આપે? (પરિણામે) કોળીઓ પણ આપ્યા વગર આ સૂર્ય આથમે છે. હે ગૃહિણી, કયાં જઈએ અને શું કરીએ? જીવિતવિધિ ગહન છે?

(૪૧) ભુખથી પીડાયેલો વટેમાર્ગુ મારું ઘર પૂછતો કયાંકથી આવી ચડયો છે, તો હે ગૃહિણી આ ભુખ્યો ખાય એવું ઘરમાં કાંઇ છે? ત્યારે ઘરધણીઆણીએ વાણીથી 'છે' એમ કહીને આંખમાંથી ગળી પડતાં મોટાં આંસુનાં ટીપાંથી અક્ષરો વગર જ 'નથી' એમ કહી દીધું.

(૪૨) માગણ નિરાશ થઈને પાછો ગયો; માટે હે પ્રાણો! હવે તમે પણ જાવ. પછી પણ જવું તો છે તો આવો સથવારો કયાંથી મળશે?

ઉપરનું વાકય પુરું કરતાં જ તે માઘ પંડિત મરણ પામ્યા. અને સવારે તે વાત સાંભળીને શ્રીમાળમાં તેની નાતના માણસો ધનવાળા હોવા છતાં તે પુરૂષરત્નનો ભુખથી પીડાઈને અન્ત આવ્યો એ જોઈને તેની જાતનું લિલ્લમાળ એ પ્રમાણે શ્રી ભોજે નામ આપ્યું.[૨૪]

---

૨૪ મેરૂતુંગે આપેલી ઉપરની માઘની કથાનો છેવટનો માઘના મરણને લગતો કટકો તથા ૩૮, ૩૯ અને ૪૨ શ્લોકો બલ્લાલકૃત ભોજ પ્રબંધમાં પણ મળે છે. જૈન ભોજ પ્રબંધોમાંથી રત્ન મંદિર ગણિએ મેરૂ તુંગને અનુસરતું સમય વર્ણન કર્યું છે. પ્રભાવક ચરિતમાં માઘને સિદ્ધર્ષિ (ઉપમિતિ ભવપ્રપંચના કર્તા) ના કાકાના દીકરા ભાઇ તથા ભોજના બાલમિત્ર કહેલ છે, (જુઓ સિદ્ધર્ષિ સૂરિ પ્રબંધ શ્લો. ૧૫) પણ ઉપમિતિ ભવ પ્રપંચની રચનાનો સમય વિ. સં. ૯૬૨ છે, એટલે સિદ્ધર્ષિ કે એના કાકાના દીકરા ભાઈ ભોજના સમકાલિન ન હોઈ શકે; પણ તે પ્હેલાં સો વર્ષે થઈ ગયા હોવા જોઇએ. માઘતો એથીયે પ્રાચીનતર હોવાનુ ખીજા પુરાવાઓથી નક્કી થયું છે. કારણ કે આલંકારિક વામન (ઇ. સ. ૮૫૦) કાવ્યાલંકાર વૃત્તિમાં માઘના શિશુપાલવધમાંથી ઉદાહરણ લે છે. વળી માઘ પોતાને રાજા વર્મલાતના મંત્રી સુપ્રભદેવના પૌત્ર અને દત્તકના પુત્ર કહે છે. (આ ઉપરથી પ્ર. ચિં. ની એક પ્રતમાં તથા રત્નમંદિર ગણિના ભોજ પ્રબંધમાં માઘના પિતાનું નામ કુમુદ આપ્યુ છે તે ભુલભર્યું લાગે છે.) હવે વર્મલાતનો એક ઉત્કીર્ણ લેખ મળ્યો છે, અને એ વર્મલાત માઘના દાદાના આશ્રયદાતા હશે એમ માનીને

મધ્યદેશમા જન્મેલો સાકાશ્ય ગોત્રનો સર્વદેવ નામનો એક દ્વિજ રહેતો હતો જૈનધર્મના સસર્ગથી આ દ્વિજમાથી ઘણુ કરી મિથ્યાત્વ (બ્રાહ્મણધર્મ વગેરે બીજા ધર્મમા માન્યતા) નીકળી ગયુ હતુ અને ધનપાલ અને શોભન નામના બે પુત્રો હતા એક વખત શ્રી વર્ધમાનસૂરિ ગામમા આવ્યા હતા, ત્યારે એમને એમના ગુણો ઉપરના અનુરાગથી પોતાના ઉપાશ્રયમા રાખીને તથા અત્યત ભક્તિથી એમને સતુષ્ટ કરીને, તેઓ સર્વજ્ઞ પુત્ર છે એમ માનીને, પોતાના પૂર્વજે કયાક ગુપ્ત રીતે રાખેલા નિધિ (ધન ભડાર) વિષે આ દ્વિજે પૂછયુ ત્યારે શ્રી વર્ધમાનસૂરિએ[૨૫] વાક્યચ્છળથી (બે અર્થવાળુ વાક્ય વાપરીને) અર્ધો ભાગ માગ્યો પછી એમણે બતાવેલી નિશાની ઉપરથી સર્વદેવને ધન ભડાર મળ્યો, એટલે એણે તેમાથી અર્ધો ભાગ આપવા માડયો, ત્યારે તેઓએ બે પુત્રોમાથી અર્ધુ એટલે એક પુત્ર માગ્યો પણ ધનપાલ મિથ્યાત્વથી અન્ધ બુદ્ધિવાળો અને જૈન માર્ગની નિન્દા કરનારો હોવાથી તેણે પિતાને ના પાડી અને નાના પુત્ર શોભન ઉપર પિતાને બહુ સ્નેહ હતો તેથી પોતે (ના પાડી અને) પોતાની પ્રતિજ્ઞા તુટવાથી લાગતા પાપને તીર્થોમા ધોવા માટે તીર્થમા જવા નીકળ્યો પણ પિતૃભક્ત નાનો પુત્ર શોભન, પિતાને બે આગ્ર હમાથી રોકી પિતાની પ્રતિજ્ઞા પાળવા માટે વ્રત લઈને તે ગુરુની પછવાડે જાતે ચાલી નીકળ્યો

પછી બધી વિદ્યાઓ ભણીને તથા શ્રી ભોજરાજાની કૃપાથી, બધા પડિતોમા ઉચી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરીને, પોતાના ભાઇ ઉપરથી ક્રોધથી ધનપાલે બાર વર્ષ સુધી સ્વદેશમા જૈનદર્શન(ના અનુયાયા સાધુઓ)ના પ્રવેશનો નિષેધ કરાવ્યો પણ તે દેશનાજૈનધર્મના અનુયાયીઓએ ખૂબ અભ્યર્થના કરીને જૈન મહાપુરુષોને બોલાવવાની છૂટ મેળવી, તેથી સર્વ (જૈન) સિદ્ધાન્તોમા પારગત શોભન નામનો તપોધન ગુરુની રજા લઈને ત્યા આવ્યો અને ધારાનગરીમા પેસતા સ્વારીમા જતા ધનપાલે તે પોતાનો ભાઇ છે એમ ઓળખ્યા વગર તેને મશ્કરીમા "હે મધેડા જેવા દાતવાળા ભદંત ! નમસ્કાર છે " એમ કહ્યુ, ત્યારે તેણે મામુ

ઉતારેલું લેખના સમય ઉપરથી હાલમા ડૉ ફ્લીટ્હૉર્ન અને શ્રી ડે રા ભાડારકર જેવા કેટલાક પુરાતત્ત્વજ્ઞો માધને ઇ સ આઠમા સૈકામા મુકે છે (જુઓ Epigraphia Indica Vol IX p 190)

૨૫ પ્રભાવક ચરિતમા આ સૂરિનુ વર્ધમાનસૂરિ નહિ પણ મહેન્દ્રસૂરિ નામ છે જુઓ મહેન્દ્ર પ્રબ ધ, પણ રત્ન મદિર ગણિ પ્રબ ધે ને અનુસરી વર્ધમાન સૂરિ નામ લખે છે પોતાના પિતાનુ સર્વદેવ નામ તો ધનપાલે તિલકમજરીમા જ લખ્યુ છે

કહ્યું " હે વાદરાના વૃષણ જેવા મુખવાળા મિત્ર! તું સુખી છો?" શોભનમુનિના આ વાકયથી મનમાં ચકિત થયેલા ધનપાલે વિચાર કર્યો કે મેં મશ્કરીમાં પણ 'નમસ્કાર છે' એમ કહ્યું તો તેણે ' મિત્ર તું સુખી છો?' એવો જવાબ આપીને બોલવાની છટામાં મને હરાવ્યો. " પછી તમે કોના મહેમાન છો?" એમ ધનપાલે પૂછતાં શોભનમુનિનો "અમે તમારા જ મહેમાન છીએ." એવો જવાબ સાંભળીને પોતાના બટુક સાથે તેને પોતાને મહેલે મોકલીને ત્યાં રાખ્યા. પછી ધનપાલે મહેલમાં આવીને મીઠી વાણીથી તે મુનિને તેના સાથીઓ સાથે જમવાનું નિમંત્રણ આપ્યું. પણ મુનિએ ' પોતે શુદ્ધ આહાર જ લીએ છે માટે નહિ જમી શકે ' એમ કહ્યું, ત્યારે ધનપાલે આગ્રહથી 'પોતાને ત્યાં જમવામાં શું દોષ છે?' એ પૂછયું એટલે શોભનમુનિએ જવાબ આપ્યો કે:—

(૪૩) મુનિએ મ્લેચ્છ કુળમાંથી પણ મધુકરીથી મેળવેલું અન્ન લેવું પણ બૃહસ્પતિ જેવાનું પણ એકલાનું અન્ન ન ખાવું.

તેમજ દશવૈકાલિક નામના જૈન શાસ્ત્રમાં પણ કહ્યું છે કે:—

(૪૪) બુદ્ધો ભમરા જેવા છે, તેઓ નિશ્ચિત સ્થાન વગરના, અનેકનું અન્ન ખાનારા અને ઇન્દ્રિયોને નિયમમાં રાખનારા છે તેથી તેઓ સાધુ કહેવાય છે.

આ પ્રમાણે " જૈન તેમજ અન્ય શાસ્ત્રોથી નિષિદ્ધ–બીજા માટે તૈયાર થયેલો આહાર અમે નથી લેતા અને શુદ્ધ આહાર જ લઇએ છીએ." એમ મુનિએ કહ્યું એટલે તેના ચરિત્રથી ચકિત થયેલા ધનપાલ પોતાને મહેલે ગયા.

પછી ધનપાલ નહાવા બેઠા હતા ત્યાં ગોચરમાં નીકળેલા તે બે મુનિઓને આવેલા જોઇને, અન્ન હજી રંધાયેલું ન હોવાથી બ્રાહ્મણીએ દહીં આપવા માંડયું, ત્યારે મુનિએ કેટલા દિવસનું છે? એમ પૂછયું. એટલે ધનપાલે " શું એમાં પૂરા છે?" એમ મશ્કરીમાં પૂછયું. એ વખતે બ્રાહ્મણીએ 'બે દિવસનું છે' એમ નક્કી કરીને કહ્યું, અને મુનિઓએ "હા પૂરા છે" એમ કહેવાથી ધનપાલ નહાવાને ઠેકાણેથી ઉઠીને તે જોવા માટે ગયા. પછી વાસણમાંના દહી પાસે રાખેલા અળતાથી લાલ રંગેલા રૂના પુમડા ઉપર દહીના જ રંગના દહીના જ પિંડા જેવા ધોળા જન્તુઓથી લાલ રૂ ધોળું થયેલું જોઇને જૈન ધર્મમાં જીવ દયાની મુખ્યતા છે, તથા જીવની ઉત્પત્તિનું વિશેષ જ્ઞાન છે એમ ધનપાલને લાગ્યું.

(૪૫)[૨૬] મગ અડદ વગેરે દ્વિદળ અન્ન જ્યારે કાચા ગોરસમાં પડે છે, ત્યારે તેમાં, તથા ત્રણ દિવસના દહીંમાં જીવની ઉત્પત્તિ થાય છે

આ જ્ઞાન જિન શાસનમાં જ છે, એમ નિશ્ચય થવાથી અને શોભન મુનિના શોભન બોધથી, સમ્યક્ જ્ઞાન થવાથી તેણે સમ્યક્પણાનો (જૈનધર્મ)નો સ્વીકાર કર્યો. અને સ્વભાવથી બુદ્ધિશાળી હોવાથી તેણે કર્મ પ્રકૃતિ વગેરેના જૈનવિચારપ્રધાન ગ્રંથોમાં ઘણી પ્રવીણતા મેળવી પછી સવારે સવારે જિનમૂર્તિની પૂજા કરતી વખતે નીચેના શ્લોકો તેઓ બોલતા

(૪૬) શરીર પાડી નાખનારી મહેનતથી પણ ન પકડાય (ન ગ્રહે) એવા, થોડા શહેરોના ધણીની મેં અતિ ફેલાયેલા મોહથી સેવા કરી પણ હવે બુદ્ધિથી આગળ જઈ શકાય એવા અને પોતાનું પદ આપે એવા ત્રિભુવનના ધણી પ્રાપ્ત થયા છે, જેથી પહેલા જે દિવસો નકામા ગયા તે દુઃખ કરે છે

(૪૭) હે જિન, જ્યાં સુધી જિનશાસન નહોતું સાંભળ્યું ત્યાં સુધી બધે ધર્મ છે એમ લાગ્યું, જેમ ધતુરા પીધેલો માણસ બધે સોનું જ દેખે છે[૨૭] અને તેને પોતાનું માગ્યું પણ મળતું નથી

(૪૮) દેશનો પતિ એક ગામ આપે છે, ગામવણી એક ખેતર આપે છે, ખેતરનો ધણી થોડી શેરડી આપે છે, પણ સર્વનો ધણી સંતુષ્ટ થાય ત્યારે પોતાની સંપત્તિ આપે છે

૨૦ ઉપર પ્રમાણે વાક્યો બોલતા ધનપાલ એક દિવસ રાજા સાથે શિકારમાં ગયા હતા ત્યાં રાજાએ ધનપાલને કહ્યું —

(૪૯) "હે ધનપાલ! આ હરણો શા માટે આકાશમાં ઉડે છે, અને આ કુકરો શા માટે જમીન ખોતરે છે?" ત્યારે ધનપાલે જવાબ આપ્યો કે "હે દેવ, તમારા અસ્ત્રથી ભય પામીને, પોતાની જાતનો આશ્રય લેવા માટે આ મૃગો ચંદ્રમામાં રહેના મૃગને અને કુકરો આદિવરાહને શોધે છે"

પછી રાજાએ એક હરણાંને બાણથી વીંધ્યું અને તેના વર્ણન માટે ધનપાલ સામે જોયું ત્યારે ધનપાલે નીચેનું વચન કહ્યું —

---

૨૬ શ્લોક ૪૫ ને મળતું નીચેનું વચન હેમચંદ્રના યોગશાસ્ત્રમાં છે

આમગોરસસંપૃક્ત દ્વિદલં પુષ્પિતોદ્ગમમ્ ।
દધ્યહર્દ્વિતયાતીત કુથિતાન્ન ચ વર્જયેત્ ॥

૨૭ ધતુરો પીધેલો માણસ પીળું જ દેખે એ વિચાર જૈન સાહિત્યમાં અન્યત્ર પણ મળે છે જુઓ મૃત્પિણ્ડમપિ હેમૈવ પીતોન્મત્તો હિ પશ્યતિ પરિશિષ્ટ પર્વ

(૫૦) તમારૂં આ પરાક્રમ રસાતલમાં જાવ, આ (શિકારની) ખરાબ નીતિ છે કે જેમાં શરણે આવેલું, દોષરહિત અને નબળું બળવાન્થી મરાય છે. અરે આ તો મહાકષ્ટ છે; જગત્ અરાજક થઇ ગયું છે.

ઉપર પ્રમાણે ધનપાલના તિરસ્કારથી ક્રોધ કરીને રાજાએ 'આ શું ?' એમ પૂછયું એટલે ધનપાલે નીચેનું વચન કહ્યું:—

(૫૧) પ્રાણ જવાની સ્થિતિમાંથી, તે વખતે, મોઢામાં તૃણ લેવાથી શત્રુઓને પણ છોડી દેવામાં આવે છે, ત્યારે આ પશુઓ જેઓ હમેશાં તૃણ ખાઇને જ રહે છે, તેને કેમ મારવામાં આવે છે ?

ઉપરના વચનથી અત્યત દયા ઉત્પન્ન થતાં રાજાએ ધનુષ્ય અને બાણને ભાંગી નાખવાનું કબુલ કરીને જીવિતના અન્ત પર્યંત મૃગયાના વ્યસનનો ત્યાગ કર્યો. પછી શહેર તરફ પાછા ફરતાં યજ્ઞના સ્તમ્ભ સાથે બાંધેલ બકરીની દીન વાણી સાંભળીને " આ પશુ શું કહે છે ? " એમ રાજાએ પૂછતાં ધનપાલે " જુઓ, તે કહે છેઃ—

(પશુ કહે છે.)

(૫૨) મને સ્વર્ગનું ફળ ભોગવવાની તૃષ્ણા નથી, વળી મેં તમારી પાસે (સ્વર્ગમાં મોકલો એવી) પ્રાર્થના કરી નથી, હું હમેશાં ખડ ખાવાથી સંતુષ્ટ છું. તેથી હે સાધુ ! (તમારે મને મારવો) તે યોગ્ય નથી. યજ્ઞમાં તમે મારેલાં પ્રાણીઓ જો ચોક્કસ સ્વર્ગમાં જતાં હોય તો તો તમે માબાપને મારીને, પુત્રોને મારીને તથા સગાંઓને મારીને કેમ યજ્ઞ કરતા નથી ?

એ પ્રમાણેના તેના વાક્યથી રાજાએ આ શું ? એમ ફરી પૂછયું. એટલે ધનપાલેઃ—

(૫૩) યજ્ઞનો થાંભલો નાખીને, પશુઓને હણીને તથા લોહીનો ગારો કરીને જો સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કેવાં કામથી જવાય ?

(૫૪) સત્ય એજ યૂપ (યજ્ઞસ્તમ્ભ), તપ એ જ અગ્નિ, અને કર્મો એ જ સમિધ, અને (આ યજ્ઞમા) અહિંસાની આહુતિ આપવી; આવો યજ્ઞ સત્પુરૂષો કરે છે.

ઇત્યાદિ ૨૮શુકસંવાદમાં કહેલાં વચનો રાજાની પાસે કહ્યાં.

---

૨૮ શુકસંવાદ એ કોઇ ગ્રંથના નામ જેવું લાગે છે પણ એ નામનો ગ્રંથ મારા જાણવામા નથી.

અને "હિંસા શાસ્ત્રનો ઉપદેશ કરનારાઓ તથા હિંસક સ્વભાવવાળા એઓને બ્રાહ્મણરૂપ રાક્ષસો જાણવા" એમ કહી, રાજાને જૈન ધર્મ તરફ વાળ્યા

૨૧ એક વખત રાજા સરસ્વતી કંઠાભરણ નામના મહેલમા ફરતા હતા, ત્યા હમેશા સર્વત્ર શાસન (જૈન ધર્મ)ની પ્રશંસા કરતા પંડિત ધનપાલને કહ્યું કે 'તમે કરો છો તેમ કદાચ તમારા માર્ગમા પહેલા સર્વજ્ઞ થઇ ગયા હશે પણ હાલમા કયાય વિશેષ જ્ઞાન છે?" ત્યારે "અર્હતે કરેલા અર્હત્ચૂડામણિ નામના ગ્રંથમા ત્રણ જગત્મા રહેલા પદાર્થોનુ ત્રણે કાળના સ્વરૂપનું જ્ઞાન છે" એમ ધનપાલે કહ્યું એ વખતે ત્રણ દ્વારવાળા મંડપમા ઉભેલા રાજાએ ધનપાલને "હું કયા દ્વારમાથી બ્હાર નીકળીશ એ કહો જોઇએ?" એમ પૂછયું[૨૯] આ રીતે રાજાને, શાસ્ત્ર ઉપર કટાક્ષ મુકવા તૈયાર થયેલા જોઇને "બુદ્ધિમાત્રા ત્રયો દર્શી[૩૦]" એ લોકોક્તિને માની પાડના ભોજપત્ર ઉપર રાજાના પ્રશ્નનો નિર્ણય લખીને તે ભોજ પત્ર માટીના ગોળામા મુકી એ છાબડી ઉપાડનારને આપીને "દેવ! હવે ચાલો" એ રીતે રાજાને કહ્યું રાજાએ તો તેની બુદ્ધિકુશળતાના સંકટમા પડેલો પોતાને માનીને તથા આ ત્રણ દ્વારમાથી એકમાથી નીકળવાનો નિર્ણય લખ્યો હશે એમ વિચાર કરીને, કડીઆ પાસે મંડપની વચ્ચેના કમળ વાળી શિલા તોડાવી, એ રસ્તે બ્હાર નીકળી, પછી પેલો માટીનો ગોળો ઉખેડી તેમાના અક્ષરો વાચ્યા, તો તે જ રસ્તે બ્હાર નીકળવાનુ લખેલુ જોઇને રાજાનું ચિત્ત આશ્ચર્યથી પ્રફુલ્લ થઇ ગયુ અને તેણે જિનશાસનની જ પ્રશંસા કરી લખ્યુ છે કે—

(૫૧) હરિ બે આખથી જે નથી જોઇ શક્તા, શંકર ત્રણ આખથી જે વસ્તુ નથી જોઇ શકતા, બ્રહ્મા ચાર આખથી જે નથી જોઇ શકતા કાર્તિકસ્વામી બાર આખથી જે નથી જોઇ શકતા, રાવણ વીશ આખથી જે ન જોઇ શક્યો, ઇન્દ્ર એકસોનર આખથી જે નથી જોઇ શકતા અને સમગ્ર જનતા જે અસંખ્ય નેત્રોથી પણ નથી જોઇ શકતી તે વસ્તુ બુદ્ધિશાળી માણસ બુદ્ધિરૂપ નેત્રથી સ્પષ્ટ જોઈ શકે છે

---

૨૯ આ ને મળતી 'કયા દ્વારમાથી નીકળીશ' એ પ્રશ્નની કથા બહાર રમઝાન નામના એક મુસલમાની ગ્રંથમા પણ મળે છે એ ગ્રંથકાર ઈ સ ૧૧ મા શતકમા થઈ ગયો છે (જુઓ ટોનીના ભાવાંતરના Agenda ના પૃ 210)

૩૦ આ 'બુદ્ધિમાત્રા ત્રયોદશી' નો બરાબર ભાવાર્થ હુ સમજતો નથી પણ બુદ્ધિથી બધી મુશ્કેલીનો માર્ગ નીકળી શકે છે એમ અભિપ્રાય જણાય છે.

૨૨ વળી એક વખત ધનપાલે[૩૧] ઋષભપંચાશિકાસ્તુતિ રચી. વળી [૩૨]સરસ્વતી કંઠાભરણ નામના મહેલમાં પોતે રચેલી પ્રશસ્તિની પટ્ટિકા ધનપાલે રાજાને બતાવી. તેમાં નીચેનો શ્લોક લખ્યો હતો.

(૫૬) આ બળવાન્ જુવાને પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, શત્રુની છાતી ચીરી નાખી અને બલિરાજ્યલક્ષ્મી સ્વાધીન કરી, (મતલબકે) પુરાણ પુરુષે- (ઈશ્વરે) ત્રણ જન્મમાં જે કર્યું, તે આણે એક જન્મમાં કર્યું.

(નોંધ—વરાહ અવતાર, નરસિંહ અને વામન અવતારનાં કામો સાથે સરખામણી છે. વરાહ અવતારે પૃથ્વીનો ઉદ્ધાર કર્યો, નરસિંહે શત્રુની છાતી ચીરી નાખી અને વામને બલિ દૈત્યની રાજ્યલક્ષ્મી હરી લીધી. આ જુવાનના સંબંધમાં બલી એટલે બળવાન શત્રુ)

આ કાવ્યથી ખુશી થઇને તે પટ્ટિકાના પારિતોષિકરૂપે સોનાનો કળશ રાજાએ આપ્યો. એક વખત તે પ્રાસાદમાંથી નીકળતાં તેના દ્વારના ગોખલામાં રતિ સાથે હાથતાલી દેતી કામદેવની મૂર્તિ જોઇને રાજાએ કામદેવના હાસ્યનું કારણ ધનપાલને પૂછ્યું. ધનપાલે નીચેનો શ્લોક કહ્યો:—

(૫૭) ત્રિભુવનમાં જેનો સંયમ પ્રખ્યાત છે એવા તેજ શંકર હવે વિરહથી ખીને સ્ત્રીને પોતાના શરીરમાં ધારણ કરે છે, તેથી " આ શંકરે મને જીત્યો હતો ! " એમ હસવું આવીને પ્રિયાના હાથમાં પોતાના હાથની તાળી આપનાર કામદેવ જય પામે છે.

(૫૮) એક દિવસે વળી શિવમંદિરમાં ભૃંગી ગણને દુર્બળ ચીતરેલ જોઇને રાજાએ પૂછ્યું કે આ ભૃંગી દુબળો કેમ છે ? ત્યારે ધનપાલે કહ્યું:—

(૫૯) જો આ શંકર દિગંબર રહે છે તો એને ધનુષ્યનું શું કામ છે ? અને ધનુષ્ય રાખે તો ભસ્મ શા માટે ? જો ભસ્મ ચોળીને રહેવું હોય તો સ્ત્રી શા માટે જોઇએ ? અને સ્ત્રી રાખે તો કામનો દ્વેષ શા માટે કરે છે ? આ પ્રમાણે પોતાના ધણીની પરસ્પરવિરુદ્ધ એવી ચેષ્ટા જોઇને, આ ભૃંગી જાડી શિરાઓથી ઢંકાએલું હોવાથી કઠોર દેખાતું અને માત્ર હાડકાં જ જેમાં બાકી રહ્યાં છે એવું શરીર ધારણ કરે છે.

---

૩૧ આ ધનપાલની રચેલી ઋષભપંચાશિકાસ્તુતિ મળેલી છે અને કાવ્યમાળામા છપાયેલ છે.

૩૨ રાજા ભોજે સરસ્વતી કંઠાભરણ નામનો અલંકારનો ગ્રંથ રચ્યો છે, એ પ્રસિદ્ધ છે. પણ મેરૂતુંગ ભોજના મહેલનું નામ સરસ્વતીકંઠાભરણ આપે છે.

(૬૦) પાણિગ્રહણ વખતે જેના રૂવાડા ઉભા થયા છે એવા શકરનું ભસ્મરોહિત શરીર જય પામે છે, તે શરીરમા ભસ્મીભૂત થયેલા કામદેવના (ઉભા થયેલા રૂવાડારૂપે) અકુર પ્રકટતા હોય તેવુ લાગે છે

(૬૧) ગાય વિવેક શૂન્ય હોઇને અપવિત્ર વસ્તુ (નિર્ણા) ખાય છે, અતિ આસક્ત થઇને પોતાના પુત્ર માથે વિષયની ઇચ્છા રાખે છે, અને ખરીથી તથા શીંગડાથી જન્તુઓને મારે છે, માટે હે રાજન્ કયા ગુણથી ગાયને નમસ્કાર કરવામા આવે છે

(૬૨)[૩૩] અને દુધ આપે છે માટે જો ગાય વન્દવા યોગ્ય હોય તો ભેસ શુ કામ વન્દ્ય નહિ ? ભેસથી ગાયમા કઇ વિરોધતા દેખાતી નથી

૨૪ પ્રત્યાદિ પ્રસિદ્ધ અને સિદ્ધ સાહિત્ય ગુણવાળા કાવ્યોવડે રાજાનું મનરંજન ધનપાલ કરતા હતા ત્યા એક દિવસ કોઇ વહાણવટી આવ્યાના દ્વારપાળે ખબર આપ્યા અને તેણે મહામા આવીને ભીણના પાટીઆમા ઉતારેલા પ્રશસ્તિ કાવ્યો બતાવ્યા રાજાએ " આ કાવ્યો કયાંથી મળ્યા !" એમ પૂછયુ એટલે તેણે નીચેની વાત કરી " એક વખત સમુદ્રમા એમઓક અમારૂ વહાણ અટકી ગયુ, એટલે ખલાસીઓ સમુદ્રમા શુ કારણ છે તે તપાસવા લાગ્યા, તો સમુદ્રમા કુબેરનું શિવાલય જોયુ અને તેની ફરતું ચારે તરફ પાણી હતું પણ શિવાલયની અદર પાણી નહોતું અને એક ભીંત ઉપર અક્ષરો જોઇને એ શુ લખ્યુ હશે એમ જીજ્ઞાસા થવાથી, ભીણની પાટલી કરી તે અક્ષરો ઉપર દાબી તો તેમાથી જે અક્ષરો ભીણ ઉપર ઉઠી આવ્યા તે આ છે " રાજાએ આ વાત સાભળી તે ભીણની પાટલી ઉપર માટીની પટ્ટી દબાવી તેમા અક્ષરો ઉપડાવી પડિતો પાસે વંચાવતા નીચેના શ્લોકો મળ્યા

(૬૩) બાળકપણથી ભોજ આને પરમ ઉન્નતિએ પોચાડયો છે, પણ હવે આ રાજાનો કુવર અમારી વાત નીકળતા શરમાઇ જાય છે આ રીતે

---

૩૩ આ ૬૧ અને ૬૨ શ્લોકોમા, પર ૫૩, ૫૪ શ્લોકોમા તથા મૂળમા ૬૧-૬૨ નીચે આપેલ ટિપ્પણીમા ઉતારેલા બીજા શ્લોકોમા પહેલા બ્રાહ્મણધર્મી હોઇને પાછળથી જૈન થયેલા બ્રાહ્મણના મોઢા મારફત બ્રાહ્મણ ધર્મની હિંસા પ્રધાનતાનો તથા બુદ્ધિથી કસતા દેખાતી ખામીઓનો પરિહાસ સાથે સચોટ ઉલ્લેખ કર્યો છે જૈન સાધુઓ બ્રાહ્મણની કઈ બાબતમા નિન્દા કરતા હશે તેના આ નમુનારૂપ દાખલાઓ છે બૌદ્ધોએ યજ્ઞીય હિંસાની આ પ્રકારે નિંદા કરેલી મળે છે જુઓ સદ્ધર્મ પુણ્ડરીકમા યજ્ઞીય જાતક

ખેદ પામેલો હોય તેમ પોતાના પુત્ર રૂપ યશના ટેકાથી વૃદ્ધ થયેલો ગુણોનો સમુહ તપ કરવા માટે જાણે સમુદ્ર કાંઠે આવેલાં તપોવનમાં ચાલ્યો ગયો.

(૬૪) ધનુષ્ય ધારણ કરનાર શત્રુઓની સ્ત્રીઓને વૈધવ્યવ્રત આપનાર આપ જ્યારે ક્રુદ્ધ થઇને દિગ્વિજય કરવા માટે દિશાઓમાં ભમવા માંડયા ત્યારે બીજી સ્ત્રીઓની તો વાત જ શું કરવી ? પણ રતિએ પણ મદાન્ધ ભમરાઓની કાળાશથી કાળાં કપડાંથી વીંટેલું હોય એવું દેખાતું કુસુમોનું ધનુષ્ય કામદેવના હાથમાં ન આપ્યું.

(૬૫) હે દેવ, ચીંતારૂપ ઉંડા કુવામાંથી, નિરંતર ફરતા અતિશોકરૂપ રેંટ વડે ખેંચેલાં, વિશાળ નેત્રોરૂપ ઘટી યંત્રમાંથી નાકની દાંડીના વિષમમાર્ગેથી પડતાં આંસુની ધારનાં પાણીને તમારા શત્રુઓની નીસાસા નાખતી સ્ત્રીઓ સ્તનરૂપ બે કળશવડે કાયમ વહે છે.

ઉપર પ્રમાણે આખાં કાવ્યો વંચાઇ ગયા પછી નીચેનું અર્ધું કાવ્ય મળ્યું:—

(૬૬) [૩૪] ખરેખર પહેલાં કરેલાં કર્મોનો વિષમ વિપાક જીવોને ભોગવવો પડે છે.

આનું ઉત્તરાર્ધ અધુરાં પદ્યો પુરાં કરનારા સેંકડો પંડિતોએ પૂરું કરી આપ્યું પણ તેનો ઉપરના અર્ધા સાથે બરાબર મેળ ન બેસવાથી છેવટ રાજાએ ધનપાલ પંડિતને પૂછ્યું અને તેણે નીચે પ્રમાણે પુરું કર્યું:—

(દાખલા તરીકે જુઓ) રાવણનાં જે માથાંઓ શંકરના મસ્તક ઉપર શોભતાં હતાં તે માથાંઓ, હરિ, હરિ, ગીધની પાંખોથી (ધૂળમાં) રગડાય છે.

આ ધનપાલે પૂરા કરેલા ઉત્તરાર્ધનો પૂર્વાર્ધ સાથે બરાબર મેળ બેસે છે, એમ રાજાએ કહ્યું ત્યારે તે પંડિતે કહ્યું કે જો રામેશ્વરની ભીતની પ્રશસ્તિમાં આજ રચના અને આજ અર્થ ન હોય તો આજથી જીવિતના અન્તપર્યંત મારે કવિત્વનો સંન્યાસ જ લેવો. આ પ્રમાણે તેની પ્રતિજ્ઞા સાંભળીને તરતજ ખારવાઓને લઇને વહાણને સમુદ્રમાં ઝુકાવ્યું અને છ મહિને તે

---

૩૪ ૬૬ મા શ્લોકનુ સાચુ ઉત્તરાર્ધ ધનપાલે પૂરૂં કર્યાની કથા આજ પ્રમાણે પ્રભાવકચરિત [મહેન્દ્ર પ્રબંધ] મા છે. અને રત્નમંદિરગણી તો મેરૂતુંગના જ શબ્દો ઉતારે છે. પણ બલ્લાલના ભોજ પ્રબંધમાં માછીમારો નર્મદામાંથી પથરો લઈ આવે છે, અને કાલિદાસ ઉત્તરાર્ધ પૂરૂં કરે છે, એ રીતે વર્ણન છે. જો કે એ પ્રસંગ નિર્ણયસાગરવાળા સંસ્કરણમા નથી. ૧૮૯૫ વાળામાં છે. મૂળ શ્લોક હનુમન્નાટકમા છે જુઓ મૂળમાં સંસ્કૃત શ્લોક નીચેની ટિપ્પણી.

(સમુદ્રમા રહેવા) મદિર પાસે પોચી જઈ ફરી મીણની પોટલી મુદ્રી ને આજ ઉત્તરાર્ધ મળી આવ્યુ એ જોઇને તેને (ધનપાલને) ભોજ પારિતોષિક ગાળ્યે આપ્યુ આ પ્રમાણે અડપ્રશસ્તિ સંબધી વણા કાવ્યો શ્રુતપરંપરાથી[૩૫] કહેવાય છે

૨૫ એક વખત રાજાએ " હમણા સેવામા (રાજા પાસે હાજર થવામા) કેમ શિથિલતા દેખાય છે ?" એમ ધનપાલને પૂછ્યુ, ત્યારે તેણે જવાબ આપ્યો, કે 'હમણા હું તિલક મજરી નામનો ગ્રન્થ રચવામા રોકાયેલો છુ " પછી શીઆળાની રાતના છેલ્લા પહોર વખતે રાજાને કાંઇ વિનોદનું સાધન નહોવાથી[૩૬] તે તિલક મજરી ગ્રન્થની[૩૭] પહેલી લખેલી પ્રત લઇ આવીને પડિતે વાચવા માડી અને તે વચાતા તેનો રસ નીચે ન ચુઇ જાય માટે પુસ્તકની નીચે કચોળાવાળો સોનાનો થાળ રાખ્યો અને તે પુસ્તક પુરૂ થતા તેની મર્મ કવિતાથી ચિત્તમા વિસ્મય પામીને રાજાએ પડિતને કહ્યુ 'તમે આ કથામા નાયક તરીકે મારૂ નામ મુકો, અને વિનતાને બદલે અવતી નામ મુકો અને શકાવતાર તીર્થને ઠેકાણે મહાકાળનુ નામ મુકો તો તમે જે માગો તે તમને આપુ " ત્યારે પડિતે જવાબ આપ્યો " આગીઓ અને સૂર્ય વચ્ચે, શરસવના દાણા અને મેરૂ પર્વત વચ્ચે, કાચ અને કાચન વચ્ચે, તથા ધત્તૂર અને કલ્પવૃક્ષ વચ્ચે જેવુ મોટુ અતર છે તેવું તમે કહેલા નામો અને કથાના નામો વચ્ચે છે —

(૬૭) હે ! એ મોઢાવાળા, નિર્લજ્જ ને લોહમય દાઢીવાળા (લોભી બુદ્ધિવાળા) ત્રાજવા (રાજા !) ! તને શુ કહીએ ? ચણોઠી સાથે સોનાને તોળનાર તુ પાતાળમા કેમ ન ગયો ?"

આ પ્રમાણે પડિતે આક્રોશ કરી મુકયો એટલે શ્રી ભોજે તે મૂળ પ્રતને ભડભડ બળતા અગ્નિમા નાખી દીધી પછી તે પડિત[૩૮] એ રીતે

---

૩૫ આ વાકયનો અર્થ એવો લાગે છે, કે આ કથાને લગતા બીજા કાવ્યો પણ પ્રચલિત હશે રત્નમદિર ગણીએ ૬૩, ૬૪, ૬૫ શ્લોકોને બદલે જુદાજ શ્લોકો આપ્યા છે બાકીની કથા સરખી જ છે

૩૬ જૂના વખતના રાજાઓની સામાન્ય દિનચર્યા પ્રમાણે જે ચારે તે ત્રણ રાતનો છેલ્લો પહોર બાકી હોય ત્યારે જ ઉઠતા અને એ વખતે કાઈક ધાર્મિક કથા વાર્તા સાભળતા ગઇ પેઢી સુધી કેટલાક રાજાઓ આ ધોરણ પ્રમાણે વર્તતા

૩૭ ધનપાલનો રચેલો તિલકમજરી ગ્રથ મળે છે અને છપાઈ ગયો છે

૩૮ એ રીતે નિર્વેદ પામ્યો એનો અર્થ રત્નમદિર ગણિના ભોજ પ્રબધના બાબતની ટિપ્પણીમા (૧) ખેદ પામેલો અને (૨) વેદ એટલે શાસ્ત્ર વગરનો એવો કર્યો છે અને બીજા મોઢાવાળાનો ત્રીજો અર્થ મૌન ધારણ કરેલો એવો કર્યો છે

નિર્વેદ પામીને તથા બે રીતે નીચું મોઢું રાખીને પોતાના મકાનના પાછલા ભાગમાં જૂના ખાટલા ઉપર નીસાસા નાખતો પડી રહ્યો. પણ તેની બાલ પંડિતા પુત્રીએ પ્રેમ પૂર્વક પિતાને ઉઠાડીને સ્નાન, ભોજન, પાન વગેરે કરાવી પછી પોતે તિલક મંજરીની પહેલી પ્રત જોઇ હતી તે ઉપરથી યાદ કરી ને અધો ગ્રન્થ લખાવ્યો, તથા બાકીનો અધો પંડિતે નવો રચ્યો એ રીતે ગ્રંથ પૂરો કર્યો.૩૯

૨૬ એક વખતે ભોજની સભામાં ધનપાલે નીચેનું કાવ્ય કહ્યું:—

(૬૮) હે ધારાના અધીશ, બ્રહ્માને પૃથ્વીના રાજાઓની ગણત્રી કરવાનું કુતૂહલ થવાથી તેણે તમારી ગણના કરવા આકાશમાં બડીથી જે લીટી દોરી તે જ આ સ્વર્ગગંગા થઇ, અને તમારા જેવા રાજાનો અભાવ હોવાથી પછી બ્રહ્માએ બડીનો કટકો નીચે નાખી દીધો તે પૃથ્વી ઉપર હિમાલય થયો.

બીજા પંડિતોએ આ કાવ્યનો ઉપહાસ કર્યો એટલે તેણે કહ્યું:—

(૬૯) વાલ્મીકિ કવિએ વાંદરાઓએ ઉપાડી આણેલા પર્વતોથી સમુદ્ર બાંધ્યો અને વ્યાસે અર્જુનના બાણોથી સમુદ્ર બાંધ્યો. છતાં તે બે ઉપર અતિશયોક્તિનો દોષ કોઈ મુકતું નથી. અને અમે કાંઇક પ્રસ્તુત વસ્તુનીજ વાત કરીએ, છતાં લોકો મોઢું ફાડીને મોટેથી હસે છે, માટે હે પ્રતિભા! તને નમસ્કાર છે.

એક વખત કોઇ પંડીતે "હે રાજા, મહાભારતની કથા સાંભળો" એમ કહ્યું ત્યારે તે પરમ જૈન ધર્મીએ જવાબ આપ્યો.

(૭૦) પોતાના ભાઇની વહુનાં વૈધવ્યનો ભંગ કરનાર અને જાતે કાનીન (કન્યામાંથી ઉત્પન્ન થયેલા) મુનીએ રચેલી અને ગોલક (પતિ મર્યા પછી જાર કર્મથી ઉત્પન્ન થયેલા)ના પુત્રો તથા જાતે કુંડરૂપ (પતિ જીવતો છતાં જારકર્મથી સ્ત્રીએ ઉત્પન્ન કરેલા) અને એક સ્ત્રીના પતિ રૂપ પાંચ (પાંડવો)ની કથા એ જો પુણ્ય અને માણસોને કલ્યાણકારક હોય તો પાપની શી ગતિ? (પાપ રૂપ કઇ કથા?)

૨૭ એક વખત હમણાં કાંઇ પ્રબન્ધાદિની રચના ચાલે છે? એમ રાજાએ પૂછતાં ધનપાલે કહ્યું:—

---

૩૯ રત્નમંદિર ગણી કહે છે. આ રીતે ગ્રંથ પાછો સજીવન કરવામાં મદદ કરનાર પુત્રીનું નામ તિલક મંજરી હોવાથી ધનપાલે ગ્રંથનું નામ તિલકમંજરી પાડ્યું.

૪૦(૭૧) ઉની રાખ પીવાથી ગળામાં દાહ થવાની બીકે મારા મોંમાંથી સરસ્વતી પાછી ફરી ગઈ છે, તેથી વૈરીઓની લક્ષ્મીના વાળ પકડવામાં રોકાયેલા હાથવાળા હે રાજા ! માગમાં કવિત્વ નથી રહ્યું

(૭૨) ધનપાલના વચનો અને મલય પર્વતનું ચંદન એ બે સરખ વસ્તુઓને હૃદયમાં ધારણ કરીને કોણ આનંદ નથી પામતું ?

એક વખત સર્વદર્શનોના ઉપદેશકોને એક સાથે બોલાવી રાજાએ મુક્તિનો માર્ગ પૂછ્યો, ત્યારે સૌ પક્ષપાતથી પોતપોતાના દર્શનની પ્રશંસા કરવા લાગ્યા પણ સત્ય માર્ગની જીજ્ઞાસાથી એક મતની માગણી થતા, છ માસની અવધિ કરીને તેઓએ શ્રીશારદાનું આરાધન કરવા માંડ્યુ પછી એકાદ પરોઢીએ "જાગો છો ?" એમ પૂછવા સાથે ઉઘાડી, શારદાએ રાજાને કહ્યું —

(૭૩) બૌદ્ધ ધર્મ સાંભળવા યોગ્ય છે, જૈન ધર્મના કર્મ કરવા યોગ્ય છે, વૈદિક ધર્મ વ્યવહારમાં પાળવા યોગ્ય છે અને પરમ શિવ ધ્યાન કરવા યોગ્ય છે અથવા અક્ષય પદ ધ્યાન કરવા યોગ્ય છે

આ શ્લોક રાજાને તથા જુદા જુદા દર્શનવાળાઓને બતાવી શારદા અંતર્ધ્યાન થઈ ગઈ

(૭૪) ધર્મ અહિંસા લક્ષણ છે, ભારતી દેવી માન્ય છે અને ધ્યાનથી (માણસ) મુક્તિ પમાય છે એ પ્રમાણે બધા દર્શનવાળાઓનો મત છે

આ પ્રમાણે બે શ્લોકો રચીને રાજાને દ્વારા વત્સરનો નિર્ણય કરનો શોભન મુનિની ચતુર્વિંશતિકા સ્તુતિ પ્રસિદ્ધ છે ૪૧

---

૪૦ ૭૧ મો શ્લોક ભોજ પ્રબંધમાં મળે છે પણ ધનપાલનો કહેવો છે એ રીતે નહિ જલધર દેશના વિદ્વાને કાલિદાસાદિ વિદ્વાનોને ભોજની સભામાં જોઈને જીભ ઝલાઈ જવાથી આ શ્લોક કહ્યો એમ છે

૪૧ આ ધનપાલ અને શોભનની કથા લગભગ આ પ્રમાણે પ્રભાવક ચરિત (મહેન્દ્ર પ્રબંધ) માં છે એ કથાને લગતા અનેક શ્લોકો જોયમાં એક સરખા છે રત્નમંદિર ગણીએ તો મોટે ભાગે મેરૂતુંગમાંથી રાજસ્થા ઉતારો કર્યો છે, અને થોડો નવો ઉમેરો પણ (ઘણું કરી કલ્પનાથી) કર્યો છે ધનપાલકવિના તિલક મંજરી, પાઈયલચ્છી વગેરે થયા અને શોભનમુનિની ચતુર્વિંશતિકા અત્યારે મળે છે (કાવ્યમાળામાં છપાયેલ છે) ધનપાલ કવિ પહેલા બ્રાહ્મણ ધર્મી હતા અને પાછળથી જૈન ધર્મી થયા એ વૃત્તાંત પણ ડા બુલ્હર કહે છે, તેમ માનવા જેવો લાગે છે કારણ કે તિલકમંજરીમાં સર્વ પાતુ જિન એ રીતે મંગલાચરણ મળે છે પણ ધનપાલને મુંજના પ્રતિપન્નપુત્ર અને ભોજના બાલમિત્ર પ્રસિદ્ધિ માં તથા પ્રભા

૨૮ વળી એક વખત ભોજના શહેરમાં રહેનારી શીતા નામની એક ૪૨ રાંધનારીને ત્યાં કોઇ પરદેશી કાપડી સૂર્યપર્વને દિવસે આવ્યો અને તેણે પાક કરાવીને આવાનું લઇ જલાશ્રયે જઇને ખાધું અને પાછો રાંધનારીને ઘેર આવતાં માલકાંકણીનું તેલ ખાધેલું હોવાથી ઉલટી થઇને મરી ગયો. આ જોઇને શીતાને પોતાને માથે તહોમત આવશે એમ બીક લાગી એટલે મરવાની ઇચ્છાથી તે બાકી વધેલું ખાઈ ગઇ.૪૩ પણ તે એના પેટમાં રહ્યું અને શીતામાં પ્રતિભાનો વૈભવ જાગૃત થયો. અને તે ત્રણે વિદ્યા અને રઘુવંશ, વાત્સ્યાયનકામશાસ્ત્ર, ચાણક્યનીતિશાસ્ત્ર (વગેરે)નો થોડો અભ્યાસ કરીને પોતાની વિજયા નામની નવ યુવાન તથા વિદુષી પુત્રી સાથે શ્રી ભોજના દરબારને શોભાવતી શ્રી ભોજને કહેવા લાગીઃ—

(૭૫) શત્રુઓનાં કુળનો ક્ષય એ શૌર્યનો અવધિ છે, બ્રહ્માંડ રૂપ વાસણ યશનો અવધિ છે, માગણોની વાંચ્છા ત્યાગનો અવધિ છે, સમુદ્ર પૃથ્વીનો અવધિ છે અને પાર્વતીના પતિનાં ચરણકમળ એ શ્રદ્ધાનો અવધિ છે; પણ શ્રી ભોજ રાજાના બાકીના ગુણોનો સમૂહ તો નિરવધિ છે.

પછી વિનોદ પ્રિય રાજાએ કુચનું વર્ણન કરવાનું વિજયાને કહ્યું એટલે તેણે નીચેનો શ્લોક કહ્યોઃ—

(૭૬) સ્તનોની ઉંચાઇ દાઢી સુધી છે, તેની શરૂઆતનો અવધિ હાથના મૂળ (કાંખ) સુધી છે, વિસ્તાર હૃદય સુધી છે, એનો સંયોગ એટલો ગાઢ છે કે

વક ચરિત (જુઓ મહેન્દ્ર પ્રબંધ શ્લો. ૪૪) માં કહેલ છે તે ભૂલ જણાય છે. કારણ કે ધનપાલે પાઇયલચ્છી નામમાળા વિ. સં. ૧૦૨૯ માં લખી છે. વળી તિલકમંજરીના આરંભમાં રાજા મુંજ તરફથી પોતાને સરસ્વતીનું બિરૂદ મળ્યાનું ધનપાલ કહે છે. માટે એ કવિ ભોજના નહિ પણ મુંજના સમકાલીન હોવા જોઇએ. છતાં તિલકમંજરી કથા મેરૂતુંગ અને પ્રભાચંદ્ર કહે છે તેમ ભોજના વખતમાં લખાઈ હોય એમ તેની પ્રસ્તાવનાના એક શ્લોક (શ્લો–૫૦) ઉપરથી લાગે છે. અલબત્ત એ વખતે ધનપાલ વૃદ્ધ અને ભોજ નવયુવાન હશે.

૪૨ વીશી રાખનારી એવો અર્થ લાગે છે.

૪૩ મૂળમા અહી વાક્યરચના ગડબડવાળી છે પણ તાત્પર્ય એમ લાગે છે કે રસોઈમા ભૂલથી શીતાએ માલકાંકણીનું તેલ નાખી દીધું અને તેથી પેલાનું ઉલટી થઇને મરણ થયું. પછી એક પ્રતમાં અને પ્હેલીવાર છપાયેલા ગ્રંથમાં તે ઉલટી કરેલું શીતા ખાઈ ગઈ એમ છે. માલકાકણી (સં. જ્યોતિષ્મતી) બુદ્ધિવર્ધક દેશી વૈદકમા મનાય છે તેથી આવા વાર્તા જોડાઈ હશે.

ફક્ત કમળનોતરુ વચ્ચે રહી શકે, વર્ણ સોના જેવો છે અને કોમળપણું વજ્રભૂમિ જેવું છે પણ તન્વંગીના સ્તનમંડળમાં જે સૌન્દર્ય છે તેનો તો અવધિ નથી

ઉપર પ્રમાણેના તેના વર્ણન પછી અર્ધ કવિ રાજાએ નીચેનો અર્ધો શ્લોક કહ્યો —

(૭૭) આ કમળ જેવા નેત્રવાળીના બે કુચનું કેમ વર્ણન થઈ શકે ?

ત્યારે તેણે (વિજયાએ) કહ્યું —

સપ્ત દ્વીપવાળી પૃથ્વી પાસેથી કર લેનાર તમે જે (કુચ) ને કર (હાથ) આપો છો

પછી રાજાએ કહ્યું —

(૭૮) મૃગના જેવા ગંભીર ગાજતા અને ભમર જેવા શ્યામ મેઘોએ એજ દિશા કેમ રોકી દીધી છે ?

વિજયાએ કહ્યું —

(કારણ કે) તે દિશામાં પહેલી વખતના વિરહના બોદથી મ્લાન થઈ ગયેલી અને આંખોમાંથી નીકળતા આંસુઓથી જેનું મોટું ધોવાઈ ગયું છે એવી બાલા ઉભી છે

રાજાએ કહ્યું —

(૭૯) જગતને આનંદ આપનાર સુરત ક્રીડાને નમસ્કાર છે

વિજયાએ કહ્યું —

ભોજ રાજ ! તમારા જેવા જે (સુરત)નું અનુયોગી ફળ છે

ઉપર પ્રમાણે વિજયાએ કહ્યા પછી રાજા લજ્જા પામીને નીચે મોઢું ઉંચું ન કર્યું પછી રાજાએ તેને ભોગિની (રખાત) બનાવી

વળી એક વખતે જાળીમાંથી ચન્દ્રનાં કિરણોનો સ્પર્શ થતો હતો તે જોઈને વિજયાએ કહ્યું —

(૮૦) હે કમળની શોભા ધારણ કરનાર મને કર (હાથ અને કિરણ) નો સ્પર્શ કરવાની લીલા કરવાની જરૂર નથી, હે ચન્દ્ર ! તું ચકોરનું નિર્માલ્ય છો માટે સ્પર્શ યોગ્ય નથી

આ પ્રમાણે આ શીતા પ્રબંધ પૂરો થયો ૪૪

---

૪૪ મેરૂતુંગે જાણી વાત આ પ્રબંધમાં વિજયાનીજ કરી છે પણ શીતાનો ઉલ્લેખ ખલ્લાલકૃત ભોજ પ્રબંધ (૧૮૯૫ સંસ્કરણમાં વધારે છે નિ સા ના સંસ્કરણમાં એક શ્લોક જ છે બીજો મૂળ શ્લોકો ઉપરની ટિપ્પણી)માં પણ છે.

૨૯ મયૂર અને બાણ નામના પંડિતો બનેવી અને સાળા થતા હતા અને પોતાની વિદ્વત્તાથી પરસ્પર સ્પર્ધા કરતા આ બે પંડિતોએ રાજાની સભામાં સારી પ્રતિષ્ઠા મેળવી હતી. એક વખત બાણ પંડિત બનેવીને મળવા માટે તેને ઘેર ગયા. ત્યાં (રાતે ઘર બંધ હોવાથી) બારણામાં સુઇ રહ્યા. તે વખતે બનેવી પોતાની બૈનને મનાવતા હતા એમ જોઇ તે ઉપર ધ્યાન આપ્યું તો નીચેનું વચન સાંભળ્યું:—

(૮૧) રાત લગભગ પૂરી થવા આવી છે, ચન્દ્રમા જાણે શીર્ણ થઇ જાય છે. આ દીવો જાણે નિદ્રાધીન થયો હોય એમ કંપે છે, હે કૃશતનુ! (અપરાધી) પ્રણામ કરે એટલે માનનો છેડો આવવો જોઇએ, છતાં તું ક્રોધ નથી છોડતી.

ઉપર પ્રમાણે ત્રણ પદ વારંવાર બોલાતાં સાંભળી, બાણે નીચે પ્રમાણે ચોથું પદ કહ્યું:—

માટે હે ચંડી, રતનની પાસે રહેવાથી તારૂં હૃદય પણ કઠણ થઇ ગયું છે.

ઉપર પ્રમાણે ભાઇને મોઢેથી ચોથું પદ સાંભળીને તેને ક્રોધ થયો તેમ શરમ પણ આવી, અને તેણે 'તું ક્રોઢીઓ થા' એવો શાપ આપ્યો. અને પતિવ્રતા વ્રતના પ્રભાવથી તે દિવસથી તેને (બાણને) રોગ થયો અને રોગી થયેલા બાણ કવિ સવારે શાલથી શરીર ઢાંકી સભામાં ગયા. ત્યારે મયૂરે મયૂર જેવી કોમળ વાણીથી 'વરક્રોડી' (ક્રોઢીઓ) એ પ્રમાણે પ્રાકૃત શબ્દથી કહ્યું. પણ ચતુર ચક્રવર્તી રાજા બાણને આશ્ચર્ય સહિત જોઇ રહ્યા. અને બીજી વાતનો પ્રસંગ ચાલતો હતો ત્યારે તેણે દેવતાનું આરાધન કરવું એ ઉપાય છે એમ વિચાર કર્યો.[૪૫] પછી બાણ લજ્જા પામી ત્યાંથી

આ શીતા (કે સીતા) નામની કોઇ સ્ત્રી કવિ બૂના વખતમાં માળવામાં ખરેખર થઈ ગઈ હોવાનો સંભવ નવસાહસાંક 'ચરિતમા' રાજા ઉપેન્દ્રના 'વર્ણનમા સીતોચ્છ્વસિતહેતુના એવા દ્વિઅર્થી શબ્દો મળે છે એ ઉપરથી ડા. બુહલર માને છે, (જુઓ Indian Antiquary Vol. XXXVI P. 163) એ વિદ્વાન એમ પણ દલીલ કરે છે કે મેરૂતુંગનાં પાત્રો કાળફેર હોવા છતાં મોટે ભાગે ઐતિહાસિક હોય છે.

૪૫ મૂળનું વચન સ્પષ્ટ નથી. બાણે દેવતાનું આરાધન કરવાનો ઉપાય વિચાર્યો એમ મેં અર્થ કર્યો છે.

ઉડી નગરની બ્હાર ગયા અને એક થાભલો ખોડી તેની નીચે ખેરના અંગારાના તાપ વાળો કુંડ બનાવ્યો, પોતે થાભલા ઉપર લટકતા સીંકામા બેઠા અને પછી સૂર્યની સ્તુતિ રચવા માંડી અને આ સ્તુતિનું એક એક કાવ્ય પુરૂં થતા સીંકાનો એક એક ભાગ કાપી નાખવા માંડ્યો આ રીતે પાંચ કાવ્ય પુરા થયા ત્યા સીંકાની પાંચ દોરી કપાઇ ગઈ અને એક છઠ્ઠી દોરી ઉપર માંકુ લટકી રહ્યું પણ સૂર્યસ્તુતિનો છઠ્ઠો શ્લોક કહેતા સૂર્યના પ્રત્યક્ષ દર્શન થયા અને તેના પ્રસાદથી તરતજ શુદ્ધ સોના જેવી કાયા થઇ ગઇ બીજે દિવસે પીળુ ચન્દન શરીરે લગાવી ધોળા દિવ્ય કપડા પહેરી તે સભામા ગયા, ત્યારે તેના શરીરનું આરોગ્ય રાજા જોતા હતા ત્યા મયૂરે "સૂર્યના વરદાનનું ફળ છે" એમ કહ્યું આ સાભળી બાણે બાણ જેવુ મર્મભેદી વચન કહ્યું કે "જો દેવતાનું આરાધન સહેલું હોય તો તમે પણ કાંઇક એવો ચમત્કાર કરી બતાવો" એટલે મયૂરે જવાબ આપ્યો કે "નીરોગી હોય એને વૈદ્યનું શુ કામ? છતા તમારૂં વચન સત્ય પાડવા માગુ. હાથ અને પગ છરીથી કાપી નાખી, તમે તો છઠ્ઠે કાવ્યે સૂર્યને સંતુષ્ટ કર્યા પણ હું તો પહેલાજ કાવ્યને છઠ્ઠે અક્ષરે ભવાનીને સંતુષ્ટ કરીશ" આ રીતે પ્રતિજ્ઞા કરી સુખાસનમા બેસીને ચડિકાના મંદિરના પાછળના ભાગમા જઇને બેઠા અને "મા માદ્રીર્વિભ્રમમ્" એ રીતે પહેલા શ્લોકનો છઠ્ઠો અક્ષર પૂરો બોલાતા ચંડીએ પ્રત્યક્ષ દર્શન આપી કૃપા કરી, એટલે તરતજ તેનું શરીર પહેલા જેવુ થઇ ગયુ અને ચંડીનું મંદિર તેની સામે ફરી ગયુ એ વખતે સામે આવેલા ભોજ રાજા વગેરે રાજ લોકોએ મોટો જયજયકાર કર્યો, પછી મોટા ઠાઠથી મયૂર પંડિતે નગરમા પ્રવેશ કર્યો.[૪૬]

૩૦ ઉપરનો પ્રસંગ બન્યો ત્યારે મિથ્યાદૃષ્ટિવાળાઓ (બ્રાહ્મણ ધર્મીઓ) ના શાસનનો વિજય થતો જોઇને સમ્યગ્દર્શન (જૈન ધર્મ)નો દ્વેષ કરનાર રાજ્યના કેટલાક મોટા માણસોએ રાજાને કહ્યું કે જો જૈન

---

૪૬ આ બાણમયૂરના પ્રબંધમા મેરૂતુંગે કેટલોક ગોટાળો કર્યો છે બાણની સ્ત્રીએ પોતાના ભાઇ (પ્રભાવક ચરિત પ્રમાણે પિતા) મયૂરને શાપ આપ્યો અને મયૂરને તેથી કોઢ નીકળ્યો જે તેણે કરેલી સૂર્યસ્તુતિથી મટ્યો અને પછી બાણે ચંડીની સ્તુતિ કરી એ રીતે પ્રસિદ્ધ કથા છે પ્રભાવકચરિતમા તથા રત્નમંદિર ગણીના ભોજ પ્રબંધ (અધિકાર છઠ્ઠો) મા એ રીતેજ આપી છે વળી મયૂરનુ રચેલું સૂર્યશતક મળે છે જે કાવ્યમાળામા પ્રસિદ્ધ થયુ છે અને બાણનુ રચેલું ચંડીશતક પણ કાવ્યમાળામા છપાયુ છે, છતા મેરૂતુંગે કેમ ઉલટા નામ લખ્યા હશે? ખોટી યાદદાસ્ત ઉપરથી લખ્યુ હોવાનો સંભવ છે

મતવાળા તરફથી આવો કાંઇક પ્રભાવ બતાવવામાં આવે તો શ્વેતાંબરોને સ્વદેશમાં રહેવા દેવા જોઇએ નહિ તો સ્વદેશમાંથી કાઢી મુકવા; આ પ્રમાણે તેઓનું વચન સાંભળી રાજાએ શ્રીમાનતુંગાચાર્યને સભામાં બોલાવી "તમારા દેવનો કાંઇક ચમત્કાર બતાવો" એમ કહ્યું. એટલે તેઓએ જવાબ આપ્યો કે "અમારા દેવો તો મુક્ત છે એટલે તેઓનો ચમત્કાર શું હોય? છતાં તેના સેવકરૂપ સુરલોકોનો જગત્ને ચકિત કરે એવો કાંઇક પ્રભાવ જુઓ (દેખાડીએ)." આ પ્રમાણે કહીને ચુમાલીશ સાંકળોથી પોતાના શરીરને બંધાવીને તે નગરમાં આવેલા શ્રી યુગાદિદેવના મંદિરના પાછલા ભાગમાં બેઠા અને પછી ભક્તામર નામનું મંત્ર ગર્ભ નવું સ્તોત્ર રચીને બોલવા માંડયું. આ સ્તોત્રનાં દરેક કાવ્યના પઠન સાથે માનતુંગાચાર્યની એક એક સાંકળ તુટતી ગઇ અને જેટલી સાંકળો હતી તેટલાં કાવ્યો બોલી સ્તોત્ર પુરૂં કર્યું; ત્યાં મંદિર એમની સામે ફરી ગયું. આ પ્રમાણે શ્રીમાન તુંગાચાર્યનો પ્રબંધ પુરો થયો.૪૮

---

૪૭ માનતુંગાચાર્યનું ભક્તામર સ્તોત્ર પ્રસિદ્ધ છે.

૪૮ ઉપર પ્રમાણે મેરૂતુંગે બાણ, મયૂર અને માનતુંગને ભોજના સમયમા મુકયા છે. અને બલ્લાલ, રત્નમંદિર ગણિ વગેરે ભોજ ચરિત્રના લેખકો તેને અનુસર્યા છે. પણ મેરૂતુંગનોજ સમકાલિન જૈન લેખક પ્રભાચંદ્ર આ ત્રણે કવિઓને શ્રી હર્ષના સમકાલિન કહે છે. (જુઓ માનતુંગસૂરિ પ્રબંધ શ્લો. ૪. ૫, પ્રભાચંદ્ર હર્ષને વારાણસીના રાજા કહે છે.) મેરૂતુંગે આપેલો બાણમયૂરનો પ્રસંગ પ્રભાવક ચરિતમાં પણ છે. પણ ત્યાં બાણને મયૂરના જમાઈ કહ્યા છે. માનતુંગ રચિત ભક્તામર સ્તોત્રની ટીકામાં પણ એમજ કહ્યું છે. એ ગમે તેમ હો પણ મેરૂતુંગે આ કથા ઉતારતાં સ્મૃતિચૂક કરી છે એ ચોક્કસ લાગે છે.

ઐતિહાસિક પુરાવાઓ જોતા બાણ અને મયૂર સમકાલિન હોવાનો સંભવ છે. બાણે મયૂરનો હર્ષ ચરિત્રમાં ઉલ્લેખ કર્યો છે. અને બાણ શ્રીહર્ષ (ઇ. સ. ૬૦૬ થી ૬૪૮) ના સમયમા થઈ ગયા એ ચોક્કસ છે. કવિરાજશેખરે (ઈ. સ. ૯૦૩ થી ૯૧૭) એક શ્લોકમાં બાણ અને મયૂરને શ્રીહર્ષની સભાના સભ્ય કહેલ છે.

> अहो प्रभावो वाग्देव्या यन्मातङ्गदिवाकरः ।
> श्रीहर्षस्याभवत्सभ्यः समो बाणमयूरयोः ॥
>
> (જુઓ શાર્ઙ્ગધર પદ્ધતિ શ્લો. ૧૮૯)

ડા. બુલ્હર પણ બાણ, મયૂર અને માનતુંગ ત્રણેને પ્રભાચંદ્ર પેઠે હર્ષના સમકાલીન કહે છે.

માનતુંગ પ્રબંધ ઉપર પ્રમાણે પ્રભાવક ચરિતમાં પણ મળે છે.

૭૧ એક વખત ભોજરાજા પોતાના દેશના (માળવાના) પંડિતોના વખાણ કરતા હતા, અને ગુજરાતની અવિદ્વત્તા-માટે નિન્દા કરતા હતા ત્યારે ગુજરાતના સ્થાનપુરુષે કહ્યું કે "અમારા દેશના બાલગોપાળ સાથે તમારા દેશનો કોઈ મોટો પંડિત પણ ન સરખાવી શકાય" પછી આ વૃત્તાન્ત શ્રી ભીમરાજાને જણાવવામાં આવ્યો. એટલે તેણે ગોવાળનો વેષ ધારણ કરેલા પંડિતને તથા એક વેશ્યાને મોકલ્યાં પછી સવારમાં રાજા પાસે ગોવાળને લઈ ગયા, ત્યારે ભોજ રાજાએ "કાંઈક બોલો" એમ કહ્યું અને તેણે કહ્યું "હે સરસ્વતી કંઠાભરણ ભોજ!

(૮૨) હે ભોજ! (તમારા) કંઠનું આ ઘરેણું કેવું લાગે છે તે કહો. તમારી છાતીમાં લક્ષ્મી છે અને તમારા મુખમાં સરસ્વતી છે તેનો આ (ઘરેણું) શું સીમાડો છે?

તેની આ ઉક્તિથી વિસ્મય પામેલા રાજાએ સુંદર વેષ ધારણ કરેલી વેશ્યાને પૂરી ભરાયેલી સભામાં સામે ઉભેલી જોઈને "અહીં કેમ?" એ પ્રમાણે અર્ધ વગર પૂછ્યું ત્યારે પોતાની જાત (સ્ત્રી જાત) ઉપરના પક્ષપાતથી કેમ જાણે સરસ્વતીએ તેને કૃપાપાત્ર બનાવી હોય તેમ બુદ્ધિના ભંડાર રૂપ અને શરીર ધારી પ્રતિભા હોય તેવી તે વેશ્યાએ રાજાના ગંભીર વચનનું પણ તત્ત્વ સમજી લઈને "પૂછે છે માટે" એ પ્રમાણે જવાબ આપ્યો. આ રીતના તેના યોગ્ય વચનથી જેનું મોઢું પડેલું થઈ ગયું છે એવા ભોજે ત્રણ લાખ તેને અપાવવા માંડ્યા પણ શું વાત થઈ એ ન સમજવાને લીધે, રાજાએ ત્રણ વખત કહ્યા છતાં, જ્યારે દ્રવ્ય ન આપ્યું ત્યારે રાજાએ ખુલાસો કર્યો કે "દેશની મગજ એટલી જ હોવાથી તથા સ્વભાવની કૃપણતાથી આને ત્રણ લાખ અપાય છે, ઉદારતાથી આપીએ તો તો માસાન્ત આપીએ તોય ઓછું જ પડે" ત્યારે બધા સભામંડપે રાજાના તથા તે વેશ્યાના વચનો વચ્ચે શું મેળ છે એ પૂછ્યું એટલે રાજાએ કહ્યું કે "આના આખના ખૂણાની આંજણની રેખા છે કાનનાં છેડા સુધી પોચે છે એ જોઈને મેં "અહીં કેમ"? (કાન પાસે આંખ કેમ) એ રીતે પૂછ્યું ત્યારે આણે પ્રાકૃત ભાષાના નિયમને અનુસરી બહુવચનમાં જવાબ આપ્યો કે "પૂછે છે માટે" અર્થાત્ કાન પાસે આંજણની રેખાના બહાનાથી જાણે આંખો પૂછે છે કે હે ભોજ વિષે કાનોએ સાંભળ્યું હતું તે જ

૪૬ અહીં સ્થાન પુરુષ શબ્દને સાન્વિવિગ્રહિક પદના અર્થમાં વાપર્યો હતો તે જોવા જેવા અર્થમાં મેરુતુંગે વાપર્યો છે અન્યત્ર તેણે જ અનુચરના અર્થમાં એ શબ્દને વાપર્યો છે

આ રાજા ભોજ દેખાય છે? એમ તેણે જવાબ આપ્યો. માટે આ સાક્ષાત્ સરસ્વતી છે. તો એના પારિતોષિક રૂપે ત્રણ લાખ તો ઘણા ઓછા છે" પણ ત્રણ વખત ત્રણ લાખ આપવાનું કહ્યું માટે નવ લાખ અપાવ્યા.

૩૨ વળી બાલ્યાવસ્થાથી જ આ ભોજ રાજાને:—

(૮૩) જો આ મનુષ્ય પોતાના મસ્તક ઉપર રહેલા મૃત્યુને જુએ તો બાવુંયે ન ભાવે ત્યાં અકાર્ય કરવું તો કેમ જ રૂચે?

આ તત્ત્વ જાણવામાં હતું; એટલે પોતે ધર્મમાં અપ્રમાદી રહેતા હતા. એક વખત ઉંઘમાંથી જાગી ઉઠયા ત્યાં દોષ વિદ્વાને આવીને કહ્યું કે વેગથી દોડતા ઘોડા ઉપર ચડીને યમ તમારી પાસે આવે છે, માટે ધર્મ કર્મમાં તમારે સજ્જ રહેવું. આ પછીથી આ વચનના અધિકારી પંડિતને હમેશાં યોગ્ય દાન આપતા ભોજ રાજા એક વખત સાંજ વખતે સભામાં સિંહાસન ઉપર બેઠા હતા. ત્યાં (પાનની) છાબડી ઉપાડનાર બીજું આપે તે પહેલાં જ મોઢામાં પાન નાખી બાવા માંડયું; ત્યારે વ્યવહારજ્ઞ માણસોએ એવા વર્તનનું કારણ પૂછયું. એટલે ભોજે કહ્યું કે યમના દાંતની વચ્ચે રહેલાં માણસો માટે તો જે દાન અપાયું કે જે ભોગવાયું તે જ એનું પોતાનું, બાકી માટે તો શંકા. કહ્યું છે કે:—

(૮૪) હમેશાં જાગીને પોતે શું સારૂં કામ કર્યું તે જાણી લેવું, (કારણ કે) આયુષ્યના કટકાને સાથે લઈને સૂર્ય અસ્ત પામે છે.

(૮૫) લોકો મને પૂછે છે કે તમારૂં શરીર કુશળ છે? પણ આયુષ્ય દિવસે દિવસે ચાલ્યું જાય છે ત્યાં અમારૂં કુશળ કેવું?

(૮૬) કાલનું કામ આજે કરવું અને સાંજનું કામ સવારે કરવું, આણે કામ કર્યું છે કે નહિ તે મૃત્યુ નહિ પૂછે.

(૮૭) શું મૃત્યુ મરી ગયું છે? શું વૃદ્ધાવસ્થા જીર્ણ થઈ ગઈ છે? શું વિપત્તિઓ જતી રહી છે કે શું રોગો બધા દૂર થઈ ગયા છે? કે આ માણસો આનંદમાં રહે છે.

આ પ્રમાણે અનિત્યતા શ્લોક ચતુષ્ટય પ્રબન્ધ પુરો થયો.[૫૦]

૩૩ એક વખત શ્રી ભોજે શ્રી ભીમ રાજા પાસે દૂત મોકલીને ચાર વસ્તુઓ માગી. (૧) એક વસ્તુ અહિ છે પણ પરલોકમાં નથી, (૨) બીજી વસ્તુ પરલોકમાં છે પણ અહિ નથી. (૩) ત્રીજી વસ્તુ બેય લોકમાં છે (૪) ચોથી વસ્તુ બેય લોકમાં નથી.

૫૦ આ પ્રબન્ધ કેટલીક પ્રતોમા નથી મળતો.

આ પ્રમાણે વિદ્વાનોને મહિમ્ન વાત માટે ઢોલ વગડાવી પૂછતા, ગણિકાના કહેવાથી (૧) વેશ્યા, (૨) તપસ્વી, (૩) ધનેશ્વરી અને (૪) જુગારી એ પ્રમાણે ચાર વસ્તુઓ મોકલી આ પ્રમાણે વસ્તુ ચતુષ્ટય પ્રબંધ પૂરો થયો

૩૪ એક વખત ભોજ રાજા રાતે વીર ચર્યાથી ફરતા હતા, ત્યારે કોઈ દરિદ્રની સ્ત્રીનું નીચેનું વચન સાંભળ્યું —

(૮૮) માણસોની દશ દશા લોકમા પ્રસિદ્ધ રીતે સંભળાય છે પણ મારા સ્વામીની તો એક જ દશા (દરિદ્રતાની) છે, તેની નવ દશા બીજાઓએ લઈ લીધી છે

ઉપર પ્રમાણે વચન બોલાતુ સાંભળી, તેની અગાધ અવસ્થાથી દયા ઉત્પન્ન થતા રાજાએ તેના પતિને સવારમા સભામા બોલાવ્યો અને તેનું કાંઈ સાનુ હિત વિચારી, તેના ઉપર ઉપકાર કરવા દરેકમા એક એક લાખનું એક એક રત્ન ગુપ્ત રીતે મુકી બે બીજોરા તેને ભેટ આપ્યા તેણે વસ્તુસ્થિતિ સમજ્યા વગર શાક બજારમા જુજ કિમતે તે વેંચી નાખ્યા તે શાકવાળાએ કોઈને ભેટ કર્યા, અને તેણે પાછા તે બે બીજોરા ભોજને ભેટ આપ્યા

(૮૯) ભરતીના જોરથી કદાચ સમુદ્રનું રત્ન પર્વત ઉપર જઈ પડે તો પણ એ પાછુ નદીને માર્ગે પડીને ફરી સમુદ્રમા જ આવે છે

આવા અનુભવથી રાજાએ ભાગ્યને જ માન્યું માન્યુ કારણ કે —

(૯૦) જેણે આ જગતને તૃપ્ત કર્યું છે એવી વર્ષામા પણ ચાતકને જરાય પાણી નથી મળતું, કારણ કે અનન્ય કયાંથી મળે ?

આ પ્રમાણે બીજ પૂરક પ્રબંધ પુરો થયો

૩૫ એક વખત રાજાએ પાળેલા પોપટને ' એક ભવ્ય નથી ' એ પ્રમાણે શબ્દો રાતે ગુપ્ત રીતે શીખાવ્યા અને સવારે તારે આ વાકય બોલવુ એમ શીખવી રાખ્યુ પછી (સવારે) પોપટ એમ બોલ્યો ત્યારે રાજાએ પંડિતોને પૂછયુ કે આ શુ ? પણ પંડિતો એનો ખુલાસો જાણતા નહોતા એટલે તેઓએ છ માસની મહેતલ માગી પછી એ પંડિતોમાં મુખ્ય વર રુચિ[૫૧] આનો ખુલાસો મેળવવા જુદા જુદા દેશોમાં ભમવા લાગ્યા ત્યાં

૫૧ વિક્રમાદિત્ય પ્રબંધમા વરરુચિને વિક્રમના વખતમા થઈ ગયેલા વર્ણવ્યો છે અને અહીં ભોજની સભામા હોવાનું મેરૂતુંગ કહે છે જુદી જુદી કથાઓને ઉતારતા પોતાના જ લખાણમા અંતર્વિરોધ આવશે એનો ખ્યાલ ગ્રન્થકર્તાને રહ્યો નથી

કોઇ ભરવાડે (પશુપાલે) કહ્યું, કે " હું જ તમારા ધણીને આનો ખુલાસો કરીશ. પણ હું વૃદ્ધ હોવાથી આ કુતરાને ઉપાડી શકતો નથી અને તેના ઉપરની વત્સલતાથી તેને છોડી પણ શકતો નથી." આમ તેણે કહ્યું એટલે પોતાને બદલે કુતરાને ઉપાડી લઇને, તે ભરવાડને સાથે લઇ રાજાની સભામાં આવ્યા અને આ જવાબ આપશે એમ કહ્યું. પછી રાજાએ તે ભરવાડને એજ વાક્ય પૂછ્યું. ત્યારે તેણે કહ્યું " હે રાજા ! આ જીવલોકમાં માત્ર એક લોભ જ ભવ્ય (સારો) નથી." રાજાએ 'કેમ ?' એમ ફરી પૂછ્યું. ત્યારે તેણે કહ્યું " બ્રાહ્મણ કુતરાને બદલે ઉપાડે છે એ લોભનું જ પરિણામ છે માટે એક લોભ જ ભવ્ય નથી." આ પ્રમાણે 'એક ભવ્ય નથી' એ પ્રબંધ પૂરો થયો.

૩૬ એક વખત એક મિત્રને સાથે લઇને રાજા રાતમાં ફરતા હતા, ત્યાં પાણીની તૃષા લાગવાથી વેશ્યાને ઘેર જઇ મિત્ર દ્વારા પાણી માગ્યું. એટલે અત્યંત વાત્સલ્યથી તે વેશ્યાએ ઘણા વખત પછી શેરડીના રસથી ભરેલો પ્યાલો જરા ખિન્ન થઇને આપ્યો. ત્યારે મિત્રે તેને ખેદનું કારણ પૂછ્યું. અને તેણે કહ્યું કે " એકજ શેરડીમાંથી પહેલાં એક આખો ઘડો અને ઉપર એક વાટકી એટલો રસ નીકળતો પણ હાલમાં રાજાનું માનસ પ્રજાવિરૂદ્ધ હોવાથી ઘણીવારે એક વાટકી જ રસની ભરાણી; એ ખેદનું કારણ છે." આ સાંભળીને, કોઇ વાણીઆએ શિવમંદિરમાં મોટું નાટક કરાવ્યું ત્યારે તેને લુંટી લેવાનો વિચાર પોતાને આવ્યો હતો એમ વિચારીને, એ વાત સાચી ગણીને, ત્યાંથી પાછો ફરીને રાજા પોતાના મહેલમાં આવ્યો અને ઉંઘી ગયો. પછી બીજે દિવસે, પ્રજા ઉપર જોને કૃપા થઇ છે એવા રાજા વેશ્યાને ઘેર ગયા તો તેણે " આજે શેરડીમાંથી ઘણો રસ મળ્યો માટે આજે રાજા પ્રજા ઉપર વત્સલ છે " એમ કહીને રાજાને સંતુષ્ટ કર્યો. આ પ્રમાણે ઇક્ષુ રસ પ્રબંધ પુરો થયો.[૫૨]

૩૭ એક વખત ધારાનગરીના [૫૩]પરામાં આવેલા ગોત્રદેવીના મંદિરમાં

---

૫૨ પ્રજામાંથી કોઇને, સમૃદ્ધિવાળો જુએ તો રાજાઓ તેને લુંટી લીએ એ બનાવ પહેલા ઘણો સામાન્ય હોવો જોઇએ; કારણકે મેરૂતુંગે પોતે અતિ ઉદાર શીતરેલા ભોજ જેવા રાજા માથે આવો આરોપ મુકયો છે. આજ કથા પ્ર. ચિં. ની એક પ્રતમાં વિક્રમાર્કના સંબંધમાં લખી છે. જુઓ વિક્રમાર્ક પ્રબંધ–નવમા પ્રબંધ નીચેની ટિપ્પણી

૫૩ મેરૂતુંગે મૂળમા શાખાનગર શબ્દ વાપર્યો છે તેનો પરા જેવો અર્થ લાગે છે.

દેવીને નમસ્કાર કરવા હમેશા જતા તે રીતે ગયેલા ત્યારે તેની ભક્તિથી પ્રસન્ન થયેલી દેવીએ રાજાને પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું કે " શત્રુનું સૈન્ય નજીક આવી ગયું છે માટે તરત ચાલ્યા જાવ " આ વચનથી તરત પાછા વળી નીકળેલા રાજાએ ક્ષણમા પોતાને ગુજરાતના લશ્કરથી વીંટાયેલો જોયો એટલે વેગવાળા ઘોડા ઉપર બેસીને ભાગતો હતો ત્યા ધારાનગરના દરવાજામા પેસતા આલૂયા અને કોલૂયા નામના ગુજરાતના ઘોડેસ્વારોએ તેની ડોકમા ધનુષ્ય નાખીને "મારવામા આટલી વાર છે પણ છોડી દઇએ છીએ" એમ કહી છોડી દીધો –૫૪

(૯૧) આ ગુણવાન્ છે તે ભલે નમે, એમ વિચારીને ગુણવાળુ ધનુષ્ય ભોજના ગળામા નાખ્યુ અને ભોજને ઘોડા ઉપરથી પાડી દીધો

આ પ્રમાણે અશ્વવાર પ્રબંધ પૂરો થયો

૩૮ એક વખત તે રાજા સ્વાગીથી પાછા વળતા શહેરના દરવાજામા પોતાની મેળે ચાલતા ઘોડા ઉપર બેસીને પ્રવેશ કરતા હતા ત્યા ઘોડાને ગભરાયેલા તથા અકીતહીં દોડતા જોઇને તપાસ કરી તો લોકોની ભીડને લીધે માથુ હલવાથી જેનું છાશનું હામ, ભાગી ગયુ છે અને છારા નદીના પ્રવાહ પેઠે વહી જાય છે એવી છાશ વેચનારી હમતી ઉભી છે એ જોઇને રાજાએ તેને પૂછ્યુ કે "તને ખેદ નથી થતો તેનું શુ કારણ ?" ત્યારે તેણે કહ્યું —

(૯૨) જે હું રાજાને હણીને, પતિને સર્વથી મરેલો જોઇને, બીજા દેશમા ભાગ્યયોગથી ગણિકા થઇ અને ત્યાં વળી વીરા સાથે સંભોગ થવાથી ચિંતામા

---

૫૪ નીચેનો શ્લોક મેરૂતુંગે સોમેશ્વરની કીર્તિકૌમુદીમાથી લીધો છે અને એ શ્લોક ઉપરથી જ આ વૃત્તાન્ત ગોઠવ્યુ હોવાનો સંભવ છે મેરૂતુંગ પહેલાના બીજા કોઈ ગ્રંથમા આ વાત નથી છેક ધારાનગરના પરા સુધી ગુજરાતનું લશ્કર આવે અને ધારાના રાજાને ખબર ન પડે એ વાત માનવા યોગ્ય લાગતી નથી એ વખતના રાજાઓ જાસુસખાતુ રાખતા એમ પ્રબંધકારો જ કહે છે આ કથામા કાંઇક સત્યાંશ હોય તો ભોજ ઘા વાર ચિતોડમા રહેતા (જુઓ ઉદયપ્રભસૂરિના વિવિધતીર્થ કલ્પમા વિમલ વૃત્તાન્ત) અને ચિત્તોડથી માળવે જતા રસ્તામા કોઈવાર ગુજરાતની સરહદની નજીક ગુજરાતના લશ્કર સાથે ભેટો થઈ ગયો હોય અને ભોજ પાસે ઘોડું લશ્કર હોવાથી તેને ભાગવુ પડ્યુ હોય એ સંભવિત છે

આ શ્લોક મેરૂતુંગે કીર્તિકૌમુદીમાથી લીધો છે, પણ પાઠમા ઘણો ફેર છે એટલુ જ નહિ પણ અર્થ અસ્પષ્ટ છે અને પાઠ ભ્રષ્ટ છે જુઓ મૂળ શ્લોક ઉપરની ટિપ્પણી કદાચ મેરૂતુંગે પાદલિપ્ત ઉપર આધાર રાખ્યો હશે કીં કે પાઠનો અર્થ નીચે પ્રમાણે છે —આ જો રાજા ગુણવાન્ છે એમ જાણીને જ ભોજના કહેમા આવેલા ગુણવાળા ધનુષ્યે ભલે નાશ પામતા ભોજને ઘોડા ઉપરથી ન પાડયો.

પેઠી (ત્યાંથી યે બચીને ગોવાળણ થઇ) તે હું ગોવાળણ આજે છાશનો શું શોક કરું?

એ પ્રદેશમાંથી મહી નદી નીકળી એમ લોકો કહે છે. આ પ્રમાણે ગોપગૃહિણી પ્રબંધ પુરો થયો.

૩૯ એક વખત ભોજ રાજા ખુશી થઇને એક શિલાનું નિશાન કરીને ઉત્સાહથી ધનુર્વેદનો અભ્યાસ કરતા હતા. ત્યાં એજ વખતે મળવા માટે આવેલા શ્વેતાંબર શ્રીચન્દનાચાર્યે તરત બુદ્ધિ ઉત્પન્ન થવાથી નીચેનું સરસ વચન કહ્યું:—

(૯૩) હે રાજા, શિલા વીંધાઇ ગઇ, હવે આ ધનુષ્યની રમત છોડો, હે દેવ! પથરાને વીંધવાના વ્યસનની રસિકતાને, પ્રસન્ન થઈને, હવે મુકી દીઓ. કારણકે આ રમત જો વધી જશે, અને કુળપર્વતોના સમૂહને તમે જો તમારી આ ક્રીડાનું નિશાન બનાવશો તો આધાર ભાંગી પડવાથી, હે શ્રેષ્ઠ રાજા! આ પૃથ્વી પાતાળના મૂળમાં પેશી જશે.

(આ શ્લોકમાં પૃથ્વીના વિશેષણ રૂપે ધ્વસ્તાધારા એમ શબ્દો છે તેનો એક અર્થ આધાર ભાંગી પડવાથી અને બીજો અર્થ 'ધારાનગરી નાશ પામી.')

આ પ્રમાણે તેની કવિતાથી અતિશય પ્રસન્ન થયા છતાં જરા વિચાર કરીને રાજાએ કહ્યું: "તમે સર્વશાસ્ત્ર પારંગત છતાં 'ધારા ધ્વસ્ત થઈ' એવું પદ જે કહ્યું તે કાંઇક ઉત્પાતનું સૂચન કરે છે."

૪૦ ડાહેલદેશના રાજાને દેમતી નામની રાણી હતી, જે મહાયોગિની હતી. એક વખત તેને સુવાવડ આવવાની હતી ત્યારે તેણે જોષીઓને પૂછ્યું કે "કયા શુભ મુહૂર્તમાં છોકરો જન્મે તો એ ચક્રવર્તી થાય?" ત્યારે તેઓએ સારી રીતે વિચાર કરીને "જ્યારે સૌમ્ય ગ્રહો ઉચ્ચરાશીના અને કેન્દ્રસ્થ હોય અને ક્રૂર ગ્રહો ત્રીજા, છઠ્ઠા અને ૧૧મા ઘરમાં હોય એવા અમુક [૫૫]લગ્નમાં ઉત્પન્ન થયેલો પુત્ર ચક્રવર્તી થાય છે" એમ કહ્યું.

આ સાંભળીને જે વખતે સુવાવડ આવવાની હતી તે વખત પછી પણ સોળ પ્રહર સુધી યોગની યુક્તિથી ગર્ભને રોકી રાખીને જોષીઓએ કહેલા

---

૫૫ આ ગ્રહ સ્થિતિ માટે જુઓ લઘુજાતક (૯-૨૫) નું નીચેનું વર્ણનઃ—

एकोऽपि नृपतिजन्मप्रदो ग्रहः स्वोच्चगः सुहृद्दृष्टः ।
बलिभि. केन्द्रोपगतैः त्रिप्रभृतिभिरवनिपालभवः ॥

ટોનીનું અંગ્રેજી ભાષાંતર પૃ. ૭૨ ટિ. ૨

શુભ લગ્નમા જ કર્ણ નામના પુત્રને તેણે જન્મ આપ્યો આ રીતે ગર્ભને રોકી રાખવાના દોષથી તે પોતે તે પછી આઠમે પહોરે મરણ પામી

અને તે પુત્ર શુભલગ્નમા જન્મેલો હોવાથી તેણે પોતાના પરાક્રમથી દિશાઓને વશ કરી અને એકમો છત્રીશ રાજાઓ તેની સેવામા રહેવા લાગ્યા તે ચારે વિદ્યાઓમા પરમ પ્રવીણ હતો તથા વિદ્યાપતિ[૫૬] વગેરે મહાકવિઓ તેની નીચ પ્રમાણે સ્તુતિ કરતા —

(૯૪) મુખમા હારાવાપ્તિ (છાતી ઉપર હારને બદલે મોઢામા અરેરાટી), બે નેત્રો ઉપર કંકણનો ભાર, (કંકણ એટલે અહીં હાથમા પહેરવાની ચુડલી નહિ, પણ આસુના ટીપા), નિતમ ઉપર પનાલી (પત્રાની એટલે ચદનની ચર્ચા તે પહેલા કપાળ ઉપર જે સ્ત્રીઓ કરતી તે હવે નિતમ ઉપર પનાલી એટલે પાંદડા બાધે છે) અને બે હાથમા તિલક (પહેલા પોતાના કપાળમા તિલક કરતી તે હવે મહેનતથી હાથમા તિલક જેવા ડાઘ ધારણ કરે છે) હે કર્ણ, તમારા શત્રુઓની સ્ત્રીઓ વિધિને વશ થઇને, જગતમા, હાલમા ઉપર કહ્યું તેવી રીતે અપૂર્વ અલકારો ધારણ કરે છે

(૯૫) હે કર્ણગજ[1] હાલમા લક્ષ્મી ગોપીઓના પીન સ્તનોથી ઘમાયેલી વિષ્ણુની છાતીને ત્યજીને કમળની શકાથી તમારા નેત્રોનો આશ્રય કરીને રહી છે એમ માનું છુ કારણકે જે તરફ તમારી ભમર (ખોડી નજર) પડે છે ત્યા બીકથી ભાગી પડે એની દરિદ્રતાની મુદ્રા (સીન) તુરી જાય છે

ઉપર પ્રમાણે જેની કવિઓ સ્તુતિ કરતા હતા તે કર્ણરાજાએ એક વખત દૂત મારફત રાજા ભોજને કહેવરાવ્યુ કે "તમારા નગરમા તમે કરાવેલા ૧૦૪ મદિરો છે અને એટલાજ તમારા ગીત પ્રબન્ધો[૫૭] છે અને એટલાજ

---

૫૬ વિદ્યાપતિ નામના એક કરતા વધારે કવિઓ થઈ ગયા જણાય છે મિથિલાના રાજા શિવસિંહે વિ. સ ૧૪૫૫ના એક લેખમા પુરૂષ પરીક્ષાના લેખક કવિ વિદ્યાપતિને એક ગામનુ દાન આપ્યાનુ લખ્યુ છે પણ ભેરૂતુગ જેની વાત કરે છે તે એ નહિ આ તો શાલિવાહન રાજા વિક્રમાક પાસેથી વિદ્યાપતિનું બિરૂદ મેળવનાર (જુઓ વિક્રમાક દેવ ચરિત સ ૧૮ શ્લો ૧૦૧) બિલ્હણ કવિ હોવાનો સભવ છે એ આ કર્ણના સમકાલિન હતા (જુઓ કૌમુદી ૧૯૩૩ ફેબ્રુઆરીમા ' વિદ્યાપતિ બિલ્હણ ')

૫૭ રાજા ભોજના રચેલા અનેક ગ્રથો મનાય છે રા મૃગાક, રાજમાર્તંડ વગેરે જ્યોતિષના, સરસ્વતી કઠાભરણ (અલકારનો ગ્રથ), રાજમાર્તંડ (યોગશાસ્ત્ર) પૂર્ત માર્તંડ (ધર્મશાસ્ત્ર) સમરાગણ સૂત્ર (શિલ્પ), ચમ્પૂરામાયણ (કાવ્ય) વગેરે અનેક વિષયોના અનેક ગ્રન્થો ભોજને નામે ચડેલા છે પણ એમાં ખરે કેટલા લખેલા હશે અને કેટલા પડિતો પાસે લખાવી પોતાને નામે ચલાવ્યા હશે એ કોણ કહી શકે ?

તમારાં બિરૂદો છે. માટે ૫૮ચતુરંગ યુદ્ધથી કે દ્વન્દ્વયુદ્ધથી, ૫૯ચારે વિદ્યામાં વાદ શક્તિથી કે દાન શક્તિથી મને જીતીને ૧૦૫ બિરૂદોનું પાત્ર તમે થાવ; નહિ તો તમને જીતીને હું ૧૩૭ રાજાઓનો સ્વામી બનું." તેનાં આ વચનથી જેનું મોહું પડી ગયું છે એવા શ્રી ભોજે બધે પ્રકારે કાશીના રાજા જીતે એવા છે એમ વિચારીને પોતે હારી જ જશે એમ ધારીને કાશીના રાજાને આગ્રહપૂર્વક વિનંતિ કરીને નીચેની શરત કબુલ કરાવી. કે "મારે (ભોજે) અવન્તીમાં અને શ્રી કર્ણે કાશીમાં, એક જ દિવસે એક જ મુહૂર્તમાં, પાયો ખોદવાથી આરંભી (ઊંચાઇમાં) પચાસ હાથ પ્રમાણનું મંદિર, હું પહેલો થાઉ એવી સ્પર્ધાથી, બાંધવા માંડવું અને પછી જેના મદિર ઉપર પહેલાં કળશ તથા ધજા ચડે તેના ઉત્સવમાં બીજા (પાછળ રહે તે) રાજાએ છત્ર અને ચામર છોડી દઇને હાથણી ઉપર હાજર થવું." આ શરત ભોજે પોતાની મરજીથી કબુલ કરી એવું શ્રી કર્ણે સાંભળ્યું એટલે તેણે એ રસ્તે પણ ભોજને નીચે પાડવાની ઇચ્છા કરી. અને એકજ મુહૂર્તમાં બે જુદે જુદે ઠેકાણે બે મંદિરો બંધાવા માંડયાં. હવે પૂરી ખંતથી પોતાનું મદિર બધાવનાર કર્ણે પોતાના સૂત્રધારને પૂછયું કે "એક દિવસમાં સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં કેટલું કામ થઇ શકે?" ત્યારે તેણે ચૌદશના અણોજાને દિવસે સાત હાથ પ્રમાણનાં અગીઆર મંદિરો સવારે શરૂ કરી સૂર્યાસ્ત સુધીમાં કલશ ચડાવવા સુધી પૂરાં તૈયાર કરી રાજાને બતાવ્યાં. અને આટલી સંપૂર્ણ સામગ્રી જોઇને રાજા મનમાં ખુશી થયો. પછી ભોજ રાજાના મંદિરનું કામ કંદોરા સુધી આવ્યું ત્યાં આળસ છોડીને કામ કરાવતાં કર્ણે મંદિર ઉપર કલશ ચડાવી દીધો અને ધજા ચડાવવાનું મુહૂર્ત નક્કી કરી, ભોજને તેની પ્રતિજ્ઞા પાળવા દૂત મોકલીને નિમંત્રણ કર્યું. પણ પોતાની પ્રતિજ્ઞા છોડી દેવા તૈયાર નહિ તથા એ રીતે–છત્ર ચામર છોડીને–જવાને પણ અશક્ત એવા માલવ મંડળના રાજા ચુપચુપ બેસી રહ્યા.

૪૨ પછી મંદિરમાં ધ્વજ ચડાવવાનો ઉત્સવ પૂરો કર્યા પછી એ માટે આવેલા રાજાઓ સાથે શ્રી ભોજને હરાવવાને શ્રી કર્ણે પ્રસ્થાન કર્યું. એ વખતે શ્રી ભોજના રાજ્યનો અર્ધો ભાગ આપવાનું કબુલ કરીને શ્રી કર્ણે માલવ મંડલ ઉપર પાછળથી હુમલો કરવા માટે શ્રી ભીમને બોલાવ્યા. આ રીતે બે રાજાઓવડે ભીડાયલા ભોજનું અભિમાન મંત્રને વશ થયેલા સર્પના

---

૫૮ ચતુરંગ એટલે હાથી, રથ, ઘોડેસ્વાર લશ્કર, અને પાયદળ.

૫૯ ચાર વિદ્યાઓ તે વેદો, આન્વીક્ષિકી (ન્યાયશાસ્ત્ર), અર્થશાસ્ત્ર (રાજનીતિ) અને વાર્તા (વેપાર કારીગરી વગેરે વ્યવહાર ધંધાઓનું શાસ્ત્ર)

જેમ પેઠે ગણી ગયુ આ સ્થિતિમા ભોજનું શરીર અકસ્માત્ લથડી ગયુ, પણ ભોજની તબીઅતના ખબર છુપાવવામા આવતા હતા એટલે કોઇ બારકો માણસ પેસી ન શકે, એ રીતે બધા માર્ગો પોતાના માણસોથી બધ કરીને, શ્રી કર્ણ પાસે રહેલા પોતાના ઐલચી ડામરને ભોજના ખબર માટે માણસ મોકલીને ભીમે પૂછાવ્યુ તેણે તે માણસને નીચેની ગાથા શીખવીને શ્રી ભીમની સભામા મોકલ્યો

(૯૬) આસાનું ફળ મારો રીતે પાકી ગયુ છે, ફળનું ડીટડું ઢીલુ થઇ ગયુ છે, પવન ખૂબ ફુકે છે અને ડાળી સુકાઇ જવા માડી છે, હવે શુ પરિણામ આવશે તે અમે જાણતા નથી

આ ગાથા સમજીને શ્રી ભીમ એમને એમ રહ્યા, જેનો પરલોકમા જવાનો સમય પાસે આવ્યો છે એવા શ્રી ભોજ એ વખતને યોગ્ય ધર્મ કાર્ય કરી લઇ માગ મરણ પછી માગ હાથ વિમાન (શત્રુને ઉપાડવાની પાલખી) ની બહાર રાખવા એમ કહીને સ્વર્ગમા ગયા

(૯૭) દીકરા ને કે સ્ત્રીને શુ કરૂં ? આ આખી વાડીને શુ કરૂં ? એકલો આવ્યો અને હાથ ને પગ બેય ખખેરીને એકલા જવાનું છે

૪૨ ભોજનું આ વાકય સેકોને વેશ્યાએ કહ્યુ ભોજનો ઉપરનો વૃત્તાન્ત જાણીને શ્રી કર્ણે કીનો તોડીને ભોજની બધી સમૃદ્ધિ હાથ કરી લીધી એ જોઈને ભીમે ડામરને કહ્યુ કે તારે શ્રી કર્ણ પાસેથી તેણે આપવા કહેલુ અર્ધુ રાજ્ય લાવી આપવુ અથવા તારૂ માથુ હાજર કરવુ રાજાના આ હુકમનો અમલ કરવાની ઇચ્છાથી શ્રી ડામરે બત્રીસ પાયદળ માણસોને માથે લઇ શ્રી કર્ણના તબુમા બપોર વખતે પેસી જઇ સુતેલા શ્રીકર્ણને પાન તરીકે પકડી લીધા પછી તે (શ્રી કર્ણ) રાજાએ એક વિભાગમા શ્રી નીલકઠ મહાદેવ, ચિન્તામણિ નામના ગણપતિ વગેરે દેવમૂર્તિઓ અને તેને લગતી સામગ્રી એ રાખ્યુ, અને બીજા વિભાગમા બધી રાજ્યવસ્તુઓ રાખી અને પછી એમાથી ગમે તે અર્ધો ભાગ લઈ લેવાનું કહ્યુ સોળ પહોર સુધી વાટ જોયા પછી ભીમની આજ્ઞાથી દેવમૂર્તિઓ અને તેની સામગ્રી લઇ ડામરે ભીમ આગળ ભેટ ધરી આ પ્રબધનો સાર નીચેના પદ્યમા સમજાયો છે —

(૯૮) પચાસ હાથ પ્રમાણના બે દેવમદિરો એકજ મુહૂર્તક્ષણમા બધાવવાનું શરૂ કરી જેના મંદિર ઉપર કળશ પહેલો ચડે તેના ઉત્સવમા બીજા રાજાએ છત્ર ચામર છોડીને હાજર થવુ એ રીતે ઠરાવ થયેલો પણ ખરચ કરવામા [૬૦]ધારના ભોજરાજા કર્ણથી જીતાઇ ગયા

---

૬૦ ભોજરાજાની અતિ ઉદાર તરીકે આખા પ્રબધમા પ્રશંસા કરવામા આવ્યા

(૯૯) ભોજરાજા સ્વર્ગમાં જતાં, ધારા નગરીને હાથ કરવાનો પ્રયત્ન કરતા અતિ બળવાન્ કર્ણે બાસ આગ્રહ કરીને શ્રી ભીમને મદદમાં લીધા, અને તે (ભીમ)ના સેવક ડામરે બાન તરીકે પકડેલા કર્ણ પાસેથી નીલકંઠ મહાદેવ, ગણપતિ અને સોનાનો મંડપ એટલું લીધું.

(૧૦૦) કવિઓમાં, વાદીઓમાં, ભોગીઓમાં, યોગીઓમાં, પૈસા આપનારાઓમાં, સજ્જનો ઉપર ઉપકાર કરનારાઓમાં, ધનવાનોમાં, ધનુષ્ય ધારણ કરનારાઓમાં અને ધર્મ પરાયણ માણસોમાં પૃથ્વીના પટ ઉપર ભોજ જેવો કોઇ રાજા થયો નથી.

(૧૦૮) આ શ્લોકનો અર્થ પહેલાં અપાઇ ગયો છે (જુઓ શ્લો. ૮૬)

આ વગેરે ભોજના અનેક વિધ પ્રબન્ધો છે બાકીના જેમ સાંભળ-ળવામાં આવે તેમ સમજી લેવા.[૬૧]

૧૦૨ હે દેવ, જેણે પુણ્ય રૂપી ઉન્નતિ પ્રાપ્ત કરવા માંડી છે તે તમારા હાથ રૂપી વાદળાંએ સોનાનાં કંકણના તેજ રૂપી વીજળીના ઝબ-કારા સાથે સોના રૂપી અમૃત (પાણી) વર્ષવા માંડતાં, કીર્તિ રૂપી નદી ભરાઇ ગઇ છે, ગુણોના સમૂહ રૂપી જમીન પ્રસન્ન થઇ ગઇ છે, માગણો રૂપી સરોવર ભરાઇ ગયું છે અને વિદ્વાનોનો દરિદ્રતા રૂપી દાવાનળ ઠરી ગયો છે.

(૧૦૩) શ્રી ભોજ જ્યારે શીકારે જતા ત્યારે તેઓ એકદમ ધનુ-

છતા છેલ્લા પ્રસંગમા મેરૂતુંગ તેને લોભી કહે છે, એ આશ્ચર્ય છે. પહેલાંની ઉદારતાથી છેલ્લી અવસ્થામાં ભોજરાજાનો ખજાનો ખાલી થઈ ગયો હતો એમ તર્ક કરવા માટે સાધનભૂત થાય એવી મેરૂતુંગની આ વાત છે.

૬૧ અહીં એક હસ્તલિખિત પ્રતમા તથા પહેલાં છપાયેલ પુસ્તકમાં કર્પૂર કવિ અને કર્ણ વિષે તથા નાચિરાજ કવિ અને કર્પૂર વિષે એક પ્રબંધ વધારે છે. તેની મતલબ એટલી જ છે કે શ્રી કર્પૂર કવિએ એક શ્લોક (જુઓ શ્લો. ૯૩) કર્ણને સંભળાવ્યો પણ તેમા અપશબ્દ આવતો હોવાથી કર્ણે એને કાંઈ ન આપ્યું, પણ નાચિરાજ કવિને એક શ્લોક સંભળાવવા માટે એક કોટિ સુવર્ણ અને દશ હાથીઓ આપ્યા. પછી કર્પૂર કવિએ નાચિરાજ કવિની પ્રશંસા કરી અને તેણે કર્ણે પોતાને આપેલું બધુ કર્પૂર કવિને આપી દીધુ.

(જુઓ મૂ. પૃ. ૮૦ ની ટિપ્પણી)

આ સ્થળે બલ્લાલના ભોજ પ્રબંધમાં મળી આવતા ભોજ સંબંધી જુદા જુદા ૨૭ શ્લોકો અમુક પ્રતોમા તથા મુદ્રિત પુસ્તકમાં ટિપ્પણીમાં આપેલા મળે છે (જુઓ મૂળ પૃ. ૮૧)

ધ્યની પણછ ચડાવે, પણછને કાન સુધી ખેંચે, પછી હાથમાંથી બાણ છોડી દીયે અને મૃગવાના શરીરમા એ બાણ લાગે ત્યા સુધી પણ આ (ભોજ) કામદેવ છે અને મારા વ્હાલાને મારે વશ કરવા માટે કામબાણ મારે છે એમ સમજી હરણી નહોતી બ્હીતી, નહોતી ભાગતી, નહોતી ધ્રુજતી, નહોતી હાલતી કે નહોતી ઠેકતી

(૧૦૪) જેણે કલ્પદ્રુમ પેઠે દાનો વડે સર્વ દરિદ્રતાને ભગાડી મુકી છે જેણે બૃહસ્પતિ પેઠે શીઘ્રતાથી અનેક પ્રબંધો રચ્યા છે, વળી જેણે અર્જુન પેઠે રાધાવેધ કર્યો છે, તે ભોજની લાંબા વખતથી કીર્તિ સાંભળીને તેને જોવા ઉત્સુક થયેલા દેવોના સમૂહે તેને એકદમ બોલાવી લેવાથી ભોજ-રાજા સ્વર્ગે ગયા

આ રીતે શ્રી મેરૂતુંગાચાર્યે રચેલા પ્રબંધ ચિંતામણીમા શ્રી ભોજ અને ભીમરાજાની અનેક સારી વાતો વર્ણવનારો બીજો પ્રકાશ પૂરો થયો

પરિશિષ્ટ

ભોજ અને ભીમ પ્રબંધો જે અહીં આપેલા છે, તેમા મુખ્ય ચાર બાબતો દેખાય છે (૧) ભોજની દાન વીરતાના દાખલાઓ—આમા મોટે ભાગે સંસ્કૃત ભાષા તથા સંસ્કૃત પદ્યરચના જાણનારને દાનો અપાયાના દાખલાઓ છે (૨) ભોજનું જીવન ચરિત્ર—એમા ભોજના જીવનના આર ભનો ભાગ પ્હેલા પ્રકાશમા મુંજ પ્રબંધમા આવી ગયો છે અને અન્તનો ભાગ આ પ્રકાશના અન્તમા છે જેનો વિચાર નીચે કર્યો છે (૩) ભીમ અને ભોજનો સંબંધ (૪) ભોજ અને ધનપાલ અથવા જૈન ધર્મ મહિમા

(૧) ભોજની દાનવીરતા જૂના વખતમા ખૂબ પ્રસિદ્ધ હતી તેની પાસેથી દાનો મેળવનાર કવિઓએજ આ મહિમા વધાર્યો હશે પણ વખત જતા ભોજના દાનો સંબંધી દાખલાઓ અતિશયોક્તિ ભરેલા તથા એક જ પ્રકારના-(અમુક લાખ કે અમુક કોટિ દ્રવ્ય અને હાથીઓ) લોક કથામા ચઢી ગયા જણાય છે બધા પ્રબંધકારોએ લગભગ સરખા દાખલા આપ્યા છે ભોજ રાજાની સભાના કવિઓ વર્ણવતા મેરૂતુંગે બાણ, મયૂર રાજશેખર અને માનતુંગને ભોજના સમકાલિન કહ્યા છે, એ ભૂલ છે એ આગળ ટિપ્પણીમા નોંધ્યું છે, માઘ પ્રબંધ પણ એ કારણથી કલ્પિત જ ઠરે છે બલ્લાલે તો કાલિદાસ અને ભવભૂતિને પણ ભોજના સમકાલિન કહ્યા છે વળી તેણે તો બીજી કાંઇ વાતજ લખી નથી ભોજ સંબંધી જૈન પ્રબંધોમા મેરૂતુંગ પછી રત્ન મંદિર ગણિનો 'ભોજ-પ્રબંધ' જોવા યોગ્ય છે એમા મેરૂતુંગે કહેલી બધી વાત તો છેજ, પણ તે ઉપરાંત કેટલોક નવો

ઉમેરેા છે. ભોજના જીવન ચરિત્રના પ્રસંગોમાં સૌભાગ્ય સુંદરી સાથે તથા મદનમંજરી સાથે ભોજ રાજાનાં લગ્નની વાત નવી છે. પાઠક રાજવલ્લભે વળી ભાનુમતીના વિવાહનું વર્ણન કર્યું છે પણ એ બધેા ભાગ તદ્દન કલ્પિત લાગે છે.

ઇતિહાસ દૃષ્ટિએ ભીમ અને ભોજનેા સંબંધ અને ભોજનેા અન્ત એ વધારે આકર્ષક વિષયેા છે. ભીમ અને ભોજના સંબંધમાં મેરૂતુંગની દૃષ્ટિ ગુજરાતના લેાકેાની ચતુરાઇ અને હુશીઆરી ગવૅથી વર્ણવવા ઉપર છે. માળવા જેવા પડિતેા ગુજરાતમાં નથી એ હકીકતના પ્રતિકાર રૂપે ગુજરાતના લેાકેાની વ્યવહારચતુરતા–કુશળતાના (જુઓ સાંધિવિગ્રહિકડામરના પ્રસંગેા પ્ર. ૧૨ વગેરેમાં તથા બીજા પ્ર–૭, પ્ર–૩૧ માં) દાખલા મેરૂતુંગ આપે છે. આ બાબતમાં રત્નમંદિર ગણિ મેરૂતુંગને અનુસરે છે. પણ રત્નમંદિર ગણિએ વિમલ મંત્રી પ્રબંધ નવેા લખ્યેા છે. જોકે મેરૂતુંગે વિમલ મંત્રીનેા ઉલ્લેખ કર્યો નથી પણ એ મંત્રી ભીમના વખતમાં થઇ ગયેા હેાવાના બીજા પુરાવા છે, એટલે રત્નમંદિર ગણિનેા એ પ્રબંધ જોવા જેવેા છે. મેરૂતુંગ અને રત્નમંદિરનેા સાંધિવિગ્રહિક ડામર (હેમચંદ્ર તેને દામોદર કહે છે) એ સાચું ઐતિહાસિક પાત્ર હેાવાનેા સંભવ છે.

ભીમ અને ભોજ વચ્ચે બનેલા બનાવેાનું આ પ્રબંધકારેાએ જે વર્ણન કર્યું છે તેમાંથી સાચું કેટલું એ નક્કી કરવું મુશ્કેલ છે. રત્નમંદિર ગણિએ "ભોજ પાટણ જોવા ગયા, ભોજે પાટણ ઉપર ચડાઇ કરી" વગેરે જે ભાંગેા પ્ર. ચિં. કરતાં વધારે ઉમેર્યા છે તે તેા કલ્પિત જ લાગે છે. પણ મેરૂતુંગે જે પ્રસંગેા વર્ણવ્યા છે તેમાંથી કુલચંદ્ર વાળેા પ્રસંગ અને ભોજ પકડાતાં પકડાતાં રહી ગયેા એ બેમાં કાંઇક તથ્યાંશનેા સંભવ છે. કુલચંદ્ર વાળી વાત તેા જો ખેાટી હેાય તેા ગુજરાતનેા અભિમાની મેરૂતુંગ લખેજ નહિ અને બીજી વાત માટે જુઓ ટિ. ૫૪

આ જૈન પ્રબંધકારેા જૈનધર્મનેા ઉપદેશ ન આપે તથા બ્રાહ્મણ ધર્મ કરતાં કે જૈનનાજ દિગંબર મત કરતાં પણ પેાતાના મતની શ્રેષ્ઠતા દર્શાવવા પ્રયાસ ન કરે તેા એ જૈન શાના ? એ માટે ધનપાલ પ્રબંધ જોવા જેવેા છે. પણ ભોજ ઉપર ધનપાલના ઉપદેશની અસર થઇ હેાય એમ માનવાનું કારણ નથી.

ભોજનેા અન્ત—મેરૂતુંગે આપેલું ભોજના અન્તનું વર્ણન વિગતમાં કથારૂપ હેાવા છતાં ઇતિહાસ દૃષ્ટિએ ઘણું ઉપયેાગી છે. ભોજરાજા માળવાના

પરમારોમાં સૌથી પ્રતાપી હતા એણે ચાળીશથી વધારે વર્ષ રાજ્ય કર્યું એજ વાતની ઉદયપુર (ગ્વાલીઅર) પ્રશસ્તિ પ્રમાણે તો ભોજે કર્ણાટ, લાટ અને ગુજરાતના રાજાઓને તથા તુરુષ્કોને જીત્યા હતા (ગુજરાતને જીત્યાનું મેરૂતુંગ સ્વીકારે છે) પણ છેવટમા ભોજ વૃદ્ધ થયા અને કદાચ ઉદારતાને પરિણામે ખજાનો ખાલી થઈ ગયો ત્યારે ચેદીશ્વર કર્ણે અને ભીમે મળી ધારાને વેરો ઘાલ્યો અને ભોજના મંત્રી આદ ધારા શહેરને કદાચ લુંટ્યુ હશે વડનગર પ્રાકાર પ્રશસ્તિ (શ્લો ૬) મા, સુકૃત સકીર્તન (અ ૨ શ્લો ૯)મા કીર્તિ કૌમુદી (સ-૨ શ્લો ૧૭)મા, વસન્તવિલાસ (અ. ૩ શ્લો ૧૫)મા, વ-તે પ્રશસ્તિ (શ્લો ૧૩)મા, ભીમની ધારા ઉપરની ચડાઈનું કોઈક પ્રકારનુ વર્ણન મળે છે ને કે દ્વયાશ્રયમા કાંઈ નથી છતા માળવાની સ્વર્ણ મડપિકા કર્ણ પાસેથી ભીમને મળ્યાનું હેમચંદ્રે પણ લખ્યુ છે (જુઓ-સ-૬ શ્લો ૫૫, ૫૭) માળવા જીતીને તેની નીલકંઠની મૂર્તિ ભીમે ગુજરાતમા આણી હતી એમ સુ-ચ (સ-૨ શ્લો-૨૩) મા પણ કહ્યું છે પરમાર રાજા લક્ષ્મદેવના નાગપુરમાથી મળેલા એક લેખમાથી પણ ભોજના મરણ પછી એના રાજ્ય ઉપર વિપત્તિ ફરી વળ્યાનું કથન છે ઉદયપુર (ગ્વાલીઅર) પ્રશસ્તિમા પણ એ હકીકતનું સૂચન છે

કાહલ કે જેજાક ભુક્તિ (એટલે બુંદેલખંડ) નો કહલય રાજા કર્ણદેવ નાગેશદેવનો પુત્ર થાય એ ભીમ તથા ભોજનો સમકાલિન હતો અને તેણે લાંબા વખત સુધી રાજ્ય કર્યું હતું ભોજ ઉપરની ચડાઇમા વધારે લાભ કર્ણને જ મળ્યો એમ મેરૂતુંગના વર્ણનથીજ દેખાય છે કદાચ પરાક્રમ પણ વધારે તેણેજ કર્યું હશે

પ્રકાશ ત્રીજો.

સિદ્ધરાજ પ્રબંધ.

૧ એક વખત ગૂર્જર દેશમાં વરસાદની તાણ પડવાથી દેશના લોકો (ખેડુઓ) રાજાને આપવાનો ભાગ[1] આપી શકયા નહિ. એટલે રાજાનો ભાગ ઉઘરાવવા માટે રાજ્ય તરફથી રોકાયેલાં માણસોએ તે લોકો (રાજાનો ભાગ આપવા અશકત ખેડુઓ) ને શ્રી પાટણમાં લઇ આવીને ભીમ રાજા પાસે રજુ કર્યા. ૨ પછી એક દિવસ સવારમાં જે સ્થળે જમીનની પેદાશ ના કર માટે બધા ખેડુઓને કનેડવામાં આવતા હતા ત્યાં (ભીમ રાજાનો) કુંવર મૂળરાજ ફરતો ફરતો જઇ ચડયો અને ખેડુઓની એ સ્થિતિ જોઇને પોતાના પાસવાનો પાસેથી તેણે આખી વાત જાણી લીધી અને લોક ઉપર દયા આવવાથી જેની આંખમાં આંસુ આવી ગયાં છે એવા તેણે ઘોડો ફેરવવાની કળામાં અસાધારણ કુશળતા દેખાડીને રાજાને ખુશી કર્યા; ત્યારે રાજાએ 'વરદાન માગી લીઓ' એમ કહ્યું, પણ કુંવરે "ભડારમાં જ આ વરદાન રાખી મૂકો" એવી વિનતિ કરી. રાજાએ "કેમ માગી નથી લેતા?" એમ પૂછયું, ત્યારે તેણે મળવાની આશા ન હોવાથી એમ કહેતાં, રાજાએ ખૂબ આગ્રહ કર્યો એટલે કુંવરે તે [3]કણબીઓ પાસેથી[4] રાજ ભાગ છોડી દેવાનું માગ્યું. આ સાંભળી જેને હર્ષાશ્રુ આવી ગયાં છે એવા રાજાએ એ માગણી કબુલ રાખી બીજું વરદાન માગવા કહ્યું. પણ:—

---

૧ મૂળમાં રાજદેયવિભાગ એમ શબ્દો છે. એટલે રાજાને કર નાણામાં નહિ પણ માલમાં આપવાનો અર્થાત્ ભાગ બટાઇનો રિવાજ હશે એમ જણાય છે. મનુના વખતથી એજ રિવાજ ચાલ્યો આવતો હતો અને બે પેઢી પહેલાં સુધી ઘણા દેશી રાજ્યોમાં એ રિવાજ ચાલતો હતો પણ ભાગ બટાઈમાં આ કનડગત શા માટે? રાજભાગ બાંધો હશે?

૨ ખેડુઓના હજારોના ટોળાને પાટણ લઈ આવ્યા હશે? કદાચ રાજની બાલસા જમીનના ખેડુતોનેજ આ રીતે પાટણમા રાજ પાસે ઉભા રાખ્યા હોય તો એ સભવે.

૩ મૂળમા કુટુમ્બિક શબ્દ છે તે ગુજરાતી કણબી-કુણબીનું સંસ્કૃત રૂપ લાગે છે.

૪ મૂળમાં દાની શબ્દ છે. ઉપર તથા અન્યત્ર પણ આ શબ્દ રાજભાગ અથવા કરના અર્થમા વપરાયો છે.

(૧) પોતાનું ભરણ પોષણ કરવાના જ કામમાં લાગી રહેના ક્ષુદ્ર માણસો તો હજારોની સંખ્યામાં મળે છે, પણ પરાર્થ (પારકાનું કામ કરવું) એજ જેને મન સ્વાર્થ છે એવો પુરુષ જ સજ્જનોમાં અગ્રેસર ગણાય છે દાખલા તરીકે ન ભરી શકાય એવું પેટ ભરવા માટે વડવાનલ સમુદ્રને પીએ છે, જ્યારે મેઘ ઉનાળાથી એકઠા થયેલા જગતના તાપને શમાવવા માટે સમુદ્રનું પાણી પીએ છે

એ કાવ્યના અર્થના વિચારથી મનમાં બળ ધારણ કરી વધારે લોભ રોકી દઇને વધારે માગવા માટે વારંવાર આગ્રહ થયા છતાં માની સ્વભાવ વાળો હોવાથી, કાંઇ માગ્યા વગર કુબેર પોતાને ઉતારે ગયો ત્યાં તે કણબી-ઓ તેના વખાણ કરતા હતા અને મૂળરાજ બીજે દિવસે સ્વર્ગસ્થ થઇ ગયો [૫] એના શોક સમુદ્રમાં રાજા, રાજપોક તથા જેને છોડાવ્યા હતા તે લોક બધા ડુબી ગયા પછી ચતુર માણસોએ જુદી જુદી જાતનો બોધ આપીને તેના બળથી તે શોક રૂપી ખીલાને તે બધાના મનમાંથી ખેંચી કાઢ્યો

પછી બીજે વર્ષે વરસાદ સારો થવાથી પૂરું ધાન્ય પાક્યું એટલે તે બેડુઓએ આગલા વર્ષનો તથા ચાલુ વર્ષનો રાજભાગ[૬] માથે આપવા માંડ્યો ગાલ્હએ આગલા વર્ષનો ભાગ લેવા ના પાડી ત્યારે તે લોકોએ તેનો નિર્ણય કરવા માટે સભા[૭] બોલાવી આવી સભાના સભાસદોના લક્ષણો નીચે પ્રમાણે હોવા જોઇએ —

(૨) જેમાં વૃદ્ધો ન હોય તે સભા નહિ જેઓ ધર્મ શું છે તે ન બતાવે તે વૃદ્ધો નહિ જેમાં સત્ય ન હોય તે ધર્મ નહિ અને જેમાં બળ વડી અદા હોય તે સત્ય નહિ

આ શ્લોક પ્રમાણેના નિર્ણયથી સભાસદોએ બેય વર્ષનો રાજભાગ

---

૫ મૂળરાજ કુબેર જેવાજેવડ શાથી મરી ગયો એ ઉપર નથી કહ્યું પણ પ્રબંધ ની ત્રણ હાથપ્રતો (જુઓ મૂળ પૃષ્ઠ ૮૬ ટિ ૧) માં જે પાઠ મળે છે તે પ્રમાણે તે કણબીઓની સ્તોત્ર દક્ષિણી ભરી ગયો એમ અર્થ નીકળે છે એટલે કે નજર લાગી ને તેથી મારો પગ મરડો ગયો આ નજર લાગવાનો વહેમ એ વખતે ઘણો વ્યાપક હશે આગળ આ પુસ્તકમાં નજર લાગવાના બીજા દાખલાઓ આવે છે

૬ ભાગ બટાઈના સિવાય પ્રમાણે તો વધારે ઉત્પન્ન થાય ત્યારે રાજભાગ પણ વધારે જાય પછી બેડુઓ આગલા વર્ષનું શી રીતે આપી શકે ? પછી રાજભાગ અમુક ચોકકસ માપમાં આપવાનો હોય તો જુદી વાત પણ એ ભાગ બટાઈ ન કહેવાય

૭ મૂળમાં उत्तरसभा શબ્દ છે આવી સભા રાજ્ય વ્યવસ્થાનું આવશ્યક અંગ હશે ? અને તેનો અધિકાર શું હશે ?

રાજાને અપાવ્યો. પછી એ દ્રવ્યથી અને રાજ કોશના દ્રવ્યથી શ્રી મૂળરાજ કુમારના કલ્યાણ માટે શ્રી ભીમે નવો ત્રિપુરુષપ્રાસાદ કરાવ્યો.

૩ આ ભીમરાજાએ શ્રી પાટણમાં શ્રી ભીમેશ્વર દેવનું તથા ભદ્રારિકા ભીરૂઆણીનું એમ બે મંદિરો કરાવ્યાં. શ્રી ભીમે સં ૧૦૭૮ થી આરંભી ૪૨ વર્ષ સુધી રાજ્ય કર્યું.[૮] તેની રાણી શ્રી ઉદયમતીએ શ્રી પાટણમાં સહસ્ત્રલિંગથી પણ વધારે શોભાયમાન નવી વાવ કરાવી.

પછી સ—૧૧૨૦ ના વર્ષમાં મહાશૃંગારી શ્રી કર્ણનો રાજ્યાભિષેક થયો.[૯]

૪ એક વખત કર્ણાટનો રાજા શુભકેશી ઘોડો હાથમાં ન રહેવાથી જંગલમાં નીકળી ગયો. અને ત્યાં ઘણાં પાનના ઘેરાથી ઘટાદાર ઝાડની છાયામાં વિશ્રાંતિ લેતો હતો, એટલામાં જંગલમાં લાગેલો દાવાનળ તેની નજીક આવી પહોંચ્યો પણ કૃતજ્ઞવૃત્તિથી વિશ્રાન્તિ આપી પોતાના ઉપર ઉપકાર કરનાર તે ઝાડને છોડીને જવાની ઇચ્છા ન હોવાથી તે રાજા તે ઝાડ સાથેજ તે દાવાનળમાં બળી મુવો. પછી જયકેશી નામના તેના પુત્રનો પ્રધાનોએ રાજ્યાભિષેક કર્યો. આ જયકેશી રાજાને એક દીકરી થઇ, જેનું નામ મયણલ્લ દેવી રાખ્યું હતું. આ મયણલ્લ દેવીના સાંભળતાં કોઇ શિવભક્તોએ સોમેશ્વરનું નામ લીધું કે તરતજ તેને પોતાનો પૂર્વજન્મ નીચે પ્રમાણે સાંભરી આવ્યો. તેને થયું કે," પોતે પૂર્વ જન્મમાં બ્રાહ્મણી હતી અને બાર * માસોપવાસ કરી તેના ઉજવણામાં દરેક વસ્તુ બાર

---

૮ એક પ્રતમાં ભીમના રાજ્યકાળનાં વર્ષ ૪૨ ને બદલે ૫૨ છે, બીજી એક પ્રતમા સં. ૧૦૭૭ થી આરંભી વર્ષ ૪૨, માસ ૧૦ અને દિવસ ૯ રાજ્ય કર્યું એમ પાઠ છે. જિનમંડનગણિ કુ. પ્રબંધમાં ભીમના રાજ્યકાળનાં વર્ષો ૪૨ જ કહે છે. (પૃ. ૩) વિચારશ્રેણીનો પાઠ પ્ર-ચિં. નેજ અનુસરે છે. પ્રવચન પરીક્ષા પણ. ભીમના વિ. સં. ૧૦૮૬ નો તથા ૧૧૧૯ નો એમ બે લેખો મળ્યા છે (જુઓ અનુક્રમે I. A. Vol. VI અને E. I. Vol. IX p. 148.)

૯ કર્ણના રાજ્યાભિષેકનું વર્ષ એક પ્રતમા સં. ૧૧૨૮ આપ્યું છે અને બીજી માં સં. ૧૧૨૦ ચૈત્ર વદિ ૭ સોમવાર, હસ્ત નક્ષત્ર અને મીન લગ્નમા કર્ણને રાજ્યાભિષેક થયો એમ પાઠ છે. વિચારશ્રેણીમાં પણ કર્ણનું ગાદીએ બેસવાનું વર્ષ સ. ૧૧૨૦ જ આપ્યું છે.

* બાર માસોપવાસ (द्वादश मासोपवासान्कृत्वा) એ પ્રમાણે શબ્દો છે તેનો આ શિવભક્તિની વાત હોવાથી દરેક શ્રાવણ મહિને આખો મહિનો એકાન્ત કેવળ દૂધ, કે પાંચકોળીઆજ અન્ન, વગેરે જુદા જુદા પ્રકારના ઉપવાસો કરવા અને આ રીતે બાર વર્ષ સુધી માસોપવાસ કર્યા પછી એ વ્રત ઉજવવું ત્યારે બાર બારની સંખ્યામા દરેક વસ્તુનું દાન કરવું, વગેરે પ્રચલિત વ્રત પ્રકારને અનુસરી અર્થ સમજવો.

બારની સખ્યામા આપીને શ્રી સોમેશ્વરની જાત્રા કરવા નીકળી પણ ૧૦બાહુલોદ શહેર પાસે આવતા ત્યાં આગળ (જાનાળુઓ પાસેથી ગુજરાતના રાજાથી લેવાતો) કર ન આપી શકવાથી આગળ ન જઇ શકી, તેથી નિરાશ થઇને 'હું આવતા જન્મમા આ કર દૂર કરાવનારી થાઉં, એવો નિશ્ચય કરીને અન્નનો ત્યાગ કરી મરણ પામી હતી, તે આ જન્મે મયણલ્લ દેવી રૂપે આ કુળમા જન્મી છુ" આ રીતે પૂર્વજન્મનું સ્મરણ થયુ પછી બાહુલોદનો કર મુકાવવા માટે તેણે ગૂર્જર દેશના રાજાને વરવાની ઇચ્છા કરી અને તે વાત પોતાના પિતાને જણાવી એટલે જયકેશી રાજાએ પોતાના પ્રધાનો મારફત શ્રીકર્ણને આ વાત જણાવીને પોતાની પુત્રી મયણલ્લદેવીનો સ્વીકાર કરવાની માગણી કરી પણ શ્રી કર્ણે તે કદરૂપી છે એમ સાભળેલુ હોવાથી તેની દરકાર ન કરી પણ મયણલ્લદેવીએ તો તેજ રાજાને પરણવાનો આગ્રહ પકડયો એટલે તેના પિતાએ જાતે વરી લેવા તેને મોકલી, ત્યા શ્રી કર્ણે છુપી રીતે તેને જોઇ લીધી અને કદરૂપી છે એમ જોઇ એના તરફ તદ્દન ઉદાસ થઇ ગયો પછી (આ વાત સાભળ્યા પછી) રાજાને માથે સ્ત્રી હત્યાનું પાપ નાખવા ૧૧ મયણલ્લદેવીએ આઠ સખીઓ સાથે પ્રાણ ત્યાગ કરવાનો નિશ્ચય કર્યો, આ વાત સાભળીને શ્રી કર્ણની મા ઉદયમતી રાણીએ તેઓની વિપત્તિ પોતાથી ન જોઇ શકાવાથી તેઓની સાથેજ મરી જવાનો નિશ્ચય કર્યો કારણ કે,—

(૩) મોટા માણસોને જેટલો બીજાના દુ ખ વખતે ખેદ થાય છે તેટલો પોતાના દુ ખ વખતે નથી થતો પોતાના ઉપર ગમે તેટલો બાલે પડે તો પણ ન હણનારી પૃથ્વી બીજાઓનાં કષ્ટથી કપે છે ૧૨

---

૧૦ આ બાહુલોદ તે શુકલતીર્થથી જરા ઉપર નર્મદાના એક આરાનુ બાલોદ નામે ગામ એમ રાસમાળામા કહ્યુ છે અને તે ટાનીએ પણ કબુલ રાખ્યુ છે (જુઓ રાસમાળા ગુ બા ત્રીજી આવૃત્તિ પૃ ૧૪૮) પરતુ મુંબઇ ગેઝીટીઅરના કર્તાએ ગુજરાત કાઠીઆવાડની સરહદ ઉપર ધોળકાથી વીસ માઇલ દક્ષિણ પશ્ચિમે આવેલું બોળાદ ગામ તે બાહુલોદ એમ લખ્યું છે (મુંબઈ ગેઝીટીઅર અ ૧ બા ૧ પૃ ૧૭૨) મને એ યોગ્ય લાગે છે સોમનાથના યાત્રાળુઓ પાસેથી ગુજરાતનો રાજા એ ઠેકાણે જ સદ્દેવાઈથી કર લઇ શકે

૧૧ મૂળમા नृपतिहत्याकृते એવો વિચિત્ર પાઠ છે જેનો અર્થ to Compass the death of the king એ રીતે ટાનીએ કર્યો છે પણ એ શી રીતે અને ! પાઠ સારો નથી પણ કહેવાની મતલબ ઉપર પ્રમાણેજ લાગે છે રા દી શાસ્ત્રીએ પણ એવોજ અર્થ કર્યો છે

૧૨ ભકમ્પ દેશના રાજાનું મરણ કે એવી બીજી મોટી આપત્તિનો સૂચક મનાય છે

આ રીતે મોટી આપત્તિ આવી પડેલી જોઇને શ્રી કર્ણ માતાની ભક્તિને લીધે તેની સાથે લગ્ન કર્યું પણ પછી તેના ઉપર નજર પણ ન કરી.[૧૩]

૫ પછી એક વખત કોઇક હલકી સ્ત્રી તરફ કર્ણને આકર્ષણ થયું છે[૧૪] એમ કચુકી પાસેથી મુંજાલ મંત્રીને ખબર પડતાં, તેણે ઋતુ પછી

---

૧૩ મયણલ્લદેવીના કર્ણ સાથે કેવી રીતે લગ્ન થયાં તે સંબંધી ઉપરના વર્ણનમા દંતકથાનો જે અંશ છે તે બાદ કરતા બાકીની હકીકત નીચેના ફેરફાર સાથે ઐતિહાસિક હોવાનો સંભવ છે. પ્ર-ચિં. જેને કર્ણાટકના રાજા કહે છે તે મયણલ્લદેવીના બાપ તથા દાદા ગોઆના કાદંબવંશના રાજા હતા. મયણલ્લદેવીનો બાપ જયકેશી કલ્યાણના ચાલુક્ય રાજા ત્રિભુવનમલ્લ વિક્રમાદિત્ય (જેના આશ્રિત કવિ બિલ્હણે વિક્રમાંક ચરિત લખ્યુ છે) નો મિત્ર હતો. (જુઓ વિક્રમાંક દેવ ચરિત સ. ૫) અને વિક્રમાદિત્યે પોતાની પુત્રી મલ્લમ મહાદેવીને આ જયકેશી સાથે પરણાવી હતી. (જુઓ Journal of the B. B. R. A. Society Vol IX તથા દક્ષિણનો પૂર્વ સમયનો ઈતિહાસ પૃ. ૧૩૭) આ કાદમ્બવંશના લેખો ઉપરથી આ જયકેશી તે શષ્ઠીલ દેવ કે છત્ર (ગોઆના કાદમ્બવંશના બીજા રાજા) નો પુત્ર જયકેશી પહેલો હોવો જોઇએ. કારણ કે એનો શક સં. ૯૭૪ (વિ. સ. ૧૧૦૮) નો લેખ મળ્યો છે, (જુઓ Fleet's Kanarese Dynasties 91) એમ મુંબઇ ગેઝીટીઅરમાં તર્ક છે (જુઓ Vol I Part I p. 170 n. 5)

હેમચંદ્રે દ્વયાશ્રયમાં દક્ષિણના ચંદ્રપુરના કાદંબ રાજા જયકેશીની પુત્રી મયણલ્લદેવી કર્ણને તેની છઠ્ઠી જોઇને વરી એમ લખ્યું છે. અને આ ચંદ્રપુર તે દક્ષિણમા ઉત્તર કાનડામા ગોકર્ણ પાસે આવેલું ચાંદવડ હોવું જોઇએ, એમ મુંબઇ ગેઝીટીરના ગુજરાતના ઈતિહાસના લેખક તર્ક કરે છે. (એજન પૃ. ૧૭૧ ટિ. ૧) પણ ફ્લીટ કાનડી રાજવંશોનો ઇતિહાસ લખતાં બેલગામ જીલ્લાનું ચાંદગડગામ ધારે છે. (જુઓ મુંબઇ ગેઝીટીઅરમાં ગ્રં. ૧ ભા. ૨ પૃ. ૫૬૮) એ વધારે સંભવિત લાગે છે. મીનળદેવી કર્ણને વરવા, જતે પાટણ આવી હતી એમ તો હેમચંદ્ર પણ કહે છે. હેમચંદ્રે મયણલ્લદેવીને કદરૂપી નથી કહી પણ રૂપાળી કહી છે.

કર્ણની રાણીઓમા જયા નામની એક કર્ણાટરાજાની પુત્રી હતી (સ. ૧. ૧. શ્લો. ૬૮) અને પછી કાશ્મીરના રાજાની પુત્રી મીનળદેવી [સ. ૧. ૨. શ્લો. ૧] બીજી રાણી થઈ એમ ચારિત્ર સુંદર ગણિ કહે છે તે તો ગડબડ લાગે છે.

૧૪ મયણલ્લદેવી તરફ કર્ણ જોતો પણ ન હતો અને કોઈ અધમ સ્ત્રી તરફ આકર્ષાયો હતો અને મુંજાલમંત્રીએ યુક્તિથી તે હલકી સ્ત્રીને બદલે મયણલ્લ દેવીને મોકલી વગેરે વાત દ્વયાશ્રયમાં નથી પણ જિનમંડન ગણિએ (પૃ. ૪) તથા ચારિત્ર સુંદર ગણિએ પ્ર-ચિ-ને અનુસરીને લખી છે.

ન્હાયેલી મયણલ્લ દેવીને એ હલકી સ્ત્રીનો વેષ પહેરાવી કર્ણ પાસે એકાંતમાં મોકલી દીધી, અને કર્ણે તેને ઓળખ્યા વગર પોતાનું પ્રેમપાત્ર માનીને સપ્રેમ ભોગની પરિણામે મયણલ્લદેવીને ગર્ભ રહ્યો મયણલ્લદેવીએ એકાંતમાં મળતી વખતે ભેદ બતાવવા માટે ગજની આગળીમાંથી તેના નામવાળી વીંટી કાઢી લઈને પોતાની આંગળીએ પહેરી લીધી હતી પછી મનમાં પોતાના હલકા વર્તનથી કર્ણને પશ્ચાતાપ થયો, અને તેથી પ્રાણ તજી દેવા સુધી તૈયાર થયેલા રાજાએ એ બાબત (પ્રાયશ્ચિત્ત) નું શાસ્ત્ર જાણનારાઓને પોતાના બધા કામનું પ્રાયશ્ચિત્ત પૂછ્યું ત્યારે તેઓએ 'તપાવેલી ત્રાંબાની પુતળીને ભેટવું' એમ પ્રાયશ્ચિત્ત બતાવ્યું એટલે રાજા તે પ્રમાણે કરવા તૈયાર થતા મુંજાલ મંત્રીએ સાચી વાત કહી દીધી

૬ (ઉપર કહેલા પ્રબંધમાંથી મયણલ્લદેવીને) શુભ લગ્નમાં જન્મેલા તે પુત્રનું રાજાએ જયસિંહ નામ પાડ્યું ત્રણ વર્ષનો આ બાળકુમાર થયો ત્યારે એક દિવસ પોતાના ભાઈબંધો સાથે રમતા રમતા સિંહાસન ઉપર બેસી ગયો જોષીઓએ એજ વખતે અભ્યુદય કરે એવું સારું મુહૂર્ત હોવાનું કહેવાથી રાજાએ તેજ ટાણે તે પુત્રનો રાજ્યાભિષેક કર્યો સં ૧૧૫૦ ના વર્ષમાં પોષ વદી બીજ ને શનિવારે વૃષ લગ્ન અને શ્રવણ નક્ષત્રમાં સિદ્ધરાજનો રાજ્યાભિષેક થયો[૧૫]

૭ પછી કર્ણે જાતે[૧૬] આશાપલ્લીમાં વસતા આશા ભીલ નામના

---

૧૫ આ છઠ્ઠો પ્રબંધ જિનમંડિના કુ પ્રબંધમાં તથા ચા ગણિના કુમારપાલ ચરિતમાં ઉપર પ્રમાણે જ છે જયસિંહ ત્રણ વર્ષનો હતો ત્યારે તેનો રાજ્યાભિષેક થયો એમ જિ ગણિ કહે છે, અને ચા ગણિ જયસિંહ આઠ વર્ષનો થયો ત્યારે તેનો રાજ્યાભિષેક થયો એમ કહે છે (જુઓ કુ ચ સ ૧ વ શ્લો ૨૭) પણ દ્વયાશ્રયમાં હેમચંદ્ર જયસિંહ નવ વર્ષનો આવ્યો (સ-૧૧ શ્લો ૫૭) એમ વર્ણન કર્યા પછી કર્ણે તેને રાજ્ય સંભાળતા કર્યા એ રીતે વર્ણન કરે છે (સ-૧૧ શ્લો ૭૧, ૭૨)

૧૬ આ આશાપલ્લી કે આશાવલ્લ ગામ અમદાવાદની સામે, નદીને બીજે કાંઠે હાલ જ્યાં 'ચરસ પાલડી' ગામ છે ત્યાં હોવું જોઈએ એમ કોનરલ દેવીના ઉલ્લેખથી લાગે છે પણ આ સાતમાં કટકામાં ઘણું અસ્પષ્ટ રહે છે અને પાછળની માહીતી ગુંચવાડો વધારે છે નામ સાદૃશ્યથી અસાવલને આશાવલ્લ ઠરાવવાની ઘણા લેખકોએ ભુલ કરી છે પણ અમદાવાદ અને તેના પરાઓ વિષે મળી આવી તેટલી માહિતી એકઠી કરનાર શ્રી રત્નમણિરાવ તો નિર્ણય કરે છે કે સાબરમતીને જે કાંઠે અમદાવાદ છે તે કાંઠે આશાવલ્લ હતું, આશાવલ્લ એજ કર્ણાવતી, અને પાછળથી જેમ નામનો પ્રચાર

ભીલને[૧૭] હરાવીને ભૈરવ દેવીનું શકુન થતાં ત્યાં કોછરબા નામની દેવીનું મંદિર કરાવી છ લાખ ભીલોના સરદારને જીતીને ત્યાં મંદિરમાં જયન્તી દેવીની મૂર્તને સ્થાપીને તથા કર્ણસાગર તળાવથી શોભાયમાન કર્ણેશ્વર દેવનું મંદિર બંધાવ્યું અને કર્ણાવતી શહેર સ્થાપીને ત્યાં પોતે રાજ્ય કરવા માંડયું.

૮ શ્રી પાટણમાં કર્ણ રાજાએ શ્રી કર્ણમેરૂ પ્રાસાદ કરાવ્યો. સં. ૧૧૨૦ ના ચૈત્ર સુદિ ૭ થી આરંભી સં. ૧૧૫૦ ના પોષ વદિ ૨ પર્યંત ૨૯ વર્ષ, આઠ માસ અને ૨૧ દિવસ સુધી આ રાજાએ રાજ્ય કર્યું.[૧૮]

ચાલુ રહેલો. આ કર્ણાવતી કે આશાવલ જ્યારે મોટું શહેર હશે ત્યારે ઉત્તરે શહેરની અંદર ખાનજહાન અને રાયખડ સુધી, અને પૂર્વે આસ્તોડીયા સુધી એની હદ હોય એમ જણાય છે. પાછળથી હાલના અમદાવાદનું ન્હાનું પરું એ થઇ ગયું ત્યારે જમાલપુર દરવાજા બ્હાર નદી કિનારે કેલીકો મીલ છે તેની પાસે હતું, એમ મીરાતે અહમદી, તબકાતે અકબરી વગેરે મુસલમાની ઇતિહાસ ગ્રંથો ઉપરથી જણાય છે. (જુઓ ગુજરાતનું પાટનગર અમદાવાદ.)

ઉપરનો નિર્ણય બરાબર હોય તો કર્ણાવતીમાં બંધાવેલા કર્ણસાગરનું શું થયું? અમદાવાદમા કે આસપાસ તેનો પત્તો નથી અને છેક ચાણસ્મા તાલુકામાં કર્ણસાગર ગામ પાસે એક કર્ણસાગર પુરાયેલું પડયું છે. કર્ણે શું બે કર્ણસાગરો બંધાવેલાં? બીજું ઉપરના વાકયમાથી કોછરબા દેવીનું મંદિર એક સ્થળે–નદીને એક કાંઠે બંધાવ્યું અને કર્ણાવતી શહેર સામે કાંઠે વસાવ્યું એવો અર્થ નીકળે?

૧૭ આ ભૈરવ તે હાલમાં જે ભેરવ કે ચીબરી કહેવાય છે તે પક્ષી હશે. ટાનીએ owal હશે એમ ટિપ્પણીમાં નોધ્યું છે.

૧૮ કર્ણે ૨૯ વર્ષ રાજ્ય કર્યું એમ જિ. ગણિ કહે છે. રત્નમાળમા કર્ણના રાજ્યકાળના વર્ષ ૩૨ લખ્યા છે પ્રવચન પરીક્ષામાં સં. ૧૧૩૦ થી ૧૧૫૦ સુધીમાં વીશ વર્ષ કર્ણે રાજ્ય કર્યું એમ લખ્યું છે, તે તો ભૂલજ લાગે છે. વિચાર શ્રેણીએ સં. ૧૧૨૦ માં ગાદી ઉપર બેઠેલા કર્ણે ત્રીશ વર્ષ રાજ્ય કર્યું એમ લખ્યું છે.

બે રાજાઓએ એક સ્થળે રહેવું યોગ્ય નથી એમ ગણીને કર્ણ આશાપલ્લી ગયો અને કર્ણાવતી સ્થાપીને રહ્યો. એવું વર્ણન જિનમંડનગણિએ તથા ચારિત્ર સુંદર ગણિએ કર્યું છે. [કુ. પ્ર. પૃ. ૫; કુ. ચ. સ. ૧. ૧. ૨ શ્લો. ૨૯] પણ દ્વયાશ્રયમાં તો જયસિંહને ગાદીએ બેસાર્યા પછી તરત કર્ણ રાજા હરિ સ્મરણ કરતો કરતો સ્વર્ગમાં ગયો એમ લખ્યું છે. કર્ણાવતીની સ્થાપના કર્યાની કે આશાભીલને જીત્યાની વાત દ્વયાશ્રયમાં નથી.

કર્ણરાજા વિષે પ્ર. ચિં. મા ઉપર આપી છે તેટલીજ વાત છે અને દ્વયાશ્રયમાં તો તેથીયે થોડી છે પણ કર્ણની માળવા ઉપરની ચડાઈનાં સૂચનો બીજા ગ્રંથોમાં મળે છે, અરિસિંહ કહે છે માળવા જીતીને ત્યાંથી નીલકંઠની મૂર્તિ આણી હતી. (શ્લો. ૨૩) પણ નીલકંઠની મૂર્તિ તો ભીમને મળ્યાનું પ્ર-ચિ-મા કહેલું છે (જુઓ પૃ. ૧૦૫)

૯ શ્રી કર્ણ સ્વર્ગે ગયા પછી શ્રી ઉદયમતિ દેવીનો ભાઈ મદનપાલ બરાબર રીતે વર્તવા લાગ્યો (દાખવા તરીકે) પાટણમા એ વખતે દેવનુ વરદાન પામેલો હોય એવો લીના નામનો રાજવૈદ્ય રહેતો હતો એની વૈદક કળાથી રાજી તથા આકર્ષિત થયેલા, શહેરના લોકો તેને મોટી પેઠે ધન આપી ને પૂજતા હતા આ લીના વૈદ્યને મદનપાલે એક દિવસ પોતાના મહેલમાં તેડાવ્યો અને પછી દરદનો ખોટો ડોળ કરી નાડ બતાવી લીના વૈદ્યે " તમે પથ્ય પાળવા તૈયાર છો ? " એમ પૂછતા તેણે જવાબ આપ્યો કે 'એજ નથી, તમને મે રોગોનો ઉપાય કરવા નહોતા બોલાવ્યા, પણ મને પથ્ય (ખોરાકી–પૈસા) આપીને મારી ભૂખનો ઉપાય કરવા બોલાવ્યા હતા માટે બત્રીશ કલ્પર લાવો" એમ કહીને તેને કેદ રાખ્યો લીના વૈદ્યે એના કહેવા પ્રમાણે ગોઠવણ કર્યા પછી નિયમ કર્યો કે 'હવેથી રાજમહેલ સિવાય કોઇ ઠેકાણે દવા કરવા જવુ નહિ '

૧૦ એ વખત પછી દરદીઓના પેશાબને જોઇને નિદાન ચિકિત્સા કરતા લીના વૈદ્યને એક દિવસ કોઇ ઠગ માણસે બનાવટી રોગની ચિકિત્સામા એની કેટલી કુશળતા છે એ જોવા માટે બળદનું મૂત્ર દેખાડયુ, પણ એ શુ છે તે બરાબર જાણી જઇને માથુ ધુણાવીને લીના વૈદ્યે કહ્યુ કે ' આ બળદ ઘણુ ખાવાથી માંદો પડી ગયો છે માટે એને તરત તેવની નાળ પાઓ, નહિ તો મરી જશે. " આ રીતે તે ઠગને વૈદ્યે આશ્ચર્ય ચકિત કરી દીધો.

૧૧ એક વખત રાજાએ પોતાના ડોકના દુ ખાવાનો ઉપાય પૂછ્યો, ત્યારે તેણે આઠ તોલા કસ્તુરી વાટીને તેનો લેપ કરવાથી માથાનો દુ ખાવો મટી જશે એમ જવાબ આપ્યો અને એમ કરવાથી ડોક સરખી થઈ ગઇ પછી એક વખત રાજાની પાલખી (सुखासन) ઉપાડનાર હલકી કોમના માણસે (*મૂળમા* **पामर नर** *શબ્દો છે*) પોતાના માથાના

સુ સ ને સુરથોત્સવ ટીકા આપે છે (સ ૧૫ શ્લો ૨૦) અને કર્ણ સુન્દરીમા મુસલમાનો સાથે કર્ણને વિજયી યુદ્ધ થયાનું કહ્યુ છે

કર્ણ અતિ કૃપાળો હતો એમ મુકુલ સકીર્તન (શ્લો૦ ૨૦), કીર્તિ કૌમુદી (૨–૨૧), રત્નમાળા, સિદ્ધ હૈમપ્રશસ્તિ, (શ્લો ૧૭), વસન્ત વિલાસ (સ. ૩ શ્લો. ૧૮) તથા વસ્તુપાલ તેજ પાલ પ્રશસ્તિ વગેરેમા કહ્યુ છે

કર્ણના વિ સ ૧૧૩૨ નો તથા ૧૧૪૮ નો બે લેખો મળ્યા છે (જુઓ સુરતની સાહિત્ય પરિષદનો રિપોર્ટ તથા E. I Vol 1 p 317)

દુઃખાવાનો ઉપાય પૂછ્યો. ત્યારે તેને કેરડાના મૂળનો રસ એની માટી સાથે લગાડવાનું કહ્યું. આ જોઇને રાજાએ " (એકજ દરદમાં દવાનો) આવો ફેર કેમ ? " એમ પૂછ્યું ત્યારે તેણે " દેશ, કાળ, બળ, શરીરની પ્રકૃતિ વગેરે બાબતોનો વિચાર કરીને આયુર્વેદ જાણનારા ચિકિત્સા કરે છે " એમ વિનતિ કરી.

૧૨ એક વખત કેટલાક ધુતારાઓએ એકમત થઇને તથા જુની જુદી જોડીમાં વહેંચાઈને (નીચેનો પ્રયોગ કર્યો), એ ધુતારાઓની પહેલી જોડીએ બજારમાં " આજ કાંઇ તબીઅત ઠીક નથી " ? એમ લીલા વૈદ્યને પૂછ્યું. બીજી જોડીએ શ્રી મુંજાલ સ્વામી મંદિરના પગથીઆ ઉપર સામા મળી એજ પ્રમાણે પૂછ્યું. ત્રીજી જોડીએ રાજગઢના બારણામાં પૂછ્યું અને ચોથી જોડીએ તેના પોતાના ઘરના[૧૯] બારણામાં મળીને એજ પ્રમાણે પૂછ્યું. આ રીતે વારંવાર પૂછાવાથી પોતાની તબીઅત વિષે શંકા ઉત્પન્ન થઇને તેજ વખતે કાળજ્વર[૨૦] આવીને આ વૈદ્ય તેરમે દિવસે મરણ પામ્યો.

આ રીતે લીલા વૈદ્યનો પ્રબન્ધ છે.[૨૧]

૧૩ પછી સાન્તૂ[૨૨] મંત્રીના બતાવ્યા પ્રમાણે કર્ણના પુત્રે (સિદ્ધરાજે) [૨૩] સ્વારીના મિષે અન્યાય કરનાર મદનપાલને મરાવી નાખ્યો.

૧૪ એક વખત મરૂ દેશમાં વસનારો, શ્રીમાળ વંશનો ઉદા નામનો કોઇ વાણીઓ પુષ્કળ ઘીની ખરીદી કરવા માટે ચોમાસામાં રાતની મુસાફરી કરતો હતો; ત્યાં એક કયારાનું પાણી બીજા કયારામાં વાળતા મજુરો

---

૧૯ મૂળમા ફક્ત द्वारतोरणे એટલું જ છે. પણ ઉપરના સબધથી રાજગઢમાં જઇને પાછા ઘેર આવ્યો ત્યાં પોતાના ઘરના બારણામા એજ પ્રશ્ન થયો એ રીતે અર્થ બેસાર્યો છે.

૨૦ મૂળમા माहेन्द्र ज्वर શબ્દ છે.

૨૧ લીલા વૈદ્ય ઉપર ધુતારાઓએ કરેલા પ્રયોગની આ વાત આ નાગ શિવાય જુદી જુદી રીતે લોકમાં પ્રચલિત છે.

૨૨ સાન્તૂ મંત્રી કર્ણના વખતમા પણ મહામાત્ય હતો એમ બિલ્હણની કર્ણ સુન્દરી ઉપરથી જણાય છે.

૨૩ મૂળમાં राजपाटिकाव्याजेन એ રીતે શબ્દો છે. राजपाटिका એટલે રાજની સ્વારી, પણ મદનપાલને મરાવવામાં એનો શું ઉપયોગ ? બીજી પ્રતોના પાઠ ઉપરથી (જુઓ મૂળ પૃ. ૯૦ ટિ. ૩) સ્વારીના મિષથી તેને ઘેર જઈ માણસો પાસે મારી નખાવ્યો એમ અર્થ લાગે છે.

તેના જોવામા આવ્યા, એટલે તેણે " તમે કોણ છો ? " એમ તેઓને પૂછ્યુ તેઓએ " અમે અમુક માણસના મજુરો છીએ " એમ કહેતા " માગ કયાય છે " ? એમ ઉદાએ પૂછ્યુ ત્યારે તેઓએ " કર્ણાવતીમા છે "૨૪ એમ કહ્યુ એટલે તે વાણીઓ પોતાના કુટુમ્બ માટે ત્યા ગયો અને વાયડીય જિન મદિરમા જઇ વિધિપૂર્વક દેવોને નમસ્કાર કરતો હતો ત્યા લાછી નામની કોઇ શ્રાવક છીપણે૨૫ તેને સધાર્મિક (ધર્મભાઇ) જાણીને નમસ્કાર કર્યા, અને " તમે કોના મહેમાન છો ? " એમ પૂછ્યુ ત્યારે તેણે " હું તો પરદેશી છુ માટે (તમે કહો તો) તમારો જ મહેમાન " એમ જવાબ આપ્યો, એટલે તે પોતાની સાથે ઘેર તેડી ગઇ તથા કોઇ વાણીઆને ઘેર રસોઇ કરાવી, જમાડી, પોતાના કોઇ ઘરમા બોતણાયે રહેવાની ગોઠવણ કરી આપી

૧૫ વખત જતા પોતાની પાસે પૈસો વધતાં ઘટનું ઘર બધાવવા માટે પાયો ખોદાવતા તેમાથી અઢળક ધન ઉદાને મળી આવ્યુ એટલે તેણે તે છીપણને બોલાવી તે ધન આપવા માડ્યુ પણ તેણે લીધુ નહિ આ ધનના પ્રભાવથી ત્યારથી તે ઉદયન મત્રી નામથી પ્રખ્યાત થયો તેણે કર્ણાવતીમા ભૂત વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના ચોવીશ તીર્થંકરોથી સુશોભિત શ્રી ઉદયન વિહાર બધાવ્યો તેને જુદી જુદી સ્ત્રીના ચાહડદેવ, આમડ, વાહડ અને સોલાક નામના પુત્રો હતા ૨૭

---

૨૪ આ રીતે માત્ર મશ્કરીમા પૂછાયેલા પ્રશ્નનો પણ ચોક્કસ રથાન કહેનાર જવાબ મળે તો તેને શકુન જાણવાની-તેજ ઠેકાણે જરૂર ભાગ્યોદય થાય એવી જૂના કાળમા માન્યતા હતી એમ જણાય છે (જુઓ પાયમા પ્રકાશમા ૨૬મી વાર્તા)

૨૫ છીપણ=છીપાની સ્ત્રી છીપા એટલે કપડા છાપનાર (Clothprinter) અત્યાર પેઠે ઉદાના વખતમા નહિ તો મેરૂતુગના વખતમા તો છીપાની જુદી નાત હોવી જોઇએ. વાણીઆઓ તેનું ખાતા ન હોય એમ જણાય છે કાઠીઆવાડમા તો છાપવાનું કામ ખત્રીઓ કરે છે, પણ ઉદેપુર વગેરે બીજા રથળોમા હિંદુ તેમજ મુસલમાન છીપાઓ એ કામ કરે છે

૨૬ અહીં મૂળનો પાઠ જરા અરપષ્ટ છે બીજી પ્રતોના પાઠોમા આથી વધારે ગડબડ છે ટોની પેઠે મે પણ મને સૂઝતો તે અર્થ કર્યો છે

૨૭ ઉદયન મત્રીનો આ વૃત્તાન્ત જિન મણિના કુમારપાલ પ્રબંધમા પણ મળે છે (પૃ ૨૬)

ઉદયન પ્રબંધી તથા તેના ચાર પુત્રો સબંધી વધારે વૃત્તાન્ત આગળ કુમારપાલ પ્રબંધમા આવશે ઉપર આપેલો ઉદયન સબંધી વૃત્તાન્ત જે સાચો

૧૬ એક વખત મહામાત્ય સાન્તૂ હાથણી ઉપર બેસીને સ્વારીમાં નીકળ્યા હતા ત્યારે પાછા વળતાં પોતે કરાવેલા સાન્તૂવસહિકામાં દેવને નમસ્કાર કરવાની ઇચ્છાથી, બેસવા જાય છે તો વેશ્યાના ખભા ઉપર હાથ રાખીને ઉભેલા કોઇ ચૈત્યવાસી શ્વેતાંબર સાધુને જોયા. એટલે હાથણી ઉપરથી ઉતરીને ઉત્તરાસંગ કરી (જેથી મોઢું ઢાંકી.) પાંચ અંગોથી[૨૮] નીચાં નમી (ગમાસણું દેઇ) તેને નમસ્કાર કર્યા, અને ત્યાં જરાવાર રોકાઇને, ફરી પ્રણામ કરીને, ચાલી નીકળ્યા. આથી તેને એટલી શરમ લાગી કે તે પાતાળમાં પેસી જવા ઇચ્છતો હોય એમ નીચે મોઢે (ઉભો રહ્યો.) અને તેજ વખતે બધું છોડી દઇને મલધારિ[૨૯] શ્રી હેમસૂરિ પાસે આમ્નાય ગ્રહણ કરી, વૈરાગ્ય રસના અતિ ઉદ્રેકથી મન ભરાઇ જતાં શેત્રુંજે જઇ બાર વર્ષ સુધી તપ કર્યું. [વળી તેણે પોતાના જેવા બીજાને પણ ઉપદેશ આપી જગાડયા. (તે) મુનિ વિચાર કરે છે કે:—

(૪) હે, ભાઇ, મનડા, તું પિશાચ પેઠે કેમ દોડયા કરે છે ? એક અભિન્ન આત્માને જો અને રાગ તજી દઇને સુખી થા.

૫ હે મન, સંસારની મૃગ તૃષ્ણામાં નકામું શા માટે દોડે છે ? અને આ અમૃતમય બ્રહ્મ સરોવરમાં શા માટે ડુબકી મારતું નથી.][૩૦]

૧૭ એક વખત તે (સાન્તૂ) મંત્રી શેત્રુંજે દેવનાં દર્શન કરવા ગયા

હોય તો કર્ણે છવટનાં વર્ષોમાં કર્ણાવતી વસાવ્યું અને કર્ણાવતી સારી રીતે વસી ગયા પછી ત્યાં ઉદો રહેવા આવ્યો. અને તે પછી અમુક વખતે તે પૈસાદાર થયો તથા મંત્રી તરીકે પ્રખ્યાત થયો; અર્થાત્ સિદ્ધરાજના રાજ્યકાળનાં પણ કેટલાંક વર્ષો ગયા પછી ઉદો ઉદયન મંત્રી થયો હોવો જોઇએ અને એ વખતે એ પ્રૌઢ ઉમ્મરનો હોવો જોઇએ. એટલે મુંબઇ ગેઝીટીઅરમાં ગુજરાતના ઇતિહાસ લેખકે ઉદાને પણ કર્ણનો મંત્રી માનેલ છે. (પૃ. ૧૭૦) તે યથાર્થ નથી લાગતું. એજ ગ્રંથમાં ઉદાને પાંચ દીકરા કહ્યા છે, અને ઉપરના ચાર નામો ઉપરાંત પાંચમું આહડ નામ લખ્યું છે તે પણ ઉપરનું સ્પષ્ટ વચન જોતા ભ્રમ લાગે છે. પ્ર-ચિં. ની કોઈક પ્રતોમા આહડને બદલે આહડ કે આસ્થળ લખ્યું છે ખરું.

૨૮ બ્રાહ્મણ સાહિત્યમાં જેમ અષ્ટાંગ પ્રણામ કહેવાય છે તેમ જૈન સાહિત્યમા પંચાગ પ્રણામ કહેવાય છે.

૨૯ રાજા કર્ણ પાસેથી મલધારી બિરૂદ મેળવનાર અભયદેવ સૂરિના શિષ્ય આ મલધારી હેમસૂરિ (જુઓ પીટર્સનનો ચોથો રિપોર્ટ પૃ. ૬ અને ૧૬૦)

૩૦ આ કોંસમાં મુકેલો કટકો ચાર પ્રતોમાં નહોતો અને સબંધ જોતા પ્રક્ષિપ્ત જેવો લાગે છે, છતાં મૂળમાં છાપ્યો છે એટલે તેનું ભાષાતર પણ કર્યું છે.

હતા, ત્યા પ્હેલા ક્યાક જોયા હોય એવા તે મુનિને પ્રણામ કરીને, તેના ચરિત્રથી જેના મનને ઘણુ કુતૂહુલ થયુ છે એવા મત્રીએ તે મુનિને તેના ગુરૂકુળ વગેરે પૂછ્યા ત્યારે " ખરી રીતે તમેજ ગુરૂ છો " એમ તેણે કહેતા, કાન આડા હાથ દઇ 'એવુ ન બોલો ' એમ વસ્તુ સ્થિતિ જણ્યા વગર જ્યારે મત્રીએ કહ્યું, ત્યારે તેણે ખુલાસો કર્યો કે

(૬) જે જેને શુદ્ધ ધર્મમા સ્થાપે તે ત્યાગી હોય કે ગૃહસ્થ હોય પણ તેજ, ધર્મદાન કરવાથી તેનો ધર્મ ગુરૂ થાય છે

આમ કહીને મૂળ વૃત્તાન્ત જણાવી તેમને ધર્મમા દ્રઢ કર્યા

આ રીતે મત્રી શાન્તૂનો દ્રઢ ધર્મતા પ્રબંધ પુરો થયો

આ પછી (સિદ્ધરાજ ગાદીએ બેઠા પછી ?) શ્રીમયણલ્લદેવીએ પૂર્વ જન્મના સ્મરણથી જાણેલો પોતાના આગલા જન્મનો વૃત્તાન્ત શ્રીસિદ્ધરાજને જણાવી, શ્રી સોમનાથને યોગ્ય સવા ક્રોડની સુવર્ણમય પૂજાની સામગ્રી સાથે લઇને યાત્રા માટે પ્રસ્થાન કર્યું ત્યારે તે બાહુ લોદ (બોળાદ) પોચી ત્યારે ત્યા પચકુલ તરફથી બહુ ત્રાસ વેઠતા તથા ગજાનો કર ન આપી શકવાથી આખમા આસુ સાથે પાછા ફરતા કાપડી (એક જાતના શિવભક્ત સાધુઓ)-ઓને જોઇને, જેના હૃદયરૂપી અરીસામા તેઓને થતા ત્રાસનું પ્રતિબિંબ પડયુ છે એવી મયણલ્લદેવી જાતેજ પાછી વળી ત્યા રસ્તામા સિદ્ધરાજ મળતા તેણે પોતાની માતાને રોકીને વિનતિકરી કે " માતાજી ! આ સંભ્રમ છોડી દીયો, અને શા માટે પાછા વળો છો એ કહો " ત્યારે મયણલ્લદેવીએ જવાબ આપ્યો કે " જો આ કર લેવાનું છોડી દેવામા આવશે તોજ હું સોમેશ્વરના દર્શન કરીશ તથા અન્ન લઇશ, નહિ તો નહિ " આ સાભળીને રાજાએ પચ કુલને બોલાવીને તેની સનદ [૩૧]મા જોતિષ લાખની (વાર્ષિક) આવકના આકડાનો વિચાર કરીને તે સનદનો કાગળ ફાડી નાખીને, માતાના શ્રેય માટે કર છોડી દઇને માના હાથમા તેનું પાણી મુકયુ પછી મયણલ્લદેવીએ શ્રી સોમનાથ જઇ સાથે આણેલી સુવર્ણ પૂજાથી દેવને પૂજીને તુલા પુરૂષદાન, ગજદાન[૩૨] વગેરે મહાદાનો આપ્યાં [૩૩]

૩૧ મૂળમા પટ્ટક શબ્દ છે રા દી શાસ્ત્રીએ પટ્ટો અર્થ કર્યો છે ટાનીએ patent અર્થ કર્યો છે આ કરનો ઇનરો અપાતો હોય તો ઇનરો આપવાની સનદ-ખતપત્ર એવો અર્થ થાય એમ જ અર્થ દોવો જોઇએ નહિ તો કાગળ ફાડી નાખવાની શું મતલબ હોય ?

૩૨ તુલા પુરૂષદાન, ગજદાન વગેરે મહાદાનના પ્રકારો છે પ્હેલામા પોતાના વજન જેટલુ સોનુ આપવામા આવે છે, બીજામા હાથીરૂપે

૩૩ મીનલદેવીએ કરેલી સોમનાથની યાત્રાનો તથા બાહુલોદ આગળનો કર છોડાવ્યાનો આ પ્રબંધ જિનમણિના કુમારપાલ પ્રબંધમા પણ છે

(૭) કેવળ સંગ્રહ કરનાર સમુદ્ર પણ રસાતલને (નીચી સ્થિતિને) પ્રાપ્ત થયો અને દાતા મેઘ ભુવનોની ઉપર ગર્જે છે; એ દાખલો જુઓ.

(૮) લક્ષ્મી, પરિવાર વગેરે બધું નાશ પામે છે;

ત્યારે દાનથી થયેલા આનંદમાં એકલી કીર્તિજ રહે છે.

(૯) દાતાનો, માગણ જેવો કોઈ સગો નથી, કારણ કે તે દાતાનો ભાર ઉપાડી લે છે, અને લક્ષ્મીરૂપી શત્રુમાંથી તેને છોડાવે છે.[૩૪]

ઉપર પ્રમાણે મહાદાનો આપવાથી 'મારા જેવી કોઈ થઈ નથી કે થશે નહિ' એમ અભિમાનથી ફુલાઈ જઈને રાતે નીરાંતે મીનલદેવી સુતી હતી. ત્યાં (સ્વપ્નમાં) તપસ્વીનો વેષ ધારણ કરેલા તેજ દેવે (સોમેશ્વરે) કહ્યું કે "યાત્રાએ આવેલી એક કાપડી સ્ત્રી અહીં મારા મંદિરમાંજ છે; તેની પાસેથી તેનું પુણ્ય તારે માગવું." આમ કહીને તે દેવ અંતર્ધ્યાન થઈ ગયા. પછી મીનલદેવીના કહેવાથી રાજસેવકો તે બાવીને શોધીને લઈ આવ્યા. તેની પાસે યાત્રાનું પુણ્ય માગ્યું પણ જ્યારે તેણે કોઈ રીતે આપ્યું નહિ, ત્યારે "યાત્રામાં તેં શું અરચ કર્યું?" એમ પૂછયું, એટલે તેણે જવાબ આપ્યો કે "હું ભીખ ઉપર ગુજરો કરતી કરતી સો યોજન (લગભગ ૮૦૦ મૈલ) છેટેથી આવી છું અને આગલે દિવસે તીર્થોપવાસ કરી પારણાને દિવસે કોઈ પુણ્યશાળી પાસેથી મળેલા ખોળ (કે સાથવા ?)[૩૫]ના કટકાથી સોમેશ્વરને પૂજીને, તથા તેમાંથી થોડો ભાગ અતિથિને આપીને મેં જાતે પારણું કર્યું; તમે તો પુણ્યશાળી છો, તમારા બાપ અને ભાઈ, તેમજ પતિ અને પુત્ર બધા રાજાઓ છે. તમે બાહુલોદનો કર છોડાવીને આવ્યાં છો, અને સવાક્રોડની પૂજાથી સોમેશ્વરને પૂજ્યા છે; આટલું પુણ્ય કરનાર તમે મારું પુણ્ય મેળવવા કેમ ઇચ્છો છો? જો ગુસ્સે ન થાવ તો કંઈક કહું? ખરી રીતે તો તમારા પુણ્યથી મારું પુણ્ય પૃથ્વી ઉપર વધારે મોટું છે, કારણ કે;-

(૧૦) સંપત્તિવાળી સ્થિતિમાં સંયમ રાખવો, શક્તિ હોય છતાં સહન કરવું, જુવાનીમાં વ્રત કરવું, અને દરિદ્ર સ્થિતિમાં થોડું પણ દાન કરવું, એ મોટો લાભ આપનાર થાય છે.

---

૩૪. આ ત્રણ શ્લોકો પ્રક્ષિપ્ત જેવા છે એ માટે જુઓ ૩૦ મી ટિપ્પણી તથા મૂળ પૃ. ૯૨ ટિ. *

૩૫ મૂળમાં पिण्याक શબ્દ છે, તેનો અર્થ ખોળ થાય છે, જે ગાય બૈંસને ખોરાક તરીકે અપાય છે. રા. દી. શાસ્ત્રીએ મોળો સાથવો એમ અર્થ કર્યો છે. દોનીએ oilcake અર્થ આપ્યો છે.

આ પ્રમાણે યુક્તિયુક્ત વાક્યથી તેના ગર્વને દૂર કર્યો

૨૦ સિદ્ધરાજ સમુદ્રને કાંઠે[૩૬] ઉભા હતા ત્યાં એક ચારણે કહ્યું —

(૧૧) હે સ્વામી! તમારા મનને કોણ જાણી શકે છે? તમે ચક્રવર્તી પદ તો મેળવ્યું છે, હવે, હે કર્ણના પુત્ર, લક્ષ્મીના ફળને લેવાનો માર્ગ શોધો છો કે શું?

આ રીતે સિદ્ધરાજની સ્તુતિ થતી હતી

૨૧ આ રીતે રાજા (સિદ્ધરાજ) યાત્રામાં હતા, (પાટણમાં નહોતા) એ વખતે અવકાશ જોઈને માળવાના રાજા[૩૭] યશોવર્માએ ગુજરાત પ્રદેશમાં ઉપદ્રવ કરવા માંડ્યો ત્યારે મન્ત્રી એ "તમે શી રીતે પાછા વળો?" એમ પૂછ્યું અને તે રાજાએ જવાબ આપ્યો કે "તમે જો તમારા રાજાની યાત્રાનું પુણ્ય મને આપો તો હું પાછો વળી જાઉં," એટલે મંત્રીએ તે રાજાના પગ ધોઈ તેનું પુણ્ય આપવાના ચિહ્નરૂપે હાથમાં પાણી મુક્યું અને આ રીતે (માળવાના) રાજાને પાછો વાળ્યો પછી સિદ્ધરાજે જ્યારે આ વૃત્તાન્ત જાણ્યો ત્યારે તેને મંત્રી ઉપર ક્રોધ ચડ્યો પણ તે મંત્રીએ "હે સ્વામી, જો મારા આપવાથી તમારું પુણ્ય ચાલ્યું જતું હોય તો તેનું અથવા બીજા પુણ્યશાળીઓનું પણ પુણ્ય મેં તમને આપ્યું જ છે, (એમ સમજજો) તમે તે ઉપાયથી શત્રુના સૈન્યને, પોતાના દેશમાં આવતું અટકાવવું જ જોઈએ" આમ કહીને રાજાના મનનું સમાધાન કર્યું

૨૨ પછી માળવાના રાજા ઉપરના ક્રોધના વેગમાં જ માળવા ઉપર ચઢી જવા ઇચ્છતા સિદ્ધરાજે સચિવોને તથા કારીગરોને સદાશિવ મંદિર રૂપી ધર્મસ્થાન બાંધવાના કામની સૂચનાઓ આપી અને એ કામ એકદમ થવા માંડ્યું એટલે રાજાએ પ્રયાણ કર્યું ત્યાં બાર વર્ષની લડાઈ થઈ તેમાં સિદ્ધરાજનો જય થયો પણ માળવાની રાજધાની હાથ આવી નહિ એટલે સિદ્ધરાજે એક દિવસ પ્રતિજ્ઞા કરી કે 'આજે ધારા પડ્યા પછી ભોજન લઈશ," પણ સચિવોએ, પાયદળ લશ્કરે તથા પાંચસો પરમાર રજપુતોએ પ્રાણ આપ્યા છતાં પણ સાંજ સુધીમાં રાજાની પ્રતિજ્ઞા

---

૩૬ મયણલ્લ દેવી સાથે સિદ્ધરાજ પત્ર જાત્રા કરવા ગયેલા એમ આ પ્રસંગના વર્ણનથી જણાય છે

૩૭ સિદ્ધરાજ યાત્રામાં હતા ત્યારે ગુજરાત ઉપર ચઢી આવનાર માળવાનો રાજા યશોવર્મા નહિ પણ નરવર્મા હોવો જોઈએ કારણ કે વિ. સ ૧૧૯૭ સુધી નરવર્મા માળવાની ગાદી ઉપર હતા (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ ભાગ ૨ જો પૃ ૧૪૬)

પુરી થઇ શકી નહિ, એટલે લોટનો ધારાનો કિલ્લો બનાવી, તે તોડી, એ રીતે પ્રતિજ્ઞા પૂરી કરી રાજાએ પાછા ફરી જવાનો વિચાર કર્યો અને એ વાત મુંજાલ મંત્રીને જણાવી. તેણે પણ ચૌટાંઓમાં, ચોકમાં અને મંદિરોમાં પોતાનાં માણસો (જાસુસો) રાખી ધારાનો કિલ્લો કેવી રીતે તુટે વગેરે વાતો કરાવી, ત્યારે ધારામાં રહેનાર કોઇ માણસ પાસેથી "જો દક્ષિણ દરવાજા ઉપર શત્રુનું લશ્કર જોર કરે તોજ કિલ્લો પડે, તે શિવાય પડે એમ નથી" એવી વાત સાંભળીને તે મંત્રીએ ગુપ્ત રીતે રાજાને ખબર આપ્યા.[૩૮] આ ખબર મળ્યા પછી રાજા સિદ્ધરાજે પણ દક્ષિણ દરવાજે સૈન્ય લઇ કિલ્લો દુર્ગમ છે એમ વિચાર કરી, યશઃપટહ નામના બળવાન હાથી ઉપર સામળ નામના માવદને બેસારી હાથીના પાછલા ભાગથી દરવાજા (ત્રિપોલી) નાં બેય કમાડ[૩૯] ઉપર જોરથી ધક્કા મરાવ્યા. પરિણામે અંદરની ભોગળ ભાગી ગઇ (અને દરવાજો ઉઘડી ગયો.) પણ અતિ જોર કરવાને લીધે અંદરથી તુટી ગયેલા હાથી ઉપરથી સિદ્ધરાજને[૪૦] ઉતારીને જેવો માવદ ઉતરવા જાય છે તેવો હાથી જમીન ઉપર પડી ગયો. પોતાના યશથી ધવલ એવો તે હાથી શૂરવીર હોવાથી મરી જઇને વડસર ગામમાં યશોધવલ નામના ગણપતિ રૂપે અવતર્યો.[૪૧]

---

૩૮ આ વર્ણન જરા વિચિત્ર લાગે છે. મુંજાલ મંત્રી આ વેરા વખતે ક્યાં હતા? જો રાજાની સાથેજ હોય તો ધારાની અંદર પોતાનાં માણસો શી રીતે મોકલીશકે? તેમ પછી પણ ગુપ્ત રીતે–'ગુપ્ત વિજ્ઞપ્તિ' દ્વારા શા માટે ખબર આપવા પડે? પણ જો ધારાની અંદર હોય તો આ બધું બરાબર છે. પણ તો લડાઈ વખતે પણ લડતા શત્રુના એલચી સામાના શહેરમા રહી શકતા હતા એમ માનવું પડે. ભીમ ભોજ પ્રબંધમા પણ ભીમનું લશ્કર બ્હાર હતું ત્યારે ભીમનો એલચી ડામર ધારામાં હોય એવું વર્ણન છે.

૩૯ એ વંખતના કિલ્લાના દરવાજા તોડવા માટે આ રીતે હાથીનો ઉપયોગ થતો; પણ હાથી જેવું કીમતી જનાવર કમાડના ખીલાઓ વાગી મરી ન જાય એ માટે હાથી અને કમાડ વચ્ચે ઉંટને રાખવાનો રિવાજ હતો, એમ કહેવાય છે. અહીં તો હાથી એકલોજ છે.

૪૦ દરવાજો તોડવાના હાથી ઉપર રાજા પોતે બેઠો હોય એ જરા વિચિત્ર લાગે છે.

૪૧ હાથીનું નામ એક પ્રતમાં યશોદેવ આપ્યું છે, જ્યારે જિનમંડન ગણિએ યશઃ પટહ નામ આપ્યું છે અને તે મરીને વ્યન્તર થયો એમ લખ્યું છે (જુઓ મૂળ પૃ. ૯૫ ટિ. ૧) માળવા સિદ્ધરાજે બાર વર્ષે લીધું અને હાથી દ્વારા દરવાજો તોડ્યો એટલી વાત જિ. ગણિએ, જયસિંહ સૂરિએ તથા ચારિત્ર સુંદર ગણિએ

(૧૨) સિંદૂરના સ્તન રૂપ પર્વત સાથે અફળાઈને જાણે એક દાંત પડી ગયો હોય એવા એક દાંત વાળા ગજવદન ગણપતિ તમારું કલ્યાણ કરો.

આ તેની સ્તુતિ છે

૨૩ ઉપર પ્રમાણે ધારાનો દુર્ગ તોડયા પછી, (પોતાની સામે) રણે ચડેલા યશોવર્માને છ દોરડાથી બાંધીને, તથા પોતાની જગન્માન્ય આજ્ઞા ત્યાં (માળવામાં) ફેરવીને યશોવર્મા રૂપી પ્રત્યક્ષ યશધ્વજ સાથે શોભતા સિદ્ધરાજ શ્રી પાટણમાં આવ્યા ૪૨

સરખી લખી છે માત્ર આલિગ નામના સચિવને સ્વદેશની રક્ષા માટે રાખીને સિદ્ધરાજે ચઢાઈ કરી હતી એટલું ચા ણિએ ઉમેર્યું છે પણ કુમારપાલે આલિગને મંત્રી બનાવ્યો એમ પ્ર ચિ તો કહે છે આલિગ નામના પુરોહિતનો ઉલ્લેખ પ્ર ચિ ની એક પ્રતમાં મળે છે ખરો (જુઓ મૂળ પૃ ૯૬ ટિ)

૪૨ એ વખતે માળવાનો રાજા કોણ હતો અને માળવા જીત્યા પછી તેના રાજાનું સિદ્ધરાજે શું કર્યું એ વિશે કાંઈક હેરફેર વાળા વર્ણનો મળે છે જયસિંહ સૂરિએ તથા જિનમંડન ગણિએ માળવાના રાજાનું નરવર્મા નામ લખ્યું છે કીર્તિ મા 'નરવર્માની નગરી ધારા લીધી' (સ ૨ શ્લો ૩૨) એમ કહ્યું છે પણ સમકાલિન દ્વયાશ્રયમાં (સ ૧૪ શ્લો ૧૮) તથા સુકૃત સંકીર્તન (સ ૨ શ્લો ૩૪) માં યશોવર્મા નામ છે અને વિ સ ૧૧૯૫ના સિદ્ધરાજના સમયના ઉજ્જૈનના લેખમાં પણ યશોવર્મા નામ છે છતાં એક બીજા સંવત વગરના (તલવાડા–વાસવાડા બાજુથી મળેલા) લેખમાં નરવર્માનું માન મર્દન કર્યાનો ઉલ્લેખ છે, અને એ ઉપરથી નરવર્માના વખતમાં લડાઈ શરૂ કરેલી પણ સિદ્ધરાજે જેને હરાવ્યો તેતો યશોવર્મા જ એમ માનવું યોગ્ય છે

બીજો પ્રશ્ન યશોવર્માનું શું કર્યું ! "બાંધીને કેદમાં નાખ્યો" એમ પ્ર. ચિ. કહે છે "સહકુટુમ્બ (દારા સાથે) કારાગ્રહમાં નાખ્યો"—"લાકડાના પાંજરામાં નાખ્યો" એમ સોમેશ્વર કહે છે (સુરથોત્સવ સ ૧૫ શ્લો ૨૨, કી કૌ સ ૨ શ્લો ૩૧,) અરિસિંહે પણ "કારાગ્રહમાં નાખ્યો" એમ લખ્યું છે (સ ૨ શ્લો ૩૪), હેમચંદ્રે પણ યશોવર્માને કેદ કર્યો એમ લખ્યું છે અને સિદ્ધરાજના પોતાના–દોહદના લેખમાં માળવાના રાજાને કારાગૃહમાં નાખ્યો એ પ્રમાણે છે, એટલે જયસિંહ સૂરિએ (કુ ચ સ ૧) લખેલી નીચેની વાત કે 'સિદ્ધરાજની તરવાર બાર વર્ષ મ્યાન વગર રહી ત્યારે સિદ્ધરાજે ક્રોધમાં આવી પ્રતિજ્ઞા કરી કે માળવાના રાજાના ચામડાથી તરવારનું મ્યાન ચઢાવીશ, અને તેણે રાજાના પગનું ચામડું મ્યાન ઉપર મઢાવ્યું' તથા જિનમંડન ગણિએ તેમાં સુધારો કરી મ્યાન માટે યોગ્ય ચામડી ઉતરડયા પછી મંત્રીઓએ એ કામ નીતિ શાસ્ત્ર વિરુદ્ધ છે એમ કહેવાથી કેદ કર્યો એ રીતે જે લખ્યું છે (કુ પ્ર પૃ ૮) તે કથનો ઉપરના પુરાવા જોતા કલ્પિત જણાય છે

૨૪ એ વખતમાં હમેશા બધા ધર્મના મુખ્ય પુરૂષોને આશીર્વાદ લેવા બોલાવવામાં આવતા હતા, તેમાં હેમચંદ્રને અગ્રેસર કરીને જૈન આચાર્યો પણ પોતાને ટાણે આવ્યા, અને સિદ્ધરાજને મળ્યા. જે વખતે રાજાએ વસ્ત્રો વગેરે આપીને ખુશી કર્યા, તે વખતે બધાએ એ રીતે આગળ કરેલ અપ્રતિમ પ્રતિભાથી શોભતા શ્રી હેમચન્દ્રે નીચે પ્રમાણેનો આશીર્વાદ રાજાને આપ્યોઃ—

(૧૬) આ સિદ્ધરાજ પૃથ્વીને જીતીને આવે છે, માટે હે કામદુધા! તારા છાણના રસથી આ ધરતીને સીંચી દે, હે રત્નાકર સાગરો! તમે મોતીઓના સાથીઆ રચો, હે ચંદ્ર! તું તારો ઘડો (અમૃતથી) પૂરો ભર, અને હે દિશાઓના હાથીઓ! તમે કલ્પવૃક્ષોનાં પાંદડાંને તમારી ઉંચી કરેલી સૂંઢમાં બાંધી તેનાં તોરણો બાંધો.[૪૩]

૨૫ પ્રપંચ વગરના આ કાવ્યનો વિસ્તારથી અર્થ કરવામાં આવતાં તેના વચનની ચતુરાઇથી ચિત્તમાં ખુશી થયેલા રાજાએ હેમચંદ્રની[૪૪] જ્યારે પ્રશંસા કરી ત્યારે આ ન સહન કરી શક્તા કેટલાકોએ "અમારાં શાસ્ત્રો જાણીને આ વિદ્વત્તા તો મેળવીનાં?" એમ કહ્યું, એ વખતે રાજાના પૂછવાથી હેમચંદ્રે કહ્યું કે "જૂના કાળમાં શ્રી મહાવીર જિન ભગવાન પોતાની બાલ્યાવસ્થામાં ઇન્દ્ર પાસેથી જે વ્યાકરણ શીખેલા તે જૈન વ્યાકરણ અમે ભણીએ છીએ." આ વાકય સાંભળી "એ પુરાણ વાર્તા છોડી દીઓ, આપણી નજીકના કોઇ વ્યાકરણ કર્તા થયા હોય તો બતાવો" એ પ્રમાણેનાં ચાડી ખાનારનાં વચન પછી હેમચન્દ્રે કહ્યું કે "જો શ્રી સિદ્ધરાજ સહાય કરે તો થોડાક દિવસોમાં નવું પંચાંગ વ્યાકરણ રચી આપું."

માળવાના રાજાને સિદ્ધરાજે ક્યારે જીત્યો એ કોઇ પ્રબંધમાં કહ્યું નથી પણ સિદ્ધરાજના તથા માળવાના ઉત્કીર્ણ લેખો લેતા ૧૧૯૨–૯૩ મા માળવા જીત્યું જણાય છે. ૧૧૯૩ ના ગાળા (બાગધરા રાજ્ય) માં મળેલા લેખમાં પહેલ વહેલું સિદ્ધરાજનું અવંતીનાથ બિરૂદ જોવામા આવે છે. (જુઓ પુરાતત્ત્વ પુ. ૪ અં. ૧. ૨.)

૪૩ ૧૩ મું કાવ્ય તથા તેને લગતો વૃત્તાન્ત પ્રભાવકચરિત (હેમસૂરિ પ્રબંધ) માં પણ છે.

૪૪ એક પ્રતમા આ સ્થળે હેમચન્દ્રે સિદ્ધરાજ પાસે માન્યતા કેવી રીતે મેળવી તે વિષે હલકા ચમત્કારો ગુંથેલી વાર્તા લખી છે; જેમા આઠમે તથા ચૌદશે હેમચન્દ્ર સૂરિ જયસિંહના મહેલમાં જતા એમ કહ્યું છે અને ઉપર પ્રમાણે વિરોધ ટરનારનું નામ આલિગ પુરોહિત લખ્યું છે (જુઓ મૂળ પૃ. ૯૬ ટિ.)

પછી " આ તમે કબુલ કર્યું છે તે કામ પૂરું કરવું " એમ કહીને રાજાએ રજા આપવાથી શ્રી હેમચન્દ્ર સૂરિ પોતાને સ્થાનકે ગયા

૨૬ પછી (માળવા જીતીને પાટણમાં આવ્યા ત્યારે) " યશોવર્મા રાજાના હાથમાં ઉઘાડી છરી આપીને તથા તેની આગળ હાથી ઉપર બેસીને અમે શહેરમાં પ્રવેશ કરશું " એ પ્રમાણે રાજાએ પ્રતિજ્ઞા કરી છે એવું સાંભળીને મુંજાલ મંત્રીએ પ્રધાન પદનું રાજીનામું આપવા માંડ્યું ત્યારે રાજાએ આગ્રહથી એમ કરવાનું કારણ પૂછ્યું અને મંત્રીએ જવાબ આપ્યો કે —

૧૪ " રાજાઓ ભલે સંધિ[૪૫] કે વિગ્રહમાં ન સમજે પણ જો (મંત્રીઓનું) કહ્યું સાંભળે, તો એટલાથી જ તેઓ પંડિત થઈ જાય.

આ પ્રમાણે રાજનીતિ શાસ્ત્રમાં કહેલું હોવાથી સ્વામીએ પોતાની બુદ્ધિથીજ જે આ પ્રતિજ્ઞા કરી છે તે પરિણામે હિતકારક નથી " પછી " ભલે પ્રાણ જાય પણ જગતવિદિત પ્રતિજ્ઞા તો નહિ છોડું " એમ રાજાએ કહ્યું, ત્યારે મંત્રીએ ઘોળા રંગની રાળ ચોપડેલી છરી રાજાની પાછળ બેઠેલા યશોવર્માના હાથમાં આપી અને એ રીતે તેની આગળ બેસી શ્રી સિદ્ધરાજે પરમ ઉત્સવ સાથે અણહિલ્લપુર શહેરમાં પ્રવેશ કર્યો[૪૬]

૨૭ ઉપર કહેલા પ્રવેશનું મંગલ કાર્ય પુરું થયા પછી રાજાએ વ્યાકરણની વાત સંભારી એટલે અનેક દેશોમાંથી વ્યાકરણ જાણનાર પંડિતો પાસેથી મંગાવી બધા વ્યાકરણો એકઠા કર્યા, અને પછી શ્રીહેમાચાર્યે શ્રીસિદ્ધહેમ નામનું પાંચેય અંગોવાળું સવાલાખ શ્લોકના પૂરવાળું વ્યાકરણ એક વર્ષની અંદર રચ્યું પછી રાજાને બેસવાના હાથીના માથા ઉપર એ

---

૪૫ આ શ્લોકમાં સંધિ, વિગ્રહ અને આખ્યાત એ પ્રમાણે જે ત્રણ શબ્દો છે તે વ્યાકરણની તથા રાજનીતિ શાસ્ત્ર બેયની પરિભાષાના અર્થવાળા છે

૪૬ ઉપરના વર્ણનઉપરથી સિદ્ધરાજે પકડેલા કેદ કરેલા યશોવર્માને પાછળથી છોડ્યા હોય એમ લાગે છે જુઓ આગળ ૨૮ મા પ્રબંધમાં યશોવર્માને સિદ્ધરાજે પાટણના સહસ્રલિંગ સરોવર મંદિરો વગેરે ધર્મસ્થાનો બતાવ્યા એમ વર્ણન છે એ જોતા પણ પાટણમાં યશોવર્માને છુટા રાખ્યા હોય એમ લાગે છે ચરિત્ર સુંદર મણિનો " માળવાનો રાજા નમી પડવાથી તેને રાજ્ય પાછું સોંપ્યું " (સ ૧ ૨ શ્લો ૩૧ થી ૩૮) લખે છે પણ ઉપરોક્ત લેખો જોતા માળવાનો કેટલોક ખાસ કરીને પૂર્વનો ભાગ કુમારપાલ અને અજયપાલ સુધી ગુજરાતના રાજાઓને તાબે હતો એમ જણાય છે (જુઓ I A 1932 octomber મા મંગુલીનો પરમારો વિશે લેખ)

વાત એમ છે કે પહેલાં મહાકાળ દેવને આપેલો હોવાથી માળવા એ દેવ દ્રવ્ય ગણાય, અને એ (દેવ દ્રવ્ય)ને ભોગવનારા અમે તે (મહાકાળ) ના પ્રભાવથી ઉદય તથા અસ્તને પામીએ છીએ. અને તમારા વંશના રાજાઓ પણ આટલા બધા દેવ દ્રવ્યનો કાયમ નિભાવ નહિ કરી શકે. અને પરિણામે બધાં દેવદ્રાનો બંધ કરીને (દેવના કોપથી) વિપત્તિમાં પડશે.

૨૯ એક વખત સિદ્ધરાજે સિદ્ધપુરમાં રુદ્ર મહાકાલનું[૫૨] મંદિર કરાવવાનો વિચાર કરી એક સ્થપતિ (સલાટ-એન્જીનીઅર) ને પોતાની પાસે રાખી મંદિરનો આરંભ કરવાના મુહૂર્ત વખતે એક લાખના કરજ માટે ગીરવી મુકેલા સ્થપતિના માપણી કરવાના રાચને[૫૩] (તેનું કરજ ચુકવીને) છોડાવ્યું. પણ જ્યારે ત્યાં જોયું ત્યારે તે વાંસનું બનાવેલું જોવામાં આવ્યું. રાજાએ આનું કારણ પૂછતાં ' મેં સ્વામીની ઉદારતાની પરીક્ષા કરવા માટે આમ કર્યું હતું,' એમ તેણે કહ્યું એટલે રાજાએ તેની ઇચ્છા નહોતી છતાં તે દ્રવ્ય (એક લાખ) તેને આપી દીધું. પછી ક્રમે કરીને ૨૩ હાથ પ્રમાણનું સંપૂર્ણ મંદિર થઇ જતાં, અશ્વપતિ, ગજપતિ અને નરપતિ એવા ઉત્તમ રાજાઓની મૂર્તિઓ કરાવીને તેની આગળ હાથ જોડેલી પોતાની મૂર્તિ કરાવી 'દેશનો નાશ કરવામાં આવે તો પણ મંદિરનો નાશ ન કરવાની' સિદ્ધરાજે યાચના કરી.[૫૪] એ મંદિર ઉપર ધજા ચડાવવાનો સમારંભ કરતી વખતે બધાં જૈન મંદિરો ઉપરથી ધજાઓ ઉતરાવી. જેમ માળવામાં મહાકાલની ધજા ફરકતી હોય ત્યારે કોઈ પણ જૈન મંદિર ઉપર ધજા નથી ઉડતી તેમ (ગુજરાતમાં પણ કર્યું.)

---

૫૨ આ રુદ્ર મહાકાલનું મંદિર સિદ્ધરાજે જ બંધાવ્યું હોય એવું વર્ણન છે, પણ બરી રીતે એ મૂળરાજે, માળવાના, કવિ કાલિદાસથી પણ પ્રાચીન સમયના મહાકાલ મંદિરની હરીફાઈમા બંધાવ્યું હોવું જોઈએ; કારણ કે મૂળરાજે શ્રીસ્થળના રુદ્ર મહાલયને પૂજીને વિ. સ. ૧૦૪૩ મા એક દાન આપ્યું છે. (જુઓ I. A. Vol VI. ગુજરાતના ૧૧ દાનપત્રોમાં પહેલું દાનપત્ર) સિદ્ધરાજે એનો વિશાળ જીર્ણોદ્ધાર કર્યો હોય એ સંભવ છે.

૫૩ મૂળમા કલાસિકા શબ્દ છે. આપ્તેના કોષમાં તો આ શબ્દ નથી મળતો, ટોનીએ મંદિરનો કલશ એવો અર્થ કર્યો છે. પણ રા. દી. શાસ્ત્રીએ માપણી કરવાનું રાચ (કદાચ ગજ) એવો અર્થ કર્યો છે જે મેં સ્વીકાર્યો છે.

૫૪ આ રુદ્ર મહાલયને ન ભાગવાની સિદ્ધરાજની પ્રાર્થના સફળ થઇ નથી. અને ઇ. સ. ૧૨૯૭-૯૮ મા તથા ૧૪૧૫ મા એ મંદિરનો નાશ કરવામાં આવ્યો છે. છતાં અત્યારે જે અવશેષો મળે છે તે ઉપરથી ૩૦૦ ફીટ લાંબા તથા ૨૩૦ ફીટ પહોળા આંગણામા બે કે ત્રણ માળનું મંદિર હશે એમ જણાય છે. (જુઓ ગુજરાતનાં તીર્થસ્થાનો પૃ. ૬૦)

૩૦ એક વખત સિદ્ધરાજ માળવે જતા હતા ત્યારે કોઇ વેપારીએ સહસ્રલિંગ જેવા ધર્મસ્થાનના ખર્ચમા પોતાના તરફનો ભાગ રાખવાની માગણી કરી પણ રાજાએ તેની ના પાડી અને પોતે માળવે ગયા એ પછી કેટલોક વખત જતા રાજ્યના કોઠારમા પૈસા ન હોવાથી સહસ્રલિંગનુ કામ ટાઢુ પડયુ છે એમ માલગીને તે વેપારીએ પોતાના પુત્ર પાસે કોઇ પૈસાદારની પુત્ર વધૂનું કાનનુ ઘરેણુ ચોરાવી તેના દંડ તરીકે ત્રણ લાખ આપ્યા આથી એ કામ પૂરૂ થયુ, એમ સાભળીને માળવામા ચોમાસું ગાળવા ઇચ્છતા રાજાને અવર્ણ્ય આનદ થયો પછી ચોમાસામા જ્યારે વરસાદે ખૂબ વરસીને પૃથ્વીને એક સમુદ્ર જેવી બનાવી દીધી ત્યારે વધામણી ખાવા, મત્રીઓએ મોકલેલો એક મારવાડી રાજા આગળ લક્ષાણુથી વરસાદ કેવો પડયો વગેરે વાત કરતો હતો, ત્યા એ વખતેજ આવેલા એક ગુજરાતી ધૂર્ત માણસે " સ્વામી, સહસ્રલિંગ સરોવર ભરાઇ ગયુ એની વધામણી છે " એમ તરત કહી દીધુ અને આ વાકય સાભળીને તરતજ રાજાએ પોતાના શરીર ઉપરના બધા ઘરેણા, સીના ઉપર પડેલી બીનાડીને જોતો હોય તેમ, મારવાડી તેને જોતો રહ્યો, અને તે ગુજરાતીને આપી દીધાં

૩૧ ચોમાસું ઉતર્યા પછી રાજાએ પાછા વળતા શ્રીનગરમા મુકામ કર્યો, ત્યા તે શહેરના મદિરો ઉપર ધજાઓ જોઇ એટલે " આ કોના મદિરો છે ? " એમ બાહ્મણોને પૂછયુ તેઓએ " જૈનોના તથા બ્રહ્માના છે " એમ કહ્યું એટલે રાજાએ ક્રોધમા આવીને કહ્યું કે " ગુજરાતમા જૈન મદિરો ઉપર ધજા ચડાવવાની મેં મના કરી છે અને આ તમારા ગામમા જૈન મદિરો ધજા વાળા કેમ છે ? " ત્યારે તેઓએ વિનતિ કરી કે " આપ સાભળો, વાત એમ છે કે સત્ય યુગમા જ્યારે મહાદેવે આ મોટા (તીર્થ) સ્થાનની સ્થાપના કરી ત્યારે શ્રી ઋષભદેવ સ્વામીનું, તથા શ્રી બ્રહ્માનું એ બે મદિરો પોતેજ કરાવ્યા, અને તે ઉપર ધજા ચડાવી તે આ મદિરોનો પુણ્યવાણી માણસોને હાથે જીર્ણોદ્ધાર થતા થતા ચાર યુગો વહી ગયા વળી શ્રી શત્રુજય મહાગિરિનો આ નગર તળ પ્રદેશ ગણાય છે કારણ કે નગર પુરાણમા કહ્યું છે કે —

(૧૭) (શેત્રુજાની) મૂળ આગળની ભૂમિનો પચાસ યોજન વિસ્તાર, ઉપરની ભૂમિનો દશ યોજન અને ઉંચાઇ આઠ યોજન એ પ્રમાણે જિનેશ્વરના પર્વત (શેત્રુજા)નું ક્ષેત્રફળ ગણાય છે

સત્યયુગમાં આદિ દેવ શ્રી ઋષભ થઇ ગયા છે; તેના પુત્ર ભરત થયા; જેના નામથી આ દેશ ભરતખંડ તરીકે પ્રસિદ્ધ થયો છે.

(૧૮) આ ઋષભ દેવ નાભી રાજાના અને મરૂ દેવીના પુત્ર હતા, તેઓ સમદૃષ્ટિ વાળા, સ્વચ્છ (હૃદયવાળા), જેની ઇન્દ્રિયો પ્રશાન્ત છે એવા, અને શુદ્ધ બુદ્ધિવાળા હતા અને તેઓએ મુનિઓના યોગ્ય માર્ગનું આચરણ કર્યું હતું; એમના પદને ઋષિઓ આર્હતોનું પ્રથમ પદ કહે છે.

(૧૯) નાભિરાજાથી મરૂદેવીમાં વિષ્ણુનો આઠમો અવતાર થયો; જેણે બધા આશ્રમોથી પૂજાયેલો ધીર પુરૂષો (યોગીઓ) નો માર્ગ દેખાડયો."

આ અને આવાં પુરાણ વચનો કહીને વધારે વિશ્વાસ આવે માટે પાંચ માણસો ઉપાડી શકે એવું ભરતરાજાના નામવાળું કાંસાનું પત્રું (લેખનું) ઋષભદેવના મંદિરના ભંડારમાંથી લઇ આવીને રાજાને દેખાડી જૈન ધર્મનું આદિ પણું સિદ્ધ કર્યું. આથી ખિન્ન થયેલા રાજાએ એક વર્ષ પછી (બીજાં ?) જૈન મંદિરો ઉપર ધજા ચડાવવાનો હુકમ કર્યો.

૩૨ પછી રાજા પાટણ આવ્યા. પ્રસંગોપાત્ત (સહસ્રલિંગ) સરોવરના ખરચના આંકડા વંચાતા હતા તેમાં ગુન્હેગાર શેઠના દંડમાંથી મળેલા ત્રણ લાખ એ કામમાં ખરચાયા; એ સાંભળી, રાજાએ ત્રણ લાખ તેને ઘેર મોકલી આપ્યા. આથી શેઠે રાજા પાસે હાજર થઇ, ભેટ ધરી, 'આ શું ?' એવું પૂછયું. એટલે રાજાએ જવાબ આપ્યો કે " જે ફોટિધ્વજ શેઠ તે કાનનું ધરેણું તે ચોરે ? પણ તમે આ ધાર્મિક કામમાં ભાગ માગ્યો હતો, પરંતુ મળ્યો ન હતો તેથી પ્રપંચ કરવામાં ચતુર, અને જેનું મોઢું મૃગનું પણ અંતર વાઘનું છે એવા અને બ્હારથી સરલ પણ અંદરથી શઠ એવા તમે આ કામ કર્યું છે."

૩૩ હવે સહસ્રલિંગ સરોવરની શ્રીપાલ[૫૫] કવિએ રચેલી પ્રશસ્તિ પ્રશસ્તિ પટ્ટિકા (લેખ કોતરવાના પથરા) માં કોતરાતી હતી માટે તેનું

---

૫૫ આ શ્રીપાલ કવિએ વિ. સં. ૧૨૦૮ માં વડનગર પ્રાકાર પ્રશસ્તિ રચી હતી (જુઓ પ્રાચીન લેખમાળા ભાગ ૧ નં. ૪૫) તે મળે છે. પણ આ સહસ્રલિંગ સરોવરની પ્રશસ્તિ નથી મળતી.

આ સ્થળે રાજાના પૂછવાથી ગ્રંથિલાચાર્ય જય મંગલસૂરિએ કહેલા શહેરના વર્ણનના બે શ્લોકો તથા ઉપર કહેલ શ્રીપાલની પ્રશસ્તિમાં આ શ્લોક છે એમ કહીને એક શ્લોક કહેલાં છપાયેલ પુસ્તકમાં છે. જે પૃ. ૧૦૨ ની તથા ૧૦૧ ની ટિપ્પણીમાં ઉતાર્યા છે. શ્રીપાલની પ્રશસ્તિનો કહેલો શ્લોક કીર્તિ કૌમુદીમા મળે છે, એટલે પ્રશસ્તિમાં હોવાનો સંભવ ઓછો છે.

શોધન કરવા બધા માર્ગના વિદ્વાનોને બોલાવ્યા હતા ત્યારે શ્રી હેમચન્દ્રાચાર્યે પોતાના શિષ્ય પંડિત રામચન્દ્રને[૫૬] "જો પ્રશસ્તિ કાવ્યને બધા વિદ્વાનોની સમતિ હોય તો તારે કાંઈ પંડિતાઈ ન બતાવવી" એમ કહીને ત્યાં મોકલ્યો હતો, પછી બધા વિદ્વાનો પ્રશસ્તિના વખાણ કરવા મંડ્યા વળી રાજાની એમાં મમતા હોવાથી તથા શ્રીપાલ કવિના ડહાપણ તથા દાક્ષિણ્ય (મોંની માથે સારૂ રાખવાનો સ્વભાવ) ને લીધે બધા કાવ્યો બરાબર છે, અને ખાસ તો નીચેનું કાવ્ય —

(૨૦) આ લક્ષ્મીએ કમળનો ત્યાગ કરીને તમારી (સિદ્ધરાજની) તરવારનો આશ્રય કર્યો છે, કારણ કે કમળ કોશ (–કોઠવો તથા બીજનો) અને દળ (–પાન તથા લશ્કર) સહિત છે તો પણ પોતાના સ્પષ્ટ (શત્રુરૂપ) કટકના મર્મને કાપી શકતું નથી, વળી એ કોઈ વખત પુરૂષત્વ ધારણ કરતું નથી, પણ આ અસિ (તરવાર) એકને કોશ (મ્યાન) રહિત હોવા છતા આખી પૃથ્વીને કટક (શત્રુ) વગરની કરે છે (વળી તેને દલ–સૈન્યની જરૂર નથી અને પુરૂત્વ ધારણ કરે છે એટલે કે એ શબ્દ પુલિંગ છે) બાસ સૌએ વખાણ્યુ ત્યારે રાજાના પૂછવાથી રામચંદ્રે કહ્યું કે "એ જરા વિચારવા જેવુ છે" અને પછી મોંના પૂછવાથી "આ કાવ્યમા સૈન્ય વાચક દલ શબ્દ છે અને કમળ શબ્દને નિત્ય નપુંસક ગણ્યો છે, તે બે દૂષણ વિચાર કરવા જેવા છે પછી બધા પંડિતોને આગ્રહ કરીને રાજાએ દલ શબ્દનો સૈન્ય અર્થ સ્વીકારાવ્યો, પણ લિંગાનુશાસનથી કમલ શબ્દ પુલિંગમા વપરાયજ નહિ એવો નિયમ ન હોવાથી એનું શુ કરવુ? એ મુશ્કેલીનો "પુરૂષત્વને પ્રાપ્ત થાય કે ન થાય" એવો પાઠ ઉપલા શ્લોકમા સ્વીકારીને તોડ કાઢ્યો આ વખતે સિદ્ધરાજને થયેલા દૃષ્ટિ દોષથી પ રામચન્દ્રની, ઘરમા પેસતાજ એક આંખ ફુટી ગઇ[૫૭]

---

૫૬ હેમચન્દ્રના શિષ્ય પંડિત આ રામચન્દ્ર એ વખતના એક સમર્થ કવિ નાટકકાર હતા તેણે ઘણા ગ્રન્થો લખ્યા છે, જેમાંથી સત્ય હરિશ્ચન્દ્ર, નલવિલાસ, કૌમુદી મિત્રાનંદ નાટ્યદર્પણ વગેરે છપાયા છે મૂળ પૃ ૧૦૨ ની ટિપ્પણીમાં રામચન્દ્ર કવિને સિદ્ધરાજે 'ઉનાળામા દિવસો કેમ વધારે લાંબા હોય છે' એમ પૂછ્યુ અને તેણે જવાબમા રાજાની પ્રશંસા કરતા બે શ્લોકો કહ્યા એટલો વિરોધ છે આ રામચન્દ્ર કવિને આ શ્લોક રચના માટે કવિકટારમલ્લનુ બિરૂદ મળ્યુ હતુ એમ રત્નમંદિર ગણિએ વિ સ ૧૫૧૭ મા લખેલ ઉપદેશ તરંગિણીમા કહ્યું છે

૫૭ દૃષ્ટિદોષ—નજર લાગવા—નો એ વખતે બહુ વહેમ હોય એમ જણાય છે આ ગ્રંથમા દૃષ્ટિ દોષની વાત વારવાર આવે છે. ઉપર પ્રમાણે કવિ

૩૪ એક વખત—

(૨૧) (જે) આથી યુક્ત પ્રાણ પોષે છે, વિથી યુક્ત મુનિઓને પ્રિય છે, સં થી યુક્ત સંપૂર્ણ રીતે અનિષ્ટ છે, અને એકલો હોય ત્યારે સ્ત્રીઓને પ્રિય લાગે છે. (એ કયો શબ્દ ?)

આ પ્રમાણે ડાહલ દેશના રાજાના યમલ (મૈત્રી સંબંધ દર્શાવનારા) પત્રને છેડે એક શ્લોક લખવામાં આવ્યો હતો. આ શ્લોકના અર્થનો વિચાર ચાલતાં બીજા પંડિતોએ મૌન રાખ્યું, ત્યારે રાજાના પૂછવાથી શ્રી હેમચન્દ્રાચાર્યે હાર શબ્દ આ વગેરે સાથે જોડી શ્લોકની મતલબ સ્પષ્ટ કરી આપી. ((૧) આહાર, (૨) વિહાર (૩) સંહાર (૪) હાર.)

એક વખત સપાદલક્ષના રાજાએ નીચેનો સમસ્યાનો દૂહો લખી મોકલેલો:—

(૨૨) પડવાના (બરી રીતે બીજના) ચન્દ્રની શોભા ગૌરી (સ્ત્રી) ના મુખ કમળની શોભાને અનુસરતી નથી,

આ સમસ્યા જ્યારે (સિદ્ધરાજની સભાના) કવિઓ ન પૂરી કરી શકયા ત્યારે હેમચન્દ્રાચાર્યે નીચે પ્રમાણે પૂરી કરી:—

(કારણ કે) ચન્દ્રની ન દેખાતી બાકીની કલાનું કેમ અનુમાન થઈ શકે ?

(૩૫) એક વખત શ્રી સિદ્ધરાજે આભીરોના રાણા નવઘણને તાબે કરવાની તૈયારી કરી, પણ પહેલાં અગીઆર વખત, પોતાનું સૈન્ય તેનાથી હારેલું હોવાથી,[૫૮] શ્રી વઢવાણ વગેરે શહેરોમાં કિલ્લાઓ બંધાવી, જાતેજ પ્રયાણ કર્યું. તેના (નવઘણના) ભાણેજે સંકેત આપતી વખતે (ગઢને તોડવાનો રસ્તો બતાવતી વખતે) કરાર કરેલો કે ગઢ હાથમાં આવે ત્યારે નવઘણને અસ્ત્રો વગેરેથી નહિ પણ દ્રવ્યથી મારવો, આ કરાર રાણીઓએ વચ્ચે પડીને કરાવેલો હોવા છતા નવઘણને (તેના) વિશાળ

રામચન્દ્રની આંખ ફુટ્યાની વાત પ્રભાવક ચરિતમા પણ મળે છે:—"અતિશય પીડા થઈને જમણી આંખ ફુટી, પણ રામચન્દ્ર કર્મનું કારણ માની શાન્ત રહી ચાર મહિના તપમાં બેઠા રહ્યા" (હે. સૂરિ પ્રબંધ શ્લો. ૧૩૯)

૫૮ આ ૩૬ મા પ્રબંધની વાકયરચના અસ્પષ્ટ અને અર્થની ગડબડ કરે એવા પાઠાતરવાળી છે. પહેલા છપાયેલ પુસ્તકમાં નિજસૈન્યૈ: એ રીતે પાઠ હતો, જેનો અર્થ સિદ્ધરાજના સૈન્યથી અગીઆરવાર નવઘણ હાર્યો હતો એવો થાય પણ એ અર્થ આગળ પાછળના સદર્ભ જોડે બેસતો નથી. અને વધારે હસ્તપ્રતોમાં નિજસૈન્યે વાળો પાઠ મળે છે. વળી એ પાઠને પ્રભાવક ચરિત (મહેન્દ્ર સૂરિ પ્રબંધ શ્લોક ૪૩૦) નો ટેકો છે.

મકાનમાંથી બહાર ખેંચી કાઢી, દ્રવ્ય રાખવાના વાસણોથીજ મારીને મારી નાખ્યો અને એને દ્રવ્યથીજ માર્યો છે એ પ્રમાણે તેની રાણીઓને શબ્દ ચાતુર્યથી સમજાવી

શોકમાં પડેલી તેની રાણીના નીચેના વચનો પ્રચલિત છે —

(૨૩) જુઓ મધિઓ ! હવે તે ગણો નથી, અને તેનું કુટુમ્બ પણ નથી તે બધુ અને પ્રાણો પણ ખેંગાર સાથે અગ્નિમાં હોમીએ છીએ

(૨૪) બધા ગણા વાણીઆ છે અને જેમલ મોટો શેઠ છે અમારા ગઢ હેઠળ આ શું વેપાર માંડયો ?

(૨૫) હે મોટા ગિરનાર, તે મનમાં શું અદેખાઇ રાખી છે ? કે ખગાર મરતા એક શિખર પણ હેઠું ન પાડયુ ?

(૨૬) અરે જેસલ ! અમારા રહેઠાણને છોડીને અમે વારે ઘડીયે ખરાબ દેખાઇએ છીએ કારણ કે નદી પેઠે નવઘણ (નવઘણ રાજા તથા નવા વાદળા) વગર નવો પ્રવાહ આવતો નથી

(૨૭) વઢાઈ ગયા છતા વઢવાણ ભુલાવ્યુ ભુલાતું નથી કારણ કે સોના જેવા પ્રાણ ખોવાવે ખોવાયા છે

આ અને આવા બીજાં ઘણા વાક્યો આ પ્રબંધને યોગ્ય મળી આવે તે અહીં સમજી લેવા [૫૯]

પરિશિષ્ટ

ખેંગાર (કે ખંગાર) અને તેની રાણી

ખેંગાર ઉપર સિદ્ધરાજે કરેલી ચડાઈનો દ્વયાશ્રયમાં તો ઉલ્લેખ જ નથી તેમજ સુ-મં, સુ કી-ક, વ-વિ તથા વ-તે-પ્ર-મા પણ નથી પણ પ્ર-ચિં ઉપરાંત પ્રભાવક ચરિત, કીર્ત કૌ-, રેવત ગિરિરાસુ, તથા સિદ્ધ રાજના દોહદના લેખમાં કાંઇક સૂચન મળે છે એટલે એ બનાવને ઐતિહાસિક માનવામાં વાંધો નથી પણ પ્ર-ચિં મા આપેલી કુકી વાતનો લોક કથામાં ભાટ ચારણો તથા તૂરીઓને હાથે ખૂબ વિસ્તાર થયો છે વાતમાં પ્રચલિત રાણકદેવી રાખેંગારની વાર્તા અતિ લોકપ્રિય છે તૂરીઓ પાસેથી સાંભળેલી રાણકદેવી રાખેંગારની વાર્તા તેમાં આવતા દુહા-ગોરવ માથે રાસમાળામાં ઉતારી છે

---

૫૯ ચેરતુંગે ઉલ્લેખ વાક્યમાં કહ્યું છે તેમ આવા ઘણા દુહાઓ એ જમાનામાં પ્રચલિત હશે અને તેમાં જમાને જમાને વધારો પણ થયો હશે ૫ ચિ ની એક પ્રતમાં ત્રણ દુહા વધારે મળે છે (જુઓ મૂળ પૃ ૧૦૪ ટિ)

(જુઓ રાસમાળાનું ગુ. ભાષાંતર ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૭ થી ૨૧૯) આ વાર્તાનાં કેટલાંક સૂક્ષ્મ બીજો પ્ર-ચિ. ના ઉપરના-૩૪ મા પ્રબંધમાં મળે છે, પણ મેરૂતુંગનું તેમજ બીજા જૈન લેખકોનું લક્ષ્ય તો ગિરનાર ઉપર નેમિનાથનું મંદિર બંધાવાનો પ્રસંગ શી રીતે આવ્યો એ કહેવા ઉપર છે. સોરઠનો રાજા કોણ હતો ? તેનું શું થયું ? એ બધી, એ લેખકોને મન, ગૌણ બાબતો છે. એટલે એ ગૌણ વિષયના વર્ણનમાં ક્વચિત્ ગોટાળો પણ થઈ જાય છે. પણ આપણે માટે તો રાણુકદેવી સંબંધની વાર્તાનો કેટલો અંશ પ્ર-ચિ. માં મળે છે અને એમાં ઐતિહાસિક તથ્ય કેટલું હોવાનો સંભવ છે એજ મુખ્ય વિચારણીય વસ્તુ છે.

૧ રાણુકદેવી નામની, તેના જન્મની, તે કુંભારને ઘેર ઉછર્યાની સિદ્ધરાજ સાથે તેના સગપણની કે બેગાર તેને પરણી ગયાની કશી વાત પ્રબંધ ચિંતામણીમાં નથી. ભાટોના કહેવા પ્રમાણે કાલડીના દેવડાની પુત્રી રાણુકદેવી હોવાની પણ પ્ર. ચિ. ને ખબર નથી. પણ (૧) સિદ્ધરાજે મોકલ્યાં અનેક વખત નિષ્ફળ પ્રયાસો કર્યા (૨) પછી સોરઠના× આભીર રાણાને હરાવ્યો, (૩) તથા માર્યો (૪); આ કામમાં સોરઠના રાણાના ભાણેજોએ તથા તેની રાણીઓએ કાંઈક સંકેત તેમજ કરાર કરેલો (૫) પણ સિદ્ધરાજે એ કરાર શબ્દચ્છળ કરીને બરોબર પાળ્યો નહિ. (૬) છેવટ સોરઠના રાણાની રાણીએ શોકમાં પડીને કેટલાક માર્મિક સોરઠાઓ કહ્યા. આટલી વાત પ્ર. ચિં. માં ટુંકામાં છે. સોરઠ લીધા પછી ત્યાંની વ્યવસ્થા માટે સિદ્ધરાજે મન્જનને નીમ્યો વગેરે ૩૬ મા પ્રબંધની વાત ને રાણુકદેવી સંબંધની વાત સાથે કશો સંબંધ નથી.

(૧) સિદ્ધરાજે એક કરતાં વધારે વખત સોરઠ લેવાનો પ્રયાસ કર્યો હશે એમ માનવામાં વાંધો નથી. પ્ર. ચિં. અને પ્રભાવક ચરિત (હેમચંદ્ર સૂરિ પ્ર. શ્લો. ૪૩૭) બેયમાં એક સરખું કથન છે. અને મૂળરાજના વખતથી તે લગભગ છેવટ સુધી પાટણના રાજાઓ સોરઠના રાજાઓ સાથે લડયા કર્યા છે. પ્ર. ચિં. અગીઆર વખત કહે છે તે આંકડો સાચો માનવાની જરૂર નથી. પૃથ્વીરાજે મ્લેચ્છ રાજા (શાહબુદ્દીન) ને એકવીશ

× જૂનાગઢના રાજાઓ હાલમાં યાદવ કહેવાય છે. ભાટો તેઓને યાદવ જ કહે છે. પણ પ્ર-ચિં. તથા દ્વયાશ્રય તેને આભીર કહે છે. કેક મહાભારતના કાળથી યાદવોને ગાળ દેવી હોય ત્યારે આભીર-ગોવાળ કહે છે. આ વિષે વધારે વિવેચન માટે જુઓ 'યાદવોનું કુળ' નામે મારો નડિઆદની સાહિત્ય પરિષદમાં આપેલો નિબંધ

વેગ હરાવેલો એમ પ્ર ચિં કહે છે, બરી વાત એક વર્ખત હરાવ્યો હતો એમ છે

(૨) સોરઠના ગણાનું નામ શુ હતું ? પ્ર ચિં મા નવઘણ લખ્યુ છે, પણ તે નવઘણની ગણીના મોટામા મુકેલા વચનોમા બગા અને નવઘણ બેય નામ મળે છે ભાટોની દતકથા આ ગોટાળાનો ખુલાસો નવઘણ અને બેંગાને પિતા પુત્ર માનીને તથા સિદ્ધરાજે નવઘણને પ્હેલા હરાવ્યો, પછી એનું વેર લેવા બેંગારે પાટણનો પૂર્વ ભણીનો દરવાજો તોડી પાડયો, પછી સિદ્ધરાજ સાથે જેનુ લગ્ન નક્કી થયેલુ તે રાણુકનું બેંગારે હરણ કર્યું, પરિણામે સિદ્ધરાજે સોરઠ ઉપર ચડાઇ કરી અને બેંગાના ભાણેજ દેદા બીશળની મદતથી બેંગાને મારી નાખ્યો અને રાણુકદેવી વઢવાણ આગળ સતી થઇ એ રીતે વાર્તા ગોઠવીને કરે છે (જુઓ રાસમાળા બીજી આવૃત્તિ પૃ ૨૦૦ થી ૨૦૫) રાસમાળાના કર્તા તથા તેને અનુસરીને શ્રી ક મા મુનશી ગુજરાતના નાથમા એ ક્રમમા પ્રસંગો વર્ણવે છે

પણ પ્ર ચિં. માંથી નવઘણ અને બેંગાર બેય માંથે યુદ્ધ થયાનો અર્થ કોઇ રીતે નીકળતો નથી બીજુ પ્ર ચિં થી પ્રાચીનતર કીર્તિકૌમુદી (સ ૨ શ્લો–૨૫) રેવતગિરિ રાસુ (કવિ ૧ શ્લો ૮) અને પ્ર ચિંના સમકાલિન પ્રભાવક ચરિતમાંથી પણ સોરઠના રાજાને સિદ્ધરાજે જે વખત હરાવ્યાનો અર્થ નીકળતો નથી અને સોરઠના રાજાનું નામ એ ગ્રંથોમા બેંગાર આપ્યુ છે ત્યારે માત્ર શુ ? વધારે પુરાવાઓ સિદ્ધરાજથી હારનાર રાજાનું બેંગાર નામ હોવાનું કહે છે પણ પ્રભાવક ચરિતમા એક સ્થળે બેંગારને સિદ્ધરાજે માર્યો (હે મુ. પ્ર શ્લો ૪૬૩) એમ કહેલુ છે અને બીજે સ્થળે સિદ્ધરાજને કનેડનાર તથા કુમારપાલ રાજાના વખત સુધી જીવતા સોરઠના રાજાનું નામ નવઘણ લખેલુ છે (એજન શ્લો ૪૩૦) પ્ર ચિં ના દુહામા તથા પ્ર ચ મા આ રીતે નવઘણ અને બેંગાર બેય નામો મળે છે તેનો એક ખુલાસો એ થાય કે સોરઠના એ ચૂડાસમા રાજાઓ બધા નવઘણ કહેવાતા હોય, અથવા ભાટો કહે છે તેમ બેંગારના પિતા તથા પુત્રનું નામ નવઘણ હોય (જુઓ ભાટોના ચોપડાઓ ઉપરથી તારિખ ૪, સોરઠમા તથા તે ઉપરથી કાઠીઆવાડ ગેઝીટીઅરમા ઉતારેલી ચૂડાસમાઓની વંશાવળી પૃ ૪૬૩—૪૬૪)

સિદ્ધરાજ જયસિંહના ઐતિહાસિક વૃત્તાન્તના છેલ્લા લેખક શ્રી ગૌરી ઓઝા પણ રાસમાળાને અનુસરી નવઘણ અને બેંગાર બેય માંથે યુદ્ધ થયાનું માને છે પણ ભાટોની દતકથાને એટલુ બધુ વજન આપવા જેવુ

ગિરનારની તળેટીમાં રહેવાનું રાખીને ત્યારેજ તે (સજ્જને કરાવેલું નેમીનાથનું) મંદિર જોવાની ઇચ્છા કરી, પણ અદેખાઇ અને ગર્વથી ભરેલા બ્રાહ્મણોએ " આ (ગિરનાર) પર્વત જલાધારી સાથે શિવલિંગના આકારનો છે, માટે એને પગ અડાડવો યોગ્ય નથી. " વગેરે બનાવટી વચનો કહીને સિદ્ધરાજને રોકયા. એટલે તેણે ગિરનાર ઉપર પૂજા મોકલીને જાતે શત્રુંજય મહાતીર્થ પાસે લશ્કરનો પડાવ નાખ્યો. ત્યાં પહેલાં કહેલા, પોતાની જાત દેખાડી આપનારા, નિર્દયો (બ્રાહ્મણો) એ હાથમાં તરવાર લઇને આડા ફરી રાજાને રોકયો. એટલે સિદ્ધરાજે રાત પડતાં કાપડીનો વેષ પહેરી બે પાસ ગંગાજળ ભરેલાં વાસણોવાળી કાવડ બંધા ઉપર મુકી તેઓની વચ્ચે થઇને, ઓળખાયા વગર જ, પર્વત ઉપર ચડી, ગંગાજળથી શ્રી યુગાદિ દેવને ન્હવરાવી, પર્વતની નજીક આવેલાં બાર ગામો શ્રી દેવની પૂજા માટે આપ્યાં. તીર્થના દર્શનથી આંખો જાણે ઉઘડી ન ગઇ હોય, અમૃતથી જાણે ન્હાયા ન હોય એવો તેણે અનુભવ કર્યો. " આ પર્વતમાં વિંધ્યાચળ જેવી સલ્લકી (એક જાતનું ખડ) વાળી નદીઓ છે માટે આને જ હું વિંધ્યાચળ કરીશ" એવો વિચાર જેની પ્રતિજ્ઞા નિષ્ફળ નથી જતી એવા રાજાને આવ્યો પણ હાથીઓનાં ટોળાં પૂરાં પાડવાનો વિચાર આવતાં, મન ભાંગી પડયું, અને તીર્થનો નાશ કરે એવો વિચાર કરવા માટે પોતાને પાપી ગણીને શ્રી દેવના ચરણ પાસે રાજલોકના દેખતાં સિદ્ધરાજે ' મને ધિક્કાર છે ! ' એ રીતે પોતાની નિન્દા કરી અને આનંદ સાથે પર્વત ઉપરથી ઉતરી ગયા.[૬૪]

૩૮. હવે શ્રીદેવસૂરિનું ચરિત્ર કહીએ છીએ. એ વખતમાં કુમુદચન્દ્ર નામના દિગંબર તે તે દેશમાં ૮૪ પ્રકારના વાદોથી વાદીઓને જીતીને પછી ગુર્જર દેશને જીતવા માટે કર્ણાટકથી કર્ણાવતીમાં આવ્યા. ત્યાં ભટ્ટારક શ્રીદેવસૂરિ ચાતુર્માસ ગાળવા રહ્યા હતા. અને શ્રી અરિષ્ટનેમિ મંદિરમાં ધર્મશાસ્ત્રના વ્યાખ્યાન પ્રસંગે એમના વચનોની અપૂર્વ ખુબી જોઇને શ્રી. કુમુદચંદ્રના પંડિતોએ એ વાત તેને કરી એટલે તેણે તેના અપાશરા- (ઉપાશ્રય)માં [૬૫]ખડ માથે પાણી નંખાવ્યું. પણ ખંડનમાં તથા તર્ક

૬૪ સિદ્ધરાજે શત્રુંજયના યુગાદિ દેવને પૂજીને બારગામ તેની પૂજા માટે આપ્યાં હતા એમ પ્ર. ચ. (હે. સૂ. પ્ર. શ્લો. ૩૨૪, ૩૨૫) માં જયસિંહસૂરિના ગ્રંથ (સ. ૩ શ્લો. ૨૭) મા તથા જિનમંડન ગણિના ગ્રંથ (પૃ. ૫) માં પણ લખ્યું છે.

૬૫ ખડ સાથે પાણી નાખવું એ વાદવિવાદ માટે આહ્વાન કરવાની રીત હોય એમ લાગે છે. આગળ પણ પ્ર. ચિ. મા એ પ્રયોગ આવે છે.

વગેરે પ્રમાણોમા જાને પ્રવીણ પડિત હોવા છતા તે મહર્ષિ (દેવસૂરિ)એ, જાણે એ વાત સાભળીજ ન હોય એમ તેની દરકાર ન કરી એટલે શ્રી દેવાચાર્યની બ્હેન જે સાધ્વી હતી તેને પોતાના માણસો મારફત પાણી ભરાવી, તથા નાચ વગેરે અનેક કષ્ટો આપી હેરાન કરી એટલે તે નોકરોને ખસેડી, એ અતિ અપમાન માટે (નોકરોને દેવસૂરિએ ખસેડ્યા એ માટે) વઢવા મડેલા કુમુદચન્દ્રને રોકીને શ્રી દેવાચાર્યે કહ્યું કે "વાદવિદ્યાના વિનોદ માટે તમારે પાટણ જાવુ ત્યા રાજસભામા તમારી માથે હું વાદવિવાદ કરીશ" આ સાભળીને પોતાને કૃતકૃત્ય માનતા તે દિગમ્બર મુનિ શ્રી પાટણના પાદરમા ગયા ત્યારે શ્રીસિદ્ધરાજે પોતાની માતાના પિતાના ગુરૂ ગણીને તેનું સામૈયુ કરી સત્કાર કર્યો તથા ઉતારો આપ્યો પછી શ્રીસિદ્ધરાજે એની સામે વાદ કરી શકે એવી કુશળતા કોનામા છે એ શ્રીહેમાચાર્યને પૂછ્યુ ત્યારે એમણે "ચારૂ[૬૬] વિદ્યામા પરમ પ્રવીણતા ધરાવતા કર્ણાવતીમા રહેલા દેવાચાર્ય જૈનમુનિઓરૂપી હાથીઓના ટોળાના નાયક જેવા, રાજ સભાને શોભાવનાર, વાદવિદ્યા જાણનાર તથા વાદીઓરૂપી હાથીઓના સિંહ જેવા છે,' એમ કહ્યું એટલે તેમને તેડાવવા માટે રાજાએ વિનંતિપત્ર મોકલ્યુ અને એ સાથે જ (પાટણના) શ્રી સઘનું લખાણ પણ ગયુ, એટલે શ્રીદેવસૂરિ પાટણ આવ્યા અને રાજાના આગ્રહથી એમણે વાગ્દેવતાની આરાધના કરી અને તે દેવતાના "વાદીઓ માટે વેતાલ જેવા ભયકર શ્રીશાન્તિસૂરિએ રચેલ[૬૭] ઉત્તરાધ્યયન બૃહદ્વૃત્તિમા દિગમ્બરો સાથેના વાદ સ્થળે ૮૪ વિકલ્પોનો જે ઉપન્યાસ છે તેનો તમે વિસ્તાર કરશો એટલે દિગમ્બરના મોઢાને તાળુ દેવાઈ જશે" એવા આદેશ પછી કુમુદચન્દ્ર કયા શાસ્ત્રમા ખાસ કુશળ છે એ જાણવા માટે ગુપ્તપ્રીતિથી પડિતોને મોકલ્યા હતા તેમને તેણે કહ્યું કે —

(૨૮) હે ભૂદેવ,[૬૮] તમે કહો શુ કરૂ? કહો તો એકદમ લકા

---

૬૬ અહીં ચાર વિદ્યાઓ એટલે ત્રયી, આન્વીક્ષિકી, દડ નીતિ અને વાર્તા એ અર્થ શાસ્ત્રોક્ત ચાર વિદ્યા હોવાનો સભવ છે

૬૭ શ્રી શાન્તિસૂરીના ઉત્તરાધ્યયન સૂત્ર બૃહદ્ વૃત્તિ નામના ગ્રથમા આ દિગમ્બર સામેનો ઉપન્યાસ મળે છે

૬૮ આ શ્લોક અને તેના પ્રસગની વાક્યરચના જરા અસ્પષ્ટ છે ટીકાએ શ્લોકના પ્રેરેલા શબ્દ દેવનો અર્થ 'રાજા' કરીને આ શ્લોક રાજાને કહેવાયો ગણ્યો છે, જ્યારે રા. દી. શાસ્ત્રીએ "પડિતોને મોકલ્યા" એની સાથે સબધ લેખીને દેવ એટલે 'ભૂદેવ'-પડિત એવો અર્થ કર્યો છે

આ પ્રમાણે ભાષામાં (પક્ષ અને પ્રતિપક્ષના મતો) ઉત્તર લખાયા પછી વાદ માટે નક્કી થયેલા દિવસે અને સ્થળે શ્રી સિદ્ધરાજ તથા છ૭૩ દર્શનો જાણનારા સભ્યો સભામાં આવ્યા પછી જેની આગળ જય ડંકો– (ડિંડિમ) વાગે છે, ઉપર શ્વેત છત્ર ધર્યું છે, પોતે પાલખીમાં બેઠા છે અને આગળ વાંસને છેડે પત્રો (જય પત્રો)નો ગાભરો લટકે છે, એવા હાકથી કુમુદચન્દ્રવાદી સિદ્ધરાજની સભામાં આવ્યા. અને રાજાએ માનથી આપેલા સિંહાસન ઉપર બેઠા. ત્યારે શ્રીદેવસૂરિએ શ્રીહેમચન્દ્ર મુનિ સાથે સભાના એકજ સિંહાસનને શોભાવ્યું. પછી જાતે મોટી ઉમ્મરના એવા કુમુદચન્દ્રવાદીએ હમણાંજ જેણે શૈશવ અવસ્થા પુરી કરી છે એવા શ્રી હેમચન્દ્રને " તમે છાશ પીધી ? " (पीतं तक्रं) એમ પૂછ્યું ત્યારે શ્રી હેમચંદ્રે (पीतं શબ્દનો અર્થ પીળું કરીને) " ઘડપણથી જેની બુદ્ધિ ચંચળ થઇ ગઈ છે એવા એ ડોસા ! આવું ખોટું શું બોલો છો ! છાશ તો ધોળી હોય છે, પીળી તો હળદર હોય. " આ રીતે એનો તિરસ્કાર કર્યો. પછી કુમુદચંદ્રે " તમારા બેમાં કોણ વાદી છે ? " એમ પૂછતાં, શ્રી દેવસૂરિએ " આ હેમચંદ્ર તમારો પ્રતિવાદી છે " એમ આ વાતનું નિરાકરણ થઇ જાય માટે જવાબ આપ્યો. એટલે કુમુદચન્દ્રે કહ્યું કે " આ બાળક સાથે મારો વૃદ્ધનો વાદ કેમ ઘટે ? " તેનું આ વચન સાંભળીને હેમચંદ્રે કહ્યું કે " હું જ મોટો છું અને તમે કેડ ઉપર દોરો અને કપડું–લંગોટી પણ નથી વીંટતા માટે બાળક છો. " આ પ્રમાણેની તેઓની વિતંડાને રાજાએ અટકાવી. એટલે નીચે પ્રમાણે પરસ્પર કરાર થયો કે—જો શ્વેતાંબરો હારે તો તેઓએ દિગંબરપણું સ્વીકારવું, અને દિગંબરો હારે તો તેઓએ દેશ છોડી દેવો. આ પ્રમાણે નિર્ણય થઇને કરાર થયા પછી સ્વદેશને કલંક લાગવાથી બ્હીતા, દેશનો મહિમા વધે એવો પ્રયત્ન કરતા અને પોતાના કહેવાનો અનુવાદ કરીને પ્રતિવાદી લાભ લઇ જાય એમ ન થવા દેવા માગતા શ્રીદેવાચાર્યે કુમુદચન્દ્રને કહ્યું કે

મંડળમાં એક ગણાતો. ગૌ. હી. ઓઝા અક્ષપટલાધીશ એટલે આવક ખર્ચનો હિસાબ રાખનાર, એમ કહે છે. (રાજપૂતાનેકા ઇતિહાસ ખં. ૧ પૃ. ૪૦૬ ટિ. ૩)

૭૩ છ દર્શનોનો અર્થ બ્રાહ્મણ ધર્મનાં છ આસ્તિક દર્શનો હોય તો (૧) ન્યાય (૨) વૈશેષિક (૩) સાંખ્ય (૪) યોગ (૫) પૂર્વ મીમાંસા (૬) અને ઉત્તરમીમાંસા એ પ્રમાણે છ ગણાય છે પણ જૈન સંપ્રદાયમાં હરિભદ્રના ષડ્દર્શન સમુચ્ચયમા આપેલ (૧) બૌદ્ધ, (૨) ન્યાય (૩) સાંખ્ય (૪) જૈન (૫) વૈશેષિક (૬) અને જૈમિનીય (પૂર્વ મીમાંસા) હોવાનો વધારે સંભવ છે.

પહેલા તમે તમારો પક્ષ માંડો" ત્યારે કુમુદચન્દ્રે રાજાને આશીર્વાદનો નીચેનો શ્લોક કહ્યો —

(૩૪) જે આકાશની મહત્તા આગળ સૂર્ય આગીઆના પ્રકાશ જેવો લાગે છે, ચંદ્ર કરોળીઆના ધર ઉપર ધોળો ડાઘ હોય એવો લાગે છે અને પર્વતો મમલા જેવા જણાય છે, તે આકાશનું, આ પ્રમાણે નું વર્ણન કરતા, હે રાજન્, તમારા યશનું સ્મરણ થયું, એટલે તો તે આકાશ ભમરા જેવું લાગવા માંડયું અને (એથી મોટી બીજી વસ્તુ ન દેખાવાથી) વાણી બંધ થઈ ગઈ

આ શ્લોકમાં 'વાણી બંધ થઈ ગઈ' (वाचस्तंभो मुद्रिता) એ અપશુકનના શબ્દો (હારવાથી વાણી બંધ થઈ જવાના ભાવિ સૂચક) પોતાને હાથે પોતાને બાંધી લેવા જેવા લાગવાથી સભ્યોને આનંદ થયો પછી દેવાચાર્યે રાજાને નીચેનો આશીર્વાદ આપ્યો —

(૩૫) જે જિનશાસન સ્ત્રીઓને નિર્વાણનું પદ આપી શકે છે, જે શ્વેતાંબરની વધતી જતી કીર્તિથી મનોહર લાગે છે, જેમા નય માર્ગના ભંગ ભંગી વિસ્તારની ખુબી ભરેલી છે અને જેમા સામા પક્ષના ગર્વને છતી લેનારા કેવળ જ્ઞાનીને પણ આહાર કરવાનું કહ્યું છે, તે જિન શાસન અને હે ચૌલુક્ય રાજા, (રાજ્ય પક્ષનો બીજો અર્થ)—જે રાજ્યમા શત્રુઓને સુખનું ઠેકાણું નથી તથા શ્વેત વસ્ત્ર જેવી કીર્તિના ફેલાવાથી જે મનોહર લાગે છે અને જેમા હમેશા શત્રુઓના ગર્વને જીતી લે એવા બળવાન્ કોણ નથી ? (માણસો તો છે જ પણ હાથીઓયે છે) તે રાજ્ય લાંબો વખત જીવો ૭૪

પછી વાદી કુમુદચંદ્રે કેવલ જ્ઞાનીનો આહાર સ્ત્રીઓને નિર્વાણ, અને (જૈન સાધુઓએ) વસ્ત્રો ન પહેરવા જોઈએ એ ત્રણ મુદ્દાઓ વાળો પોતાનો પક્ષ પારેવા જેવી (ધીમી ધીમી) અને વચ્ચે તુટતી વાણીમા શરૂ કર્યો, એ જોઈને સભ્યોએ ધ્વારથી વખાણ કર્યા તથા ઉત્સાહ આપ્યો પણ અંદરથી તેની હાસી કરી કુમુદચંદ્રે થોડે સુધી પોતાનો પક્ષ માંડયા પછી હવે તમે બોલો એમ દેવાચાર્યને કહ્યું અને તેણે પ્રલયકાળના પ્રચંડ વાયુના બળથી ક્ષોભ પામેલા સમુદ્રના ઉછળતા તરંગો જેવી ગર્જના

૭૪ આ શ્લોકના શબ્દોના બે અર્થ કરીને તથા શબ્દોને તોડીને બંધબેસતા કરીને ત્રીજી પંક્તિમા કેવલિનો અને કે બલિનો એ રીતે તથા સદાદન્તિનો અને સદા અદન્તિ નો એ રીતે બે અર્થ કરેલા છે

કરતી વાણીમાં બૃહદ્વૃત્તરાધ્યયન વૃત્તિના ચોરાશી વિકલ્પ જાળનો ઉપન્યાસ જ્યાં શરૂ કર્યો, ત્યાં તો સૂર્યનો પ્રકાશ ફેલાવા માંડતાં જેમ પોયણી કરમાઈ જાય તેમ કરમાઇ ગયેલા અને સંભ્રમથી જેનું ચિત્ત ભમી ગયું છે એવા કુમુદચન્દ્રે તેનાં વચનોનો અર્થ ન પકડી શકવાથી ફરી વાર એજ વસ્તુ કહેવા માટે માગણી કરી. સિદ્ધરાજના સભ્યોએ (એ માગણી કબુલ કરવાની) જે કે ના પાડી છતાં અસંખ્ય વિષયો ની લહરીઓથી તેને પ્રમાણ સમુદ્રમાં ડુબાડી દેવા માટે શ્રી દેવાચાર્યે આરંભ કર્યો પણ બોલતાં બોલતાં સોળમે દિવસે દેવાચાર્યનું ગળું એકા-એક રૂંધાઇ ગયું. ત્યારે કુરકુલ્લા દેવીની કૃપાથી જેને અપૂર્વ વરદાન મળેલ છે એવા શ્રી યશોભદ્ર સૂરિ વગેરે માંત્રિકોએ શ્રી દિગંબરના કામણથી શ્રી દેવસૂરિના ગળામાં બેઠેલો વાળનો દડો એક ક્ષણમાં ગળામાંથી પાડી નાખ્યો. આ વિચિત્ર વસ્તુ જોઇને ચતુર માણસોએ શ્રી યશોભદ્ર સૂરિનાં વખાણ કરવા માંડયાં અને કુમુદચન્દ્રની નિંદા કરવા માંડી. પરિણામે યશોભદ્ર સૂરિ આનંદ પામ્યા અને કુમુદચન્દ્ર ખિન્ન થયા. પછી શ્રી દેવસૂરિના ઉપન્યાસમાં કોટાકોટિ શબ્દ બોલાતાં, કુમુદચન્દ્રે એ શબ્દની વ્યુત્પત્તિ પૂછી એટલે જેને આઠે વ્યાકરણો કંઠસ્થ છે એવા[૭૫] કાકલ પંડિતે શાકટાયન વ્યાકરણમાં કહેલ ટાપટીપ સૂત્રથી સિદ્ધ થયેલા તરીકે કોટાકોટિ, કોટીકોટિ, અને કોટિકોટિ એ ત્રણ શબ્દોનો નિર્ણય કહ્યો. પછી શરૂઆતમાં 'તેથી વાણી બંધ થઇ ગઈ' એ રીતે પોતેજ કહેલું હોવાથી, પોતાના જ અપશુકનીયાળ શબ્દના પ્રભાવથી એ વખતે જેનું મોઢું બંધ થઇ ગયું છે એવા કુમુદચન્દ્રે પોતે જ "શ્રી દેવાચાર્યે મને જીત્યો છે" એમ કહ્યું અને શ્રી સિદ્ધરાજે હારેલાઓના ધોરણને અનુસરી તેને પાછલે બારણેથી બ્હાર કાઢયો. અને હારી જવાના ખેદની અસરથી વિસ્ફોટક રોગ થઇને તે મરણ પામ્યો.

૩૯ પછી હર્ષથી જેનું મન પ્રફુલ્લ થઇ ગયું છે એવા શ્રી સિદ્ધરાજે શ્રી દેવાચાર્યની મહત્તાને જાહેર રીતે માન આપવાની ઇચ્છા કરી અને

---

૭૫ કાકલ પંડિત જાતે કાયસ્થ હતો, અને આચાર્ય હેમચન્દ્રે પોતાના વ્યાકરણનો તેને અધ્યાપક નીમ્યો હતો. દરેક જ્ઞાન પંચમીએ એ પોતાના વિદ્યાર્થી-ઓની પરીક્ષા લેવરાવતો; રાજા પરીક્ષામાં પાસ થનારને કંકણો આપતા; સિદ્ધહેમ જે પૂરું ભણી રહે તેને રાજા તરફથી દુકૂલ, સ્વર્ણાલંકાર, પાલખી અને છત્ર મળતા એમ પ્રભાવક ચરિતમાં કહ્યું છે. (હે-સૂ. પ્ર. પૃ. ૩૦૩)

જેના માથા ઉપર ચાર શ્વેત છત્રો ધરેલા છે અનેક સેવકો જેને ચામર કરે છે, આગળ જેહી રાખો પુકાય છે, વળી ત્રાસા નગારાના અવાજથી તથા ઉત્તમ પ્રકારની તૂરીઓના અવાજથી જેમા આકાશનું પેટાળ તથા દિશાઓ ગાજી રહે છે એવી સ્વારી કાઢી અને રાજા પોતે શ્રી દેવસૂરિના હાથને ટેકો દઈને તેની માથે ચાલ્યા આ ઉત્સવમા થાહડ નામના ઉપાસકે ત્રણ લાખ રૂપીઆ ખરચીને માગણોના સમૂહને સંતોષ પમાડયો એ વખતે "વાદીઓના ચક્રવર્તીના પગ પૂજે" વગેરે વગેરે સ્તુતિવાણી અત્યંત આનંદનો ઓઘ ફેલાવનાર મંગલ જ્યા વારંવાર બોલાય છે ત્યા થાહડે પોતે જ કરાવેલા મંદિરમા શ્રી મહાવીરને નમસ્કાર કરાવીને શ્રી દેવાચાર્યને અપાશ્રયમા પ્રવેશ કરાવ્યો અને તેના પારિતોષિક તરીકે જો કે સૂરિની ઇચ્છા નહોતી તો પણ રાજાએ છાલા વગેરે બાર ગામોનું તેમને દાન કર્યું આ પ્રસંગ વિષે તેની પ્રશસ્તિમા નીચેના વચનો કહેવાય છે —

(૩૬) વસ્ત્ર પ્રતિષ્ઠાના આચાર્ય શ્રી દેવસૂરિને નમસ્કાર છે જૈન માર્ગમા "કેમ સુખી છો?" એવા પ્રશ્નો (અને તેના જવાબો)મા જાણે એની કૃપાનું ફલ દેખાય છે ૭૬

એ પ્રમાણે પ્રદ્યુમ્નાચાર્યે કહ્યું

(૩૭) સૂર્યના જેવા પ્રખર પ્રકાશવાળા દેવસૂરિએ જો કુમુદચંદને ન જીત્યા હોત તો કોઇ પણ શ્વેતાંબર કોઇ ઉપર કપડુ કેમ રાખી શકત?

એ પ્રમાણે હેમાચાર્યે કહ્યું

(૩૮) દિગંબરોએ કીર્તિ રૂપી કથા ભેળવીને પોતાની પ્રતિજ્ઞા (નગ્ન રહેવાની) ના ભંગનું પાપ વહોર્યું હતું પણ એ કથાને કાઢી નાખીને દેવસૂરિએ દિગંબરને પાછો નિર્ગ્રન્થ૭૭ (નાગો) બનાવી દીધો છે

એ પ્રમાણે શ્રી ઉદયપ્રભદેવે કહ્યું

(૩૯) હજુ સુધી લેખશાળા (લખવાનું ઘર અને દેવોનું સ્થાન)

---

૭૬ શ્લોક ૩૬ માના બીજા પદનો અર્થ કાંઈક સંદિગ્ધ છે રા. દી. શાસ્ત્રીએ તો જેમ ઘણા શ્લોકોના અર્થ નથી આપ્યા તેમ આ ૩૬ થી ૪૧ ના પણ નથી આપ્યા ટીકાએ દેવાચાર્યની તબીઅત માટે પ્રશ્નો પૂછતા એનો દેખાવ (દર્શન) જ બતાવે કે એની કૃપા કરી આપે છે એમ અર્થ કર્યો છે અને Corrigenda & Addendaમા જેના વિચારો(દર્શન) તેની માનસિક સ્વસ્થતા (Mental clearness) ને બતાવે છે એમ સુધાર્યો છે

૭૭ આ નિર્ગ્રન્થ કે નિ ગ્ર ન્થ શબ્દ મૂળ તો મહાવીર પ્રભુ માટે વપરાતો શબ્દ છે અહિં તિરસ્કારમા વપરાયો છે

ને ન છોડતા દેવોના ગુરૂ સાથે વાદ વિદ્યાવાળા આ દેવસૂરિની સમાનતા કેમ થાય ?

એમ શ્રી મુનિદેવાચાર્યે કહ્યું.

૪૦ જેની પ્રતિભાની ગરમીથી નગ્ને (દિગંબરે) પ્રાર્તિયોગ રૂપી કપડાંને છોડી દીધું એટલે તેને, શરમથી જાણે, સરસ્વતીએ પણ છોડી દીધો તે દેવસૂરિ તમારા આનંદ માટે થાવ.

(૪૧) દિગંબરને જીતવાથી જેણે બધા કેવલ જ્ઞાનીઓ માટે અન્ન સત્રની તથા તેઓને આવાની છુટની સ્થાપના કરી, જેના યુક્તિવાળા જવાબોથી સ્ત્રીઓના મોક્ષ માટે પગથીઆં બંધાયાં અને જે શ્વેતાંબર માર્ગની પ્રતિષ્ઠાના ગુરૂ થયા તે શ્રી દેવસૂરિ પ્રભુ દેવોના ગુરૂથી પણ વધારે અમેય મહિમાવાળા છે.

આ છેલ્લા બે શ્લોકો શ્રી મેરૂતુંગ સૂરિના છે.

આ રીતે દેવસૂરિ પ્રબંધ પુરો થયો.[૭૮]

---

૭૮ દિગમ્બર કુમુદચન્દ્ર સાથે શ્રી દેવસૂરિના વાદનો આ પ્રસંગ જૈનોમાં બહુ લોકપ્રિય હશે એમ લાગે છે. કદાચ ગુજરાતમાં દિગંબરો ન રહેવાનું એક મુખ્ય કારણ એ વાદ પણ હોય. પ્રભાવક ચરિતાતર્ગત દેવસૂરિ પ્રબંધમાં આ પ્રબંધ લગભગ આ પ્રમાણે છે. પણ આ બેય ગ્રન્થો કરતાં જૂનાકાળમાં યશશ્ચન્દ્રે આ પ્રસંગ ઉપર જ મુદ્રિત કુમુદચન્દ્ર નામનું નાટક લખ્યું છે. અને પ્રભાવક ચરિતમાં તથા પ્ર-ચિં. માં એ નાટકમાથી કેટલાક શ્લોકો ઉતારવામાં આવ્યા છે. (જુઓ મૂળની ટિપ્પણીઓ) છતાં નાટકના વર્ણનમાં અને પ્ર-ચિં-ના વર્ણનમાં કેટલોક ફેર છે. દા. ત. પ્ર-ચિ-મા હેમચંદ્ર દેવસૂરિ સાથે હતા એમ કહ્યું છે, નાટકમાં નથી કહ્યું. છેવટ જેયાહડનો ઉલ્લેખ પ્ર-ચિં-કરે છે તે યાહડ તથા દેવસૂરિના શિષ્ય પં. માણિક્ય એ બેય નામો મુ-કુ. નાટકમાં મળે છે. પણ સાધારણ રીતે પ્ર. ચિ. કરતા પ્ર. ચ. નાટકને વધારે અનુસરે છે.

આ વાદ સ. ૧૧૮૧ માં થયો એમ પ્રભાવક ચરિત (શ્લો. ૧૯૩) માં કહ્યું છે, એ જોતા પ્ર-ચિં. માં હેમચંદ્ર એ વખતે 'કિંચિદ્ વ્યતિક્રાન્તશૈશવ' હતા એમ જે કહ્યું છે તે બરાબર નથી લાગતું; કારણ કે પ્ર. ચ. પ્રમાણે હેમચન્દ્ર સં. ૧૧૪૫ માં જન્મ્યા હોઈને વાદ વખતે ૩૬ વર્ષના હતા. આ દેવસૂરિની જન્માદિની સાલો પ્ર-ચ-માં નીચે પ્રમાણે આપી છે. જન્મ સં. ૧૧૪૩, દીક્ષા ૧૧૫૨, સૂરિપદ ૧૧૭૪ અને મરણ સં. ૧૨૨૬ (જુઓ શ્લો. ૨૮૪, ૨૮૬) તપાગચ્છનીપટ્ટાવલીમાં પણ આ જ સાલો આપી છે, (જુઓ જૈન ગુર્જર કવિઓ બીજો ભાગ પૃ. ૭ ૧૪)

૪૦ શ્રી પાટણનો રહેવાસી અને જેનો વંશ ઉચ્છિન્ન થઇ ગયો છે એવો આભડ નામનો વાણીઆનો દીકરો કસાગ (કાંસાની ધાતુનું કામ કરનાર) ની દુકાને વાસણ ઘસવાનું કામ કરી પાંચ વિષોપક[૭૯] મેળવી પોતાનું રોજનું ગુજરાન કરતો હતો, પણ બેય વખત શ્રી હેમસૂરિના ચરણમાં પરિક્રમણ કરવા જતો હતો એ સ્વભાવે ચતુર હતો અને રત્ન પરીક્ષાને લગતા અગસ્ત્ય મત, બૌદ્ધ મત[૮૦] વગેરે ગ્રન્થો ભણ્યો હતો તથા રત્ન પરીક્ષક ઝવેરીઓ પાસે રહીને પોતે પણ રત્નની પરીક્ષા કરવામાં કુશળ થઇ ગયો હતો એક વખત આ વાણીઆએ શ્રી હેમચન્દ્ર પાસે પરિગ્રહના નિયમો[૮૧] લેવાની ઇચ્છા કરી અને પોતાની પાસે ધન ન હોવાથી બહુ થોડું ધન પોતાની પાસે રાખવાનો નિયમ લેવા તૈયાર થયો ત્યાં સામુદ્રિક જાણનાર શ્રી હેમાચાર્યે આગળ જતાં તેનું સદ્‌ભાગ્ય ઉઘડીને તેને વૈભવ મળવાનો છે એમ જાણીને તેની પાસે ત્રણ લાખ દ્રમ્મના પરિગ્રહનો નિયમ લેવરાવ્યો આવો નિયમ લેવરાવનાર શ્રી હેમાચાર્ય સાથે સંતુષ્ટ થઇને સંબંધ રાખતો તે એક વખત કોઇ ગામ જવા નીકળ્યો, ત્યાં રસ્તામાં એક બકરીઓના ટોળાને જતું જોયું આ ટોળામાંની એક બકરીની ડોકમાં એક પથ્થરનો કટકો બાંધેલો હતો પણ જાતે રત્ન પરીક્ષક હોવાથી એ પથરો રત્નની જાતનો છે એમ જોઇને તેના લોભથી તે બકરીને તેની કિંમત આપી તેણે ખરીદી લીધી પછી મણિકાર (રત્નો ઘસીને તેજસ્વી બનાવનાર) પાસે તેણે તે રત્નને ઘસાવી સિદ્ધરાજનો મુકુટ બનાવવાના કાનમાં એક લાખ દ્રમ્મ લઇને રાજાને વેચી નાખ્યું પછી આ મૂળ ધનથી તેણે વેપાર કરવા માંડ્યો, તેમાં એક વખત મજીઠની ગુણો બ્હારથી આવેલી તેણે ખરીદ કરી અને પછી

આ દેવસૂરિ મુનિચન્દ્રના શિષ્ય હતા, તેમણે સં ૧૨૦૪ માં ફલોધીમાં ચૈત્ય બંધાવ્યું અને આરાસણમાં નેમિનાથની પ્રતિષ્ઠા કરી તેમણે સ્યાદ્‌વાદ રત્નાકર નામનો પ્રમાણ ગ્રંથ રચ્યો જેમાંથી ચતુર્વિંશતિ સૂરિ શાખા જન્મ પામી એમ પટ્ટાવલીમાં કહેલું છે (જુઓ જૈન ગુર્જર કવિઓ બીજો ભાગ પૃ ૭૧૪) આ દેવસૂરિએ આ વાદ પછેલા સવાદ લક્ષના અણહિલ્લપુરની સભામાં દિગંબર ગુણ ચન્દ્રને હરાવેલો એમ મુદ્રા નાટકમાં કહ્યું છે

૭૯ વિષોપક કે વંશોપક એ એક જાતના હલકા ઔષધાતુ નામ છે

૮૦ રત્ન પરીક્ષાને લગતા ગ્રંથોના આ નામો છે એમ કીલહોર્ન બૌદ્ધભટ્ટ રત્ન પરીક્ષા, આરિતમત અને અગસ્તીયમત રત્ન પરીક્ષા એ ગ્રંથો છપાવ્યા છે

૮૧ જૈનોમાં ગૃહસ્થે લેવાના જે નિયમો છે તેમાં આ પરિગ્રહ નિયમ પણ છે,

વેચવા ટાણે જોયું તો વહાણવટીઓએ ચાંચીઆઓની બીકથી તે ગુણોમાં સંતાડી રાખેલ સોનાના લાટા[૮૨] જોયા, એટલે બધી ગુણોમાંથી તે લાટા કાઢી લીધા. આ પછી તે પાટણ શહેરનો મુખ્ય, સિદ્ધરાજનો માન્ય અને જિનશાસનનો પ્રભાવક શ્રાવક ગણાવા લાગ્યો. અને તેણે દર વર્ષે જેમ આવે તેમ જૈન મુનિઓને અન્ન, વસ્ત્ર વગેરે આપવા માંડયું તથા તેણે ગુપ્ત રીતે નવાં ધર્મસ્થાનો કરાવ્યાં અને સ્વદેશમાં જીર્ણ થઇ ગયેલાં ધર્મ સ્થાનો નો જીર્ણોદ્ધાર કર્યો, પણ તેમાં (પોતાની) પ્રશસ્તિ ન મુકાવી.

(૪૨) વેલીથી વીંટાયેલાં ઝાડ પેઠે તથા માટીથી ઢંકાયેલાં બીજ પેઠે ગુપ્ત રીતે કરેલું પુણ્ય કાર્ય ઘણે ભાગે સેંકડો શાખામાં વૃદ્ધિ પામે છે.

આ પ્રમાણે સાહુ આભડ પ્રબંધ પુરો થયો.[૮૩]

૪૧ એક વખત સંસાર સાગરને તરવાની ઇચ્છાથી શ્રી સિદ્ધરાજે સર્વ દેશના સર્વ દર્શનોના માણસોને દેવતત્ત્વ, ધર્મતત્ત્વ અને પાત્રતત્ત્વ જાણવા માટે જુદું જુદુ પૂછી જોયું તો દરેકે પોતાના મતની સ્તુતિ કરી અને પારકાના મતની નિન્દા કરી. આથી રાજાનું મન શંકાને ચકડોળે ચડયું અને તેણે હેમાચાર્યને બોલાવી પોતાની મુંઝ પૂછી. પણ હેમાચાર્યે ચૌદ વિદ્યા[૮૪] સ્થાનોનાં રહસ્યનો વિચાર કરીને નીચેનો પૌરાણિક નિર્ણય કહેવા માંડયો–પૂર્વે એક વેપારીએ પહેલાં પરણેલી પોતાની સ્ત્રીને તજી દઇને બધું પોતાની રાખેલીને આપી દીધું. આથી પહેલાં પરણેલી સ્ત્રી હમેશાં પતિને વશ કરવાનું કામણ જાણકારોને પુછયા કરતી. એક વખત કોઈ ગૌડ (બંગાળ) દેશના માણસે "તારા વરને તું દોરડાંથી બાંધીને દોરે એવો કરી દઉં" એમ કહીને કાંઇક અચિન્ત્ય શક્તિવાળું ઔષધ લઇ આવીને 'આ બાવામાં આપી દીજે' એમ કહીને ચાલ્યો ગયો. અમુક દિવસ પછી ક્ષયતિથિને દિવસે તે બાઇએ

---

૮૨ મૂળમાં कम्बिका. શબ્દ છે તેનો કોષમાં ચમચા અર્થ કર્યો છે. પણ રા. દી. શાસ્ત્રીએ કાંબી–લાંબી લાકડીઓ–એવો અર્થ કર્યો છે.

૮૩ ચતુર્વિંશતિ પ્રબંધમાં આભડ પ્રબંધ વધારે વિસ્તારવાળો છે. આ આભડ શ્રાવક છેક અજયપાલના વખત સુધી જીવતો હતો એમ ચતુર્વિંશતિ પ્રબંધમાં કહ્યું છે.

૮૪ બ્રાહ્મણ સાહિત્યમા તો ચૌદ વિદ્યા નીચે પ્રમાણે ગણાવી છે, (૧) પુરાણ (૨) ન્યાય, (૩) મીમાસા, (૪) ધર્મશાસ્ત્ર, (૫ થી ૧૦) છ વેદાંગો અને (૧૧ થી ૧૪) ચાર વેદો, જૈનો વારંવાર ચૌદ વિદ્યાસ્થાનોનો ઉલ્લેખ કરે છે તે આજ કે બીજાં? બૌદ્ધો અઢાર વિદ્યાસ્થાનો કહે છે. પુરાણોમા ૧૪ અને તેમા ચાર ઉપવેદો ઉમેરીને ૧૮ એ રીતે બેય ઉલ્લેખો મળે છે.

તે પ્રમાણે કર્યું, તો તેનો વર સાક્ષાત્ બળદ થઇ ગયો હવે તે બાઇ આનું વાળણ શું કરવું એ તો જાણતી નહોતી, એટલે બધા લોકોની નિન્દા સહન કરતી પોતાના ખોટા કામનો ગોક કરતી, એક દિવસ બપોરને વખતે સૂર્યના પ્રખર તાપમા તડકો વેઠીને પણ લીલા ખડવાળી જમીનમા પોતાના બળદરૂપી પતિને ચરાવતી હતી અને એમદ ઝાડના મૂળ પાસે બેઠી બેઠી થાક ખાતી તે રોતી હતી, ત્યા આકાશમા થતી વાતચીત તેણે સાભળી એ વખતે (આકાશમા જતા) વિમાનમા બેઠેલા શકરને પાર્વતીએ આ બાઈના દુ ખનું કારણ પૂછયુ, એટલે જે બન્યુ હતુ તે કહી બતાવી, તે ઝાડની છાયામા જ તે બળદને પાછુ પુરૂષપણું આપે એવુ ઔષધ છે એમ પાર્વતીના આગ્રહથી કહી, શકર અતર્ધ્યાન થઇ ગયા પછી તે બાઇએ તે ઝાડની છાયાને ફરતી લીટી દોરી લીધી અને તેની અદર આવેલી વનસ્પતિ માત્રના અકુરો કાપી કાપીને બળદના મોઢામા આપવા માડયા, આ રીતે તેને ન ઓળખાયેલા પણ બળદના મોઢામા પડેલા ઔષધો કુરથી તે બળદ મનુષ્યરૂપ પામ્યો જેમ તે ઔષધે તેનું સ્વરૂપ ન ઓળખાયેલુ હોવા છતાં ધારેલુ કાર્ય સિદ્ધ કર્યું તેમ કળિયુગમા મોહથી પાત્રજ્ઞાન ઢકાઇ ગયુ છે માટે સર્વ દર્શનો (ધર્મો)નું ભક્તિથી કરેલું આરાધન અજાણતા પણ મુક્તિ આપનાર થાય છે એમ મારો નિર્ણય છે આ પ્રમાણે હેમચન્દ્રે સર્વ દર્શનના સન્માન માટે મત આપ્યો એટલે શ્રી સિદ્ધરાજે સર્વ ધર્મોની આરાધના કરવા માડી

આ પ્રમાણે સર્વદર્શન માન્યતા પ્રબંધ પુરો થયો *

૪૨ વળી એકવાર રાતને વખતે રાજા કર્ણમેરૂ મદિરમા નાટક જોતા હતા ત્યા કોઈ ચણા વેચનાર સાધારણ વાણીઓ રાજાના ખભા ઉપર હાથ મકીને[૮૫] બેઠો (કે ઉભો) એની આ રમતીઆળ ચેષ્ટાથી જેના મનમા આશ્ચર્ય થયું છે એવા રાજાએ વાર વાર તેણે આપેલા કપુર વાળા પાનના બીડા પ્રસન્ન થઇને સ્વીકાર્યા અને નાટકમાથી છુટતી વખતે, મેવડા મારફત એ વાણીઆનું ઘર વગેરે બરાબર જાણી લીધુ, પછી મહેલમા આવીને સુઈ ગયા બીજે દિવસે સવારમાં રાજાએ પ્રાત કાળના

---

* આ પ્રબધ જયસિંહસૂરિના કુ-ચ-મા (સ-૨ શ્લો. ૨૮૦) તથા જિ-મ. મણિના કુ પ્ર (પૃ ૧૩) મા છે

૮૫ આ નાટક જોનારાઓની બેઠક કેવી રીતે હશે તેનુ કાઇ વર્ણન મળતું નથી પણ જો તે સામા ન માણસ રાજાના ખભા ઉપર હાથ મુકી શકે છે, એ ઉપરથી રાજા ગુપ્ત વેષમા નાટક જોવા ગયા હશે એમ લાગે છે,

કામથી પરવારી, આમ દરબારમાં સભા મંડપમાં બેસીને તે ચણા વેચનાર દુકાનદારને બોલાવી કહ્યું કે " રાતે મારા બભા ઉપર તમે મુકેલા હાથથી આ મારી ડોક દુઃખે છે. " આ સાંભળી એજ વખતે તેનો જવાબ સૂઝી આવવાથી તેણે વિનંતિ કરી કે " મહારાજ, જે આપના બભાને સમુદ્ર સુધી લબાયેલી પૃથ્વીનો ભાર પણ પીડા નથી કરી શકતો તો પછી તૃણ જેવો, હાટડી માંડી જીવતો અને નિર્જીવ જેવો હું તેનો તે ભાર આપના બભાને શું લાગે ? " આ તેના ઔચિત્યવાળા હાજર જવાબથી રાજાએ ખુશી થઈને તેને ઇનામ આપ્યું.૮૬

ચણા વેચનાર વાણીઓનો પ્રબંધ પુરો થયો.

૪૩ વળી એક વખત રાજાએ કર્ણમેરૂ મંદિરમાંથી નાટક જોઈ ને પાછા વળતાં, કોઈક વાણીઆના મહેલમાં ઘણા દીવાઓ જોઈને " આ શું છે ? " એમ પૂછયું, ત્યારે તેણે (માણસે ?) લાખ સૂચક દીવા છે એમ જવાબ આપ્યો. અને એ ધન્ય છે એમ કહ્યું. પછી રાત વીતી જતાં પોતાના મહેલમાં બેસી રાજાએ પોતાને ધન્ય માનનાર તે વેપારીને બોલાવીને કહ્યું કે આટલા બધા દીવાઓ બાળવાથી તમારે હમેશાં બધું સળગાવવાની તકલીફ રહે છે; તે તમારી પાસે કેટલા લાખ છે ? ત્યારે તેણે પોતાની પાસે ચોરાશી લાખ હોવાનું કહ્યું. તેના ઉપરની અનુકંપાથી જેનું મન કંપી રહ્યું છે એવા રાજાએ તેને ઘેર પોતાના કોશમાંથી સોળ લાખ મોકલી આપ્યા. અને આ રીતે તેના મહેલ ઉપર કોટિધ્વજ ચડાવરાવ્યો.

આ રીતે પોડશ લક્ષ પ્રબંધ પુરો થયો.૮૭

૪૪ એક વખત રાજાએ વાળાક દેશમાં ડુંગરાળ પ્રદેશમાં સિંહપુર નામનું બ્રાહ્મણોનું અગ્રહાર (બ્રાહ્મણોનું જ ગામ) સ્થાપ્યું. અને તેની હકુમતમાં ૧૦૬ ગામ રાખ્યાં. પછી એક વખત સિંહના અવાજથી બ્હી ગયેલા બ્રાહ્મણોએ દેશની વચ્ચે કયાંક રહેવાનું આપવાની સિદ્ધરાજને

---

૮૬ આ પ્રબંધની મૂળ વાકય રચના જરા અસ્પષ્ટ છે; પાનનાં બીડાં રાજાના આપેલાં વાણીઆએ બાધા કે વાણીઆએ આપેલાં રાજાએ બાધા ? રા. દી. શાસ્ત્રીએ તો તે વાણીઆએ નાટકમાં ઘણો ભાર ઉપાડીને રાજાને ખુશી કર્યો વગેરે વિચિત્ર અર્થ કર્યો છે.

૮૭ જિનમંડનગણિના કુ. પ્રબંધ (પૃ. ૧૬) માં પણ આ પ્રબંધ મળે છે. આ વાત જરા વિચિત્ર છે, પણ પાટણમા તે કાળે એક ગૃહસ્થ જેટલા લાખનો ધણી હોય તેટલા દીવા તે બાળે અને કોટિપતિ ધ્વજ ચડાવે એવો રિવાજ હોવાનુ એમાં સૂચન છે.

વિનતિ કરી એટલે તેણે સાબરમતીને કાંઠે આવેલું આશાબિલી ગામ તેઓને આપ્યું અને સિદ્ધપુરથી ધાન્ય લઈને જતાં આવતા આપવાનો કર માફ કર્યો ૮૮

૪૫ એક વખત સિદ્ધરાજે માળવે જતા વારાહી ગામના પાદરમા ઉતારો કરીને, તે ગામના પટેલીઆઓને બોલાવ્યા અને તેઓની ચતુરાઈની પરીક્ષા કરવા માટે પોતાની મુખ્ય પાલખી થાપણ તરીકે તેઓને સોંપી પછી રાજા ત્યાંથી આગળ ચાલ્યા એટલે તે બધા પટેલીઆઓએ ભેગા મળી તે પાલખીના બધા ભાગો છુટા કરી જેમ ઠીક પડયુ તેમ સૌએ પોત પોતાને ઘેર રાખી દીધા જ્યારે રાજા પાછો આવ્યો અને તે થાપણ તેઓ પાસે પાછી માગી ત્યારે તેઓ જુદા જુદા કટકાઓ લઈ આવ્યા, એ જોઈને રાજાને આશ્ચર્ય થયું અને " આનો શુ અર્થ ? " એમ પૂછયુ, ત્યારે તેઓએ જવાબમા વિનતિ કરી કે " મહારાજ ! અમારામાંથી કોઈ એક તો આ વસ્તુ સાચવી શકે એવો શક્તિવાળો નથી અને કદાચ ધાડપાડુઓ વગેરેથી કાંઈ નુકશાન થાય તો મહારાજાને કોણ જવાબ આપે ? આમ વિચાર કરીને અમે આ રસ્તો લીધો છે " આ સાભળી આશ્ચર્ય સાથે મનમા હસતા રાજાએ તેઓને ભૂચ (કે ભુચ)૮૯ નું બિરૂદ આપ્યુ

આ પ્રમાણે વાગડીય ભૂચ પ્રબંધ પુરો થયો

---

૮૮ આ સિદ્ધપુર તે તો હાલનુ સિદ્ધોરજ છે એ સિદ્ધરાજે વસાવ્યુ તથા ત્યા બ્રાહ્મણોને ગામો આપ્યા એટલી વાત દ્વયાશ્રય (૧૫ શ્લો ૯૭-૯૮)મા પણ છે જો કે કર્કથા મૂળરાજે આદીત્ય બ્રાહ્મણોને સીદ્રોર આપ્યું એમ છે (જુઓ રાસમાળા પૃ ૯૧)

એ ગામને અગ્રહાર કહે છે એ ઉપરથી તો એ બ્રાહ્મણોને દાનમા આપ્યુ જણાય છે પણ તચ્છાસને પઙુત્તરશત ગામા એ મૂળના શબ્દોનો ફાર્બસ સાહેબે એકસો ગામ બ્રાહ્મણોને દાનમા આપ્યા (એમની પાસેની હસ્ત પ્રતમા પઙુત્તર શબ્દ નહિ હોય) એવો અર્થ કર્યો છે ટોનીએ એ દાનના લેખમા ૧૦૬ ગામ હતા એમ અર્થ કર્યો છે રા દી. શાસ્ત્રીએ પણ એને મળતો અર્થ કર્યો છે વાલાક દેશમા સિદ્ધપુર વસાવ્યુ એમ મૂળનો સ્પષ્ટ અર્થ છે પણ રાસમાળામા વાલાક દેશ તથા બ્રાહ્મા સો નામ આપ્યા એમ વાક્ય છે

આશાબિલી તે કયુ ગામ ? રાસમાળામા આશાવલી લખ્યુ છે માબરમતીને કિનારે જ આશાપલ્લીથી નવું કોઈ આશાબિલી હશે ? કે આશાપલ્લી જ પાઠ જોઈએ ?

૮૯ ફાર્બસ સાહેબે ભુચપાઠ પસંદ કર્યો છે અને તેનો અણુવ-ભોળા-મૂર્ખો જેવો અર્થ કર્યો છે રા દી શાસ્ત્રી પણ એવોજ અર્થ કરે છે બીજુ મૂળમા થાપણની વસ્તુનું નામ સેજવાળી છેતે શું ? પાલખી કે રાસમાળામા કહ્યુ છે તેમ રથ ? ટોની તો litter અર્થ કરે છે

૪૬ એક વખત શ્રી જયસિંહદેવ માળવા જીતીને પાછા આવતા હતા ત્યારે ઉંઝા ગામ આગળ લશ્કરનો પડાવ નાખ્યો. એટલે તે ગામના લોકોએ મોસાળીયાં[૯૦] બનીને મુખ્યત્વે દુધવાળા ખોરાકથી તથા બીજી યોગ્ય ચીજ વસ્તુઓ પુરી પાડીને રાજાને સંતુષ્ટ કર્યો. પછી રાતે સિદ્ધરાજ ગુપ્ત વેષમાં તેઓનાં સુખ દુઃખ જાણવાની ઇચ્છાથી નીકળ્યો અને કોઇક ગામડીઆને ઘેર ગયો. જાતે ગાય દોહવામાં રોકાયેલ હોવા છતાં તે ગામડીઆએ 'તું કોણ છો ?' એમ પૂછ્યું, ત્યારે રાજાએ "હું મહારાષ્ટ્ર દેશનો રહેવાસી સોમેશ્વરનો (યાત્રાળુ) કાપડી–બાવો છું" એમ જવાબ આપ્યો. એટલે તેણે મહારાષ્ટ્ર દેશના તથા ત્યાંના મહારાજાના ગુણદોષ સંબંધી પૂછ્યું. ત્યારે રાજાએ ત્યાંના રાજામાં ૯૬ ગુણો છે એમ પ્રશંસા કરી, તેની સરખામણીમાં ગૂર્જર દેશના રાજાના ગુણદોષ પૂછ્યા. એટલે ગામડીઆએ સિદ્ધરાજની પ્રજાને પાળવાની હુશીઆરી, સેવકો ઉપર અસામાન્ય વત્સલતા, વગેરે ગુણો કહેવા માંડયા. પછી બાવાએ રાજાના બનાવટી દોષો ઉત્પન્ન કરવા માંડયા, ત્યારે ગામડીઆએ "અમારાં મંદ ભાગ્યથી રાજાને દીકરો નથી એ એકજ તેનો દોષ છે." એ પ્રમાણે નિષ્કપટ ભાવથી આંખમાં આંસુ સાથે જ્યારે કહ્યું, ત્યારે રાજાને સંતોષ થયો. પછી બીજે દિવસે સવારે બધા મળીને રાજાનાં દર્શનની ઉત્કંઠાથી રાજમહેલમાં ગયા અને રાજાને પ્રણામ કરીને રાજાના પોતાના અતિશય સુંદર પલંગ ઉપર જ બેસી ગયા. આવનારને આસનો આપનારા રાજ સેવકોએ જુદાં આસનો આપ્યાં પણ એ ગામડાના લોકો તો હાથ ફેરવીને રાજાના પલંગની કુમાશ જોતાં જોતાં "અમે તો અહીંજ ઠીક બેઠા છીએ" એમ કહીને બેઠા રહ્યા, અને રાજાએ ધીમું ધીમું હસ્યા કર્યું.

આ પ્રમાણે ઉંઝા ગામના ગામડીઆઓનો પ્રબંધ પુરો થયો.

૪૭ હવે ઝાલા જાતનો માંગૂ નામનો એક ક્ષત્રિય શ્રી સિદ્ધરાજની સેવા માટે એની સભામાં જાય ત્યારે રોજ બે પરાઇ (કોશ) જમીનમાં નાખીને (તે ઉપર) બેસે અને ઉભો થાય ત્યારે બેય ઉપાડી લીએ, એને જમવામાં એક કુડલો ઘી જોઇએ અને ઘી ચોટેલ દાઢીને ધોયા છતાં તેમાં સોળમો ભાગ ઘી ભરાઇ રહેતું. એક વખત તેની તબીયત ઠીક ન હોવાથી પથ્યમાં પાંચ માનક (લગભગ ચાર રતલ) જેટલી યવાગુ (ચોખા

---

૯૦ મૂળમા प्रतिपन्नमातुलैः એમ શબ્દો છે આ મોસાળીયાનો દાવો ક્યાંથી આવ્યો, એ માટે રાસમાળા પૃ. ૨૨૭ મા એમ લખ્યું છે કે મયણલ્લદેવીનું લગ્ન થયું તે પહેલાં તેને ઉંઝાના મુખી હિમાળાના ઘરમાં રક્ષણ મળ્યું હતું, એવી દંતકથા હજી સુધી ત્યા ચાલે છે.

વગેરેની પાતળી બનાવટ) પી ગયા પછી વૈદ્યે કપકો આપ્યો કે વચ્ચે–અર્ધું ખાધા પછી–પાણી કેમ ન પીધું ? કારણ કે —

(૪૩) સૂર્ય ઉગ્યો ન હોય ત્યારે સો ઘડા પાણી પણ પીવાય, પણ સૂર્ય ઉગ્યા પછી પીધેલું એક ટીપું પાણી એક ઘડા બરોબર થાય છે રાતની છેલ્લી ચાર ઘડીઓમા, સૂર્ય ઉગે નહિ ત્યા સુધીમા, જે પાણી પીવામાં આવે તે વજોદક કે અમૃતોદક કહેવાય છે પણ સૂર્યોદય થયા પછી અન્ન ખાધા શિવાય જે પાણી પીવામાં આવે તો એને ઝેર સમજવું એ પાણીનું એક ટીપું સો ઘડા બરોબર થાય છે વળી ભોજનની વચ્ચે જે પાણી પીવાય, તે અમૃત જેવું સમજવું અને ભોજન પછી તરત જે પાણી પીવામા આવે તો એ છત્ર કે છત્રોદક[૬૧] કહેવાય છે ત્યારે તેણે કહ્યું કે " પહેલા ખાધુ હતું એ અર્ધો આહાર થયો એમ ગણીને હવે પાણી પીને પાછો અર્ધો આહાર કરું ?" પણ તેને એમ કરવા જતા તે વૈદ્યજ રોકયો એક વખત રાજાએ કાંઇ હથીઆર પાસે ન રાખવાનું કારણ પૂછ્યુ ત્યારે તેણે વિનતિ કરી કે "જે વખતે જે મળે તે મારૂ હથીઆર" પછી એક વખત તે ન્હાતો હતો ત્યા તેના ઉપર ભાવતે હાથી ચલાવ્યો, એ જોઇને પાસે ઉભેલા કુતરાને ઉપાડી હાથીની સુંઢ ઉપર માર્યો અને પછી મર્મસ્થાનમા જોને વાગ્યુ છે એવા હાથીના પૂછડાને પકડીને એવુ ખેચ્યુ કે તેના અસાધારણ બળથી હાથીની નસો અંદરથી તુટી ગઇ અને માનતને ઉતારી લીધો કે હાથી જમીન ઉપર પડીને મરી ગયો મ્લેચ્છો ચઢી આવતા[૬૨] ગુજરાતનો રાજા ભાગી ગયો ત્યારે મ્લેચ્છોને યુદ્ધમા યથેચ્છ કાપતા કાપતા પાટણમા જે ઠેકાણે આ ભાગૂ સ્વર્ગમા ગયો તે જગ્યા ભાગુ સ્થડિલ–થાનક નામથી પ્રસિદ્ધ છે

આ પ્રમાણે ભાગૂ ઝાલા પ્રબંધ પૂરો થયો

૪૮ એક વખત મ્લેચ્છ (રાજા)ના પ્રધાનો–મુખ્ય દૂતો–આવ્યા ત્યારે સિદ્ધરાજે મધ્ય દેશમાંથી આવેલા વેપ લેનારાઓ (ભાડો)ને બોલાવી ગુપ્ત રીતે કાંઇક કહીને તેઓને રજા આપી પછી બીજે દિવસે ગાજે પ્રલ યકાળ આવવાનો હોય એવો પ્રચંડ વાયુ ફુકાવા લાગ્યો, ત્યારે રાજા ઇન્દ્રની સભા જેવી સભામા બેસીને જુએ છે તો અંતરિક્ષમાથી ઉતરતા માથે મુકેલી સોનાની બે

---

૬૧ છત્રોદક શબ્દ આયુર્વેદિક સાહિત્યમા મારા વાચવામા આવ્યો નથી પણ અન્નને દાબી દેનાર એટલે બરાબર પાક ન થવા દેનાર એવો અર્થ કદાચ હશે

૬૨ મ્લેચ્છો ચઢી આવતા પાટણમાથી ભાગી ગયો એ કયો રાજા ? અને કયારે એ બનાવ બન્યો હશે ?

ઈંટોથી સોનેરી શોભા ધારણ કરતા બે રાક્ષસોને જોઇને સભાતો ભયથી ભ્રમિત થઇ ગઇ પણ તે રાક્ષસોએ સોનાની ઈંટોની ભેટ રાજાના પગ રાખવાની પાટ ઉપર મુકી અને જમીન ઉપર આળોટીને પ્રણામ કર્યા પછી વિનતિ કરી કે, "આજે દેવપૂજા વખતે લંકા શહેરમાં મહારાજાધિરાજ વિભીષણે પોતાને ગાદી ઉપર બેસારનાર રઘુકુલતિલક રામચંદ્રના અનેક સુંદર ગુણોનું સ્મરણ કરતાં જ્ઞાનમય-દિવ્યદૃષ્ટિથી જોયું તો હાલમાં ચાલુક્ય કુળના ભૂષણરૂપ શ્રીસિદ્ધરાજરૂપે પોતાના ધણી (રામચંદ્રજી) એ અવતાર લીધો છે, એમ જોઇને 'ઉત્કંઠાથી જેનું મન ભરાઇ ગયું છે એવો હું મહારાજને પ્રણામ કરવા આવું? કે મહારાજ અહીં આવવાની મારા ઉપર કૃપા કરશે?' એવી વિનતિ સાથે અમને બેને મોકલ્યા છે. માટે હવે આપનો નિર્ણય આપને મોઢેથી જ સંભળાવો." એ બે રાક્ષસોએ આ રીતે કહેતાં રાજાએ મનમાં થોડો વિચાર કરીને તે બેયને નીચે પ્રમાણે સંદેશો આપ્યો કે "અમે જ પ્રફુલ્લ ઉત્કંઠાની લહેરથી પ્રેરાઇને અનુકૂળ વખતે વિભીષણને મળવાને આવશું" એમ કહીને પોતાના ગળાને શોભાવતા એકાવલી હારને સામી ભેટ તરીકે આપ્યો. પછી "મને અને આને પણ મહારાજે સેવકોને મોકલતી વખતે ન ભુલી જવા" એ પ્રમાણે વિશેષ વિનતિ કરીને તે બેય રાક્ષસો અંતરિક્ષમાર્ગે દેખાતા બંધ થઇ ગયા. એજ વખતે રાજાની પાસે બોલાવવામાં આવેલા તે મ્લેચ્છ રાજાના પ્રધાન પુરૂષો ભયથી ભ્રમિત થઇને પોતાના બળનું અભિમાન છોડી દઇને ભક્તિથી દીપી ઉઠતાં વચનો બોલવા લાગ્યા અને શ્રીસિદ્ધરાજે તેઓના રાજા માટે યોગ્ય ભેટ આપીને તેઓને વિદાય કર્યા.

આ પ્રમાણે મ્લેચ્છાગમનનિષેધ પ્રબંધ પુરો થયો.

૪૯ હવે એક વખત[૯૩] કોલાપુર શહેરના રાજાની સભામાં બન્દીજનોએ શ્રીસિદ્ધરાજની કીર્તિની વાતો કરી ત્યારે ત્યાંના રાજાએ કહ્યું કે "જો સિદ્ધરાજ અમને પણ કાંઇક પ્રત્યક્ષ ચમત્કાર બતાવે તો તેને સાચો (ચમત્કાર કરી શકે એવો) માનીએ, આમ કહીને તે રાજાએ તે બન્દીજનોને પાછા પાડયા. અને તેઓએ આ પ્રસંગનું સિદ્ધરાજ પાસે વર્ણન કર્યું. પછી રાજાએ સભા સામું જોવા માંડયું એટલે તેનું મન

૯૩ મૂળમાં અથાનન્તરં એમ શબ્દો છે એનો અર્થ આ પછી એમ થાય પણ મૂળ લેખકે કોઇ અવાતર પ્રબંધ લખતા કાલાનુક્રમનું જરાય ધ્યાન રાખ્યું હોય એમ દેખાતુ નથી એટલે ભાષાતરમાં એક વખત શબ્દો વાપર્યા છે.

સમજનાર કોઇ સેવકે હાથ જોડીને પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો પછી રાજાએ એકાંતમા તેને હાથ જોડવાનું કારણ પૂછ્યુ ત્યારે તેણે કહ્યું કે "આપનો આશય હું સમજ્યો છુ" અને ઉમેર્યું કે "પણ ત્રણ લાખ દ્રવ્યથી એ વાત બની શકે એવી છે" તેજ વખતે જોષીએ જોઇ આપેલા મૂહૂર્તમા તે સેવક રાજા પાસેથી ત્રણ લાખ લઇને જાતે વાણીઆનો વેશ લઇ, બધા વેપાર માટેના વાસણોનો સમૂહ કરી તથા (યોગીવેષ કાઢવા), રત્ન જડેલી સોનાની બે ચાખડીઓ, અદ્‌ભુત દેખાતો યોગદંડ, બે મણિમય કુંડલો એ જાતના [૯૪]યોગનુ સ્વરૂપ દર્શાવે એવુ યોગપટ્ટ, અને સૂર્યજેવો તેજસ્વી ઘોડો ઘાયરો એટલું સાથે લઇ રસ્તો ઓળગી કેટલાક દિવસ પછી તે કોલાપુર પહોંચી ગયો, અને ત્યા (દુકાન માંડીને) રહ્યો પછી નજીક આવતી દીવાળીની રાતે તે શહેરના રાજાની રાણીઓ મહાલક્ષ્મીની પૂજા કરવા માટે તેના મંદિરમા ગઇ ત્યારે આ માણસ સિદ્ધ પુરૂષનો બનાવટી વેષ ઉપર કહેલ વસ્તુઓથી ધારણ કરી ઉડવા જેવો મોટો કુદકો મારવાની જોરે સારી રીતે ટેવ પાડેલી હતી એવા[૯૫] બર્બર સાથે એકાએક દેવીના આસન ઉપર પ્રગટ થયો અને દેવીની રત્નમય તથા સોનેરી કપુરવાળી પૂજા કરીને તથા તે રાણીઓને એવાજ જ બીડા આપીને તથા શ્રીસિદ્ધરાજના નામની છાપવાળો સિદ્ધવેષ પૂજાને બ્હાને ત્યા રાખી બર્બરકને ખભે ચડી જેમ આવ્યો હતો તેમ ઉડીને ગયો એ ગત પૂરી થતા રાણીઓએ આ વિરોધી રાજાનો વૃત્તાન્ત કોલાપુરના રાજાને કહી સંભળાવ્યો એટલે ભયભ્રાન્ત રાજાએ પોતાના મંત્રીઓ સાથે તે ભેટ (સિદ્ધવેષ) સિદ્ધરાજને મોકલી આપી પછી તે સેવકે વાસણો વેચવા ખરીદવાનું કામ આટોપી લઇ, "હું આવી પહોચ્યુ ત્યાસુધી આ મંત્રીઓને આપે દર્શન ન આપવુ" એમ ઉતાવળે દોડી શકે એવા ખેપીઆ માથે સિદ્ધરાજને વિનતિ કરી અને પોતે પણ થોડા દિવસમા એકદમ પહોંચી ગયો પછી શુ બન્યુ હતું તે જાણી લઇ રાજાએ તે મંત્રીઓનો તેઓને યોગ્ય સત્કાર કર્યો

આ પ્રમાણે કોલાપુર રાજપ્રબંધ પુરો થયો.

---

૯૪ જુદા જુદા પંથના યોગીઓ જુદી જુદી જાતના વેશ રાખે છે, એટલે જે જાતના યોગીનો વેશ લીધો હશે તે જાતના યોગીમા વપરાતું હશે એવુ યોગપટ્ટ એમ મતલબ જણાય છે એ જાતના યોગીઓ કેડ નીચે ટુંકા ઘાયરા જેવુ પેરતા હશે એમ લાગે છે

૯૫ બર્બરક શબ્દ પ્રાચીન સંસ્કૃત સાહિત્યમા ખૂબ વપરાએલો મળે છે એ શબ્દનુ અંગ્રેજી Barbarian શબ્દ સાથે સામ્ય છે સાધારણ રીતે જંગલી અનાર્ય એવો અર્થ કરવામા આવે છે સિદ્ધરાજે બર્બરક જીત્યુ બિરૂદ ગ્રહણ કરેલ તે કયા બર્બરોને જીતીને ? બીજાને જીતીને હશે ?

૫૦ શ્રી સિદ્ધરાજે જ્યારે માળવા દેશથી યશોવર્માને કેદ કરીને આણ્યો, ત્યારે તેના ઉત્સવની રાજસભામાં સીલ નામના કોઇ કૌતુકી માણસે (ભાટે?) "બેડા-(મછવા)માં સમુદ્ર ઘુડી ગયો" એમ પછવાડેથી ગાયું, ત્યારે "આવું અપશુકનીઆળ શું બોલછ?" એમ તેનો તિરસ્કાર કરવામાં આવ્યો. પણ તેણે કહ્યું "બેડા-(મછવા) જેવો ગુજરાત દેશ, તેમાં માળવારૂપી સમુદ્ર ઘુડી ગયો." આવો વિરોધાલંકારનો અર્થપત્તિથી ખુલાસો કરીને તેણે રાજા પાસેથી સોનાની જીભનું ઇનામ મેળવ્યું.

આ પ્રમાણે કૌતુકીસીલણ પ્રબંધ પુરો થયો.

૫૧ એક વખત સિદ્ધરાજના એક હાજર જવાબમાં હુશીઆર એલચી (સાન્ધિવિગ્રહિક)ને કાશીના રાજા જયચંદ્રે અણહિલ્લપુરનાં તળાવ, કુવા, પરબ વગેરે વિષે પૂછતાં પૂછતાં નીચે પ્રમાણે દૂષણ બતાવ્યું કે "સહસ્રલિંગ સરોવરનું પાણી શિવ નિર્માલ્ય હોવાથી અસ્પૃશ્ય છે એટલે આલોક અને પરલોક બેય બગાડે એવું એ પાણી વાપરનાર તમારા લોકોનો પ્રભાવ કેમ ઉદય પામે? સિદ્ધરાજે આ સહસ્રલિંગ સરોવર બંધાવીને ખરેખર અયોગ્ય કામ કર્યું છે." તે રાજાનાં આવાં વચનો સાંભળીને અંદરથી કોપેલા તે એલચીએ રાજાને પૂછ્યું કે "અહીં કાશીમાં કયાંનું પાણી પીવાય છે?" રાજાએ "ગંગાનું પાણી" એમ જવાબ આપ્યો એટલે તેણે તરત કહ્યું કે "શું ગંગાનું પાણી શિવનિર્માલ્ય નથી? ગંગાને રહેવાનું ઠેકાણું જ શંકરનું મસ્તક છે."

જયચંદ્ર રાજા સાથે ગૂર્જર પ્રધાનના સવાલ જવાબોનો પ્રબંધ.[૯૬]

૫૨ એક વખત કર્ણાટદેશથી આવેલા સાન્ધિવિગ્રહિકને શ્રી મયણલ્લદેવીના પિતા જયકેશીરાજના ખુશી ખબર પૂછવામાં આવતાં તેણે આંખમાં આંસુ સાથે મયણલ્લદેવીને નીચે પ્રમાણે ખબર આપ્યા. બાઈ સાહેબ! પ્રભાતમાં નામ લેવા જેવા જયકેશી મહારાજાએ જમવા વખતે પાંજરામાંથી પાળેલા પોપટને બોલાવ્યો. પોપટ "બીલાડું" એમ બોલ્યો. એટલે રાજાએ ચારે તરફ જોઇને પોતાને જમવાના ભાતના વાસણની નીચે છુપાયેલ બીલાડીને જોયા વગર પોપટને કહ્યું કે "જો બીલાડાંથી તારો નાશ થાય તો હું પણ તારી સાથે મરણ સ્વીકારીશ." રાજાએ આવી પ્રતિજ્ઞા કરી, એટલે જેવો પોપટ પાંજરામાંથી ઉડીને તે સોનાના વાસણ ઉપર બેઠો કે એકદમ તે બીલાડીની દાઢથી તેનો નાશ થએલો જોઇને રાજાએ અનાજનો કોળીઓ

---

૯૬ કાશીનો રાજા જયચંદ્ર તે કનોજનો ગહડવાલ જયચંદ્ર જ; એ વિ. સ. ૧૨૨૬ (ઈ. સ. ૧૧૭૦) મા ગાદીએ બેઠો હતો એટલે તે સિદ્ધરાજનો સમકાલીન નહતો. (જુઓ ડફની ક્રોનોલોજી ઓફ ઈન્ડીયા પૃ. ૨૮૫)

મુકી દીધો અને વચનોના યુક્તિથી ખુલાસા કરવામા હુશીઆર એવા રાજવર્ગે રોકયા છતા –

(૪૪) ભને ગાન્ય જાવ, ભને લક્ષ્મી જાવ, ભને એક ક્ષણમા પ્રાણ જાવ, પણ મે જાતે જ જે વાણી કાઢી તે વાણી કોઇ કાળે વ્યર્થ ન જાવ

આ શબ્દો, તે ષ્ટ દૈવત ન હોય તેમ, જપતા જપતા જયકેશી પોપટ સાથે લાકડા ખડકેલી ચિતામા પેઠા આ વાત સાભળીને રોક સમુદ્રમા ડુબી ગયેલી મયણલ્લદેવીને ખામ ધર્મોપદેશરૂપ હાથનો ટેકો આપીને, વિદ્વાનો એ તે શોક સમુદ્રમાથી બ્હાર કાઢી

પછ પછી શ્રી મયણલ્લદેવી પિતાના કલ્યાણ માટે શ્રી સોમેશ્વર પાટણની યાત્રાએ ગયા અને ત્યા કોઈ ત્રણ વેદ જાણનાર બ્રાહ્મણને બોલાવીને તેના હાથમા પાણી મુકતી વખતે "જે ત્રણ જન્મ (પૂર્વજન્મ, વર્તમાન જન્મ અને ભાવિ જન્મ)નું પાપ લેતો હોતો, આ દાન આપુ નહિતો ન આપુ" એમ કહ્યુ તેના આ વચનથી વધારે સતોષ પામીને તેણે હાથી, ઘોડા સોનું વગેરેવાળા પાપઘડાનું દાન લીધુ અને પછી તેણે એ બધુ બ્રાહ્મણોને આપી દીધુ એટલ ગણીએ " આનો શુ અર્થ ? " એમ પૂછ્યુ ત્યારે તેણે જવાબ આપ્યો કે "પૂર્વ જન્મના પુણ્યથી આ જન્મે તમે રાજાની રાણી, અને રાજમાતા થયા છો અને આ લોકોત્તરદાનોથી અને સત્કર્મોથી ભાવિજન્મ પણ તમારો કલ્યાણકારી થશે એમ વિચારીને મે ત્રણ જન્મનું પાપ ગ્રહણ કર્યુ તમે પાપઘટનું દાન આપવા માડયુ એટલે કોઇક અધમ દ્વિજ પાપઘડાને લઇને પોતાને અને તમને સંસાર સમુદ્રમા ડુબાડી દેશે એમ ધારીને બધા ધનનો જેણે ત્યાગ કર્યો છે એવા મેં આ ધન લઇને પાછુ દાનમા આપી દીધુ એટલે જે (ધન) મેળવ્યુ હતું તેથી આઠગણું પુણ્ય મેળવ્યુ ' આ રીતે તેણે કલ્યાણ મેળવ્યુ

આ પ્રમાણે પાપઘટ પ્રબંધ પુરો થયો

૫૪ એક વખત માળવા દેશ માથે લડીને સ્વદેશના લશ્કરી મુકામ તરફ નીકળેલા શ્રી સિદ્ધરાજે વચ્ચે શુરવીર બીજાઓ રસ્તો રોકયો છે એમ જોયુ આ વૃત્તાન્ત જાણવામા આવતા માન્તૂ નામના મત્રીએ ગામેગામથી અને દરેક શહેરમાથી ઘોડાઓ ઉધરાવી તથા દરેક બજાર ઉપર પલાણ નાખી મોટુ સૈન્ય એકઠુ કરી બીજાને નસાડી શ્રીસિદ્ધરાજને સુખપૂર્વક આણ્યા

આ પ્રમાણે માન્તુ મત્રી પ્રબંધ કે બુદ્ધિ વૈભવ પ્રબંધ પુરો થયો.

૫૫ એક વખત રાતે એક બીજાથી વાદમાં હારે નહિ એવા બે સિદ્ધરાજના સેવકો તેના પગ ચાંપતા હતા, ત્યારે રાજાએ ઉઘથી આંખ મીંચી છે, એમ ધારીને બેય ચર્ચા કરવા મંડયા. એકે લાભ આપવા માટે તથા નુકશાન કરવા માટે સમર્થ સિદ્ધરાજનાં નોકરોના કલ્પવૃક્ષ તરીકે વખાણ કર્યો; ત્યારે બીજાએ એ રાજાને વિશાળ રાજ્ય આપનાર પૂર્વજન્મના કર્મનાંજ વખાણ કર્યા. રાજાએ આ વૃત્તાન્ત સાંભળીને કર્મનાં વખાણ ખોટાં પાડવા માટે તથા પોતાની પ્રશંસા કરનાર સેવકને લાભ આપવા માટે, બીજે દિવસે, શું છે તે જણાવ્યા વગર પોતાની મહેરબાની દેખાડનારો લેખ તેને આપ્યો. આ લેખ લાવનાર સેવકને સો ઘોડાનું સામન્ત પદ આપવું એમ અંદર લખીને તે લેખ આપીને મહામાત્યથી સાન્તુ પાસે તેને મોકલ્યો. પછી જ્યાં તે સેવક રાજમહેલનાં પગથીઆં ઉતરતો હતો ત્યાં પગ સરકી ગયો અને જમીન ઉપર પડી જતાં તેનો એકાદ અવયવ જરાક ભાંગી ગયો. તેની પાછળ આવતા બીજા સેવકે "શું થયું?" એમ પૂછતાં પેલાએ પોતાની સ્થિતિ જણાવી એટલે તેને ખાટલામાં સુવારી ઘેર લઇ જવામાં આવ્યો. અને પેલો લેખ તેણે બીજા સેવકને આપ્યો. પરિણામે એ લેખને અનુસરીને મહામાત્યે આ બીજા સેવકને સો ઘોડાનું સામન્ત પદ આપ્યું. છેવટ આખી વાત બરાબર સાંભળીને તે દિવસથી રાજાએ કર્મનેજ બળવાન્ માનવા માંડયું. કહ્યું છે કેઃ—

(૪૫) આકૃતિ, કુળ, શીળ, વિદ્યા કે જાતે કરેલી સેવા કોઇ માણસોને ફળ આપતાં નથી; પણ પહેલાંના તપથી એકઠું થયેલ પુરુષ, જેમ ઝાડ પોતાને ટાણે ફળ આપે તેમ, કાળે કરીને ફળ આપે છે.

આ પ્રમાણે વંઠકર્મપ્રાધાન્ય પ્રબંધ પુરો થયો.

(૪૬) જે જેસલ રાજાએ રાજવંશોને કાપી નાખીને એક છત્ર (રાજ્ય) કર્યું, તે કૂવાથી ઉચ્છેદ કરનાર રાજા ત્રણલોકમાં જય પામે છે.

(૪૭) મોટું મન્દિર, મોટી (વિજય) યાત્રા, મોટું સ્થાન, અને મોટું સરોવર, વગેરે જે સિદ્ધરાજે કર્યું છે તે પૃથ્વીમાં બીજું કોણ કરશે?[૯૭]

(૪૮) વિજયની ઇચ્છાવાળા એક માત્રાની અધિકતા પણ સહન

---

૯૭ આ શ્લોકમા કહેલ મોટું મંદિર તે સિદ્ધપુરનુ રૂદ્ર મહાલય હશે, મોટી વિજયયાત્રા તે માળવાનો વિજય, મોટું સરોવર તે સહસ્રલિંગ સરોવર અને મોટું સ્થાન તે કીર્તિ? શીહોર હશે?

કરતા નથી શુ એટલા માટે હે ધરાનાથ (રાજા) તમે ધારાનાથ (માળવાના રાજા)ને દૂર કર્યો ?

(૪૯) હે સરસ્વતી ! માન છોડી દે, હે ગંગા ! તારા સૌભાગ્યની વિશેષતા મુકી દે, હે યમુના ! તારી વાકી શોભા નકામી છે, અને હે રેવા ! તારો વેગ(નો ગર્વ) તજી દે કારણ કે શ્રીસિદ્ધરાજની તરવારથી ફાટેની શત્રુઓની કાયમાથી ઉછળતા લોહીના પ્રવાહથી બનેલી નદીરૂપી નવી સ્ત્રીમા સમુદ્ર (હાલમા) આસક્ત થયો છે

(૫૦) હે વિજયી સિંહદેવરાજ ! ખરેખર, તારા પ્રયાણના ઉત્સવ વખતે જળાશયો સુકાઇ જવાથી માછલીઓ રૂવે છે, વીરોએ કરેલાં વ્રણો ઉપર બેસવાનું મળશે એ આશાથી હાથીઓના ગંડસ્થળ ઉપર બેઠેલી માખીઓ હસે છે અને પોતપોતાના પતિના વિનાશનો સમય પાસે આવ્યો છે એમ વિચારીને ચિન્તાતુર રહેતી શત્રુઓની સ્ત્રીઓ ગમગીનીમા ડુબી ગઇ છે

(૫૧) આનાક રાજા નમી ગયો તો એને સપાદલક્ષેશ બીજા લાખો (દ્રવ્ય) સાથે આપી દીધો, અને યશોવર્મા શત્રુ અભિમાનમા રહ્યો તો એનો માલવ (દેશ અથવા લક્ષ્મીનો અંશ) પણ હે સિદ્ધરાજ, તેં સહન ન કર્યો-રહેવા ન દીધો

આ વગેરે તેની ઘણી જાતની સ્તુતિઓ તથા પ્રબંધો છે

સવત્ ૧૧૫૦થી શ્રી સિદ્ધરાજ શ્રી જયસિંહદેવે ૪૯ વર્ષ રાજ્ય કર્યું

આ પ્રમાણે મેરૂતુંગાચાર્યે રચેલ પ્રબંધ ચિંતામણિનો શ્રીકર્ણ અને શ્રી સિદ્ધરાજના વિવિધચરિત્ર અને અનેક પગટકોના વર્ણનનો ત્રીજો પ્રકાશ પુરો થયો.

પરિશિષ્ટ ક.

સિદ્ધરાજના રાજ્યકાળના જે વર્ષો પ્ર-ચિ-મા આપ્યા છે તેજ વિચારશ્રેણીમા તથા બીજા ગ્રન્થોમા આપ્યા છે અને તેને ખોટા માનવાનું કારણ દેખાતું નથી સિધ્ધરાજ ગાદીએ બેઠો ત્યારે મોટી ઉમ્મરનો નહિ હોય, પણ પ્ર-ચિ. કહે છે તેમ છેક ત્રણ વર્ષનોયે નહિ હોય

સિદ્ધરાજના વૃત્તાન્તમા ચણા વેચનાર વાણીઆનો પ્રબંધ, વારાહી બુચ પ્રબંધ વગેરે પ્રબંધો સિદ્ધરાજની લોકપ્રિયતાની સૂચક દંતકથાઓ છે પણ એના મોટા કામોમા સોરઠનો, માળવાનો તથા બર્બરકનો જય એ મુખ્ય લાગે છે ચાલુક્ય ઉત્કીર્ણ લેખોમાં અવન્તીનાથ અને બર્બરકજિષ્ણુ એ સિદ્ધરાજના મુખ્ય બિરૂદો છે તેમા અવન્તીનાથતો માળવાને જીતીને

મેળવેલું બિરૂદ છે. માળવાને જીત્યાનું તથા તેના રાજાને કેદ કર્યાનું ઉત્કીર્ણ લેખોમાં તથા ઘણા ખરા પ્રબંધોમાં મળે છે. સોરઠને જીત્યાની વાત દ્વયાશ્રયમાં નથી પણ બીજા પ્રબંધોમાં છે અને મુખ્ય બનાવને ઐતિહાસિક માનવો પડશે, એની વિગતોના વિચાર માટે જુઓ ગેંગારચાળું પરિશિષ્ટ (પૃ. ૧૩૫) છતાં એ બનાવનું સિદ્ધરાજના કાળમાં બહુ મહત્ત્વ મનાયું જણાતું નથી. કારણ કે દ્વયાશ્રયમાં તેનો ઉલ્લેખ નથી એટલુંજ નહિ પણ સિદ્ધરાજને એ વિજયથી કોઇ જાતનું બિરૂદ મળ્યું નથી.

બર્બરક નિષ્ણુ.—આ બર્બરક તે ભીલ સરદાર હશે? પ્રબંધ ૫૪ માં જે ભીલોને નમાડયાની વાત છે તેથી જ બર્બરક નિષ્ણુ થયા હશે? કે. ગૌ. હી. ઓઝા તર્ક કરે છે તેમ બાબરીઆવાડના જંગલી લોકોને જીત્યા હશે? ગમે તેમ હો પણ દ્વયાશ્રય, સુ-સં; વ-વિ; સુ. કી-ક; કી. કૌ; બધામાં બર્બરકજયની વાત છે.

પ્ર-ચિ. માં લખેલ કોલ્હાપુરની તથા મ્લેચ્છ પ્રધાનોને ચકિત કર્યાની વાત તો કલ્પિત લાગે છે. પણ શ્લો. ૫૧ માં જે સપાદલક્ષના આ નાકને નમાવ્યાની વાત છે તેવિચારણીય છે; કી. કૌ. માં પણ એ પ્રકારનું કથન મળે છે. (૨-૨૭, ૨૮) આ ઉપરાંત કીર્તિ કૌમુદીમાં મહોબકની ભેટ વિષે ઇસારો છે. (૨-૩૩) તેનો પ્ર-ચિં. માં ઉલ્લેખ નથી. પણ ચતુર્વિંશતિ પ્રબંધમાં જુદી રીતે છે. (જુઓ પ્ર. ૨૧)

સિદ્ધરાજે સહસ્રલિંગ સરોવર બંધાવ્યું એ ઘણું મોટું કામ હોય એમ પ્ર-ચિં-વગેરે ઉપરથી લાગે છે. બીજા પ્રબંધોમાં પણ એનો ઉલ્લેખ છે. સિદ્ધરાજ જયસિંહ વિષે રાસમાળા, અને મુંબઇ ગેઝીટીઅર પછી શ્રી. ગૌ. હી. ઓઝાએ નાગરીપ્રચારિણી પત્રિકા (ભા. ૯. અં. ૩) માં જે લેખ લખ્યો છે એ જોવા જેવો છે. પ્ર-ચિં. માં પણ સિદ્ધરાજનાં બધાં પરાક્રમો નથી વર્ણવવામાં આવ્યા એ કી. કૌ. વગેરે બીજા પ્રબંધો તથા બીજાં સાધનો જોતાં ચોક્કસ જણાય છે.

પ્રકાશ ચોથો

કુમારપાલ પ્રબન્ધ

૧ હવે [1]પરમાર્હત કુમારપાલના પ્રબન્ધનો આરભ થાય છે શ્રી અણહિલપુરમા જ્યારે મોટા (પ્હેલા) ભીમદેવનું રાજ્ય હતું, ત્યારે તેના શહેરમા [2]ચઉડા નામની એક વેશ્યા હતી, તે તેના રૂપથી અને ગુણથી શહેરમા પ્રખ્યાત હતી કુલસ્ત્રી કરતા પણ વધી જાય એવી મર્યાદા એ સાચવે છે એમ જાણીને તેના ચારિત્ર્યની પરીક્ષા માટે સવાલાખની કિમતની એક ઘરી રાજાએ પોતાના માણસો માથે એને પોતાની રાખેલી તરીકે એ રહે માટે મોકલાવી અને ઉત્સુકતાથી તેજ રાતે ગામની બ્હાર છાવણી નાખી પ્રસ્થાન કર્યું પછી રાજા બે વર્ષ સુધી માળવામા લડાઇમા રોકાયેલા રહ્યા ત્યારે ચૌલાદેવી રાજાનું ધન લીધેલુ હોવાને લીધે પોતે તેની રાખેલી છે એમ માનીને તે બે વર્ષ સુધી બીજા મર્દ પુરૂષોથી દૂર રહી શીલ સાચવીને રહી નિર્ભીમ પરાક્રમવાળા ભીમ કૃતકૃત્ય થઇને પાછા પોતાના શહેરમા આવ્યા ત્યારે લોકપરપરાથી તેની એ વાત જાણીને તેને અન્ત:પુરમા રાખી તેનો દીકરો હરિપાલ, હરિપાલનો પુત્ર ત્રિભુવનપાલ, અને તેનો પુત્ર કુમારપાલ [3] તે ધર્મને (જૈન ધર્મને) નહોતો મમજતો ત્યારે

---

૧ જૈન લેખકો કુમારપાલને પરમાર્હત એટલે કે પરમ જૈનધર્માનુયાયી ગણે છે અને એ કારણથી એના ચરિત્રના અનેક ગ્રન્થો જૈનો દ્વારા લખાયા છે વળી કુમારપાલના અનેક ઉત્કીર્ણ લેખો મળ્યા છે, પણ 'પરમાર્હત' બિરૂદ એક જ લેખમા મળે છે આ બાબતની વિશેષ ચર્ચા અન્યત્ર કરી છે

૨ આ વેશ્યાનું અમુક પ્રતોમા બકુલાદેવી અને અમુકમા બકુલાદેવી નામ મળે છે (જુઓ મૂળ પૃ ૧૨૪ ટિ ૧) જિનમ ડનગણિએ પણ બકુલાદેવી નામ આપ્યુ છે

૩ આ રીતે કુમારપાલના દાદાની મા ભીમદેવ પ્હેલાની રાખેલી વેશ્યા હતી એ વાત મેરૂતુંગે પ્હેલી લખી છે કુમારપાલની ઉપર આવેલી વંશાવળી તો હેમચન્દ્રને તથા કુમારપાલના ચિતોડના લેખને માન્ય છે પછી સોમરાજ કે હરિપાલ કર્ણથી મોટો હતો એવુ ય હેમચન્દ્રે લખ્યુજ છે (જુઓ દ્વયાશ્રય સ ૯ શ્લો ૭૦, ૭૧) મેરૂતુગ પછીના લેખકોમા જિનમ ડન ગણિએ, કર્ણની માતાથી સતુષ્ટ ભીમે કર્ણને રાજ્ય આપ્યું એમ લખ્યુ છે જયસિ હસૂરિએ, સોમરાજની અને કર્ણની મા જુદી જુદી હતી અને દશરથ પેઠે પિતાએ વચન આપેલુ હોવાથી સોમરાજે પોતાના નાના ભાઈ કર્ણને ગાદીએ બેસાર્યો એમ લખ્યુ છે (સ ૧ શ્લો ૭૬) ચારિત્ર સુંદર ગણિ ભીમને જયન્તી નામની પત્ની હતી અને પછી કામલતા નામની વેશ્યામા તેને આસક્તિ થઇ અને આ કામલતાનો પુત્ર તે સોમરાજ (જુઓ સ

પણ દયાવાળો અને પરસ્ત્રીને બ્હેન સમાન ગણનારો હતો. સામુદ્રિક શાસ્ત્ર જાણનારા (જ્યોતિષીઓ)ઓએ સિદ્ધરાજને તમારી પછી આ (કુમારપાલ) રાજા થશે એમ ભાખેલું હોવાથી તેને હલકા કુળનો ગણીને તે રાજા થાય એ સહન ન કરી શકતા સિદ્ધરાજ તેના વિનાશનો રસ્તો હમેશાં શોધ્યા કરતા. કુમારપાલને આ વાતની જરા બાતમી મળી જવાથી એ રાજ્યથી એનું મન બ્હીના કરતું, એટલે તેણે તપસ્વી વેષે અનેક વર્ષો સુધી જુદા જુદા દેશોમાં ફર્યા કર્યું. અનેક વર્ષો પછી એક વખત ફરી પાટણમાં આવી કયાંક મઠમાં કુમારપાલે ઉતારો કર્યો. પછી શ્રીકર્ણદેવના શ્રાદ્ધ વખતે રાજાએ શ્રદ્ધાળુપણાથી બધા તપસ્વીઓને ભોજન માટે નિમંત્રણ કરેલું અને સિદ્ધરાજ પોતે બધા તપસ્વીઓના પગ ધોતા હતા; ત્યાં કુમારપાલ નામના તપસ્વીના પગનાં તળાં હાથના સ્પર્શથી કમળ જેવાં કોમળ જોઈને તથા તેનાં ઉર્ધ્વ રેખા વગેરે લક્ષણો જોઈને આ કોઈક રાજ્ય (પામવા) યોગ્ય છે એમ વિચાર કરી, તેને નિશ્ચલ દૃષ્ટિથી જોવા મંડ્યા. તેનાં (સિદ્ધરાજનાં) ચિહ્નોથી તેને વિરુદ્ધ જાણીને કુમારપાલ વેષપાલટો કરીને, કાગડો જેમ ઉડી જાય તેમ નાશી ગયો.૪ (રસ્તામાં) આલિગ નામના કુંભારના ઘરમાં માટીના ડામનો નીંભાડો તૈયાર થતો હતો તેમાં સંતાઈને પાછળ પડેલાં સિદ્ધરાજનાં માણસોથી પોતાનું રક્ષણ કર્યું. પછી ત્યાંથી આગળ જતા અને તેની શોધમાં પાછળ પડતાં રાજાનાં માણસોથી ત્રાસ પામેલા કુમારપાલને નજીકમાં રાજાનાં માણસો ન પોચી શકે એવું સ્થળ ન જોઈને એક ખેતરમાં ખેતરના રખોપાઓએ વાડ કરવા માટે કાંટાંવાળા ઝાડોની ડાળોનો પોતે ઢગલો કરતા હતા તેમાં તેને સંતાડી દીધો, અને તેઓ પાછા પોતાને ઠેકાણે જતા રહ્યા. પછી પગીએ પગેરું ત્યાં સુધી આણતાં એ કાંટાના ઢગલામાં સર્વથા અસંભવિત માનીને તથા ભાલાની અણી અંદર ખોસી જોતાં પણ તેમાં તેને ન જોઈને

---

૧ ૧-૧ શ્લો, ૨૭ થી ૩૩). અને કર્ણ બધા વર્ગોથી પૂજીત હોવાથી તથા ભીમે વચન આપેલું હોવાથી પિતા મરતાં ક્ષેમરાજે કર્ણને ગાદીએ બેસાર્યો (શ્લો. ૪૦) એમ લખે છે.

૪ કુમારપાલને ગાદીએ બેઠા પહેલા ભટકવું પડ્યું હતું એમ તો મોહપરાજયમાં પણ કહ્યું છે. (कुतूहलितया वत्राम भूमण्डलं अ· १ श्लो. २८). મેરૂતુંગ પ્રભાચંદ્રે, જયસિંહ સૂરિએ, જિન મંડને તથા ચારિત્ર સુંદર ગણિએ કુમારપાલને જયસિંહના ત્રાસથી કેવી રીતે નાસભાગ કરવી પડી તથા રસ્તામા શું બન્યું તે લખ્યુ છે. પણ જુદા જુદા ગ્રન્થોની વિગતોમાં થોડો ફેર છે.

રાજસૈન્ય પાછુ ફરી ગયુ એટલે બીજે દિવસે તે ખેતરના ધણીઓએ તે ઠેકાણેથી તેને બ્હાર કાઢ્યો પછી આગળ આડ રસ્તે ગમે ત્યા ચાલ્યા જતાં રસ્તામા એક સ્થળે ઝાડની છાયામા બેઠો હતો ત્યા એક ઉંદરના દરમાથી મોઢેથી રૂપા નાણુ ખેંચી આણતા ઉંદરને નિશ્ચળ દૃષ્ટિથી જોઇ રહ્યો તેણે જોયુ કે એકવીશની સંખ્યા થઈ ત્યા સુધી દરમાથી બ્હાર લઇ આવ્યો અને પછી એક રીક્કો પાછો દરમા લઇ ગયો એ જોઇને પાછળ વધેલા બધા સીક્કા લઇને જેવો કુમારપાલ શાંત બેઠો તેવો પેલો ઉંદર નાણુ ન જોઇને તેના દુ:ખથી મરણ પામ્યો આ ઉંદરના મરણના શોકથી મનમા વ્યાકુળ થયેલો કુમારપાલ ઘણીવાર સુધી પશ્ચાત્તાપ કરીને આગળ ચાલ્યો અને ત્રણ દિવસ સુધી રસ્તામા ખાવાનું ન મળવાથી તેના પેટમા ખાડો પડી ગયો ત્યા સામેથી પીયર જતી કોઇક શ્રીમન્તના દીકરાની વહુએ ભાઇ જેવા હેતથી કપુરથી સુગંધી કરેલા દહીં ભેળવેલા ભાત ખવરાવીને કુમારપાલને તૃપ્ત કર્યો એ પછી જુદા જુદા દેશમા ભમતો ભમતો ખેડા તમા થી ઉદયન પાસે ભાનુ માગવા માટે ગયો અને તેઓ પોપલશાળા-અપાશરા-મા ગયા છે એમ સાંભળી ત્યા ગયો ત્યારે ઉદયનના પૂછવાથી શ્રી હેમચન્દ્રાચાર્યે કુમારપાલના અંગોના લોકોત્તર લક્ષણો જોઇને આ ચક્રવર્તી રાજા થશે એમ ભવિષ્ય ભાખ્યુ જન્મથી જ દરિદ્રતાથી પીડાયેલો હોવાથી તેને તે વચનમા શ્રમ થવા લાગી અને (કટાક્ષથી) "ક્ષત્રિય માટે એ અસંભવિત નથી" એમ વિનતિ કરી ત્યારે 'સ. ૧૧૯૯ ના વર્ષમા કાર્તિક વદ બીજ ને રવિવારે હસ્ત નક્ષત્રમા જો તમારો રાજાભિષેક ન થાય તો આજ પછી નિમિત્ત-ભાવિ કુળાદેશ જોવાનો મારે ત્યાગ કરવો" એ પ્રમાણે પ્રતિજ્ઞા લખીને હેમચન્દ્રાચાર્યે એક કાગળ મંત્રીને અને બીજો તેને આપ્યો તેની આ કળાથી મનમા આશ્ચર્ય પામેલા તે ક્ષત્રિયે "જો આ સાચુ પડે તો તમે જ રાજા અને હું તો તમારા ચરણની રજ," એ પ્રમાણે પ્રતિજ્ઞા સ્વીકારી, ત્યારે "જેને પરિણામે નરક છે એવા રાજ્યની ઇચ્છા અમે શુ કરવા કરીએ? ઠીક, પણ તમારે આ ભુલવું નહિ અને કૃતઘ્નપણાથી હમેશા જિનશાસનના ભક્ત થઇને રહેવું" એમના આ ઉપદેશને માથે ચડાવીને તથા રજા લઇને મન્ત્રી ઘેર આવ્યો અને સ્નાન, પાન, ભોજન વગેરે સત્કાર કરીને તથા જે માગ્યુ તે ભાતું આપીને મંત્રીએ તેને રવાના કર્યો પછી માળવે પોંચેલા કુમારપાલે કુડગેશ્વરના મંદિરની પ્રશસ્તિના પત્રામાં —

(૧) "હે વિક્રમ રાજા! તમારા પછી જ્યારે એક હજાર એક સો અને ૯૯ વર્ષો પૂરાં થશે ત્યારે તમારા જેવો કુમર રાજા થશે"

આ ગાથા જોઇને કુમારપાલ આશ્ચર્ય ચકિત થયો અને ગૂર્જર રાજા સિદ્ધરાજ મરણ પામ્યાના ખબર જાણીને ત્યાંથી પાછો ફર્યો. રસ્તામાં એક શહેરમાં ભાતું ખુટી જતાં કોઈક દુકાનદારની દુકાનમાંથી ખાદ્ય લીધું અને ત્યાંથી ભાગ્યો તે શ્રી અણહિલપુર પોચ્યો અને રાતે પાસે કાંઇ ધન નહોવાથી કંદોઇની દુકાનમાં તેણે પોતાને માટે રાખેલું ખાદ્ય લીધું. પછી પોતાના બનેવી રાજા શ્રી કાન્હડદેવને[૫] ઘેર ગયો. ત્યાં રાજમહેલથી કાન્હડદેવ પાછો આવ્યો ત્યારે તેને આવકાર આપીને ઘરમાં લઇ ગયો. પછી સારી રીતે ભોજન વગેરેથી તૃપ્ત થઇને કુમારપાલ ત્યાં સુઇ ગયો.

૨ સવારે તે બનેવીઓ પોતાના સૈન્યને તૈયાર કરીને રાજમહેલમાં (કુમારપાલને) લઇ જઈ રાજ્યાભિષેકને કોણ યોગ્ય છે તેની પરીક્ષા માટે પહેલાં એક કુમારને રાજ સિંહાસન ઉપર બેસાર્યો. તેણે ઉપર ઓઢેલું કપડું પણ સરખું ન ઓઢયું, એ જોઇને બીજાને બેસાર્યો, તેણે હાથ જોડી રાખ્યા એ જોઇને તેને પણ યોગ્ય ન ગણ્યો, પછી શ્રી કાન્હડદેવની અનુમતિથી કુમારપાલ બેઠો; તેણે સિંહાસન ઉપર બેસી કપડાં સંકેલી લઈ, ઉંચો શ્વાસ લઇ, હાથમાંની તરવાર ફેરવવા માંડી; કે તરત પુરોહિતે મંગલાચાર કર્યો. આ રીતે પચાસ વર્ષનો કુમારપાલ ગાદી ઉપર બેઠો, કે મંગલ વાજાંના અવાજે સાથે શ્રી. કાન્હડદેવે જમીનને પાંચે અંગો અડાડીને નમસ્કાર કર્યા[૬]

૩ કુમારપાલ પ્રૌઢ ઉમ્મરનો હોવાથી તથા દેશ પરદેશમાં ફરેલો હોવાથી પોતાની હુશીઆરીથી રાજ્યનું શાસન કરવા લાગ્યો, તે રાજ્યનાં જૂનાં માણસોને ન ગમ્યું એટલે તેઓએ ભેગા મળીને તેને મારી નાખવાનો તાગડો રચ્યો. તેઓએ જ્યાં અંધકાર રહેતો હતો એવા દરવાજાઓમાં મારાઓ રાખ્યા હતા. પણ તેનાં પૂર્વ જન્મનાં પુણ્યની પ્રેરણા થવાથી તેનાં કોઇ અંગનાં માણસે આ વૃત્તાન્ત કુમારપાલને જણાવી દીધો એટલે

---

૫ આ કાન્હડ દેવ (સં. કૃષ્ણ દેવ, ચા-ગણિએ કૃષ્ણ ભટ્ટ લખ્યું છે) મોઢેરકનો સ્વામી હતો અને કુમારપાલની બેન પ્રેમલ દેવીને પરણ્યો હતો એમ પ્રબન્ધો કહે છે. (જુઓ સ. ૧ વ. ૧ શ્લો. ૬) કુમારપાલની બીજી બેન રાકંભરીના રાજા અર્ણોરાજને પરણી હતી એમ રાજશેખર તથા જિ. ગણિ કહે છે. વળી જિ. ગણિ પ્રેમલ દેવીના પતિ કૃષ્ણદેવને જયસિંહનો તુરંગાધ્યક્ષ કહે છે. (જુઓ પૃ. ૧૭)

૬ કૃષ્ણદેવે કુમારપાલને કેવી રીતે ગાદી ઉપર બેસાર્યો તેનું વર્ણન પ્ર ચિં. ને મળતું પ્રભાવક ચરિતમા પણ છે (જુઓ. હે. સૂ. પ્રબંધ શ્લો. ૪૦૩ થી ૪૧૫) જિ. ગણિના કુ. પ્ર. માં પણ એજ પ્રમાણે વર્ણન છે.

તેણે તે દરવાજેથી પ્રવેશ ન કર્યો, પણ બીજે બારણેથી કિલ્લામા પેશી તે (કાવતરાખોર) પ્રધાનોને માર્યા નખાવ્યા

૪ તે મંડલેશ્વર બનેવી (કૃષ્ણદેવ) શાળાના મબધથી તથા પોતે ગાદી ઉપર બેસાડનાર આચાર્ય હોવાથી રાજાને તેની (પ્હેલાની) ખરાબ સ્થિતિની વાતો કહ્યા કરતો પછી રાજાએ કહ્યું કે " હે બનેવી ! ગાજસ્વારીમા કે રાજસભાની બેઠકમા પ્હેલાની ખરાબ સ્થિતિ મબધી મનને ખુચે એવી મશ્કરી હવે પછી ન કરવી એકાંતમા તમારે ઠીક પડે તેમ બોલવુ " આ પ્રમાણે રાજાએ આગ્રહભરી વિનતિ કરી છતા જાતે ઉદ્ધત હોવાથી તથા તિરસ્કારથી " અરે મૂઢ–પોતાને ન ઓળખનાર, અત્યારમા તારા પગ શુ જમીનને નથી અડતા ? " આ રીતે બોલીને મરવા ઇચ્છનાર જેમ પથ્ય ન પાળે તેમ તેણે રાજાનું હિતકારક વચન પણ ન માન્યુ રાજાએ પોતાનો ભાવ જણાવ્યા ન દીધો પણ બીજે દિવસે પોતાના મહો પાસે એના હાથ પગ ભાગી નખાવ્યા અને બેય આખો ફોડાવી તેને ઘેર મોકલી દીધો

(૨) મેંજ આ દીવાને પ્હેલા પ્રગટયો છે માટે હું એની દરકાર નહિ કરું તો પણ તે મને બાળશે નહિ એમ ભ્રમમા રહીને જેમ દીવાને આગળીથી પણ અડાતું નથી તેમ રાજાને પણ અડાતુ નથી

આ પ્રમાણે વિચાર કરીને ભયભીત થઇ ગયેલા બધા સામન્તોએ તે દિવસથી રાજાની પગલે પગલે સેવા કરવા માડી

૫ તે રાજાએ પ્હેલા ઉપકાર કરનાર શ્રી. ઉદયનના પુત્ર શ્રી વાગ્ભટ દેવને મહામાત્ય બનાવ્યો અને આલિંગ નામના માણસને મુખ્ય પ્રધાન બનાવ્યો ૭

---

૭ આ વાકયમા બે સશયસ્થાનો છે એક તો ' મહામાત્ય ' એટલે શું ? અને મુખ્ય પ્રધાન એટલે શું ? બેય શબ્દો પર્યાય હોવાનું કોષ તો કહે છે

બીજી શકા હકીકતને લગતી છે જયસિહ સૂરિ કૃ ચ (સ ૩ શ્લો ૪૬૬)મા લખે છે કે " પોતાના ઉપર ઉપકાર કરનાર ઉદયનને મુખ્ય મત્રી કરીને તેના પુત્ર વાગ્ભટને અમાત્ય બનાવ્યો. " જિન મડનગણિ આ વચનનો અનુવાદ કરીને લખે છે કે રાજ નીતિ જાણનાર રાજાએ પ્હેલા ઉપકાર કરનાર ઉદયનને મહામાત્ય પદ આપ્યું અને તેના પુત્ર વાગ્ભટને બધા રાજકાર્યના વ્યાપારમા જોડયો ' (પૃ ૩૪) પ્રભાવક ચરિતમા તો ઉદયન અમાત્ય હતો એમ લખ્યુ જ નથી પણ તેના પુત્ર વાગ્ભટને મત્રી કહ્યો છે હવે વાગ્ભટાલકારના કર્તા કવિ વાગ્ભટે તેનો ટીકાકાર મહામાત્ય કહે છે પણ તે કવિ વાગ્ભટ તો સોમનો પુત્ર હતો

બીજુ આ આલિગ તે કુમારપાલની પ્હેલા રક્ષા કરનાર કુમાર તો નહિ એમ સાતમા પ્રબધ ઉપરથી જણાય છે, આગળ ૩૨ મા પ્રબધમા કહેલા વૃદ્ધ પ્રધાન આલિગ તે આ હોય તો એના ઉપકારની વાત કહાય નથી આવતી

૬ મહં. શ્રી ઉદયન દેવનો પુત્ર વાહડ નામનો કુમાર જેને સિદ્ધરાજે દીકરો કરેલો તે કુમારપાલનો તિરસ્કારજ કર્યા કરતો હતો અને સપાદ લક્ષના રાજાના લશ્કરમાં પાયદળમાં દાખલ થયો.૮ પછી કુમારપાલ સાથે વિગ્રહ કરવાની ઇચ્છાથી ત્યાંના સર્વ સામન્ત લોકોને લાંચ, અને માન અકરામ આપીને પોતાને વશ કરીને પાછું ન હઠાવી શકાય એવા લશ્કર સાથે સપાદલક્ષના રાજાને સાથે લઇને (ગુર્જર) દેશને સીમાડે તે (વાહડ) આવી પહોંચ્યો. પછી સોલંકી ચક્રવર્ત્તિએ પ્રતિ શત્રુ તરીકે તેની છાવણી પાસે પોતાના લશ્કરનો પણ પડાવ નાખ્યો. લડાઇ માટે જે દિવસ મુકરર થયો હતો તે દિવસે સીમાડાને નિષ્કંટક (શત્રુ રહિત) કરતા હતા અને ચતુરંગ સેનાને તૈયાર કરતા હતા ત્યાં ચઉલિંગ નામનો રાજાનો મહાવત જેને પહેલાં કોઇ વાંક માટે રાજાએ ઠપકો આપેલો, તેણે ક્રોધથી અંકુશ છોડી દીધો (અર્થાત્ મહાવત પણું છોડી દીધું). પછી રાજાએ અસાધારણ ગુણવાળા સામળ નામના મહાવતને પુષ્કળ પૈસો (ઇનામ તરીકે) આપીને તેની જગ્યાએ રાખ્યો. અને પોતાના કલહ પંચાનન નામના હાથીને તૈયાર કરીને તેના ઉપર રાજા માટેનું આસન ગોઠવી, તેમાં ૩૬ પ્રકારનાં આયુધો રાખી સર્વ કળા (હાથી ફેળવવા સંબંધી) સમૂહથી સંપૂર્ણ એવો તે મહાવત પોતાના પગ હાથીની ડોક ઉપરના દોરડામાં ભરાવી બેઠો. અને સોલંકી રાજા પણ પોતાના આસનમાં બેઠા પછી લડાઇ માટેના અધિકારીઓએ લડાઇ શરૂ કરવાની સૂચના કરતાં વાહડ કુમારે ફોડેલા

---

૮ પ્ર. ચિ. ની કોઈક પ્રતમાં ચાહડ નામ છે તો કોઈમાં વાહડ નામ છે પણ સપાદલક્ષના રાજા પાસે રહી કુમારપાલ સામે તેને તેડી લાવનાર આ ચાહડ કે વાહડને પ્ર. ચિ. મા ઉદયનનો પુત્ર કહ્યો છેઃ એ તો ચોખ્ખી ગડબડ જ લાગે છે. ઉદયનના પુત્ર વાહડ (વાગ્ભટ) ને ઉપરના જ (પાંચમા) પ્રબંધમાં મહામાત્ય બનાવ્યો એમ કહ્યુ છે. અને ૩૮ મા પ્રબંધમા ઉદયન પુત્ર ચાહડને સેનાપતિ બનાવીને સપાદલક્ષ સામે લડવા મોકલ્યાનું કહેલુ છે. મતલબ કે આ બાબતમા પ્ર. ચિં. માંજ અંતર્વિરોધ છે. બીજા ગ્રન્થો જોઇએ તો આ સપાદ લક્ષના પક્ષમા જનાર માણસને દ્વયાશ્રય (સ. ૧૬ શ્લો. ૨૪)માં હસ્તિશાળાનો ઉપરી ચાહડ કહ્યો છે. જ. સૂ. ના કુ. ચ. (શ્લો. ૫૨૯) માં પણ તેનું ચાહડ નામ છે, ચતુર્વિંશતિ પ્રબંધમાં તેને માળવાનો રાજપુત્ર ચાહડ કહ્યો છે, તેણે સિદ્ધરાજના મરણ પછી રાજ્ય માગ્યુ પણ પ્રધાનોએ ન આપ્યું તેથી તે રીસાઇને આનાકને આશ્રયે ગયો, (જુઓ ચ. પ્ર. પૃ. ૧૯૭), મોહપરાજયમાં આનું નામ કુમારતિલક ત્યાગભટ લખ્યુ છે (જુઓ અ. ૫ શ્લો. ૩૬), પ્રા. ચ. (શ્લો. ૫. ૪૬). મા ચારૂભટ અને જિ. મં. ના કુ. પ્ર. માં ચારભટ નામ છે. દ્વયાશ્રય શિવાય બધા તેને સિદ્ધરાજનો ધર્મ પુત્ર કે પ્રતિપન્ન પુત્ર કહે છે.

હોવાથી સામંતોએ લડાઇ શરૂ કરવાનો હુકમ ન માન્યો[૯] એટલે આખુ સૈન્ય તુટી જવાનો સંભવ જોઇને તેણે મહાવતને પોતાના હાથીને આગળ ચલાવવાનો હુકમ કર્યો. સામેના લશ્કરમાં સપાદલક્ષના રાજાના હાથીને, છત્ર ચામર વગેરે ચિન્હોથી ઓળખીને, જો સૈન્ય પુરી જાય તો મારે એકલાએ જ લડવું એવો નિશ્ચય કરીને પોતાના હાથીને તે (સપાદ લક્ષના રાજાના હાથી) પાસે લઇ જવા મહાવતને આજ્ઞા કરી, છતા પણ તેણે તેમ ન કર્યું ત્યારે "શું તું પણ ફુટેલો છો!" એમ પૂછ્યુ ત્યારે તેણે વિનંતિ કરી કે "મહારાજ, કવલ્ય પચાનન હાથી અને સામળ નામનો મહાવત એ બે પ્રલયકાળે પણ નહિ પુજે પણ સામેના હાથીના માથા ઉપર તીવ્ર અવાજ વાળો વાહડ નામનો કુમાર ચડેલો છે જેની હાકલથી હાથીઓ પણ પાછા હઠી જાય છે" એમ કહીને પોતાના ઓઢવાના વસ્ત્રના બે કટકાથી હાથીના કાન ઢાકી દઇને તેણે પોતાના હાથીને ચલાવ્યો પછી પહેલેથી પોતાના પક્ષમા ફોડી લીધેલો ચઉલિગ નામનો મહાવત છે એમ ધારીને, વાહડ હાથમા તરવાર લઇને કુમારપાલને મારવાની ઇચ્છાથી કવલ્ય પચાનનના માથા ઉપર પગ મુકવા જાય છે ત્યા તો તે મહાવતે હાથીને પાછળ હઠાડ્યો, એટલે તે જમીન ઉપર પડી ગયો અને નીચે ઉભેલા પાયદળ સિપાઇઓએ પકડી લીધો પછી સોલકી રાજાએ સપાદ લક્ષના આનાક નામના રાજાને "હથીઆરો તૈયાર કરો," એમ કહ્યું, અને તેના મોઢા ઉપર યોગ્યતાથી (સરસ રીતે) બાણ ચલાવીને "મુખ્ય ક્ષત્રિય છો' એવા મશ્કરી વાળા વખાણથી છેતરીને બાણથી વીંધી નાખી હાથીના માથા ઉપર પાડી દઇ, "આપણે જીત્યા છીએ, જીત્યા છીએ" એમ બોલતા બોલતા જાતે પોતાનુ વસ્ત્ર હવામા હલાવ્યુ એ રીતે (મામા વાળાના) બધા સામન્તોના બધા ઘોડાઓને હુમલો કરીને કેદ કરી લીધા

આ રીતે વાહડ કુમાર પ્રબંધ પૂરો થયો.[૧૦]

---

૯ આ વાકય જરા વિચિત્ર છે સામંત વગેરે શબ્દો અધ્યાહાર લઈને અર્થ કરવો પડે છે

૧૦ આ વાહડકુમાર પ્રબંધમા પ્ર ચિ એ કેટલી ગરબડ કરી છે એ આઠની ટિપ્પણીમા જોયુ જ છે સપાદલક્ષ (સવાલિકકેસાભર)ના રાજા સાથેની લડાઇની મૂળ વાત ઐતિહાસિક હકીકત લાગે છે ચૌલુક્ય વંશના ઉત્કીર્ણ લેખોમા કુમાર પાલના વિરોધમા એનો ઉલ્લેખ છે અને દ્વયાશ્રયમા, પ્રભાવકચરિત (હેમ સૂરિ પ્ર)મા, જયસિંહસૂરિના કુ ચ (સ ૪ શ્લો ૧૭૩ થી આગળ)મા, સુ

૭ આ પછી કૃતજ્ઞોમાં શિરોમણિ એવા સોલંકી રાજાએ આલિંગ[૧૧] નામના કુંભારને સાતસો ગામનું વિચિત્ર ચિત્તોડનું પરગણું આપ્યું. પણ તેના કુળના લોકો પોતાના કુળથી શરમાય છે અને હજી સુધી 'સગરા' એમ કહેવાય છે. જેઓએ કાપેલાં કાંટાનાં ઝાડોમાં રાખીને રાજાની રક્ષા કરી હતી તેઓને પોતાના અંગ રક્ષક તરીકે રાખ્યા.

હવે સોલાક નામના એક ગવૈયાએ એક પ્રસંગે પોતાની ગાવાની કળાથી રાજાને ખુશી કરી, તેની પાસેથી ૧૧૬ દ્રમ્મ મેળવ્યા હતા,[૧૨] પણ તેણે તેમાંથી મિષ્ટાન્ન ભોજન કર્યું તથા બાળકોને (પ્રસાદ વહેંચી) ખુશી કર્યા. આ ગવૈયાને રાજાએ ક્રોધ કરીને રજા આપી. પછી તે પરદેશ ગયો. અને ત્યાં (કોઇ) રાજાને પોતાના ગાયનથી ખુશી કરી તેની પાસેથી બે હાથી ઇનામ તરીકે મેળવ્યા અને (પાટણ) લઇ આવી એ હાથીઓ સોલંકી રાજાને ભેટ કર્યા એટલે તેણે તેને પાછો રાખ્યો. પછી એક વખત કોઇક પરદેશી ગવૈયો "હું લુંટાઇ ગયો, હું લુંટાઈ ગયો" એમ તાણીને ખુમો પાડતો આવ્યો. ત્યારે રાજાએ 'કોણ લુંટી ગયુ ?' એમ પૂછ્યું, એટલે તેણે જવાબ આપ્યો કે "મારાં ગીતની ખુબીથી એક હરણ પાસે આવીને ઉભું, એટલે મેં એના ગળામાં, રમત ખાતર, સોનાની માળા નાખી, પણ ત્યાંતો સિંહથી ડરીને એ હરણ ભાગી ગયું; આ રીતે હું લુંટાઇ ગયો છું." પછી રાજાએ તે સોલાક નામના પોતાના શ્રેષ્ઠ ગવૈયાને આજ્ઞા કરી અને તેણે જંગલમાં ફરતાં ફરતાં પોતાની સરસ ગાયન કળાની આકર્ષણ વિદ્યાથી જેના ગળામાં સોનાની સાંકળી છે એવા હરણને શહેરમાં લઇ આવીને રાજાને બતાવ્યો. પછી તેની કળાની કુશળ-

---

સં. કી. કૌ. વ. વિ. સુ. કી. ક., મોહપરાજય વગેરે અનેક ગ્રન્થોમા એનો ઉલ્લેખ મળે છે. પણ ચિત્તોડના કિલ્લાનો કુમારપાલનો પોતાનો લેખ એ વર્ણનોની કસોટી તરીકે ઉપયોગી છે અને એ જોતા મેરૂતુંગે ઉપર આપેલું વર્ણન મોટે ભાગે કલ્પિત લાગે છે. અલબત્ત આ લડાઇ કુમારપાલ ગાદીએ બેઠા પછી તરતમાં થઈ હોય એમ એ તથા બીજા ઉત્કીર્ણ લેખોથી જણાય છે ખરૂં.

૧૧ પહેલા જે આલિંગને મુખ્ય પ્રધાન બનાવ્યો એમ કહ્યુ છે તે આ કે જુદો? અને ૩૨ મા પ્રબંધવાળો આલિંગ તે કોણ?

૧૨ કુમારપાલે ખુશી થઇને માત્ર ૧૧૬ દ્રમ્મજ આપ્યા, એ તેનું ૩૨ મા પ્રબંધમાં કહેલું કૃપણપણું દેખાડે છે. ટોનીએ આ નોંધ્યું છે, પછી ગવૈયાએ એ એકસો સોળ દ્રમ્મ ઉડાડી નાખ્યા માટે રાજાએ તેને કાઢી મુકયો એમ ટોનીએ અર્થ કર્યો છે, પણ મૂળમાંથી એવો અર્થ કાઢવાની જરૂર મને નથી લાગતી.

તાથી જેના મનને આશ્ચર્ય થયુ છે એવા શ્રી હેમાચાર્ય પ્રભુએ "ગાયન કળાની હદ શુ"? એમ પૂછ્યુ ત્યારે તેણે તદ્દન સુકા લાકડાને પણ ફણગા ફુટે એ પોતાની કળાની હદ બતાવી "ત્યારે એ આશ્ચર્ય બતાવો" એમ આદેશ થતાં આબુ પર્વતમાથી વિરહ[13] નામનું ઝાડ લઇ આવી તેની સુકી ડાળના લાકડાને ગજ બહેલના આગણામા કુવારી માટીનો કયારો કરાવી, તેમા રોપી પોતાની નવીન ગાયન કળાથી એકદમ તેને ફણગા ફુટેલા બતાવી, રાજા માથે શ્રી હેમચન્દ્ર સ્વામીને પણ ખુશ કરી દીધા

આ પ્રમાણે આશ્ચર્ય કારક સોલાકનો પ્રબંધ પૂરો થયો.

૮ હવે એક વખત દિવાન-ઇ-આમમા મેઠેના સોલકી રાજાએ કોંકણ દેશના મલ્લિકાર્જુન નામના રાજાનું, કોઇ ચારણને મોટે 'રાજપિતા મદ' અવુ બિરૂદ સાભળ્યુ તે સહન ન થવાથી તેણે રાજસભા સામુ જોયુ એટલે રાજાનું મન સમજનાર મત્રી આમડે બે હાથનો સપુટ કરીને બતાવ્યો આ જોઇને ચકિત થયેલા રાજાએ સભાનું વિસર્જન કર્યા પછી તેને હાથ જોડવાનું કારણ પૂછ્યુ એટલે તેણે કહ્યું કે "આ સભામા એનો કોઇ બાણસ છે કે જેને મોકલીને ચતુરગ સેનાવાળા રાજા જેવો ડોળ કરતા તે મિથ્યાભિમાની મલ્લિકાર્જુનનો આપણે નાશ કરી શકીએ? એમ તમારા મનનો આશય જાણીને તમારો હુકમ ઉપાડવા માટે સમર્થ એવા મે હાથ જોડયા" તેની આ વિનતિ સાભળીને તરત જ તે રાજા સામે લશ્કરનો ઉપરી બનાવીને પચાગ પ્રસાદ (શરીરના પાચે અગો માટે પોષાક) આપીને સધા સામન્તો સાથે તેને મોકલ્યો તે બીજુ કશે રોકાયા વગર મજલો કરીને કોંકણ દેશમા પોચ્યો અને ન ઉતરાય એવા પૂરવાગી કથવિણી[14] નામની નદી ઉતરીને સામે કાંઠે પડાવ નાખે છે ત્યા તેને લડાઇ માટે તૈયાર (થઇને આવેલો) જાણીને મલ્લિકાર્જુન રાજાએ તેના લશ્કરને મારીને વીખેરી નાખ્યુ આ રીતે તેનાથી હારેલો તે સેનાપતિ મોઢુ કાળુ કરી, કાળા વસ્ત્રો પહેરી, માથે કાળી છત્રી ઓઢી કાળા તબુમા રહેતો (પાટલ આવી પહોચ્યો) સોલકી રાજાએ આ જોઇને "આ કોના લશ્કરની છાવણી છે"? એમ પૂછ્યુ ત્યાર કોંકણથી પાછા ફરેલા હારેલા આબડ સેનાપતિની આ છાવણી છે એમ જવાબ મળતા, તેની શરમથી મનમા ચકિત થયેલા રાજાએ

---

13 કોઇ ઝાડનુ વિરહક નામ જાણવામા નથી

14 કથવિણી નદી એ ચાખણી અને વલસાડમાથી વહેતી હાલની ખુબ્બો મુંબઇ ગેઝેટીઅર પુ ૧ ભા ૧૫ ૧૮૫ ટિ. ૪

પ્રસન્ન દૃષ્ટિથી તેની સંભાવના કરીને બીજા નવા બળવાન સામન્તો સાથે મલ્લિકાર્જુનને જીતવા તેને ફરી મોકલ્યો. કોંકણ દેશમાં આવીને તેણે તે નદી પાસે આવતાં પાજ બાંધીને તે જ રસ્તે સૈન્ય ઉતારી, સાવધાન રહીને, તે વિષમ યુદ્ધમાં લડતાં, પોતાની વીરવૃત્તિથી હાથી ઉપર બેઠેલા તે મલ્લિકાર્જુનને સ્થિર કરી દીધો. અને પછી જેનામાં લડાઇની ઘેલછાનો રસ ઉછળી રહ્યો છે એવા આંબડે મુસળ સરખા દાંતરૂપી પગથીઆંથી મલ્લિકાર્જુનના હાથીના માથા ઉપર ચડી જઇ, " પહેલાં ઘા કરી લે, અને ઇષ્ટદેવનું સ્મરણ કરી લે " વગેરે બોલતાં બોલતાં તીક્ષ્ણ ધારવાળી ભયંકર તરવાર મારીને મલ્લિકાર્જુનને હેઠે પાડી દીધો. અને પછી સામન્તો તેનું શહેર લુંટવામાં રોકાયા ત્યારે આંબડે સિંહનું બચ્ચું જેમ હાથીને મારી નાખે તેમ તેને રમતમાં મારી નાખ્યો. પછી મલ્લિકાર્જુનનું માથું સોના (ના પતરા) માં વીંટી લઇ, તે દેશમાં સોલંકી ચક્રવર્તીનું શાસન સ્થાપી પોતે શ્રીઅણહિલ્લપુર આવ્યો. અને જ્યારે સભામાં બેંતેર સભાસદો બેઠા હતા ત્યારે શ્રી કુમારપાલ મહારાજના પગને કોંકણ દેશના રાજા મલ્લિકાર્જુનના માથા સાથે[૧૫] પ્રણામ કર્યા.

વળી શૃંગારકોટિ નામની સાડી ૧, માણિક્ય નામનો પછેડો એક, પાપનો ક્ષય કરે એવો એક હાર, સંયોગ સિદ્ધિવાળી છીપ, તથા સોનાના બત્રીશ કુંભ, મોતીની છ સેર, ચાર દાંતવાળો એક હાથી, પાત્રો ૧૨૦, અને સાડીચૌદ કરોડ દ્રવ્ય એટલો દંડ.[૧૬]

આ વસ્તુઓ સાથે તેના માથારૂપી કમળથી શ્રી આંબડે રાજાની પૂજા કરી અને તેના કામથી પ્રસન્ન થયેલા રાજાએ શ્રી આંબડ નામના મહામંડલેશ્વરને રાજપિતામહ એવું બિરૂદ આપ્યું.[૧૭]

---

૧૫ દેવ આગળ નાળીએર મુકીને પગે લાગવાનો રિવાજ છે. નાળીએરને બદલે આ માથું એમ કહેવાની મતલબ લાગે છે.

૧૬ જો પ્ર. ચિ. કહે છે તેમ કોંકણના રાજાને ખરેખર માર્યો હોય અને ત્યાં કુમારપાલનું શાસન સ્થાપ્યું હોય તો આ દંડ નહિ પણ લુંટજ કહેવાય.

આ લુંટની વસ્તુઓનું પ્ર. ચિ. ના વાક્યનો અનુવાદ કરીને જિનમંડનગણિના કુ. પ્ર. મા વર્ણન કરેલું છે. શૃંગાર કોડી સાડી તેનો રા. દી. શાસ્ત્રીએ "" મહારાણીને શણગાર સજવા તુરત નવી કરાવેલી એક કરોડ રૂપીઆની પહેરવાની સાડી " એવો અર્થ કર્યો છે અને એમણે જ માણેકરત્ન જડેલો પછેડો એવો બીજી વસ્તુનો અર્થ કર્યો છે. ટૉનીએ વસ્તુઓની સંખ્યા વાચવામા ભૂલ કરી છે.

૧૭ આ આખ્યાન પ્રબંધ જિ. ગણિના કુ. પ્ર.મા તથા રાજશેખરકૃત પ્રબંધકોષમા

આ પ્રમાણે આબડ પ્રબંધ પુરો થયો

૬ એક વખત અણહિલપુરમા શ્રીહેમચદ્રાચાર્યની પાહિણી નામની મા જેણે દીક્ષા લીધી હતી તે પરલોકમા જતાં હેમચન્દ્રાચાર્યે તેને એક કરોડ નમસ્કારનું પુણ્ય આપ્યું, પણ તેના મરણ પછી તેના સસ્કારનો મોટો ઉત્સવ કરવામા આવતો હતો ત્યારે ત્રિપુરુષ ધર્મસ્થાન પાસે તે સ્થાનના તપસ્વી ઓએ મદ્ય અદેખાઇથી ગત ઉપાડવાની માડવી ભાગી નાખી અપમાન કર્યું, તેથી માની ઉત્તરક્રિયા કરીને માળવામા બેઠેલા શ્રી કુમારપાલ રાજાની ભાવણીમા શ્રીહેમચદ્રાચાર્ય એજ ક્રોધના વેગમા ગયા

(૩) માણસે પોતે કાં તો ધણી થવુ અથવા કોઇ ધણીને હાથમા લેવો, કામ કરવા માટે માણસ પાસે બીજો માર્ગ નથી

આ વચનનું સત્ય વિચારતા શ્રી હેમચન્દ્રાચાર્યના આગમનના શ્રી ઉદયન મત્રીએ રાજાને ખબર આપ્યા અને રાજા કૃતજ્ઞ માણસોમાં શિરો મણિ હોવાથી તેણે અતિ આગ્રહ કરીને મહેલમા બોલાવ્યા પછી તેને રાજ્ય પ્રાપ્ત થવાનું છે એ ભવિષ્ય પોતે જોયુ હતુ એ યાદ આપતા રાજાએ "આપે હમેશા દેવ પૂજા વખતે પધારવુ" એમ આગ્રહ કર્યો, ત્યારે તેમણે કહ્યું કે —

મળે છે કોકણના રાજા મલ્લિકાર્જુનને કુમારપાલના સુભટોએ હરાવ્યો તથા મારી નાખ્યો એમ હેમચદ્રે (કુ ચ સ ૬) જ લખ્યુ છે પણ તેણે સેનાપતિ તરીકે આબડનુ નામ નથી લખ્યુ સોમેશ્વરે કી કૌ મા કુમારપાલે કોકણરાજાને માર્યો (સ ૨ શ્લો ૪૭) એટલુજ કહ્યુ છે, પણ તેણે જ ગામુ ઉપરની પ્રશસ્તિમા આબુના ધારાવરે કોકણના રાજાને માર્યો એમ લખ્યું છે (શ્લો ૧૩) સુ સ મા કુમારપાલના વાણીઆએ આનૂપદેશના ચક્રવર્તીને જીત્યો એમ લખ્યુ છે (સ ૨ શ્લો,) વ વિ કોકણના રાજાને માર્યો એમ કહ્યું છે (સ ૩ શ્લો ૨૯) સુ, સ નો આ વાક્યોઓ તે આબડ અને કોકણનો રાજા તે ઉત્તરકોકણનો શિલાહારવશનો મલ્લિકાર્જુન જેના રાક સ ૧૦૬૮ નો તથા ૧૦૮૨ નો એ રીતે બે ઉત્કીર્ણ લેખો ક્રમશ ચીપલુણમાથી તથા વસઈમાથી મળ્યા છે આ મલ્લિકાર્જુનને આબડે મારી નાખ્યાનુ પ્રબન્ધોનુ કથન સાચુ હોય તો આ લડાઇ વિ સ ૧૨૧૬ થી ૧૨૧૮ વચ્ચે થઇ હોવી જોઇએ કારણકે વિ સ ૧૨૧૮ (શક સ ૧૦૮૪) નો મલ્લિકાર્જુનનો અનુમાયી અપરાદિત્ય બીજાનો લેખ મળ્યો છે (જુઓ મુબઈ ગેઝીટીઅર ગ્ર ૧ ભા ૧ પૃ ૧૮૫, ૧૮૬ તથા ગ્ર ૧૩ ભા ૨ પૃ ૪૨૬-૨૭ ડફની કોનોલોજી પૃ ૧૫૫ તથા ૩૦૩) સુ કી ૬ મા પણ કોકણના રાજાને હરાવ્યાનો ઉલ્લેખ કર્યો છે (શ્લો ૬૫) પ્રભાવક ચરિત પ્ર ચિ પેઠે મલ્લિકાર્જુનને મારવાનો યશ આબડને આપે છે (જુઓ હે સૂ પ્ર. શ્લો ૭૨૪)

(૪) અમે તો ભિક્ષાન્ન ખાઇએ છીએ, જીર્ણ વસ્ત્રો પહેરીએ છીએ અને જમીન ઉપર સુઇ રહીએ છીએ, અમે રાજાઓથી શું કરીએ ?

અને રાજાએ જવાબ આપ્યો કે:—

(૫) એક જ મિત્ર છે; રાજા અથવા યતિ.
એક જ સ્ત્રી છે; સુંદરી અથવા ગુફા.
એક જ શાસ્ત્ર છે; વેદ શાસ્ત્ર કે અધ્યાત્મ શાસ્ત્ર.
અને એક જ દેવ છે; વિષ્ણુ કે જિન.

આ પ્રમાણે મહાકવિઓએ કહેલુ હોવાથી પરલોક બાંધવા માટે તમારી સાથે મિત્રતા ઇચ્છું છું, એમ રાજાએ કહ્યું, અને જેની ના ન પાડી હોય તે કબુલ કર્યું સમજવું એ નિયમને અનુસરી, તે મહર્ષિની ચિત્તવૃત્તિ જાણી લઇને રાજાએ પોતાની પાસે, માણસોને જતાં આવતાં રોકનાર પ્રતિહારને, ગમે ત્યારે પોતાની પાસે શ્રી હેમાચાર્યને આવવા દેવાનો હુકમ પોતાને મોઢે કરી દીધો.

૧૦ હવે ત્યાં (રાજા પાસે) આવવા જવાનું થવા લાગતાં અને રાજાએ સૂરિના ગુણોની સ્તુતિ કરવા માંડી એટલે રાજના પુરોહિત આમિગે વિરોધથી કહ્યું કે:—

(૬) અરે દૂધ તો જુઓ, વિશ્વામિત્ર પરાશર વગેરે જેઓ ફક્ત પાંદડાં અને પાન ખાઇને રહેતા તેઓ પણ સ્ત્રીના સુંદર મુખ કમળને જોઇને જ મોહિત થઇ ગયા છે, તો પછી જે માણસો દુધ, દહીં અને ઘીવાળો ખોરાક ખાય છે તેઓ તો ઇન્દ્રિય નિગ્રહ કયાથી જ રાખી શકે ?

તેનાં આ વચનના જવાબમાં હેમચંદ્રે કહ્યું કે.—

(૭) હાથી અને ડુક્કરનું માંસ ખાનાર બળવાન સિંહ આખા વર્ષમાં માત્ર એક વખત વિષય ભોગ કરે છે, અને કઠોર કાંકરાનું ભોજન કરનાર હોવા છતાં નરપારેવો રોજ કામી થાય છે, એનું શું કારણ છે એ કહો જોઇએ.

આ રીતે એનું[૧૮] મોઢું બંધ કરી દીએ એવો જવાબ અપાતાં રાજા પાસે કોઇ અદેખાએ કહ્યું કે "આ શ્વેતાંબરો સૂર્યને પણ નથી માનતા" ત્યારે,

---

૧૮ આ પ્રસંગમાં મેરૂ તુંગે લખેલું પુરોહિતનુ આમિગ નામ સાચુ લાગે છે. કારણ કે સોમેશ્વરે પોતાના એક પૂર્વજનું આમિગ નામ લખ્યું છે. (જુઓ સુરથોત્સવ સ. ૧૫ શ્લો. ૨૬) પણ ત્યા એ કુમારપાલનો પુરોહિત હતો એમ નથી કહ્યું. પ્ર. ચ.માં સિદ્ધરાજના પુરોહિત આમિગ સાથે ઉપરની ચર્ચા થયેલી

(૮) પ્રકાશનુ ધાગ એવા સૂર્યને અમે જ હૃદયમા રાખીએ છીએ, કારણ કે તે અસ્ત થવાનું કષ્ટ જાણવામા આવતા અમે ભોજનનો ત્યાગ કરીએ છીએ

આ પ્રમાણના બળથી અમેજ સૂર્યના ભક્તો છીએ અને તેઓ નથી એ રીતે તેઓનું મોઢુ બધ થયુ એક વખત દેવપૂજા વખતે મેઘ રૂપી અધકારને દૂર કરવામા ચન્દ્ર જેવા શ્રી હેમચદ્ર મહેલમા આવ્યા ત્યારે શ્રી યશશ્ચન્દ્ર ગણિએ રત્ને હરણથી આમનને વાળીને ત્યા કામળી પાથરી ત્યારે એનું રહસ્ય ન સમજીને રાજાએ " આ શા માટે ! " એમ પૂછ્યુ ત્યારે જવાબમા કહેવામા આવ્યુ કે " અહીં કદાચ કોઈ જન્તુ હોય તો તેને કષ્ટ ન થાય એ માટે આ પ્રયત્ન છે " " જ્યારે પ્રત્યક્ષ રીતે કોઇ જન્તુ દેખાય ત્યારે જ આમ કરવુ યોગ્ય છે, તે શિવાય નકામો શ્રમ લેવાની જરૂર નથી " આવુ યુક્તિ વાળુ રાજાનુ વચન સાભળીને તે સૂરિએ જવાબ આપ્યો કે " રાજ્યમા હાથી ઘોડા વગેરેનું લશ્કર કોઇ પણ શત્રુ રાજા ચઢી આવે ત્યારેજ તૈયાર કરવામા આવે છે કે પહેલેથી તૈયાર રાખવામા આવે છે ? જેવો રાજવ્યવહાર છે તેવો એ અમારો ધર્મવ્યવહાર પણ છે " પછી શ્રી હેમાચાર્યના ગુણથી હૃદયમા ખુશી થયેલા રાજાએ પહેલા કબુલ કરેલું ગદ્ય આપવા માડ્યુ ત્યારે બધા શાસ્ત્રો વિરૂદ્ધ હોવાથી (સૂરિએ ના પાડી) તેઓએ કહ્યુ કે —

(૯) હે યુધિષ્ઠિર ! રાજાઓ પાસેથી દાન લઈને બળી ગયેલા બ્રાહ્મણોનો બળેલા બીજમાથી અકુર ન ફુટે તેમ પુનર્જન્મ નથી થતો [૧૯]

આ પુરાણનું વચન, અને જૈનશાસ્ત્ર નીચે પ્રમાણે છે —

ગૃહસ્થ પાસેથી મળે ત્યા સુધી રાજાનું અન્ન શા માટે લેવુ ?

આ પ્રકારના તેમના ઉપદેશથી મનમા ચકિત થયેલો રાજા શ્રી પાટણ પોચ્યો

એમ વર્ણન છે ઉપરના ૬ ૭ બેય શ્લોકો પ્ર ચ મા મળે છે (હે સૂ ૫ શ્લો ૧૭૬, ૧૭૮) સિદ્ધરાજનો પુરોહિત કુમાર નામનો સોમેશ્વરનો પૂર્વજ હતો એમ સોમેશ્વરે કહ્યું છે (સુરથોત્સવ સ ૧૫ શ્લો ૨૨) મુદ્રિત કુમુદ ચદ્રપ્રકરણમા ગાનિલને રાજગુરૂ કહ્યો છે એને જ રૂચિર પણ કહ્યો છે મુ કુ પ્ર મા ગાગિલ જૈન સાધુઓની નિન્દા કરે છે અને દેવસૂરિ તેનો જવાબ આપે છે એવુ વર્ણન છે

૧૯ પુનર્જન્મ નથી થતો એટલે ફરી બ્રાહ્મણ જન્મ નથી મળતો એમ અર્થ હોવો જોઈએ.

૧૧ એક વખત રાજાએ મુનિને પૂછ્યું કે " અમારો યશ કલ્પના અન્ત સુધી કેવી રીતે રહે ? " એ પ્રમાણે રાજાની વાણી સાંભળીને " વિક્રમાદિત્ય પેઠે જગતને ઋણ રહિત કરો અથવા સોમેશ્વરનું લાકડાનું મન્દિર પાણી પાસે હોઇને સમુદ્રના પાણીની છોળોથી લગભગ ધમાઇ ગયું છે તેનો જીર્ણોદ્ધાર કરો તો તમારી કીર્તિ કલ્પના અન્ત સુધી રહે. " આ પ્રમાણે ચંદ્રના પ્રકાશ જેવી શ્રી હેમચન્દ્રની વાણીથી રાજાનો આનંદ સમુદ્ર ઉછળી રહ્યો અને તેણે એ મહર્ષિને જ પિતા રૂપ, ગુરૂ રૂપ અને દૈવતરૂપ માન્યા. તેઓ બ્રાહ્મણોની કોઇ વખત નિન્દા નથી કરતા એમ રાજા જાણતા હતા. પછી તેજ દિવસે જોષીએ બતાવેલા મુહૂર્તે સોમેશ્વરના મંદિરના ઉદ્ધાર માટે ત્યાં પંચોલીને મોકલીને મંદિરનો આરંભ કરાવ્યો.

૧૨ એક વખત શ્રી હેમચન્દ્રના અલૌકિક ગુણો વડે જેનું હૃદય ખેંચાયેલુ છે એવા રાજાએ શ્રી ઉદયન મંત્રીને પૂછ્યું કે " સમગ્ર વંશના અલંકાર રૂપ આવા પુરૂષ રત્નનો કયા દેશમાં અને સર્વ ગુણોની ખાણ જેવા કયા શહેરમાં જન્મ થયો છે "? ત્યારે તે મંત્રીએ જન્મથી આમ્બી એમનું પવિત્ર ચરિત્ર નીચે પ્રમાણે કહ્યું:—[૨૦]

અધષ્ટિમ નામના દેશમાં ધંધુકા શહેરમાં શ્રી મોઢવંશમાં ચાચિગ નામનો એક વેપારી હતો. સતીઓમાં શ્રેષ્ઠ એવી, જિન શાસનની દેવી જેવી અને શરીરધારી લક્ષ્મી જેવી પાહિણી નામની તેને સ્ત્રી હતી. અને ચામુંડાદેવી તથા ગોનશ (યક્ષ) ના પહેલા અક્ષરોથી જેનું નામ બન્યું છે તેવો ચાંગદેવ નામનો તેને પુત્ર થયો. તે આઠ વર્ષની ઉમ્મરનો હતો ત્યારે શ્રી દેવચંદ્રાચાર્ય તીર્થયાત્રા માટે નીકળેલા તે ધધુકામાં મોઢ વસહિકા (મોઢોએ બંધાવેલા મદિર)માં દેવને નમસ્કાર કરવા માટે ગયા; ત્યાં સરખી ઉમ્મરનાં બાળકો સાથે રમતો ચાંગદેવ એકાએક શ્રી દેવચંદ્ર માટેની સિંહાસન ઉપર પાથરેલી ગાદી ઉપર બેસી ગયો. એ વખતે તેનાં અંગ પ્રત્યંગોનાં જગત્થી જુદાં લક્ષણો જોઇને " આ જો ક્ષત્રિય કુળમાં જન્મ્યો હોય તો ચક્રવર્તી રાજા થાય, જો વાણીઆ બ્રાહ્મણમાં જન્મ્યો હોય તો

---

૨૦ આ પ્રમાણે અમુકપરિચય પછી રાજા પૂછે છે અને ઉદયનમંત્રી હેમાચાર્યના જન્મ અને દીક્ષાની કથા કહે છે એમ મેરૂતુંગે વર્ણન કર્યું છે પણ કુમારપાલ પ્રતિ બોધ પ્રમાણે રાજાને ધર્મ સ્વરૂપ સમજવાની ઇચ્છા થતાં વાગ્ભટ (વાહડ) હેમચંદ્રનો પરિચય કરાવે છે અને તેના જન્મની તથા દીક્ષાની વાત કરે છે. (જુઓ કુ. પ્ર. સક્ષેપ પૃ. ૫) પછી કુમારપાલ હેમચંદ્ર પાસે જાય છે અને તેની પાસેથી અહિંસાનો તથા સાચા ધર્મનો બોધ સાભળે છે. (અજન .)

મહામાત્ય થાય અને જો ધર્મની દીક્ષા લીએ તો યુગ પ્રધાન પેઠે કળિયુગમા પણ સત્ય યુગને ઉતારે એવો આચાર્ય થાય " એ રીતે વિચાર કરીને તેને મેળવવાની ઇચ્છાથી તે નગરના વેપારીઓ સાથે ચાચિગને ઘેર જઇને જોયુ, તો ચાચિગને પરગામ ગયેલો જોયો એ વખતે તેની વિવેક વાળી પત્નીએ આવકાર વગેરે વડે સંતુષ્ટ કરેલા શ્રી દેવચન્દ્રાચાર્યે " અમે તારા દીકરાને માગવા અહીં આવ્યા છીએ " એમ કહ્યું ત્યારે પોતાને રત્નને ધારણ કરનારી માનીને હર્ષના આંસુ વહેવરાવતા તેણે કહ્યું કે " શ્રી સંઘ તીર્થંકરોને પણ માનનીય છે, એ મારા દીકરાને માગે છે એ તો હર્ષનું કારણ છે છતા એમા ખેદની વાત એટલીજ છે કે આના બાપ અત્યંત મિથ્યા દૃષ્ટિ (અર્જૈન) છે વળી એવા પણ તે હાલમા ગામમા નથી " ત્યારે તે વેપારીઓએ " તમે આવો " એમ કહેતા પોતાને માથેથી દોષ ઉતારવા માતાએ ડહાપણથી અસાધારણ ગુણોના પાત્રરૂપ પુત્ર તે ગુરૂને આપ્યો તે પછી તેણે ગુરૂનું શ્રીદેવચન્દ્રસૂરિ નામ જાણ્યુ તે ગુરૂએ તે બાળકને " તું શિષ્ય થાઇશ " એમ પૂછ્યું એટલે તેણે હા પાડી અને તે છોકરો પણ ઘણુંકરીને પાછા ફરેલા દેવચન્દ્રાચાર્ય સાથે કર્ણાવતી આવ્યો ત્યા ઉદયનમંત્રીના ઘરમા તેના પુત્રો સાથે બાળકોને સાચવનાર માણસો પાસે એ રહેતો હતો ત્યા બ્હાર ગામથી આવેલા ચાચિગે તે વૃત્તાન્ત જાણીને દીકરાનુ મોઢુ જોયા પહેલા બીલકુલ ખોરાક ન લેવાની પ્રતિજ્ઞા લીધી અને પોતે ગુરૂનું નામ જાણી લઇ કર્ણાવતી ગયો અને તેના મકાનમા આવી ક્રોધ મા હોવાથી જગત નમીને પ્રણામ કર્યા ગુરૂએ દીકરાના મળતાપણા ઉપરથી ઓળખી કાઢી પોતે ચતુર હોવાથી જુદી જુદી રીતે સત્કાર કર્યો પછી ત્યા બોલાવાયેલા ઉદયનમંત્રીએ ધર્મબન્ધુની બુદ્ધિથી પોતાને ઘેર તેડી જઇ પોતાનો મોટોભાઇ હોય એવી ભક્તિથી તેને જમાડયો પછી તેના પુત્ર ચાહડદેવને તેના બોળામા બેસારી પાયે અગો માટે બેટ, ત્રણ વસ્ત્ર, અને ત્રણ લાખ રોકડા તેની આગળ મુકી તેનો સત્કાર કર્યો ત્યારે તેને ચાચિગે કહ્યું ' ક્ષત્રિયની કિંમત ૧૦૮૦, ઘોડાની કિંમત ૧૭૫૦, અને કાંઇ ન કરે એવા પણ વાણીઆની કિંમત નવાણું હાથીઓ એટલે કે ૯૯ લાખ, તમે તો ત્રણ લાખ આપવાના કરીને ઉદારતાને બ્હાને લોભીપણુ દેખાડો છો મારો પુત્ર તો અમૂલ્ય છે, અને તમારી ભક્તિ અતિ અમૂલ્ય છે માટે એની કિંમત તરીકે એ ભક્તિજ ભલે રહી આ દ્રવ્યનો ઢગલો તો મારે શિવનિર્માલ્ય પેઠે અસ્પૃશ્ય છે " આ રીતે ચાચિગે પુત્રના સ્વરૂપનુ વર્ણન કર્યું એટલે આનંદથી જેનું મન ભરાઇ ગયુ છે એવા ઉદયનમંત્રીએ અતિશય ઉલ્લાસથી

"વાહ, વાહ," એમ કહેતાં કહેતાં તેને ભેટીને પછી કહ્યું કે "મને પુત્રરૂપે આપ્યો હોત તો મદારીના વાંદરા પેઠે બધા લોકોને પગે લાગતો માત્ર અપમાન પામવાને યોગ્ય થાત, ગુરૂને આપ્યો તો ગુરૂપદને પ્રાપ્ત કરીને બાલચન્દ્ર પેઠે આખા જગતે નમસ્કાર યોગ્ય થશે. માટે જેમ યોગ્ય લાગે તેમ વિચાર કરીને બોલો." ત્યારે તેણે કહ્યું કે "તમારો વિચાર કબુલ છે." એટલે તેને ગુરૂ પાસે તેડી ગયા અને તેણે ગુરૂને પોતાનો દીકરો આપી દીધો. પછી પોતાના પુત્રના ત્યાગનો ચાચિગે ઉત્સવ કર્યો. પછી તે અપ્રતિમ પ્રતિભાવાળો હોવાથી સર્વ વિદ્યારૂપ સમુદ્રને અગસ્ત્ય પેઠે પી ગયો. સર્વ વિદ્યાઓ ભણી લીધી, અને ગુરૂએ આપેલા હેમચન્દ્ર નામથી તે પ્રખ્યાત થયો. પછી સર્વ સિદ્ધાન્તોનું જ્ઞાન જેની બુદ્ધિમાં ઉતરી ગયું છે અને જે સૂરિમાં હોવા જોઇતા ૩૬ ગુણોથી યુક્ત છે એવા તેને ગુરૂએ સૂરિપદ આપ્યું. આ પ્રમાણે ઉદયનમંત્રીએ કહેલી હેમાચાર્યના જન્મની વાત સાંભળી રાજાને ખૂબ આનંદ થયો.[૨૦]

૧૩ હવે શ્રીસોમનાથ દેવનું મંદિર બધાવવાનો આરંભ થતાં પાયાનો પથરો[૨૧] મુકાયાનો પંચોલીએ મોકલેલો વધામણીનો કાગળ આવતાં શ્રીહેમચંદ્રને એ પત્ર બતાવીને "આ મંદિરનો પ્રારંભ કેમ નિર્વિઘ્ને પૂરો થાય?" એમ રાજાએ પૂછ્યું એટલે કાંઇક યોગ્ય વિચાર કરીને ગુરૂએ જવાબ આપ્યો કે "આ ધર્મકાર્યમાં વચ્ચે આવતું વિઘ્ન ટાળવા માટે મંદિર ઉપર ધજા ચડે ત્યાં સુધી નિષ્કપટ બ્રહ્મચર્ય પાળવાનો અથવા મદ્ય અને માંસ તજી દેવાનો એમાંથી એક નિયમ લીઓ." એમનું આ વચન સાંભળીને મદ્ય અને માંસનો નિયમ લેવાની ઇચ્છા કરીને શ્રીનીલકંઠ ઉપર પાણી મુકીને તે નિયમ ગ્રહણ કર્યો. બે વર્ષ પછી કળશ અને ધજા ચડાવવા જેટલું તે મંદિર તૈયાર થઇ જતાં, તે નિયમ છોડવાની ઇચ્છાથી ગુરૂની રજા માગતાં તેઓએ કહ્યું કે "જો આ તમે કરાવેલા મંદિરમાં ભગવાનશંકરનાં દર્શન

---

૨૦ હેમચન્દ્રના વૃત્તાન્ત માટે સરખાવો કુ. પ્રતિબોધ, પ્ર. ચ.માં હેમચન્દ્ર સૂરિપ્રબંધ તથા જયસિંહ સૂરિ વગેરેના કુમારપાલ ચરિત્રના ગ્રન્થો.

૨૧ પહેલા છપાયેલી પ્રતમા શિખરશિલાનિવેશ શબ્દો છે અને રા. દિ. શાસ્ત્રીએ 'શિખરનો આરંભ થયો' એવો અર્થ કર્યો છે. પણ સબંધ જોતાં એ બરાબર નથી એટલે અમુક પ્રતો ઉપરથી ટોની પેઠે મે પણ શરશિલાપાઠ પસંદ કર્યો છે અને પાયાનો પથરો અર્થ કર્યો છે.

કરવાની ઇચ્છા હોય તો તે યાત્રા પૂરી થાય ત્યારે નિયમ છોડવાનો યોગ્ય વખત આવે " આમ કરીને શ્રીહેમચન્દ્રમુનિ ઉઠ્યા ત્યારે એમના છત્રીશ ગુણોવડે જેના હૃદયમા એમના પ્રતિ અતિ પ્રેમ ઉત્પન્ન થયો છે એવા રાજાએ સભામા એમની એકવાનીજ પ્રશંસા કરી ત્યારે કારણ વગર વૈર રાખનાર, રાજાના પાશવાનોએ હેમચન્દ્રનું તેજ ન ખમી શકવાથી —

(૧૧) ક્ષુદ્ર માણસો ઉજ્જવલ ગુણવાળાને ઉન્નતિ પામેલા કોઇ રીતે દેખી શકતા નથી, પતંગીયુ પોતાના શરીરને બાળીને પણ બળતા દીવાને ઠારી નાખે છે

એ વચનમા કહ્યા પ્રમાણે ચાડીઆપણાનો દોષ વ્હોરી લઇને પણ તેના દોષો કહેવા માંડ્યા કે ' આ (હેમચંદ્ર) તો (રાજાની) મરજીને અતિશય અનુસરનારો સેવાધર્મમા કુશળ છે એટલે રાજાને ગમતું જ બોલે છે જો એમ ન હોય તો મવારે આવે ત્યારે તેને શ્રી સોમેશ્વરની યાત્રા માટે ખૂબ આગ્રહ કરવો " રાજાએ એમ કર્યું, એટલે હેમચન્દ્રસૂરિએ કહ્યું કે " ભૂખ્યાને વળી જમવાના નોતરામા આગ્રહની શુ જરૂર ? ઉતકંઠાવાળા માણસને મોરનો ટહુકારવ સભળાવવાની શુ જરૂર ? એ લોકરૂઢી પ્રમાણે તપસ્વીઓ જેનો તીર્થયાત્રાનો ખાસ અધિકાર છે તેઓને રાજાએ આગ્રહ કરવાની કયા જરૂર છે ? " આ રીતે ગુરૂએ (યાત્રાનો) સ્વીકાર કરતા ' તમારે લાયક સુખાસન (પાલખી) વગેરે શુ વાહન જોઇશે ? જે જોઇએ તે લીઓ " એમ કહેતા " અમે પગે ચાલતા ચાલતા જ જગામા યાત્રાનું પુણ્ય માનીએ છીએ હવે અમે હમણા જ રાજ્ય વઇ, રોજ થોડુ થોડુ ચાલી શ્રી શત્રુજય, ગિરનાર વગેરે મહાતીર્થોને નમસ્કાર કરી શ્રી સોમનાથ પાટણમા તમારા પ્રવેશ વખતે તમને મળશુ " આમ કહી (ગયા અને) તેમણે તેમજ કર્યું

૧૪ રાજા સર્વ સામગ્રી સાથે કેટલાક પ્રયાણો કરીને શ્રી પાટણ પહોચ્યા, ત્યા શ્રી હેમચન્દ્રમુનિ મળવાથી તેને અત્યત આનદ થયો અને સામે આવેલા ગઢ શ્રી પુરંદરપતિ જેમા પાછળ ચાલતા હતા એવા મોટા ઉત્સવથી શહેરમા પ્રવેશ કરી શ્રી સોમેશ્વરના મદિરના પગથીઆ ચડતા જમીન ઉપર આળોટી પ્રણામ કરીને તથા લાબા કાળની ઉત્કંઠાના અપ્રમેય આનંદથી શ્રી સોમેશ્વરના લિંગને ખૂબ દાબીને ભેટ્યા પછી " આ (હેમચન્દ્ર) જિન સિવાય બીજાને નમસ્કાર નથી કરતા " એવા મિથ્યાદૃષ્ટિવાળા (અજૈન) લોકોના વચનથી જેનુ ચિત્ત ભમી ગયુ હતું એવા રાજાએ શ્રીહેમચન્દ્રને નીચે પ્રમાણે વચન કહ્યું " જો યોગ્ય લાગે તો આ મનોહર ઉપચારોવડે આપ

વિનયથી માથું નમાવીને " મારે શું કરવું તે કહો " એમ કહ્યું. પછી ત્યાં જ રાજા પાસે આખી જીંદગી સુધી માંસ અને મદિરાના ત્યાગનો નિયમ લેવરાવી ત્યાંથી રાજા અને ગુરૂ બ્હાર નીકળ્યા અને શ્રી અણહિલપુર પહોંચ્યા.૨૪

(૧૫) શ્રી જિનના મોઢામાંથી નીકળેલ હોવાથી પવિત્ર કરનાર એવી શુદ્ધ સિદ્ધાન્ત (જૈનધર્મ)ની વાણીથી જાગૃત થયેલા રાજાએ પરમ આર્હતનું બિરૂદ પ્રાપ્ત કર્યું.૨૫ અને તેણે માગણી કરવાથી હેમાચાર્ય પ્રભુએ ત્રિષષ્ટિ-શલાકાપુરૂષ ચરિત અને વિંશતિ વીતરાગ સ્તુતિવાળું પવિત્ર યોગશાસ્ત્ર એ બે ગ્રન્થો લખ્યા. વળી પ્રભુની આજ્ઞાથી પોતાનો હુકમ માનનાર અઢાર દેશોમાં ચૌદ વર્ષ સુધી પ્રાણિમાત્રની મારી (હિંસા) નો રાજાએ નિષેધ કર્યો.૨૬ જુદા જુદા દેશમાં મળીને ૧૪૪૪ વિહારો કરાવ્યા. સમ્યગ્જ્ઞાનથી લેવા યોગ્ય લાગતાં બાર વ્રતોનો અંગીકાર કર્યો.૨૭ તેમાં અદત્તાદાન (નં આપેલું લેવા)ના ત્યાગરૂપ ત્રીજા વ્રતનું વ્યાખ્યાન થતાં તેમાંથી કેવળ પાપનું બંધન કરનાર રૂદતોવિત્તના૨૮ દોષો જાણવામાં આવ્યા એટલે રાજાએ તેના-રૂદતીવિત્ત ઉધરાવવાના

---

૨૪ હેમચન્દ્ર અને કુમારપાલને સોમનાથે દર્શન આપ્યાની વાત હેમચન્દ્રે પોતે નથી લખી, પ્ર. ચ માં પણ નથી; પરંતુ જયસિંહસૂરિના કુ. ચ. માં તથા જિ ગણિના કુ. પ્ર.માં ઉપર પ્રમાણે જ છે.

૨૫ કુમારપાલના અનેક ઉત્કીર્ણ લેખો મળ્યા છે પણ તેમાંથી માત્ર એક જ સ. ૧૨૨૧ ના જાબાલીપુરના લેખમાં કુમારપાલને "હેમસૂરિપ્રબોધિત પરમાર્હત" કહેલ છે.

૨૬ મોહપરાજયમાં બાર વર્ષ સુધી હિંસાનું નિવારણ કર્યું એમ કહ્યું છે. (અં. ૪ પૃ ૧૦૨) મતલબ કે આ નિયમ લીધા પછી કુમારપાલ ચૌદ કે બાર વર્ષ સુધી જીવ્યો.

૨૭ કુમારપાલે જૈન ધર્મગ્રહણ કરીને શું શું કર્યું એનું વર્ણન કુમારપાલ પ્રતિબોધમા નીચે પ્રમાણે મળે છે. કુમારપાલે સર્વ ગ્રામનગરોમા જીવદયા પાળવાની આજ્ઞા કરી, (પૃ. ૪૧) રાજાએ માસનો ત્યાગ કર્યો (પૃ. ૪૨), રાજાએ દ્યૂતનો ત્યાગ કર્યો તથા નિષેધ કર્યો (પૃ. ૭૬), મદ્યપાનનો ત્યાગ કર્યો (પૃ. ૯૨) ચૌર્યનો તથા મરેલાના ધનનો ત્યાગ કર્યો (પૃ. ૧૧૪).

૨૮ રૂદતીવિત્ત એટલે અપુત્ર-પુત્ર વ રસ મુક્યા વગર-મરી જનારની સ્ત્રી રોતી રહે અને તેનું ધન તેને માટે બોરાકીપોપાકી જેટલું રાખી રાજા લઈ જાય એ જાતનો લાગો. કુમારપાલે આ કર બંધ કર્યો એમ કહીને જૈનલેખકો તેના બહુ વખાણ કરે છે.

અધિકારી પચોતેરી બોલાવીને ૭૨ લાખનો તેનો પટ્ટો ફાડીને (તે લાગો) મુકી દીધો એ ગામડાંઓ છોડી દીધો એ માટે વિદ્વાનોએ તેની નીચે પ્રમાણે સ્તુતિ કરી –

(૧૩) પ્રેમાના ગધુ, નહુષ, નાભાગ અને ભરત વગેરે સત્યયુગમા ઉત્પન્ન થયેલા રાજાઓએ પણ જે નહોતુ છોડયુ તે કૃતીવિત્ત, હમણા, હે કુમારપાલ રાજા ! તે છોડી દીધુ માટે તું મોટા (રાજા)ઓના માથાનો મુકુટમણિ છે।

અને શ્રીહેમાચાર્ય પ્રભુએ નીચે પ્રમાણે આ પ્રશસાને અનુમોદન આપ્યુ

(૧૪) પુત્ર વગર મરી જનારાઓનું ધન લેનાર રાજા તેનો પુત્ર થાય છે અને મતોપથી તે છોડી દેનાર તું ખરેખર રાજપિતામહ (રાજાઓનો દાદો) છો ૧૮૮

૧૬ હવે સોરઠ દેશના સુવર્ણ નામના (બ્રહ્મારવટીઆ !) સામે લડવા માટે શ્રીઉદયનમત્રીને લશ્કરનો નાયક બનાવીને આખા લશ્કર સાથે રાજાએ મોકલ્યો અને તે શ્રી વઢવાણ પોચ્યો કે બધા મડલેશ્વરોને આગળ વધવાનું કહીને પોતે શ્રીયુગાદિદેવના ચરણોને પ્રણામ કરવાની ઇચ્છાથી શેત્રુજે ગયો અને વિશુદ્ધ શ્રદ્ધાથી દેવની પૂજા વગેરે કરીને જના વિધિ પ્રમાણે મન્દિરની વદના કરે છે, ત્યા દીવીમાથી બળતી વાટ લઇને એક ઉંદર તે લાકડાના મદિરના એક દરમા પેસતો હતો તેની પાસેથી દેવ મદિરના રખેવાળોએ વાટ છોડાવી દીધી એ પછી પોતાની સમાધિ છુટી જવાથી તે મત્રીએ લાકડાના દેવ મદિરના નાશની બીકથી દેવની સન્મુખ તે મન્દિરનો જીર્ણોદ્ધાર કરવાની ઇચ્છાથી એક ભક્ત (આ મદિરનો જીર્ણોદ્ધાર નહિ કરૂ ત્યા સુધી એકજ વખત એકજ વસ્તુ જમીશ) વગેરે નિયમો લીધા પછી ત્યાથી નીકળી લશ્કરની છાવણીમા પોચી ગયો અને તે શત્રુ સાથે લડાઈ થતા શત્રુઓએ રાજાના લશ્કરને હરાવવાથી શ્રીઉદયન પોતે લડવા ઉઠયો ત્યા શત્રુના ઘાથી જેનું શરીર જર્જરિત થઈ ગયુ છે એવા શ્રીઉદયનને જ્યારે રહેઠાણમા લઇ ગયા ત્યારે તેઓ ક્યા આવે એ રીતે રોવા લાગ્યા સ્વજનોએ તેનુ કારણ પૂછતા મત્રીએ કહ્યુ કે " મૃત્યુ નજીક આવી ગયુ અને શ્રી શેત્રુજાનો તથા શકુનિક વિહારનો જીર્ણોદ્ધાર કરવાની ઇચ્છા મનમા રહી માટે દેવઋણ માથે રહી ગયુ " ત્યારે તેઓએ કહ્યુ કે 'વાગ્ભટ અને આમ્રભટ નામના તમારા પુત્રો નિયમો લઇને એ બેય તીર્થોનો ઉદ્ધાર કરશે અને એ બાબતમાં અમે જમાન છીએ " આ રીતે તેઓએ કબુલ કરવાથી જેનું શરીર રોમાચિત થઇ ગયુ છે એવા,

પોતાને ધન્ય માનનાર તે મંત્રીએ છેવટની આરાધના માટે કોઈ સાધુની શોધ કરવા માંડી. એવો કોઇ સાધુ ન મળવાથી (પાસેનાં માણસોએ) કોઇ પણ વંઠ (ભાંડ)ને સાધુનો વેષ પહેરાવી મન્ત્રી આગળ ઉભો રાખ્યો. એટલે તેના ચરણ કપાળે અડાડીને તથા તેની આગળ દશ પ્રકારની આરાધના કરીને શ્રીઉદયને પરલોકમા ગતિ કરી. અને ચંદનતરૂની નજીક રહેલા ક્ષુદ્ર લાકડામાં જેમ તેની સુગંધ બેસી જાય તેમ વંઠ ઉપર તે (ઉદયન)ની વાસનાની સુગંધ લાગવાથી તેણે અનશન વ્રત લઇને (અન્ન ત્યાગ કરીને) ગિરનારમાં પોતાનો દેહ પાડી નાખ્યો.[૨૯]

૧૭ પછી અણહિલ્લપુર આવેલા તે સ્વજનોએ વાગ્ભટ અને આમ્રભટને તે વૃત્તાન્ત જણાવ્યો, એટલે તેઓએ તેજ નિયમો લઇને જીર્ણોદ્ધારનો આરભ કર્યો. બે વર્ષે શ્રીશેત્રુંજા ઉપરનું મંદિર પૂરૂં થયું ત્યારે ત્યાંથી આવેલા ખાસ માણસે આપેલી વધામણી વંચાતી હતી ત્યાં તો બીજા માણસે આવી મંદિરમાં ફાટ પડયાના ખબર આપ્યા. એ તપાવેલા જસત જેવી વાણી સાંભળીને શ્રીકુમારપાલ રાજાની રજા લઇને મહં. શ્રી કપર્દીને શ્રીકરણ મુદ્રા[૩૦]નો અધિકાર સોંપીને ચાર હજાર ઘોડાઓ (ઘોડેસ્વારો) સાથે શ્રીશેત્રુંજાની તળેટીમાં પોચી ત્યાં પોતાના નામથી વાગ્ભટપુર વસાવ્યું પછી પ્રદક્ષિણા ફરવાની ગલીવાળા મંદિરમાં, એ ગલીમાં પેઠેલો વાયુ બહાર ન નીકળી શકવાથી મંદિરની દિવાલમાં ફાટ પડે છે એમ ત્યાંના કારીગરોએ નક્કી કરીને કહ્યું. હવે પ્રદક્ષિણા માટેની ગલી રાખ્યા વગર મંદિર બાંધવાથી માણસ નિર્વંશ જાય છે એવી માન્યતા હોવાથી વંશ ન રહે તો ભલે ન રહે પણ શ્રીભરત વગેરે પહેલાંના જીર્ણોદ્ધાર કરનારાઓની પંક્તિમા પોતાનું નામ રહેશે એવું તે મંત્રીએ દીર્ઘદૃષ્ટિવાળી બુદ્ધિવડે વિચારીને પ્રદક્ષિણાની ગલીની ભીંત અને મુખ્ય ભીતની વચ્ચેના ગાળાને પથરાઓથી પૂરાવી દઇને ત્રણ વર્ષે પૂરા થયેલા મંદિર

---

૨૯ ઉદયન સોરઠમા ગયેલો અને ત્યા તેને શેત્રુંજાના મન્દિરનો જીર્ણોદ્ધાર કરવાનો વિચાર થયો અને છેવટ તેના પુત્ર વાહડે જીર્ણોદ્ધાર કર્યો વગેરે પ્રસંગ પ્ર. ચ.મા પણ છે. ત્યાં સોરઠના રાજાનું નામ નવઘણ લખ્યુ છે. એ નવઘણે આધ રાજા (જયસિંહ)ને વારંવાર ત્રાસ આપેલો એમ પ્ર. ચ. કહે છે.

(જુઓ હે. સૂ. પ્ર. શ્લો ૪૨૯, ૪૩૦).

૩૦ શ્રીકરણ મુદ્રા શબ્દનો પ્રધાનપદની સીલ (Seal) જેવો અર્થ લાગે છે. ઉત્કીર્ણ લેખોમા પણ એ શબ્દો મળે છે.

ઉપર કળશ અને ધ્વજ ચડાવવાના ઉત્સવ વખતે શ્રી પાટણના સંઘને નિમંત્રણ પૂર્વક તેડાવીને મોટા ઉત્સવથી સં ૧૨૧૧મા મંત્રીએ ધ્વજ ચડાવી [૩૧] તેણે મમ્માણીય [૩૨]ખાણમાંથી પથરો લાવીને ત્યાના કારીગરો પાસે તેમાંથી મૂર્તિ ઘડાવી હતી વળી વાગ્ભટપુરમા રાજાના પિતાના નામથી ત્રિભુવનપાલ વિહાર કરાવી તેમા શ્રી પાર્શ્વનાથની સ્થાપના કરી તથા દેવની પૂજા માટે શહેરમા ૨૪ બગીચાઓ, શહેરને ફરતો કોટ તથા દેવમંદિરોને ગરાસ, (પૂજારીઓ માટે) મકાનો વગેરે આપ્યા આ બધુ કરાવ્યુ તેમાં-આ તીર્થોદ્ધાર ખાતે નીચે પ્રમાણે ખરચ થયુ —

(૧૫) જેના મંદિરમા એક કરોડ અને સાડ લાખનો ખરચ થયો તે વાગ્ભટ દેવનું વિદ્વાનોથી કેમ વર્ણન થઇ શકે ?

આ પ્રમાણે શ્રી શત્રુંજયોદ્ધાર પ્રબંધ પુરો થયો

૧૮ હવે વિશ્વમા જેને એકનેજ સુભટ-(શરવીર) કહી શકાય એવા શ્રી આમ્રભટે પિતાના કલ્યાણ માટે ભૃગુપુર (ભરૂચ)મા શ્રી શકુનિકા વિહારનું મંદિર બંધાવવાની શરૂઆત કરતા, પાયા ખોદાતા હતા ત્યા નર્મદા પાસે હોવાથી અકસ્માત્ જમીન ભેગી થઇ જઇને પાયા પૂરાઇ જતા મજુરો હેરાન થવા (દટાઇ જવા ?) લાગ્યા એટલે તેઓ ઉપરની દયાને વશ થઇને પોતાનીજ ખૂબ નિન્દા કરતા કરતા આમ્રભટે સ્ત્રી પુત્ર સાથે જે પાયામા ઝંપાપાત કર્યો આ તેના અતિશય સાહસથી તે વિઘ્ન દૂર થઈ જતા પાયાનો પથરો મુકીને શરૂ કરેલું આખુ મન્દિર પૂરું થઈ જતા, કળશ અને ધ્વજ ચડાવવાના ઉત્સવ વખતે શહેરના સંઘોને નિમંત્રણપૂર્વક તેડાવીને તેનું અન્નવસ્ત્ર, અલંકાર વગેરેથી યથાયોગ્ય સન્માન કરીને, સામન્તોને જેમ આવ્યા હતા તેમ પાછા મોકલ્યા પછી ધ્વજ ચડાવવાનું શુભ મુહૂર્ત પાસે આવતા ભટ્ટારક શ્રીહેમચન્દ્રને આગળ કરીને રાજા માથે શ્રી અણહિલપુરના સંઘને ત્યા બોલાવીને અતિશય સ્નેહપૂર્વક અલંકારો વગેરે આપીને તેને તૃપ્ત કર્યા પછી ધ્વજ ચડાવવા માટે ચાલવાની શરૂઆત કરતા માગણો

---

૩૧ શત્રુંજયના મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના ઉપર સં ૧૨૧૩ મા ધ્વજ ચડાવી તથા હેમચંદ્રે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી એમ પ્ર ચ (ઢે સં પ્ર શ્લો ૬૭૨) મા કહ્યુ છે જ્યારે જિનમંડન ગણિએ (પૃ ૭૩) તથા ચા. ગણિએ (સ ૭) મેરુતુંગ પેઠે આ જીર્ણોદ્ધારની સં ૧૨૧૧ ની સાલ આપી છે

૩૨ મમ્માણીય ખાણ મૂર્તિના પથ્થર માટે અહીં તથા આનળ વસ્તુપાલ ચરિતમા આવે છે એ કઈ ખાણ ?

પાસે પોતાનો મહેલ લુંટાવી દઈને શ્રી સુવ્રત સ્વામીના મંદિરમાં મહાધ્વજ સાથે ઘંટને ચડાવીને, અતિશય હર્ષના આવેશમાં ત્યાંજ ખૂબ નાચવા માંડયું. છેવટ રાજાએ માગણી કરવાથી, આરતી લેતાં ઘોડો દ્વારપાળને આપી દીધો, પછી જ્યારે રાજાએ તિલક કર્યું અને ૭૨ સામન્તો ચામર કરીને તથા પુષ્પવૃષ્ટિ વગેરેથી મદદ કરવામાં ઉભા રહ્યા ત્યારે આવેલા બન્દીજનને પોતાનું કંકણ ઉતારીને આપી દીધું. હવે રાજાએ હાથ ઝાલીને બલાત્કારથી મંગલ દીવાવાળી આરતી ઉતરાવી. પછી શ્રી સુવ્રતસ્વામીનાં ચરણોને તથા ગુરૂનાં ચરણોને પ્હેલાં પ્રણામ કરીને ધર્મ બન્ધુઓને વંદના કરી. પછી રાજાને આરતી ઉતારવામાં ઉતાવળ કરવાનું કારણ પૂછયું. ત્યારે રાજાએ કહ્યું કે " જેમ જુગારી જુગારના રસના વેગમાં પોતાનું માથું વગેરે પદાર્થો પણ હોડમાં મુકી દે છે; તેમ તમે પણ હવે કોઇએ માગણી કરી તો ત્યાગના રસના વેગમાં તેઓને માથું પણ આપી દેશો. એમ ધારીને (મેં ઉતાવળ કરાવી) " આ રીતે રાજાએ કહ્યું. ત્યાં તેના લોકોત્તર ચરિત્રથી જેનું હૃદય હરાઇ ગયું છે એવા શ્રી હેમાચાર્યે પોતાનો મનુષ્યની સ્તુતિ ન કરવાનો જન્મથી પાળેલો નિયમ ભૂલી જઇને કહ્યું કે:—

(૧૬) જ્યાં તમે ન હો ત્યાં સત્ય યુગને પણ શું કરવો ? અને જેમાં તમે હો તે શું કલિયુગ કહેવાય ? જો કલિયુગમાં તમારો જન્મ થયો હોય તો કલિજ ભલે રહ્યો; સત્ય યુગને શું કરવો છે ?

આ પ્રમાણે આમ્રભટને અનુમોદન આપીને ગુરૂ અને રાજા જેમ આવ્યા હતા તેમ પાછા ગયા.

૧૯ હવે ત્યાં (પાટણમાં) ગુરૂ આવ્યા પછી શ્રી આમ્રભટ અકસ્માત્ દેવીના દોષથી છેલ્લી સ્થિતિએ આવી જતાં, (છેલ્લી) રજા માગતો પત્ર આવવાથી તેજ વખતે, તે મહાત્મા (આમ્રભટ) મન્દિરના શિખર ઉપર નૃત્ય કરતા હતા ત્યાં તેના ઉપર મિથ્યા દૃષ્ટિવાળાઓ (અજૈનો)ની દેવીનો દોષ લાગ્યો છે, એમ નક્કી કરીને રાતે યશશ્ચન્દ્ર નામના સાધુ સાથે આકાશ માર્ગે ઉડીને એક નિમેષમાં ભરૂચના પાદરમાં આવી પોચી, શ્રી હેમાચાર્ય પ્રભુએ સૈન્ધવી[૩૩] દેવીને પ્રસન્ન કરવા માટે કાયોત્સર્ગ (ઉભાં ઉભાં એક જાતનું ધ્યાન) કર્યો પણ દેવીએ જીભ બ્હાર કાઢીને તિરસ્કાર દર્શાવ્યો

૩૩ ભરૂચમા હાલમા સૈન્ધવી માતાનું મંદિર છે; એ સ્થળેથી જૂની મૂર્તિઓ મળી છે. ઉપરનું વર્ણન જોતાં હાલનું મંદિર નવું હશે પણ એ સ્થાન વિ. સં.ના ૧૪ મા શતક જેટલું તો જૂનું છે જ.

એટલે બાણીઆમા શાળ નાખી તેના ઉપર યશશ્ચન્દ્ર ગણિએ જેવુ સાધેલાથી બાડવા માડયુ કે પ્હેના મદિર હાલી ઉઠયુ, અને બીજો પ્રહાર થતા દેવીની મૂર્તિજ પોતાને ઠેકાણેથી ઉપડી "વજ્ર જેવા હાથથી થતા પ્રહારોથી મને બચાવો, બચાવો," એમ બોલતી શ્રી હેમચન્દ્રના ચરણમા પડી આ રીતે માચી વિદ્યાના બળથી તે દેવી જેનું મૂળ કારણ છે એવી મિથ્યા દૃષ્ટિ-વાળાઓની જત્રી (વ્યન્તરી)ના દોષને દૂર કરીને શ્રી મુનત સ્વામીના મન્દિરે ગયા

(૧૭) સસારરૂપી સમુદ્રના સેતુરૂપ, કલ્યાણ માર્ગ જવામા રસ્તાના દીવા જેવા, વિશ્વના ટેકા માટે લાકડી જેવા, બીજા મતોના મોહને દૂર કરવા માટે ઉગેલા કેતુ જેવા અને અમાગ મનરૂપી હાથીને બાધવા માટે મજબુત થાભલાનું રૂપ લેનારા શ્રીમુવ્રતસ્વામીના ચરણોના નખના કિરણો (સોનું) રક્ષણ કરો

આ સ્તુતિઓ વડે શ્રીમુનિસુવ્રતસ્વામીની ઉપાસના કરીને શ્રીઆમ્રભટ્ટને રોગમાથી છુટ્યાનું સ્નાન કરાવી જેમ આપ્યા હતા તેમ શ્રીહેમચદ્ર અને યશશ્ચન્દ્રગણિ ગયા શ્રીઉદયનચૈત્યમા, શકુનિકાવિહારમા અને રાજાના ધરીગૃહમા એ રીતે બણ સ્થળે કોકણના રાજાના ત્રણ કલશને વહેંચી નાખ્યા

આ પ્રમાણે શ્રીરાજપિતામહ આમ્રભટ્ટનો પ્રબંધ પુરો થયો ૩૪

૨૦ એક વખત કુમારપાલ રાજા પાડિત્ય મેળાવવાની ઇચ્છાથી કપર્દિમત્રીની અનુમતિથી જમ્યા પછી એક ક્ષણ કોક વિદ્વાન પાસે રામલક્ષીય નીતિશાસ્ત્ર સાભળતા હતા, તેમા નીચેનો શ્લોક આવ્યો —

(૧૭) મેઘ પેઠે રાજા પણ પ્રાણીઓનો આધાર છે મેઘ આડો થાય તો જીવાય પણ રાજા આડો થતા જીવાય નહિ

આ વાકય સાભળી કુમારપાલે "મેઘ રાજાની ઉપમા છે" એમ કહ્યુ ત્યારે બધા સભાજનોએ રાજાના વખાણમા ઓવારણા લેવા માડયા, એ જોઇને કપર્દિમ ત્રી નીચુ માથુ ગણી બેસી રહ્યા એટને એકાતમા રાજાએ તેનું કારણ પૂછ્યુ ત્યારે તેણે કહ્યુ કે ' મહારાજે ઉપમા શબ્દ વાપર્યો, એવો કોઇ શબ્દ વ્યાકરણમા નથી, છતા આપ ત્રી ખુશામત કરનારાઓએ

૩૪ પ્ર ચિ ની એક પ્રતમા શકુનિકા વિહારના જીર્ણોદ્ધારમા બે કરોડનું ખર્ચ થયુ એટલું વધારે છે આમ્રભટ્ટનો આ પ્રબ ધ જિનપ્રભસૂરિના તીર્થકલ્પમા તેમજ પ્ર ચ (હે સુ પ્ર)મા મળે છે વળી જયસિહસૂરિએ વિ સ ૧૨૧૧–૧૨૧૩ મા આ ઉદ્ધાર કર્યો એમ લખ્યુ છે (શ્લો ૬૪૨) ત્યારે જિનમડનગણિએ ગણિએ વિ સ ૧૨૨૨ ની સાલ આપી છે (પૃ ૭૨)

વખાણ કર્યાં ત્યારે મારે તો બેવડું નીચા જોણું થયું. રાજા વગરનું-અંધાધુંધીવાળું જગત્ સારૂં પણ મૂર્ખ રાજા સારો નહિ, એ રીતે વિરોધી રાજાનાં મંડળોમાં આપણી અપકીર્તિ ફેલાય છે. હવે આ બાબતમાં ઉપમેય, ઔપમ્ય, ઉપમા વગેરે શબ્દો શુદ્ધ છે." તેણે આ શબ્દો કહ્યા પછી રાજાએ પોતાને પચાસ વર્ષ થયાં હોવા છતાં એક ઉપાધ્યાય પાસે બારાખડીથી શાસ્ત્ર ભણવાનું શરૂ કરી એક વર્ષમાં ત્રણ વૃત્તિ[૩૫] અને ત્રણ કાવ્યો ભણી લીધાં અને વિચાર ચતુર્મુખનું બિરૂદ મેળવ્યું.

આ પ્રમાણે વિચારચતુર્મુખ શ્રીકુમારપાલ પ્રબંધ પુરો થયો.[૩૬]

૨૧ એક વખત વિશ્વેશ્વર નામના કવિ કાશીથી શ્રીપાટણ આવ્યા. અને શ્રીહેમસૂરિની સભામાં આવ્યા, ત્યારે ત્યાં શ્રીકુમારપાલ રાજા પણ બેઠા હતા. અને તેણે નીચેનું વચન કહ્યું :—

(૧૮) ધાબળો અને દંડ લઈને ફરતા હેમગોવાળ તમારૂં રક્ષણ કરો

આ પ્રમાણે અર્ધું બોલીને જરા અટક્યા ત્યાં રાજાએ ક્રોધ કરીને તેના સામું જોયું પણ તેણે

જૈન ગોચર (ધર્મ)માં છ દર્શનોનાં પશુઓના સમૂહને ચરાવતા (હેમચંદ્ર)

એ રીતે ઉત્તરાર્ધ કહી સભાજનોને ખુશ કરી દીધા. પછી તેણે શ્રીરામચંદ્ર વગેરે કવિઓને "દૂર રાખેલી" એ રીતે સમસ્યા આપી અને મહામાત્ય શ્રીકપર્દીમંત્રીએ નીચે પ્રમાણે એની પૂર્તિ કરી:-

(૧૯) એક વખત કેટલીક કન્યાઓ સંતાકુકડીની રમત રમતી હતી તેમાં એક દીર્ઘ નેત્રવાળી કન્યાનાં સરલ નેત્રો બે હાથથી પણ ઢાંકી શકાય એમ નથી અને તે મુખચંદ્રની ચાંદની ફેલાતાં આ કન્યા બધે પકડાઈ જાય છે એમ કહીને સખીઓએ રમતમાંથી દૂર રાખેલી એક કન્યા પોતાનાં નિન્દિત નયનોને અને મોઢાને રૂએ છે.

આ પ્રમાણે શ્રીકપર્દી મહામાત્યે સમસ્યાપૂર્તિ કરતાં એ (વિશ્વેશ્વર) કવિએ પચાસ હજારની કિંમતનો પોતાના ગળાનો હાર આ સરસ્વતીની પદ્ય રચના છે એમ કહીને તેના ગળામાં નાખ્યો.[૩૭] પછી તેની વિદ્વત્તાથી

---

૩૫ વૃત્ત એમ મૂળમાં શબ્દ છે. એ વ્યાકરણના કોઇ ગ્રંથના વિભાગનો સૂચક હોવો જોઇએ. સારસ્વત વ્યાકરણમાં ત્રણ વૃત્તિ છે પણ એ ગ્રંથ કુમારપાલના વખતમાં રચાયો ન હતો.

૩૬ આ વૃત્તાન્ત જિનમંડન ગણિના કુમારપાલ પ્રબંધમાં પણ છે.

૩૭ આ વિશ્વેશ્વર કવિ કાશીથી કેવી રીતે પાટણ આવ્યો એનું સવિસ્તર વર્ણન જિ. મં. ગણિના કુમારપાલ પ્રબંધમાં મળે છે. વળી આ વિશ્વેશ્વર કવિના પ્રસંગનું

ખુશી થયેલા રાજાએ વિશ્વેશ્વરને પોતાની પાસે રાખવાની ઇચ્છા બતાવી

(૨૦) કર્ણની[૩૮] માત્ર વાતો રહી, (કર્ણ જવાથી) કાશી શહેરમા માણસોની વસ્તી આછી થઇ ગઇ, અને પૂર્વ દિશા (કાશી)મા [૩૯]હમ્મીરના ઘોડાઓ હર્ષમા આવીને હણહણી રહ્યા છે એ સ્થિતિમા સરસ્વતીને ભેટવાને આતુર સમુદ્ર સાથે પ્રીતિવાળા પ્રભાસક્ષેત્ર તરફ આ મારૂ હૃદય ઉત્કંઠાવાળુ થઇ ગયુ છે

એમ કહીને, રાજાએ જેનો [૪૦]સત્કાર કર્યો છે અને મોએ જેની રજા લીધી છે એવો તે કવિ પોતાને રૂચતા સ્થાન તરફ ગયો

૨૨ એક વખત શ્રી કુમારપાલ વિહારમા રાજાએ બોલાવેલા શ્રી હેમાચાર્ય કપર્દીના હાથનો ટેકો લઇને જ્યા પગથીઆ ચડે છે ત્યા નર્તકીના કમખાની દોરી બંધાતી જોઇને શ્રી કપર્દીએ કહ્યું —

(૨૧) સુંદરીની કાચણી સારા ભાગ્યના ઉદયને પામવા ઉતાવળ કરે છે

આટલું બોલી જરા વાર જોઇ ત્યા શ્રી હેમાચાર્યે નીચે પ્રમાણે ઉત્તરાર્ધ કહ્યું

વર્ણન ચારિત્રસુંદરગણિએ કર્યું છે તેમા લખ્યુ છે કે તેને બે સમસ્યાઓ આપેલી એક ઉપરની વ્યાવિદ્ધા અને બીજી કૃત્રાપેણ પહેલી કપર્દી મંત્રીએ પૂરી કરી અને બીજી રામચંદ્ર કવિએ હેમચંદ્રની ગેરહાજરી કરીને પ્રશંસા કરતો ઉપર આપેલો ૧૮મો શ્લોક પ્ર ચ (દે સૂ પ્ર)મા મળે છે પણ તેમા વિશ્વેશ્વરે નહિ પણ દેવબોધે કહ્યો એમ વર્ણન છે

૩૮ આ કર્ણ તે કાશીનો રાજા હોવો જોઇએ એમ સંબંધ ઉપરથી લાગે છે રા દી. શાસ્ત્રીએ એમજ અર્થ કર્યો છે એટલે ભીમ અને ભોજનો સમકાલીન કાહલનો કર્ણ જ અહીં વિવક્ષિત છે એ મરતા કાશીની વસ્તી ઓછી થઈ ગઇ અને પોતાને ત્યા રહેવાનું પ્રયોજન ન રહ્યું એમ કહેવા માંગે છે

૩૯ આ હમ્મીર કયાનો રાજા ? શાકંભરીનો એટલે રણથંભોરનો ચોહાણરાજા એમ ટૉની કહે છે પણ શાકંભરીનો હમ્મીર તો કુમારપાલ પછી સો કરતા વધારે વર્ષ પછી વિ સ ૧૩૪૨ મા ગાદી ઉપર બેઠો હતો (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ ૩ ભા પૃ ૨૯૬) અને હમ્મીર એટલે મુસલમાનો એવો અર્થ હોય તો તેઓ પણ કુમારપાલ પછી વીસ બાવીસ વર્ષ પછી કાશી પોંચ્યા છે હરિદ્દિશ એટલે શિવની દિશા–North east એમ ટૉની કહે છે, પણ ઇંદ્રની દિશા અર્થાત્ પૂર્વ દિશા એ અર્થ વધારે સયુક્તિક છે રા દી શાસ્ત્રીએ એ શબ્દો છોડી દીધા છે અને કાશીમા હમ્મીરનુ રાજ્ય થયુ એમ કહ્યું છે

[૪૦] કેટલો સત્કાર કર્યો એ વિષે જિનમંડણ કહે છે કે કુમારપાલ રાજાએ પ્રસન્ન થઇને પાંચ લાખ દ્રમ્મ અને દશ ઘોડા આપ્યા

વિગ્રહગજ" એ રીતે વ્યુત્પત્તિથી અર્થ કર્યો આ વાત જાણીને એ પછી કવિ પોતાના નામનું ખંડન કરશે એ બીકથી તે રાજાએ કવિબાંધવ એવું નામ આપ્યું ૪૧

૨૬ એક વખત શ્રી કુમારપાલ રાજા આગળ શ્રી યોગશાસ્ત્રનું વ્યાખ્યાન થતું હતું, ત્યારે પદ્મ કર્મોદાનની વ્યાખ્યામાં **दन्तकेशनखास्थित्वक्रोम्णा ग्रहणमाकरे** એ શ્લોક આવ્યો તેમાં શ્રીહેમાચાર્યના મૂળ પાઠને સુધારીને બહુવચનનું એકવચન કરીને **रौम्णो** બદલે **रोम्णो** એ રીતે પં ઉદયચંદ્રે વાંચન વાંચ્યું ત્યારે શ્રી હેમાચાર્યે ફેરફાર કરવાનું કારણ પૂછ્યું અને તેણે પ્રાણીઓના અંગો અને વાદિત્રો માટે એકવચન દ્વંદ્વસમાસમાં વ્યાકરણ સિદ્ધ છે એમ વ્યાકરણસૂત્રથી દર્શાવ્યું એટલે શ્રી હેમાચાર્યે રાજાએ તથા બીજાઓએ તેની પ્રશંસા કરી

આ પ્રમાણે પં ઉદયચન્દ્રનો પ્રબંધ પુરો થયો

૨૭ એક વખત તે રાજર્ષિ (કુમારપાલ) ઘીવાળું મિષ્ટાન્ન ભોજન કરતા હતા, ત્યાં જરા વિચાર કરીને એ ભોજન છોડી દઈને શ્રી હેમાચાર્યને પૂછ્યું કે " મારે ઘીવાળું મિષ્ટાન્ન ખાવું એ યોગ્ય છે કે નહિ ? " ત્યારે તેઓએ જવાબ આપ્યો કે " પ્રાણીઓના પ્રાણત્યાગ માટે યોગ્ય છે, પણ જેણે અભક્ષ્ય (માંસ) ન ખાવાનો નિયમ લીધો છે તેવા ક્ષત્રિય માટે યોગ્ય નથી કારણકે તેથી માંસાહાર થઈ આવે છે " " એમજ છે " એમ કહીને રાજાએ પહેલાં કરેલા અભક્ષ્યના ભક્ષણ માટે પ્રાયશ્ચિત્ત માગ્યું ત્યારે આચાર્યે "બત્રીશ દાંત છે માટે બત્રીશ વિકારો કરવો" એમ કહ્યું

રાજાએ તેમ કર્યું પછી આચાર્યે આપેલા મુહૂર્ત વખતે વટપદ્રક (વડોદરા ?)થી કાન્હ નામનો વેપારી પોતે કરાવેલા મંદિરમાં મૂલનાયકની પ્રતિષ્ઠા કરાવવા માટે શ્રી પાટણ આવ્યો ત્યારે શહેરના મુખ્ય મંદિરમાં તે મૂર્તિ મુકીને પૂજા વગેરેની સામગ્રી લેવા ગયો પણ સામગ્રી લઈને જ્યાં પાછો આવ્યો ત્યાં રાજાના અંગરક્ષકોએ બારણામાં રોકી રાખ્યો એટલે તે અંદર ન જઈ શક્યો અમુક કાળ ગયા પછી દ્વારપાળો બધી

---

૪૧ ઉપર પ્રમાણે સપાદલક્ષના રાજાની કુમારપાલની સભામાં મશ્કરી થયાનું નાટક કરે છે પણ ખરી રીતે કુમારપાલથી હારેલા અર્ણોરાજના અનુયાયી સપાદલક્ષના રાજા વિગ્રહરાજ (કે વિગ્રહદેવ) (વિ સ ૧૨૦૮ થી ૧૨૨૦) તેણે કુમારપાલને દગાથી દોષ એમ નેતા દર્શાવ્યું લેખથી જણાય છે (જુઓ J A S B Vol LV p. 41) આ કપરીમિત્રો કુમારપાલનો બાલ્યાવસ્થા હતો એમ જિનમંડનગણિ કહે છે (જુઓ કુ પ્ર. પૃ ૧૦૦)

ગયા પણ એ વખતે પ્રતિષ્ઠા મુહૂર્ત ચાલ્યું ગયું હતું. એથી તે અંદર જઈને આચાર્યના પગમાં પડીને પોતાને ઠપકો આપતાં આપતાં રોવા લાગ્યો. આચાર્યે જોયું કે આ માણસનું દુઃખ બીજી કોઇ રીતે દૂર થઇ શકે એમ નથી એટલે મંદિરના રંગમંડપમાંથી બ્હાર નીકળી, નક્ષત્રો જોઇને પોતાના શુભ મુહૂર્તનું નક્ષત્ર આકાશમાં ઉગેલું જોઇને તેને કહ્યું કે "જોષીએ ઘડી જોઇને જે મુહૂર્ત આપેલું તેમાં જો મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી હોત તો તેનું ત્રણ વર્ષનું જ આયુષ્ય હતું. હાલમાં જે મુહૂર્ત છે તે મુહૂર્તમાં પ્રતિષ્ઠા કરવાથી તેનું આયુષ્ય લાંબું ચાલશે." આ રીતે આચાર્યે કહ્યું. એટલે તે વખતે પ્રતિષ્ઠા કરાવી અને આચાર્યે કહ્યું હતું તેમજ થયું.

આ પ્રમાણે અભક્ષ્યભક્ષણના પ્રાયશ્ચિત્તનો પ્રબંધ પુરો થયો.

૨૮ મેં "ધન હરી લેવાથી પ્હેલાં એક ઉંદર મરી ગયો છે માટે તેનું પ્રાયશ્ચિત્ત આપો" એ રીતે રાજાએ માગણી કરવાથી આચાર્યે તેના કલ્યાણ માટે તેના નામથી મૂષક વિહાર કરાવ્યો. વળી કોઈ વેપારીની સ્ત્રી જેનાં નાત, નામ, ઠામ, સંબંધ કાંઇ જાણવામાં નહોતાં તેણે વાટમાં ત્રણ દિવસથી ભૂખ્યા રાજાને દહીં ભાત ખવરાવી તૃપ્ત કર્યો હતો; એની કૃતજ્ઞતાથી તેનું પુણ્ય વધે માટે શ્રી પાટણમાં કરંબવિહાર કરાવ્યો.

૨૯ એજ રીતે યૂકાવિહાર આ પ્રમાણે થયો. સપાદલક્ષ દેશના એક અવિવેકી શેઠીઆએ માથું ઓળવા વખતે પોતાની પ્રિયાએ આપેલી જૂંને હાથમાં લઇ, તે પીડા કરનાર જૂંનો તિરસ્કાર કરીને તેને હાથમાં ઘણા વખત સુધી ચોળી નાખીને મારી નાખી. એ વખતે પાસે રહેલા અમારિનો અમલ કરાવનાર પંચોળીએ તે ગૃહસ્થને અણહિલપુર પાટણ લઈ આવી રાજા પાસે ઉભો કર્યો. પછી આચાર્યની આજ્ઞાથી તેના દંડ તરીકે તેનું સર્વસ્વ લઇને ત્યા જ યૂકાવિહાર કરાવ્યો.

આ રીતે યૂકાવિહારપ્રબંધ પુરો થયો.[૪૨]

૩૦ વળી ખંભાતમાં જ્યાં આચાર્યને દીક્ષા અપાઇ હતી તે સાલિગ વસહિ નામના અસામાન્ય મંદિરમા, રત્નમયમૂર્તિઓ સાથે અનુપમ જીર્ણોદ્ધાર કરાવ્યો.

એ રીતે પ્રભુદીક્ષા વસહિકાના ઉદ્ધારનો પ્રબંધ થયો.

૩૧ એક વખત શ્રીસોમેશ્વર પાટણમાં કુમારવિહાર નામના મંદિરમાં બૃહસ્પતિ નામના તપસ્વીએ કાંઇક (જૈન ધર્મ વિરૂદ્ધ) અપરાધ કર્યો.

૪૨ યૂકાવિહારની આ વાત જિ. ગણિના કુમારપાલ પ્રબંધમાં છે. (પૃ. ૬૦)

પરિણામે આચાર્યની અકૃપા થવાથી તેનો અધિકાર લઈ લેવામા આવ્યો એટલે તેણે અણહિલ્લપુર આવીને પોતા આવશ્યક (છ પ્રકારના આવશ્યક કર્મ) મા કુશળતા મેળવીને હેમાચાર્યની સેવા કરવા માટી એક વખત ચાતુર્માસ (ચોમાસાના ચાર મહિના સુધી કરેલા વ્રતના) ના પારણાને દિવસે હેમાચાર્યના ચરણોની દ્વાદશાવર્તનથી વદન કર્યા પછી તેણે કહ્યું (પચ્ચખાણ કર્યું)

(૨૨) હે નાથ! તમારા ચરણ પાસે રહેવાથી કષાયોના નાશવાર વિકારરહિત થવા માટે ચોમાસાના ચાર માસ સુધી આ (રાધેલા અન્નના ત્યાગરૂપ?) વ્રત કર્યું હવે હે મુનિઓમા શ્રેષ્ઠ! તમારા ચરણમા લોટવાથી જેનો કલિ નાશ પામ્યો છે એવા મારા પાણીથી ભીંજાયેલા અન્ન વડે, મને પારણું થાય એ રીતે તેણે વિનમ્રતા કરી એટલે આચાર્યને પ્રસન્ન જોઈને, એજ વખતે ત્યા આવેલા રાજાએ તેને ફરી તેનો અધિકાર આપ્યો

આ રીતે બૃહસ્પતિગચ્છને ફરી અધિકાર અપાવવાનો પ્રબંધ પુરો થયો

૩૨ એક વખત દિવાને આમભા આવેલા આલિગ નામના વૃદ્ધ પ્રધાનને રાજાએ પૂછ્યુ કે "હુ સિદ્ધરાજથી ઉતરતો છુ, તેના સમાન છુ કે તેનાથી ચડીઆતો છુ?" ત્યારે તેણે પોતાના કથનને ગુન્હો ન ગણવાની શરતે કહ્યું કે 'શ્રીસિદ્ધરાજમા ૯૬ ગુણો અને બે દોષો હતા ત્યારે આપનામા બે ગુણ અને ૯૬ દોષો છે" આ તેના વાકયથી દોષમય જીવમા વૈરાગ્ય આવવાથી જ્યા આખમા છરી મારવા રાજા જાય છે, ત્યા તેનો આશય સમજનાર આલિગે વિનમ્રતા કરી કે "શ્રી સિદ્ધરાજના છન્નું ગુણો તેના સંગ્રામમા અસુભટતા (અશુરવીરપણું) અને સ્ત્રીને પટતા એ બે દોષો વડે ઢંકાઈ ગયા હતા ત્યારે લોભ વગેરે તમા ૧ દોષો લડાઈમા શુરવીરપણુ અને પરસ્ત્રી સહોદરપણ એ બે ગુણોથી ઢંકાઈ ગયા છે" આ તેના વચનથી તે રાજા સ્વસ્થ સ્થિતિમા આવી ગયો

આ રીતે આલિગ પ્રબંધ પુરો થયો

૩૩ એક વખત શ્રી સિદ્ધરાજના રાજ્ય વખતે પાંડિત્યમા (હેમાચાર્ય સાથે?) સ્પર્ધા કરતો વામનશિનામનો વિપ્ર હેમાચાર્યની પ્રતિષ્ઠા સહન ન થવાથી નીચેનુ વચન બોલ્યો—

(૨૩) જેના કામળામા (કોઈ દિવસ ન ધોવાવાથી) સો લાખ જૂંઓની હારો ફરી રહી છે, હાથોમા ગાજેલા પુષ્કળ મળથી જેના મોઢામાથી

દુર્ગંધ છુટી રહી છે, અને નાકની દાંડી ઢંકાવાથી ગણગણાટ કરી બોલે છે એવો માથામાં ટાલવાળો આ હેમડ નામનો સેવડો (જૈન ગોરજી) આવે છે." આ પ્રકારની અતિશય નિંદાવાળું તેનું વચન સાંભળીને મનમાં ઉદ્‌ભવેલા ક્રોધથી ભરેલું તિરસ્કારયુક્ત નીચેનું વચન હેમાચાર્યે કહ્યું "અરે પંડિત ! વિશેષણ પહેલાં મુકવું જોઇએ એટલું શું તમે નથી ભણ્યા ?" માટે હવેથી સેવડહેમડ એમ કહેવું. અને સેવકો (સાથે ચાલતા) એ ભાલાના પાછલા ભાગથી મારીને જવા દીધો. અને શ્રીકુમારપાલ રાજાના રાજ્યમાં શસ્ત્ર વગરનો વધ પ્રચલિત હોવાથી તેની વૃત્તિ (જીવાઇ) બંધ કરી. એ પછીથી તે વિપ્ર દાણાની ભીખ માગીને પેટ ભરતો શ્રીહેમાચાર્યની પોષધશાળાની આગળ પડી રહેતો. અને આના વગેરે તપસ્વી રાજવીઓ યોગશાસ્ત્ર ભણતા હતા એ સાંભળીને પોતે સરલ હોવાથી નીચેનું વચન બોલ્યોઃ—

(૨૪) કારણ વગર ભયકર થઇ પડે એવા જે લોકોના મોઢામાંથી ગાળરૂપી પીડાકારક ઝેર નીકળ્યા કરતું તે જટાનાં અને ફણાનાં મંડલો ધારણ કરનારના મોઢામાંથી શ્રીયોગશાસ્ત્રરૂપી વચનામૃત નીકળે છે.

અમૃતની ધારા વર્ષનારાં તેનાં આ વચનથી જેનો પહેલાંનો સંતાપ શાંત થઇ ગયો છે એવા તે હેમાચાર્યે વામરાશિને બમણી જીવાઇ બાંધી આપવાની કૃપા કરી.

આ રીતે વામરાશિ પ્રબંધ પુરો થયો.[૪૩]

એક વખત સોરઠમાં રહેતા બે ચારણો જેઓ દૂહા વિદ્યામાં એક બીજાની હરિફાઇ કરતા હતા તેઓએ અંદર અંદર શરત કરી કે શ્રીહેમાચાર્ય જેના દુહાનું વ્યાખ્યાન કરે તેણે બીજાને તેના ખર્ચના પૈસા આપવા. આવો ઠરાવ કરીને તેઓ શ્રી અણહિલપુરમાં આવ્યા, પછી શ્રીહેમાચાર્ય અંદર આવતાં એકે નીચેનો દુહો કહ્યોઃ—

(૨૫) જેના મુખમાં લક્ષ્મી અને સરસ્વતી બેય સુભાગ્યે વસે છે, માટે જેના ઉપર એની નજર પડે છે તેઓ પંડિત થઇ જાય છે.

આમ કહીને તે પાસે ઉભો રહ્યો, ત્યાં શ્રીકુમારપાલ વિહારમાં આરતીના સમય પછી રાજા શ્રીહેમાચાર્યને પ્રણામ કરવા જરાવાર ઉભા રહ્યા અને આચાર્યે તેની પીઠ ઉપર હાથ મુક્યો ત્યાં અંદર પ્રવેશ કરીને બીજા ચારણે નીચેનો દુહો કહ્યોઃ—

(૨૬) હે હેમાચાર્ય ! તમારા હાથમાં આશ્ચર્યકારક રિદ્ધિ ભરી છે તેથી જેઓ (કુમારપાલ પેઠે) નીચું મોઢું કરી તમને નમે છે તેને સર્વ સિદ્ધિ મળે છે.

૪૩ આ વામરાશિ પ્રબંધ જિ. ગણિના કુ. પ્ર. માં પણ છે. (જુઓ પૃ. ૭૦)

આવા તેના નવીનતાભરેલા વચનથી મનમા ખુશી થયેલા રાજાએ તેની પાસે એજ દુહો વારવાર બોલાવ્યો ત્રણ વખત બોલ્યા પછી તેણે વિનતિ કરી કે "શુ એકવાર બોલવા માટે એક લાખ આપશો ?" એટલે તેને ત્રણ લાખ અપાવ્યા

આ રીતે મોરઠના બે ચારણોનો પ્રબંધ પુરો થયો

૩૫ એક વખત શ્રીકુમારપાલ રાજાએ શ્રીસઘના અધિપતિ થઇને તીર્થયાત્રા કરવાની ઇચ્છા કરી અને તે માટે મોટા ઉત્સાહથી શ્રીદેવાલયમા પ્રસ્થાન કર્યું ત્યા પરદેશથી આવેલા દૂતોએ "તમારા ઉપર ડાહલદેશનો કર્ણ રાજા ચડી આવે છે" એમ ખબર આપ્યા આથી જેને કપાળે પરસેવાના ટીપા બાઝ્યા છે તથા ભયથી જેનો સઘના અધિપતિ થવાનો મનોરથ ભાગી પડયો છે એવા રાજાએ મત્રી વાગ્ભટ સાથે શ્રીહેમાચાર્ય પાસે આવી પોતાની નિન્દા કરી પછી રાજા ઉપર આવેલા આ મહાભય વિષે જરા વિચાર કરીને 'બારમા પ્રહરે તમને શાતિ થશે જશે" એમ કહીને હેમાચાર્યે રાજાને જવાની રજા આપી પણ રાજા તો હવે શુ કરવુ એ ન સૂઝવાથી મૂઢ જેવો જેમી રહ્યો હતો ત્યા હેમાચાર્યે કહેલો સમય થતા આવેલા દૂતોએ "શ્રીકર્ણ સ્વર્ગમા ગયો" એમ ખબર આપ્યા એટલે રાજાએ ઝટ મોઢામાથી પાન કાઢી નાખીને "કેવી રીતે ?" એમ પૂછયુ અને તેઓએ જવાબ આપ્યો કે "હાથી ઉપર બેઠેલો શ્રીકર્ણ રાજ મુમાફરી કરતો હતો ત્યા ઉપરથી આખ મીંચાઇ ગઇ અને ડોકમા રહેલી માળામા વડની ડાળ ભરાઇ જતા તે લટકી રહ્યો અને મરી ગયો ૪૪ તેને અગ્નિસસ્કાર કર્યા પછી અમે નીકળ્યા" આ સાભળતા જ રાજા એકદમ હેમચન્દ્ર પાસે પોષધશાળામા જઇ તેમના વખાણ કરવા લાગ્યો ત્યારે "કેવી રીતે ? કેવી રીતે ?" એવા પ્રશ્નોને રોકી બોતેર સામન્તો તથા આખા સઘ સાથે શ્રીહેમાચાર્યે જેને બે રીતે (ધર્મમાર્ગ તથા યાત્રામાર્ગ) માર્ગનો ઉપદેશ કર્યો છે એવો રાજા ધણુકે આવ્યો અને શ્રીહેમાચાર્યની જન્મગૃહની ભૂમિમા પોતે

---

૪૪ ડાહલ દેશનો રાજા કર્ણ કુમારપાલ ઉપર ચડી આવ્યાની તથા ઉપર પ્રમાણે મરણ પામ્યાની કથા જે જિનમડન ગણિએ પણ ઉતારી છે (જુઓ પૃ ૧૦૦) તે પાયા વગરની છે કારણ કે કર્ણ રાજાનો સમય વિ સ ૧૦૯૮ થી ૧૧૫૪ સુધીનો લગભગ નિશ્ચિત છે તે ભોજ અને ભીમનો સમકાલીન હોવાનુ મેરૂતુગજ કહે છે પછી એ કુમારપાલના વખતમા કયાથી હોય ? કુમારપાલના સમયમા તો જયકર્ણદેવ અને નરસિહદેવ ડાહલની ગાદી ઉપર હતા જયકર્ણ દેવનો પણ વિ સ ૧૨૧૨ પહેલા દેહાન્ત થઇ ગયો હતો (જુઓ ભારત કે પ્રાચીન રાજવશ, પ્રથમ ભાગ પૃ ૪૬ થી ૫૨)

સરી તેણે એટલું દ્રવ્ય આપવાની ના પાડી એટલે તેને ચાબખા મારી છાવણીમાંથી આ સેનાપતિએ કાઢી મુકયો. પછી પોતે યથેચ્છ રીતે માગણ લોકોને ખુશી કરીને ચૌદસો સાંઢણી ઉપર તેથી બમણા સૈનિકોને બેસારી આગળ વધ્યો; અને થોડાં પ્રયાણો કરીને બંભેરા[૪૯] શહેરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. હવે તેજ રાતે સાતસો કન્યાઓનાં લગ્ન થાય છે એવું શહેરના લોકો પાસેથી સાંભળી, તેઓના વિવાહ થઇ જવા દેવા માટે રાતે એમને એમ (લડયા વિના) પડી રહી સવારે કિલ્લાને જીતી લીધો. એ કિલ્લામાંથી સાત કરોડ સોનું અને અગીઆર હજાર ઘોડીઓ મળી છે એ પ્રમાણેના ખુશી ખબર ખૂબ ઝડપવાળા બેપીઆઓ સાથે રાજાને મોકલ્યા. અને પછી પોતે તે દેશનાં શ્રીકુમારપાલ રાજાની હકુમત ચાલુ કરી, ત્યાં અધિકારીઓ નીમી, પાછો ફરી શ્રીપાટણ આવી રાજમહેલમાં રાજાને પ્રણામ કર્યા. તેની સાથે યોગ્ય વાર્તાલાપનો વખત મળતાં, તેના ગુણોથી પોતે પ્રસન્ન થયેલ હોવા છતાં રાજાએ તેને કહ્યું કે "તારી મોટી નજર એજ તારો મોટો દોષ છે, જે ખર્ચ તું કરે છે તે હું પણ કરી શકતો નથી." રાજાનો આ ઉપદેશ સાંભળીને તેણે રાજાને જવાબ આપ્યો કે "મહારાજે આ સાચી વાત કરી, આવી જાતનો ખરચ આપ નથી કરી શકતા કારણ કે આપ પરંપરાથી રાજાના પુત્ર નથી. પણ હું તો રાજાનો પુત્ર છું એટલે હુંજ વધારે સારી રીતે ખર્ચ કરી શકું."[૫૦] તેણે આ પ્રમાણે કહેતાં રાજાએ ખુશી થવું કે તેના ઉપર ક્રોધ કરવો? કસોટીનો પથ્થર કસોટીના લીસોટાથી સોનાની શોભાને ધારણ કરે છે, એ રીતે અમૂલ્યતા મેળવનાર ચાહડ, રાજાએ રજા આપવાથી પોતાને સ્થાનકે ગયો.

આ પ્રમાણે રાજઘરટ્ટ ચાહડ પ્રબંધ પુરો થયો.

૩૯ હવે આ (ચાહડ)નો નાનો ભાઇ સોલાક નામનો માંડલીક હતો એને સત્રાગારનું બિરૂદ મળ્યું હતું.

---

૪૯ આ બંભેરા (કે લંભેરી) આંબડે લીધું હતું અને તેજ ભોગવતો હતો એમ પ્ર. ચ. માં કહ્યું છે (હે. સૂ. પ્ર. ૭૨૫, ૭૨૬)

૫૦ આ જવાબ જરા વિચિત્ર છે. કુમારપાલ પરંપરાથી રાજાનો પુત્ર નહિ અને આ ચાહડ રાજાનો પુત્ર શી રીતે? બેય વાતો ખોટી છે. જિનમંડન ગણીએ જવાબ આપાવતાં "પોતે રાજાના બલથી ખર્ચ કરે છે, પણ રાજા કોના બલથી ખર્ચ કરે?" એ રીતે ખુશામત કરાવી છે, તે ઠીક છે. પણ ઉપર મેરૂતુંગે તો ગડબડજ કરી છે. આ વિષયમાં આજ પ્રકાશના છઠ્ઠા પ્રબંધ ઉપરની ટિપ્પણી પણ જુઓ.

૪૦ આનાક નામનો કુમારપાળનો માસીનો દીકરો જોને તેની સેવાના ગુણથી ખુશી થઇને રાજાએ સામન્તપદ આપ્યું હતું છતાં જે પહેલાં પેઠેજ રાજાની સેવામા રહેતો તે એક વખત બપોર વખતે મહેલમા પલંગ ઉપર બેઠેલા રાજાની આજ્ઞા લેવા ગયો ત્યા એકાએક કોઇ નોકરને ત્યા આવેલો જોઇને રાજાએ "આ કોણ છે?" એમ પૂછતા શ્રી આનાકે પોતાના નોકરને ઓળખીને, એણે ભક્તિ કરવાથી બહાર નીકળીને (પોતાના કુટુંબની) કુશળતા પૂછી અને તેણે (આનાકને ઘેર) પુત્ર જન્મ થયાની વધાઇ માગી એ નોકરને "બહુ સારૂં" એમ કહી રત્ન આપી, સૂર્યના પ્રકાશથી જેમ કમળ ખીલી ઉઠે તેમ તે વાતથી જેનું મોઢું ખીલી ઉઠયું છે એવો તે આનાક પોતાને ઠેકાણે આવ્યો એટલે રાજાએ 'એ શું હતું?' એમ પૂછ્યું ત્યારે તેણે (વિવેકથી) મહારાજને ત્યા પુત્ર જન્મ થયો એમ વિનતિ કરીએટલે રાજાએ મનમાં થોડો વિચાર કરીને તેને મોઢે કહ્યું કે "જેના જન્મના બદલ આપવા નોકર પ્રતિહારોથી અટકયા વગર અહીં સુધી ચાલ્યો આવ્યો, તેના પુણ્યપ્રતાપે એ ગૂર્જર દેશમા રાજા થશે. પણ આ શહેરમા કે આ ધવલગૃહમાં નહિ થાય કારણ કે અહીંથી ઉગાડયા પછી તમારી આજ્ઞા તેણે પુત્ર જન્મના બદલ આપ્યા માટે આ શહેરનો રાજા એ નહિ થાય" એ પ્રમાણે વિચાર ચતુર્મુખ શ્રીકુમારપાલ દેવે નિર્ણય કરીને કહ્યું

એ પ્રમાણે લવણપ્રસાદ (ના જન્મ)નો પ્રબંધ પુરો થયો.

૪૧ (૨૮) પોતાને તાબે રહેલા અઢાર૧૮ મંડલો (દેશો)માં (જૈન ધર્મ ઉપ ના) આઘને લીધે, સર્વત્ર પ્રસરેલી પોતાની શક્તિથી ચૌદ વર્ષ સુધી મારિનું નિવારણ કરીને તથા કીર્તિ સ્તંભ જેવા૫૨ ચૌદમો વિહારો બનાવીને જૈન કુમારપાલ રાજાએ પોતાના પાપનો ક્ષય કર્યો.

---

૧૮ જોહામા કહેલા અઢાર દેશોના નામો જિનમંડન ગણિએ નીચે પ્રમાણે આપ્યા છે (જુઓ મૂળ પૃ ૧૪૫ ટિ૦)—(૧) કર્ણાટ, (૨) ગૂર્જર (૩) લાટ, (૪) સોરઠ (૫) કચ્છ (૬) સિંધુ (૭) ઉચ્ચા (૮) અબેરી (૯) મારવા (૧૦) માલવા (૧૧) કોકણ (૧૨) મહારાષ્ટ્ર (૧૩) કીર (૧૪) મલબાર (૧૫) તુખાર હણ (૧૬) મિવાડ (૧૭) દીપ (૧૮) આભીર

૧૯ કુમારપે તે બારમો વિહારો બનાવ્યા હતા એમ મેરૂતુંગ અહીં કહે છે જોકે સં ૧૨૫૩ ના પ્રે મા ૧૪૨૭ કહેલ છે (પૃ ૧૮૨) કુમારપાલ પ્રતિબોધમા કહ્યું છે કે રાજાએ ૧૬૦૪ જોન ચૈત્યમા કુમાર વિહાર બનાવ્યા પછી ત્રિભુવન વિહાર બનાવ્યા આ ઉપરાંત બારમામાં બીજા ચૈત્યો બનાવ્યા, (મોટા પ્રાસાદમા બનેલા

જોશીએ શકુનના ખબર પૂછ્યા. શ્રી કપર્દીએ શકુનનું વર્ણન કરી તેની પ્રશંસા કરી ત્યારે તે વૃદ્ધ મારવાડીએ કહ્યું કે :—

(૨૯) "નદી ઉતરતી વખતે, માર્ગમાં ભૂલા પડતી વખતે, ભય આવી પડયું હોય ત્યારે, સ્ત્રી કાર્યમાં, રણમાં અને વ્યાધિમાં માણસથી વિપરીતનાં વખાણ થાય છે. એ પ્રમાણથી તમારૂં મરણ પાસે આવ્યું છે તેથી તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે અને તમે પ્રતિકૂળને અનુકૂળ માનો છો. આખલાને તમે સારૂં શકુન ગણો છો પણ તમારા મરણથી શંકરનો અભ્યુદય જોઇને તેના વાહનરૂપ એ આખલો ગર્જના કરતો હતો."

તેના આ શબ્દોને શ્રી કપર્દીએ ગણકાર્યા નહિ એટલે તેની રજા લઇને તે તીર્થયાત્રા કરવા ચાલ્યો ગયો. પછી શ્રી કપર્દીને રાજાએ આપેલી મુદ્રા (મહામાત્યને સોંપાતી સીલની વીંટી) લઇને તે મોટા હાથી પોતાના મહેલમાં આવ્યો અને વિશ્રાંતિમાં બેઠો. ત્યાં રાજાએ તેને રાતમાં પકડાવ્યો તથા તેની સમાન કક્ષાનાં માણસો પાસે તેનો તિરસ્કાર કરાવ્યો.

૩૦ જે સિંહ મોટા હાથીઓના કુંભસ્થળ ઉપર પગ મુકીને તેના માથાનાં મોતીનો ભુક્કો કરી નાખતો; તે સિંહ આજે વિધિને વશ થઇને ચારે તરફથી શીઆળવાંની પીડ સહન કરે છે.

વગેરે વિચાર કરીને કડાઇમાં નાખવા માંડ્યો ત્યારે તે નીચેનો શ્લોક બોલ્યો:—

(૩૧) માગણોને દીવાની સગ જેવું પીળું સોનું કરોડોમાં આપ્યું, વાદમાં વિરોધીઓની શાસ્ત્રાર્થથી ભરેલી વાણીને તોડી પાડી, ગાદી ઉપરથી ઉઠાડીને પાછા બેસાડેલા રાજાઓ વડે જેમ સોગઠાંથી રમત કરે તેમ રમત કરી, કરવા યોગ્ય બધું કર્યું; હવે વિધિને અમારી જરૂર હોય તો એમાં પણ તૈયાર છીએ.[૫૮]

તે બુદ્ધિશાળી માણસ ઉપર પ્રમાણે છેલ્લું કાવ્ય બોલતો હતો ત્યાં એને મારી નાખવામાં આવ્યો.

આ પ્રમાણે કપર્દી પ્રબંધ પુરો થયો.

૪૬ વળી પ્રબંધશતના કર્તા રામચન્દ્ર કવિને તે નીચ રાજાએ તપાવેલા તાંબાના પાટલા ઉપર બેસાર્યો ત્યારે તે બોલ્યો :—

(૩૨) જે સૂર્યે સચરાચર પૃથ્વીને મોટે ભાગે લક્ષ્મી (શોભા) આપી છે તે દિનપતિ સૂર્યનો પણ અસ્ત થાય છે; માટે થવાનું હોય તે લાંબે કાળે પણ થાય છે.

---

૫૮ આ શ્લોક જિનમંડનગણિએ કુમારપાલ પ્રબંધમાં કુમારપાલના મોઢામાં મુક્યો છે. (જુઓ પૃ. ૧૧૫).

આમ કહીને દાતની અણીથી જીભ કાપીને મરી ગયેલા તેને મારી નાખવામા આવ્યો

આ પ્રમાણે રામચન્દ્ર પ્રબંધ પુરો થયો.[૫૯]

૪૭ વળી રાજા પિતામહ શ્રી આમ્રભટનું તેજ ન દેખી શકતા સામન્તોએ હવે વખત મળતા (રાજાને) પોતાની માથે પ્રણામ કરવાનું કહીને આક્ષેપ કર્યો ત્યારે શ્રી આમ્રભટે કહ્યું કે "દેવ બુદ્ધિથી વીતરાગને, ગુરૂબુદ્ધિથી શ્રી હેમચંદ્ર મહારાજને અને સ્વામીબુદ્ધિથી કુમારપાલને—એટલાનેજ આ જન્મમાં માત્ર નમસ્કાર છે" જૈન ધર્મ જેની સાને ધાતુ (રસ, રક્ત વગેરે વૈદકમા કહેલ ધાતુઓ) ઓમાં પ્રસરી રહ્યો છે એવા આમ્રભટે ઉપર પ્રમાણે કહ્યું, એટલે રાજાને ક્રોધ થયો અને "લડવાને માટે તૈયાર થાઓ" એવી રાજાની વાણી સાભળી શ્રી જૈનમૂર્તિની પૂજા કરીને, અનશનનો નિયમ લઈને તથા લડાઈની દીક્ષા ધારણ કરીને પોતાના મહેલથી રાજાના માણસોને પોતાના સૈનિકોવડે કોતરાને ઉડાડે તેમ વીખેરી નાખતો ધર્મિકાગૃહ સુધી પહોચ્યો. ત્યા એ (રાજાના માણસો) અપવિત્ર માણસોના સગથી પોતાનામા આવેલા દોષ ધારા (તરવારરૂપ) તીર્થમા

---

૫૯ રાજશેખર સૂરિએ આ બાબતમા લખ્યુ છે કે શ્રી હેમચંદ્ર ઉપરના દ્વેષથી તેના શ્રી રામચન્દ્ર વગેરે શિષ્યોને અજયદેવે તપાવેલા લોઢાના આસન ઉપર બેસાડી મારી નાખ્યા (ચતુર્વિંશતિ પ્રબંધ નવીન સસ્કરણ પૃ ૨૦૧) શ્રી હેમચન્દ્ર ઉપર દ્વેષ થવાનું કારણ રાજશેખર એમ આપે છે કે —જ્યારે કુમારપાલ અને હેમચન્દ્ર વૃદ્ધ થયા ત્યારે રાજાએ ગુરૂની તથા આભડની સલાહ પૂછી કે "હું તો અપુત્ર છુ તો મારા પછી ગાદી કોને આપુ?" ત્યારે ગુરૂએ કહ્યું કે તમારા દૌહિત્ર પ્રતાપમલ્લને આપો કારણ કે એ તમે સ્થાપેલા જૈન ધર્મની સ્થિરતા રાખશે પણ અજયપાલથી તો તમારા સ્થાપેલા ધર્મનો ક્ષય થશે" ત્યા આભડે સલાહ આપી કે "ભલે તેવો પણ પોતાનો હોય એ સારો" હવે શ્રી હેમચંદ્રના ગચ્છમા બે તડા હતા એક તરફ શ્રી રામચન્દ્ર ગુણચન્દ્ર વગેરે અને બીજી તરફ બાલચંદ્ર આ બાલચન્દ્રને રાજાના મંત્રીશ્વર અજયપાલ સાથે મૈત્રી હતી એટલે તેણે ઉપરની હેમચન્દ્રની સલાહ અજયપાલને કહી દીધી આ કારણથી અજયપાલને હેમચન્દ્રના ગચ્છના રામચન્દ્ર વગેરે ઉપર દ્વેષ અને આભડ ઉપર પ્રીતિ થઈ (ચતુર્વિંશતિ પ્રબંધ, નવીન સસ્કરણ પૃ ૨૦૦)

ચ. પ્ર.ના આ પ્રસંગમા જે કુમારપાલના દૌહિત્ર પ્રતાપમલ્લનો ઉલ્લેખ છે તે સોમેશ્વરે (૪ ૨ શ્લો ૯૭ થી ૧૦૦ મા) "ભીમ બીજાના વખતમા આમ રાજા જગદેવ, પ્રતાપમલ્લ, વગેરે ન હોવાથી એ રાજ્ય છિન્નભિન્ન થઇ ગયુ" એ રીતે જેના વખાણ કર્યા છે તે જ હોવો જોઇએ

૫૧ શ્રી ભીમદેવના રાજ્યનો સર્વ ભાર ઉપાડનાર વ્યાઘ્રપલ્લી-વાઘેલા નામથી પ્રસિદ્ધ શ્રી આનાકના પુત્ર લવણપ્રસાદે[૬૩] ઘણા વખત સુધી રાજ્ય કર્યું હતું પછી તેનો પુત્ર સામ્રાજ્યના ભારથી શોભતો શ્રી વીરધવલ આવ્યો, તેની માનું નામ મદનરાજ્ઞી હતું એની બહેન મરી જતાં બનેવી દેવરાજ નામના પટ્ટકિલ (પટેલ) નો બહોળો ઘરવ્યવહાર નભતો નથી એ જોઇને તેનો નિર્વાહ કરવા માટે પોતાના લવણપ્રસાદ નામના પતિની રજા લઇને મદનરાજ્ઞી બાળક પુત્ર વીરધવલને સાથે લઇને તેને ઘેર જઇને રહી; ત્યાં તેણે એ (લવણપ્રસાદની સ્ત્રી) કૃપાળી અને સ્પૃહણીય ગુણવાળી છે એમ જોઇને તેને પોતાના ઘરમાં પત્ની તરીકે રાખી.[૬૪] શ્રી લવણે આ બધી વાત સાંભળી એટલે તેને મારવા રાને તેના ઘરમાં પોતે પેઠો. અને સંતાપને વખત ક્યારે મળે એ શોધવા લાગ્યો. ત્યાં તે (પટેલ દેવરાજ) જમવા બેઠો પણ "વીરધવલ આવે નહિ ત્યાંસુધી હું ખાઇશ નહિ" એમ વારંવાર કહીને આગ્રહથી તેને બોલાવી એક જ થાળીમાં ખાવા લાગ્યો. બરાબર એ જ વખતે સાક્ષાત્ યમ જેવા પોતાના કાળ (લવણપ્રસાદ) ને એકાએક આવેલ જોઇને તેનું મોઢું કાળું પડી ગયું. પણ લવણપ્રસાદે કહ્યું કે "બ્હીશો નહિ, જો કે હું તમને મારવાજ આવ્યો હતો પણ આ મારા

ભીમદેવને કાઢીને થોડા વખત માટે ગાદી ઉપર બેઠેલા જયસિંહ કે જયંતસિંહના વખતમાં વિ. સં. ૧૨૭૩ ની આસપાસમાં થઇ હશે. (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ, પ્રથમ ભાગ, પૃ. ૧૫૮, ૧૫૯.)

૬૩ પ્ર. ચિં.મા ઉપર પ્રમાણે ભીમનો ઇતિહાસ પડતો મુકી એકદમ વીરધવલની અને વસ્તુપાલ તેજપાલની વાત ગ્રન્થકર્તા શરૂ કરે છે, આનું કારણ તો જૈનધર્મના પ્રભાવક મંત્રીઓની વાત કહેવાનો ધગશ છે. પણ એથી ઇતિહાસ ના અભ્યાસીને ઘણી ગડબડ થઈ જાય છે. વસ્તુપાલના પ્રબંધો લખનાર અરિસિંહ, સોમેશ્વર વગેરે સમકાલીન લેખકો કાંઈક એ ગડબડને ઉકેલે છે અને ઉત્કીર્ણ લેખો એ વખતનો ઇતિહાસ ઉકેલવામાં થોડી મદદ કરે છે.

કુમારપાલના માશીના દીકરા આનાકને લવણ પ્રસાદ નામનો પુત્ર થયાનું તો પ્ર. ચિં.કારે પહેલાં કહેલું જ છે (જુઓ ચોથા પ્રકાશનો જ ચાળીશમો પ્રસંગ) એ લવણપ્રસાદનું જોર ભીમદેવ બાળક અને નબળો હોવાથી એના વખતમાં વધી ગયું, અને એજ ખરો રાજા થઇ પડયો, એમ પ્ર. ચિં.ના 'રાજ્ય ચિન્તાકારી' શબ્દોનો અર્થ જણાય છે. છતા એણે પાટણની ગાદી ઉપર નજર નથી કરી, ધોળકામા જુદી ગાદી થાપી છે.

૬૪ આ પ્રમાણે બીજાની પત્નીને ઘરણાં બેસારવામાં આવે અને એક ક્ષત્રિય એ સહી લે એ રજપૂતો માટે નવાઈ જેવી વાત છે, છતાં વિશ્વસનીય લાગેછે.

પુત્ર વીરધવલ ઉપર તમારું વાત્સલ્ય મારી નજરે જોઇને મેં એ (મારવાનો) હક છોડી દીધો છે એમ કહીને તેનો સત્કાર સ્વીકારી જેમ આવ્યો હતો તેમ પાછો ગયો આ વીરધવલને બીજા બાપના (એટલે મા એક જ મદનરાણી અને બાપ બીજો દેવરાજ) ગજસિંહ વશના સાગણ, ચામુંડરાજ વગેરે ભાઇઓ થયા, જે વીર પુરુષો તરીકે જગતમા પ્રખ્યાત થયા હતા અમુક વખત પછી ક્ષત્રિય વીરધવલ, જરા બુદ્ધિ ઉઘડતા પોતાની માતાના વૃત્તાંતથી શરમાઇને એ ઘર છોડીને પિતા પાસે આવીને રહ્યો

૫૨ આ વીરધવલ સત્ત્વ, ઉદારતા, ગંભીરતા, સ્થિરતા, નય, વિનય, ઔચિત્ય, દયા, દાન, ડહાપણ વગેરે ગુણોવાળો હતો અને તેણે શત્રુઓએ દબાવેલી અમુક જમીન પોતાને તાબે લીધી ત્યારે તેની નમ્રતાથી (ખુશી થઇને) પિતાએ પણ કેટલોએક મુલક આપ્યો આ મુલક ઉપર ચાહડ નામના બ્રાહ્મણ પ્રધાનને રાજકારભારની ચિંતા સોંપી વીરધવલ રાજ્ય કરવા લાગ્યો ત્યા પ્હેલા પાટણમા વસતા અને તરતમા ત્યા (ધોળકામા) આવેલા પોરવાડ વશના મોતીમમાન તેજપાલમંત્રી માથે મિત્રતા થઇ

૫૩ આ મંત્રીની જન્મકથા નીચે પ્રમાણે છે—

એક વખત પાટણમા ભટ્ટારકશ્રીહરિભદ્રસૂરિ વ્યાખ્યાન કરતા હતા ત્યારે કુમારદેવી નામની એક અતિ રૂપાળી વિધવા તરફ તેઓ વારવાર જોતા હતા એથી ત્યાં બેઠેલા આશરાજ મંત્રીના ચિત્તનું આકર્ષણ થયુ અને એ જોયા પછી મંત્રીના પૂછવાથી ગુરુએ કહ્યું કે "મારા ઇષ્ટ દેવતાના આદેશથી આની કુખમા ભવિષ્યમા સૂર્ય અને ચદ્રમા અવતરશે એમ હું જોઉ છુ માટે એના સામુદ્રિક લક્ષણો વારવાર જોતો હતો" આ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિ પાસેથી જાણી લઇને તેણે તે વિધવાનું હરણ કરીને તેને પોતાની પ્રિયા બનાવી કાળક્રમે તેને પેટે સૂર્ય અને ચદ્રમા જેવા વસ્તુપાલ અને તેજપાલ નામના મંત્રીઓ જન્મ્યા [૬૫]

---

૬૫ વસ્તુપાલ તેજપાલ મોટા જૈનધર્મ પ્રભાવક હોવાથી અને દાતા હોવાથી એના ચરિત્રના ગ્રંથો એના સમયમા તથા પાછળથી પુષ્કળ લખાયા છે સુકૃતસંકીર્તન પ્રબંધ કુમુદી વગેરે આ પ્રકારના ગ્રંથોમા વસ્તુપાલ તેજપાલની વંશાવળી તેઓના બાપી-પેઢીના પૂર્વજ ચંદ્રપ્રભા આપી છે પણ પ્રબંધ સિવાય બીજા ગ્રંથમા કુમારદેવી વિધવા હતી એમ કહેલુ નથી માત્ર એક વસ્તુપાળ તેજપાળ રાસો પ્રબંધને અનુસરે છે બાકી વસ્તુપાલ તેજપાળના છોકરાના છોકરા વાંચી સાભળી શકે એવા સમયવાળી રિષ્ટસમા રાસરૂપ જેવા જૈન આચાર્યે આવુ લખ્યુ છે માટે એ તદ્દન ખોટું ન હોવું જોઇએ. સમકાલીનો આવી બાબતમા જાણ રાખે એ સ્વાભાવિક છે

૫૪ વળી એક વખત શ્રી વીરધવલદેવે પોતાના વ્યાપાર (રાજકાજ) નો ભાર ઉપાડવા માટે (તેજપાલને) વિનતિ કરી ત્યારે તેણે પ્હેલાં પોતાના મહેલમાં વીરધવલને તથા તેની રાણીને જમાડયાં અને પછી તેજપાલની સ્ત્રી અનુપમાએ રાણીશ્રી જયતલદેવીને પોતાનાં કપૂરનાં બે તાડંક (કાનનાં ઘરેણાં) તથા વચ્ચે વચ્ચે મણિઓવાળો સોનાથી ગુંથેલો મોતીનો એકાવલી હાર ભેટ આપ્યો. પણ રાજાએ મંત્રીની ભેટ પાછી વાળી પોતાનું મંત્રીપદ આપ્યું અને " તમારી પાસે હાલમાં જેટલું ધન છે તે હું કોપાયમાન થાઉં (કોપ કરીને લઈ લઉં) તોપણ તમને પાછું આપું " એમ કાગળમાં બંધણી લખી આપી મંત્રી સંબંધી પાંચ અંગને યોગ્ય (પાધડી, અલંકારો વગેરે) ભેટ આપી.

(૩૬) જે કર નાખ્યા વગર ખજાનો ભરે, વધ કર્યા વિના દેશનું રક્ષણ કરે અને યુદ્ધ કર્યા વગર દેશનો વધારો કરે તે મંત્રી અને તેજ બુદ્ધિવાન.

સર્વ નીતિશાસ્ત્રની વિદ્યા જેની બુદ્ધિમાં ઉતરી ગઇ છે તે મંત્રીએ પોતાના ધણીની ઘણી ઉન્નતિ કરી. હવે તે મંત્રીએ સૂર્યોદય થતાં વિધિ પ્રમાણે શ્રી જિનની તે સમયને યોગ્ય પૂજા કરી અને ગુરૂની ચંદન કપુરથી પૂજા તથા દ્વાદશાવર્તવદન કરી, વખતસર પચ્ચખાન કર્યા પછી ગુરૂ પાસે રોજ એક એક શ્લોક ભણવાનો નિયમ રાખ્યો હતો. એ પછી રાજકાર્ય કરી મંત્રી તાજી રસોઇ જમતા. એક વખત મૂંજાલ નામનો ઉપાસક જે મંત્રીનો ખાનગી લેખક હતો તેણે એકાંતમાં પૂછયું કે " આપ સવારમાં તાજી રસોઇ જમો છો કે ટાઢી ? ' આ તો ગામડીઓ છે એમ ધારીને બે ત્રણ વખત તો એને ગણકાર્યો નહિ પણ એક વખત ક્રોધથી ' ગોવાળ ' એમ આક્ષેપ કર્યો. પણ તેણે ધીરજ રાખીને " બેમાંથી એક હશે જ " એમ જવાબ આપ્યો એટલે એના શબ્દોમાં રહેલી ચતુરાઇથી ચકિત થઇને મંત્રીએ કહ્યું કે " તમારા ઉપદેશનો ધ્વનિ હું સમજ્યો નથી માટે હે સુજ્ઞ, બરાબર સમજાવો. " ત્યારે તે વક્તાએ કહ્યું કે " અતિ રસવાળી જે તાજી રસોઇ આપ હમેશાં જમો છે, તે પૂર્વના પુણ્યના ફળરૂપ હોવાથી, એક જન્મ પહેલાંની કોઇને તેને હું અત્યંત ઠરી ગયેલી માનું છું. વળી મેં તો આ ગુરૂના સંદેશાના શબ્દો કહ્યા છે. એનું રહસ્ય તો તેઓ જ જાણે માટે ત્યાં જાવ. " આ પ્રમાણે તેની વિનતિ સાંભળી શ્રી તેજપાલ મંત્રી પોતાના કુલગુરૂ શ્રી વિજયસેનસૂરિ પાસે ગયા અને ગૃહસ્થનો ધર્મ પૂછ્યો. અને તેઓએ ઉપાસક દશાહ નામના સાતમા અંગમાંથી જિન

ભગવાને કહેલ દેવપૂજા, આવશ્યક (કર્મો), યતિઓને દાન વગેરે ગૃહસ્થ ધર્મોનો ઉપદેશ આપ્યો, તે દિવસથી તેણે દેવપૂજા, જૈનયતિઓને ખાન દાનો આપવા વગેરે ધર્મકૃત્ય કરવા માંડ્યા

૫૫ નવ વર્ષસુધી દેવકાર્ય માટે ચોથા ભાગની આવક જુદી રાખેલી તે દ્રવ્ય ૬૬ હજાર થયું, તેમાથી બાઉના[૬૬] ગામમા શ્રીનેમિનાથનું મંદિર બંધાવ્યુ પછી સં ૧૨૭૭ મા સરસ્વતી કંઠાભરણ, લઘુભોજ[૬૭], મહા કવિ, મહામાત્ય શ્રીવસ્તુપાલે મહાયાત્રાનો આરંભ કર્યો ગુરૂએ કહેલા મુહૂર્તમા તેમણે જ કરેલા મહાધિપતિના અભિષેક માથે શ્રીદેવાલયનું પ્રસ્થાન શરૂ થતાં જમણા માર્ગમાં દુર્ગાદેવી (ભૈરવ)નો સ્વર ભંભળાયો અને એ ઉપર શકુન જાણનાર વૃદ્ધ મારવાડી સાથે જતે થોડો વિચાર કરીને "હે મંત્રના વૃદ્ધ શકુન જુઓ" એમ કહેવાને બદલે શકુનથી શબ્દ વધારે બળવાન છે એમ વિચાર કરીને શહેરની બહાર નાખેલી છાવણીમા શ્રીદેવાલયને સ્થાપીને દેવીના શબ્દરૂપ શકુનનો મર્મ પૂછ્યો એટલે તેણે "માર્ગની વિષમતા હોય કે રાજ્યની અવ્યવસ્થા થઇ હોય, ત્યા વિપરીત શકુન વખણાય છે તીર્થમાર્ગોની વિષમતા પણ એવી જ છે માટે જ્યા તે દુર્ગા બેઠી હોય ત્યા કોઈ હુશીયાર માણસને મોકલી એ પ્રદેશ જોવરાવો" (એમ કહ્યું) એ રીતે જોઇ આવીને તે પુરૂષે વિનતિ કરી કે –"ત્યા વરડાની જે ભીંત નવી થાય છે તેના તેર આરાઓ ઉપર દેવી (ભૈરવ) બેઠી હતી" આ ઉપરથી તે શકુન જોનાર વૃદ્ધ મારવાડીએ કહ્યું કે "તમારે માંડલેર યાત્રા થશે એમ દેવીએ કહ્યું" છેલ્લી યાત્રા અધૂરી થવાનું શું કારણ ? એમ ફરી મંત્રીએ પૂછ્યુ ત્યારે તેણે જવાબ આપ્યો કે "અત્યારે અસાધારણ મંગળ અવસર છે ત્યા એ કહેવુ યોગ્ય નથી, વખત આવતાં બધુ નિવેદન કરીશ" આ પછી શ્રીસંઘ સાથે મંત્રીએ આગળ પ્રયાણ કર્યું.

૫૬ આ સંઘમા કુલ વાહનો સાડાચાર હજાર હતા શ્વેતાંબરો એકવીસો હતા, સંઘ અને તેની રક્ષા માટે એક હજાર ઘોડાઓ સાતસો લાહ્ય માંડવી અને તેના ઉપરી તરિકે ચાર મહામાત્યો હતા આ પ્રમાણેની સમગ્ર સામગ્રી સાથે મુસાફરી કરી શ્રી પાલીતાણાના પાદરમા પોતે કરાવેલુ શ્રીમદ્વીર ચૈત્ય જેના કાંઠા ઉપર છે એવા પોતે ખોદાવેલા લલિતા સરોવરને

---

૬૬ બાઉદા ગામનો પત્તો લાગતો નથી

૬૭ વસ્તુપાલને સરસ્વતી કંઠાભરણ અને લઘુભોજ રાજા જેવા બિરૂદો સોમેશ્વર, હરિહર, અરિસિંહ વગેરે આમિત કવિમિત્રોએ આપ્યા હશે

કાંઠે તેણે છાવણી નાખી. પછી તીર્થની વિધિ પ્રમાણે આરાધના કરીને મૂળ (આદિનાથના) મંદિર ઉપર સોનાનો કળશ ચડાવ્યો તથા માણસના કદની બે જિનમૂર્તિઓ કરાવી, શ્રીમોઢેરપુરાવતારમાં અને શ્રીમહાવીરના ચૈત્યમાં બે આરાધક મૂર્તિઓ કરાવી. દેવમંદિરના મંડપની હારની બે બાજુ બે ચતુષ્કિકાની હાર બંધાવી. શકુનિકાવિહાર (સુવ્રતસ્વામિના મંદિર) માં તથા સત્યપુરાવતાર (મહાવીરના મંદિર)માં મંદિરની આગળ રૂપ્પાનું તોરણ કરાવ્યું. શ્રી સંઘને રહેવા યોગ્ય મઠો કરાવ્યા, સાત બાહુનો માટે સાત દેવકુલિકાઓ કરાવી, નન્દીશ્વરાવતારમાં મન્દિરો બંધાવ્યાં તથા ઇન્દ્રમંડપ બંધાવ્યો. અને એ મંડપમાં હાથી ઉપર બેસારેલી શ્રીલવણપ્રસાદની તથા વીરધવલની મૂર્તિઓ કરાવી, તથા ઘોડા ઉપર બેઠેલી પોતાની મૂર્તિ કરાવી, તેમજ પોતાના સાત પૂર્વજોની અને સાત ગુરૂઓની મૂર્તિઓ કરાવી, એની પાસે ચોકી ઉપર બે મોટાભાઇ–માલદેવ તથા લૂણિગની આરાધક મૂર્તિઓ કરાવી, વળી રસ્તાઓ કરાવ્યા તથા અનુપમાસરોવર અને કપર્દિયક્ષનો મંડપ તથા તોરણ વગેરે અનેક જિનધર્મનાં સ્થાનોની રચના કરી.

૫૭ વળી નન્દીશ્વર મંદિર માટે કાંટેલીયા પથ્થર નામના પથ્થરના બનાવેલા સોળ થાંભલાઓ પર્વત ઉપરથી જળમાર્ગે લઇ આવી સમુદ્ર કાંઠે ઉતારવામાં આવતા હતા ત્યાં એક થાંભલો કાદવમાં એવો ખુચી ગયો કે તપાસ કરતાં જડ્યો નહિ એટલે એને બદલે બીજા પથ્થરનો થાંભલો બનાવી મુકી મંદિર પૂરૂં કર્યું. બીજે વર્ષે સમુદ્રની ભરતીને પરિણામે બારામાં ખુચી ગયેલો એ જ થાંભલો બ્હાર નીકળી આવ્યો. મંત્રીની સૂચનાથી એ થાંભલો મંદિર આગળ લઇ જવામાં આવ્યો પણ એ જ વખતે મંદિરમાં ફાટ પડી એમ કહેવા આવેલા તે કઠોરવાણી બોલનાર માણસને મંત્રીએ સોનાની જીભ ભેટ આપી. ડાહ્યાં માણસોએ આ શું? એમ પૂછ્યું ત્યારે "હવેથી ગમે તેમ કરીને યુગાન્તે પણ તુટી ન પડે એવાં મજબુત ધર્મસ્થાનો લોકો કરાવે માટે ઇનામ આપ્યું છે." (એવો જવાબ આપ્યો) છેક પાયાથી લઇને એ મંદિરનો ત્રીજી વાર કરેલો જીર્ણોદ્ધાર હવે શોભે છે.

૫૮ શ્રી પાલિતાણામાં વિશાળ પૌષધશાળા કરાવી, પછી શ્રી સંઘ સાથે મંત્રી શ્રી ઉજ્જયન્ત (ગિરનાર) આવ્યા. ત્યારે ત્યાં ગિરનારની તળેટીમાં તેજલપુર ગામમાં નવો ગઢ બંધાવેલો જોઇને તથા તેમાં આશરાજ વિહાર અને જેને ઉપમા ન આપી શકાય એવું કુમારદેવી સરોવર જોઇને (ખુશી થયેલા) મંત્રીને સેવકોએ "બંગલામાં પધારો" એમ કહ્યું એટલે "શ્રી ગુરૂને યોગ્ય પૌષધશાળા છે કે

નહિ ?" એમ મંત્રીએ પૂછતા "એ તૈયાર થાય છે" એવુ સાભળીને અવિનયથી બ્હીતા મંત્રી બ્હાર ઉભા કરેલા તબુમા ગુરૂ સાથે રહ્યા અને સવારે ગિરનાર ઉપર ચડી નેમીનાથના ચરણકમળને પૂજીને પોતે કરાવેલા શત્રુજ્યાવતાર (શ્રી આદિનાથ)ના મદિરમા પુષ્કળ પ્રભાવના કરીને તથા ત્રણ કલ્યાણ (જન્મ, દીક્ષા તથા કેવળજ્ઞાન)ના ચૈત્યમા યોગ્ય પૂજા કરી મંત્રી ત્રીજે દિવસે ગિરનાર ઉપરથી નીચે ઉતરી જુએ છે તો બે દિવસમા પૌષધશાળા તૈયાર થઈ ગયેલી એટલે મની માથે ગુરૂને પણ ત્યા લઈ આવ્યા ગુરૂએ એ ઝડપથી કરેલા કામની પ્રશસા કરી તથા ધનામ આપી અનુગ્રહ કર્યો

૫૬ પ્રભાસક્ષેત્રમા શ્રી સોમનાથ પાટણમા ચન્દ્રપ્રભ સ્વામીને પ્રભાવનાથી નમસ્કાર કરીને તથા યથાયોગ્ય પૂજા કરીને પોતે કરાવેલા અષ્ટાપદ મદિરમા સોનાનો કળશ ચડાવી ત્યાના દાન આપવા યોગ્ય લોકોને દાન આપ્યુ પછી શ્રી હેમાચાર્યે શ્રી કુમારપાલને શ્રી સોમેશ્વરના આખુ જગત્ જાણે એમ પ્રત્યક્ષ દર્શન કરાવ્યા હતા એ વાત ત્યાના એકસો પદર વર્ષના ધાર્મિક પૂજારી પાસેથી સાભળી, તેના ચરિત્રથી મનમા ચકિત થયેલા મંત્રી પાછા ફરતા હતા તે વખતે લિંગધારી જૈન સાધુઓનું બરાબર આચરણ જોઇ તેમને અન્નદાન આપવાનો નિષેધ કર્યો આ તેઓનો પરાભવ જોઇને વાયડ ગચ્છના શ્રી જિનદત્તસૂરીએ પોતાના અનુયાયી શ્રાવક પાસેથી એ વખતે તો નભાવી લીધુ અને પછી પોતાના દર્શન તથા વદન માટે આવેલા મંત્રીને નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો

(૩૫) જે રીતે ખારા પાણી અદર ભરાવાથી રત્નાકર (સમુદ્ર) ગભીરતાને ધારણ કરે છે, તે રીતે જૈનશાસન પણ લિંગધારીઓ વડે ગભીરતાને ધારણ કરે છે

(૩૬) જે લિંગધારીઓનું મનમા ક્ષુભિત થઇને પણ સાધુઓ અનુકરણ કરે છે તેની પૂજાની ભમારથી બ્હીતા ધાર્મિક માણસોએ શા માટે ચર્ચા કરવી જોઇએ ? -

(૩૭) ઘણા પ્રતિમા ધારણ કરનારાઓ પણ આની આગળ પચખ્ખાન (અમુક વિષયોના ત્યાગનો નિયમ) લે છે પછી પોતાના દેશમા રહેનાર લિંગધારીઓની પૂજા ન કરવી એ વિરોધી વાત છે

(૩૮) લિંગ ધારણ કરીને તે ઉપર આજીવિકા ચલાવનારનો જેઓ લોકમા તિરસ્કાર કરે છે તે ખોટી બુદ્ધિવાળા જૈનધર્મના ઉચ્છેદના પાપથી લીંપાય છે.

જેવા તેને ઉભો કર્યો. તેણે આવીને સમુદ્રકાંઠે પડાવ નાખ્યો. અને પછી શહેરમાં પેસવાના રસ્તાઓ શત્રુનાં માણસોથી રોકાયેલા જોઇને તથા શહેરના વેપારીઓનાં મન વહાણુમાં બેસી ભાગી જવા તરફ છે એમ જોઇને તેણે દૂતો મોકલી શ્રી વસ્તુપાલ સાથે લડાઇનો દિવસ નક્કી કર્યો. પછી ચતુરંગ સેનાઓ જ્યાં સામે સામે થઇ, ત્યાં લૂણપાલ નામના એક ગુડજાતિના સુભટને વસ્તુપાલે આગળ કર્યો; તેણે ઘ્હાર નીકળીને " જો હું શંખ શિવાય બીજા કોઇને મારૂં તો કપિલા ગાયને માર્યાનું મને પાપ લાગે " એવી પ્રતિજ્ઞા કરીને " શંખ ક્યાં છે ?" એવી ધૂમ પાડી કે તરત જ " હું શંખ છું " એમ કહેતો એક લડવૈયો ઘ્હાર આવ્યો. એટલે તેને પાડી દીધો. ત્યાં એજ રીતે બીજો ઘ્હાર આવ્યો એટલે તેને પણ પાડયો. અને પછી " શું દરીઓ પાસે છે તેથી શંખો પણ ઘણા છે ?" એમ કહ્યું; ત્યાં તો એની શૂરવીરતાને વખાણતો તથા તેને પડકારતો મહા શૂરવીર શંખ પોતે જ ઘ્હાર આવ્યો. પછી જ્યાં એ ભાલાથી મારવા જાય છે ત્યાં એક જ ઘાયે શંખે ઘોડા સાથે તેને વીંધી નાખ્યો. એ પછી લડાઇમાં ઉતરેલા વસ્તુપાલે જેમ સિંહનું બચ્ચું હાથીનાં ટોળાંને વીખેરી નાખે તેમ શંખના સૈન્યને વીખેરી નાખ્યું અને તે

મતલબ કે મેરૂતુંગની યાત્રાની તારીખ સાચી છે. એશિવાય યાત્રાનું સવિસ્તર વર્ણન સુ. સ. (સ. ૧૦) કી. કૌ. (સ. ૯), વ. વિ. (સ. ૧૦ થી ૧૩), ધર્માભ્યુદય, વસ્તુપાલ ચરિત, વગેરેમા મળે છે. આ જુદા જુદા ગ્રન્થોની વિગતોમાં થોડો ફેર છે જે ધ્યાનપૂર્વક જોયો છે. દા. ત. મેરૂતુંગ અને સોમેશ્વર સંઘ ગિરનાર ગયા પછી સોમનાથ ગયા એમ કહે છે, જ્યારે ઉદય પ્રભ, અરિસિંહ અને બાલચંદ્રસૂરિ સંઘ સોમનાથ પહેલાં ગયો અને ગિરનાર પછી ગયો એમ કહે છે. પરંતુ આવી વિગતોની ચર્ચા, ઘણો વિસ્તાર માગે છે માટે, અહીં નથી કરી. એજ રીતે મેરૂતુંગે જે સત્કર્મોની નોંધ કરી છે તે અપૂર્ણ અને અસ્પષ્ટ છે. દા. ત. સરખાવોઃ સુ. સં. સ. ૧૧મા શત્રુંજયના સત્કર્મો નીચે પ્રમાણે કહ્યા છે.—

(૧) આદિનાથના મંદિર પાસે ઈન્દ્ર મંડપ બંધાવ્યો. (૨) નેમીનાથ અને પાર્શ્વનાથનાં મંદિરો બંધાવ્યા. (૩) સરસ્વતીની મૂર્તિ બેસારી, (૪) પૂર્વજોની મૂર્તિઓ કરાવી, (૫) હાથીઓ ઉપર તેજપાલની, પોતાની તથા વીરધવલની એમ ત્રણ મૂર્તિઓ બેસારી, (૬) અવલોકન, અમ્બા, શામ્બ અને પ્રદ્યુમ્ન એ ચાર શિખરો કરાવ્યા. (૭) જિન પતિના મંદિર આગળ તોરણ બંધાવ્યું. (૮) ભરૂચના સુવ્રત સ્વામીનું અને સત્યપુર (સાચોર)ના વીરનું એમ બે મંદિરો બંધાવ્યાં, (૯) જિનમૂર્તિની પછવાડે ભામંડળ માટે પૃષ્ઠપટ્ટ કરાવ્યું (૧૦) સુવર્ણનું તોરણ કરાવ્યું.

મેરૂતુંગનું વર્ણન કેવું ગડબડીયું છે એ આ વર્ણન સાથે ઉપરના ૫૬ મા પ્રબંધમાં આપેલ વર્ણનને સરખાવવાથી સ્પષ્ટ દેખાશે.

ચારે તરફ નાસી ગયુ પછી વહાણોના કાફલાવાળા સમયદને પણ મારી નાખ્યો એ પછી જ્યા લૂણપાલ મરણ પામ્યો હતો ત્યા લૂણપાલેશ્વરનું મંદિર કરાવ્યુ ૭૧

૬૨ એક વખત સોમેશ્વર કવિએ નીચેનુ કાવ્ય વસ્તુપાલને કહ્યું —

(૪૪) હે મંત્રી ! જેના લોકો વખાણ કરે છે એવા હમીરવડે, કમળને હલાવનારા તરંગોવાળા ઉંડા પાણીવડે, ચંચળ મગરના ટોળાનો પોતે ફોળીઓ ન થઇ જાય માટે અંદર સંતાઇ ગયેલા માછલાવડે, અને કાંઠા ઉપર ઉગેલા વૃક્ષોની હાર નીચે સુખે સુતેલી સ્ત્રીઓએ રચેલા ગીતોવડે, જેના ઉપર ચક્રવાકો ફરે છે અને જેની અંદર ઉર્મિઓ રમી રહી છે એવુ તમારૂં તળાવ શોભે છે ૭૨

---

૭૧ કી કૌ (સ. ૪ ૫) વ વિ (સ ૫) વગેરેમા વસ્તુપાલના પરાક્રમોના વર્ણનમા માત્ર ઉપર કહેલા શંખને હરાવ્યાનો ઉલ્લેખ છે મેરૂતુંગના સર્ઘયન્ન નામ કી કૌ વગેરેમા નથી પણ ચતુર્વિંશતિ પ્રબંધમા તથા વસ્તુપાલ ચરિતમા સાદીકરૂપે મળે છે કીર્તિ કૌમુદીકાર તો આયુદ્ધ શંખ સાથેજ થયાનુ જણાવે છે (જુઓ સ ૪ શ્લો ૬૬) આ શંખ કોણ હતો ? કીર્તિ કૌમુદી તો લાટના સિંધુરાજનો પુત્ર સંગ્રામસિંહ એજ શંખ એમ સ્પષ્ટ કહે છે (જુઓ સ. ૫ શ્લો. ૧ તથા ૪૧) સુ સ મા અમર પંડિતનો આશય પણ એવોજ જણાય છે (જુઓ સ. ૧ મા અમરનો ૩ જો, સ ૮ મા અમરનો ૨ જો તથા ૧૦ મા પણ અમરનો બીજો) આ સંગ્રામસિંહ કે શંખ તે ખંભાત નજીક વટકૂપ (બોધા પાસે આવેલુ વડવા તે વટકૂપ) નામના ગામનો કોઈ નાનો ઠાકરડો લાગે છે, એમ જુલ્હર કી. કૌ (જુઓ કી કૌ સ ૫ શ્લો ૭) તથા વસ્તુપાલ ચરિત ઉપરથી કહે છે વ વિ ની પ્રસ્તાવનામા હલાલ કહે છે કે આ શંખ ચાહુમાનવંશનો લાટનો રાજા હતો એ સિંહનો ભાઇ અને સિંધુરાજનો પુત્ર થાય આ શંખને એક વખત યાદવ રાજાએ કેદ કર્યો હતો અને પ્હેલા એકાદ વખત યાદવ રાજાને તેણે પાછો પણ હાંક્યો હતો યાદવ સિંઘણ અને મરૂ રાજાઓ વીરધવલ ઉપર ચડી આવ્યા તેમો લાભ લઇને ખંભાત પાછુ લેવા આ શંખે વસ્તુપાલ સાથે પ્હેલા વિગ્રહ અને પછી લડાઈ કરી છે (જુઓ કી કૌ સ ૪ વ વિ. સ ૫, સુ કી ક શ્લો ૧૩૯ અને હમ્મીરમદ મર્દન અં ૨ તથા તેની પ્રસ્તાવના) છેવટ આ લડાઇમા શંખનુ શુ થયું તે મેરૂતુંગે કહ્યું નથી પણ કી કૌ ઉપરથી સલાહ થઇ હોય એમ જણાય છે (જુઓ સ. ૫ ના છેલ્લા શ્લોકો) મેરૂતુ । જેને લૂણપાલ કહે છે તેને સોમેશ્વર ગુરૂ ભ્રાતિનો ભુવનપાલ કહે છે (જુઓ સ ૫ શ્લો ૪૩, ૪૪)

૭૨ આ ૪૪ મો શ્લોક સોમેશ્વરે લલિતા સરોવરના વર્ણનમા લખેલો એમ ઉપરોક્ત વરગિણીમા કહ્યું છે

૬૩ એક વખત ચિન્તામાં પડેલા મન્ત્રી જમીન તરફ જોતા હતા ત્યાં તે ઠેકાણે આવેલા સોમેશ્વરદેવે સમયને યોગ્ય નીચેનું પદ્ય કહ્યું:—

(૪૫) હે સરસ્વતીના મુખારવિન્દના તિલકરૂપ વસ્તુપાલ! તમે એકજ આત્મા વિશ્વ ઉપર ઉપકાર કરો એવા છો એવી સજ્જનોની વાણી સાંભળીને તમે શરમથી માથું નીચુ કરી જમીન તરફ જુઓ છો તેનો મતલબ હું જાણું છું. તમે પાતાલમાંથી બલિને ઉદ્ધારવાની ઇચ્છાથી વારંવાર ત્યાં જવાનો રસ્તો શોધો છો.૭૩

મન્ત્રીએ આ કાવ્યના પારિતોષિકરૂપે આઠ હજાર આપ્યા.

૬૪ વળી

(૪૬) કહ્યું ચામડી, શિબિએ માંસ, જીમૂતવાહને જીવ અને દધીચિએ હાડકાં આપ્યાં.

એ પ્રમાણે ત્રણ પટો પંડિતોએ કહ્યાં ત્યાં પં. જયદેવે—પણ વસ્તુપાલે તો વસુ (પૈસા) આપ્યું એમ સમસ્યા પૂર્તિ પેઠે કહ્યું અને મંત્રી પાસેથી ચાર હજાર મેળવ્યા.૭૪

૬૫ વળી સૂરીઓનાં દર્શન કરવાને વખતે કોઇ બરાબર સ્થિતિમાં આવી પડેલા દ્વિજાતિએ યાચના કરવાથી એ કામ માટે રાખેલાં માણસોએ કૃપા કરીને એક કપડું આપ્યું તે લઇને મન્ત્રીને નીચેનું સમયોચિત વચન તેણે સંભળાવ્યું:—

હે દેવ! કયાંક રૂ નીકળ્યું છે, કયાંક તાંતણા નીકળ્યા છે અને કયાંક કયાંક કપાશીઆ દેખાય છે. તમારા શત્રુઓની સ્ત્રીઓનાં ડુંપડાં જેવું અમારૂં કપડું છે.

એના ઇનામમાં મંત્રીએ પંદરસો આપ્યા.

૬૬ વળી ૭૫બાલચન્દ્ર નામના પડિતે શ્રીમંત્રીને કહ્યું કે,—

(૪૭) હે મંત્રીશ્વર, તારા તરફ ગૌરી (પાર્વતી તથા ગૌરઅંગવાળી સ્ત્રી) ને પ્રેમ છે, તારા ઉપર વૃષ (શંકરનો પોઠીઓ તથા ધર્મ) ને આદર છે. તમે ભૂતિ (ભસ્મ તથા લક્ષ્મી)થી યુક્ત છો, તમારામાં ગુણો શોભે છે અને

---

૭૩ આ ૪૫ મો શ્લોક સોમેશ્વરે કહ્યો એમ અહી તથા વસ્તુપાલ ચરિતમા કહ્યું છે. પણ ચતુર્વિંશતિ પ્રબંધમા અને ઉ. ત. મા નાનાક કવિએ કહ્યો એમ છે અને ઇનામમાં સુવર્ણ જીન્હા આપી એમ ઉ. ત. માં છે.

૭૪ ઉપદેશ તરંગિણીમાં જયદેવને બદલે જયંતદેવ નામ છે.

૭૫ આ બાલચન્દ્રે વસ્તુપાલ વિષે વસંત વિલાસ નામનુ કાવ્ય લખ્યું છે.

ગણો (શકરના ગણો તથા મનુષ્યોના સમૂહો) તમારી પાસે છે અથવા વધારે શું કહીએ? નક્કી ઈશ્વર (શકર) ની કળાવાળા તમે છો, તો તમારે બાલચન્દ્રને ઉચે ચડાવવો યોગ્ય છે (કારણકે શકરના કપાળે બાલચન્દ્ર છે) અને તમારા શિવાય બીજુ કોણ એ કરી શકે એમ છે?

આમ કહ્યા પછી તેની આચાર્યપદમા સ્થાપના કરવામા એક હજાર દ્રમ્મ મત્રીએ ખર્ચ્યા ૭૫

એક વખત ખ્લેચ્છરાજા સુલતાનના ગુરૂ આલિમ મક્કા તીર્થની યાત્રા માટે અહીં (ગુજરાતમા) આવેલો છે એવુ સાભળી તેને પકડવાની ઇચ્છાવાળા શ્રી લવણ પ્રસાદ તથા વીરધવને મત્રી તેજપાલને પૂછ્યુ, એટલે તેણે જવાબમા કહ્યું કે —

(૪૮) ધર્મ મત્રણામા કપટ પ્રયોગથી રાજાઓને જે લાભ મળે છે તે પોતાની માતાના શરીરને વેચીને મેળવેલા પૈસા જેવો છે

આ પ્રમાણે નીતિશાસ્ત્રનો ઉપદેશ કરીને વરૂઓના મોઢામાથી બકરીને છોડાવે તેમ તે બેના પજામાથી તેને છોડાવીને ભાતુ વગેરેથી તેનો સત્કાર કરીને તેને તીર્થ તરફ રવાના કર્યો કેટલાક વર્ષો પછી તે પાછો ફર્યો ત્યારે પણ મત્રીએ પોષાક વગેરેથી તેનો સત્કાર કર્યો, એટલે પોતાને કોણે જઈને એતો તીર્થની વાત કરવાની ભુલી જઈને શ્રી સુલતાન પાસે શ્રી વસ્તુપાલના જ વખાણ કરવા લાગ્યો પરિણામે તે સુલતાને "આજથી તમેજ અમારા દેશના રાજા છો એમ સમજવુ અને હું તો તમારો ભાલુ ઉપાડનાર સેવક છુ એમ સમજીને તમારે જે કાઇ હુકમ કરવો હોય તે કરવો" એવો મૈત્રી સૂચક પત્રમા આગ્રહથી દર વર્ષે સદેશો કહેરાવવા માડ્યો એટલે શ્રી મત્રીએ શ્રી નેમિનાથના મદિરને યોગ્ય શ્રી યુગાદિ જિનની મૂર્તિ માટે, મુગ્માણી૭૬ નામની ખાણુમાના પથરાથી પોતાને આ કામ સોપ્યુ એ માટે ધન્ય માનતા સુલતાનની રજાથી તૈયાર કરાવી, સેંકડો પ્રયત્ન વડે વસ્તુપાલે દેશમા આણી પણ તે મૂર્તિ ડુગર ઉપર ચડાવવામા આવતી હતી

---

૭૫ વસ્તુપાળની દાન પ્રશસા અહીં ટુકમા કરેલી છે પણ ઉપદેશ તરગિણીમા, જીનહર્ષકૃત વસ્તુપાલ ચરિતમા તથા રાજશેખર કૃત ચતુર્વિંશતિ પ્રબધમા વધારે વિસ્તાર મળે છે વળી પ્ર ચિ મા અને ઉ ત. મા ૧૬ હજાર, આઠ હજાર, ચાર હજાર એ રીતે દાનમા હજારોના આકડા છે, જ્યારે ચ ચિ પ્ર મા અને વસ્તુપાલ ચરિતમા વીસ લાખ, ચાર લાખ એ રીતે લાખો દ્રમ્મની વાત છે

૭૬ આ મુગ્માલી કે મગ્માણીખાણુનો જે વખત આજ પુસ્તકમા ઉલ્લેખ આવે છે એ ખાણ કયાની? અજમેરની?

ત્યાં શ્રી મૂલ નાયક (ઋષભનાથ) ના રોષથી[૭૭] કુંગર ઉપર વીજળી પડી. તે વખત પછી શ્રી મન્ત્રીવરને શ્રી આદિનાથે દર્શન આપ્યાં નહિ.

૬૮ કોઇક પર્વને દિવસે અનુપમા (તેજપાલનાં સ્ત્રી.) જૈન મુનીઓને યથેચ્છ રીતે, જેને કોઇની ઉપમા આપી ન શકાય એવું અન્ન દાન આપતાં હતાં, એ વખતે કાંઇક રાજ્ય કાર્યની ઉતાવળમાં શ્રી વીરધવલ દેવ એમને ઘેર આવ્યા તો બારણામાં જ શ્વેતાંબર મુનીઓને હાથ હલાવતા જોઇને, આશ્ચર્યથી મનમાં હસતા રાજાએ મંત્રીને કહ્યું, " હે મંત્રી ! મૂષ્ટ દેવ પેઠે ગણીને આ લોકોનો હમેશાં કેમ આવો સત્કાર કરતા નથી ? તમે જો એમ કરવા અશક્ત હો તો અર્ધો ભાગ મારો રાખો. અથવા મારા તરફથી જ હમેશાં બધું આપો એમ તો હું નથી કહેતો કારણ કે એમ કરવામાં તો તમને નકામી મહેનત જ થાય. " આવી તેના મુખ ચંદ્રમાંથી નીકળેલી વાણી વડે જેના મનનો તાપ શાંત થયો છે એવા મંત્રીએ જવાબ આપ્યો કે " મહારાજનો અર્ધો ભાગ શા માટે ? બધું આપનું જ છે " એમ કહીને મંત્રીએ વસ્ત્ર ભેટ કર્યું.

૬૯ એક વખત યતિઓને દાન આપતી વખતે, મુનીઓમાં પરસ્પર કચરાકચરી થવાથી તેઓને નમસ્કાર કરતી અનુપમાના વાંસા ઉપર સારી પેઠે ઘી ભરેલું ઠામ પડયું, એ જોઇને કોપેલા તેજપાલ મંત્રીને સાંત્વન આપતાં અનુપમાએ કહ્યું કે " તમારી – સ્વામીની કૃપાથી મુનીઓનાં પુણ્ય પાત્રમાંથી શરીર ઉપર ઘી પડીને અભ્યંગ થાય છે (એ મારું સહભાગ્ય છે.) આ રીતે તેના પૂર્ણ દાન વિધિથી ચકિત થયેલા મંત્રીએ પાંચ અંગને યોગ્ય ભેટ આપીને કહ્યું કે :—

(૪૯) પ્રિય વાણી સાથે કરેલું દાન, ગર્વ વગરનું જ્ઞાન, ક્ષમા યુક્ત શૌર્ય અને ત્યાગ સાથે પૈસો એ ચારેય સારી વસ્તુ દુર્લભ છે.

આ રીતે યોગ્ય વચન કહીને મંત્રીએ તેનાં વખાણ કર્યા આમ અનેક રીતે દાનવીર પણાની કસોટીને (અનુપમા) પોંચી હતી.

(૫૦) લક્ષ્મી ચંચળ છે, પાર્વતી ચંડી છે, શચીને શોકયનો દોષ લાગ્યો છે, ગંગા નીચે જનારી છે અને સરસ્વતીમાં વાણીનો જ સાર છે માટે અનુપમા અનુપમા છે.[૭૮]

---

૭૭ મંત્રી વસ્તુપાલ ઉપર મૂળ નાયકનો રોષ શા માટે થયો તે સમજાતું નથી. ટોની લખે છે કે " હું યે સમજતો નથી. "

૭૮ વસ્તુપાલ ચરિત્રને લગતા બીજા ગ્રન્થોમાં પણ આ અનુપમાની ઘણી પ્રશંસા કરેલી જોવામા આવે છે.

આ રીતે જૈનાચાર્યોએ તેની સ્તુતિ કરી છે

૭૦ વળી એક વખત પાય ગામની લડાઇમા શ્રી વીરધવલ અને લવણ પ્રસાદ ઉતર્યા હતા ત્યારે શ્રી વીરધવલની રાણી જયતલદેવી એ બે વચ્ચે મંધિ કરાવવા પોતાના પિતા શોભનદેવ પાસે ગઇ હતી ત્યા પિતાએ તેને પૂછ્યું કે " શું વિધવા થવાની બીક મંધિ કરાવવા આવી છો ? " આના જવાબમા પોતાના પતિ વીર ચુડામણિ વીરધવલને ઉન્નત સ્થાને ચડાવતા તેણે કહ્યું કે " ના, ના, પણ બાપના કુળનો નાશ થઇ જશે એ બીકથી વારવાર આ વાત કહું છુ, કારણ કે ઘોડાની પીઠ ઉપર જ્યારે એ વીરધવલ ચડશે ત્યારે એની સામે ઉભો રહે એવો શૂરવીર કોણ છે ? " આમ કહીને ક્રોધમા ને ક્રોધમા પાછી ચાલી નીકળી પછી એ લડાઇના ધમસાણમા ઘાની પીડાથી વ્યાકુળ થઇને શ્રી વીરધવલ જમીન ઉપર પડી ગયા —

(૫૧) પાય ગામની લડાઇમા તે ભયકર પરાક્રમ શાળી વીરધવલ ઘા વાગવાથી ઘોડા ઉપરથી જમીન ઉપર પડી ગયો પણ ગર્વથી પડયો નહિ અને તે આ રીતે પડવાથી બીજા વડવૈયાઓ કાયક પાછા પડવા લાગ્યા એટલે શ્રી લવણ પ્રસાદે " આતો એકજ અશ્વાર પડયો છે " એ રીતે કહીને પોતાના લશ્કરને ઉત્સાહ આપીને બધા શત્રુઓને રમતમા મૂળ માથે ઉખેડી નાખ્યા આ રીતે સત્ત્વ ગુણથી શોભતો વીરધવલ રણનો રસીયો હોવાથી બાપની આગળ એકવીશ વાર રણક્ષેત્રમા પડયો હતો.[૭૯]

૭૧ હવે વીરધવલનું આયુષ્ય પૂરૂ થવા આવ્યુ ત્યારે (પરલોકની) તીર્થયાત્રા કરવા ઉપડનારને[૮૦] પુણ્ય આપવાથી એક ગણુ દાનને હજાર ગણુ પુણ્ય એવી રૂઢી (કહેવત) હોવાથી શ્રી તેજ પાલે આખા જન્મનું સત્કર્મ આપ્યુ પછી તે ગાજા મરણ પામતા તેના તરફ સેવકોનો અતિ પ્રેમ હોવાથી તેની સાથે એકસોવીશ સેવકો પણ બળી મુઆ પછી તો શ્રી તેજ-

૭૯ ચતુર્વિંશતિ પ્રબન્ધમા આજ વાત જરા જુદી રીતે કરી છે અને જયતલ દેવીના ભાઇઓ-સાનણ અને ચામુડ નામના વામનસ્થલીના ધણી હતા, અને ત્યા આ યુદ્ધ થયેલુ એમ કહ્યું છે

૮૦ મૂળમા જો કે તીર્થપ્રસ્થિતેન પાઠ છાપ્યો છે એ પ્રમાણે તેજપાળ તીર્થ જવા નીકળેલા એવો અર્થ થાય પણ ચાર પ્રતોમા પ્રસ્થિતસ્ય પાઠ મળે છે (જુઓ મૂળ પૃ ૧૭૦) અને અર્થ સબધ જોતા એ ઠીક લાગે છે એટલે પ્રસ્થિતસ્ય પાઠ લઇને અર્થ કર્યો છે

પાલે સ્મશાનમાં પહેરેગીરો રાખીને લોકના ગે (વીરધવલની પાછળ બળી મરવાનો) આગ્રહને રોકયો.

(૫૨) બધી ઋતુઓ એક પછી એક આવે છે તથા જાય છે. પણ વીર વીરધવલ વગર માણસોના હૃદયમાં ઉનાળો અને આંખોમાં ચોમાસું એ રીતે બે ઋતુઓ એક સાથે ચાલુ રહેતી થઇ.

પછી શ્રી મંત્રીએ વીરધવલના પુત્ર વીસલદેવને ગાદીએ બેસાર્યો.[૮૧]

૭૨ શ્રી અનુપમા દેવીનું મરણ થતાં તેજપાલના હૃદયમાં આરૂઢ થઇ ગયેલો શોક કેમેય હટતો નથી એ જોઇને ત્યાં આવેલા શ્રી વિજયસેન સૂરિ જેવા ઉત્તમ પુરૂષે તેનો શોક જરા ટાટો પાડયો એટલે થોડી ચેતના (મનની દ્રઢતા) આવતાં કાંઇક (પોતાની નબળાઇ માટે) શરમાતા તેજપાળને સૂરિએ કહ્યું. "અમે આ પ્રસંગે તારો દંભ જોવા આવ્યા છીએ." ત્યારે શ્રી વસ્તુપાલે પૂછયું કે "એ વળી શું ?" એટલે ગુરૂએ જવાબ આપ્યો કે "તેજપાળ બાળક હતા ત્યારે તેના લગન માટે ધરણિગ પાસે તેની પુત્રી અનુપમાનું માગું કર્યું અને વેશવાળ નક્કી કર્યું. પછી તે કન્યા અતિશય કદરૂપી છે એમ સાંભળીને તે સંબંધ તોડવા માટે ચન્દ્રપ્રભ જિને પ્રતિષ્ઠા કરેલ ક્ષેત્રાધિપતિને આઠ દ્રમ્મનો ભોગ ધરાવવાની માન્તા તેજપાળે કરી હતી. હવે તે સ્ત્રીના વિયોગથી આ મનદુઃખ થાય છે. તો ગે બે વાતમાં સાચું શું ?" આ મૂળ સંકેતથી તેજપાળે પોતાના હૃદયને દ્રઢ કર્યું.

૭૩ એક વખત વૃદ્ધ મંત્રી વસ્તુપાલ શ્રી શેત્રુંજે જવાના છે એમ સાંભળીને પુરોહિત સોમેશ્વર દેવ એમને ત્યાં ગયા અને અનેક અમૂલ્ય આસનો મુકેલાં હોવા છતાં બેઠા નહિ અને ન બેસવાનું કારણ પૂછતાં કહ્યું કે:-

(૫૩) અન્નદાનો, પાણીના પીયાવા, તથા ધર્મ સ્થાનો વડે વસ્તુપાળે આખી પૃથ્વીને રોકી લીધી છે અને યશથી આકાશ મંડળને રોકી દીધું છે.

એટલે કયાંય ખાલી જગા ન હોવાથી બેસતો નથી. આ પ્રમાણે તેના કહેવાનું ચોગ્ય બનાવ આપીને તથા તેની રજા લઇને મંત્રી (યાત્રાને) રસ્તે પડયા.

૭૪ ૮૨આકેવાલીયા ગામે પોચતાં (તબીઅત બગડી) ગામડાની ગુંપડીમાં દર્ભાસન ઉપર બેઠેલા અને ગુરૂ જોને આરાધન કરાવે છે એવા

---

૮૧ શ્રી વીરધવલના મરણની તારિખ પ્ર. ચિ.માં આપી નથી પણ વિચાર. શ્રેણીમા સં. ૧૨૯૫ (કે ૯૮)ની સાલ આપી છે.

૮૨ જ્યાં વસ્તુપાલનો દેહ પડી ગયો તે આકેવાલીયા ગામ ધોળકેથી શેત્રુંજાના રસ્તામાં-જાત્રાના માર્ગમાં છે.

મનીએ આહાર છોડી દઈને છેલ્લી આરાધનાથી કવિના દોષોનો નાશ કરીને યુગાદિ દેવના નામનો જપ કરવા માંડયો

(૫૪) સત્પુરૂષો યાદ કરે એવું કાંઈ સત્કર્મ કર્યું નથી, માત્ર મનોરથ મા રહેનારાઓનું અભાગ્ય આયુષ્ય એમને એમ ગયું

આ વાકય પૂરૂ કરી 'અર્હંતોને નમસ્કાર છે' એમ બોલી સાત ધાતુ (રસરક્તાદિ)ઓથી બંધાયેલું આ શરીર છોડી દઈને પોતે કરેલા કર્મોનું ફળ ભોગવવા માટે સ્વર્ગે સીધાવ્યા ૮૩ તેને જ્યા અગ્નિસરકાર કર્યો તે ઠેકાણે નાના ભાઈ તેજપાળે તથા પુત્ર જૈત્રસિંહે શ્રીયુગાદિ દેવની દીક્ષા વરયાની મૂર્તિ પધરાવી સ્વર્ગારોહણ નામનું મંદિર બંધાવ્યું

(૫૫) આજે મારા પિતાની આશા સફળ થઈ અને માતાએ આપેલા આશીર્વાદોને આજે આજ ફુટયા કારણ કે ઋષભ દેવની યાત્રાએ જનારા બધા લોકોને, હું યાકયા વગર પ્રસન્ન કરી શકયો છું

(૫૬) સ્વાર્થના પાપોમાંથી જે લોકોએ કાંઈ સુકર્મ ન કર્યું, તેઓને હું ધૂળધોયાથી પણ અધમ સમજું છું

આ અને આવા શ્રી વસ્તુપાલ મહાકવિના પોતાના કાવ્યો છે

(૫૭) સ્વામીના ગુણોથી ભરેલો અને અભિમાન વગરનો એ વીરધવલ રાજા હતો, વિદ્વાનોએ જેને ભોજરાજાનું બિરૂદ આપ્યું છે એવો શ્રી વસ્તુ પાલ કવિ હતો,૮૪ મંત્રીઓમા એકજ મંત્રીશ્વર કહેવાય એવો તેજપાલ મંત્રી હતો અને તેની સ્ત્રી અનુપમા, ગુણોથી અનુપમ, પ્રત્યક્ષ લક્ષ્મી જેવી હતી

આ પ્રમાણે શ્રી મેરૂતુંગાચાર્ય રચેલા પ્રબંધચિંતામણિમા વસ્તુપાલ તેજપાલ સુધીના મહાપુરૂષોના યશવર્ણનનો ચોથો પ્રકાશ પૂરો થયો

---

૮૩ વસ્તુપાલના મરણની પત્ર મેરૂતુંગે તારિખ આપી નથી પરંતુ ચતુર્વિંશતિ પ્રબંધમા સ ૧૨૯૮ ની સાલ આપી છે (જુઓ નવી ગુજરાત સભાની આવૃત્તિ પૃ ૨૫૪)

૮૪ વસ્તુપાલને કવિ કહેલ છે એ ખોટું નથી, એનું રચેલ નરનારાયણાનંદ નામનું કાવ્ય ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝમા છપાઈ ગયું છે.

પ્રકારા પાંચમા.

પરચુરણ પ્રબંધો.

હવે પહેલાં કહેવાઇ ગયેલાં મહાપુરૂષોનાં ચરિત્રોમાંથી જે બાકી રહ્યાં તે તથા તે શિવાયનાં બીજાં આ પરચુરણ પ્રબંધમાં કહેવાનો આરંભ કર્યો છે. તે નીચે પ્રમાણે :—

૧ વહેતી શિપ્રા નદીના કાંઠા ઉપર આવેલા અવન્તી શહેરમાં પહેલાં વિક્રમાર્ક રાજા રાજ્ય કરતા હતા. તેમણે (એક વખત) સાંભળ્યું કે ધર્મશાળામાં આવેલા પરદેશી લોકો જમ્યા પછી જ્યારે સુઇ જાય છે ત્યારે ઉંઘમાંજ લાંબી (મરણની) નિદ્રામાં પડી જાય છે. આથી મનમાં આશ્ચર્ય પામીને એ બનાવનું રહસ્ય જાણવાની ઇચ્છાથી ત્યાં જઇને એ મરણનિદ્રામાં પડેલા લોકોનાં શરીરને કપડાંથી ઢાંકી દીધાં તથા એ વાતને પોતાના હુકમથી છાની રાખી. પછી નવા આવેલા મુસાફરોને એ જ રીતે જમાડી સંધ્યાકાળે તેના પગને માલીશ કરવા માટે તેલ તથા ગરમ પાણી મોકલ્યું. અને તેઓ એક પછી એક સુઇ ગયા ત્યારે મધરાતે હાથમાં તરવાર લઇને રાજા પોતે સંતાઇને ઉભો. એકાએક ત્યાં એક ખૂણામાં પહેલાં ધૂમાડો, પછી તેજરેખા અને છેવટ ફણાઓ ઉપરનાં પ્રકાશિત રત્નોની પ્રભાથી ઝળહળ શોભતા ભયંકર ફણાવાળા નાગને નીકળતો જોઇને એ દેખાવથી ચકિત થઇ ગયેલો રાજા જ્યાં હજી કુતૂહલથી જુએ છે ત્યાં તો તે સર્પોના રાજાએ તે દિવસે ત્યાં સુતેલાઓમાંના દરેકને 'પાત્ર શું?' એ રીતે પ્રશ્ન પૂછ્યો. અને તેઓએ પાત્ર તરીકે ધર્મને, ગુણને, તપને, રૂપને, કામ (ઇચ્છા)ને, કીર્તિને–વગેરે ને વિવિધપાત્રો તરીકે બતાવ્યાં અને પોતાના અજ્ઞાનથી તે સર્પનો શાપ પામીને દૈવેચ્છાથી એ લોકો મરણ પામ્યાં એવું જોઇને શ્રી વિક્રમરાજાએ તેની આગળ આવીને હાથ જોડીને કહ્યું કે :—

(૧) હે સર્પરાજ! જુદાજુદા ગુણના મેળને અનુસરીને સંસારમાં અનેક જાતનાં પાત્રો થાય છે પણ શ્રદ્ધાથી પવિત્ર થયેલું શુદ્ધ મન એ પરમ પાત્ર છે.

આ પ્રમાણે પોતાનો જ આશય આ રીતે શ્રીવિક્રમ કહે છે એમ જોઇને સંતોષથી તેને વરદાન માગવાનું કહ્યું. અને શ્રીવિક્રમે "આ વટમાર્ગુઓને ફરી જીવતા કરો" એ રીતે વરદાન માગીને શેષને વધારે પ્રસન્ન કર્યા.

આ પ્રમાણે શ્રીવિક્રમાર્કના પાત્ર પરીક્ષા પ્રબંધ પુરો થયો.

૨ એક વખત પાટલીપુર શહેરમા અતિશય આનદી નંદરાજા મરણ પામ્યા, પણ એ જ વખતે ત્યા આવી ચડેલા એક બ્રાહ્મણે બીજાના શરીરમા પ્રવેશ કરવાની વિદ્યાના બળથી રાજાના દેહમા પોતાનો અધિકાર જમાવ્યો આ બ્રાહ્મણ સાથે પ્હેલાથી થયેલા કરાર પ્રમાણે બીજા બ્રાહ્મણે રાજદ્વારમા આવીને વેદના (આશીર્વાદાત્મક) મત્રો સભળાવ્યા અને તે જીવતા થયેલા રાજાએ કોષાધ્યક્ષપાસે તેને લાખ સોનૈયા અપાવ્યા આ વાત સાભળીને મહામાત્યે વિચાર કર્યો કે નન્દરાજા પ્હેલા તો લોભી હતો, અને આ ઉદારતા તેનામા કયાથી આવી ? આમ બોલીને (-વિચાર કરીને) તે બીજા બ્રાહ્મણને પકડાવી તેની મારફત પારકાના શરીરમા પ્રવેશ કરનાર પરદેશીના શરીરની શોધ કરાવતા અમુક ઠેકાણે એક મડદાને અમુક માણસ સાચવે છે એવુ સાભળી તે મડદાને ચિતામા બાળી નાખી, અનુપમ બુદ્ધિવૈભવથી તે નંદને પહેલાની પેઠે તેના વિશાળ સામ્રાજ્યમા નિભાવી રાખ્યો

આ પ્રમાણે નન્દ પ્રબન્ધ પુરો થયો.

૩ જૂના કાળમા એક નામના મોટા ગામમા દેવાદિત્ય નામના વિપ્રને એક દીકરી હતી જે બાળક અવસ્થામા વિધવા થઇ હતી પણ અતિશય રૂપાળી હતી તેનું નામ સુભગા હતું તે દરરોજ સવારે સૂર્યને અર્ઘની અજલિ આપતી, તેવામા એને ખબર ન પડી એ રીતે સૂર્યે તેને ભોગવી અને એથી તેને ગર્ભ રહ્યો જ્યારે કોઇક રીતે આ કલક તેના માબાપના જાણવામા આવ્યુ ત્યારે તેઓએ શરમથી છુપી રાખવા જેવી આ વાત છે એમ તેને જણાવી પોતાના માણસો સાથે વતળી શહેરના પાદરમા મુકી દીધી ત્યાં તેણે દીકરો જણ્યો એ દીકરો ધીમે ધીમે મોટો થયો પછી મરજી ઉમ્મર ॥ છોકરાઓ 'નબાપો' કહીને તેનો તિરસ્કાર કરવા માંડયા એટલે તેણે પોતાની માને પોતે કોનો દીકરો છે તે પૂછયુ, પણ તેણે હું જાણતી નથી એમ કહ્યુ, એટલે પોતાના જન્મના કલકથી વિરકત થઇને તેણે મરવાનો વિચાર કર્યો ત્યા સૂર્ય પ્રત્યક્ષ દર્શન આપીને તેનું સાંત્વન કર્યું, તથા "તારી માતા સાથે સબધ કરનાર હું સૂર્ય છુ" એમ કહી તેના હાથમા કાકરા આપ્યા અને "જે કોઇ તેને કનડવા આવે તેની તરફ આ ફેંકવાથી એ શિલારૂપ થઇ જશે પણ કોઇ નિરપરાધી ઉપર ફેંકવામા આવશે તો તને નુકસાન કરનાર થશે" એટલું કહીને સૂર્ય અદશ્ય થઇ ગયા પછી પોતાને કનેડનાર કેટલાક માણસોને આ રીતે

તેણે માર્યાં એટલે શિલાદિત્ય એવું તેનું અને તેના વંશનું નામ પડી ગયું. પછી ત્યાંના રાજાએ તેની પરીક્ષા જોવા માટે તેની કનેડગત કરી એટલે તે રાજાને શિલાથી એ જ રીતે મારી નાખી તે પોતે જ રાજા થઇ પડયો. વળી સૂર્યે આપેલા ઘોડા ઉપર ચઢીને આકાશચારી પેઠે મરજી પ્રમાણે ગમે ત્યાં ફરતા તે રાજાએ પોતાના પરાક્રમથી સર્વ દિશાઓ જીતી લઈ લાંબા વખત સુધી રાજ્ય કર્યું. આ રાજાને જૈનમુનિઓના સંસર્ગથી સમ્યક્ જ્ઞાન થયું હતું અને તેણે શ્રી શેત્રુંજાનો મહાતીર્થ તરીકે મોટો મહિમા જાણીને તેનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

૪ એક વખત આ શિલાદિત્ય રાજાને સભાપતિ બનાવીને ભરાયેલી ચારે અંગ યુક્ત સભામાં જે હારે તેણે દેશ છોડી દેવો એવો કરાર કરીને શ્વેતાંબર જૈનો અને બૌદ્ધો વચ્ચે વાદ થયો. પણ તેમાં હારી જવાથી શ્વેતાંબરોને પોતાના દેશમાંથી આ રાજાએ કાઢી મુકયા. એ વખતે આ શિલાદિત્ય રાજાનો નહાની ઉમ્મરનો મલ્લ નામનો એક ભાણેજ (જૈન ધર્મી હોવા છતાં) રહી ગયો તેની ઉપેક્ષા કરીને વિજયી અને વિજયના અભિમાની બૌદ્ધો શેત્રુંજા ઉપર મૂલ નાયક શ્રી આદિ તીર્થંકરનું, તેને બુદ્ધ રૂપ માનીને પૂજન કરતા નીરાંતે રહેવા લાગ્યા. પણ એ મલ્લ ક્ષત્રિય કુલમાં ઉત્પન્ન થયેલો હોવાથી તે વેરને ભુલ્યો નહિ અને તેનો બદલો લેવાની ઇચ્છાથી, અને જૈન ધર્મી તો એ દેશમાં કોઇ ન હોવાથી, તે બૌદ્ધો પાસે જ ભણવા લાગ્યો. અને રાત દિવસ એમાંજ ચિત્ત હોવાથી એક વખત ઉનાળાના દિવસોમાં, મધરાતે – જ્યારે શહેરનાં બધાં લોકો ઉંઘમાં આંખ મીંચીને પડયાં હતાં ત્યારે, આ મલ્લ દિવસે નવો શીખેલો શાસ્ત્ર પાઠ અત્યંત એકાગ્રતાથી ગોખતો હતો. હવે એજ વખતે આકાશમાં ફરતાં સરસ્વતી દેવીએ " શું મીઠું ? " એમ અવાજ કરીને પૂછ્યું. અને તેણે ચારે તરફ જોતાં કોઇ બોલનારને ન જોયું એટલે ' વાલ ' એમ તેને જવાબમાં કહી દીધું. આ વાતને છ માસ વીત્યા પછી ફરી એજ સમયે પાછાં ફરતાં દેવીએ ' શેની સાથે ' ? એ રીતે વળી પૂછ્યું. અને તેજ વખતે પહેલાંની વાત યાદ આવતાં ' ગોળ અને ઘી સાથે ' એવો જવાબ તેણે આપ્યો. આ તેની સાવધાનતાથી ચકિત થઇને દેવીએ ' અમે તે વરદાન માગી લે ' એમ કહ્યું. ત્યારે મલ્લે " બૌદ્ધોને હરાવવા માટે એક પ્રમાણ ગ્રન્થ આપો " એવી પ્રાર્થના કરી એટલે દેવીએ નય ચક્ર નામનો ગ્રન્થ આપવાની કૃપા કરી. હવે દેવીની કૃપાથી જૈને તત્ત્વ

જ્ઞાન થઈ ગયું છે એવા મલ્લે શ્રી શિલાદિત્યની રજા લઈને બૌદ્ધોના મઠોમાં ' ખડ અને પાણી ' ફેંકાવીને[૧] રાજાની સભામાં પહેલાનો જ કરાર કરીને (વાદ શરૂ કર્યો) અને તેના કંઠમાં અવતરેલા શ્રી સરસ્વતી દેવીના બળથી થોડા વખતમાં જ શ્રી મલ્લે બૌદ્ધોને નિરુત્તર કરી દીધા એટલે રાજાની આજ્ઞાથી બૌદ્ધોને દેશમાંથી કાઢી મુકવામાં આવ્યા, અને જૈન આચાર્યોને બોલાવવામાં આવ્યા અને તે મલ્લ બૌદ્ધોને જીતેલા હોવાથી વાદી (મલ્લવાદી) કહેવાવા લાગ્યા એ પછી રાજાની પ્રાર્થનાથી ગુરુએ નેને ધનામમાં સૂરિપદ આપ્યું આ શ્રી મલ્લવાદી સૂરિ નામના ગણધર જૈન ધર્મના પ્રભાવક હોવાથી તેમની નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવ સૂરિએ પ્રગટ કરેલ શ્રીરતભનક તીર્થની[૨] વિશેષ ઉન્નતિ કરવા માટે ત્યાં ચિન્તાયક તરીકે યોજના કરી

આ પ્રમાણે મલ્લવાદિ પ્રબંધ પુરો થયો[૩]

૫ હવે મરુમંડળ (મારવાડ) માં એક નાના ગામડામાં કાકૂ અને પાતાક નામના બે ભાઈઓ રહેતા હતા તેમાંથી નાનો (પાતાક) ભાઈ પૈસાવાળો હતો અને મોટો તેના ઘરના ચાકર પેઠે રહેતો હતો એક વખતે ચોમાસાની મધરાતે આખો દિવસ કામ કરીને થાકી ગએલો કાકૂ સુતો

---

૧ તૃણોદક – ખડ અને પાણી (એક વાસણમાં) ભરીને ફેંકવું કે સામાના ઘર આગળ ઢોળવું એ વાદ કરવામાટે આવ્હાન રૂપ ગણાતું એમ લાગે છે આજ ગ્રંથમાં ત્રીજા પ્રકાશમાં શ્રી દેવસૂરિના પ્રબંધમાં પણ આ તૃણોદક– (ખડ અને પાણી) ફેંકવાનો ઉલ્લેખ આવે છે

૨ આ રતભન કે રથભન તીર્થ એટલે ખભાત નહિ પણ ખેડા જીલ્લામાં આણંદ તાલુકામાં ઠાસરાથી દશ મૈલ છેટે શેઢી નદી ઉપર આવેલું થાના કે થાભણા, એમ બુલ્હર (Arisinha p 75 માં) કહે છે તે બીજા તજજ્ઞોને પણ માન્ય છે

૩ આ મલ્લવાદી સૂરિનો પ્રબંધ પ્રભાવક ચારિતમાં તેમજ ચતુર્વિંશતિ પ્રબંધમાં મળે છે વલ્લભીપુરમાં વલ્લભી રાજ્ય કાળમાં જૈનો અને બૌદ્ધો બેય વસતા હોવાનું બીજા ઐતિહાસિક સાધનોથી અનુમાન થઈ શકે છે ઉપરની દંતકથા એ અનુમાનને ટેકો આપે છે પરંતુ મલ્લવાદી પ્રબંધનું છેવટનું કથન અવિશ્વસનીય છે કારણ કે વલ્લભીના નાશ પછી ઘણે કાળે વિ સં ના બારમા શતકના પૂર્વાર્ધમાં નવાંગવૃત્તિકાર, અભયદેવ સૂરિ વિદ્યમાન હતા એમ એના ગ્રંથોની પ્રશસ્તિઓ ઉપરથી જણાય છે (જુઓ જૈન ગુર્જર કવિઓ બીજો ભાગ ખરતર ગરછની પટ્ટાવલી પૃ ૬૭૪, ૬૭૫)

મલ્લવાદી આચાર્યે ધર્મોત્તરની ન્યાય બિંદુ ટીકા ઉપર ટીકા લખી છે એમ પીટર્સનના ચોથા રિપોર્ટ (પૃ ૪) ઉપરથી જણાય છે

હતો ત્યાં તેને નાના ભાઇએ કહ્યું કે ભાઇ આપણા ક્યારાઓની પાળો પાણીના પૂરથી તુટી ગઇ છે અને તું તો નિશ્ચિંત (પડ્યો) છે. આ રીતે ઠપકો મળવાથી તેણે પથારી છોડી દઇને પોતાની નિન્દા કરતાં કોદાળી ખભે નાખી એ તરફ જઇને જોયું તો તુટેલી પાળોને ફરી સરખી કરવાનું કામ કરતાં માણસોને જોયાં: એટલે "તમે કોણ છો ?" એમ પૂછ્યું. અને તેઓએ "અમે તમારા ભાઇના ચાકરો છીએ" એમ જવાબ આપ્યો. ત્યારે તેણે પૂછ્યું કે "ક્યાંય મારા ચાકરો છે ?" અને તેઓએ "વલભીમાં છે" એમ કહ્યું. અને તે પણ તક મળતાં એક માટલામાં પોતાનો બધો સામાન ભરી, એ માટલું માથે ઉપાડી વલભી પોચ્યો. અને દરવાજા પાસે રહેતા ગોવાળીઆઓની પાસે રહેવા લાગ્યો. અત્યંત દુબળો હોવાથી જેને લોકો 'રંક' કહેતા તે કાકૂ ખડનું ઝુંપડું પોતાને માટે બનાવી લઇ તેને આધારે રહેવા લાગ્યો. એ અરસામાં એક કાપડી (બાવો)[૪] કલ્પપુસ્તકને અનુસરી બનાવેલો સિદ્ધરસ તુંબડીમાં ભરી ગિરનારથી નીકળી રસ્તામાં ચાલ્યો જતો હતો ત્યાં તેને વલભીના પાધરમાં 'કાકૂય તુંબડી' એવી આકાશવાણી સંભળાણી. તેને મનમાં આશ્ચર્ય સાથે બીક લાગી (કે આ રસની કોઇને ખબર પડી ગઇ કે શું ?) એટલે વાણીઆના વેષમાં રહેલા આ રંકના ઘરમાં, એનું નામ રંક હોવાથી તેના ઉપર શંકા રાખ્યા વગર (એટલે કે બીચારો રંક છે તે કાંઇ બોટું કામ કરશે નહિ.) તે રસથી ભરેલી તુંબડી યાપણ તરીકે રાખી. અને પછી સોમેશ્વરની યાત્રા કરવા ગયો. પછી કોઇ તહેવારના દિવસે કાંઇક સારૂં રાંધવા રંકે ચુલા ઉપર તપેલી મુકી નીચે તાપ કર્યો ત્યાં તેની ગરમીથી (ઉપર લટકતી) તુંબડીના કાણામાંથી ઝરેલા રસના ટીપાથી પેલી તપેલી (ત્રાંબાની) સોનાની થઇ ગઇ. આ જોઇને તે વાણીઆએ 'એ સિદ્ધરસ છે, એવો નિર્ણય કરીને તે તુંબડી સાથે ઘરની બધી વસ્તુઓ બીજે રાખી, પોતાનું ઘર દીવાથી બાળી નાખ્યું. અને શહેરને બીજે દરવાજે મોટો મહેલ ચણાવી તેમાં એ રહેવા લાગ્યો. પછી એક વખત પુષ્કળ ઘી વેચનારી કોઇ (રબારણ)નુ ઘી પોતે તોળીને લેતો હતો ત્યાં એ ઘી ખુટતુ જ નથી એવું જોઇને ઘીના ઠામમાં નીચે કૃષ્ણચિત્રકુંડલિકા[૫] છે એમ વિચાર કરીને કાંઇક કપટ યુક્તિથી તે ચોરી લઇ તેણે ચિત્રકસિદ્ધિ મેળવી.

૪ ગિરનાર વગેરે પર્વતોમા રહેતા બાવાઓની ગિરનાર વગેરેની યાત્રા, તપશ્ચર્યા, વગેરેનાં વર્ણનવાળા તથા કામીયા વગેરેની વાતોથી ભરેલાં–મોટે ભાગે–બાવા સાધુઓમાં પ્રચલિત પુસ્તકો – કલ્પ પુસ્તકો કહેવાય છે.

૫ આ ઉપર વર્ણવી છે તેવી એક બીજી સિદ્ધિનું નામ છે. ચિત્રક તો એક

અને પછી તેના અગણિત પુણ્યના પ્રભાવથી તેને એક વખત સુવર્ણ પુરુષસિદ્ધિ[૬] પણ મળી ગઈ આ રીતે ત્રણ પ્રકારની સિદ્ધિથી કરોડોની સંખ્યામાં ધનનો સંગ્રહ કર્યા છતાં તે અતિશય લોભી હોવાથી કોઈ સત્પાત્રને આપવામાં, કોઈ તીર્થમાં કે કોઈના ઉપર દયા આવીને એની લક્ષ્મીનો વ્યય થાય એ તો દૂર રહ્યું પણ બધા લોકો પાસેથી ધન હરી લેવાની ઇચ્છાવાળો તે હોવાથી તેની લક્ષ્મી કાળગત્રી જેવી આખા વિશ્વને દેખાતી હતી હવે એક વખત તેની દીકરીની રત્નો જડેલી કામકી રાજાએ પોતાની દીકરી માટે બળાત્કારે હરી લીધી, એટલે એ બાબતના વિરોધથી તે પોતે ભ્રેચ્છ દેશમાં ગયો અને વલભીના નાશ માટે ભ્રેચ્છ રાજાએ માગેલા કરોડો સોનૈયા તેને આપી વલભી તરફ (ભ્રેચ્છ રાજાના લશ્કર સાથે) પ્રયાણ કર્યું પણ એ ભ્રેચ્છ રાજાનો એક છત્રી ધરનાર, જેના ઉપર જરાકે કોઈ જાતનો ઉપકાર કર્યો નહોતો, તેણે એક દિવસ પરોઢીઆ વખતે રાજા અર્ધો ઉઘમાં અને અર્ધો જાગતો પડયો હતો ત્યારે પહેલેથી કોઈ માણસ સાથે સંકેત કરી રાખી તેની સાથે નીચે પ્રમાણે વાતચિત કરી "ભાઈ, આપણા રાજા પાસે કોઈ મૂર્ખ ન હોય એવો સલાહકાર નથી, નહિ તો ઘોડેસ્વાર લશ્કરનો સ્વામી આ રાજેન્દ્ર, જેના કુળ કે શીળની ખબર નથી એવા એક અજાણ્યા નામે અને કામે પણ રંક એવા માગ કે બગાસ વાણીઆના કહેવાથી સૂર્યના દીકરા શિવાદિત્ય સામે કાંઈ ચાલી નીકળે?" આવી હિત કારક તથા સાચી વાત સાંભળીને કોઈક મનમાં વિચાર કરીને તે દિવસે

સ્પતિ (ગ્રહ ચિત્રો) નું નામ છે કાળા કુલવાળી એની બહેનને કૃષ્ણ ચિત્રક કરી રાખાય પણ કૃષ્ણ ચિત્રક કુહવિદ્યા શું? ગુજરાતી કુંડળી શબ્દ ઉપરથી આ આખો શબ્દ કોઈ જ્યોતિષની આકૃતિ (Astrological diegram) નો વાચક છે એમ ટોની કહે છે

૬ સુવર્ણ પુરુષ સિદ્ધિનો આગળ આજ ગ્રંથમાં એક બે વખત ઉલ્લેખ આવી ગયો છે માણસ જેવડી મોટી સોનાની મૂર્તિમાંથી જેટલું તેટલું સોનું કાપી લેવા છતાં એ મૂર્તિ પાછી પહેલા જેવી અખંડ થઈ જાય એનું નામ સુવર્ણ પુરુષ સિદ્ધિ

આ રંક કે કાકૂને સુવર્ણ પુરુષ સિદ્ધિ કેવી રીતે મળી તે બાબતનું એલ્બીરૂનીએ નીચે પ્રમાણે વર્ણન કર્યું છે (ઇન્ડો ગ્રીક' નું ભાષાંતર પૃ ૧ પૃ ૧૯૨) એ કહે છે રંક કૂવો વેરવાનો ધંધો કરતો હતો તેણે એક ગામ બીજા પાસેથી એક મૂર્તિ ખરીદી જે કોઈ ક્ષીરી (દૂધ નીકળે એવા) વૃક્ષનો રસ અડતા સોનાની થઈ આ રંક પોતે રહેતો પોતાના ઘરમાં પણ તેણે ધીમે ધીમે પોતે રહેતો તે આખું શહેર ખરીદી લીધું

રાજાએ આગળ ચાલવામાં વિલંબ કર્યો. પણ રૂંકે આ શંકા જવાથી ચાલાકીથી આ વૃત્તાન્ત જાણી લઇને સોનું આપીને તે છત્રી ધરનારની સોનાની ભૂખ શાંત કરી. પરિણામે બીજે દિવસે પરોઢીએ એજ છત્રી ધરનારે (પહેલાં પેઠે ચર્ચા ચલાવતાં) કહ્યું કે "વિચાર કરીને કે વિચાર કર્યા વગર મહારાજાએ પ્રયાણ તો કર્યું છે. એટલે હવે તો 'સિંહની તડાપ' ના ધોરણે રાજા આગળ પ્રયાણ કરે એમાં જ એની શોભા છે. કારણ કે કહ્યું છે કે:—

(૧) સિંહને લોકો મૃગોનો રાજા કહે કે મૃગોનો શત્રુ કહે પણ જેણે રમતમાં હાથીઓને મારી નાખ્યા છે તે સિંહને તો બેય રીતે શરમની જ વાત છે.

અને આ નિઃસીમ પરાક્રમવાળા રાજાની સામે કોણ થઇ શકે એમ છે?"

તેની આવી વાણીથી ઉત્સાહમાં આવીને મ્લેચ્છ રાજાએ પૃથ્વી અને આકાશ વચ્ચેના પોલાણને લડાઇની ભેરીના અવાજથી ભરી દેતાં આગળ પ્રયાણ કર્યું. બીજી તરફથી તે દિવસે વલભીમાં અમ્બાની અને ક્ષેત્રપાલની મૂર્તિઓ સાથે શ્રી ચન્દ્રપ્રભની મૂર્તિ અધિષ્ટાતાના બળથી આકાશ માર્ગે ઉડીને શ્રી સોમનાથ પાટણમાં જઇ ત્યાં સ્થિર થઇ.[૭] રથ ઉપર ચડેલી શ્રી વર્ધમાનની પ્રતિમા અધિષ્ઠાતાના બળથી અદૃષ્ટ રીતે ચાલતી આશ્વિનની પૂર્ણિમાએ શ્રીમાળપુર પોચી. બીજી પણ ચમત્કારવાળી દેવ મૂર્તિઓ યથાયોગ્ય સ્થળે ચાલી ગઇ. શ્રી વર્ધમાનસૂરિને ઉત્પાતના સૂચન વિષે તે નગરની નગરદેવતા સાથે નીચે પ્રમાણે સંવાદ થયો.

---

૭ આ રીતે જે સ્થાનનો વિનાશ પાસે આવ્યો હોય તે સ્થાનની સ્થાન દેવતાઓ ત્યાંથી બીજે ચાલી જાય છે એ માન્યતા કેવળ ભારત વર્ષમાં જ હતી એવું નથી. શ્રી. ફાર્બસ સાહેબે આ બાબતમાં સરસ નોંધ કરી છે. વર્જીલ (Aeneid II 351 – 3) માંથી ઉતારો કરીને તેઓ કહે છે કે પ્રાચીન પ્રજાઓમાં જ્યારે જ્યારે માથે ભય ઝઝુમતું હોય ત્યારે દેવોની મૂર્તિઓને તે ન ઉડી જાય માટે સાંકળોથી બાંધી રાખતા. ફીનીશીઅન લોકો મેલકાર્થની મૂર્તિને લગભગ હમેશાં બાંધી રાખતા, રોમન લોકો જે શહેરને પોતે ઘેરો ઘાલવાના હોય તેના દેવોની પ્રાર્થના કરતા. કાવ મીલ્ટનની નીચેની પંક્તિ ટૉનીએ ટાંકી છે'—

The parting genious is with sighing sent. ક્ષેત્રપાલનો અર્થ genious loci પ્રો. લ્યુમેને કર્યો છે. (જુઓ રાસમાળા મૂળ પૃ. ૧૩, ગુ. ભા. ત્રીજી આવૃત્તિ પૃ. ૧૬ ટિ. ૧ અને ટૉનીનું પ્ર. ચિં. નું અંગ્રેજી ભાષાંતર પૃ. ૧૭૪ ટિ. ૪)

(૨) હે સુન્દરિ, તું કોણ છો તે કહે, તુ કેવી જેવી છો, છતા કેમ રૂએ છે? ભગવન્ હું વલભીપુરનો વિનાશ સ્પષ્ટ દેખુ છુ તમારા સાધુઓને ભિક્ષામા મળેલુ પાણી લોહીરૂપ થઇ જશે, પણ જ્યા એ લોહી પાછુ પાણી થાય ત્યા મુનિઓએ સ્થિર થઇને રહેવુ

આ રીતે ઉત્પાતો થવા લાગ્યા, ગ્લેચ્છોનું લશ્કર શહેરના પાદરમા આવી પહોચ્યુ, દેશના નાશના કલકની કાળી ટીલી જેને માથે ચોટી છે એવા રંક સોનાની લાચો આપીને પચશબ્દ વગાડનારાઓને ફોડી નાખ્યા હતા એટલે શિલાદિત્ય રાજા જેવો ઘોડા ઉપર ચડવા તૈયાર થયો તેવો જ એ લોકોએ પોતાના વાઘોનો એવો કઠોર અવાજ કરી મુક્યો કે તેનો ઘોડો ગરૂડ પેઠે આકાશમા ઉડી ગયો અને એમ થતાં શુ કરવુ એ જેને સુઝતું નહોતું એવા શિલાદિત્યને તેઓએ મારી નાખ્યો

અને પછી તેઓએ રમતમા વલભીનો નાશ કર્યો[૯]

(૩) વિક્રમના ૩૭૫ વર્ષ ગયા ત્યારે વલભીનો નાશ થયો[૧૦]

---

૮ પચ શબ્દ એટલે પાચ જાતના વાજાઓ 'પચ શબ્દ' સમધિગત પચમહાશબ્દ એ રીતે ઉત્કીર્ણ લેખોમા પણ પુષ્કળ વપરાયેલો જોવામા આવે છે પુરાતત્ત્વના પાઠકે પાચ શબ્દમા શૃગ (शीगड – horn), તતમ્, શખ, ભેરી અને જયઘટા, એ પાચ ગણાવેલ છે (જુઓ Indian Antiquary Vol XII P 96) જ્યારે ગ્રાઉસેએ તંત્રી, તાલ, ઝાઝ, નગારૂ, અને શરણાઈ જેવુ પાચમુ વાદ્ય (જુઓ I A Vol V p. 354) વળી નીચેના શ્લોકમા પચ શબ્દ નીચે પ્રમાણે બતાવેલ છે—

आहत अनाहत दण्डकाहत वाताहत कांसलादि कठय पटहादिक वीणा दिक च भेर्यादि पचशब्दमिद स्मृतम् ॥ (સાધુ કીર્તિની શેષ સગ્રહ નામ ગાથા ૨ – ૧૪૧ – ટોની પૃ ૨૧૪)

૯ અલબીરૂની કહે છે (સચાઉનુ ભાષાતર ગ્રથ ૧ પૃ ૧૯૨ – ૧૯૩) કે રંક પોતાના પૈસાથી ખરીદેલુ એક શહેર (વલભી) વલ્લભીના રાજાએ પાછુ ખરીદી લેવા ઈચ્છા કરી, રંક ના પાડી પણ રાજાના ક્રોધથી ડરીને તે રંક અલમ સૂરના રાજા પાસે ગયો તેને પુષ્કળ નાણાની ભેટ કરી, અને દરીઆઇ લશ્કર વડે મદદ કરવાની તેની પાસે માગણી કરી અલમ સૂર રાજાએ તેની માગણી સ્વીકારી અને મદદ કરી. એટલે તેણે રાતમા વલભીના રાજા ઉપર હુમલો કર્યો તેને મારી નાખ્યો અને તેના બધી વસ્તીનો તથા ગામનો નાશ કર્યો

૧૦ ઉપર પ્રમાણેમા તારિખ આપી છે તેથી જુની જાતની અને ઐતિહાસિક પુરાવાને વધારે અનુરૂપ તારિખ જિનપ્રભ સૂરિના તીર્થ કલ્પમા આપી છે (જુઓ મૂળ પૃ ૧૭૮ ટિ૪) ઉપરની તારિખ વલભી સવત્નો વિ સ ૩૭૫ મા આરભ

આ રીતે શિલાદિત્ય રાજાની ઉત્પત્તિનો, રંકની ઉત્પત્તિનો તથા વલભીના નાશનો ત્રણ પ્રબંધો થયા.

શ્રી રત્નમાળ નગરમાં, પહેલાં શ્રી રત્નશેખરનામના રાજા રાજ્ય કરતા હતા. એક વખત તેઓ દિગ્વિજય કરીને પાછા આવ્યા ત્યારે

થાય છે તેની તારિખ છે. ભ્રમથી એ નાશની તારિખ તરીકે ઉપરનાં વચનમાં ગણાઈ ગઇ લાગે છે એ રાસમાળાના કર્તાનો તર્ક ઠીક છે. (ગુ. ભાષાંતર પૃ. ૨૦) તીર્થ કલ્પમાં વિક્રમનાં ૮૫૦ વર્ષ જતાં વલ્લભી ભાગી, તેના રાજાને માર્યો, પછી હમ્મીર પોતાને ઠેકાણે ગયો તે પછી બીજે ગઝનીનો રાજા ગૂર્જરને ભાગીને વળતાં સત્યપુર (સાચોર) આવ્યો, એવું કથન છે.

વલ્લભી વંશના તામ્રપત્રો પુષ્કળ મળ્યા છે અને એ ઉપરથી એ વંશની વંશાવળી લગભગ ચોક્કસ જાણવામાં આવી છે. અને વલ્લભી વંશની સમાપ્તિ ઈ. સ. ૭૬૬ (વિ. સ. ૮૨૧) પછી – તરતમા થઈ છે એવું હાલમા પુરાતત્વજ્ઞો માને છે. જુઓ ભાગ્ય ગેઝીટીઅર, ડફની ક્રોનોલોજી (પૃ. ૬૭) અને ભારત કે પ્રાચીન રાજવંશ દ્વિતીય ભાગ પૃ. ૩૭૨.

વલ્લભીનો નાશ કેવી રીતે થયો એ બાબતમા એક દંતકથા પ્ર. ચિં. માં આપી છે. એલ્ફીન્સ્ટનો (જુઓ ટિ. ૯) એ આપેલી દંતકથા પ્ર. ચિં. વાળી દંતકથાને કઈક મળતી છે એથી જુદી જાતની દંતકથા અજૈન હિન્દુઓમાં ચાલે છે એ ધ્રુવભલ્લની વાર્તા રાસમાળામાં ઉતારી છે (જુઓ ગુજરાતી ભાષાંતરની ત્રીજી આવૃત્તિ પૃ. ૧૭.) આને લગતી અવમૂતના અભિશાપની વાત 'અનંગ પ્રભા 'અથવા વલ્લભીપુરનો વિનાશ' નામની ગુજરાતી ભેટમા પણ આપી છે (જુઓ પૃ. ૧૪૧ થી ૧૪૭). પણ આ દંતકથામા કશું ઐતિહાસિક તત્વ નથી એવું ફાર્બસ સાહેબનું કથન યથાર્થ લાગે છે. (રાસમાળા એજન પૃ. ૧૭).

પ્ર. ચિ. માં કહેલ મુસલમાન રાજા તે ખલીફા અલમન્સૂરે નીમેલા સિન્ધના અરબ હાકેમ હશામ ઈબ્ન અમરૂઅલ તઘલબીનો સેનાપતિ અમરૂબીન જમાલ હોવો જોઈએ એવો પુરાતત્વજ્ઞોનો મત છે (જુઓ ડફની ક્રોનોલોજી પૃ. ૬૭ તથા રાસમાળા ગુ. ભાષાંતર ત્રીજી આવૃત્તિ પૃ. ૧૫ ટિ ૨. જુઓ Reinand પૃ. ૨૧૩. ભારત કે પ્રાચીન રાજવંશ દ્વિતીય ભાગ પૃ. ૩૭૨)

વળી પ્ર. ચિં. મા વલ્લભીના એકજ શીલાદિત્યની વાત છે પણ એ વંશના લેખોમાં સાત શીલાદિત્યો મળે છે. છેલ્લું નામ શીલાદિત્ય (સાતમો) ઉર્ફે ધ્રુવભટ્ટ (ધ્રુવભટ્ટ) નું ઈ. સ. ૭૬૬ ના તામ્ર પત્રમા મળે છે શીલાદિત્યની ઉત્પત્તિ સૂર્યથી બતાવી છે એ જોતા એમ લાગે છે કે જૂના વખતમાં પણ વલ્લભી વંશનું મૂળ બરાબર જાણવામા નહિ હોય, વલ્લભીના રાજાઓના ઉત્કીર્ણ લેખોમા મૈત્રકાણાં એવો શબ્દ છે. અને મિત્ર એટલે સૂર્ય અને મિત્રના વંશને મૈત્રકો એમ કલ્પના ચાલી હોવાનો પણ સંભવ છે.

નગર પ્રવેશનો મોટો ઉત્સવ કરવામા આવ્યો અને રાજા શણગારેલી દુકાનોની શોભા જોતા હતા ત્યા એક દુકાનમા લાકડાની ટોપલી સાથે કોદાળી જોવામા આવી મહેલમા ગયા પછી બોલાવેલ મહાજનના લોકો આવ્યા, "તમે સુખી છો?" એવુ રાજાએ પૂછ્યુ, ત્યારે તેઓએ "અમે સુખી નથી" એવો જવાબ આપ્યો આ જવાબથી આશ્ચર્ય માથે ભમિત થઇ જઇને રાજાએ તેઓને રજા આપી અને પછી એક વખત એકાંતમા શહેરના મુખ્ય માણસોને બોલાવીને રાજાએ પૂછ્યુ કે "તમે શા માટે સુખી નથી? અને બીજા ઉત્સવને દિવસે લાકડાની ટોપલી માથે કોદાળી ઉભી કરી રાખી હતી તેનું શુ કારણ?" ત્યારે તેઓએ જવાબ આપ્યો કે મહારાજાએ જેની દુકાનમા લાકડાની ટોપલીમા કોદાળી જોઇ તે શેઠ પાસે એટલી લક્ષ્મી છે કે એ પોતાના પૈસાની ગણતરી કરી જોવા અશક્ત હોવાથી લાકડાની ટોપલીઓથી પોતાના પૈસાનું માપ કાઢે છે એવુ બતાવવા તેણે એ સંકેત કર્યો હતો હવે 'અમે સુખી નથી' એવુ જે અમે કહ્યુ તે આપને પ્રજા ન હોવા માટે છે અને કોટીધ્વજ (મકાન ઉપર એક કરોડ દ્રવ્યને સૂચવતી) ધજા ચડાવનારા જોઇઆએવાળુ આ શહેર છે, તેને આપે ઘણા વખત સુધી પાળ્યું પણ હવે આપને પ્રજા ન હોવાથી એની કેવી સ્થિતિ થશે?" પણ જૂની ગણીઓ વાગણી છે એમ જાણીને રાજાની બુદ્ધિથી વશ વૃદ્ધિ માટે નવી રાણી પરણાવવાની ઇચ્છાવાળા તેઓ (લોકોના અભિપ્રાયે) પુષ્યાર્ક (રવિવારે પુષ્ય નક્ષત્રમાં ચન્દ્ર હોય તો પુષ્યાર્ક યોગ કહેવાય) દિવસે મુખ્ય શકુન જાણનાર સાથે શકુનગૃહમા ગયા પછી તે શકુન જાણનારે જેના સુવાવડના દિવસો નજીક હતા એવી એક લાકડાનો ભારો વેચીને ગુજરાન કરતી ગરીબ સ્ત્રીના માથા ઉપર દુર્ગા (ભૈરવ) ને બેઠેલી જોઇને તે બાઇની અક્ષત વગેરે વડે પૂજા કરી, ત્યારે સાથે આવેલા મહાજને 'આ શુ કર્યું?' એમ પૂછ્યુ ત્યારે તે શકુન જાણનારે કહ્યુ કે "જો બૃહત્પરાશર (શકુન ગ્રંથથી શાસ્ત્ર) માનુ હોય તો આ બાઇના પેટમા જે પુત્ર છે તે અહીં રાજા થશે" આ અસંભવિત જેવી વાત માની લઇને તેઓએ રાજા પાસે આવી તે અવિષ્ટ રાજાને જે બધુ બન્યુ હતું તે કહ્યુ આ સાભળી ખેદમાં પડી ગયેલા રાજાએ તે બાઇને ખાડામા દાટી દેવા પોતાના વિશ્વાસુ માણસોને મોકલ્યા આ માણસોએ તે બાઇને કહ્યુ કે 'હવે તારા ઇષ્ટ દેવને યાદ કરી લે" ત્યારે મરણના ભયથી વ્યાકુળ થઇ ગયેલી તે બાઇ તેઓની રજા લઇને બાપકાળને વખતે મળ ત્યાગ કરવા બેઠી ત્યા તેણે દીકરા જણ્યો અને તેને ત્યા જ મુકી દઇને તે પાછી આવી

એટલે તેને ખાડામાં દાટી દઇ તેઓએ રાજાને વાત કરી. હવે કોઇ હરણી સવાર સાંજ એય વખત તે બાઇના છોકરાને દુધ પીવરાવી મોટો કરવા લાગી. એ અરસામાં મહાલક્ષ્મી દેવીના મન્દિરની આગળ ટંકશાળમાં હરિણીના ચાર પગ નીચે બાળક રૂપ એક નવું નાણું ઉત્પન્ન થાય છે એવું સાંભળીને કોઇ નવો રાજા ઉત્પન્ન થયો છે એવી લોકોમાં વાત ચાલતાં, શ્રી રત્નશેખર રાજાએ એ બાળકને મારી નાખવા માટે ચારે દિશામાં સૈન્ય મોકલ્યું. તેઓએ તપાસ કરતાં એ બાળકને શોધી કાઢયો પણ બાળહત્યાથી બ્હીને સાંજ વખતે શહેરના દરવાજામાં, ગાયોનાં ટોળાંની ખરીથી કચરાઇને એ બાળક મરી જાય અને પોતાના ઉપર અપવાદ ન આવે એ માટે તેને મુકી દીધો અને છેટે ઉભા શું થાય છે એ જોવા લાગ્યા; ત્યાં એ ઠેકાણે ગાયોનું ટોળું આવી પહોંચ્યું પણ પુણ્યનો મૂર્તિમાન્ સમૂહ હોય એવા તે બાળકને જોઇને તે ગાયો ત્યાં જ સ્તબ્ધ થઇ ગઇ હોય એમ ઉભી રહી ગઇ. અને પાછળથી એ ગાયો સાથેના સાંઢે આગળ આવી ધર્મ પેઠે દીપતા તે બાળકને પોતાના પગ વચ્ચે રાખી ગાયોના આખા ધણને જવા દીધું[૧૧] આ વૃત્તાન્ત સાંભળીને તથા તે નગરના સામન્તો તથા લોકોની વિજ્ઞપ્તિ ધ્યાનમાં લઇને રાજાએ તે બાળકને પોતાની પાસે તેડાવી, તેને પુત્ર રૂપે સ્વીકારી, શ્રી પુંજ એવું તેને નામ આપી ઉછેરવા માંડયો.

૭ હવે શ્રી રત્નશેખર રાજા સ્વર્ગે જતાં તે શ્રી પુંજને રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને પોતાના રાજ્યનું પાલન કરતા તે રાજાને એક દીકરી જન્મી. આ છોકરીનાં સર્વ અંગો સંપૂર્ણ સુંદર હતાં પણ તેનું મોઢું વાંદરા જેવું હતું. એ (વિકૃતિ)ના વૈરાગ્યથી તે છોકરી વિષયોથી દૂર રહેતી. તેનું શ્રી માતા એવું નામ હતું. તેને એક વખત પૂર્વ જન્મની સ્મૃતિ થઇ આવી અને તેણે પોતાના બાપને પોતાના પૂર્વ જન્મનું વૃત્તાન્ત નીચે પ્રમાણે કહ્યું કે "હું આ પહેલાંના જન્મમાં આબુ પર્વતમાં વાંદરી હતી. ત્યારે એક ઝાડ નીચે એક ડાળી ઉપરથી બીજી ડાળી ઉપર કુદવા જતી હતી ત્યાં કોધએ અતુલ્ય કુશળતાથી (બાણ મારું અને તેથી) તાળવું વીંધાઇને મરણ પામી. પણ તે ઝાડની નીચે આવેલા કામિત તીર્થ નામના

---

૧૧ આને મળતી ઘોસક વેપારીની વાર્તા પ્રો. ઈ. હર્ડીએ જર્નલ ઓફ ધી રોયલ એશીઆટીક સોસાઇટી ના ઇ. સ. ૧૮૯૮ ના ઓક્ટોબરના અંકમાં છપાવી હતી (પૃ. ૭૬૮, ૭૬૯) એમાં બકરી છોકરાને ઉછેરે છે, એ પ્રમાણે ટોનીએ ટિપ્પણમાં નોંધ કરી છે.

કુંડમા મારૂં મરેલું શરીર પડયુ કે તરતજ તીર્થના પ્રભાવથી મારૂ શરીર મનુષ્યની આકૃતિવાળુ થઇ ગયુ પણ મારૂ માથુ એમજ પડેલું છે અને તેથી હું વાનર મુખી છુ " આ ઉપરથી શ્રી પુજ રાજાએ તેના તે માથાને કુંડમા નાખવા માટે પોતાના માણસો મોકલ્યા તેઓએ લાંબા વખતથી તે માથુ એજ સ્થિતિમા રહેલું જોઇને તે પ્રમાણે કર્યું (તે કુંડમા માથુ નાખી દીધુ) એટલે તે શ્રીમાતાનું મોહુ માણસ જેવુ થઇ ગયુ તે વખતે માતાપિતાની રજા લઇને દશ કરોડ ગુણો જેનામા રહેલી છે એવી તે શ્રી માતા તે આબુ પર્વત ઉપર જ તપ કરવા લાગી ત્યા એક વખત, કોઇ આકાશમા ફરતા યોગીએ તેને જોઈ અને તેના સૌન્દર્યથી જેનું હૃદય ખેંચાયુ છે એવા તેણે આકાશમાથી નીચે ઉતરી પ્રેમ વાર્તા કરીને " તું મને કેમ નથી પરણતી ? " એમ તેને પૂછ્યુ ત્યારે તેણે જવાબ આપ્યો કે " અત્યારે રાતનો પ્હેલો પહોર વીતી ગયો છે, હવે ચોથા પહોર વખતે કુકડાઓ બોલે તે પ્હેલા જો આ પર્વત ઉપર ચડવાના બાર રસ્તા કોઇ પણ વિદ્યાના બળથી બાંધી આપો તો તમને પસંદ કરૂં " તેનું આ વચન સાભળીને તરત જ તે કામ માટે ચેટક અને પેટકને યોજીને બે પહોરમા બધા રસ્તાઓ તૈયાર કરી દીધા પણ શ્રી માતાએ પોતાની યોગ શક્તિના બળથી એ વખત પ્હેલા જ ખોટા કૂકડાઓ બોલાવ્યા પરતુ તેણે આવીને ' લગ્ન માટે તૈયાર થાવ ' એમ કહ્યું, એટલે શ્રી માતાએ કહ્યું કે તારા રસ્તાઓ તૈયાર થતા હતા ત્યાજ કુકડાઓ બોલ્યા હતા ત્યારે તે યોગીએ જવાબ આપ્યો કે " તમારી માયાથી થયેલા બનાવટી કૂકડાના અવાજને કોણ નથી જાણતુ ? " પછી તેની બહેને નદીને કાંઠે લગ્નની બધી સામગ્રી તૈયાર કરી રાખી એટલે શ્રી માતાએ તેની બધી વિદ્યાનું મૂળ તેનું ત્રિશૂળ છે એમ જાણીને " એ ત્રિશૂળ અહીં મૂકીને પાણિ ગ્રહણ માટે ત્યા (નદી કાંઠે) આવો ! " એમ કહ્યું અને પ્રેમથી તેનું મન હરાઇ ગયેલું હોવાથી એ ત્રિશૂળ મુકીને જોગી પાસે આવ્યો કે શ્રી માતાએ તેના પગ પાસે બનાવટી કુતરાઓને છોડી મુકયા અને તેના હૃદયમાં ત્રિશૂળ મારીને તેને મારી નાખ્યો આ રીતે નિસીમ શીલ પાળીને તેણે પોતાનો જન્મ પૂરો કર્યો તેના મરણ પછી શ્રી પુંજ રાજાએ ત્યાં (આબુમાં) શિખર વગરનું મન્દિર બધાવ્યુ કારણ કે ૭ ૬ માસે તે પર્વતની નીચે રહેલો અર્બુદ નામનો નાગ જ્યારે હલે છે ત્યારે પર્વતમા કમ્પ થાય છે માટે એ પર્વત ઉપર બધા મદિરો શિખર વગરના બંધાય છે

આ રીતે શ્રી પુંજ રાજા અને તેની પુત્રી શ્રી માતાનો પ્રબંધ પુરો થયો.

૮ એક વખત ચૌડ દેશમાં ગોવર્ધન નામનો રાજા થઇ ગયો. એના વખતમાં સભા મંડપની સામે લોઢાના થાંભલા ઉપર એક ન્યાય ઘંટા[૧૨] બાંધવામાં આવતી; જેઓને કોઇ પણ બાબતની ફરીઆદ કરવી હોય તેઓ આ ઘંટા વગાડતા. એક વખત તે રાજાના એકના એક દીકરા કુમારે રથ ઉપર ચડીને રસ્તામાં જતાં અજાણતાં એક વાછડાને કચરી નાખ્યો. હવે તે વાછડાની મા ગાયે આંખમાંથી ચાલ્યાં જતાં આંસુના ચાલુ પ્રવાહ સાથે પોતાને થયેલા નુકશાનનો બદલો લેવા માટે શીંગડાની અણીથી ન્યાય ઘંટા વગાડી. તે ઘંટાનો અવાજ સાંભળીને શુદ્ધ કીર્તિ વાળા તે રાજાએ તે ગાયનો વૃત્તાન્ત પહેલેથી જાણી લીધો. અને પછી પોતાના ન્યાયની ખ્યાતિને ટોચ ચડાવવા સવારે પોતે જ રથમાં બેસીને, પોતાને પુત્ર વ્હાલો હોવા છતાં તેને રસ્તામાં ઉભો રાખી તેના ઉપર ગાયના દેખતાં રથ ચલાવી તેને કચરી નાખ્યો. તે રાજાના સત્ત્વને લીધે તથા તેના દીકરાના બળવાન ભાગ્યને લીધે રથનું પૈડું ફરી કરીને જોયું તો કુમાર મર્યો ન હતો.

આ રીતે ગોવર્ધન નૃપ પ્રબંધ પુરો થયો.

૯ જૂના કાળમાં કાન્તિ નામના શહેરમાં વૃદ્ધ રાજા ગર્વરહિત રહીને લાંબા વખતથી રાજ્ય કરતો હતો. એક વખત મતિસાગર નામના પોતાના પ્રિય મિત્ર મહામાત્ય સાથે સ્વારીમાં ફરવા નીકળ્યો હતો. ત્યાં ઉધી કેળવણી પામેલો ઘોડો રાજાને દૂર ખેંચી ગયો અને તેની ચતુરંગ સેના ધીમે ધીમે ઘણી પાછળ પડી ગઇ. છતાં અતિશય વેગવાળા ઘોડા ઉપર બેઠેલો મતિસાગર તેની પાછળ જ રહ્યો. કેટલેક દૂર ગયા પછી લોહીથી ભરેલો (જાડો) હોવાથી અત્યંત કોમળ તબીઅતનો એ રાજા લાંબી મુસાફરીના પરિશ્રમથી મરણ પામ્યો. એટલે તે મતિસાગર પ્રધાને એ પછી તરત કરવાનું – (શબને ઠેકાણે પાડવાનું) કર્મ કરીને, રાજાના ઘોડાને તથા તેના વેષને પોતાની સાથે લઇ રાત વખતે શહેરમાં પ્રવેશ કર્યો. અને રાજ્ય ચાલુ રહે એવી ઇચ્છાથી, શ્રીમાળના રાજાની બીકથી રાજા જેવડી ઉમ્મરના તથા તેના જેવી આકૃતિ વાળા એક કુંભારને

૧૨ આ જાતની ન્યાયઘંટાની વાર્તા મોગલ શહેનશાહ જહાંગીર વિષે જે. એલ. કીપલીંગે Beast and Man in India P. 98 મા લખી છે.

ગોતી કાઢી તેને તે વેષ પહેરાવી, તે ઘોડા ઉપર બેસારી મહેલમા તેડી ગયો અને પછી શુ બન્યુ હતુ તે રાણીને જણાવી તેનુ ભાગ્યજ પુણ્યસાર નામ આપી રાજા બનાવ્યો આ રીતે કેટલોક સમય ચાલ્યો ગયો પછી તે પ્રધાન શત્રુ રાજા સામે લશ્કર લઈને ચઢી જતા પહેલા પોતાની અવેજીમા એક મંત્રીને રાજાની સેવામા સોંપી પોતે પરદેશ નીકળી ગયો હવે તે રાજા પોતાનેજ વશ પત્નીનો પતિ જેમ સ્વૈર વિહારી થઈ જાય તેમ નિરંકુશ થઈ ગયો અને બધા કુભાગિને બોલાવી માટીના ઘોડા, હાથી, ઉંટ વગેરે બનાવીને એ વડે આખો દિવસ રમવા મંડયો આવુ થતા, રાજા તરફથી બધા રાજકીય વર્ગનો તિરસ્કાર થાય છે એવુ સાંભળી તે પ્રધાન લશ્કરી ચઢાણીમાથી ઘોડા માણસોને સાથે લઈ રાજા પાસે આવીને બોલ્યો કે "તુ આટલી વારમા જ તારૂં કુભાગ્યપણુ ભુલી ગયો ? અને સ્વભાવની ચંચળતાથી જો કાંઈ મર્યાદા નહિ રાખે તો તને ઉઠાડી મુકીને બીજા કોઈ કુભાગના છોકરાને ગાદી ઉપર બેસારીશ" તેના આ વચનથી અતિશય ક્રોધ કરીને તે રાજાએ સભામા એકાંત સ્થાનમા જ બેઠા બેઠા "અરે કોણ છે ?" એવી બૂમ મારી કે તરત જ ચિતેરામા ચીતરેલા સિપાઈઓએ જીવતા થઈને તે પ્રધાનને પકડીને બાંધી લીધો આ અસંભવિત જેવા મહા આશ્ચર્યકારક બનાવનો વિચાર કરીને તે રાજાના પ્રભાવના આ આવિર્ભાવથી મનમા ચકિત થઈને તેના પગમાં પડીને પોતાને છોડો કરવાની અતિ નમ્રતાથી પ્રધાને અરજ કરી અને રાજાએ તેમ કરતા, તેણે ભક્તિપૂર્વક વિનતિ કરી કે "તમને સામાન્ય આપવામા હું તો નિમિત્ત માત્ર છુ કારણ કે તમારા પ્રભાવની ચિતરેલ માણસો પણ જીવતા થઈને આ રીતે તમારો હુકમ માને છે તેમા તમારા પૂર્વના પુણ્ય કર્મ જ કારણરૂપ છે માટે જ તમારૂં પુણ્યસાર નામ સાર્થક છે"

આ રીતે પુણ્યસાર પ્રબંધ પુરો થયો

૧૦ જૂના વખતમા પાટલી પુત્રમા નન્દીવર્ધન નામનો રાજકુમાર પોતાના ઉપર છત્રી ધરનાર માટે દેશ પરદેશ જોવાની ઇચ્છાથી માબાપની રજા માગ્યા વગર પરદેશમા ગમે ત્યા ચાલતો થયો રસ્તામા મજારને વખતે એક શહેરમા આવ્યો, ત્યા એ વખતે એ શહેરનો રાજા અપુત્ર મરી ગયેલો હોવાથી પ્રધાનોએ અભિષેક કરેલો મુખ્ય હાથી આખા શહેરમા ગમે તેમ ફરવા લાગ્યો અને ફરતા ફરતા આ નવો આવેલો રાજકુમાર પડખે ઉભેલો હોવા છતા ખરાબ સ્વપ્નને જેમ ભુલી જઈએ તેમ તેને ભુલી જઈને તેના છત્રી ઉપાડનાર ઉપર હાથીએ કળશ ઢોળ્યો એટલે

ત્યાંના પ્રધાનોએ મોટા મહોત્સવથી તેનું સામૈયું કરી તેને શહેરમાં પ્રવેશ કરાવ્યો. આ રીતે નવા થયેલા રાજાએ પહેલાંની પેઠેજ માન સાથે પોતાની સાથેના રાજકુમારને સાથે લઇને મહેલમાં પ્રવેશ કર્યો. વળી "હું આ બધા રાજલોકનો ધણી છું પણ તું મારો ધણી છો" એવાં યોગ્ય ઉપચાર વચનો વડે બાનગીમાં એ તેને સારૂં લગાડતો. હવે આ રાજામાં રાજાને યોગ્ય ગુણો નહતા, એ અત્યંત દુર્બુદ્ધિ હતો, વર્ણાશ્રમ ધર્મ પાળવા (અને પળાવવાની) વાત જાણતો ન હતો અને તેથી જેમ જેમ એ પ્રજાને દુઃખ દઇને રાજ્ય કરતો જોવામાં આવતો તેમ તેમ શંકરના માથા ઉપર રહેલા ચંદ્ર પેઠે આ કુમાર દરરોજ ક્ષીણ થઇ જવા લાગ્યો. એક વખત આ પ્રમાણે ક્ષીણ થયેલા કુમારને તે રાજાએ દુબળા થઇ જવાનું કારણ પૂછયું, ત્યારે તેણે કહ્યું કે "તું દુર્બુદ્ધિથી પ્રજાને દુઃખ આપે છે અને એ અયોગ્ય સ્થિતિ જોઇને હું દુબળો થાઉં છું. કહ્યું છે કેઃ—

(૪) જડ (લોઢા—અથવા જળ=પાણી)ની વચ્ચે રહેવું, સ્વામીના કાનને બે જીભવાળા (ચાડીઆ લોઢા અથવા સર્પો) લાગેલા છે, એ સ્થિતિમાં જીવી શકાય છે એ જ લાભ છે, બાકી દુબળું થવામ એમાં નવાઇ શું ?

આ ગાથાનો અર્થ મારી બાબતમાં સાચો પડયો છે" આ વચનના જવાબમાં તે રાજાએ કહ્યું કે "પાપમાં ડુબી રહેલી આ પ્રજાનાં પાપનું ફળ પાકવાથી તેઓને જરૂર દુઃખ ભોગવવાનો વખત આવ્યો એટલે જ હું રાજા થયો; જો લોઢાના ભાગ્યમાં વિધિએ સારી રીતે રક્ષણ થવાનું લખ્યું હોત તો તો પટ્ટ હાથી તમારે માથે જ કળશ ઢોળત." ઓસડ જેવી આ તેની ઉક્તિ અને યુક્તિથી રોગ મટતાં જેમ માણસ સારો થાય તેમ કુમાર શરીરે જાડો થઇ ગયો.

આ રીતે કર્મસાર પ્રબંધ પૂરો થયો.

૧૧ એક વખત ગૌડ દેશમાં લક્ષ્મણાવતી નગરમાં શ્રી લક્ષ્મણ સેન નામનો રાજા સર્વ બુદ્ધિના ભંડાર જેવા ઉમાપતિધર નામના પ્રધાન ઉપર રાજ્યની ચિન્તાનો ભાર નાખી દઇને લાંબા વખતથી રાજ્ય ભોગવતોહતો. અનેક ગાંડા હાથીઓના સહવાસથી જાણે કેમ ન હોય તેમ મદાન્ધ થઇને તે રાજા એક માતંગી-ચાંડાળણીના સંગથી કલંકિત થયો. ઉમાપતિધરે આ સંબંધની વાત સાંભળીને, રાજા સ્વભાવે ક્રૂર છે એ વાતનો તથા એને મળવું મુશ્કેલ થઇ ગયું છે એનો પણ વિચાર કરીને કાંઇક જુદા પ્રકારથી એને શીખામણ

આપવાની મતલબથી સભામંડપના ભારોટીઆ ઉપર કોઇ ન જાણે તેમ નીચેના કાન્યો લખ્યાં

(૫) હે પાણીના પ્રવાહ, શીતળતાનો ગુણ તો તારો જ છે, અને એ સાથે વળી તારામા સ્વાભાવિક સ્વચ્છતા છે વધારે શું કહીએ? બીજા અપવિત્ર પદાર્થો તારા સ્પર્શથી પવિત્ર થાય છે તું દેહધારી સર્વનું જીવન છો એથી વધારે તારા શું વખાણ થઇ શકે? પણ જો તું જ નીચ (નીચાણવાળા તથા હલકા) રસ્તે જવા લાગેતો તને રોકી શકે એવુ કોણ છે?

(૬) હે મહાદેવ, તમે પોતીઆ (બળદ) ઉપર બેસીને ફરો તેમા દિશાઓના હાથીઓનું શું હલકુ દેખાય છે? અને તમે સર્પોના, કંકણ વગેરે, ઘરેણા પહેરો તો એમા મોનાને કોઇ હાનિ નથી વળી તમે જડ કિરણવાળા ચંદ્રને માથે ચડાવો તેમા કમળના મિત્ર અને ત્રણે લોકના પ્રકાશક સૂર્યની શી અપકીર્તિ થવાની હતી? પણ તમે જગતના ઇશ્વર છો એટલે શું કહીએ?

(૭) એ શંકર પોતે બ્રહ્માનું માથુ કાપી નાખ્યુ એની બડાઇ મારે, કે ભૂત પ્રેતવર્ગ માથે મિત્રતા ગણે, કે દારૂથી ઘેલા બનીને માતૃનોક માથે ક્રીડા કરે, અથવા સ્મશાનમા લ્હેર કરે, કે પ્રજાને ઉત્પન્ન કરીને પાછો તેનો સંહાર કરે છતા પણ એનામા મન રાખીને ભક્તિથી સેવા કર શુ કારણ કે ત્રણે લોક શુન્ય છે અને એ જ એક ઇશ્વર છે

(૮) આ મહાગત્રિને વખતે તમે એક જ રાજા (ચંદ્ર) છો માટે શું તમે કમળની શોભાને ઢાકી દઇને કુમુદની શોભા વધારો છો? પણ આ કમળમા બ્રહ્માનો જે નિવાસ છે અને કુમુદના વર્ગમા જે એનું માન છે તેને બ્રહ્મા પણ દૂર કરી શકે એમ નથી ત્યારે તું તે કોણ?

(૯) સુંદર સ્ત્રીના કંઠણ સ્તન પાસે રહેવા યોગ્ય સુદૃઢ આકારવાળા હે હાર! સારી ગોળાઇવાળો (અથવા મારા વર્તનવાળો) તું છો, સારા ગુણવાળો (અંદર મારો દોરો પરોવેનો અથવા મારા ગુણોવાળો) તું છો, તારી યોગ્યતા મોટી છે, અને તારૂં મૂલ્ય ઘણુ છે, અરે પણ પામર સ્ત્રી (બીનડી)ના કઠણ કઠમાં રહીને તુ તુટી ગયો છો અને તેં ગુણવત્તા (અંદર પરોવેવી દોરી કે ગુણોવાળાપણુ) ગુમાવેલ છે (એનો ખેદ થાય છે)

પંડીત કોઇ સામાન્ય સભા પ્રસંગે આ શ્લોકો લોકને તથા એનો અર્થ સમજાને તે પ્રધાનના ઉપર ગાઢ અદૃથી દ્વેષ રાખવા લાગ્યો કારણ કે—

(૧૦) જેનું નાક કપાયેલુ તેને અરીસો બતાવવો એ જેમ તેનામા ક્રોધ ઉત્પન્ન કરે છે તેમ સન્માર્ગનો ઉપદેશ ઘણુ કરી ક્રોધ માટે થાય છે

આ શ્લોકમાં કહેલ ધોરણ પ્રમાણે ક્રોધ કરીને રાજાએ તેને રજા આપી. પછી એક વખત તે રાજા સ્વારીમાંથી પાછો ફરતો હતો ત્યારે તેણે ખરાબ સ્થિતિમાં એકલા ઉભેલા અને કાંઇ પણ ઉપાય વગરના તે પ્રધાનને જોયો, એટલે ક્રોધ કરીને માવત પાસે એના ઉપર હાથી હંકાવ્યો પણ તેણે માવતને કહ્યું " હું રાજાને કાંઇક વાત કરી લઉં એટલી વાર ફક્ત હાથીને રોકી રાખ " એના કહેવાથી માવતે તે પ્રમાણે હાથીને રોકયો એટલે ઉમાપતિધરે રાજાને નીચેનો શ્લોક સંભળાવ્યો :—

(૧૧) જાતે નાગા ફરે છે, શરીર ઉપર ધુળ (ભસ્મ) ચોળે છે, બળદની પીઠ ઉપર બેસે છે, સર્પો સાથે ખેલ કરે છે, અને હાથીનું લોહી નીગળતું ચામડું ઓઢીને નાચે છે; હર(મહાદેવ)ને આચાર (ધર્મ શાસ્ત્રોક્ત સદાચાર) થી વિરૂદ્ધ આવાં આચરણોમાં રાગ છે એનું કારણ એ છે કે જેને ગુરૂજનો સત્ય ઉપદેશ નથી કરતાં તેનાં આચરણો આવાં જ થઈ જાય છે.

આ રીતે તેણે આપેલા જ્ઞાનના અંકુશથી જેનો મન રૂપી હાથી વશ થયો છે એવા રાજાએ પોતાના ચરિત્ર વિષે થોડો પશ્ચાત્તાપ કરીને પોતાની ખૂબ નિન્દા કરી અને ધીમે ધીમે એ વ્યસન છોડી દઇને તેને પાછો પ્રધાન બનાવ્યો.

આ રીતે લક્ષ્મણસેન અને ઉમાપતિધરનો પ્રબંધ પુરો થયો.[૧૩]

---

૧૩ આ પ્રબંધમા કહેલ લક્ષ્મણસેન બંગાળનો સેનવંશી રાજા હતો. એ બલ્લાલસેનનો પુત્ર થાય અને એની પછી ગાદીએ બેઠો હતો. ઉપર પ્ર ચિં. માં આપેલી દંતકથામાં એના ચરિત્રની નિંદા કરેલી છે. પણ પં. વિશ્વેશ્વરનાથરેઉ એ રાજા જાતે કવિ, વિદ્વાનોનો આશ્રયદાતા, દાની અને પ્રજાપાલક હતો એમ કહે છે. એના નામથી કેટલાક શ્લોકો સદૂક્તિકર્ણામૃત, શાર્ઙ્ગધર પદ્ધતિ વગેરમા મળે છે. ગીત ગોવિંદના કર્તા કવિ જયદેવ, પવન દૂતના કર્તા ધોયી, આર્યાસપ્તશતીનો કર્તા ગોવર્ધન અને શરણ તથા ઉમાપતિધર એ પાંચ બલ્લાલસેનની અને લક્ષ્મણસેનની સભાનાં રત્નો હતાં. એમાંથી ઉપરની દંતકથામાં જે ઉમાપતિધરનું નામ આવે છે તેને વિષે કવિ જયદેવ લખે છે કે वाच पल्लवयत्युमापतिधरः એ ઉપરથી આ ઉમાપતિધર કવિ હતા અને જયદેવના સમકાલીન હતા, એમ નિશ્ચય થાય છે. તેણે કોઇ સળંગ પ્રબંધ લખ્યો જણાતો નથી. માત્ર એનાં મુક્તકો પદ્યાવલિ વગેરે સંગ્રહોમાં મળે છે. એને ઉપર અમાત્ય કહ્યો છે એ વાતને શ્રી ભાગવતની ભાવાર્થ દીપિકા ટીકાની વૈષ્ણવતોષિણી નામની ટીકાના શ્રી जयदेवसहचरेण महाराजलक्ष्मणसेन मंत्रीवरेण उमापतिधरेण એવા શબ્દોથી ટેકો મળે છે. (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ પ્રથમ ભાગ.)

૧૨ એક વખત કાશી નગરીમાં જયચન્દ્ર નામે વિશાળ સામ્રાજ્યની લક્ષ્મી ભોગવનો રાજા હતો એ ગજાનું પાગળો ('દળ પાગળો' લોક કથામા પ્રચલિત છે) એવુ બિરૂદ હતું, કારણ કે જમના અને ગંગા એ બે નદી રૂપ લાકડીના ટેકા વગર, લશ્કરના મોટા સમુદાયથી વ્યાકુળ થઈ ગયેલી હોવાથી એ કદાપ જઈ શકતો નહિ.[૧૪] એક વખત તે શહેરમા વસતા એક શ્રાગાપતિ (ગૃહસ્થ) ની જેણે પોતાના સૌન્દર્યથી ત્રણેય જગતની સ્ત્રીઓને જીતી લીધી છે એવી સુહવ નામની સ્ત્રી અતિશય ગરમીની ઋતુમા પાણીમા ક્રીડા કરીને ગંગા નદીના કાંઠા ઉપર ઉભી હતી ત્યા તે ખંજન પક્ષી(દીવાળી બોલા)ના નેત્ર જેવા નેત્રવાળી સ્ત્રીએ સર્પના માથા ઉપર

ઉમાપતિધરે કહેલા તરીકે પ્ર-ચિ મા આપેલા શ્લોકોમાના પાચમાને કવિભટ્ટ (પદ્યસંગ્રહ) મા લક્ષ્મણસેનનો કહે છે અને સાતમાને શાર્ઙ્ગધર પદ્ધતિમા ધોયીનો ગણ્યો છે મતલબ કે આ શ્લોકોમાના બેને ત્રી પીતાંબર કહે છે તેમ ગોવર્ધન ઉપરાંત બીજાઓએ પણ લક્ષ્મણસેનના સમયના ગણ્યા છે (જુઓ ટોનીનું અંગ્રેજી ભાષાંતર પૃ ૨૧૪-૨૧૫ ઉપરની ટિપ્પણી)

આ લક્ષ્મણસેનની રાજધાની નદીયા (નવદ્વીપ) મા હતી પણ તેણે પોતાના નામથી લક્ષ્મણાવતી નગરી વસાવી જે લખનૌતીના નામથી પ્રસિદ્ધ છે, મુહમ્મદ બખ્તીયાર ખીલજીએ નદીયા લીધા પછી આ લખનૌતીને પોતાની રાજધાની બનાવી હતી

રાજા લક્ષ્મણસેનનો જન્મ વિ-સં ૧૧૭૬ મા થયો હતો અને પોતાની ૫૮ વર્ષની ઉમ્મરે વિ-સં ૧૨૩૫ મા એ ગાદીએ બેઠો અને વિ-સં ૧૨૫૬ (ઈ-સ-૧૧૯૮) મા બખ્તીયારખીલજી એ શી સ્વારો સાથે ચઢી આવવાથી એ શી વર્ષનો આ બુઢ્ઢો રાજા જમતા જમતા ઉઠી પાછલે દરવાજેથી ભાગી જગન્નાથ પુરી ચાલ્યો ગયો, એમતબકાતે નાસિરીમા કહેલુ છે એ પછી ૫-૬ વર્ષ આ વૃદ્ધ રાજા જીવ્યો હોય અને કયાક ઠકરાત ભોગવી હોય એમ પણ મનાય છે

આ રાજા લક્ષ્મણસેન અને તેની સભાના ઉમાપતિ ધર વગરે પંચરત્નો વિષે સવિસ્તર વર્ણન માટે જુઓ ગીત ગોવિંદના શ્રી કેશવદર્પણ મુજબ કરેલા ગુજરાતી ભાષાંતરનો એમણે લખેલો ઉપોદ્ઘાત, એમણે જ લખેલો "પવનદૂતનો કર્તા ધોયી" નામનો જૈન સાહિત્ય સંશોધક ખ ૩ અ ૧ મા લેખ અને ભારત કે પ્રાચીન રાજવંશ પ્રથમ ભાગ મા બલ્લાલસેન અને લક્ષ્મણસેનનું વૃત્તાંત)

૧૪ કહેવાની મતલબ એવી લાગે છે કે એનું લશ્કર એટલુ મોટું કે એ બે નદીઓ વચ્ચેના આખા પ્રદેશમા કેવાઈ જાય અને એને માટે પાણીની અવરજવર ત્રણ યમુના જેવી નદી પાસે હોય તોજ થઈ શે, અને એ કારણથી એ કે એવી નદીઓથી ઘાટે દૂર એનુ મોટ લશ્કર જઇ શકે નહિ. રેવા મજરી નાટિકાની પ્રસ્તાવના (પૃ ૨) મા પણ લશ્કરને જલદી ચલાવી ન શકતો હોવાથી તેને 'પંગુ' એવુ મોટું બિરૂદ મળ્યુ હતુ એમ કહ્યું છે

ખંજન પક્ષીને જોયું. એ અસંભવિત શુકન વિષે ત્યાં ન્હાવા આવેલા એક બ્રાહ્મણને તેના પગમાં પડી પ્રશ્ન કર્યો. ત્યારે તે બ્રાહ્મણ જોષીએ કહ્યું કે "જો હમેશાં મારી આજ્ઞા પાળે તો તને આ પ્રશ્નનો જવાબ આપું" અને તે સ્ત્રીએ જવાબ આપ્યો કે " તમે મારા બાપ જેવા જ છો માટે મારે તમારી આજ્ઞા હમેશાં માથે ચડાવવાનું કબુલ છે " આ રીતે તેણે પ્રતિજ્ઞા કર્યા પછી તેણે કહ્યું કે " તું સાતમે દિવસે અહીંના રાજાની રાણી થઇશ" આ પછી તે બેય જેમ આવ્યાં હતાં તેમ ગયાં. પછી તે જોષીએ કહેલે દિવસે તે રાજા સ્વારીમાંથી પાછો ફરતો હતો ત્યાં કોઇ શેરીમાં પડદો રાખ્યા વગરની, અવર્ણનીય સુંદરતા જેના અંગોમાં ભરી છે એવી તે શાલાપતિ[૧૫]બાળાને જોઇ, અને પોતાના ચિત્તને ચોરી જનાર તે સ્ત્રીને ગ્રહણ કરીને રાજાએ પોતાની મુખ્ય રાણી બનાવી. પછી તે જોષી બ્રાહ્મણ પાસે પોતે કરેલી પ્રતિજ્ઞાને યાદ કરી તે કૃતજ્ઞ રાણીએ રાજાને તે વિદ્યાધરે કહેલા ભવિષ્યની વાત કરી. એટલે ઢંઢેરો પીટાવી તે વિદ્યાધરને બોલાવવાનો પ્રયત્ન કર્યો તો વિદ્યાધર નામના સાતસો બ્રાહ્મણો રાજા પાસે હાજર થયા. પછી એમાંથી જેની જરૂર હતી તે એકને છુટો પાડી બાકીનાઓને યથાયોગ્ય સત્કાર કરી, રજા આપી. પછી રાજાએ " તમારે જોઇએ તે માગી લીઓ " એમ તે બ્રાહ્મ વિપત્તિ વગરના વિદ્યાધરને કહ્યું. રાજાની આજ્ઞાથી ખુશી થએલા તેણે " તમારો સેવા કરવાનું હમેશાં મળે તો બસ છે " એમ અરજી કરી એટલે રાજાએ ' ભલે તેમ થશે ' એમ કહીને તે બ્રાહ્મણની અસાધારણ ચતુરાઈ જોઈને તેને પોતાના રાજ્ય વહીવટનો બધો ભાર સોંપી દીધો. આથી એ બ્રાહ્મણે પુષ્કળ સંપત્તિ એકઠી કરી, પછી તો એ પોતાની બત્રીશ સ્ત્રીઓ માટે હમેશાં ઉંચા કપૂરના નવા અલંકારો કરાવતો અને આગલા દિવસના વાશી અલંકારો નિર્માલ્ય પેઠે ઉકરડામાં ફેંકાવી દેતો, આ રીતે પોતે સાક્ષાત્ દેવનો અવતાર હોય તેમ દિવ્ય ભોગો ભોગવતો હતો; અને હમેશાં અઢાર હજાર બ્રાહ્મણોને જમાડયા પછી તે પોતે જમતો હતો. એક વખત રાજાએ પરદેશી રાજાને હરાવવા માટે ચૌદ વિદ્યા જાણનાર આ વિદ્યાધરને મોકલ્યો. ત્યાં રસ્તામાં એક પછી એક દેશમાંથી

---

૧૫ ઉપર ' શાલાપતિ પત્ની ' શબ્દો વાપર્યા છે, જ્યારે આ સ્થળે 'શાલાપતિ બાલા' શબ્દો ગ્રંથકારે વાપર્યા છે. સાચું શું સમજવું ? ચતુર્વિંશતિ પ્રબંધમાં સૂહવદેવીને અણહિલપુરની શાલાપતિ પત્ની અને વિધવા કહી છે. જુઓ ફા. સભાનું સંસ્કરણ પૃ. ૧૧૬

પમાર થતા રસ્તામા કયાક બાળવા માટે લાકડા ન મળે એવા દેશમા છાવણી હતી ત્યારે બ્રાહ્મણો માટે રસોઇનો વખત થતા ગ્લોયાઓને સાદા તથા રેશમી કપડા તેલવાળાં કરીને બાળવા આપ્યા પણ તેણે બ્રાહ્મણોને ધોરણ પ્રમાણે જમાડયા પછી શત્રુને જીતીને વિજયી મગદાર તરીકે જ્યારે તે શહેરના બારણમા આવ્યો ત્યારે [૧૬]બોળની ઇચ્છાથી કપડા બાળેલા એ માટે રાજાને ક્રોધ થયો છે એવુ સાંભળી પોતાનુ ઘર માગણો પાસે લુટાવી દઇ તીર્થમા જઇને રહેવાની ઇચ્છાથી ચાલી નીકળ્યો ત્યારે તરત જ એની પાછળ નીકળેલા રાજાએ એને ઘણી રીતે મનાવ્યો પણ તે માનમા મોટાઇ માનનારો હોવાથી પોતાની તીર્થવાસની વાસના રાજાના હૃદયમા ઉતારી ગમે તેમ કરીને તેની રજા માગી તેણે (તીર્થમા જઇને) પોતાનો અતકાળ સાધ્યો

૧૩ આ પછી સુદેવદેવીએ પોતાના દીકરાને યુવરાજની પદવી આપવા માટે રાજા પાસે માગણી કરી પણ રાજાએ " રાખેલીનો છોકરો અમારા વશના રાજ્ય માટે યોગ્ય નથી " એમ જવાબ આપ્યો એટલે તેણે પોતાના પતિનો નાશ કરવા માટે મ્લેચ્છોને બોલાવ્યા હવે જાસુસો પાસેથી આવેલા પત્રો દ્વારા આ વાત (મ્લેચ્છો–મુસલમાનો ચઢી આવે છે એ વાત) જાણીને પદ્માવતી દેવીનુ જેને વરદાન મળેલુ એવા એક દિગમ્બરને ભવિષ્ય પૂછ્યુ, ત્યારે તેણે પદ્માવતીના કહેવાથી " મ્લેચ્છો નહિ આવે " એમ રાજાને જણાવ્યુ કેટલાક દિવસ પછી મ્લેચ્છો પાસે આવી પોચ્યા છે એમ સાભળીને તે દિગમ્બરને "આમ કેમ થયુ ?" એમ રાજાએ પૂછ્યુ એટલે તેણે તે જ દિવસે રાતે રાજાના દેખતા પદ્માવતી દેવી આગળ હોમ શરૂ કર્યો અને તેની સાચી આકર્ષણ વિદ્યાથી હોમના કુડની જ્વાલાના કુડાળાની વચ્ચે પ્રત્યક્ષ દર્શન આપીને પદ્માવતી દેવીએ મ્લેચ્છોના આવવાની ના પાડી આથી ક્રોધમા આવેલા તે દિગમ્બરે ક્રોધના આવેશમા તે દેવીના કાન પકડીને કહ્યુ કે " મ્લેચ્છો પાસે આવી પોચ્યા છે અને તું પણ બોટુ બોલ છ ?" આ રીતે તેને ઠપકો આપ્યો એટલે તેણે કહ્યુ કે " તુ જે પદ્માવતીને અત્યત ભક્તિથી પૂજે છે તે તો અમારા પ્રતાપે ભાગી ગઇ છે હું તો મ્લેચ્છ લોકોની ગોત્ર દેવી છુ અને બોટુ બોલીને લોકોનો વિશ્વાસ મેળવી મ્લેચ્છો સાથે લોકોનો મેળ કરાવુ છુ" આમ કહીને તે અતર્ધ્યાન થઇ ગઇ પછી બીજા સવારે મ્લેચ્છ સૈન્યે કાશીને ઘેરો ઘાલ્યો છે એવુ ચેષ્ટાથી જાણીને, તથા તેના ધનુષ્યોના અવાજથી પોતાના ચૌદમો જોડ વાજાઓનો

[૧૬] મૂળમા પિણ્યાક શબ્દ છ તેનો અર્થ તો તેલનો બોળ થાય પણ બોળનો અહીં સબધ બેસતો નથી તેથી ટીકાએ બોરાક (food) અર્થ કર્યો છ

અવાજ બંધ થઈ ગયો છે એવું જોઈને, બળવાન મ્લેચ્છ સમૂહથી જેનું મન વ્યાકુલ થઈ ગયું છે એવો જયચંદ્ર મુહવદેવીના પુત્રને પોતાના હાથી ઉપર બેસારી પોતે હાથી સાથે ગંગાના પાણીમાં કુદી મુઓ.

આ પ્રમાણે જયચંદ્ર પ્રબંધ પુરો થયો. [૧૭]

૧૪ જગદેવ નામનો એક ક્ષત્રિય થઈ ગયો, તે ત્રણે પ્રકારનો[૧૮] વીર શિરોમણી હતો. એ સિદ્ધરાજ ચક્રવર્તી પાસે સન્માન પામ્યો હતો. છતાં એના ગુણરૂપી મંત્રથી વશ થયેલા, શત્રુઓને દળી નાખનાર પરમર્દી રાજાએ ખૂબ આગ્રહથી તેને પોતાની પાસે બોલાવ્યો. એટલે પૃથ્વીરૂપ સ્ત્રીના કેશ સમૂહ જેવા કુંતલદેશમાં તે ગયો. અને દ્વારપાળે જગદેવ આવે છે એવું જ્યાં સભામાં કહ્યું ત્યાં એ રાજસભામાં કોઇ નટડી વસ્ત્ર રહિત થઈને માત્ર ફુલનો તંગીઓ પહેરીને નાચતી હતી તે એકદમ ઉપરનું વસ્ત્ર ઓઢી લઈને ત્યાં બેસી ગઇ. પછી રાજાના દ્વારપાળે દાખલ કરેલા જગદેવને સ્નેહ સંભાષણ વગેરે સન્માન આપ્યા પછી એક લાખની કીંમતનાં વીરપુરૂષોને શોભે એવાં બે અમૂલ્ય રેશમી વસ્ત્રો આપીને તેને મોટે આસને બેસાર્યા પછી સભાનો સંભ્રમ દૂર થયો એટલે રાજાએ તેજ નાચનારીને નાચ ચાલુ કરવા કહ્યું; ત્યારે યોગ્ય પ્રપંચ કરવામાં ચતુર શિરોમણી તે નટડીએ "જગત્ આખામાં એકજ પુરૂષ છે અને તે જગદેવ છે. અને હવે તેઓ

---

૧૭ ચતુર્વિંશતિ પ્રબંધમા પણ શ્રીહર્ષકવિપ્રબંધ નામના ૧૧ મા પ્રબંધમાં થોડા ફેરફાર સાથે ઉપરના પ્રબંધમા કહેલ વૃત્તાન્ત મળે છે. (ફાર્બસ સભાનું સંસ્કરણ (પૃ. ૧૧૨ થી ૧૧૮)

આ જયચન્દ્ર તો કનોજનો છેલ્લો ગહડવાલ રાજા; એ રાજાનાં વિ. સં. ૧૨૨૬ થી વિ. સં. ૧૨૪૩ સુધીના ચૌદ તામ્રપત્રો મળ્યાં છે.

વિ. સ. ૧૨૫૦ (ઇ. સ. ૧૧૯૪) મા શાહબુદ્દીન ઘોરીએ આ જયચંદ્રને ચંદાવર (ઇટાવા જીલ્લો) આગળ હરાવ્યો અને બનારસને મુસલમાનોએ લુંટ્યું એમ મુસલમાન તવારિખ લેખકો કહે છે (જુઓ કામિલુત્તવારિખ Elliot Vol. 11 p. 251 ભારત કે પ્રાચીન રાજવંશ તૃતીય ભાગ પૃ ૧૧૧) મુસલમાન લેખકો પણ મેરૂતુંગ પેઠે જયચંદ્રને બનારસનો રાજા કહે છે (એજન પૃ. ૧૧૨) એ ઉપરથી તેણે બનારસને રાજધાની બનાવી હોય એ બનવા જોગ લાગે છે. જયચંદ્રનો પ્રધાન પદ્માકર અણહિલપુર ગયો હતો અને ત્યાંથી એ વિધવા સુહવાદેવીને લેતો આવ્યો એમ ચતુર્વિંશતિ પ્રબંધ કહે છે આ જયચંદ્ર પછી તેનો પુત્ર હરિશ્ચન્દ્ર કનોજનો રાજા થયો હતો તે પછી તેના વંશજો ફરતા ફરતા મારવાડમાં આવ્યા. (ભારત કે પ્રાચીન રાજવંશ તૃતીય ભાગ પૃ. ૧૧૫)

૧૮ દાનવીર, યુદ્ધવીર અને દયાવીર એમ ત્રણ પ્રકારના વીર ગણાય છે.

સભામા આવ્યા છે એટલે એની સામે વસ્ત્ર રહિત થતા મને શરમ લાગે છે સ્ત્રીઓ સ્ત્રીઓની અંદર ગમે તેમ વર્તે છે[૧૯] " એવો જવાબ આપ્યો આ જાતની તે નાયનાગીની સોકોત્તર પ્રશ્નમાથી મનમા ખુશી થઈને તેને ગન્નએ આપેલા બે વસ્ત્રો જગદેવે આપી દીધા. પછી શ્રી પરમર્દી ગન્નની મહેરબાનીથી અમુક પ્રદેશનુ રાજ્ય મળતા શ્રી જગદેવને તેના ઉપાધ્યાય મળવા આવ્યા અને તેણે નીચેનુ કાવ્ય બોટ આપ્યુ —

(૧૨) ચક્રવાકે કમળને પૂછ્યુ કે " હે મિત્ર જ્યા વસવાથી લાબી રાત અમારે માટે ન રહે એવો કોઇ પ્રદેશ પૃથ્વીમા છે ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે " શ્રી જગદેવ મોતુ દાનમા આપી આપીને થોડા દિવસમા મેરૂ પર્વતને પણ પૂરો કરી દેશે (અને મેરૂની આડચ નીકળી જવાથી) એટલે સૂર્ય આથમશે જ નહિ અને દિવસ રાતનો ભેદ નીકળી જઈને એક મરણો દિવસ થશે "

આ કાવ્યના પારિતોષિક તરીકે મોટા દિલ વાળા તેણે અર્ધો લાખ આપ્યા

(૧૩) જેનો જમણો હાથ પૃથ્વીની રક્ષા કરવામા કુશળ છે, જે દાન દેવાની દીક્ષા આપનાર ગુરૂ રૂપ છે, કલ્યાણનું ઘર છે, અને જેનો જન્મ ધન્ય છે એવા જગત્મા એક દાતા રૂપ જગદેવના વખતમા વિદ્વાનોને ઘેર નોકરો મદઝર હાથીઓને તથા ઘોડાઓને બાધવા યોગ્ય ઝાડ માથે બાધવાના દોરડાં તૈયાર કરવામા હાયમ રોકાયેલા રહે છે

(૧૪) હે જગદેવ તમારા જીવવાથી અતિ કૃણ, દધીચી જીવે છે અને મારા જીવવાથી દરિદ્રતા જીવતી રહે છે

(૧૫) દરિદ્રોને ઉત્પન્ન કરતા વિધાતા, અને તેઓને દાનો આપીને કૃતાર્થ કરતા તમે એ બેમાથી કોનો હાથ ચાકને તે અમે જાણતા નથી

(૧૬) જગતના દેવ જેવા હે જગદેવ, તમારા મદિર (મહેલ)મા રહેતા તમારા યશરૂપી શિવલિંગ ઉપર ચોખાનુ સ્થાન નક્ષત્રો લીએ છે (મતલબ કે તમારો યશ નક્ષત્રો સુધી ફેલાય છે)

(૧૭) સમુદ્ર અગાધ છે, પૃથ્વીરૂપ પાત્ર વિશાળ છે, આકાશ વિભુ છે, મેરૂ ઉંચો છે, વિષ્ણુનો મહિમા પ્રસિદ્ધ છે, જગદેવ વીર છે, કલ્પવૃક્ષ ઉદાર છે, ગગા પવિત્ર છે અને ચન્દ્રમા અમૃતવર્ષી છે એમા કાઈ નવુ નથી

---

૧૯ પૃથ્વીરાજ રાસામા જયચદ્રની સભામા પૃથ્વીરાજ વેશ પલટો કરીને આવે છે ત્યારે આવાજ કારણથી મર્યાદાથી માથે ઓઢે છે એ રીતે વર્ણન છે

'નવું નથી' (ન નવં) એ પ્રમાણે જગદેવે સમસ્યા આપેલી તે ઉપર પ્રમાણે કોઇ પંડિતે પૂરી કરી. આ અને આવાં બીજાં ઘણાં દાખ્યો સાંભળવામાં આવે તેમ આ સંબંધી સમજી લેવાં.

૧૫ હવે શ્રી પરમર્દી દેવની પટરાણીને જગદેવે બેન કરીને માની હતી. એક વખત શ્રીમાલના રાજાને જીતવા માટે રાજાએ જગદેવને મોકલ્યો, પણ છળથી ઘા કરનાર શત્રુસૈન્યે જગદેવ દેવપૂજામાં રોકાયેલો હતો ત્યારે આ રાજાના સૈન્યને પાછું કાઢયું. છતાં તેણે દેવપૂજનનો ત્યાગ ન કર્યો. એ વખતે દૂતોને મોઢેથી પહેલાં કદિ ન સાંભળેલી એવી જગદેવની હારની વાત સાંભળીને શ્રી પરમર્દીએ રાણીને કહ્યું કે "તમારા ભાઇ સંગ્રામ વીરોના સ્વામી હોવાનો દાવો કરે છે પણ શત્રુઓએ હુમલો કર્યો ત્યારે તો ભાગી પણ ન શકયા." રાજાનું આવું મર્મચ્છેદી કટાક્ષ વચન સાંભળીને તે રાણીએ સવારનો વખત હોવા છતાં પશ્ચિમ દિશા તરફ જોવા માંડયું. 'શું જુઓ છો?' એમ રાજાએ પૂછયું ત્યારે તેણે 'સૂર્યોદયને જોઉં છું' એવો જવાબ આપ્યો. "અરે ભોળી, સૂર્યોદય તે વળી પશ્ચિમ દિશામાં થતો હશે?" એમ રાજાએ કહ્યું, ત્યારે રાણીએ જવાબ આપ્યો કે "બ્રહ્માનો પ્રપંચ અવળો હોય તો પશ્ચિમમાં સૂર્યોદય સંભવિત નથી તે પણ સંભવિત થાય પણ ક્ષત્રિયદેવ જગદેવની હાર સંભવિત નથી" આ રીતે દંપતી પ્રીતિ વિનોદ કરે છે, ત્યાં દેવપૂજા પૂરી થયા પછી જગદેવ પાંચસો લડવૈયાઓને સાથે લઇને ઉપડયો અને સૂર્ય જેમ અંધારાને, સિંહનું બચ્ચું જેમ હાથીના સમૂહને અને પવનનો ઝપાટો જેમ વાદળાંને વીખેરી નાખે તેમ તે શત્રુના લશ્કરને વીખેરી નાખ્યું.

૧૬ હવે પરમર્દી નામનો રાજા જગતમાં ઉદાહરણ રૂપ થઇ પડેલું ઐશ્વર્ય સુખ ભોગવતો હતો, અને ઉંઘતો નહોય ત્યારે છરીનો અભ્યાસ કર્યા કરતાં તેને પોતાના ઓજથી દીપાવતો. આ ક્રૂર રાજા જમતી વખતે હમેશાં પીરસવામાં રોકાયેલા એક રસોયાને તરવારથી કાપી નાખતો. આ રીતે વર્ષમાં ૩૬૦ રસોયાની રસોઇ માણનાર આ રાજાએ 'કોપકાલાનલ' એવું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું.

(૧૮) હે આકાશ! તું હજી આગળ ફેલા, હે દિશાઓ! તમે ચારે તરફ પ્રસરી જાવ, હે પૃથ્વી! તું વિશાળ થા, તમે બધાંએ પહેલાંના રાજાઓના યશનો વિકાસ પ્રત્યક્ષ જોયો છે, હવે પરમર્દી રાજાના યશના સમૂહનો વિસ્તાર થવાથી બી ફુલવાથી ફાટેલા દાડમ જેવી બ્રહ્માંડની દશા થાય છે તે જુઓ.

આવી સ્તુતિઓ વડે જેની પ્રશંસા થતી હતી તે પરમર્દી રાજાએ લાંબા વખત સુધી રાજ્ય કર્યું

૧૭ પણ તે રાજાને સપાદલક્ષના રાજા શ્રી પૃથ્વીરાજ સાથે લડાઇ થઇ, લડાઇમાં પોતાનું સૈન્ય હારી જતા શું કરવું તે ન સૂઝવાથી ગમે તે દિશામાં તેણે ભાગવા માંડ્યું, અને ભાગતા ભાગતા પોતાની રાજધાનીમાં પોચ્યો હવે તે રાજાએ જેને પહેલા અપમાન કરીને દેશનિકાલ કરેલો એવો એક જૂનો સેવક પૃથ્વીરાજની સભામાં ગયો પ્રણામ કર્યા પછી તેને રાજા તરફથી પૂછવામાં આવ્યું કે "પરમર્દીના શહેરમાં લોકો–આમ કરીને સત્કર્મો લોકો કયા દેવને પૂજે છે?" ત્યારે તેણે એ વખતને યોગ્ય નીચેનું કાવ્ય કહ્યું —

(૧૯) ચન્દ્રશેખર (શંકર)ની પૂજાનો રસ મંદ થઇ ગયો છે, કૃષ્ણને પૂજવાની ઇચ્છા નથી, પાર્વતીને થતા પ્રણામો અટકી ગયા છે અને બ્રહ્માનો ગ્રહ વ્યગ્ર છે (બ્રહ્માની પૂજામાં કોઇને આદર નથી) પણ આ તરણાને મોઢામાં લેવાથી અમારા ધણી પૃથ્વીરાજ રાજા પાસે બચી ગયા છે એમ જાણીને એના શહેરમાં ખડની પૂજા થાય છે

આ સ્તુતિથી ખુશી થયેલા રાજાએ તેને કાંઇક ઇનામ આપ્યું

આ પૃથ્વીરાજે એકવીશ વાર મુસલમાન રાજાને પાછો કાઢ્યો હતો છતા બાવીશમી વાર તે જ મુસલમાન રાજા પૃથ્વીરાજની રાજધાની ઉપર ચડી આવ્યો અને પોતાના દુર્ધર સૈન્યથી તે શહેરને ઘેરો ઘાલ્યો ઉડાડી મુકેલી માખી જેમ વારવાર પાછી આવે તેમ આ શત્રુ વારેઘડીએ પાછો આવે છે, એથી પોતાના રાજાના મગજમાં જે કટાળો આવે છે તે સમજીને રાજાની અનહદ કૃપા જેના ઉપર હતી એવા અને પોતાનું બીજું રૂપ ન હોય તેવુ અમાપ ક્ષત્રિય તેજ ધારણ કરનાર તુંગ નામના એક સુભટ શિરોમણિએ પોતાના પ્રતિબિંબ જેવા પુત્ર માથે રાતને વખતે મુસલમાન રાજાના લશ્કરમાં પ્રવેશ કરીને જોયુ તો તે શત્રુ રાજાના તબુની આસપાસ ધગધગતા ખેરના અંગારાવાળી ખાઇ જોઇને પુત્રને તેણે કહ્યું "આ ખાઇમાં હું પડું એટલે મારા ઉપર પગ મુકીને તું જા અને મુસલમાન રાજાને તું મારી નાખ" ત્યારે તે દીકરાએ જવાબ આપ્યો કે 'આ કાર્ય બાબતથી અત્યંત અસાધ્ય છે, અને જીવવાની ઇચ્છાથી આપનુ મરણ જોવુ (મારાથી નહિ બને) માટે હું આમાં પડું છું અને તમે જ તેનો નાશ કરો" આમ કહીને તે ખાઇમાં પડ્યો, એટલે પોતાના ધણીનું કાર્ય લગભગ થઇ ગયુ

એમ માની લઇ, તે શત્રુને રમતમાં મારી નાખી જેમ ગયો હતો તેમ પાછો આવ્યો. રાત પૂરી થઇ ને સવાર પડતાં પોતાના ધણીને મરણ પામેલ જોઇને શત્રુનું સૈન્ય ભાગી ગયું. અને એ મોટા મનવાળા તુંગ નામના સુભટે કોઇ વખત ઉપલી વાત રાજા આગળ કહી નહિ. હવે આ તુંગ રાજાનો માનીતો હોવાથી એના દીકરાની વહુ પણ રાજાને પરિચિત હતી. એટલે એને મંગળ સૂચક ચૂડી વગરની જોઇને એકદમ સંભ્રમથી રાજાએ તુંગ સુભટને પૂછ્યું પણ તેણે સમુદ્ર જેવી ગભીરતા ધારણ કરીને મૌન રાખી કાંઇ ન કહ્યું, પણ રાજાએ પોતાના સોગન આપીને પૂછ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે પોતાના ગુણની વાત કરવાનું પાતક[૨૦] વોરી લેવું દુષ્કર છે છતાં પણ ધણીનો આગ્રહ છે તો કહું છું એમ કહીને પ્રત્યુપકારથી બ્હીતા એ તુંગ સુભટે જે બન્યું હતું તે કહ્યું:—

(૨૦) સામાના પ્રત્યુપકારની શંકાથી ઉપકાર કરીને નિઃસ્પૃહ રહેવું એ ઉચ્ચ બુદ્ધિવાળાની કોઇક અલૌકિક અને મોટી કઠોરચિત્તતા છે.

આ પ્રમાણે તુંગસુભટ પ્રબંધ પુરો થયો.

૧૮ આ પછી એક વખત તે મ્લેચ્છ રાજાનો પુત્ર (જે હવે રાજા થયો હતો) પિતાનું વૈર યાદ કરીને સપાદ લક્ષના રાજા સામે લડવાની ઇચ્છાથી બધી સામગ્રી સાથે ચડી આવ્યો. પણ પૃથ્વીરાજના લશ્કરની પહેલી હરોલમાં ચાલતા વીર ધનુષ્યધારીઓનાં ચોમાસાના વરસાદની ઝડી જેવા બાણોના વરસાદથી તે પોતે અને તેનું સૈન્ય પાછાં ભાગ્યાં. અને પૃથ્વીરાજ એની પાછળ પડ્યો. એ વખતે પૃથ્વીરાજના રસોડાના ઉપરી પંચકુલે (અધિકારીએ) અરજી કરી કે "સાતસો સાંઢડીથી પણ રસોડાનો બધો સામાન બરાબર ફરી શકતો નથી માટે થોડી સાંઢડી વધારી આપવા કૃપા કરો." ત્યારે રાજાએ જવાબ આપ્યો કે "આ મુસલમાન રાજાનો ઉચ્છેદ કર્યા પછી તમે માગેલી સાંઢડીઓ આપીશ." આ પ્રમાણે જવાબ આપીને વળી મુસાફરી શરૂ કરી. એ વખતે સોમેશ્વર નામના પ્રધાને આગળ જવાની વારંવાર ના પાડી, પણ પૃથ્વીરાજે તે શત્રુના પક્ષમાં ભળી ગયો છે એવી ભ્રાન્તિથી તેના કાન કાપી નાખ્યા. આ ભારે અપમાનથી તે ધણી ઉપર ક્રોધ ચડતાં એ સોમેશ્વર મુસલમાન રાજાને જઇને મળ્યો. અને પોતે સહન

---

૨૦ મૂળમાં નિજગુણપાતક શબ્દો છે પણ નિજગુણકથાપાતક એ રીતે શબ્દો માની લઇને અર્થ કર્યો છે. સરખામણીમા ટોનીએ સૂચવેલ વૈરા-યશતકનો निजगुणकथापातकमपि એ કટકો જુઓ.

કરેલા અપમાનની નિશાની બતાવીને તેઓનો વિશ્વાસ મેળવી તેઓને પૃથ્વીરાજની છાવણી નજીક લઇ આવ્યો અને પછી એકાદશીનો ઉપવાસ કર્યા પછી પારણું કરીને પૃથ્વીરાજ સુતો હતો ત્યારે તેના ચોકી કરતા યોદ્ધાઓ સાથે લડાઇ કરીને મુસલમાનો નીરાતે સુતેલા પૃથ્વીરાજને બાંધીને મુસલમાન રાજાના મહેલમા ઉપાડી ગયા (અને ત્યા કેદમા પૂર્યો) આ પછી ફરીવાર એકાદશીના ઉપવાસના પારણાનો દિવસ આવ્યો ત્યારે દેવપૂજા વખતે મ્લેચ્છ રાજાએ પારણુ કરવા માટે જે પકાવેલું માંસ એક વાસણમાં મોકલ્યુ હતુ તેને પોતાના તબુમા એક કેદીએ મુકાવી પોતે દેવપૂજામા રોકાયેલ હતા ત્યા કુતરૂ એ માંસને ઉપાડી ગયુ એ જોઇને પહેરીગરોએ કહ્યું કે "તમે કેમ કુતરા પાસેથી એ ખોરાકને નથી બચાવતા ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે " મારૂ ગ્સોકું પહેલા માતસો માઢટીઓથી પણ ઉપડતું નહોતું તે કમણા દુર્દૈવને લીધે આવી દુર્દશાને પામ્યુ છે એ આશ્ચર્યકારક વિચારથી મન વ્યાકુળ થઇ જતા જોવા કરૂ છુ ' પછી તેઓએ પુછયુ કે " શુ હજી પણ તમારામા કાંઇ ઉત્સાહશક્તિ છે ?" ત્યારે તેણે જવાબ આપ્યો કે " જો મારે કેદીણે જઇ શકુ તો મારૂં પરાક્રમ બતાવુ " આ ઉપરથી પહેરીગરોએ કરેલી વિનતિથી તેના સાહસને જોવાની ઇચ્છાવાળા મુસલમાન રાજાએ પૃથ્વીરાજને તેની રાજધાનીમા લઇ આવી જ્યા રાજ્યાભિષેક કરવાની તૈયારી કરે છે ત્યા રાજમહેલની ચિત્રશાળામા મુસલમાનોને મારતા હુકકરોને ચિત્રેલા જોઇને આ મર્મના ઘાથી અત્યત પીડાએલા મુસલમાન રાજાએ પૃથ્વીરાજનુ માથુ કુહાડાથી કપાવી નાખી તેને મારી નાખ્યો

આ રીતે રાજા પરમર્દી, જગદેવ અને પૃથ્વીરાજનો પ્રબન્ધ પૂરો થયો.[૨૧]

---

૨૧ (૨) જગદેવ પરમારની વાતા ગુજરાતની ઐતિહાસિક વાર્તાઓમા અતિ પ્રસિદ્ધ છે ભાટોની એ પ્રિય કથા છે (એ કથા માટે જુઓ રાસમાળા ગુજરાતી ભાષાતર પ્રકરણ આઠમુ) એ કથાનો વિસ્તાર થઇને આ જગાનાભાય લાબી વાર્તા અને નાટક લખાયેલ છે

ભાટોમા ચાલતી આ દતકથામા જગદેવને મારવાના રા ા ઉદયાદિત્યનો અણુ માનીતી રાણીથી ઉત્પન્ન થયેલો કુંવર કહ્યો છે અને તેણે સિદ્ધરાજની ચાકરી અગીઆર વર્ષ સુધી કર્યા પછી સિદ્ધરાજનો મારવા ઉપર ચઢવાનો વિચાર છે એમ જાણવામા આવતા સિદ્ધરાજની ચાકરી છોડી અને તે મારવે ગયો એવો કથાનો સાર છે આ જગદેવ વિશે ગુજરાતના પ્રબધ લેખકોમાથી પહેલો ઉલ્લેખ સોમેશ્વરે કર્યો છે (તે પહેલાના હેમચદ્રે પણ કશુ ઉલ્લેખ કર્યો નથી) જુઓ —

સમુદ્ર જેની આસપાસ બાંધનું કામ કરે છે તે શતાનન્દપુરમાં શ્રી મહાનન્દ નામનો રાજા હતો, એને મદનરેખા નામની રાણી હતી.

વિના જગદ્દેવમિમામવસ્થાં નીતા નિર્જરેવ પરિરિવાદ્દં ।
યત્ર સ્થિતે વેત્રિણિ શક્તિર્નૈન દ્વિષ્ટૈર્પ્રવિષ્ટ પુરિ ગુર્જરાણામ્ ॥

(કી-કૌ. સ. ૨ શ્લો. ૯૬)

આ જગદેવ સિદ્ધરાજના સમયમાં હતો એમ તો કે ગોમેશ્વરે નથી કહ્યું પણ પોતાના સમય પહેલા હતો એટલુંજ કહ્યું છે પરંતુ એ સિદ્ધરાજનો સન્માન્ય હતો એ મેરૂતુંગનું તથા લોકકથાનું કથન સાચું માનવામાં વાંધો નથી લાગતો. પણ મેરૂતુંગ એને સિદ્ધરાજ અને પૃથ્વીરાજથી હારનાર પરમર્દી બેયનો સમકાલીન ઠરાવે છે, તે બેસતું નથી. કારણ કે સિદ્ધરાજ ૧૧૯૯ માં મરણ પામ્યો. અને ચન્દેલ પરમર્દીનો વિ. સં. ૧૨૨૪ નો ઉત્કીર્ણ લેખ મળ્યો છે. એ રાજા વિ. સ. ૧૨૨૨ ની આસપાસમા ગાદીએ બેઠો હશે. અને વિ. સ. ૧૨૩૯માં પૃથ્વીરાજે તેને હરાવ્યો છે. (જુઓ ભારત કે પ્રાચીન રાજવંશ પ્ર-આ-પૃ ૨૫૧) જ્યારે લોકકવિતામાં તો સંવત ૧૧૫૧ માં જગદેવે પોતાનું માથું પોતાને હાથે કાપી કાલીને આપી દીધું એમ કહેલું છે જુઓ:—

સંવત્ અગ્યારસો એકાવન ચૈત સુદી રવિવાર
જગદેવ સીસ સમર્પીયા ધારા નગર , પવાંર

ધારરાજ્યકા ઇતિહાસ પૃ. ૪૫

પણ એક બીજો દુહો રણછોડભાઈ ઉદયરામે ઉતાર્યો છે એમા સં. ૧૧૭૪ ની સાલ છે.

સંવત અગિયાર ચમોતરે ચૈત્ર ત્રીજ રવિવાર
શિશ કંકાળી ભાટને દિય જગદેવ ઉતાર.

(રાસમાળા ગુ. ભા. ત્રી. આ પૃ. ૧૯૭) પન્તુ મેરૂતુંગે પરમર્દીની બાબતમા ગડબડ કરી છે. પરમર્દીને કુંતલ દેશનો રાજા એ કહે છે. અને કુંતલદેશ એટલે પશ્ચિમી ચાલુક્યોનો રાજ્ય પ્રદેશ–ભીમા અને વેદવતી નદી વચ્ચેનો દેશ. એ ચાલુક્ય રાજાઓમાંના કેટલાકે પેરમાદી બિરૂદ ધારણ કર્યું હતુ. અને એમાંના એક વિક્રમાદિત્ય છઠ્ઠા (વિ.–સં.–૧૧૩૬ થી ૧૨૮૨) નો એ સામંત હોય એ સંભવિત છે.

પણ કર્ણાટકના તથા ગોઆના કદંબોના ઉત્કીર્ણ લેખો તથા નીઝામ રાજ્યમાથી હમણા મળી આવેલો જૈનદેનો લેખ વગેરે જોતા જગદેવ બે થઈ ગયા હોય એમ ચોક્કસ જણાય છે. એમાથી એક અર્જુનવર્મનો પૂર્વજ માળવાના પરમાર રાજા ભોજનો ભત્રીજો અને ઉદયાદિત્યનો પુત્ર છે અને બીજો સાન્તરકુળનો જગદેવ સિદ્ધરાજની મા મીનળદેવીનો સગો અને કુન્તલના ચાલુક્ય પેર્મ (પરમર્દી) જગદેકમલ્લ (વિ. સં. ૧૧૯૪ થી ૧૨૦૧) નો મહામંડલેશ્વર હતો. લોકકથામા આ બે જગદેવની ગડબડ થઈ ગઇ છે.

આ રાજાને ઘણી રાણીઓ હોવાથી મદનરેખા અણમાનીતી હતી એટલે પતિને વશ કરે એવું કામણ કરવા માટે એ અનેક જાતના પરદેશીઓને તથા કળા જાણનારાઓને પૂછ્યા કરતી એમા જેના કરેલા કામણ સાચા પડેલાં એવા કોઇક સત્યવાદી પાસેથી કામણનો મારો યોગ મેળવ્યો પણ તેનો પ્રયોગ કરતી વખતે તેને યાદ આવ્યુ કે —

મંત્ર કે ઔષધના બળથી મેળવેલી પ્રીતિ એતો પતિનો દ્રોહ છે –

સિદ્ધરાજના દરબારમા કે સોમેશ્વર કહે છે તેમ ગુજરાતની રાજધાનીમા કર્યો જગદેવ હતો તે ચોક્કસ કહેવુ મુશ્કેલ છે પણ પુરાવાઓ જોતા સાન્તર કુળનો જગદેવ હોવાનો વધારે સંભવ લાગે છે

પરમાર જગદેવની વીરતાના તથા ઉદારતાના જૈનગ્રંથના લેખમા વખાણ મળે છે નાગોરાજ કવિએ તેના ગુણના વખાણ કર્યા છે વધારે વિસ્તારવાળી ચર્ચા માટે જુઓ કે મુદી ૧૮૩૩ જુન પૃ ૫૭૫ મા જગદેવ પરમાર વિષે મારો લેખ

(૩) પૃથ્વીરાજ તો લોકપ્રિયતામા તથા હિંદુસ્તાનના ઇતિહાસમા બહુ પ્રસિદ્ધ છે ઉપર મેરૂતુંગે તો એને વિષે બે ત્રણ ઇતકથાજ આપી છે આ પૃથ્વીરાજને મેરૂતુંગ સપાદલક્ષનો રાજા જાણે છે મુસલમાન ઇતિહાસ લેખકો પણ એને અજમેરનો રાજા જાણે છે એ જોતા પૃથ્વીરાજ રાસામા દીલ્હીને પૃથ્વીરાજની રાજધાની કહેલ છે તે બરાબર નથી લાગતુ અહલત્ત દીલ્હી એના તાબામા ખરૂ પૃથ્વીરાજે પરમર્દીને હરાવ્યાની મેરૂતુંગની વાત પણ ઐતિહાસિક હકીકત લાગે છે પણ મુસલમાનો સાથેની પૃથ્વીરાજની લડાઇનું વર્ણન તદ્દન કલ્પિત જણાય છે એક તો એકવીશ વખત કોઈ મુસલમાન રાજાને પૃથ્વીરાજે હરાવ્યો અને બાવીશમી વખત મારી નાખ્યો એમ જે મેરૂતુંગ કહે છે તેને કોઇનો ટેકો નથી પૃથ્વીરાજ રાસામા પૃથ્વીરાજે સોળ વખત શાહબુદ્દીન ગોરીને હરાવ્યો અને બે વખત કેદ પકડયો એમ લખ્યું છે, હમ્મીર મહાકાવ્યમા સાત વખત હરાવ્યો હતો એમ છે; બ્યારે મુસલમાન ઇતિહાસ લેખકો એક વખત ઇ સ ૧૧૯૧ મા હરાવ્યો હતો એમ કહે છે શાહબુદ્દીનને હરાવ્યા પછી પૃથ્વીરાજે એનો પીછા પકડયો હતો એમ તબકાતેનાસીરી, તારિખ ફિરિસ્તા વગેરેમા લખ્યુ છે એટલે મેરૂતુંગના એ કથનમા સત્યાશ છે પણ મેરૂતુંગ પૃથ્વીરાજથી વારવાર હારી જનાર રાજા એના સેવક જુગને હાથ મરણ પામ્યો અને તે મરનાર મુસલમાન રાજાના પુત્રે પૃથ્વીરાજને હરાવીને કેદ કર્યો એમ જે કહે છે તે તદ્દન કલ્પિત છે પૃથ્વીરાજ રાસામા, હમ્મીર મહાકાવ્યમા કે મુસલમાન ઇતિહાસોમા કયાય એવુ વર્ણન નથી પણ ઇ.સ ૧૧૯૩ મા શાહબુદ્દીનેજ પૃથ્વીરાજને હરાવ્યો, કેદ કર્યો અને છેવટ મારી નાખ્યો એમ મુસલમાન ઇતિહાસો કહે છે (જુઓ ભારતના પ્રાચીન રાજવંશ પ્રથમભાગ પૃ ૨૫૧ થી ૨૬૦) પૃથ્વીરાજ રાસો ઘણો રોચક ગ્રંથ હોવા છતા ઇતિહાસના સાધન તરીકે એ કેવો અવિશ્વસનીય છે એ મે પ્રસ્થાન વર્ષ ૪ અંક ૧ અને ૨ મા બતાવ્યું છે

આ વાકય યાદ કરીને સતી પેઠે તે કામણના યોગનું ચૂર્ણ સમુદ્રમાં ફેંકી દીધું હવે મણિ, મંત્ર અને ઔષધનો પ્રભાવ અચિંત્ય છે. એટલે તે ઔષધની શકિતથી સમુદ્ર પોતેજ મનુષ્યરૂપ ધારણ કરીને રાતે તેની પાસે આવ્યો અને તેની સાથે તેણે રતિ સુખ ભોગવ્યું. હવે આ રીતે અકસ્માત સગર્ભા થયેલી તે રાણીને ગર્ભજ છે એવું એ બાબતનાં ચિહ્નોથી નક્કી કરીને કોપેલો રાજા એ સ્ત્રીને દેશનિકાલની કે બીજી કાંઇ શિક્ષા કરવી એનો હજી વિચાર કરે છે અને આ કારણથી તેના મરણની વેળા પાસે આવી છે– ત્યાં સમુદ્રના અધિષ્ઠાતાદેવે પ્રત્યક્ષ થઇને " હું સમુદ્ર છું. માટે બીતી નહિ" એમ તેને આશ્વાસન આપીને, રાજાને કહ્યું કે:—

(૨૧) જે સારા કુળમાં જન્મેલી તથા શીળવાળી કન્યાને પરણીને તેના ઉપર સમદૃષ્ટિ નથી રાખતો તે અતિ પાપી છે.

" માટે આનો તિરસ્કાર કરનાર તને તારા અન્તઃપુર તથા પરિવાર સાથે પ્રલયકાળ પેઠે મર્યાદા મુકીને ડુબાડી દઇશ. "

આ સાંભળીને ભયથી વ્યાકુળ થઇ ગયેલી અને તેનું સાંત્વન કરવા મંડેલી તે રાણીને તેણે કહ્યું કે " આતો મારો જ પુત્ર છે. માટે આને તો સામ્રાજ્ય યોગ્ય નવીભૂમિ હું આપીશ " આટલું કહીને કયાંક કયાંકથી પાણી ઉંચી લઇને વચ્ચે વચ્ચે જમીન રહેવા દીધી. આ બધા જમીનના કટકા કોંકણ નામથી પ્રસિદ્ધ છે.

આ રીતે કોંકણોત્પત્તિ પ્રબંધ પૂરો થયો.[૨૨]

૨૦ પાટલીપુત્ર નામના શહેરમાં પહેલાં વરાહ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો, તેને જન્મથી જ્યોતિષ ઉપર શ્રદ્ધા હતી પણ આર્થિક સ્થિતિ ખરાબ હોવાથી પશુઓને ચારીને પોતાનું ગુજરાન કરતો હતો. એક દિવસ (જંગલમાં) એક પથરા ઉપર કુંડલી લખી, પણ સાંજે એને ભુંસાડયા વગર ઘેર આવતો રહ્યો. સાંજનું કામકાજ કરી મોડી રાતે જમવા બેઠો ત્યાં પોતે પથરા ઉપર લખેલી કુંડલી ભુંસી નથી એમ યાદ આવ્યું એટલે તરત જરાય બીના વગર એ તરફ ઉપડયો. અને ત્યાં જઇને પથરાઉપર સિંહ બેઠો હતો તે પણ ન ગણીને તેના પેટ નીચે હાથ નાખી કુંડલી ભુંસી નાખી. એજ વખતે સિંહનું રૂપ છોડી દઇને સાક્ષાત્ સૂર્યે પ્રત્યક્ષ થઇને " વરદાન માગી લે " એમ કહ્યું. ત્યારે " સર્વ નક્ષત્રોના અને ગ્રહોના

૨૨ આ દંતકથા તો ઠીક જ છે પણ કોંકણની વર્તમાન ભૌગોલિકસ્થિતિ આ પ્રબંધમાં વર્ણવી છે તેવી જ લગભગ છે.

મડળને બતાવો " એમ વરદાન માગ્યુ એટલે તેને પોતાના વિમાનમા બેસાડી ત્યા (આકાશમાં) લઈ ગયા અને એક વર્ષ સુધી ગ્રહોના વક્ર, અતિચાર, ઉદય, અસ્ત વગેરે ભાવોની પ્રત્યક્ષરૂપે પરીક્ષા કરીને જ્યારે તે પાછો આવ્યો ત્યારે મિહિર (સૂર્ય) ના પ્રભાવથી આ જ્ઞાન મળેલું હોવાથી તે વરાહ મિહિર નામથી પ્રસિદ્ધ થયો અને નન્દરાજા આગળ ઘણુ માન પામવા લાગ્યો, તેણે વારાહી સંહિતા નામનુ નવુ જ્યોતિ શાસ્ત્ર પણ રચ્યુ તેણે પોતાના પુત્રના જન્મ વખતે ઘરમા ઘડી માંડીને શુદ્ધ જન્મકાળનું લગ્ન નક્કી કરી જાતક અન્યને અનુસરી તેનુ ફળ કાઢયુ પોતે ગ્રહચક્રનુ પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું તેના જોરે આ છોકરાનું સો વર્ષનું આયુષ્ય નક્કી કર્યું આ પુત્રના જન્મના મહોત્સવમા એક તેના નાના ભાઈ શ્રીભદ્રબાહુ નામના જૈન આચાર્ય શિવાય રાજ્યથી માંડીને ગામના સર્વ માણસોમાથી કાઇક ભેટ સાથે તેને ઘેર ન ગયું હોય એવુ કોઇ નહોતુ તે જોઈએ જૈનધર્મી શકટાલ મંત્રીને શ્રી ભદ્ર બાહુ ન આવ્યા તેનું નિન્દાત્મક કારણ કહ્યુ તે મંત્રીએ એ વાત તે મહાત્માને કરી, ત્યારે સંપૂર્ણ શ્રુતજ્ઞાનથી હાથમા રાખેલા આમળા પેઠે જે ત્રણે કાળને જોઇ શકે છે એવા તેઓએ તે બાળકનું વીસમે દિવસે બીંદડાથી મરણ છે એમ કહ્યુ અને એજ કારણથી પોતે ન ગયા એ પણ મમજ્ઞ વરાહમિહિરને તેઓએ કહેલી વાત કહેવામા આવી એટલે તે દિવસથી તેના કુટુંબે અવશ્ય આવી પડવાની વિપત્તિ રોકવાની ઇચ્છાથી તે બાળકનું બીંદડાથી રક્ષણ કરવા માટે બેકડો ઉપાયો કર્યા છતા નક્કી કરેલે દિવસે મધરાતે એકાએક બાળકના માથા ઉપર આગળીઓ પડીને તે મરણ પામ્યો આ બનાવ બન્યા પછી તેના મનના શોકરૂપી શત્રુને દૂર કરવાની ઇચ્છાથી શ્રીભદ્રબાહુ ગુરૂ જ્યા તેને ઘેર આવ્યા ત્યા ઘરના આગણામા જ્યોતિષને લગતા બધા પુસ્તકો એકઠા કરવામા આવેલા અને તેને બાળી નાખવાની તૈયારી થઇ રહેલી, એ જોઇને " આ શુ ? " એમ પૂછ્યુ, એટલે તે જોષીએ અટપાઇથી તે જૈનમુનિનો તિરસ્કાર કરીને કહ્યુ કે " જેણે મને પણ છેતર્યો તે સદ્વિત્ત અર્થ કહેનાર આ શાસ્ત્રોને બાળી નાખુ છુ " આવુ નિર્વેદ સાથે જ્યારે તેણે કહ્યુ ત્યારે મુનિએ પોતાના વિદ્યાજ્ઞાનના બળથી તેની જન્મકુંડલી તેને બરાબર બતાવી, સૂક્ષ્મદૃષ્ટિથી તેના ગ્રહનુ બળ જણાવી વીસ દિવસનું જ આયુષ્ય થાય છે એ બતાવ્યુ આ રીતે તેનો વૈરાગ્ય દૂર થતા તે જોષીએ કહ્યું કે " તમે જે બીંદડાથી મરણ થશે એમ કહેલુ તેજ ખોટુ પડે છે " એટલે તે આગળીઓને ત્યા મગાવી એના ઉપર કોતરેલો બિલાડો બતાવ્યો

અને "શું ભાવિ કોઇ દિવસ ફરે છે?" એવું મહર્ષિએ કહ્યું. અને "રૂએ છો શા માટે? કોણ ગયું? પરમાણુઓ તો અવિનાશી છે. અને અમુક જાતની આકૃતિનો નાશ થયો એથી શોક થતો હોય તો એ મોહમાં તો પડવા જેવું નથી.

(૨૨) અભાવમાંથી ઉત્પન્ન થયેલા, માયાના વૈભવથી ફેલાયેલા અને જેનું છેવટ અભાવમાં જ છે એવા ભાવોથી સત્પુરૂષોને ભ્રમ થતો નથી."

આ પ્રમાણેની ઉક્તિથી તથા યુક્તિથી તેને બોધ આપી તે મહર્ષિ પોતાને ઠેકાણે ગયા. આ રીતે બોધ પામ્યો હોવા છતાં તે મિથ્યાપણા (ખોટા ધર્મ)ના અંધકારથી ઢંકાયેલો હોવાથી ધતુરાના ઘેનપેઠે તેની અદેખાઈ વધી જવાથી શ્રીભદ્રબાહુના કેટલાક ભક્તોને અભિચારકર્મથી પીડા આપતો હતો તથા કેટલાકને મારી નાખતો હતો. આ વૃત્તાન્ત પોતાના અતિજ્ઞાનવડે તેઓ પાસેથી જાણી લઇને ઉપસર્ગહરપાસ નામનું સ્તોત્ર તેઓએ રચ્યું.

આ રીતે વરાહમિહિર પ્રબંધ પુરો થયો.૨૪

---

૨૩ ધતુરો જેણે ખાધો હોય તેને ઘેન ચડીને બધું પીળુ દેખાય છે એવી માન્યતા છે (જુઓ આનંદ ગ્રન્થનો પ્રકાશ બીજો પૃ. ૮૩) અહીં ધતુરો ખાનાર પેઠે વરાહ મિહિરને અદેખાઈ વધી જવાથી ભદ્રબાહુના શિષ્યો પોતાના દ્વેષીઓ દેખાય અને તેઓને મારવા માટે અભિચાર (શત્રુઓનો નાશ કરવા માટે વપરાતા માત્રિક પ્રયોગો) કર્મ કરે એમ કહેવાની મતલબ જણાય છે.

૨૪ આ વરાહમિહિર નામના મહાન જ્યોતિષી ઐતિહાસિક વ્યક્તિ છે. પણ અહીં એને વિષે જે દંતકથા આપી છે તે જૈન શ્રુત પરંપરાની દંતકથા છે. અને એ પરંપરાના બીજા ગ્રંથોમાં મળે છે (જુઓ ઋષિમંડલ પ્રકરણવૃત્તિ ભાંડારકરનો ઈ. સ. ૧૮૮૩-૮૪ નો રિપોર્ટ પૃ. ૧૩૧-૧૩૨) એમાં વળી વરાહમિહિર પહેલાં જૈન હતો પણ ભદ્ર બાહુએ તેને સૂરીપદ ન આપ્યું માટે એ બ્રાહ્મણધર્મી થઇ ગયો એમ કહ્યું છે. છેવટ તેણે ભાગવતી દીક્ષા લીધી અને મર્યા પછી તેણે જૈનદ્વેષી ભૂત થઇને જૈન શ્રાવકોને હેરાન કરવા માંડ્યા, અને એ હેરાનગતી દૂર કરવા માટે ભદ્ર બાહુએ ઉપસર્ગહરસ્તોત્ર રચ્યું, આટલો ફેરફાર છે (જુઓ ટોનીના અં. ભાષાંતરની પૃ. ૨૧૫ ઉપરની ટિપ્પણી) આ સમગ્ર કથા બ્રાહ્મણધર્મની નિંદાના ઉદ્દેશથી અને બ્રાહ્મણ વિદ્વાન્ કરતાં જૈનસાધુની શ્રેષ્ઠતા બતાવવાના ઉદ્દેશથી રચાઈ છે એ દેખીતું છે: અલબત્ત ભાવિની અપ્રતિકાર્યતાનો ઉપદેશ એ સાથે ગુંથ્યો છે ખરો. પણ ભદ્રબાહુ અને વરાહમિહિરને ભાઈઓ કે સમકાલીન માણસો ગણવામાં કેટલો મોટો કાલવ્યત્યયનો દોષ આવે છે તે જોવા જેવું છે. જૈનશ્રુતપરંપરા પ્રમાણે ઉપસર્ગહરસ્તોત્ર, કલ્પસૂત્ર અને આવશ્યક, દશવૈકાલિક વગેરે દશ શાસ્ત્રો ઉપર નિર્યુક્તિઓ રચનાર

૨૧ એટ વખત (એવુ બન્યુ કે) દક નામના પર્વત ઉપર ગણસિંહ નામના ગજપુતને ભૂપલ નામની એક પુત્રી થઇ, તેનામા સુદરતા નાગલોકની કન્યાઓ કરતા પણ વધારે હતી આ કન્યાને જોઇને તેના ઉપર અનુરાગ થવાથી વાસુકીએ તેનો ઉપભોગ કરવા માડયો એમાથી તેને નાગાર્જુન નામનો પુત્ર થયો પુત્રના સ્નેહથી જેનું મન મોહિત થયુ છે એવા પાતાલના રક્ષક વાસુકીએ તે પુત્રને સર્વ ઔષધિઓના ફળ, મૂળ અને પાન ખવરાવ્યા અને આ ઔષધિઓના પ્રભાવથી તેને મહાસિદ્ધિઓ પ્રાપ્ત થઇ અને તે સિદ્ધપુરૂષની પૃથ્વી ઉપર ફરવા લાગ્યો જોકે તે શાતવાહન રાજાનો કળાઓ શીખવનાર ગુરૂ હતો અને તેણે મોટી પ્રતિષ્ઠા મેળવી હતી, છતા આકાશમા ઉડવાની વિદ્યા મેળવવા માટે તેણે પાદલિપ્તપુર (પાલીતાણા)મા પાદલિપ્તાચાર્યની સેવા કરવા માઠી હવે જમવા ટાણે પગમા લેપ કરીને આકાશમા ઉડી અષ્ટાપદ વગેરે તીર્થોમા નમસ્કાર કરી આવી પોતાને સ્થાને આવેના શ્રી પાદલિપ્તાચાર્યના પગ ધોઇને, અભિમાનથી જેની બુદ્ધિ ઉચ્છૃખલ થઇ ગઇ છે એવા નાગાર્જુને સ્વાદ, રગ, ગધ વગેરે દ્વારા તે લેપમા પડેલા એકમોસાત ઔષધો ઓળખી કાઢયા અને પછી ગુરૂની અવગણના કરીને તે લેપ પોતાને પગે લગાડી ઉડવા જતા મોર અને દડાપેઠે ધોકું ઉડી ખાડામા પડી ગયો અને પડવાથી શરીરમાં અનેક ઠેકાણે વાગવાથી તેના શરીરને જર્જરિત થયેલુ જોઇને ગુરૂએ પૂછયુ કે 'આ શુ ?' એટલે જે બન્યુ હતું તે બધુ કહ્યું, ત્યારે તેની કુશળતાથી મનમા ચકિત થયેલા ગુરૂએ તેના માથા ઉપર હાથ મુકીને કહ્યુ કે "સાડીચોખાના પાણીથી તે ઔષધોને ભીજવી તેનો પગે લેપ કરવાથી તું આકાશમા ફરી શકીશ" આ રીતે શ્રી પાદલિપ્તાચાર્યની કૃપાથી એક સિદ્ધિ મેળવી, પણ એમનાજ મોઢાથી

ભદ્રબાહુ મહાવીર પછી ૧૭૦ વર્ષે ૭૬ વર્ષની ઉમ્મરે દેવગત થયા છે એમ મનાય છે (જુઓ ખરતરગચ્છની પટ્ટાવલી જૈન ગુર્જર કવિઓ, બીજો ભાગ પૃ ૬૬૫) અર્થાત્ તેઓ વિ સ પૂર્વે ૩૦૦ વર્ષ ઉપર થઈ ગયા રાજા નન્દના વખતમા મેરૂતુગે વરાહમિહિરને મુકયા છે તે એમને ભદ્રબાહુના સમકાલીન ગણીને પણ જ્યોતિષી તરીકે પ્રસિદ્ધ વરાહમિહિર વિ સ ૫ ૨ ની આસપાસમા થઇ ગયા છે એ એમના ગ્રથોથી એ ફલિત કરે છે (જુઓ રા કર ભાદકૃષ્ણ દીક્ષિતનુ ભારતીય જ્યોતિષ શાસ્ત્ર, ઈ સ ૧૮૯૬ પૃ ૧૨) એ વરાહમિહિર આદિત્યદાસના પુત્ર હતા, તેને સૂર્યનો વર મળ્યો હતો, અને પોતે અવતીના રહેવાસી હતા (મેરૂતુ કહે છે તેમ પાટલીપુત્રના નહિ) એમ તેઓએ બૃહજ્જાતકના ઉપસહારા શ્લોકમા કહ્યુ છે એમણે જ્યોતિષની ત્રણે શાખા સબધી ગ્રથો લખ્યા છે આ મહાન્ જ્યોતિષીનો બૃહત્સહિતાનામનો ગ્રથ પ્રખ્યાત છે

શ્રી પાર્શ્વનાથની આગળ, સ્ત્રીઓનાં સર્વ લક્ષણોથી યુક્ત પતિવ્રતા સ્ત્રી પાસે મર્દન કરાવી સિદ્ધ કરેલો રસ કોટિવેધી થાય છે એમ સાંભળ્યું. હવે ત્રિકાળજ્ઞાની શ્રી નેમીનાથના મોઢાથી અતિશય મહિમા સાંભળીને જૂના કાળમાં સમુદ્ર-વિજય નામના યાદવે પાર્શ્વનાથની જે રત્નમય પ્રતિમા કરાવી હતી અને દ્વારકાના મંદિરમાં પધરાવી હતી અને દ્વારકા બળી ગયા પછી સમુદ્રમાં ડુબી જતાં જે પ્રતિમા સમુદ્રમાંજ જ પડી રહી હતી, પછી કાન્તી શહેરના ધનપતિ નામના વહાણવટીનું વહાણ દેવના મહિમાથી (એ સ્થળે) અટકી જતાં આકાશવાણીથી 'અહીં જિનપ્રતિમા છે' એવું જાણીને ખારવાઓને સમુદ્રમાં ઉતારી, સાત કાચા તાંતણાથી એ પ્રતિમાને બાંધી બ્હાર કાઢી. આ અણચિંતવ્યો લાભ થતાં પોતાના શહેરમાં મંદિર બંધાવી તે મૂર્તિને ધનપતિ શેઠે ત્યાં પધરાવી. આ સર્વોત્કૃષ્ટ પ્રતિમાનું પોતાના રસની સિદ્ધિ માટે અપહરણ કરી તેને સેઢી નદીને કાંઠે સ્થાપી તેની આગળ રસ સિદ્ધ કરવા માટે શ્રીશાતવાહનની ચન્દ્રલેખા નામની રાણીને સિદ્ધ વ્યન્તરની મદદથી હમેશાં ત્યાં લઇ આવી તેની પાસે રસનું મર્દન કરાવવા માંડયું. આ રીતે વારંવાર ત્યાં આવવા જવાનું થતાં રાણીએ નાગાર્જુનને ભાઇ જેવા ગણીને આ ઔષધિઓને પોતાની પાસે મર્દન કરાવવાનું કારણ પૂછયું. અને તેણે પણ કોટિવેધી રસ તૈયાર કરવાની પોતાની કલ્પનાની બધી વાત કહી. વળી તેનો ન વર્ણવી શકાય એવો સત્કાર કરીને તેના તરફ અસાધારણ સૌજન્ય નાગાર્જુન બતાવતા હતા. હવે એક વખતે તે રાણીએ પોતાના પુત્રોને આ વાત કહી એટલે તે રસના લાલચુ પુત્રો રાજ્ય છોડીને નાગાર્જુન જ્યાં રહેતા હતા ત્યાં પોચ્યા અને કપટથી છુપાવેષમાં રહીને તે રસ લેવાની ઇચ્છાથી જ્યાં નાગાર્જુન જમતા ત્યાં તેની રસોઇ કરનારીને પૈસા આપીને ખુશી કરી રસની વાત પૂછવા માંડી અને રસોઈ કરનારીએ એ વાત જાણવાની ઇચ્છાથી નાગાર્જુન માટે ખારી રસોઈ કરવા માંડી, આ રીતે છ મહીના વીતી ગયા ત્યારે એક દિવસ તેણે રસોઇ તો ખારી છે એમ ઠપકો આપ્યો. આ ચિહ્નથી હવે રસ સિદ્ધ થઇ ગયો એવું તેણે તેઓને કહ્યું. પછી તે રસ લેવાના લાલચુ નાગાર્જુનના માનેલા ભાણેજોએ નાગાર્જુનનું મૃત્યુ દર્ભાંકુરથી છે એવો વાસુકીએ કહેલો નિર્ણય પરંપરાથી ચાલતી વાતો દ્વારા જાણી લઇ એજ શસ્ત્રથી એજ રીતે તેને મારી નાખ્યો

પણ તે રસનો દેવતાથી અધિષ્ઠિત હોવાથી તથા પ્રતિષ્ઠિત[૨૫] હોવાથી

૨૫ આ શબ્દો જરા અસ્પષ્ટ છે. પાઠાંતર (જુઓ મૂળ પૃ ૧૯૭) પ્રમાણે 'સપ્રતિષ્ઠિત દેવતાથી અધિષ્ઠિત હોવાથી એવો અર્થ થાય છે.

તિરોહિત થઈ ગયો આ તિરોહિત થયેનો રસ જે ઠેકાણે સ્થિર થયો તે ઠેકાણે[૨૬] સ્તભનક નામનું રસ કરતા પણ વધારે માહાત્મ્યવાળુ અને સર્વ લોકને ઇચ્છિત ફળ આપનારૂ શ્રી પાર્શ્વનાથનું તીર્થ ઉત્પન્ન થયુ આ પછી કેટલોક કાળ ગયા પછી તે પ્રતિમા જમીનમા ઉતરી ગઇ, માત્ર તેનું મોહુ બહાર રહ્યુ હવે શ્રીજિનશાસનદેવતાની આજ્ઞાથી ૬ મહિના સુધી આયંબિલ વ્રત (ઘી, તેલ વગરનો સુકો ખોરાક લઇને આ વ્રત થાય છે) કરીને (ચાકવડે) લખીને નવાંગવૃત્તિ શ્રીઅભયદેવ સૂરિએ જ્યારે પૂરી કરી ત્યારે તેના શરીરમા ઘણો રોગ નીકળી આવ્યો, પણ પાતાલના રક્ષક શ્રી ધરણે દ્રે[૨૭] ધોળા સર્પનું રૂપ લઇ તેના શરીરને જીભથી મારી રીતે ચાટીને એમનો રોગ દૂર કર્યો પછી ઉપરનું તીર્થ એમને બતાવ્યુ એટલે શ્રી સંઘ સાથે શ્રી અભયદેવ સૂરિ ત્યા આવ્યા અને દુધ ઝરતી ગાયને જોઇને ગોવાળના છોકરા ઓએ બતાવેલે ઠેકાણે નવુ સત્તરીશી સ્તોત્ર રચીને બોલવા માંડયું અને ત્રીશમા શ્લોક ત્યા શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ કરી દેવતાની આજ્ઞાથી છેલ્લા બે શ્લોક ગુપ્ત રાખવામા આવ્યા

(૨૩) જે જૈનમાર્ગમા જે સ્વામીની ચાર હજાર વર્ષ સુધી ઇન્દ્ર, વાસુદેવ અને વરણે દેવાલયમા પૂજા કરી હતી પછી કાન્તી શહેરમા પોતાના મંદિરમા ધનેશ્વર શેઠે અને પછી મહાન નાગાર્જુને પૂજા કરી હતી તે થંભણપુરના શ્રીપાર્શ્વનાથ જિન તમારૂં રક્ષણ કરો

આ રીતે શ્રી નાગાર્જુનની ઉત્પત્તિ તથા સ્તંભનક તીર્થોદ્ધારના પ્રબન્ધો પૂરા થયા[૨૮]

---

૨૬ આ સ્તંભનક તીર્થ તે ખંભાત નહિ પણ ગેદી નદીને કાંઠે આવેલુ થાના કે થામણા, એ ગામ આણંદ તાલુકામા કાસરાથી દક્ષિણ ભેલ છેટે આવેલુ છે (જુઓ બુદ્ધરનું અરિસિંહ પૃ ૧૭)

૨૭ કથાકોષમા નાગકુમારોના રાજા શ્રીધરણનો ઉલ્લેખ છે એ ટોનીએ નોંધ્યું છે (ટોનીનું અંગ્રેજી ભાષાંતર પૃ ૧૯૬ ટિ ૫)

૨૮ આ નાગાર્જુન પ્રબંધ ચતુર્વિંશતિ પ્રબંધના પાંચમા તથા અઢારમા પ્રબંધમા મળે છે ચંદ્રપ્રભા ઢંક પર્વતને શેત્રુંજાનુ એકશિખર કહેલ છે અભયદેવ સૂરિવાળી સ્તંભનકતીર્થના પ્રાકટ્યની કથા વિસ્તારથી પ્રભાવકચરિતમા અભયદેવ પ્રબંધમા મળે છે પ્રભાવકચરિતમા અભયદેવ સૂરિને ભીમદેવ પ્હેલાના તથા કર્ણના સમકાલીન કહેલ છે અભયદેવસૂરિનો જયતીહુયણ સ્તોત્ર નામનો ગ્રંથ વિ સ ૧૧૧૯ મા રચાયો છે (જુઓ પીટર્સનનો ત્રીજો રિપોર્ટ પૃ ૨૫ એપેન્ડીક્સ પૃ. ૨૪૫) બીજા ગ્રંથો સ ૧૧૨૦ અને ૧૧૨૮ મા રચાયા છે અને તે પોતે સ

૨૨ અવન્તી પુરીમાં એક વખત એક બ્રાહ્મણ રહેતો હતો જે પાણિનિનું વ્યાખ્યાન ભણાવતો હતો. આ બ્રાહ્મણે સિપ્રા નદીને કાંઠે જેનું મંદિર આવેલું છે એવા ચિન્તામણિ નામના ગણેશને હમેશાં નમસ્કાર કરવાનો નિયમ રાખ્યો હતો. એક વખત શિષ્યોએ[૨૯] ફક્કિા વ્યાખ્યાનના પ્રશ્નોથી તેને બહુ કટાળો આપ્યો. એટલે ચોમાસામાં તે નદીમાં આવેલા પૂરમાં તે બ્રાહ્મણે ઝંપલાવ્યું. પણ દૈવેચ્છાથી એક ઝાડ હાથ આવી ગયું એટલે તેના મૂળને

૧૧૩૫ (બીજાઓ ૧૧૩૯ કહે છે) માં કપડવણિજ્જ (કપડવંજ) ગામમા સ્વર્ગસ્થ થયા છે. (જુઓ જૈન ગુર્જર કવિઓ ભાગ બીજો પૃ. ૬૭૪ તથા ૭૧૨)

હવે નાગાર્જુનની જે કથા અહીં આપી છે તેમાં એના જન્મની જે કથા છે તેને લગભગ મળતી વધવા બ્રાહ્મણી અને નાગરાજના સબંધથી શાલિવાહનના જન્મની કથા કથા સરિત્સાગર (જુઓ તરંગ છઠ્ઠો) માં ગુણાઢય સબધે અને ચતુર્વિંશતિ પ્રબંધમાં શાલિવાહન સંબધે પણ આપી છે (જુઓ પ્રબંધ ૧૫ મો) નાગાર્જુનની માને રાજપુત્રની પુત્રી કહી છે જ્યારે શાલિવાહનની માને દ્વિજ પુત્રી કહી છે, એટલો ફેર છે.

વળી આ જૈન શ્રુતપરંપરા નાગાર્જુનને સિદ્ધ પુરૂષ કહે છે. જો કે ઉપરની કથામાં તો રસનો ઉપયોગ કર્યા પહેલાં નાગાર્જુનનું મરણ થાય છે, એમ વાત છે. આયુર્વેદિક રસશાસ્ત્રો પણ નાગાર્જુન નામના એક રસસિદ્ધનો ઉલ્લેખ કરે છે. રસસ પ્રદાયના નાગાર્જુન લગભગ આદ્યદૃષ્ટા ગણાય છે. રસેન્દ્રમગલકે રસ રત્નાકર નામનો એક નાગાર્જુનનો ગણાતો ત્રુટિત ગ્રંથ મળ્યો છે. (જે છપાઇ પણ ગયો છે) આ ગ્રંથમા નાગાર્જુન સાથે શાલિવાહનનો વિચિત્ર સંવાદ આપ્યો છે.

બૌદ્ધ શ્રુત પરંપરામાં જેમ નાગાર્જુન અને કનિષ્કનો સંબંધ દર્શાવતી કથાઓ મળે છે. તેમ શાલિવાહન અને નાગાર્જુનનો સબંધ દર્શાવતી કથાઓ પણ મળે છે. નાગાર્જુન અને શાલિવાહનના સવાદનો એક ગ્રંથ પણ ટીબેટન તથા ચાઈનીઝ ભાષામાં જળવાઈ રહેલ છે. અને તારાનાથે (ઈ. સ. ૧૬૦૮) નાગાર્જુનની લાબી કથા લખી છે. રાજતરંગિણી બોધિ સત્વ નાગાર્જુનને કનિષ્કના સમકાલીન ઠરાવે છે અને બૌદ્ધ માધ્યમિક દર્શનના આચાર્ય માધ્યમિક કારિકાના લેખક નાગાર્જુનને ઇ. સ. બીજા શતકની પાછલી અર્ધ શતાબ્દીમાં કે ઈ. ૨૦૦ ની આસપાસમાં માનવા તરફ પુરાતત્વજ્ઞોનું સામાન્ય વલણ છે (જુઓ કીથનું History of Sanskrit Literature p. 71. તથા મારૂં આયુર્વેદના દાર્શનિક તથા સંકૃત્ત સબંધી પ્રકરણોનો અભ્યાસ પૃ. ૬૨)

૨૯ ફક્કિા વ્યાખ્યાન એ પાતંજલ મહાભાષ્યના અમુક વાદાત્મક કટકાઓનું નામ છે. પણ એવા કટકાઓના જુદા સંગ્રહોની હસ્તપ્રતો પણ મળે છે.

फणिभाषितभाष्यफक्किा विषमा...(नै. २-९५)

એવું જે નૈષધકાર કહે છે તે બરાબર છે.

પકડી રાખી દોડી મળતા તેમા બેમી પ્રત્યક્ષ દર્શન આપનાર ઇષ્ટદેવ ત્રણે-શને પ્રણામ કરતા તેના સાહસથી સતુષ્ટ થયેલા ગણપતિએ "વરદાન માગી લે" એમ કહેતા તેણે પાણિનિ વ્યાકરણનો ઉપદેશ આપવાનું માગ્યુ ગણપ-તિએ 'ભલે' એમ કહી તેને ખડી આપી હમેશા વ્યાકરણનુ વ્યાખ્યાન કરવા માડ્યુ ૭ મહિના સુધી વ્યાકરણ દ્રઢ રીતે ભણ્યા પછી ગણપતિની ઝટ રજા લઇ પોતાની (વ્યાકરણના વ્યાખ્યાનની) લખેલી પહેલી પ્રત હાથમા લઇ (ઉજ્જૈન) શહેરમા પ્રવેશ કરીને શહેરની કોઇ ખુલ્લી જગ્યામાં બેઠા બેઠા જ ઉંઘી ગયો પછી સવારે તેને એ સ્થિતિમા જોઇ કોઇ વેશ્યાની દાસીઓએ પોતાની રોમણીને આ વાત કરી એટને તેણે તેને દાસીઓ મારફત તેડાવી એમને એમજ ઝુલતા પલગ ઉપર સુવારી દીધો ત્રણ દિવસ અને ત્રણ રાત સુધ રહ્યા પછી જરા ઉંઘ ઉડતા તેણે જોયુ તો ચિત્રશાળા વગેરે આશ્ચર્યકારક ચિત્ર જોઇને પોતે સ્વર્ગમા આવ્યો છે કે શુ એમ વિચારમા પડયો, ત્યા તો વેશ્યાએ બધી વાત જણાવી સ્નાન, પાન, ભોજન વગેરેથી તેને ખુશી કર્યો પછી તે બ્રાહ્મણ રાજાની સભામાં ગયો અને પાણિનિ વ્યાકરણનું બરાબર વ્યાખ્યાન કર્યું એટલે રાજા વગેરેએ તથા રાજાના સર્વ પડિતોએ તેનો સારી રીતે સત્કાર કર્યો અને બ્રાહ્મણે ત્યાંથી જે મળ્યું તે બધુ લઇ આવીને તે વેશ્યાને આપ્યું

આ પછી તેણે ચાર વર્ણની ચાર સ્ત્રીઓ કરી, તેમાથી ક્ષત્રિય પત્નીથી વિક્રમાદિત્યનો જન્મ થયો, અને શૂદ્ર સ્ત્રીથી ભર્તૃહરિનો જન્મ થયો તે ભર્તૃહરિ આ રીતે હલકી જાતિનો હોવાથી તેને ઘરના ભોયરામા રાખી છાની રીતે ભણાવવામા આવતો અને બાકીના ત્રણને સામે બેસારીને ભણાવવામા આવતા એક વખત ભર્તૃહરિના સંકેતવડે બાકીનાને ભણાવતા તેણે નીચેનું વચન કહ્યું —

(૨૪) પૈસાની દાન, ભોગ અને નાશ એ ત્રણ ગતિ છે

આ પ્રમાણે ભણાવતા ભર્તૃહરિએ ભોયરામાંથી-દોરડી હલાવી સંકેત ન કર્યો, અને બાકીના સામે બેઠેલા ત્રણે છાત્રોએ એ શ્લોકનો બાકીનો ઉત્તરાર્ધ પૂછ્યો એટને કોપેલા ઉપાધ્યાયે " અરે વેશ્યાના છોકરા ! હજી દોરડીનો સંકેત કેમ નથી કરતો ? " આ પ્રમાણે ક્રોધ કરીને કહ્યુ એટને ભર્તૃ-હરિએ સામે આવી શાસ્ત્રકારની નિન્દા કરી નીચે પ્રમાણે આખો શ્લોક કહ્યો –

(૨૫) ઘણો શ્રમ કરવાથી મળેલું અને પ્રાણથી પણ વધારે મોટું જે ધન તેની તો દાન એ એક જ સાચી ગતિ, બાકી તો વિપત્તિઓ સમજવી

આ પ્રમાણે બોલીને ધનની એક જ ગતિ જણાવી. આ ભર્તૃહરિએ વૈરાગ્યશતક વગેરે ગ્રન્થો રચેલા છે.

આ પ્રમાણે ભર્તૃહરિ ઉત્પત્તિ પ્રબંધ પૂરો થયો.૩૦

૨૩ માળવાના ભૂષણરૂપ ભોજરાજનો આયુર્વેદ જાણનાર વાગ્ભટ વૈદ્ય ધારા નગરીમાં રહેતો હતો. તે આયુર્વેદમાં કહેલાં કુપથ્યોનું સેવન કરાવીને, એના પ્રભાવથી રોગ ઉત્પન્ન કરીને, પછી તે રોગોનું શમન કરવા માટે સુશ્રુતમાં કહેલાં ઔષધો તથા પથ્યોનું સેવન કરાવી એ રોગોને દૂર કરતો હતો. પાણી વગર કેટલો વખત જીવી શકાય એની પરીક્ષા કરવા માટે પાણીનો ત્યાગ કરીને ત્રણ દિવસને અન્તે તરશથી જેનાં હોઠ અને તાળવું પીડાતાં હતાં એવા તેણે આ વચન કહ્યું:—

(૨૬) ક્યારેક ઉનું, ક્યારેક ટાઢું, ક્યારેક ઉકાળીને ઠારેલું, અને ક્યારેક ઔષધોવાળું પાણી લેવાય; પણ ક્યારેય પાણી તદ્દન નિષિદ્ધ નથી.

આ પ્રમાણે પાણીનો ગુણ દેખાડનારું વચન તે બોલ્યો. તેણે પોતાના અનુભવનો વાગ્ભટ નામનો ગ્રન્થ રચ્યો છે.૩૧ આનો જમાઈ જેનું લઘુ

---

૩૦ એક મોટો વૈયાકરણ ભર્તૃહરિ સંસ્કૃત સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે. અને એના વ્યાકરણ ગ્રન્થ ઉપરથી એનો સમય ઈ. સ. ૬૫૧ નક્કી કરવામાં આવ્યો છે. વૈરાગ્ય શતકાદિશતકો એ ભર્તૃહરિનાંજ રચેલાં છે એવું મનાય છે. ભટ્ટીકાવ્ય પણ એનીજ કૃતિ ગણાય છે. આ જોતાં વિક્રમ સંવતનો જેનાથી આરંભ થયો એમ કહે છે તે વિક્રમાદિત્યને ભર્તૃહરિનો ભાઈ ઠરાવવામાં દંતકથા ભૂલે છે.

૩૧ આયુર્વેદિક સાહિત્યમાં વાગ્ભટ નામથી ત્રણ ગ્રન્થો પ્રસિદ્ધ છે (૧) અષ્ટાંગ સંગ્રહ, કે વૃદ્ધ વાગ્ભટ (૨) અષ્ટાંગહૃદય અને (૩) રસરત્ન સમુચ્ચય. આ ત્રણે એકજ ગ્રન્થકર્તાની કૃતિઓ છે એવું પર પરાથી મનાય છે, પણ ઐતિહાસિક દૃષ્ટિએ એ માન્યતા ખોટી છે. રસરત્ન સમુચ્ચય ગ્રંથ ઇ. સ. ૧૩ મા શતકનો ગ્રન્થ છે. એ ગ્રંથનો કર્તા પહેલા બે ગ્રન્થોના કર્તા કે કર્તાઓથી જુદો હોવાનું તો થોડી પણ ઐતિહાસિક દૃષ્ટિ જેનામાં હોય તે કબુલ જ કરે છે. અષ્ટાંગ સંગ્રહ અને અષ્ટાંગ હૃદયનો કર્તા એકજ છે એવું કેટલાક તજજ્ઞ વિદ્વાનો માને છે; જ્યારે બીજાઓ બેયને જુદા ગણે છે. અષ્ટાંગ સંગ્રહકાર વાગ્ભટ વરાહમિહિર પહેલાં અર્થાત્ ઇ. સ. ૬૦૦ પહેલાં થઇ ગયા હોવા જોઇએ. (જુઓ આયુર્વેદ વિજ્ઞાન પુ. ૩ પૃ. ૩૫૮, ૩૫૯) ચીનાઈ મુસાફર ઇત્સંગ પહેલાં તો ઘણા સમથી મનાય છેજ. મેં પોતે અષ્ટાંગ હૃદયના કર્તાને અષ્ટાંગ સંગ્રહના કર્તાથી જુદા માનવાનો મત બેય ગ્રન્થોનાં સદ્વૃતનાં પ્રકરણો સરખાવીને આપ્યો છે (જુઓ આયુર્વેદનાં દાર્શનિક તથા સદ્વૃત્ત સંબધી પ્રકરણોનો અભ્યાસ પૃ. ૬૯)

વાહડ (વાગ્ભટ) નામ હતુ તે પોતાના સમગ્ર મોટા વાહડ માથે એક દિવસ સવારે રાજમહેલમાં ગયો હતો ત્યા ભોજના શરીરની સ્થિતિ જોઇને મોટા વાહડે કહ્યું કે "આજે આપ નીરોગી છો" ત્યારે નાના વાહડે મોઢુ બગાડયુ, એ જોઇને શ્રી ભોજે કારણ પૂછયુ ત્યારે તેણે જવાબ આપ્યો કે "આજની રાતના છેવટના ભાગમા મહારાજાના શરીરમા કાળી છાયાના પ્રવેશથી સૂચિત રાજયક્ષ્માનો પ્રવેશ થયો છે" આ પ્રમાણે દૈવની કૃપાથી તેણે ઇન્દ્રિયોથી ન જણાય એવી વાત કરી, એટલે એની કળાથી ખુશી થયેલા રાજાએ તેનો ઉપાય પૂછયો ત્યારે તેણે "ત્રણ લાખ દ્રવ્ય ખરચીને રસાયન તૈયાર કરવુ પડે" એમ જવાબ આપ્યો અને છ મહિને તેટલો પૈસો ખરચીને પરમ આદરથી એ રસાયન તૈયાર કર્યા પછી રાતે તેને કાચના શીશામાં ભરી રાજાના પલંગમા રાખી મુકયુ સવારે દેવપૂજા પછી તે રસાયન ખાવાની ઇચ્છાથી રાજાએ રસાયન પૂજાનો ઉત્સવ કરી તે ખાવાની જ્યા બધી સામગ્રી તૈયાર કરી ત્યા નાના વાહડે ગમે તે કારણથી તે શીશાને જમીન ઉપર પછાડી ભાંગી નાખ્યો રાજાએ "અરે આ શુ કર્યું?" એમ પૂછયુ, ત્યારે તેણે જવાબ આપ્યો કે "રસાયનની સુગધથી જ રોગ દૂર થઈ ગયા પછી, રોગ ન હોય ને ખાવામા આવે તો ધાતુનો ક્ષય કરે એવા આ રસાયનને નકામુ શા માટે માચવી રાખવુ? આજની રાત પૂરી થઇ તે વખતે જ પહેલા કહેલી કાળી છાયા મહારાજાના શરીરમાથી નીકળીને દૂર ચાલી ગઇ દેખાય છે પછી તો એ બાબતમા મહારાજા કહે તે સાચું" આ પ્રમાણેના તેની અનુભવથી માચી ઠરેલી વાત સાભળી ખુશી થયેલા રાજાએ તેને દરિદ્રતાનો નાશ કરે એવુ ઇનામ આપ્યુ

હવે આ વૈદ્યે પૃથ્વી ઉપર ઉખેડી નાખેલા બધા રોગોએ સ્વર્ગમા જઇ અશ્વિનીકુમાર પાસે પોતાની હારની વાત કરી આ વાતથી મનમા ચકિત થયેલા તે દેવ વૈદ્યો આમમાની રંગના બે પક્ષીનું રૂપ ધારણ કરી રોગના શત્રુ રૂપ વાગ્ભટના મહેલના ગોખ તળે ઝરૂખામા બેસી ક્રોરુકૂ-ની રોગી ટોણ ૧૩૨ એવો શબ્દ કરવા લાગ્યા. આથી તે આયુર્વેદ જાણનાર વૈદ્યે પાસેથી આવતા તેના આ શબ્દને માભિપ્રાય માનીને, મનમા લાબો વખત વિચાર કરી નીચે પ્રમાણે જવાબ આપ્યો

(૧૭) જે શાક ઓછુ ખાય, ભાત માથે ઘી ખાય, દૂધના પદાર્થો

---

૩૨ મોટે ચાલતી દંતકથામા એમ સાભળ્યુ છે કે ક્રોરુકૂ ના જવાબમા મિતમુક્ હિતમુક્ અદા ક્સુર્ (?) ચોક્ ખાય, હિતકારી ખોરાક ખાય અને શાક ઓછુ ખાય એમ વાગ્ભટે કહ્યું

આવાની ટેવ રાખે, જમતાં જમતાં પાણી ન પીએ, કાયમ ઓછું ખાય પણ ભૂખ્યો ન રહે, અને વાયડા તથા ગરમ પદાર્થો ન ખાય, પહેલાં ખાધેલું પચી જાય ત્યારે જ બીજી વાર ખાય અને પૌષ્ટિક પદાર્થો ઓછા ખાય (તે નીરોગી રહે).

(૨૮) જે વર્ષાઋતુમાં ઘેર રહે, શરદઋતુમાં પીવાયોગ્ય પદાર્થોનું પાન કરે, હેમન્ત અને શિશિરઋતુમાં સારી રીતે ખાય, વસંતઋતુમાં આનંદ કરે, અને ઉનાળામાં (બપોરે) ઉંઘે, તે, હે પક્ષી, નીરોગી રહે છે.

આ પ્રમાણે કહ્યા પછી તેઓ પાછા ગયા. વળી ત્રીજે દિવસે યોગીન્દ્રનું રૂપ લઇને તેને ઘેર ગયા અને નીચેનું વચન કહ્યું.

(૨૯) પૃથ્વીમાં જે ઉત્પન્ન થયું ન હોય, આકાશમાંથી પણ ન ઉતર્યું હોય, જેનો ભુક્કો ન થઇ શકે, તેમ જે પાણીમાંથી ન નીકળ્યું હોય તે ઔષધ કીયું એ, હે વૈદ્ય કહે.

વૈદ્યે તેના જવાબમાં કહ્યું:—

(૩૦) પૃથ્વીમાંથી કે આકાશમાંથી ઉત્પન્ન થયું ન હોય તેમજ પાણી વગરનું હોય એવું પથ્યરૂપ પરમઔષધ તો પૂર્વાચાર્યોએ કહેલું લંઘન છે.

આથી મનમાં ખુશી થઇને તે બે વૈદ્યો પ્રત્યક્ષ દર્શન આપી તથા જોઇતું વરદાન આપી પોતાને સ્થાનકે ચાલ્યા ગયા.

આ પ્રમાણે વૈદ્ય વાગ્ભટ પ્રબંધ પૂરો થયો.

૨૪ ધામણઉલી નામના ગામમાં રહેનારો ધાર નામનો એક વેપારી જે લક્ષ્મીથી કુબેરની સ્પર્ધા કરતો હતો તે સંઘનો અધિપતિ થઇને આનંદથી પૈસા ખરચી માણસોને જીવિતદાન આપતો પોતાના પાંચે પુત્રો સાથે ગિરનારની યાત્રા કરવા ગયો અને ગિરનારની તળેટીમાં છાવણી નાખીને રહ્યો. ત્યાં એ પ્રદેશના દિગંબરમાર્ગના અનુયાયી એક રાજાએ આ શેઠીઓ સિતાંબરમાર્ગનો અનુયાયી છે એમ ગણીને તેને (પર્વત ઉપર ચડતાં) અટકાવ્યો. આથી રાજાનાં તથા શેઠીઆનાં લશ્કરો વચ્ચે લડાઇ થઇ. આ લડાઇમાં દેવભક્તિથી જેના સાહસને ઉત્તેજન મળ્યું છે એવા તે શેઠીઆના પાંચે પુત્રો યુદ્ધના અપ્રતિમ રસથી લડતાં, મરણ પામ્યા અને ત્યાંજ ક્ષેત્રપતિ થયા. ક્ષેત્રપતિ તરીકે તેઓનાં નામો નીચે પ્રમાણે પડયાં. (૧) કાલમેઘ, (૨) મેઘનાદ, (૩) ભૈરવ, (૪) એકપદ અને (૫) ત્રૈલોક્યપાદ. તીર્થના શત્રુને મારતાં મરેલા તે પાંચે પર્વતની આસપાસ વિજય પામે છે. આ પછી એકલો બાકી રહેલો તેનો પિતા ધાર કાન્યકુબ્જ દેશમાં ગયો અને શ્રી

બપ્પભટ્ટસૂરિ વ્યાખ્યાન કરતા હતા એ વખતે શ્રીમલને કહ્યું કે "રૈવતકતીર્થમા દિગંબરો સ્થિર થઈ બેઠા છે અને તેઓ સિતાંબરોને પાખડી ગણીને પર્વત ઉપર ચડવા નથી દેતા માટે તેઓને જીતીને તીર્થનો ઉદ્ધાર કર્યો પછી, પોતાના ધર્મની પ્રતિષ્ઠા જાળવનારા સૂરિઓએ વ્યાખ્યાન કરવા બેસવું જોઈએ" આ તેના વચનરૂપ લાકડાથી જેનો ક્રોધાગ્નિ સળગી ઉઠયો છે એવા તે આચાર્ય ત્યાના ગાન્ને સાથે લઈ ગિરનાર નજીક આવ્યા અને સાત દિવસ સુધી વાદ કરીને દિગંબરોને હરાવ્યા પછી શ્રી સઘના દેખતા શ્રીઅમ્બિકાના પ્રત્યક્ષ દર્શન કરાવ્યા તથા 'ઉર્જયની (ગિરનાર) પર્વત ઉપર કરેલો એક નમસ્કાર પણ" વગેરે દેવીને મોટેથી સભળાવ્યુ આ રીતે શ્વેતાંબર માર્ગની સ્થાપના થતા હારેલા દિગંબરોએ બલાનક (દેવમદિરના પ્રવેશદ્વાર ઉપર આવેલા) મડપ ઉપરથી ઝપાપાત કરીને આપઘાત કર્યો

આ રીતે ક્ષેત્રાધિપતિઓની ઉત્પત્તિનો પ્રબંધ પૂરો થયો.૩૩

એક વખત પાર્વતીએ શકરને પૂછયુ કે "તમે તે કેટલાક કાપડી (તમારા ભકતો)ને રાન્ન આપો છો?" ત્યારે શકરે જવાબ આપ્યો કે લાખોમા જે કોઈ એકને યાત્રાની સાચી વાસના ભકિત હોય તેને હું રાન્ન આપુ છુ અને તેનો પ્રત્યક્ષ પુરાવો બતાવવા માટે પાર્વતીને કીચડમા ખૂચી ગયેલ ધરડી ગાયરૂપ બનાવી પોતે માણસરૂપે કીચડની બ્હાર ઉભા રહ્યા અને પછી રસ્તે જતા માણસોને એ ગાયને બ્હાર કાઢવા માટે બોલાવવા લાગ્યા પણ પાસે આવેલા સોમેશ્વરમહાદેવના દર્શન કરવા માટે ઉનાવળમા જતા આ લોકો મોટે ભાગે તેની મશ્કરી કરી ચાલ્યા જતા હતા કદાચ કોઈ માણસ દયા લાવી ગાયને કાઢવા આગળ જાય તો તેને શકર પોતેજ સિદ્ધનું રૂપ ધારણ કરી બ્હાર કાઢી મૂકતા હતા પણ એક યાત્રાળુ એવો આવ્યો કે જેણે મરણ થાય તો ભલે થાય પણ ગાયનું પડખુ છોડયુ નહિ "આ એકજ રાન્નને યોગ્ય છે" એમ શકરે પાર્વતીને બતાવ્યુ

આ રીતે વાસના પ્રબંધ પૂરો થયો.૩૪

---

૩૩ આ પ્રબંધમા જેનો ઉલ્લેખ આવે છે તે શ્રી બપ્પભટ્ટિસૂરિનો પ્રબંધ ચતુર્વિંશતિ પ્રબંધમા (નુઓ ૯ મો પ્રબંધ) તથા પ્રભાવકચરિત (પ્રબંધ ૧૦મો) મા મળે છે

૩૪ આ વાસના પ્રબંધવાળી કથા સિંહાસન દ્વાત્રિંશિકામા મળે છે ચંદ્રકાન્તમા બોલા કોકાસથી આ વાર્તા વિસ્તારીને આપેલી છે

૨૬ એક વખત એક કાપડી સોમેશ્વરની યાત્રા કરવા જતાં રસ્તામાં લુહારના ઘરમાં એક રાત સુતો હતો, ત્યાં તે લુહારની સ્ત્રીએ પોતાના ધણીને મારી નાખી એ તરવાર પેલા કાપડીના માથા આગળ મુકી ઘુમાઘુમ પાડી મુકી. તરત જ સિપાઇઓ દોડી આવ્યા અને ગુન્હેગાર તરીકે તેને પકડી તેના હાથ કાપી નાખ્યા. આથી તે કાપડી મનમાં દેવને દોષ દેવા લાગ્યો, ત્યારે શંકરે રાતમાં પ્રત્યક્ષ દર્શન આપી કહ્યું કે "સાંભળ! તારા આગલા જન્મમાં એક બકરીના એક ભાઇએ કાન પકડી રાખ્યા અને બીજા ભાઇએ તેને મારી નાખી. તે બકરી મરીને આ બાઈ રૂપે જન્મી; જેણે તેને મારી હતી તે આ જન્મે તેનો ધણી થયો અને તેં તેના કાન પકડ્યા હતા, તેથી તારો મેળાપ થતાં તારા હાથ કપાયા; તેમાં મારો શું દોષ?"

આ પ્રમાણે કૃપાણિકા પ્રબંધ પુરો થયો.

પહેલાં શંખપુર નગરમાં શ્રી શંખ નામે રાજા થઇ ગયો. તેના શહેરમાં નામ અને કર્મમાં ધનદ (ધન આપનાર) નામનો એક શેઠીઓ રહેતો હતો. લક્ષ્મીને હાથીના કાનના સુપડા જેવી ચંચળ જાણીને તે એક દિવસ હાથમાં કાંઇક ભેટ લઈને રાજા પાસે ગયો અને તેને ખુશી કર્યા. આથી રાજાએ ભેટ આપેલી જમીનમાં, પોતાના ચારે પુત્રો સાથે વિચાર કરીને, શુભ મુહૂર્તમાં તેણે એક જૈન મંદિર બંધાવ્યું. અને તેમાં પ્રતિષ્ઠિત પ્રતિમાઓની સ્થાપના કરી તેના નિભાવ માટે આવકનાં ઘણાં સાધનો ઉભાં કર્યાં. પછી તેની સેવામાં લાગી રહેલા તે શેઠે અનેક જાતનાં પુષ્પ વૃક્ષોવાળો સુંદર બગીચો કરાવ્યો અને તેના ઉપર વ્યવસ્થાપકો નીમ્યા. આ અરસામાં તેના પૂર્વજન્મનાં વિઘ્નકારક કર્મનો ઉદય થવાથી ક્રમે કરીને તેની લક્ષ્મી હરાઇ ગઇ અને કરજ થઇ જવાથી ત્યાં રહેવામાં માન હાનિ જાણીને નજીકના એક નાના ગામમાં રહેવા લાગ્યો. અને ત્યાંથી શહેરમાં આવે જાય તથા દીકરાઓ મોકલે તેમાંથી પોતાનો નિર્વાહ કરે એ રીતે કેટલોક કાળ ગયો. એક વખત ચાતુર્માસિક પર્વ પાસે આવતાં, તે ધનદ શેઠ શંખપુરમાં ગયો અને ત્યાં પુત્રો સાથે પોતાના મંદિરનાં પગથીઆં ચડતો હતો ત્યાં પોતાના બગીચાની માળણે આવીને ચોસર હાર ભેટ કર્યો આથી પરમ આનંદમા આવી જઇ જિનેન્દ્રની તે હારથી પૂજા કરી પછી રાતે ગુરૂ આગળ પોતાની ખરાબ સ્થિતિની ખૂબ નિન્દા કરી એટલે ગુરૂએ[૩૫] કપર્દી યક્ષને આકર્ષવાનો

૩૫ કપર્દીયક્ષનો ઉલ્લેખ આ ગ્રંથમાં ઘણીવાર આવે છે. ઘણાં જૈન મંદિરોમાં કપર્દીયક્ષની મૂર્તિ–માથું બળદનું અને બાકીનું શરીર માણસનું એવી–હોય છે.

એક મંત્ર આપ્યો અને તેણે તે પછી કાળી ચૌદશની મધરાતે તે મંત્રના જપથી કપર્દી યક્ષનું પ્રત્યક્ષ દર્શન કર્યું એટલે તેની પાસે ગુરુએ શીખવ્યા પ્રમાણે "ચાતુર્માસિક સમયે કુનના ચોમગ દ્વારથી કરેલી પૂજાના પુણ્યનું ફળ આપો" એમ માગ્યું, ત્યારે તેણે જવાબ આપ્યો કે "એક કુનથી કરેલી પૂજાનું પણ ફળ સર્વત્ર જ આપી શકે છે, હું આપવા સમર્થ નથી" પરંતુ તે શેઠીઆને પોતાનો સાધર્મિક ગણીને અસાધારણ પ્રેમવાળા મનવને લીધે તેના ઘરમાં ચારે ખુણામા સુવર્ણથી ભરેલા ચાર કળશો મુકી પોતે અંત ર્ધાન થઇ ગયો તેણે સવારમા પોતાને ઘેર આવીને ધર્મ દાનમા પરાયણ એવા પોતાના પુત્રોને તે દ્રવ્ય આપ્યુ અને તેઓએ આ વૈભવ કેવી રીતે મળ્યો એમ આગ્રહથી પોતાના પિતાને પૂછ્યુ ત્યારે તેઓના હૃદયમા ધર્મ-પ્રભાવનો ઉદય થાય એ હેતુથી "જિન પૂજના પ્રભાવથી સંતુષ્ટ થયેલા કપર્દીયક્ષે આ આપ્યુ" એમ કહ્યું તેઓએ પણ સંપત્તિ મળતા તે પોતાના જન્મસ્થાનમાં પોતાના ધર્મના સ્થાનો ઉભા કરીને જૈનધર્મની વિવિધ પ્રભા વના દ્વારા પરધર્મીઓના મનમા પણ જૈન ધર્મને દ્રઢ કર્યો

આ રીતે વીતરાગની પૂજનો અનદપ્રબંધ પુરો થયો.

આ રીતે આચાર્યશ્રી મેરૂતુંગે રચેના પ્રબંધ ચિંતામણિનો વિક્રમાદિત્યે કરેલ પાત્ર પરીક્ષા પ્રબંધથી આરંભી શ્રીજિનપૂજા વિધે ધનદ પ્રબંધ સુધીના વર્ણનવાળો પ્રકીર્ણક પ્રબંધ નામનો પાંચમો પ્રકાશ પૂરો થયો

(૩૧) બહુશ્રુત અને ગુણવાન વૃદ્ધો મોટે ભાગે દુર્લભ થઇ ગયા છે અને શિષ્યોમા પ્રતિભા ન હોવાથી ઉંચા પ્રકારનું શ્રુત લુપ્ત થતું જાય છે માટે ભવિષ્યમા થનારા બુદ્ધિશાળી માણસો ઉપર પરમ ઉપકાર કરવા માટે સત્પુરૂષોના પ્રબંધોને ચુંથીને અમૃતના સદાવ્રત જેવો આ ગ્રન્થ રચ્યો છે


(૩૨) પ્રબન્ધોનો આ ચિન્તામણિ હાથમા લેવાથી ચિન્તામણિરૂપ થાય છે, લાંબો વખત પાસે રાખવાથી સ્યમતક મણિરૂપે ભાસે છે અને હૃદયમા રાખવાથી શુદ્ધ કૌસ્તુભમણિની શોભા ધારણ કરે છે, તેથી આ ગ્રન્થને લીધે ડાહ્યો માણસ લક્ષ્મીપતિ (વિષ્ણુ) જેવો થઇ જાય છે

(૩૩) હું મન્દબુદ્ધિવાળો હોવા છતાં જેવા સાભળ્યા તેવા પ્રબંધોથી આ ગ્રન્થની સકલના કરી છે માટે બુદ્ધિશાળા સજ્જનોએ મત્સર દૂર કરીને તેને ઉંચે ચડાવવો

આને લોકો કપડી જક્ષ (સ કપર્દીયક્ષ) કહે છે કપર્દીયક્ષ દ્વારપાળ ગણાય છે (જુઓ શ્રી જૈ સ ૯_૨ો ૨૨ ઉપરની ટિપ્પણી)

(૩૪) જ્યાંસુધી આકાશમાં, સૂર્ય અને ચન્દ્ર જુગારીઓ પેઠે ગ્રહરૂપી કોડીઓવડે રમે ત્યાંસુધી સૂરિઓએ ઉપદેશેલો આ ગ્રન્થ પણ જીવતો રહો.

શ્રી વિક્રમ સંવત્ ૧૩૬૧ના ફાગણ સુદિ ૧૫ અને રવિવારે વઢવાણમાં આ પ્રબંધ ચિંતામણિ ગ્રન્થ સમાપ્ત થયો.[૩૬]



૩૬ એક હાથ પ્રતમાં ૧૩૬૧ ના વૈશાખની પૂર્ણિમાએ ગ્રન્થ સમાપ્ત થયો એમ લખ્યું છે.

માણસો, શહેરો, નદીઓ વગેરેના વિશેષ નામોની અનુક્રમણિકા

અક્ષતા ૩૨ ટિ ૫૦,
અક્ષપટલ ૧૪૩,
અગસ્ત્યમત ૧૪૯,
અગ્નિવેતાલ ૪, ૫, ૭૫,
અગ્નિશિખ ૫ ટિ ૯,
અજમેર ૨૪૭ ટિ ૨૧,
અજયદેવ કે પાલ ૧૨૭ ટિ ૪૬, ૧૫૦ ટિ ૮૩, ૨૦૧, ૨૦૩ ટિ ૫૯, ૨૦૪
અણહિલ ૩૪
અણહિલ્લપુર ૩૫, ૪૬ ટિ ૬૫, ૪૬, ૪૭, ૫૨, ૫૩ ટિ ૬૧, ૬૧, ૭૩, ૭૫, ૧૦૮, ૧૧૦, ૧૧૨, ૧૧૬, ૧૧૭, ૧૨૫, ૧૨૭, ૧૩૨, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૧, ૧૪૯, ૧૫૦, ૧૫૨ ટિ ૮૭, ૧૫૫, ૧૫૮, ૧૬૨, ૧૬૪, ૧૬૬, ૧૭૨, ૧૭૩, ૧૭૫, ૧૮૨, ૧૮૪, ૧૮૫ ૧૮૮, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૮, ૧૯૯ ટિ ૫૨, ૨૦૬ ટિ ૬૩, ૨૦૬, ટિ ૬૩, ૨૦૭, ૨૪૦ ટિ ૧૫
અનિત્યતા શ્લોક
ચતુષ્ય પ્રબંધ ૬૮,
અનુપમા ૨૦૮, ૨૧૮, ૨૨૦, ૨૨૧,
અનુપમાસરોવર ૨૧૦
અબક ૬૯,
અબ્રશિખ ૧૮,
અભયતિલક ગણિ ૪૨ ટિ ૬૯
અભયદેવસૂરિ ૧૨૦ ટિ ૨૯, ૨૨૫, ૨૫૫,
અમદાવાદ ૧૧૫ ટિ ૧૬,
અમર ૨૦,
અમરૂણીન જમાલ ૨૨૯ ટિ ૧૦
અમિતગતિ ૬૩,
અમ્બા ૨૨૮,

અમ્બિકા ૨૬૧,
અરિષ્ટ નેમિ પ્રાસાદ ૧૪૦,
અરિસિંહ ૧૧૬ ટિ. ૧૮, ૨૦૬ ટિ. ૬૩, ૨૦૯ ટિ. ૬૭, ૨૧૩ ટિ. ૭૦,
અરુન્ધતી ૬૮,
અર્ણોરાજ ૧૪૮ ટિ. ૭૮, ૧૯૧ ટિ. ૪૧,
અર્જુન ૭૪, ૯૦,
અર્જુન દેવ કે અર્જુન વર્મા ૨૦૫, ૨૦૫ ટિ. ૬૨, ૨૪૭, ટિ. ૨૧
અર્બાષ્ટમદેશ ૧૭૬,
અર્બુદ ૨૩૩,
અલમન્સૂર ૨૨૯ ટિ. ૯
અવન્તી ૨, ૩, ૪, ૬, ૨૩, ૨૬, ૧૦૪, ૨૨૨, ૨૫૨ ટિ. ૨૪, ૨૫૬
અવન્તીનાથ ૧૬૧
અશ્વઘોષ ૨૧
અશ્વવારપ્રબંધ ૧૦૧
અશ્વિનીકુમાર ૨૫૯
અષ્ટાપદ ૨૧૧, ૨૫૩
અષ્ટાંગહૃદય અને સંગ્રહ ૨૫૮ ટિ. ૩૧
અસારવા ૧૧૫ ટિ. ૧૬
આકડદેવ ૩૮, ૪૦
આકેવાલીયા ગામ ૨૨૦
આદિ તીર્થંકર ૧, ૨૨૪
આદિત્યદાસ ૨૫૨ ટિ. ૨૪
આદિનાથ ૨૧૮
આનાક કે આના (રાજા) ૧૬૧, ૧૬૨, ૧૬૮ ટિ. ૮, ૧૬૯, ૧૯૪, ૧૯૯, ૨૦૬
આનુપદેશ ૧૭૨ ટિ. ૧૭
આન્ધ્ર ૨૫, ૨૯, ૭૨
આબુ ૧૭૧, ૧૭૨ ટિ. ૧૭, ૨૦૪ ટિ. ૬૧, ૨૧૨, ૨૩૩

આભડ ૧૪૯, ૧૫૦, ૨૦૩, ટિ ૫૯
આભીર ૧૩૪, ૧૩૬, ૧૬૯ ટિ ૫૧
આમશર્મા ૨૦૩ ટિ ૫૯
આમ્બિગ પુરોહિત ૧૭૪
આબડ ૧૧૯, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૧૯૮ ટિ ૪૯
આમ્ર રાલિગનો પુત્ર ૧૯૬ ટિ ૪૫
આમ્રભટ ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૨૦૩
આરામણ ૧૪૮ ટિ ૭૮
આલિગ ૧૨૪ ટિ. ૪૧, ૧૨૬ ટિ ૪૪, ૧૯૩
આલિંગ ૧૬૪, ૧૬૭, ૧૭૦
આલિમ ૨૧૭
આલૂયા ૧૦૧
આવશ્યકવન્દના
નિર્યુક્તિ ૨૧૨
આશરાજમન્ત્રી ૨૦૭
આશરાજવિહાર ૨૧૦
આશાપલ્લી ૧૧૫, ૧૧૬ ટિ ૧૮
આશામિલી ૧૫૩,
આશાભીલ ૧૧૫,
આશાવલ ૧૧૫ ટિ ૧૬
આહડ ૪૦
ઉચ્ચા ૧૯૯ ટિ ૫૧,
ઉજ્જયની ૨ ટિ ૫, ૪ ટિ ૬, ૮, ૯, ૧૮, ૨૫
ઉજ્જયન્ત ૨૧૦, ૨૬૧,
ઉઝામા ૧૫૪,
ઉત્તરાધ્યયન ૧૪૧
ઉદયચન્દ્ર ૧૯૧,
ઉદયન ૧૧૮, ૧૧૯, ૧૬૫, ૧૬૭, ૧૬૮ ટિ ૮, ૧૭૩, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૮૩, ૧૮૪, ૨૦૪,
ઉદયન ચૈત્ય ૧૮૭,
„ વિહાર ૧૧૯,
ઉદયપુર પ્રશસ્તિ ૧૦૯,

ઉદયપ્રભદેવ ૧૪૭,
ઉદયમતી ૧૧૨, ૧૧૩, ૧૧૭,
ઉદયસિંહ ૨૧૨ ટિ. ૬૮,
ઉદયાદિત્ય ૨૪૭ ટિ. ૨૧
ઉદ્યો–જુઓ ઉદ્યન
ઉપદેશ તરંગિણી ૧૩૩ ટિ. ૫૬, ૨૧૬ ટિ. ૭૪, ૨૧૭ ટિ. ૭૫
ઉપમિતિ ભવપ્રપંચ ૮૦
ઉપસર્ગહરસ્તોત્ર ૨૫૨
ઉપાસકદશાંગ ૨૦૮
ઉપેન્દ્ર ૯૩ ટિ. ૪૪,
ઉમાપતિધર ૨૩૬, ૨૩૮
ઉર્વશી ૧૯૦
ઉશરટ ૭, ૧૮,
ઋતુસંહાર ૨૧
ઋષભદેવ ૧, ૨૭ ટિ. ૪૨, ૧૩૧, ૧૬૨
ઋષભપંચાશિકા ૮૬,
ઔક્ષ પદ ૨૬૦
ઔલ્બીરૂની ૨૨૭ ટિ. ૬, ૨૨૯ ટિ. ૯,
ઔઝીસ ૨૫
ઓઝા ગૌ. હી. ૧૩૭, ૧૪૩ ટિ. ૭૧, ૧૬૨.
કંકરોલ ૪૮
કચ્છ દેશ ૩૧ ટિ. ૪૮, ૪૯ ટિ. ૮૪, ૫૦ ટિ. ૮૫, ૫૧ ટિ. ૮૭, ૬૧
કંઠાભરણ ૧૨૯
કંઠેશ્વરી ૩૬
કથાકોષ ૨૫૫ ટિ. ૨૭
કથાપ્રકાશ ૧૮
કથાવલિ ૧૪ ટિ. ૩૨
કથાસરિત્સાગર ૨ ટિ. ૫, ૫ ટિ. ૯, ૬ ટિ. ૧૧, ૧૨ ટિ. ૨૯, ૨૨, ૨૯, ૨૫૫ ટિ. ૨૮
કદ્ર મહાકાલ ૩૦
કનિષ્ક ૨૫, ૨૫૫ ટિ. ૨૮
કનોજ ૩૦ ટિ. ૪૫, ૩૩ ટિ. ૫૬, ૨૪૨ ટિ. ૧૭
કંથડિ ૪૭

કયકોટ, કન્યાદુર્ગ } ૪૪, ૮૫,
કપડવજ ૨૫૫ ટિ ૨૮
કપર્દી મંત્રી ૧૮૪, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૨૦૧, ૨૦૨
કપર્તી યક્ષ ૨૧૦, ૨૬૨, ૨૬૩
કપિ-કોટ ૫૦
કરબવિહાર ૧૯૨
કર્ણ (સૂર્યપુત્ર) ૫૧, ૭૦, ૨૧૬, ૨૪૩
કર્ણ (પ્હેલો રાજા ગુજરાતનો) ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૧૮ ટિ ૨૨ ૧૧૯ ટિ ૨૭, ૧૩૯ ટિ ૬૨, ૧૬૧, ૧૬૩ ટિ ૩, ૧૬૪
કર્ણરાજા ડાહલનો ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬ ટિ ૬૧, ૧૦૯, ૧૮૯, ૧૯૫
કર્ણમેરૂ મદિર ૧૧૬, ૧૫૧, ૧૫૨
કર્ણસાગર ૧૧૬
કર્ણસુદરી ૧૧૬ ટિ ૧૮, ૧૧૮ ટિ ૨૭
કર્ણાટ, કર્ણાટક } ૫૯, ૭૨, ૭૩ ટિ ૧૭, ૧૦૯, ૧૧૭, ૧૧૪ ટિ ૧૩, ૧૪૦, ૧૫૮, ૧૬૯ ટિ ૫૧, ૨૪૭ ટિ ૨૧
કર્ણાટકી ૨૪૭ ટિ ૧૯
કર્ણાદિત્ય ૪૨ ટિ ૭૦
કર્ણાવતી ૧૧૫ ટિ ૧૬, ૧૧૬, ૧૧૯, ૧૪૦, ૧૪૧, ૧૭૭
કર્ણેશ્વર ૧૧૬
કર્પૂરકવિ ૧૦૬ ટિ ૬૧
કર્પૂરમજરી ૭૧ ટિ ૧૩
કલવિણ્ણુ ૧૭૧
કલહપચાનન ૧૬૮, ૧૬૯
કલાપીકવિ ૧૫ ટિ
કલિગ દેશ ૭૨
કલ્પપુસ્તક ૨૨૬
કલ્યાણ ૧૧૪ ટિ ૧૪
કલ્યાણ કટકનગર ૩૦, ૩૨ ટિ ૫૦,
કાકરગામ ૩૩, ૩૫,
કાકલ પંડિત ૧૪૬

કાકૂ ૨૨૫
કાઠીઆવાડ
ગેઝીટીઅર ૧૩૭
કાતંત્ર ૧૨૯
કાદંબવંશ ૧૧૪ ટિ. ૧૩, ૨૦૪ ટિ. ૬૧, ૨૪૭ ટિ. ૨૧
કાન્તી શહેર ૨૩૪, ૨૫૪
કાન્યકુબ્જ ૩૦, ૩૧, ૩૨ ટિ. ૫૦, ૩૩, ૭૨, ૨૬૦
કાન્હડદેવ ૧૬૬
કાન્હ ૧૯૧
કામંદકીયનીતિ ૧૮૭
કામલતા ૪૯, ૧૬૩ ટિ. ૩,
કામશાસ્ત્ર ૯૨
કામિતતીર્થ ૨૩૨
કાલકાચાર્ય ૨૩, ૨૫
કાલડી ૧૩૬
કાલમેઘ ૨૬૦
કાલિકા ૮, ૨૦
કાલિદાસ ૮, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૮૮ ટિ. ૩૪, ૯૧ ટિ. ૪૦, ૧૦૭
કાવેરી ૧૭૧ ટિ–૧૪
કાવ્યાલંકારવૃત્તિ ૮૦ ટિ. ૨૪
કાશહદ શહેર, ૫૫, ૨૦૪ ટિ. ૬૧
કાશી ૧૦૪, ૧૫૮, ૧૮૮, ૧૮૯, ૨૩૯, ૨૪૧
કાશ્મીર ૧૧૪ ટિ. ૧૩–૧૪, ૧૨૮ ટિ. ૪૭
કીથ ૨૧
કીરદેશ ૧૯૯ ટિ. ૫૧
કીર્તિકૌમુદી ૪૪ ટિ. ૭૫, ૪૬ ટિ. ૭૮, ૪૭ ટિ. ૭૯, ૪૯ ટિ. ૮૪, ૫૨ ટિ. ૯૦, ૬૧, ૧૦૧, ૧૦ ૯, ૧૧૬ ટિ. ૧૮, ૧૨૫ ટિ. ૪૨, ૧૩૫, ૧૩૭, ૧૬૨, ૧૬૯ ટિ. ૧૦, ૧૭૨ ટિ. ૧૭, ૨૦૪ ટિ. ૬૧–૬૨, ૨૦૭ ટિ. ૬૫, ૨૧૩ ટિ. ૭૦, ૨૧૫ ટિ. ૭૧
કીર્તિરાજ ૪૯
કુંકણદેશ જુઓ કોંકણ

કુડગેશ્વર ૧૬૫
કુન્તલ દેશ ૨૪૨, ૨૪૭ ટિ ૨૧
કુમારદેવી ૨૦૭
કુમારદેવી તળાવ ૨૧૦
કુમારપાલ ૧૬, ૧૨૪ ટિ ૪૧, ૧૨૭ ટિ ૪૬, ૧૨૮ ટિ ૪૭ ૧૨૯ ટિ, ૧૩૯ ટિ ૬૩, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭ ટિ ૭, ૧૬૮, ૧૬૯, ૧૭૦ ટિ ૧૨, ૧૭૧, ૧૭૩, ૧૭૬ ટિ ૨૦, ૧૮૦ ટિ ૨૩, ૧૮૨, ૧૮૩, ૧૮૪, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૪, ૧૯૫ ૧૯૮, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૦૩ ટિ ૫૯, ૨૦૬ ટિ ૬૩, ૨૧૧
કુમારપાલ પ્રતિબોધ ૧૭૬ ટિ ૨૦, ૧૭૮ ટિ ૨૦, ૧૮૨ ટિ ૨૭, ૧૯૬ ટિ ૪૫,
કુમારપાલ પ્રબંધ ૩૨ ટિ ૫૦, ૩૩ ટિ ૫૩, ૫૪–૩૫ ટિ ૬ ૩૬ ટિ ૬૪, ૩૯, ૪૦, ૪૨ ટિ ૭૦, ૪૪ ટિ ૭૩, ૪૬ ટિ ૭૮, ૫૦ ટિ ૮૬, ૫૨ ટિ ૮૯–૯૦, ૬૦, ૧૧૨ ટિ ૮, ૧૧૪ ટિ ૧૪, ૧૧૫ ટિ ૧૫, ૧૧૬ ટિ ૧૮, ૧૧૯ ટિ ૨૭, ૧૨૧ ટિ ૩૩, ૧૨૪ ટિ ૪૧, ૧૨૫ ટિ ૪૨, ૧૨૮ ટિ ૪૭, ૧૩૯ ટિ ૬૨–૬૩, ૧૪૦ ટિ ૬૪, ૧૫૧ ટિ ૧૫૨ ટિ ૮૭, ૧૬૩ ટિ ૨–૩, ૧૬૪ ટિ ૪, ૧૬૭ ટિ ૭, ૧૬૮ ટિ ૮, ૧૭૨ ટિ ૧૬–૧૭, ૧૮૨ ટિ ૨૪, ૧૮૫ ટિ ૩૧, ૧૮૭ ટિ ૩૪, ૧૮૮ ટિ ૩૬–૩૭, ૧૮૯ ટિ ૪૦, ૧૯૧ ટિ ૪૧, ૧૯૨ ટિ ૪૨, ૧૯૪ ટિ ૪૩, ૧૯૫ ટિ. ૪૪, ૧૯૬ ટિ ૪૫, ૧૯૯ ટિ ૫૧, ૨૦૦ ટિ ૫૪, ૨૦૨ ટિ ૫૮
કુમારપાનવિહાર, કુમારવિહાર ૧૮૯, ૧૯૨, ૧૯૪, ૧૯૯ ટિ ૫૨
કુમારસંભવ ૮, ૨૧,
કુમુદ ૮૦ ટિ ૨૪
કુમુદચન્દ ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭ ૧૪૮ ટિ ૭૮

કુરકુલ્લાદેવી ૧૪૬
કુલચન્દ્ર ૭૬, ૧૦૮
કુસુમવતી ૭૩ ટિ. ૧૬
કૃષ્ણાજી ૩૨ ટિ. ૫૦
કેલ્હણ ૨૦૪ ટિ. ૬૧
કૈલાસ ૧૪૨,
કોંકણદેશ ૭૨, ૧૭૧, ૧૭૨, ૧૮૭, ૧૯૯ ટિ. ૫૧, ૨૫૦,
કોચ્છરબદેવી ૧૧૬
કોપકાલાનલ ૨૪૪
કોલૂયા ૧૦૧
કોલ્હાપુર ૧૫૬, ૧૫૭, ૧૬૨
કોશલ ૭૨
કૌંકણ જુઓ કોંકણ
કૌતુકીસીલણ ૧૫૮
ક્ષેત્રપાલ ૨૨૮
ક્ષેમંકર ૫ ટિ. ૯, ૧૪ ટિ. ૩૫
ક્ષેમરાજ ૩૬, ૩૭, ૪૮, ૪૦, ૪૧, ૧૬૩ ટિ. ૩
ક્ષેમેન્દ્ર ૬૩
ખંભાત ૧૬૫, ૧૯૨, ૨૧૩, ૨૨૫ ટિ. ૨
ખેંગાર કે ખંગાર ૧૩૫, ૧૩૭, ૧૩૮, ૧૬૨
ખેડગામ ૨૨૩
ગંગા ૧૬૧, ૨૩૯
ગંડશ્રી બૃહસ્પતિ ૧૭૯, ૧૮૦, ૧૯૨, ૧૯૩
ગયકર્ણદેવ ૧૯૫ ટિ. ૪૪
ગર્દભીલ્લ ૨૩, ૨૫
ગાડરારઘટ્ટ ૨૦૪
ગાથાકોષ ૨૮ ટિ. ૪૪, ૩૦
ગાથાસપ્તશતી ૩૦
ગાગિલ ૧૪૨ ટિ. ૬૯, ૧૭૪ ટિ. ૧૮
ગાળા ૧૨૫ ટિ. ૪૨
ગિરનાર ૧૩૫, ૧૩૬, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૭૯, ૧૯૬, ૨૧૧, ૨૧૩ ટિ. ૭૦, ૨૨૬, ૨૬૦, ૨૬૧

ગીતગોવિંદ ૨૩૮ ટિ ૧૩
ગુડ્જાતિ ૨૧૪
ગુણચન્દ્ર ૨, ૧૪૮ ટિ ૭૮, ૨૦૩ ટિ ૫૯
ગુણાઢ્ય ૨૯, ૨૫૬ ટિ ૨૮
ગુમ્મવશ ૨૨
ગૂર્જરદેશ ૩૧, ૪૩, ૪૪, ૪૫, ૫૫, ૧૧૦, ૧૧૪, ૧૨૮ ટિ ૪૭, ૧૩૮ ટિ ૧૪૦, ૧૫૪, ૧૬૯ ૨૦૫
ગોઆ ૧૧૪ ટિ ૧૩, ૨૪૭ ટિ ૨૧
ગોદાવરી ૨ ટિ ૫, ૫૬
ગોનશ ૧૭૬
ગોપગૃહિણી પ્રબંધ ૧૦૨
ગોવર્ધન રાજા ૨૪૪
ગોવર્ધન કવિ ૨૩૮ ટિ ૧૩
ગોવિન્દાચાર્ય ૬૯
ગૌડદેશ ૫૬, ૭૫, ૧૫૦, ૨૩૬
ગૌતમી પુત્રશા તકર્ણી ૨૬
ધાધડદેવ ૪૦, ૪૧, ૪૨
ઘોસક વેપારી ૨૩૨ ટિ ૧૧
ચઉબાદેવી ૧૬૩
ચઉવિંગ ૧૬૮, ૧૬૯
ચડપ ૨૦૭ ટિ ૬૫
ચડીશતક ૯૫ ટિ ૪૬
ચતુર્વિંશતિકા ૯૧
ચતુર્વિંશતિ પ્રબંધ ૧૫૦ ટિ ૮૩, ૧૬૨, ૧૬૮ ટિ ૮ ૧૯૭ ટિ ૪૮ ૨૦૩ ટિ ૫૯ ૨૧૩ ટિ ૭૦, ૨૧૬ ટિ ૭૩, ૨૧૭ ટિ. ૭૫, ૨૧૯ ટિ ૭૯, ૨૨૧ ટિ ૮૩ ૨૨૫ ટિ ૩, ૨૪૦ ટિ ૧૫, ૨૪૨ ટિ ૧૭, ૨૫૫ ટિ ૨૮, ૨૬૧ ટિ ૩૩
ચન્દનાયદેવ ૫૨ ટિ ૯૦

ચન્દનાચાર્ય ૧૦૨
ચન્દાવર ૨૪૨ ટિ. ૧૭
ચન્દ્રગુપ્ત ૨૨, ૨૪, ૨૬
ચન્દ્રપુર ૧૧૪ ટિ. ૧૩
ચન્દ્રપ્રભ સ્વામી ૧, ૨૧૧, ૨૨૦, ૨૨૮
ચન્દ્રરાજા ૫૭ ટિ. ૯૯
ચન્દ્રલેખા ૨૫૪
ચન્દ્રાદિત્ય ૪૨ ટિ. ૭૦
ચન્દ્રાવતી ૨૧૨
ચમ્પૂ રામાયણ ૧૦૩ ટિ. ૫૭
ચહારમકાલ ૮૫ ટિ. ૨૯
ચાંગદેવ ૧૭૬, ૧૭૭
ચાચિગ ૧૭૬, ૧૭૭, ૧૭૮
ચાચિણેશ્વર ૫૨ ટિ. ૯૦
ચાણાકય ૧૪૨
ચાણાકય નીતિશાસ્ત્ર ૯૨,
ચાન્દ્ર ૧૨૯
ચાપોત્કટવંશ ૩૧, ૬૧
ચામુંડ (રાષ્ટ્રકૂટ) ૨૦૭, ૨૧૯ ટિ. ૭૯
ચામુંડ (ચાવડો રાજા) ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૫૨, ૫૨ ટિ. ૯૦
ચામુંડા ૧૭૬
ચારભટ કે ચારૂભટ્ટ ૧૬૮ ટિ. ૮
ચારિત્ર સુંદરગણિ ૧૧૪ ટિ. ૧૩, ૧૧૫ ટિ. ૧૫, ૧૨૪ ટિ. ૪૧, ૧૨૭ ટિ. ૪૬, ૧૩૯ ટિ. ૬૩, ૧૬૩ ટિ. ૩, ૧૬૪ ટિ. ૪, ૧૮૫ ટિ. ૩૧, ૧૮૮ ટિ. ૩૭, ૨૦૦ ટિ. ૫૩
ચાલુકય–જુઓ ચૌલુકય
ચાવડાઓ ૪૩ ટિ. ૭૨
ચાવડાવંશ ૩૨ ટિ. ૫૦, ૩૮ ૩૯ જુઓ ચાપોત્કટપણુ
ચાહડ ૧૧૯, ૧૬૮ ટિ. ૮, ૧૯૭, ૧૯૮, ૨૦૭
ચાહમાન ૨૧૫ ટિ, ૭૧

ચિતોડ	૧૦૧ ટિ ૫૪, ૧૩૯ ટિ ૬૩, ૧૬૩ ટિ ૩, ૧૬૯ ટિ ૧૦, ૧૭૦
ચિંતામણિગણેશ	૨૫૬
ચિત્રકસિદ્ધિ	૨૨૬
ચીખલી	૧૭૧ ટિ ૧૪
ચુડાસમા	૧૩૭
ચેદીશ	૭૨
ચેદીશ્વર	૧૦૯
ચોહાણ	૧૮૯ ટિ ૩૯
ચૌડદેશ	૨૩૪
ચૌલદેશ	૭૨
ચૌલાદેવી	જુઓ ચઉલાદેવી
ચૌલુક્ય કે ચાલુક્ય વંશ	૪૨ ટિ ૬૯, ૬૦, ૬૪, ૧૧૪ ટિ ૧૩, ૧૨૮, ૧૪૫ ૧૫૬, ૧૬૧, ૧૬૯ ટિ ૧૦, ૨૪૭ ટિ ૨૧
છત્રોદક	૧૫૫
જગઝ પણુ (બિરૂદ)	૫૨
જગદેવ	૨૦૩ ટિ ૫૯, ૨૪૨, ૨૪૩, ૨૪૪, ૨૪૭
જમના	૨૩૯
જમાપશોધ	૭
જમ્બ કે જામ્બ	૩૩, ૩૫
જમ્બૂદ્વીપ	૧૪૨
જયકેતી રાજા	૧૧૨, ૧૧૪ ટિ ૧૩, ૧૫૮, ૧૫૯
જયચન્દ્ર	૧૫૮, ૨૩૯, ૨૪૨, ૨૪૩ ટિ ૧૯
જયતલદેવી	૨૦૮, ૨૧૯
જયદેવ	૨૧૬
જયદેવ (ગીત ગોવિંદના કર્તા)	૨૩૮ ટિ ૧૩
જયન્તસિંહ	૨૦૫ ટિ ૬૨
જયન્તી	૧૬૩ ટિ. ૩
જયમંગલસૂરિ	૧૩૨ ટિ ૫૫

જયશિખરી ૩૨ ટિ. ૫૦
જયસિંહદેવ જુઓ સિદ્ધરાજ જયસિંહ
જયસિંહસૂરિ ૪૨ ટિ. ૭૦, ૧૨૪ ટિ. ૪૧, ૧૨૫ ટિ. ૪૨, ૧૩૯ ટિ. ૬૩, ૧૪૦ ટિ. ૬૪, ૧૫૧ ટિ., ૧૬૩ ટિ. ૩, ૧૬૪ ટિ. ૪, ૧૬૭ ટિ. ૭, ૧૬૮ ટિ. ૮, ૧૬૯ ટિ. ૧૦, ૧૭૮ ટિ. ૨૦, ૧૮૦, ટિ. ૨૩, ૧૮૨ ટિ. ૨૪, ૧૮૭ ટિ. ૩૪, ૧૯૬ ટિ. ૪૫-૪૭
જયા ૧૧૪ ટિ. ૧૩
જાતક કથા કે માળા ૧૬ ટિ. ૩૭, ૮૭ ટિ. ૩૩
જાતકગ્રંથ ૨૫૧
જાતિ સ્મરણ ૨૮
જામ્બ ૧૩૮
જાબાલિપુર ૧૮૨ ટિ. ૨૫, ૨૧૨ ટિ. ૬૮
જાલંધર ૯૧ ટિ. ૪૦, ૧૯૯ ટિ. ૫૧
જિનદત્તસૂરિ ૨૧૧
જિનપ્રભસૂરિ ૧૦૧ ટિ. ૫૪, ૧૮૭ ટિ. ૩૪, ૨૧૨ ટિ. ૬૯, ૨૨૯ ટિ. ૧૦
જિનમંડનગણિ ૩૨ ટિ. ૫૦, ૩૩ ટિ. ૫૩-૫૪-૫૫, ૩૪ ટિ. ૫૮, ૪૪ ટિ. ૭૩ વધારે ઉલ્લેખો માટે જુઓ કુમારપાલ પ્રબંધ
જિનસેન ૨૩, ૨૪
જિનહર્ષ ૨૧૨ ટિ. ૬૯
જીમૂતવાહન ૨૧૬
જૂનાગઢ ૧૩૬ ટિ.
જૈજાકભુક્તિ ૧૦૯
જૈસલ ૧૩૫, ૧૬૦
જૈત્રસિંહ ૨૨૧
જૈન કે જૈનેન્દ્ર વ્યાકરણ ૧૨૬
જ્ઞાનસાગર ૨૮
જ્ઞાલાજાતિ ૧૫૪, ૧૫૫
જ્ઞોલિકા વિહાર ૧૯૬

ટોની	૧ ટિ ૧, ૯ ટિ ૧૭, ૧૦ ટિ ૨૨, ૧૬ ટિ ૩૮, ૨૨, ૨૮ ટિ. ૪૪, ૩૦ ટિ ૪૫, ૫૫ ટિ ૯૪, ૫૯ ટિ ૧૦૩, ૬૮ ટિ × ૮, ૭૦ ટિ ૧૨, ૮૫ ટિ ૨૯ ૧૧૩ ટિ ૧૦–૧૧, ૧૨૧ ટિ ૩૧, ૧૨૨ ટિ ૩૫, ૧૨૯ ટિ ૪૮, ૧૩૮ ટિ ૬૧, ૧૪૧ ટિ ૬૮, ૧૪૭ ટિ ૭૬, ૧૫૭ ટિ ૮૮, ૧૭૦ ટિ ૧૨, ૧૭૮ ટિ. ૨૧, ૧૮૯ ટિ ૩૯, ૧૯૬ ટિ ૪૬, ૨૧૮ ટિ ૭૭, ૨૨૬ ટિ ૫, ૨૨૮ ટિ ૭, ૨૩૨ ટિ ૧૧
ટ્ટ	૬૪
ટકશાળા	૨૩૨
ડામર	૭૧, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૨૪ ટિ ૩૮
ડાહલદેશ	૧૦૨, ૧૦૯, ૧૩૪, ૧૯૫
ઢક	૨૫૪
તપાગચ્છ પટ્ટાવલી	૧૪૮ ટિ ૭૮
તારાનાથ	૨૦
તારિખ ઇ ફિરસ્તા	૨૦૪ ટિ ૬૧,
તારિખ-ઇ-સોરઠ	૧૩૭
તિલકમંજરી	૬૨, ૮૧ ટિ ૨૫, ૮૯, ૯૧
તિલમદેશ	૪૪, ૪૬, ૫૬, ૭૪
તીર્થકલ્પ	૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૯, ૧૦૧ ટિ ૫૪, ૧૩૫, ૨૨૯ ટિ ૧૦
તુંગ	૨૪૫, ૨૪૬
તુરુષ્ક	૧૦૯
તેજપાલ	૨૦૭, ૨૦૮, ૨૧૨, ૨૧૭, ૨૧૯ ૨૨૦, ૨૨૧
તેજલપુર	૨૧૦
તૈલપ	૪૪ ટિ ૭૫, ૪૬, ૫૩ ટિ ૯૧, ૫૬, ૫૭, ૬૨, ૬૩, ૭૨, ૭૩,
ત્યાગભટ	૧૬૮ ટિ ૮,
ત્રિભુવનપાલ	૧૬૩
ત્રિભુવનપાલવિહાર	૧૮૫, ૧૯૯ ટિ ૫૨
ત્રિપુરૂષધર્મસ્થાન	૪૮, ૧૭૩

ત્રિપુરૂષપ્રાસાદ ૪૭, ૧૧૨, ૧૨૯
ત્રિલોચનપાલ ૬૧
ત્રિષષ્ટિશલાકા-
પુરૂષચરિત ૧૨૮ ટિ. ૪૭, ૧૮૨
ત્રૈલોક્યપાદ ૨૬૦
થાંભડા ૨૨૫ ટિ. ૨, ૨૫૫ ટિ. ૨૬
થાહડ ૧૪૭, ૧૪૮ ટિ. ૭૮
દક્ષિણાપથ ૫૬, ૭૫
દંડક ૪૨ ટિ. ૭૦, ૬૦
દંડાધિપતિ ૧૩૮
દધીચિ ૫૧, ૨૧૬, ૨૪૩
દશરથ ૫૯
દશવૈકાલિક ૮૨
દાન્ત ૮
દામોદર ૭૧ ટિ. ૧૪, ૧૦૮
દિગંબરમત ૧ ટિ. ૧, ૨૩, ૭૬, ટિ. ૨૨ ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૨૬૦
દિગંબર ૭૫, ૨૬૧
દીપ ૧૯૯ ટિ. ૫૧
દીલ્હી ૨૪૭ ટિ. ૨૧
દુર્ગાદેવી ૨૦૧, ૨૦૯
દુર્લભરાજ ૫૨, ૫૨ ટિ. ૯૦, ૫૩, ૫૩ ટિ. ૯૧
દુર્લભસરોવર ૫૨
દેમતીરાણી ૧૦૨
દેવચન્દ્ર ૧૭૬, ૧૭૭
દેવડા ૧૩૬
દેવબોધ ૧૮૮ ટિ. ૩૭
દેવરાજ ૨૦૬
દેવલ ૫૭ ટિ. ૬૬
દેવસૂરિ કે દેવાચાર્ય ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭, ૧૪૮ ૧૭૪ ટિ. ૧૮

દેવાદિત્ય ૨૨૩
દેશળ ૧૩૭, ૧૩૮
દોહદનો લેખ ૧૩૫, ૧૩૮
દ્રમ્મ ૯ ટિ ૧૬, ૩૪ ટિ ૫૭
દ્રૌપદી ૭૪ ટિ ૧૮
દ્વયાશ્રય ૪૨ ટિ ૬૯, ૪૭ ટિ ૭૬, ૪૯ ટિ ૮૪, ૫૨ ટિ ૮૯-૯૦, ૧૦૯, ૧૧૪ ટિ ૧૩, ૧૧૫ ટિ ૧૫, ૧૧૬ ટિ ૧૮, ૧૨૫ ટિ ૪૨, ૧૨૯, ૧૩૫, ૧૩૬ ટિ, ૧૩૯ ટિ ૬૨-૬૩, ૧૫૩ ટિ ૮૮, ૧૬૨, ૧૬૮ ટિ ૮, ૧૬૯ ટિ ૧૦,
દ્વારકા ૨૫૪
ધનંજય ૬૩
ધનદ ૨૬૨
ધનપતિ ૨૫૪
ધનપાલ ૬૩, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૧૦૭, ૧૦૮
ધનેશ્વર ૭૫૫
ધધુકા ૧૭૬, ૧૭૭, ૧૯૫
ધરણિગ ૨૨૦
ધરણેન્દ્ર ૨૫૫
ધર્મદેવ ૨
ધર્માભ્યુદય ૨૧૩ ટિ ૭૦
ધર્મવહિકા ૧૩, ૬૫ ટિ ૪, ૬૬
ધર્મારણ્ય ૩૨ ટિ ૫૦, ૩૫ ટિ ૬૦, ૩૬ ટિ ૬૪, ૩૯, ૪૦, ૬૦
ધામણ્ય ઉનીગામ ૨૬૦
ધાર વેપારી ૨૬૦
ધાર કે ધારાનગરી ૭૫, ૭૬, ૮૧, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૬, ૧૦૯, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૨૫૮
ધારાવર્ષ ૧૭૨ ટિ ૧૭
ધોળકા ૨૦૬ ટિ ૬૩, ૨૨૦ ટિ ૮૨
નગરચર્યા ૧૬ ટિ ૩૬
નગર પુરાણ ૧૩૧

નદીયા ૨૩૮ ટિ. ૧૩
નન્દરાજા ૧૯, ૨૨૩, ૨૫૧, ૨૫૨ ટિ. ૨૪
નન્દિવર્ધન રાજા ૨૩૫
નન્દીશ્વરાવતાર ૨૧૦
નયચક્ર ગ્રન્થ ૨૨૪
નયચન્દ્રસૂરિ ૬૧
નરનારાયણાનંદ ૨૨૧ ટિ. ૮૪
નરવર્મા ૧૨૩ ટિ. ૩૭, ૧૨૫ ટિ. ૪૨
નરવાહન ૨૩, ૨૪
નરસિંહ ૮૬
નરસિંહદેવ ૧૯૫ ટિ. ૪૪
નર્મદા ૧૧૩ ટિ. ૧૦, ૧૮૫
નલોદય ૨૧
નવધણ ૧૩૪, ૧૩૫, ૧૩૭, ૧૮૪ ટિ. ૨૯
નવનંદ ૨૩
નવસાહ સાંક ચરિત ૨૧, ૨૫, ૨૯, ૫૩ ટિ. ૬૧, ૫૪ ટિ. ૬૨, ૬૨, ૬૩ ટિ. ૪૪
નવાંગવૃત્તિ ૨૨૫, ૨૫૫
નહવાન ૨૩
નહાપાન ૨૬
નહુષ ૧૮૩
નાઇકિદેવી ૨૦૪
નાગહદ ૫૫ ટિ. ૬૩
નાગાર્જુન ૨૯, ૫૧, ૨૫૩, ૨૫૪, ૨૫૫
નાન્યિરાજ ૧૦૬ ટિ. ૬૧, ૨૪૭ ટિ. ૨૧
નાનાક કવિ ૨૧૬ ટિ. ૭૩
નાભાગ ૧૮૩
નાભિરાજા ૧, ૧૩૨
નીલકંઠ મહાદેવ ૧૦૬
નેમીનાથ ૧૩૬, ૧૩૮, ૨૦૯, ૨૧૧, ૨૧૨, ૨૫૪
ન્યાયઘંટા ૨૩૪
પંચકુલ ૩૩ ટિ. ૫૬, ૩૪, ૧૨૧
પૈય શબ્દ ૨૨૯

પચાસર ગામ ૩૧, ૬૨ ટિ ૫૦, ૩૫
પટ્ટાવલીઓ ૨૩
પદ્મગુપ્ત ૬૩
પદ્માક્ષર ૨૪૨ ટિ ૧૭
પદ્માવતી ૨૪૧
પદ્માવલી ૨૩૮ ટિ ૧૩
પરકાય પ્રવેશવિદ્યા ૧૨
પરમર્દી રાજા ૨૦૪, ૨૪૨ ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૭
પરમાર વંશ ૩૦ ટિ ૪૬, ૪૯, ૫૪, ૧૦૯, ૨૪૭ ટિ ૨૧
પરમાર્હત ૧૬૩ ટિ ૧, ૧૮૨ ટિ ૨૫
પરશુરામ ૧૩૯ ટિ ૬૨
પરાશર ૧૭૪
પરિભવ ૬૨
પરિશિષ્ટ પર્વ ૨૨, ૮૩ ટિ ૨૬
પાઇયલચ્છી ૯૧ ટિ. ૪૧
પાટણ— જુઓ અણહિલપુર પાટણ
પાટલીપુત્ર શહેર ૨૨૩, ૨૩૫, ૨૫૦
પાણિનિ ૧૨૯, ૨૫ , ૨૫૭
પાતાક ૨૨૫
પાવલિપ્તપુર ૨૫૩
પાદલિપ્તાચાર્ય ૨૫૩
પાણ્ડિત મંજરી ૨૦૫ ટિ ૬૨
પાર્શ્વનાથ ૩૫, ૧૮૫, ૨૫૪, ૨૫૫
પાલક ૨૮
પાલીતાણા ૨૦૯, ૨૧૦
પાશુપતાચાર્ય ૧૮૦ ટિ ૨૨
પાહિણી ૧૭૩, ૧૭૬
પીપલાતખાવ ૩૪
પુરુષમાર ૨૩૫
પુષ્પમિત્ર ૨૩
પુષ્પમિત્ર ૨૫
પૂર્તમાર્તંડ ૧૦૩ ટિ ૫૭

પૃથ્વીરાજ ૧૩૬, ૨૪૩ ટિ. ૧૯, ૨૪૫, ૨૪૬, ૨૪૭
પૃથ્વીરાજ રાસો ૨૪૩ ટિ. ૧૯, ૨૪૭ ટિ. ૨૧
પૈઠણ ૨ ટિ. ૫, ૨૬
પોરવાડ વંશ ૨૦૭
પ્રતાપમલ્લ ૨૦૩ ટિ. ૫૯
પ્રતિષ્ઠાન શહેર ૨, ૨૫, ૨૭, ૨૯
પ્રદ્યુમ્નાચાર્ય ૧૪૭
પ્રબંધકોષ ૧૨ ટિ ૨૮, ૨૨, ૨૮ ટિ. ૪૩, ૧૭૨ ટિ. ૧૭ વળી જુઓ ચતુર્વિંશતિ પ્રબંધ.
પ્રબંધશત ૨૦૨
પ્રભાચંદ્ર ૯૧ ટિ. ૪૧, ૯૬ ટિ. ૪૮ ૧૬૪ ટિ. ૪, વળી જુઓ પ્રભાવકચરિત
પ્રભાવકચરિત ૧૩ ટિ. ૩૨, ૨૨, ૨૩, ૨૭, ૨૯, ૮૦ ટિ. ૨૪, ૮૧ ટિ. ૨૫, ૯૧ ટિ. ૪૧, ૯૫ ટિ. ૪૬, ૧૨૬ ટિ. ૪૩, ૧૨૮ ટિ. ૪૭, ૧૪૩ ટિ. ૫૭, ૧૩૪ ટિ. ૫૮, ૧૩૫, ૧૩૭, ૧૩૯ ટિ. ૬૨-૬૩, ૧૪૦ ટિ. ૬૪, ૧૪૮ ટિ. ૭૮, ૧૬૭ ટિ. ૭, ૧૬૮ ટિ. ૮, ૧૬૯ ટિ. ૧૦, ૧૭૨ ટિ. ૧૭, ૧૭૪ ટિ. ૧૮, ૧૭૮ ટિ. ૨૦, ૧૮૦ ટિ. ૨૩, ૧૮૪ ટિ. ૨૯, ૧૮૫ ટિ. ૩૧, ૧૮૭ ટિ. ૩૪, ૧૮૮ ટિ. ૩૭, ૧૯૮ ટિ. ૪૯, ૨૨૫ ટિ. ૩, ૨૫૫ ટિ. ૨૮, ૨૬૧ ટિ. ૩૩.
પ્રભાસક્ષેત્ર ૧૮૯, ૨૧૧
પ્રવચન પરીક્ષા ૩૯, ૪૦, ૫૨ ટિ. ૯૦, ૧૧૨ ટિ. ૮, ૧૧૬ ટિ. ૧૮
પ્રવર શહેર ૩
પ્રિયંગુમંજરી ૬
પ્રેમલદેવી ૧૬૬ ટિ. ૫
ફક્કિકા ૨૫૬
ફલોધી ૧૪૮ ટિ. ૭૮
ફાર્બસ ૧૨૯ ટિ. ૫૧, ૧૫૩ ટિ. ૮૮-૮૯, ૨૨૮ ટિ. ૭.
કુલાકેકુલડ ૪૯
બઉલાદેવી ૧૬૩ ટિ. ૨
બકુલાદેવી ૧૬૩ ટિ. ૨

અખ્તીયાર ખીલજી ૨૩૮ ટિ ૧૩
અનારસ ૨૪૨ ટિ ૧૭
અપ્પભટ્ટિસૂરિ ૨૬૧
અમ્બેરા શહેર ૧૯૮, ૧૯૯ ટિ ૫૧
અર્બુદ ૧૫૭, ૧૬૧, ૧૬૨
અર્બુદકલ્પ ૧૬૧, ૧૬૨
અલમિત્ર ૨૩
અલાનકમંડપ ૨૬૧
અલિ ૫૧, ૭૦, ૮૬, ૧૨૯, ૨૧૬, ૨૪૩
અલાલ ૫૬ ટિ. ૯૭-૯૮, ૬૧, ૬૨, ૬૫ ટિ ૩, ૮૦ ટિ. ૨૪, ૮૮ ટિ ૩૪, ૯૩ ટિ ૪૪, ૯૬ ટિ ૪૮
અલ્લાલસેન ૨૩૮ ટિ ૧૩
આઉલાત્રામ ૨૦૯
આણકવિ ૯૪, ૯૫, ૯૬ ટિ ૪૮, ૧૦૭
આબરીઆવાડ ૧૬૨
આરપ ૪૪, ૪૬, ૪૬ ટિ ૭૮, ૫૨ ટિ ૯૦, ૬૧
આલચન્દ્ર ૨૦૩ ટિ ૫૯, ૨૧૬, ૨૧૭
આલભારત ૭૧ ટિ ૧૩
આલમૂલરાજ જુઓ મૂલરાજ બીજો
આલ રામાયણ ૭૧ ટિ ૧૩
આહુલેાદ ૧૧૮, ૧૨૧, ૧૨૨
ઇક્ષ્વાકુ ૪૨ ટિ ૬૯, ૧૦૩ ટિ ૫૬, ૧૧૮ ટિ ૨૨
ઈજ ૪૨ ટિ ૭૦, ૬૦
ઈજપૂરકપ્રબન્ધ ૯૯
ઉજ્જૈન ૨૧૩ ટિ ૭૦
ઉદયપ્રભા ૨૯
ઉદયસુન્દરીકથા ૨૫૨ ટિ ૨૪
ઉદયસુન્દરીકથા ૨૫૨ ટિ ૨૪
ઉદયેશ્વરચરિત્ર ૧૪૬
ઉદયેશ્વરપતિ જુઓ મહાશ્રીઉદયેશ્વરપતિ
ઉદયેશ્વરનિશાત્રિ ૨૩૧
ઉમ્બેરેશ્વરીદીશ્વર ૪૦, ૪૧, ૧૧૮ ટિ ૧૦, ૧૧૮ ટિ ૧૩, ૧૧૯ ટિ. ૨૭, ૧૬૨, ૧૭૧ ટિ ૧૪, ૨૦૪ ટિ ૬૧, ૨૨૯ ટિ. ૧૦

મયૂરકવિ ૯૪, ૯૫, ૯૬ ટિ. ૪૮, ૧૦૭
મરૂદેવી ૧૩૨
મરૂદેશ–મરૂમંડળ ૧૧૮, ૧૯૯ ટિ. ૫૧, ૨૨૫
મલધારિહેમસૂરિ ૧૨૦
મલય ૯૧
મલ્લ ૨૨૪, ૨૨૫
મલ્લિકાર્જુન ૧૭૧, ૧૭૨
મહણિકા ૩૩
મહમદઘોરી ૨૦૪ ટિ. ૬૧
મહાકાલ ૮૯, ૧૩૦
મહાનંદ ૨૪૮
મહાભારત ૨ ટિ. ૩, ૯૦
મહારાષ્ટ્ર દેશ ૧૫૪, ૧૯૯ ટિ. ૫૧
મહાલક્ષ્મી ૧૫૭, ૨૩૨
મહાવીર ૨૩, ૨૪, ૨૦૯, ૨૫૨ ટિ. ૨૪
મહીનદી ૧૦૨
મહીપાલ ૭૧ ટિ. ૧૩
મહેન્દ્રપાલ ૭૧ ટિ. ૧૪
મહેન્દ્રસૂરિ ૮૧ ટિ. ૨૫
માંગૂ ૧૫૪, ૧૫૫
માઘકવિ ૭૭, ૭૮, ૭૯, ૮૦
માણિક્યપંડિત ૧૪૨, ૧૪૮ ટિ. ૭૮
માનતુંગાચાર્ય ૯૬, ૧૦૭
માંધાતા ૫૬
માન્યખેટ ૫૩ ટિ. ૯૧
મારવાડ જુઓ મરૂ
માલવમંડલ જુઓ માળવા
માળવાદેશ ૨ ટિ. ૫, ૨૬, ૨૯, ૩૦, ૩૦ ટિ. ૪૬, ૫૩, ૫૪, ૫૫, ૬૦, ૭૩ ટિ. ૧૭, ૭૬, ૧૦૪, ૧૦૮, ૧૧૬ ટિ. ૧૮, ૧૨૩, ૧૨૫ ટિ. ૪૨, ૧૨૮ ટિ. ૪૭, ૧૩૦, ૧૩૧, ૧૩૮, ૧૩૯, ટિ. ૬૩, ૧૫૮, ૧૫૯, ૧૬૦ ટિ. ૯૭, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૯૯ ટિ. ૫૧, ૨૦૫, ૨૪૭ ટિ. ૨૧, ૨૫૮
માલતીમાધવ ૧૧ ટિ. ૨૭

માતૃદેવ ૨૧૦
માલવમંડલ ૨૪
માહેચ્ય ૫૦
મિરાતેઅહમદી ૩૯, ૪૦
મીનળદેવી જુઓ મયણલ્લદેવી
મુજ ૫૩, ૫૩ ટિ ૯૧, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૨, ૬૩, ૭૩, ૯૧ ટિ ૪૧
મુજરાજ પ્રબંધ ૬૨,
મુજ્જલદેવ ૪૨, ૬૦
મુંજલમંત્રી ૧૧૪, ૧૨૪, ૧૨૭
મુંજલ ઉપાસક ૨૦૮
મુંજલસ્વામી મંદિર ૧૧૮
મુદ્રિત કુમુદચન્દ્ર ૧૪૮ ટિ ૭૮, ૧૭૪ ટિ ૧૮
મુનશી કે મા ૧૩૭
મુનિદેવાચાર્ય ૧૪૮
મુનિચંદ્ર ૧૪૮ ટિ ૭૮
મુનશૉગેઝીટીઅર જુઓ બોમ્બેગેઝીટીઅર
મૂલનાયક ૧૬૧, ૨૧૮, ૨૨૪
મૂલરાજ ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૬૦, ૬૧, ૧૨૯, ૧૩૦ ટિ ૫૨, ૧૪૬, ૧૫૩ ટિ ૮૮, ૨૦૦
મૂલરાજકુમાર ૧૧૦, ૧૧૧, ૧૧૨
મૂલરાજ બીજો ૨૦૪
મૂલરાજવસહિકા ૪૬
મૂલેશ્વરમંદિર ૪૭ ટિ ૮૦
મૂલદેવસ્વામીપ્રાસાદ ૪૬
મૃગવિહાર ૧૬૨
મૃણાલવતી ૫૭, ૫૮, ૫૯, ૬૩
મેઘદૂત ૮ ટિ ૧૫, ૨૧
મેઘનાદ ૨૬૦
મેદપાટ જુઓ મેવાડ
મેરૂતુંગસૂરિ ૧૪૮
મેવાડ ૧૬૬ ટિ ૫૧

મોઢવસહિકા ૧૭૬
મોઢવંશ ૧૭૬
મોઢેરક ૧૬૬ ટિ. ૫
મોઢેરપુરાવતાર ૨૧૦
મોહ પરાજય ૪૩ ટિ. ૭૨, ૧૬૪ ટિ. ૪, ૧૬૮ ટિ. ૮, ૧૬૯ ટિ. ૧૦, ૧૮૨ ટિ. ૨૬, ૧૯૯ ટિ. ૫૨
મૌર્યવંશ ૨૩
યમુના ૧૬૧
યવનો ૨૫
યશઃપટહ ૧૨૪ ટિ. ૪૧
યશશ્ચન્દ્રગણિ ૧૪૮ ટિ. ૭૮, ૧૭૫, ૧૮૬, ૧૮૭
યશોધર્મ ૨૪
યશોધવલ ૧૨૪
યશોભદ્ર ૧૪૬
યશોરાજ ૪૯
યશોવર્મા ૧૨૩, ૧૨૫, ૧૨૭, ૧૨૯, ૧૫૮, ૧૬૧
યશોવીરમંત્રી ૨૧૨, ૨૧૩
યાદવ ૪૯ ટિ. ૮૪, ૨૧૫ ટિ. ૭૧
યુગાદિદેવ ૧૪૦, ૧૮૩, ૨૧૭, ૨૨૧
યુધિષ્ઠિર ૫૬, ૧૭૫
યૂકાવિહાર ૧૯૨
યોગરાજ ૩૬, ૩૮, ૪૦, ૪૧
યોગશાસ્ત્ર ૧૮૨, ૧૯૧
રંક ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦
રઘુ ૧૮૩
રઘુકુલ ૧૫૬
રઘુવંશ ૮ ટિ. ૧૫, ૯૨,
રણથંભોર ૧૮૯ ટિ. ૩૯
રણમિંહ ૨૫૩
રત્નપરીક્ષા ગ્રન્થ ૧૪૯
રત્નપ્રભ ૧૪૨, ૧૪૩
રત્નમંદિરગણિ ૫૪ ટિ. ૯૨, ૫૫ ટિ. ૯૩–૯૫, ૫૬ ટિ. ૯૬–૯૭,

૬૮, ૫૮ ટિ ૧૦૧–૧૦૨, ૬૦ ટિ ૧૦૪, ૬૨, ૮૦ ટિ ૨૪, ૮૮ ટિ. ૩૪, ૮૯ ટિ ૩૮, ૯૦ ટિ ૩૯, ૯૬ ટિ ૪૮, ૧૦૭, ૧૦૮
રત્નમાલ શહેર ૨૩૦
રત્નમાળા ૩૭ ટિ ૫૦, ૩૯, ૪૦, ૪૨ ટિ ૭૦, ૫૨ ટિ ૯૦, ૧૧૬ ટિ ૧૮
રત્નશેખર ૨૩૦, ૨૩૨
રત્નાકર ૧૪૩
રત્નાદિત્ય ૩૮, ૪૦, ૪૧
રમામન્જરી નાટિકા ૨૩૮ ટિ ૧૪
રવિકીર્તિ ૨૧
રસરત્ન સમુચ્ચય ૨૫૮ ટિ ૪૧
રાજ ૪૨ ટિ ૭૦, ૪૩, ૬૦
રાજધર્મ ૧૮૮
રાજતરંગિણી ૨૫૫ ટિ ૨૮
રાજદમન (કે મદન) શાકર ૫૭ ટિ ૯૦
રાજપિતામહ બિરુદ ૧૭૧, ૧૮૩, ૧૮૭
રાજ માર્તંડ ૧૦૩ ટિ ૫૭
રાજ મૃગાંક ૧૦૩ ટિ ૫૭
રાજ વર્ધન ૬૨, ૭૩ ટિ ૧૬, ૧૦૮,
રાજ વિડમ્બન ૭૩ ટિ ૧૭
રાજ શેખર કવિ ૭૧, ૯૬ ટિ ૪૮, ૧૦૭,
રાજાવલી કોટક ૩૬ ટિ ૬૫, ૩૯, ૪૦
રાજ્ઞિ જુઓ રાજ્ઞ
રાણકદેવી ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮
રા દી યાત્રી ૨ ટિ ૫, ૪ ટિ ૭, ૯ ટિ ૧૭, ૨૩, ૩૩ ટિ ૫૬, ૫૫ ટિ ૬૪, ૧૧૩ ટિ ૧૧, ૧૨૧ ટિ ૩૧, ૧૨૭ ટિ ૩૫, ૧૩૮ ટિ ૬૧, ૧૪૧ ટિ ૬૮, ૧૪૩ ટિ ૭૦, ૧૪૭ ટિ ૭૬, ૧૫૩ ટિ ૮૯, ૧૮૯ ટિ ૩૮–૩૯, ૧૯૬ ટિ ૪૬
રામપુર ૩૧ ટિ ૪૮

રાધાવેધ ૭૪
રામ ૫૧, ૫૬, ૫૮, ૧૫૬,
રામચન્દ્ર કવિ ૧૩૩, ૧૮૮ ટિ. ૩૭, ૧૯૦, ૨૦૨, ૨૦૩,
રામલાલ ચુ. મોદી ૬૯, ૪૧,
રામેશ્વર ૮૮
રાવણ ૫૬, ૫૮, ૬૮
રાષ્ટ્રકૂટ ૨૦૭
રાસમાળા ૩૨ ટિ. ૫૦, ૪૦, ૪૧, ૧૩૫, ૧૩૬, ૧૪૭, ૧૫૩ ટિ. ૮૮, ૧૫૪ ટિ. ૯૦, ૧૬૨, ૨૨૯ ટિ. ૧૦, ૨૪૭ ટિ. ૨૧,
રૂદતીવિત્ત ૧૮૨, ૧૮૩
રૂદ્રમહાકાલ ૧૩૦,
રૂદ્રમહાલય ૧૩૦, ૧૬૦ ટિ. ૯૭
રૂદ્રાદિત્ય ૫૪, ૫૬, ૫૭, ૫૮, ૬૩
રૂપસુંદરી ૩૨ ટિ. ૫૦,
રૈવતગિરિરાસુ ૧૩૫, ૧૩૭, ૧૩૯ ટિ. ૬૨
રેવા ૧૬૧
રૈવતક તીર્થ ૨૬૧ (જુઓ ગિરનાર પણ)
રેવતકોદ્ધાર પ્રબંધ ૧૩૯
રોહક ૬૪
રોહણાચલ ૩, ૪
લંકા ૫૯, ૭૫, ૧૫૬
લક્ષ ૫૦, ૫૧
લક્ષ્મણસેન ૨૩૬, ૨૩૮
લક્ષ્મણાવતી, ૨૩૬, ૨૩૮ ટિ. ૧૩
લક્ષ્મદેવ ૧૦૯
લઘુભોજરાજ ૨૦૯
લઘુવાહડ ૨૫૯
લલિતા સરોવર ૨૦૯, ૨૧૫ ટિ. ૭૨
લવણપ્રસાદ ૧૯૯, ૨૦૫ ટિ. ૬૨, ૨૦૬, ૨૧૦, ૨૧૭, ૨૧૯
લાખો ૪૯, ૫૦, ૫૧, ૬૧, ૨૦૦ ટિ. ૫૩
લાછી છીપણ ૧૧૯

લાટ ૪૪ ટિ ૭૫, ૬૧, ૭૨, ૧૬૯ ટિ ૫૧, ૨૧૫ ટિ ૭૧,
લીલાદેવી ૪૩, ૬૦
લીનો વૈદ્ય ૧૧૭, ૧૧૮
લૂણપાલ ૨૧૪, ૨૧૫
લૂણપાલેશ્વર ૨૧૫
લૂણિગ ૨૧૦, ૨૧૨
લૂણિગવસહિ ૨૧૨
લૂતારોગ ૫૦, ૨૦૦
વજ્રોદક ૧૫૫
વડનગર ૧૦૯
વટપદ્રક ૧૬૧
વડસર ગામ ૧૨૪
વડોદરા ૧૬૧
વઢવાણ ૧૩૪, ૧૩૫, ૧૩૭, ૧૩૮, ૧૮૪
વઢીઆર ૩૧, ૪૭ ટિ ૮૦
વનરાજ ૩૨, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૧૩૮ ટિ ૬૦
વયજલદેવ ૪૮, ૨૦૪
વરરુચિ ૬, ૧૮, ૧૯, ૨૦, ૬૮
વરાહ ૮૬
વરાહમિહિર ૨૦, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૮ ટિ ૪૧
વર્ધમાનની પ્રતિમા ૨૨૮
વર્ધમાનસૂરિ ૮૧, ૨૨૮
વર્મલાત ૮૦ ટિ ૨૪
વલભી ૨૨૩, ૨૨૫, ટિ ૩, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૨૯
વલભીનો નાશ ૨૩૦
વલ્લભરાજ ૫૨
વલસાડ ૧૭૧ ટિ ૧૪
વસતિવિવાસ ૪૨ ટિ ૬૯, ૪૬ ટિ ૭૮, ૪૭ ટિ ૭૯, ૫૨ ટિ ૮૯, ૧૦૯, ૧૧૬ ટિ ૧૮, ૧૬૨, ૧૬૯ ટિ ૧૦, ૧૭૨ ટિ ૧૭, ૨૦૪ ટિ ૬૧, ૨૧૩ ટિ ૭૦, ૨૧૫ ટિ ૭૧, ૨૧૬ ટિ ૭૫
વસ્તુપાલ ૨૦૬ ટિ ૬૩, ૨૦૭, ૨૦૯, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮ ટિ ૭૭, ૨૨૦, ૨૨૧

વસ્તુપાલચરિત ૨૧૩ ટિ. ૭૦, ૨૧૫ ટિ. ૭૧, ૨૧૬ ટિ. ૭૩, ૨૧૭ ટિ. ૭૫
વસ્તુપાલતેજપાલ પ્રશસ્તિ ૪૨ ટિ. ૬૯, ૪૬ ટિ. ૭૮, ૬૧, ૧૧૬ ટિ. ૧૮
વસ્તુપાલતેજપાલ રાસો ૨૦૭ ટિ. ૬૫
વાગ્ભટપુર ૧૮૪, ૧૮૫
વાગ્ભટમંત્રી ૧૬૭, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૯૫, ૧૯૬, ૧૯૭
વાગ્ભટ વૈદ્ય ૨૫૮, ૨૫૯
વાગ્ભટ વૈદ્યપ્રબંધ ૨૬૦
વાગ્ભટાલંકાર ૧૬૭ ટિ. ૭
વાઘેલા વંશ ૨૦૬
વાત્સ્યાયન ૬૨
વામન ૮૦ ટિ. ૨૪, ૮૬
વામનસ્થલી ૨૧૯ ટિ. ૭૯
વામરાશિવિપ્ર ૧૯૩
વાયટીય ૧૧૯
વાયડગચ્છ ૨૧૧
વારાણસી ૫૩
વારાહીગામ ૧૫૬
વારાહીશ્રુચ ૧૫૩, ૧૬૧
વારાહીસંહિતા ૨૫૧
વાળાકદેશ ૧૫૨
વાલ્મિકિ ૬૦
વાસુકી ૨૫૩, ૨૫૪
વાસ્તુશાસ્ત્ર ૨૧૨
વાહડ ૧૧૯, ૧૪૨ ટિ. ૬૯, ૧૬૮, ૧૬૯
વિક્રમાંકદેવચરિત ૪૨ ટિ. ૬૯, ૧૦૩ ટિ. ૫૬
વિક્રમાદિત્ય કે વિક્રમાર્ક ૨ ટિ. ૫, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૫૧, ૬૬, ૯૯ ટિ. ૫૧, ૧૦૦ ટિ. ૫૨, ૧૬૫, ૧૭૬, ૨૨૨, ૨૨૩, ૨૫૭, ૨૫૮ ટિ. ૩૦

વિક્રમાદિત્ય ત્રિભુવનમલ્લ ૧૧૪ ટિ ૧૩, ૨૪૭ ટિ ૨૧
વિક્રમ સંવત્ ૨૪, ૨૬
વિગ્રહરાજ ૪૪, ટિ. ૭૪, ૬૧, ૧૬૦, ૧૬૧ ટિ ૪૧
વિચારચતુર્મુખ બિરુદ ૧૮૮, ૧૯૯
વિચારશ્રેણી ૩૯, ૪૦, ૪૪, ટિ ૭૩, ૫૨ ટિ ૬૦, ૬૧, ૧૧૨ ટિ ૮-૯, ૧૧૬ ટિ ૧૮, ૧૧૧, ૨૨૦ ટિ ૮૧
વિજયસેનસૂરિ ૨૦૮, ૨૨૦
વિજ્યા ૬૨, ૬૩
વિદ્યાધર ૨૪૦
વિદ્યાપતિ ૧૦૩
વિંધ્યાચળ ૧૪૯
વિભીષણ ૧૫૬
વિમલમંત્રી ૧૦૮
વિમલવસહિકા ૨૧૨
વિરહક જાડ ૧૭૧
વિશ્વલ ૧૬૦
વિશાખા ૧૬, ૮૧
વિશ્વામિત્ર ૧૭૪
વિશ્વેશ્વર કવિ ૧૮૮, ૧૯૯
વિસેમીરા ૧૮
વીતરાગ સ્તુતિ ૧૮૨
વીરચર્યા ૧૬, ૬૬
વીરધવલરાજા ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૧૦, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧
વીરમતી ૩૨
વીરાણા ૧૩૭, ૧૩૮
વીરસૂરિદેવ ૨૨૦
વૃદ્ધવાદીસૂરિ ૨૭
વૈરાગ્યશતક ૨૪૬ ટિ ૨૦, ૨૫૮
વૈરીસિંહ ૩૭, ૩૯, ૪૦, ૪૧

વ્યાઘ્ર પલ્લી ૨૦૬
શક ૨૩, ૨૫
શકટાલ મંત્રી ૨૫૧
શકારિ ૨૬
શકુનગૃહ ૨૦૧
શકુનિકાવિહાર ૧૮૩, ૧૮૫, ૧૮૭
શક્રાવતાર ૮૯
શંકર દિગ્વિજય ૧૨ ટિ. ૨૯,
શંખ ૨૧૩, ૨૧૪, ૨૧૫ ટિ. ૭૧
શંખપુર ૨૬૨
શંખરાજા ૨૬૨
શતાનન્દપુર ૨૪૮
શત્રુંજય ૧૩૧, ૧૩૯, ૧૪૦, ૧૭૯, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૯૬ ૨૧૩, ૨૧૭, ૨૨૦, ૨૨૪
શત્રુંજયાવભર ૨૧૧
શરણ ૨૩૮ ટિ. ૧૩
શાકટાયન ૧૨૯, ૧૪૬
શાકંભરી ૪૪ ટિ. ૭૪, ૪૫, ૧૮૯ ટિ. ૩૯
શાતવાહન જુઓ સાતવાહન
શાન્તિસૂરિ ૧૪૧,
શારદાનંદ ૧૯, ૨૦
શાર્ઙ્ગધરપદ્ધતિ ૫૧ ટિ. ૮૮, ૨૩૮ ટિ. ૧૩
શાલિવાહન ૨૫૫ ટિ. ૨૮
શાલિવાહન પ્રબંધ ૨૭
શાહબુદ્દીન ૧૩૬, ૨૪૨ ટિ. ૧૭, ૨૪૭ ટિ. ૨૧
શિપ્રા ૨૨૨
શિબિ ૨૧૬
શિલાદિત્ય જુઓ શીલાદિત્ય
શિલાહારવંશ ૧૭૩ ટિ. ૧૭
શિવચિત્ત ૨૦૪ ટિ. ૬૧
શિવપુરાણ ૪૮, ૧૮૦
શિશુપાલ વધ ૭૯, ૮૦ ટિ. ૨૪

શીતા	૯૨, ૯૩
શીલગુણસૂરિ	૩૨, ૩૧
શીલાદિત્ય	૨૨૪, ૨૨૫, ૨૨૯, ૨૩૦
શીહોર	૧૫૩ ટિ ૮૮, ૧૬૦ ટિ ૯૭
શુક્લવાદ	૮૪
શુકલતીર્થ	૫૨ ટિ ૯૦, ૧૧૩ ટિ ૧૦
શુભકેથી	૧૧૨
શુભશીલ	૫૫ ટિ ૯૩, ૫૬ ટિ ૯૮, ૫૭ ટિ ૯૯, ૬૨
શેત્રુજા	જુઓ શેત્રુજય
શોભનમુનિ	૮૧, ૮૨, ૮૩, ૯૧,
શોભન રાજા	૨૧૯
શોભન સૂત્રધાર	૨૧૨
શ્રીદેવી	૩૩, ૩૫
શ્રીનગર	૧૩૧
શ્રીપર્વત	૧૧
શ્રીપાલકવિ	૪૨ ટિ ૬૯, ૧૩૨, ૧૯૬ ટિ ૪૫
શ્રીપુજરાજ	૨૩૨, ૨૩૩, ૨૩૪
શ્રીમાલ	૨૩૨, ૨૩૩, ૨૩૪
શ્રીમાલજ્ઞાતિ	૧૯૬ ટિ ૪૫
શ્રીમાલનગર	૭૮, ૮૦, ૨૨૮
શ્રીમાળના રાજા	૨૩૪, ૨૪૪
શ્રીમાલવંશ	૧૧૮
શ્રીસ્થળ	૫૨ ટિ ૮૯, ૧૩૦ ટિ ૫૨
શ્રીહર્ષ	૫૪ ટિ ૯૨
શ્વેતામ્બરમત	૧ ટિ ૧, ૨૩, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૮
ષડ્દર્શન સમુચ્ચય	૧૪૪ ટિ ૭૩
સકયદ	૨૧૩, ૨૧૫
સગરા	૧૭૦
સજ્જન	૧૩૬, ૧૩૮, ૧૩૯
સત્યપુરાવતાર	૨૧૦
સત્રાગાર	૧૯૮
સત્વપરીક્ષા પ્રબંધ	૧૧

સદુક્તિકર્ણામૃત ૨૩૮ ટિ. ૧૩
સન્મતિ તર્ક ૨૭
સપાદલક્ષ ૪૪ ટિ. ૭૪, ૧૬૧, ૧૬૨, ૧૬૯, ૧૯૨, ૧૯૭, ૧૯૯ ટિ. ૫૧, ૨૪૫
સપાદલક્ષના રાજા ૪૪, ૪૫, ૪૬, ૬૧, ૧૩૪, ૧૬૮, ૧૯૦, ૧૯૧ ટિ. ૪૧
સમરાંગણ સૂત્ર ૧૦૩ ટિ. ૫૭
સમસ્તરાજ વિડંબન ૭૨
સમુદ્રવિજય ૨૫૪
સમોવસણ ૧ ટિ. ૧
સરસ્વતી કંઠાભરણ ૮૫, ૮૬, ૧૦૩ ટિ. ૫૭, ૨૦૯ ટિ. ૬૭
સર્વદેવ ૮૧
સહસ્રલિંગ સરોવર ૧૨૩, ૧૨૯, ૧૩૧, ૧૩૨, ૧૫૮, ૧૬૦ ટિ. ૯૭, ૧૬૨,
સાખડ ૩૪
સાંકાશ્ય ૮૧
સાંગણ ૨૦૭, ૨૧૯ ટિ. ૭૯
સાતવાહન ૨૧, ૨૭, ૨૮, ૨૯, ૨૫૩, ૨૫૪
સાન્તરકુળ ૨૪૭ ટિ. ૨૧
સાન્તૂમંત્રી ૧૧૮, ૧૨૦, ૧૨૧, ૧૨૩, ૧૫૯, ૧૬૦
સાન્તૂવસહિકા ૧૨૦
સાન્ધિ વિગ્રહિક ૬૮, ૬૯, ૭૬, ૯૭ ટિ. ૪૯
સાબરમતી ૧૧૫ ટિ. ૧૬, ૧૫૩
સાંભર ૪૧, ૪૪ ટિ. ૭૪
સામન્તસિંહ ૩૮, ૪૦, ૪૩
સામળ ૧૨૪, ૧૬૮, ૧૬૯
સારસ્વતમંડલ ૬૧
સારસ્વત વ્યાકરણ ૧૮૮ ટિ. ૩૫
સાલિગવસહિકા ૧૯૨
સાહસાંક (વિક્રમ) ૫
સિતાંબરમાર્ગ ૨૬૦, ૨૬૧
સિદ્ધપાલ ૧૯૬ ટિ. ૪૫
સિદ્ધપુર ૧૩૦
સિંધણ ૨૧૫ ટિ. ૭૧

સિદ્ધરાજ ૪૧, ૪૪ ટિ ૭૩, ૧૧૦, ૧૧૫, ૧૧૬ ટિ ૧૮, ૧૧૮, ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮ ટિ. ૪૭ ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૪, ૧૪૬, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૪, ૧૬૬, ૧૬૮ ટિ ૮ ૧૭૪ ટિ ૧૮, ૧૯૩, ૨૪૨, ૨૪૭ ટિ ૨૧

સિદ્ધર્ષિ ૮૦ ટિ ૨૪

સિદ્ધસેનાચાર્ય ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૨૧, ૨૬, ૨૭

સિદ્ધહેમ ૧૨૭ ૧૨૮, ૧૨૯, ૧૪૬ ટિ ૭૫

સિદ્ધહૈમપ્રચરિત ૧૧૬ ટિ ૧૮, ૧૭૮ ટિ ૪૭, ૧૨૯ ટિ ૪૮

સિન્ધુરાજ ૧૯૯ ટિ ૫૧

સિન્ધુરાજ ૫૩ ટિ ૬૧, ૬૧, ૬૨, ૨૧૫ ટિ ૭૧

સિન્ધુલ કે સિન્ધલ ૫૪, ૫૫, ૬૨

સિપ્રા નદી ૨૫૬

સિંહ ૨૧૫ ટિ ૭૧

સિંહદન્તભટ ૫૪

સિંહપુર ૧૫૨, ૧૫૩

સિંહાસનદ્વાત્રિંશિકા ૫ ટિ ૬, ૯ ટિ ૧૮, ૧૦ ટિ ૨૩, ૧૧ ટિ ૨૬, ૧૩ ટિ ૩૨, ૧૪ ટિ ૩૫, ૧૮, ૨૨, ૨૩, ૨૬૧ ટિ ૩૪

સિંહોર ૧૭૩ ટિ ૮૮

સીંધન જુઓ સિંધુલ

સીયક ૫૪ ટિ ૬૨

સીલણ } સીન } ૧૫૮, ૨૦૧

સુકૃતકીર્તિકલ્લોલિની ૩૩ ટિ ૫૬, ૩૬ ટિ ૨૫, ૩૯, ૪૦ ૪૬ ટિ ૭૮, ૪૭ ટિ ૭૯-૮૧, ૪૯ ટિ ૮૪, ૫૨ ટિ ૯૦, ૬૧, ૧૬૨, ૧૬૯ ટિ ૧૦, ૧૭૨ ટિ ૧૭, ૨૦૪ ટિ ૬૧

સુકૃતસંકીર્તન ૩૨ ટિ ૬૫ ૩૯, ૪૦, ૪૬ ટિ ૭૮, ૪૭ ટિ ૭૯ -૮૧ ૪૯ ટિ ૭૪ ૫૨ ટિ ૯૦, ૬૧ ૧૦૯, ૧૧૬, ટિ ૮ ૧૭૫ ટિ ૪૨, ૧૬૨, ૧૬૯ ટિ ૧૦, ૧૭૨ ટિ ૧૭ ૨૦૪ ટિ ૬૧, ૨૦૭ ટિ ૬૫, ૨૧૩ ટિ ૭૦, ૨૧૫ ટિ ૭૧

સુંધા ૨૦૪ ટિ. ૬૧
સુપ્રતિષ્ઠાન ૭ ટિ. ૫ જુઓ પ્રતિષ્ઠાન
સુભગા ૨૨૩
સુભટવર્મા ૨૦૫ ટિ. ૬૨
સુભદ્રદેવ ૮૦ ટિ. ૨૪
સુભાષિતરત્નસંદોહ ૬૩
સુભાષિતાવલિ ૧૪ ટિ. ૩૫
સુરથોત્સવ ૧૧૬ ટિ. ૧૮, ૧૨૫ ટિ. ૪૨
સુરપાળ ૩૨ ટિ. ૫૦
સુરાષ્ટ્ર ૧૯૬ ટિ. ૪૫ જુઓ સોરઠ
સુંવર ૧૮૩
સુવર્ણપુરૂપસિદ્ધિ ૯, ૧૯૭, ૨૨૭
સુવ્રતસ્વામીનું મંદિર ૧૮૬
સુવ્રતસ્વામી ૧૮૬, ૧૮૭
સુશ્રુત ૪૩ ટિ. ૭૧, ૨૫૮
સૂર્યશતક ૯૫
સૂહવ ૨૩૯, ૨૪૧, ૨૪૨
સેઢી નદી ૨૨૫ ટિ. ૨, ૨૫૪, ૨૫૫ ટિ. ૨૬
સૈન્ધવીદેવી ૧૮૬
સોમનાથ કે સોમેશ્વર ૪૩, ૪૬, ૪૭, ૧૧૨, ૧૧૩, ૧૨૧, ૧૨૨, ૧૩૯, ૧૫૪, ૧૫૯, ૧૭૬, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૨૬૧, ૨૬૨
સોમનાથપાટણ ૩૬, ૪૬, ૧૫૯, ૧૭૯, ૧૯૨, ૨૧૧, ૨૨૮
સોમપ્રભાચાર્ય ૧૯૬ ટિ. ૪૫
સોમાદિત્ય ૪૨ ટિ. ૭૦
સોમેશ્વર કવિ ૧૦૧ ટિ. ૫૪, ૧૨૫ ટિ. ૪૨, ૧૭૨ ટિ. ૧૭, ૧૭૪ ટિ. ૧૮, ૨૦૩ ટિ. ૫૯, ૨૦૬ ટિ. ૬૩, ૨૦૯ ટિ. ૬૭, ૨૧૩ ટિ. ૭૦, ૨૧૫, ૨૧૬, ૨૨૦, ૨૪૭ ટિ. ૨૧
સોમેશ્વર પ્રધાન ૨૪૬
સોરઠ ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૬૧, ૧૬૨, ૧૮૩, ૧૮૪ ટિ ૨૯, ૧૯૪, ૧૯૫, ૧૯૯ ટિ. ૫૧
સોલંકી ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૨
સોલાક ૧૧૯, ૧૭૦, ૧૭૧, ૧૯૮

સોરઠ ૨૦૫
સૌભાગ્યસુ રી ૧૦૮
સાનધ્ર ૫૧ ટિ ૮૭
સ્તમનક ૨૨૫, ૨૫૫
સ્યાદ્વાદ રત્નાકર ૧૪૮ ટિ ૭૮
હનૂમન્નાટક ૮૮ ટિ ૩૪
હમ્મીર ૧૮૯
હમ્મીર મદમર્દન ૨૧૫ ટિ ૭૯
હમ્મીર મહાકાવ્ય ૪૪ ટિ ૭૪, ૬૧, ૨૪૭ ટિ ૨૧
હરિપાલ ૧૬૩
હરિભદ્ર ૧૪૪ ટિ ૭૩, ૨૦૭
હરિવંશ ૨૪
હરિશ્ચન્દ્ર ૨૪૨ ટિ ૧૭
હર્ષ ૬૬ ટિ ૪૮
હવ્યવાહન ૧૪૩ ટિ ૮૧
હનાયુધ ૬૩
હૂણ ૨૪
હેમખંડ ૨૦૦
હેમચન્દ્ર હેમસૂરિ ૪૨ ટિ ૬૯, ૪૪ ટિ ૭૫, ૪૬ ટિ ૭૮, ૫૧ ટિ
કે હેમાચાર્ય ૮૭, ૫૨ ટિ ૬૦, ૬૦, ૬૧, ૭૭ ટિ ૨૩, ૧૦૯,
૧૧૪ ટિ ૧૩, ૧૧૫ ટિ ૧૫, ૧૨૬, ૧૨૭, ૧૨૮
૧૨૯, ૧૦૩, ૧૩૪, ૧૩૯ ટિ ૬૩, ૧૪૩, ૧૪૪,
૧૪૭, ૧૪૮ ટિ ૭૮, ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૬૩ ટિ
૩, ૧૬૫ ૧૭૧, ૧૭૨ ટિ ૧૭, ૧૭૩, ૧૭૪, ૧૭૫,
૧૭૬ ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩ ૧૮૫,
૧૮૬, ૧૮૭, ૧૮૮ ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૧૯૩ ૧૯૪,
૧૯૫, ૧૯૬, ૧૯૭ ૨૦૦, ૨૦૧, ૨૦૩, ૨૧૧
હેમકમેરુ ૧૯૪
હેમસૂરિ મલધારી ૧૭૦